BAOU
Education
for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-117
# સંસ્કૃતનું શિક્ષણ
# (Teaching of Sanskrit)

## વિભાગ
## 1

## સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અને મહત્ત્વ

એકમ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ

એકમ-2 ભાષાનું મહત્ત્વ

એકમ-3 સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો

એકમ-4 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું યોગદાન

એકમ-5 સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો

**ES-117, સંસ્કૃતનું શિક્ષણ (વિભાગ-1)**


| | |
|---|---|
| **લેખક** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મૌનસ જી. ઠાકર** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) વિજય પંડ્યા (નિવૃત્ત)** | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ભરતભાઈ પી. માળી** | ડી. ડી. ચોક્સી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 600

**ISBN : 978-93-5598-131-8**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-117 સંસ્કૃતનું શિક્ષણ (Teaching of Sanskrit)

**વિભાગ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અને મહત્ત્વ**

એકમ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ

એકમ-2 ભાષાનું મહત્ત્વ

એકમ-3 સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો

એકમ-4 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું યોગદાન

એકમ-5 સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો

**વિભાગ-2 સંસ્કૃત શિક્ષણના હેતુઓ અને પદ્ધતિઓ**

એકમ-6 સાંપ્રત પદ્ધતિમાં સંસ્કૃતનું પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સ્થાન

એકમ-7 ધો.8 થી 10 સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનું મૂલ્યાંકન

એકમ-8 સંસ્કૃત શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

– પાઠશાળા પદ્ધતિ

– ભાંડારકર પદ્ધતિ

– અનુવાદ પદ્ધતિ

– આગમન-નિગમન પદ્ધતિ

– પ્રત્યક્ષ પદ્ધતિ

**વિભાગ-3 સંસ્કૃતમાં વિવિધ પાસાંઓનું શિક્ષણ અને આયોજન**

**(ધો.8 થી 10 સંસ્કૃત વિષયવસ્તુના સંદર્ભમાં)**

એકમ-9 ગદ્ય શિક્ષણ

એકમ-10 પદ્ય શિક્ષણ

એકમ-11 વ્યાકરણ શિક્ષણ

એકમ-12 સંસ્કૃત શિક્ષણનું આયોજન

**વિભાગ-4 સંસ્કૃત શિક્ષણનાં ઉપકરણો, મૂલ્યાંકન અને અન્ય આનુષાંગિક બાબતો**

એકમ-13 સંસ્કૃત શિક્ષણનાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-15 સંસ્કૃત શિક્ષણનાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-16 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 1

# સંસ્કૃત ભાષાનું સ્વરૂપ

## : રૂપરેખા :


**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સ્વરૂપ એટલે શું ?**

**1.2.1 સ્વરૂપના પ્રકાર**

**(1) બાહ્ય સ્વરૂપ**

**(2) આંતરિક સ્વરૂપ**

**1.3 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ**

**1.3.1 પ્રાચ્ય ભાષા**

**1.3.2 અત્યંત સૂક્ષ્મ અને વિશદ્ વ્યાકરણ રચના**

**1.3.3 સંસ્કૃત ભાષાના પદોનો સામાન્ય પરિચય**

**1.3.4 મૂળાક્ષર**

**1.3.5 રૂપાખ્યાન**

**(i) નામનાં રૂપો**

**(ii) ક્રિયાપદનાં રૂપો**

**1.3.6 લાઘવ**

**(i) સંધિ-સમાસ વગેરે**

**(ii) વિશિષ્ટ પ્રયોગો**

**(iii) વિશિષ્ટ રૂપો**

**(iv) રચનાઓ**

**1.4 તમારી પ્રગતિ ચકાસો**

**1.5 સારાંશ**

**1.6 સ્વાધ્યાય**

**1.7 ચર્ચા માટેના મુદ્દા**

**1.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 1.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે-

(1) સંસ્કૃત ભાષાનું સ્વરૂપ સમજી શકશો.

(2) સંસ્કૃત ભાષાનો દેહ (માળખું, વ્યાકરણ) સમજી શકશો.

(3) સંસ્કૃત પ્રત્યે અભિરુચિ કેળવી શકશો.

(4) સંસ્કૃત ભાષાના પ્રચારમાં યોગદાન આપી શકશો.

(5) સંસ્કૃત ભાષાની વિશિષ્ટતાઓ વિશે જાણશો.

(6) સંસ્કૃત ભાષાની ખૂબી અને મહત્ત્વ સમજીને માણી શકશો.

## 1.1 પ્રસ્તાવના

સંસ્કૃત દેવભાષા, ગિર્વાણ ગિરા, સુરભારતી વગેરે નામોથી પણ ઓળખાય છે. એ નામો સંસ્કૃત ભાષા કેટલી મહત્ત્વની અને દિવ્ય છે, તે દર્શાવે છે.

સંસ્કૃત, ગ્રીક તથા લેટિન એ ત્રણ ભાષાઓ વિશાળ વૈશ્વિક ભાષા પરિવારની અગ્રિમ ભાષા છે. આથી સંસ્કૃતને પ્રાચ્ય અથવા શિષ્ટ ભાષા પણ કહેવામાં આવે છે.

ભારતમાં સંસ્કૃત ભાષાનો ઈતિહાસ 4000 વર્ષ પુરાણો છે. અતિ પ્રાચીનકાળ (ઈ.પૂ. 5000થી ઈ.પૂ.800)માં વૈદિક સંસ્કૃત ભાષા પ્રચલિત હતી. ત્યાર બાદ મધ્યકાળમાં (ઈ.પૂ.800થી ઈ.સ.1000)સુધીમાં સંસ્કૃતમાંથી અનેક ઉપભાષાઓ વિકસી. વૈદિક સંસ્કૃત બાદ પ્રચલિત સંસ્કૃત અને તેમાંથી પ્રાકૃત અને સાહિત્યિક સંસ્કૃતનો વિકાસ થયો. પ્રાકૃતમાંથી પૈશાચી પ્રાકૃત શૌરસેની પ્રાકૃતમાંથી શૌર સેના અપભ્રંશ અને તેમાંથી ગુજરાતી, રાજસ્થાની, પંજાબી, પશ્ચિમી હિન્દી અને પશ્ચિમી હિન્દીમાંથી ખડીબોલી અને વ્રજ ભાષાનો જન્મ થયો.

સંસ્કૃત ભાષાને 'ભારતીય સંસ્કૃતિનું પારણું' કહેવામાં આવે છે. -- એટલે -- આમ જેના દ્વારા માનવ જીવનમાં સંસ્કારનું સિંચન થાય એવી સંસ્કૃત ભાષાનું મહત્ત્વ જેટલું આંકિએ તેટલું ઓછું છે.

કોઈપણ રાષ્ટ્ર કે પ્રજાએ જીવન વ્યવહાર, ધર્મ, તત્ત્વજ્ઞાન, શિક્ષણ, આરોગ્ય, વિજ્ઞાન, કળા, રાજનીતિ, સાહિત્ય વગેરેમાં જે પ્રગતિ સાધી હોય તેનું સામુદાયિક સ્વરૂપ તે સંસ્કૃતિ. વિવિધતામાં એકતાની વિશિષ્ટતાવાળી આપણી ભારતની ભાતીગળ સંસ્કૃતિ આપણા પૂર્વજોએ સંચિત કરેલ જ્ઞાન અને અનુભવનો સંસ્કાર નિધિ છે, જે સંસ્કૃતને આભારી છે. સંસ્કૃતની વ્યાકરણ રચના પ્રથમ દૃષ્ટિએ ક્લિષ્ટ અને સંકુલ લાગે તેથી છાત્રો પણ તેનાથી દૂર ભાગતા હોય છે, અને અનુવાદ, ચર્ચાત્મક સવાલો વગેરેની મદદથી પાસ થઈ જવાની વૃત્તિ મોટા ભાગે સેવતા હોય છે. ઘણીવાર તો સંસ્કૃત Dead Language કહી હાંસિયામાં ધકેલી દેવામાં આવતું. પણ હવે સંસ્કૃતનું મહત્ત્વ સમજાતા તેને પુનઃલોકપ્રિય બનાવવાના ઉપાયો યોજાય છે. આજે દૂરદર્શન પર સંસ્કૃતમાં સમાચાર વાંચન, સાંપ્રત કાળને અનુરૂપ નવા પાઠો લખી નિમ્ન ધોરણોમાં તણાવનું દશ્ય, બગીચાનું દશ્ય, શાળાનું દશ્ય, ભારતીય સંસદ, નર્મદા, પ્રાણી સંગ્રહાલય વગેરે વિષયો ઉપર સરળ સંસ્કૃત લખાણ દ્વારા સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના પ્રયોગો થયા છે તે આવકાર્ય છે. સંસ્કૃત અતિ પ્રાચીન ભાષા હોઈને ભારતીય સંસ્કૃતિની વિકાસ યાત્રાની સતત સાક્ષી બની રહે છે. સ્વ.વડા પ્રધાન પં.જવાહરલાલ નહેરુએ સંસ્કૃતને આપણા ભૂતકાળને સાંધનાર સેતુ કહી છે.

## 1.2 સ્વરૂપ એટલે શું ?

કોઈપણ વસ્તુ, વ્યક્તિ, પદાર્થ, સ્થળ, દશ્ય, ભાષા કે ભાવનું સ્વરૂપ એટલે શું ? જે તે વસ્તુની પ્રમુખ લાક્ષણિકતાઓ, વ્યાવર્તક લક્ષણો કે જેનાથી તે વસ્તુની ઓળખ પ્રસ્થાપિત થઈ શકે તેને તેનું સ્વરૂપ કહેવામાં આવે છે. તે સ્વરૂપ ઘન, પ્રવાહી, વાયુરૂપ કે અમૂર્ત પણ હોઈ શકે.

### 1.2.1 સ્વરૂપના પ્રકાર :

(i) બાહ્ય સ્વરૂપ (ii) આંતરિક સ્વરૂપ

દા.ત. પેંડા, બરફી વગેરેનાં ગોળ, લંબચોરસ આકારો, વિવિધ રંગો (કેસરી, ગુલાબી, પીળો, લીલો) વગેરે તેમજ તેના ઉપર વરખ ચારોળી-પિસ્તાં વગેરે તેનું બાહ્ય સ્વરૂપ કહેવાય જ્યારે માવો, સાકર વગેરે તેનું અંતર સ્વરૂપ કહી શકાય. ઈંટનો લંબઘન આકાર, કથઈ કે લાલ રંગ ઉપર એમ્બોસ કરેલ પ્રોડ્યુસરનું નામ વગેરે તેનું બાહ્ય સ્વરૂપ કહેવાય. જ્યારે ચીકણી માટી તેનું આંતરિક સ્વરૂપ કહેવાય.

આમ તો બંને સ્વરૂપ સુમેળમાં જ હોય. છતાં દલીલ ખાતર માની લઈએ કે બંને ભિન્ન હોય તો કોને મહત્ત્વ આપવું ? દા.ત. ઈંટના બીબામાં માવો ભરી તેની ઈંટ પાડવામાં આવે અને ચીકણી માટીમાંથી ગોળ અને ચોરસ પેંડા-બરફીનો આકાર કરવામાં આવે તો શું ખવાય ? ઈંટ ખવાય, પેંડા-બરફી નહીં. આમ સિદ્ધ થાય છે કે આંતરિક સ્વરૂપ વધુ મહત્ત્વનું છે.

## 1.3 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ :

ઉપર સ્વરૂપ વિશે સામાન્ય ખ્યાલ મેળવ્યો તેમજ સ્વરૂપના બે પ્રકારની વાત કરી. હવે આપણે સંસ્કૃત ભાષાના સ્વરૂપ વિશે વિચાર કરીશું.

સંસ્કૃત ભાષા પ્રાચીનતમ ભાષા છે. વિશ્વની સૌથી અગ્રિમ 3 ભાષાઓમાં સંસ્કૃત, ગ્રીક અને લેટિનનો સમાવેશ થાય છે. સંસ્કૃત ભાષા માનવજીવનના દરેક તબક્કે આપણી સંસ્કૃતિમાં વણાયેલી છે. ગર્ભાધાનથી માંડી મૃત્યુ અને ઉત્તર ક્રિયા સુધીના 16 સંસ્કારોની વાત સંસ્કૃત ભાષાએ કરી છે. યજ્ઞોપવિત, લગ્ન, વાસ્તુ, દેવપ્રતિષ્ઠા, ધાર્મિક તહેવારો, યજ્ઞો, વેવિશાળ, લગ્ન કે સામાન્ય સત્યનારાયણની કથા કે રાંદલ જેવાં ધાર્મિક ક્રિયાકાંડો (Rituals) વગેરે તમામ બાબતો સંસ્કૃત સાથે સંકળાયેલી છે. છઠ્ઠીના લેખથી માંડીને લગ્નપત્રિકા, સંસ્કૃતમાં જ હોય છે. ઘરની નિત્ય પૂજામાં પણ સંસ્કૃત શ્લોકો, છાત્રાલયમાં ભોજન વખતે પણ સંસ્કૃત. આમ, સંસ્કૃત આપણા જીવનમાં સર્વવ્યાપી છે.

તેની દેહરચના (માળખું, Structure, વ્યાકરણ) એટલી સર્વાંગ સંપૂર્ણ છે કે સંસ્કૃત ભાષાનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ અન્ય ભારતીય ભાષા સરળતાથી શીખી શકે છે. આપણી સંસ્કૃતિ વૈદિક અથવા તપોવન સંસ્કૃતિ કહેવાય છે. સુદામાથી માંડીને શ્રીકૃષ્ણ સુધીનાએ વિદ્યાભ્યાસ માટે ઋષિઓના આશ્રમ (કુળ)માં જવું પડતું. અને તમામ ઈન્દ્રિયોને કઠોર તપસ્યામાંથી પસાર કરી સંપૂર્ણ અનુશાસનપૂર્વક અભ્યાસ કરવાનો રહેતો. સંસ્કૃતની સર્વાંગ સંપૂર્ણતાને લક્ષમાં લઈને તેનો કમ્પ્યુટરમાં ઉપયોગ કરવાના પણ પ્રયત્નો થવા લાગ્યા છે.

**સંસ્કૃત ભાષાના સાહિત્ય વિકાસને લક્ષમાં લઈને મુખ્ય ત્રણ તબક્કા પડે છે :**

(1) વૈદિક સાહિત્ય (ઈ.પૂ.5000 થી ઈ.પૂ. 800)

(2) સ્મૃતિ ગ્રંથો અને કાવ્યોનો યુગ (ઈ.પૂ.800 થી ઈ.પૂ. 800)

(3) ભાષ્યો અને સાહિત્યિક રચનાઓ (ઈ.પૂ.900 થી ઈ.પૂ. 1500)

**ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ સંસ્કૃતને ત્રણ ભાગમાં વિભક્ત કરી શકાય :**

(1) વૈદિક સંસ્કૃત ભાષા

(2) પાતંજલ સંસ્કૃત ભાષા

(3) આધુનિક સંસ્કૃત ભાષા.

ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ, સંવર્ધન, સંપ્રસારણ અને સંક્રમણમાં સંસ્કૃત ભાષાનું યોગદાન અનન્ય રહ્યું છે.

**1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અને મહત્ત્વ**

સંસ્કૃતનું અધ્યાપન એક આનંદદાયક પ્રવૃત્તિ છે. એ સાહસની સફળતા સંસ્કૃત ભાષાના સ્વરૂપ અને તેના મહત્ત્વની સમજ પર પણ અવલંબે છે. સંસ્કૃત ભાષાના સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન હોય અને સંસ્કૃત ભાષાના મહત્ત્વનું અખંડ દર્શન હોય તો શિક્ષક સંસ્કૃત ભાષાના અધ્યાપનના સાહસમાં સફળ થઈ શકે. શિક્ષણના વિષય તરીકે સંસ્કૃત ભાષા ગુજરાતી, અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત, ઈતિહાસ, ચિત્રકળા વગેરે વિષયો કરતાં સ્વરૂપે ભિન્ન છે. શિક્ષણનો દરેક વિષય વિશિષ્ટ સ્વરૂપનો હોય છે. વિષયની વિશિષ્ટતાને લીધે તેનું શિક્ષણ પણ કંઈક આગવી રીતે કરવાનું હોય છે. સંસ્કૃત ભાષાનું સ્વરૂપ તેના અધ્યાપનની પ્રયુક્તિઓ અને તેના શિક્ષક પાસેથી અપેક્ષિત કૌશલ્યો નિર્ણાયક પરિબળ છે. સંસ્કૃત ભાષાનું સ્વરૂપ જાણવાથી તેના અધ્યાપનની અવનવી રીતો શિક્ષકને સૂઝે છે. શિક્ષકે કઈ કઈ બાબતોમાં

સજ્જ થવાનું છે તેનો ખ્યાલ પણ સ્પષ્ટ સંસ્કૃત ભાષાના સ્વરૂપના જ્ઞાન પર આધારિત છે. સંસ્કૃત ભાષાનાં સ્વરૂપની વિશિષ્ટતા સમજ્યા વિના શિક્ષક અધ્યાપનમાં સફળ બની શકે નહિ. સંસ્કૃતભાષાની પ્રકૃતિ જાણીને તેના અધ્યાપનનો આનંદ માણી શકાય.

**સંસ્કૃત ભાષા એક પ્રશિષ્ટ Classical ભાષા છે.**

'પ્રશિષ્ટ' શબ્દના અનેક અર્થ છે, તેથી સંસ્કૃત ભાષા અનેક અર્થમાં પ્રશિષ્ટ ભાષા છે. પ્રશિષ્ટનો એક અર્થ છે પ્રાચીન સંસ્કૃત પ્રશિષ્ટ ભાષા છે એટલે કે તે એક પ્રાચીન ભાષા છે. ગુજરાતી હિન્દી, મરાઠી, બંગાળી, પંજાબી વગેરે અર્વાચીન ભાષાઓની તુલનામાં સંસ્કૃત ભાષા પ્રાચીન છે. અંગ્રેજી, ફ્રેન્ચ વગેરે અર્વાચીન યુરોપીય ભાષાઓની તુલનામાં ગ્રીક અને લેટિન ભાષાઓ પ્રાચીન છે, તેવી રીતે સંસ્કૃત ભાષા પણ પ્રાચીન છે, પ્રશિષ્ટ છે. હકીકતમાં સંસ્કૃત જગતની પ્રાચીનત્તમ ભાષાઓમાંની એક ભાષા છે.

પ્રશિષ્ટનો બીજો અર્થ છે ઉચ્ચ ગુણોવાળું, સર્વોત્તમ, કાળની કસોટીમાંથી પાર ઊતરેલું, સંસ્કૃત ભાષા આમ બીજા અર્થમાં પણ પ્રશિષ્ટ ભાષા છે. ભાષાનું બંધારણ અને ભાષાનું સાહિત્ય એ બંને બાબતોમાં સંસ્કૃત ભાષા ઉચ્ચ ગુણોવાળી ભાષા છે. સંસ્કૃત ભાષાનું બંધારણ અને સાહિત્ય અઢળક છે. જગતની પ્રાચીન ભાષાઓમાં સંસ્કૃત ભાષા આ ત્રીજા અર્થમાં પણ પ્રશિષ્ટ છે. સંસ્કૃત ભાષા અને તેનું સાહિત્ય સર્વોત્કૃષ્ટતાનું એક ધોરણ પૂરું પાડે છે. આ રીતે, પ્રાચીનતા સર્વોત્તમતા અને પ્રમાણરૂપતાના ત્રિવિધ સર્વોમાં સંસ્કૃત એક પ્રશિષ્ટ ભાષા છે.

**સંસ્કૃત ભારત-યુરોપીય ભાષાકુળની ભાષા છે.**

ભાષાવિજ્ઞાનીઓએ જગતની ભાષાઓને વિભિન્ન ભાષાકુળોમાં ગોઠવી છે. ભાષાનું સ્વરૂપ સમજવા કયા ભાષાકુળની ભાષા છે તે જાણવું જરૂરી છે. ભારત-યુરોપીય ભાષાકુળ એક પ્રાચીન, વિશાળ અને મહત્ત્વનું ભાષાકુળ છે. યુરોપની પ્રાચીન ગ્રીક-લૅટીન ભાષાઓ, અર્વાચીન અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન વગેરે ભાષાઓ તથા ભારતની સંસ્કૃત અને અર્વાચીન પ્રાદેશિક ભાષાઓમાંથી ઘણી ખરી ભાષાઓ ભારત-યુરોપીયન ભાષાકુળની છે. તુલનાત્મક ભાષા વિજ્ઞાનીઓએ સદૃષ્ટાંત સિદ્ધ કર્યું છે કે સંસ્કૃત, ઈરાની, ગ્રીક અને લૅટિન ભાષાઓ સગોત્ર ભાષાઓ હોવાથી તેમના સ્વર-વ્યંજનો, શબ્દભંડોળ, શબ્દનિર્માણ પ્રક્રિયા, વ્યાકરણ, વાક્યરચના ઈત્યાદિ ભાષા અંગોમાં અનેક મૂળભૂત સમાનતાઓ છે.

**ભાષાની સંરચના, બંધારણ કે માળખાની દૃષ્ટિએ સંસ્કૃત એક યોગાત્મક ભાષા છે.**

જે ભાષામાં મૂળ શબ્દો અને પ્રત્યયો કે પૂર્વગોનો યોગ થઈને એક શબ્દમાંથી અનેક શબ્દોનું નિર્માણ થઈ શકે તે ભાષા યોગાત્મક કહેવાય. સંસ્કૃતમાં ધાતુઓને કાળ અને અર્થવાચક પ્રત્યયો લગાડીને ક્રિયાપદોનું નિર્માણ થાય છે.

સંસ્કૃત ભાષાનાં ધાતુરૂપાખ્યાનો અને શબ્દરૂપાખ્યાનોમાં એક ચુસ્ત નિયમિતતા, વ્યવસ્થા અને વૈજ્ઞાનિકતા છે. રૂપાખ્યાનનો મુખ્ય આધાર શબ્દ કે ધાતુના અંગને અંતે આવતા સ્વર વ્યંજનો હોવાથી સંસ્કૃતમાં રૂપાખ્યાનો ઉચ્ચારણધર્મી છે. ઉદા. ---- જેવાં શબ્દોનાં રૂપાખ્યાનોની ભિન્નતા માટે તેમના અન્ય સ્વર-વ્યંજનો નિયામક છે. સંસ્કૃત ભાષામાં સંધિવ્યાખ્યાનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે. ધાતુ અને શબ્દનાં રૂપાખ્યાનોમાં, સામાસિક પદોમાં અને વાક્યનાં જુદાં જુદાં પદોમાં સંધિ થાય છે. અર્વાચીન ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ સંસ્કૃતના સંધિનિયમોનું મંડાણ ધ્વનિવિજ્ઞાનની અદ્‌ભૂત સમજ ઉપર થયેલું છે. સંસ્કૃતના સંધિનિયમો દ્વારા ઉચ્ચારણમાં અપાતી વૈજ્ઞાનિકતા વિસ્યમકારક છે.

**સંસ્કૃત ભાષા સમાસ પ્રચાર છે.**

બાણબદ્ધની -- નામની અત્યંત જાણીતી રચનાઓની સામાસિકતા માટે પણ એટલી જ સુખ્યાત છે. એ રચનામાં સંસ્કૃતભાષીની સમાસપ્રચુરતા પરાકાષ્ઠાએ પહોંચે છે. આમાસિકના એક રીતે સંસ્કૃત ભાષાની યોગાત્મકતાનું જ પાસું છે. પરંતુ સૂક્ષ્મ રીતે જોઈએ તો, જ્યારે બે ભિન્ન અર્થવાળા શબ્દોનો સમાસ થાય છે ત્યારે તે સમાસ ભાષકના ચિત્તમાં બાહ્ય જગતના બે ભિન્ન પદાર્થો વચ્ચે જોવાયેલા

સંબંધનો ઘાતક બને છે. સમાસ રચીને ભાષા પોતાના ચરાચર જગતના પદાર્થો વચ્ચે અવનવા સંબંધોનું નિર્માણ કરી ઉચ્ચ કોટિનો બૌદ્ધિક પુરુષાર્થ કરે છે અને જગતને ઊંડી સંવેદનશીલતાથી અનુભવે છે. સંસ્કૃતભાષાની સમાસપ્રચુરતા ભાષકને અત્યંત સર્જનાત્મક બનવાની મોકળાશ આપે છે.

**સંસ્કૃત ભાષાનું શબ્દભંડોળ લવચીક કે પરિવર્તનશીલ છે.**

તેમાં જુદી-જુદી ભાષાઓના અનેક શબ્દો સ્વીકૃત થયા છે. સંસ્કૃતના લાંબા ઈતિહાસકાળ દરમિયાન જુદાં-જુદાં સમયે દ્રવિડકુળની ભાષાઓ ગ્રીક, અરબી, ફારસી, અંગ્રેજી અને અર્વાચીન ભારતની પ્રાદેશિક ભાષાઓમાંથી શબ્દો તેના શબ્દોના ભંડોળમાં પ્રવેશ પામતા રહ્યા છે. રૂપાખ્યાનોની વિશિષ્ટતાને લીધે અન્ય ભાષાના શબ્દોનો સંસ્કૃત ભાષામાં સ્વીકાર સરળતાથી થતો રહ્યો છે. સંસ્કૃતનું શબ્દભંડોળ સર્વગ્રાહી છે.

વિકાસાવસ્થાઓની દૃષ્ટિએ સંસ્કૃતભાષાનું સ્વરૂપ મુખ્યત્વે બે પ્રકારનું છે.

1. વૈદિક ભાષાસ્વરૂપ 2. વેદોત્વકાલીન

જે ભાષાસ્વરૂપમાં વેદો રચાય તે વૈદિક ભાષાસ્વરૂપ અને સમય જતા તેમાંથી જ વિકસેલું અને મહાન વૈયાકરણ પાણિનીના હાથે વ્યવસ્થિત થયેલું ભાષાસ્વરૂપ તે વેદોત્તરકાલીન ભાષાસ્વરૂપ વાસ્તવમાં આજે આપણે જેને સંસ્કૃત ભાષા કહીએ છીએ તે પાણીની દ્વારા નિબદ્ધ અને નિયમિત થયેલું એવું વેદેત્તરકાલીન ભાષાસ્વરૂપ છે.

સંસ્કૃત ભાષા પ્રાચીન હોવા છતાં અર્વાચીન સમયમાં મર્યાદિત સ્વરૂપમાં પણ વપરાશની ભાષા કે જીવંત ભાષા છે.

પ્રાચીન સમયમાં તો ભારતના વિશાળ ભૂભાગ પર વસતાં મોટા જનસમૂહની એ માતૃભાષા હતી. સંસ્કૃત ભાષા સાહિત્ય-સર્જનનું માધ્યમ પણ હતી. પ્રાકૃતના ઉદ્ભવને અને વિકાસને લીધે લોકોનો વાણી-વ્યવહાર અને સર્જકોની સાહિત્યરચનાઓ પણ પ્રકૃતિના માધ્યમ દ્વારા થવા લાગ્યાં એ ખરું. પરંતુ ઈ.સ.1200 સુધી વિદ્રત્યચર્ચાઓમાં, શિક્ષણમાં અને સાહિત્યસર્જનમાં સંસ્કૃત ભાષા વ્યાપક રીતે વપરાશક હતી. જીવંત હતી.

અર્વાચીન સમયમાં પણ સંસ્કૃત ભાષાનો વપરાશ ચાલુ રહ્યો છે. ઈ.સ. 1981માં થયેલી ગણતરી અનુસાર સેંકડો લોકોની માતૃભાષા સંસ્કૃત છે. અનેક વિદ્વાનો આજે પણ સંસ્કૃત ભાષા દ્વારા વિચારવિનિમય કરવાનું પસંદ કરે છે. ધાર્મિક અને માંગલિક પ્રસંગોએ સંસ્કૃત ભાષા લોકજીવનમાં પ્રવેશે છે. હજુ આને પણ કેટલાંક કવિઓ અને લેખકો સંસ્કૃતમાં સાહિત્યસર્જન કરે છે. અન્ય ભાષાઓમાંથી સંસ્કૃતમાં અનુવાદ કરવાની પ્રવૃત્તિ પણ થાય છે.

વર્તમાન સમયમાં સંસ્કૃતભાષાના પ્રચાર-પ્રસાર અંગે ભારત સરકાર અને માનવસંશાધન વિકાસ મંત્રાલય, દિલ્હી દ્વારા 'સંસ્કૃત રોડમેપ' તૈયાર કરવામાં આવેલ જેમાં દસ વર્ષની વિવિધ યોજનાઓનું આયોજન અંગે અહેવાલ સમિતિ બનાવીને તૈયાર કરેલ જેન અધ્યક્ષ શ્રી એન.ગોપાલસ્વામી હતા.

ભારતમાં પ્રથમ રાજ્ય ગુજરાત કે જેમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા 'રોડમેપ'નું અમલીકરણ કરવાની પ્રક્રિયા હાથ ધરવાની શરૂઆત કરેલ.

સંસ્કૃત ભારતી દ્વારા સંભાષણ શિબિર દસ દિવસનું આયોજન છેલ્લા --વર્ષથી ચાલુ રહ્યું છે. માસિક મેગેઝીન સંભાષણ સંદેશ વિવિધ પુસ્તકો અને સેમિનારોનું આયોજન પણ વિવિધ રાજ્યો અને અન્ય દેશોમાં કાર્યરત છે. અભ્યાસ અંગેના પત્રાચાર દ્વારા સંસ્કૃતનો અભ્યાસક્રમ પણ પ્રવેશ પરિચય, શિક્ષા અને વિવિધ સોપાનો દ્વારા સક્રિય છે. ગુજરાતમાં પણ વિવિધ સંસ્કૃત મેગેઝીન માસિક સામ્પ્રતમ અમદાવાદથી બહાર પડે છે.

સંસ્કૃત ભાષા રેડિયો-પ્રસારણનું માધ્યમ છે. ડી.ડી.ન્યૂઝ અને દૂરદર્શન પર સવારે પ્રતિદિન 6:55થી 7 વાગ્યા સુધી સંસ્કૃત સમાચાર તથા દર શનિવારે 'સંસ્કૃત વાર્તાવલિ' પણ બપોરે 12:30થી 1:00 સુધી પ્રસારિત કરવામાં આવે છે.

સંસ્કૃત ગ્રામ, સંસ્કૃત કુટુંબ વગેરે પણ વર્તમાન સમયની વિશેષતાઓ અનુભવાય છે. બાર વર્ષમાં દર વર્ષે શ્રાવણી પૂર્ણિમાના દિવસે 'સંસ્કૃત દિવસ' તરીકે ઉજવાય છે.

સંસ્કૃત ગ્રામ પણ વર્તમાન સમયમાં ભારતમાં જે સંસ્કૃતભાષામાં વ્યવહાર કે છે જેવાં કે, મુત્તરગ્રામ-કર્ણાટક રાજ્યમાં, મોહદગામ-મધ્યપ્રદેશ, કાપોરનગામ-રાજસ્થાન, ગનોદા-રાજસ્થાન, બાવલી-ઉત્તરપ્રદેશ, શ્યામસુંદર-ઉડીસા રાજ્ય વગેરે.

ટૂંકમાં રોજબરોજના વાણીવ્યવહારમાં, સાહિત્ય સર્જનમાં અને પ્રસારણમાં પ્રયોજાતી સંસ્કૃત ભાષા અર્વાચીન સમયમાં પણ એક જીવંત ભાષા છે. આમ, ભાષાના બંધારણની દષ્ટિએ યોગાત્મકતા, રૂપાખ્યાનોની વૈજ્ઞાનિકતા, સંધિવ્યાપારની વ્યાપકતા, સમાસ પ્રચુરતા, શબ્દભંડોળની વિપુલતા અને લવચીકતા, ચુસ્ત પદ સંવાદ અને પદક્રમથી મુક્ત એવી વાક્યરચના વગેરે સ્વરૂપગત વિશેષતાઓ સંસ્કૃતભાષાને એક અનન્ય ભાષા ધરાવે છે.

- સંસ્કૃત ત્રિવિધ અર્થમાં પ્રશિષ્ટ ભાષા છે.
- તે ભારત-યુરોપીય કુળની ભાષા છે.
- વૈદિક અને સંસ્કૃત એવાં એ ભાષાસ્વરૂપો તેના વિકાસની મુખ્ય અવસ્થાઓ છે.
- પ્રાચીન હોવા છતાં અર્વાચીન સમયમાં પણ જીવંત છે.

**1.3.1 પ્રાચ્ય ભાષા :**

અગાઉ કહ્યું છે તેમ સંસ્કૃત પ્રાચીનતમ, સમૃદ્ધ ભાષા છે અને ત્યાર પછી વિકાસ પામેલ મોટા ભાગની ભારતીય ભાષાઓ તેમજ યુરોપીય ભાષાઓમાં પણ સંસ્કૃતની અસર જોઈ શકાય છે. નીચે થોડાં ઉદાહરણો આપ્યાં છે :

Mouse - मुष्, Cow C નો ઉચ્ચાર 'કો' પણ થાય અને ભાષાશાસ્ત્રીય ફેરફાર મુજબ 'ક'નો 'ગ' થતાં 'ગો' (ગાય)

You - यूयम्, We - मयम्, is = अझ् વગેરે

વળી, મહાપ્રાણનો લોપ થતાં અથવા સ્થળાંતર થતા નીચેના શબ્દોમાં પણ સામ્ય જોઈ શકાય છે.

Father (ફાધર पातर् – पितर्) એ જ રીતે

મધર – मातर्, સીસ્ટર- स्वसर, બ્રધર - भ्रातर्, They - ते વગેરે.

વળી, સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર સાંભળતા 'સપ્ત, અષ્ટ, નવ, દશ' યાદ આવી જાય.

આ ઉપરાંત ગુજરાતી ભાષા કે હિન્દી ભાષાની વાત કરીએ તો સમગ્ર વ્યાકરણ સંસ્કૃતનું જ અપનાવવામાં આવ્યું છે.

**1.3.2 અત્યંત સૂક્ષ્મ અને વિશદ વ્યાકરણ રચના :**

- અન્ય ભાષાઓમાં બે વચન (એ.વ., બ.વ.) હોય છે. જ્યારે સંસ્કૃતમાં ત્રણ વચન છે. (એ.વ., દ્વિ.વ., બ.વ.)
- પ્રકૃતિ અને પ્રત્યય પ્રચુરભાષા છે. દરેક શબ્દ પ્રત્યય યુક્ત હોઈ વાક્યરચના ગમે તેમ કરો તો પણ અર્થમાં સંદિગ્ધતા થતી નથી. અંગ્રેજીમાં પ્રત્યયો જૂજ છે. અને વાક્યમાં સ્થાન ઉપરથી કર્તા-કર્મ વગેરે નક્કી થાય છે. દા.ત.A Cat eats a rat. આમાં જો શબ્દોનાં સ્થાન ફરી જાય તો 'ઉંદર બિલાડીને ખાય છે' આવો અર્થ થાય જ્યારે मार्जारः मूषिकं खादति। માં શબ્દોમાં ગમે તેટલો ફેરફાર કરવાથી અર્થ ફરતો નથી. અલબત્ત, સંસ્કૃત ભાષા શીખવનારે અથવા ભાષા શીખનારે અથવા ભાષા સમજવા કે માણવા ઈચ્છનારે સાંગોપાંગ જ્ઞાન મેળવવું અત્યાવશ્યક છે. જે નીચેનાં થોડાં ઉદાહરણો પરથી સમજી શકાશે.

  अगच्छत् - તે ગયો, अगच्छत - તમે ગયા.

  वस्तुनी - બે વસ્તુ, वस्तूनि - ઘણી વસ્તુ, वस्तुनि - વસ્તુમાં

| | | |
|---|---|---|
| देवी | - | દેવી, દેવિ - હે દેવી, |
| जमानाम् हिताय | - | લોકોના ભલા માટે |
| जनानामहिताय | - | લોકોના બૂરા માટે |
| रात्रिरेवं व्यरंसित् | - | એમ (આખી) રાત વીતી ગઈ (કેમ જાણે નાની બાબતમાં બહુ સમય ગયો હોય!) |
| रात्रिरेव व्यरंसित्। | - | રાત્રિ જ પસાર થઈ ગઈ. (સ્નેહીજનોની વાત તો હજુ બાકી રહી.) |

આ થોડા ઉદાહરણો તલસ્પર્શી જ્ઞાનની અનિવાર્યતા દર્શાવવા પર્યાપ્ત છે.

### 1.3.3 સંસ્કૃત ભાષામાં પદોનો સામાન્ય પરચિય

સામાન્ય રીતે સંસ્કૃત ભાષામાં જે પદો ઉપયુક્ત થાય છે, તેના નામ આ પ્રમાણે છે.

(i) નામ (ii) સર્વનામ (iii) વિશેષણ (iv) અવયવ (v) ધાતુ (vi) ક્રિયાપદો (vii) કૃદન્તો.

તેમનાં લક્ષણો ટૂંકમાં જોઈએ તો-

(i) નામ : ની ત્રણ ઓળખાણ છે અને બે પ્રકાર છે.

નામના બે પ્રકાર- સ્વરાંત, વ્યંજનાન્ત.

ત્રણ ઓળખાણ- લિંગ (પૂ.સ્ત્રી.નપુ.)

વિભક્તિ (સાત+એક સંબોધન)=આઠ

વચન (એ.વ., દ્વિ.વ., બ.વ.)= ત્રણ

આ ત્રણેયનો વિયાક કરી 'નામ' વાક્યમાં વપરાય છે.

(ii) સર્વનામ :- આ શબ્દો નામને બદલે વપરાય છે. અમુક સર્વનામો વિશેષણ તરીકે પણ વપરાય છે.

अस्मद्, युष्मद्, तव्, एतय्, यद्, कित्, अदस्, ऋद्मदम्, अन्यतरद् વગેરે સર્વનામો છે. તેમનાં રૂપો પણ નામ પ્રમાણે (વિભક્તિ, વચન પ્રમાણે) થાય છે. છતાં આટલું ધ્યાન રાખો.

- अस्मद् (હું, અમે) युष्मद् (તુ, તમે) આ બંને સર્વનામોમાં લિંગ નિરપેક્ષ છે. એટલે કે ત્રણેય લિંગમાં એક જ રૂપ વપરાય છે.
- બાકીનાં સર્વનામોના રૂપો લિંગ પ્રમાણે થાય છે.
- સર્વનામોને સંબોધન વિભક્તિ હોતી નથી.

(iii) વિશેષણ : જે શબ્દ નામના અર્થમાં સુધારો, વધારો કે મર્યાદા દર્શાવે તેને વિશેષણ કહેવાય છે. જેમ કે, रम्य, विशाल, कृष्म, महम् વગેરે. સંસ્કૃતમાં તમામ વિશેષણો વિકારી છે. એટલે કે નામનાં લિંગ, વચન અને વિભક્તિ કારણ કહે છે. અને તેવું જ રૂપ બનાવીને વપરાય છે.

દા.ત. रम्येषु, उपवनेषु સુંદર વનોમાં (ગુજરાતમાં 'સુંદરોમાં વનોમાં'એમ બોલાતું નથી)

(iv) અવયવ : બધા અવયવો અવિકારી છે. તેમનાં કાળ, પુરુષ, વચન, લિંગ, વિભક્તિ વગેરે પ્રમાણે રૂપો થતાં જ નથી. દા.ત. कदा, कुत्र, कुतः, यतः, अतः, कथम्, अत्र, तत्र, सर्वत्र, नु, हि

(v) ધાતુ : ક્રિયા દર્શાવતા મૂળ શબ્દને 'ધાતુ' કહે છે. એમાં પણ સંસ્કૃત ધાતુ કેટલા શુદ્ધ છે તે નીચેના ઉદાહરણો ઉપરથી સમજાશે.

| | |
|---|---|
| દા.ત. खाना, पीना, दौड़ना, लिखना | – હિન્દી |
| ખાવું, પીવું, દોડવું, લખવું. | - ગુજરાતી |
| to eat, to drink, to run, yo write | - અંગ્રેજી |
| खाद्, पा, धाव्, लिख् | - સંસ્કૃત |

ઉપર જોતાં જણાશે કે મૂળ ધાતુને કોઈને કોઈ ટેકા લાગેલા છે. હિન્દી માં 'ना', ગુજરાતીમાં 'વુ' અંગ્રેજીમાં to (આગળ), જ્યારે સંસ્કૃત ધાતુઓ મૂળ સ્વરૂપે જ છે, હવે સંસ્કૃત ધાતુઓની ખાસિયતો ટૂંકમાં જોઈએ. સંસ્કૃત ધાતુના ત્રણ પ્રકાર છે :

(1) અવિકારી : જેમાં કશો ફેરફાર ન થાય, દા.ત. वद् – वदति

(2) વિકારી : સ્વરમાં થોડો ફેરફાર થાય, જેમ કે जि – जयति, भू – भवति, पानी – नयति વગેરે.

(3) આદેશયુક્ત : મૂળ ધાતુ બીજી હોય પણ જ્યારે રૂપ કરવામાં આવે ત્યારે પ્રત્યયો તેના આદેશને લાગે. જેમ કે पो – पिवति, स्था – तिष्ठति વગેરે.

- વળી સંસ્કૃતના તમામ ધાતુ દસ ગણ (1 લો, 2 જો, 10મો) વગેરે અને બે પરસ્મૈપદ અને આત્મનેપદમાં વિભક્તિ છે. (અમુક ઉભયપદી પણ હોય.)

આ તમામના ત્રણ-પદ યાદ રાખી શકાય નહીં. પણ દરેક ગણની નિશાની (વિકરણ) હોય છે અને ધાતુ સાથે કૌસમાં વ.કા., ત્રીજો પુ.એ.વ.નું નમૂનાનું રૂપ આપવામાં આવે છે.

દા.ત. वद् (वदति) આમાં अ લાગેલ છે. એટલે પહેલો ગણ ति પ્રત્યય પરસ્મૈપદનો છે. આમ, पद् ધાતુનો પહેલો ગણ અને પરસ્મૈપદ ખબર પડે છે. એ જ રીતે लभ् – लभ ते (પહેલો, આત્મનેપદ) कुप् – कुप्यति (ચાર-પરસ્મૈપદ વગેરે)

(સંસ્કૃત ધાતુઓ સ્વરાન્ત તેમજ વ્યંજનાની પણ હોય છે.)

(vi) ક્રિયાપદો : ક્રિયાપદોનાં કાળ પ્રમાણે રૂપો થાય છે, જે નીચેના પુરુષ-વચન સાથે બોલાય છે :

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | |
|---|---|---|---|
| પહેલો-પુ. | હું | અમે બે | અમે (આપણે) |
| બીજો-પુ. | તું. | તમે બે | તમે |
| ત્રીજો-પુ. | તે | તેઓ બે | તેઓ |

સામાન્ય રીતે વપરાશમાં ત્રણ કાળ અને બે અર્થનાં રૂપો હોય છે.

- ત્રણ કાળ : વર્તમાન, 'હ્યસ્તન ભૂત., સા. ભવિષ્ય'
- બે અર્થ : આજ્ઞાર્થ, વિધ્યર્થ.

(ભૂતકાળમાં અદ્યતન તેમજ પરોક્ષ ભૂ.કા.પણ હોય છે.)

(vii) કૃદન્તો : કોઈપણ ભાષામાં ધાતુ ઉપરથી બે જ વસ્તુ બને છે. (i) ક્રિયાપદ (ii) કૃદન્ત

કૃદન્તો અર્ધી ક્રિયા સૂચવે છે. કામ સૂચવાં નથી, ક્રિયાની કોઈ અવસ્થા સૂચવે છે, અથવા હેતુ સૂચવે છે. અવસ્થા ચાલુ કે પૂર્ણ હોઈ શકે છે.

જેમ કે ઉડતી ચકલી, ફરતો પંખો, લખેલું કાવ્ય, ખાધેલા લાડવા, ભણવા વગેરે.

કૃદન્તોના બે પ્રકાર પાડી શકાય :

(i) વિશેષણ રૂપ : ઉડતો કાગડો, લખેલાં પાનાં વગેરે.

(ii) અવ્યય રૂપ : ઉઠીને, તેડવા વગેરે.

દરેક કૃદન્તના અલગ-અલગ પ્રત્યય લગાડવાથી જે-તે કૃદન્ત બને છે.

**1.3.4 મૂળાક્ષર :**

સંસ્કૃત મૂળાક્ષર વૈજ્ઞાનિક સિદ્ધાંત ઉપર આધારિત છે. તેમાં ભાષા વિજ્ઞાનની ઊંડી સૂઝ જોવા મળે છે.

અંગ્રેજી મૂળાક્ષરમાં કુલ 26 અક્ષર છે. તેમાં પણ સ્વર-વ્યંજન મિશ્રા. વળી દરેક સ્વર કે વ્યંજનનો સ્પષ્ટ ઉચ્ચાર નક્કી નહીં. 'અમ્બ્રેલા'માં U નો ઉચ્ચા 'અ' થાય અને 'યુનિવર્સિટીમાં' U નો ઉચ્ચાર 'યુ' થાય.

'લેફ્ટેનન્ટ'નો સ્પેલિંગ F હોય જ નહીં.

'અવર', 'ઑનેસ્ટ'માં H નો ઉચ્ચાર થાય જ નહીં.

'મિનિટ' અને 'માઈન્યુટ' બંનેની જોડણી એક જ વગેરે, જ્યારે- સંસ્કૃતમાં આવી દ્વિધાનો સંભવ જ નહીં.

- સ્વર-વ્યંજન જુદાં.
- 13 સ્વરો અને 33 વ્યંજનો
- મૂળ સ્વર अ, ऋइ, उ, ऋ (ऌ લુપ્ત થયેલ છે) તેના ચાર દીર્ઘ રૂપો ओ, ऋई, ऊ અને ॠ અને ચાર સંયુક્ત સ્વરો --વળી સજાતીય-વિજાતીય પ્રકાર.
- વ્યંજનોમાં પ્રથમ 25 વ્યંજનો વર્ગીય. પાંચ-પાંચ વ્યંજનનો એક વર્ગ, છેલ્લો અનુનાસિક, પ્રથમ બે અઘોષ બાકીના ત્રણ ઘોષ વ્યંજન. વળી એક વ્યંજન 'અલ્પ પ્રાણ' અને બીજો 'મહાપ્રાણ' દા.ત. क - K, ख - Kh, ग - G, घ - Gh વગેરે.

બાકીના આઠ વ્યંજનો પૈકી य्, र्, ल्, व्, ह् ઘોષ અને श्, ष्, स અઘોષ.

- પાંચેય વર્ગો ઉચ્ચાર સ્થાન પ્રમાણે અંદરથી શરૂ થઈ છેક બહાર ઓષ્ઠ સુધી. કંઠ્ય, તાલુ, મૂર્ધા, દન્ત્ય, ઔષ્ઠ્ય, વળી નીચેના શબ્દો વાંચો.

(अ) પંકજ, શંખ, ગંગા

(ब) પાંચ, સાંજ, ઝાંઝ, પાંજરું

(क) કંટક, પંડિત, પંઠો, શંઠ

(ड) સંત, પંદર, અંધ, કંથ

(ऋइ) કંપ, અંબા, શંભુ, ફેંકર

આ પાંચેય શબ્દગુચ્છોનો ઉચ્ચાર ધ્યાનપૂર્વક કરી અનુનાસિકોનો ઉચ્ચાર કેવો થાય છે તે નોંધો. अ + થી ऋइ સુધીના શબ્દોના અનુનાસિકનો ઉચ્ચાર અનુક્રમે ङ्ङ्‌ रूखइ्य, ण्, न्, म् થશે. શું કામ ? (अ)માં અનુનાસિક પાછળ 'ક' વર્ગના વ્યંજનો ક, ખ, ગ વગેરે છે. એ જ રીતે ङ માં न् નો ઉચ્ચાર સંભળાશે. કારણ કે પાછળ त्, थ्, स्, धृ વગેરે 'त' વર્ગના વ્યંજન છે. ङ् માં म् સંભળાશે. કારણ કે પાછળ प વર્ગના प्, फ, ब्, भ् વગેરે છે.

આમ, ટૂંકમાં મૂળાક્ષરની રચના ઉપચાર સ્થાનોને લક્ષમાં લઈને વૈજ્ઞાનિક રીતે થયેલી છે.

**1.3.5 રૂપાખ્યાન :**

સંસ્કૃત શબ્દોનાં રૂપો બે જ પ્રકારે બને છે :

(i) નામનાં રૂપ : લિંગ, વિભક્તિ, વચન પ્રમાણે સર્વનામ, વિશેષણ અને કૃદન્ત રૂપ વિશેષતાનાં રૂપો નામ પ્રમાણે થાય છે.

(ii) ક્રિયાપદનાં રૂપો : કાળ, પુરુષ, વચન પ્રમાણે થાય છે. (અવયવોનાં રૂપો થતાં નથી)

**1.3.6 લાઘવ :**

લાઘવ એ સંસ્કૃત ભાષાનો એક વિશિષ્ટ ગુણ છે. જેટલું બને તેટલું ટૂંકમાં કહેવું. 'એક ઉક્તિ એવી છે કે, अर्धमात्रा लाघवेन गायते पुत्रप्रसुति उत्सवः । કોઈ શબ્દ ત્રણ માત્રાનો હોય તેને બદલે અઢી માત્રામાં કહી શકાય તો પુત્ર-જન્મ જેટલો આનંદ થાય છે. આ લાઘવનો ગુણ સાધવામાં સંધિ, સમાસ, ઉપસર્ગ, પ્રત્યયો વગેરેનો બહુ મોટો ફાળો છે. નામ, વિશેષણ, ભાવવાચક નામ વગેરે પરસ્પર પ્રત્યયો લાગી બને છે.

**(i) સંધિ-સમાસ :**

- સંધિ ત્રણ પ્રકારની છે : સ્વર સંધિ, વ્યંજન સંધિ અને વિસર્ગ સંધિ.
- સમાસો : એકથી વધુ શબ્દો જુદાં જુદાં અર્થમાં જોડાઈ અને એક સળંગ શબ્દ જેવી રચના થાય તેને સમાસ કહે છે. જુદાં જુદાં સંબંધે જોડાવાથી જુદાં જુદાં સમાસ બને છે જેમ કે,

  માતા-પિતા (માતા અને પિતા) દ્વંદ્વ,

  અશ્રુભીનાં (અશ્રુથી ભીનાં) તૃ, તત્પુ.

ઘનશ્યામ (ઘન જેવો શ્યામ) કર્મ

જિતેન્દ્રિય (જીતી છે ઈન્દ્રિયો જેણે તે) બહુ.

विराट नगरे राजन् – આમાં સામાન્ય રીતે 'હે રાજા, વિરાટનગરમાં' આમ અર્થ કરે.પણ રૂપો અને સંધિનો ખ્યાલ હોય તો ક્રિયાપદ નડે અને વાક્ય પૂર્ણ લાગે.

દા.ત. विराट = विः + आट

એમ કરતાં 'હે, રાજા, નગરમાં પક્ષી ભટક્યું' - એમ અર્થ થાય. એક દીર્ઘ છતાં સરળ સમાસ જુઓ.'

मत्तेभन्द्रविभिव्ह्मा कुंभकलशग्रासैक बद्धस्पृहः

મદોન્મત્ત ગજરાજના વિઘરેલા કળશ સમાન કુંભ સ્થળમાંથી કોળિયો ભરવાની એક માત્ર ઝંખના વાળો.

**(ii) વિશિષ્ટ પ્રયોગો :**

સંસ્કૃત ભાષામાં અમુક વિશિષ્ટ પ્રયોગો છે. તેમાં મુખ્ય આ પ્રમાણે છે :

**સતિ સપ્તમી :**

જ્યારે બે ક્રિયા સંબંધ ધરાવતી હોય (એટલે કે એક ક્રિયાનો આધાર બીજા ક્રિયા પર હોય) અને બંનેના કર્તા જુદાં જુદાં હોય ત્યારે આગળની ક્રિયા માટે સતિ સપ્તમી વપરાય છે એટલે કે કર્તાની અને ક્રિયાના કૃદન્તની સાતમી વિભક્તિ મુકાય છે.

દા.ત. જ્યારે રામ વનમાં ગયા ત્યારે રાવણ સીતાને હરી ગયો.

આમાં બે ક્રિયા છે- ગયા અને હરી ગયો

બંને કર્તા જુદાં છે - રામ, રાવણ

વનમાં જ્યાં ઉપર હરી જવાનો આધાર છે. માટે આગળની ક્રિયામાં આ પ્રયોગ થાય.

જેમ કે,

रामे वने गते (यदा रामः वनं गतः तथा)

સાતમી સાતમી

**અનાદરાર્થે પષ્ઠી**

જે વસ્તુ સામાન્ય રીતે ન બનવી જોઈએ તે બને એટલે કે તેમાં ક્રિયાનો અનાદર થાય તે દર્શાવવામાં છઠ્ઠી વિભક્તિ મુકાય છે.

દા.ત. पश्यतः गुरोः शिष्येण अविनयः कृता : ।

ગુરુના દેખતાં શિષ્યે અવિનય કર્યો એટલે કે ગુરુ દેખતા હતાં છતાં શિષ્યે અવિનય કર્યો. આ ઉપરાંત अत्यम् વગેરે તેમ જ દરેક વિભક્તિના વિશિષ્ટ પ્રયોગો હોય છે. પરંતુ વિસ્તારના ભય માત્ર એક-બે ઉદાહરણ આપ્યાં છે.

**(iii) વિશિષ્ટ રૂપો :**

च्वि રૂપ : આમાં કોઈ શબ્દ પાછળ च्वि લગાડી તેની સાથે कृ કે भू નું કોઈ પણ રૂપ (ક્રિયાપદ કે કૃદન્ત) લગાડી સળંગ શબ્દ બનાવવામાં આવે છે.

દા.ત. हरित + कृ = हरिती कृताः ।

मयूर + भू = मयूरी भवति ।

(નોંધ : આવાં રૂપો ગુજરાતીમાં પુષ્કળ પ્રમાણમાં વપરાય છે. कृ ઉપરથી 'કરણ' અને भू ઉપરથી ભવન નામ બને છે. દા.ત.)

અમલીકરણ, ઘનીભવન, ઔદ્યોગિકીકરણ, સશક્તિકરણ, સ્પટિકી ભવન, પક્ષાંતરીકરણ, સામાજિકીકરણ, ઉર્ધ્વીકરણ વગેરે.

નામધાતુ રૂપ : આ એક બહુ જ વિચિત્ર લાગે તેવું વિશિષ્ટ રૂપ છે. આમાં 'નામ' જ જાતે ક્રિયાપદ હોય તેમ માની તેને જ ધાતુના પ્રત્યય લગાડવામાં આવે છે.

જેમ કે, गरुदायते – ગરુડ બને છે.

दोलायते – ચંચળ બને છે.

द्रुमायते – ઝાડ બને છે.

(જો કદાચ ગુજરાતીમાં આવા રૂપો હોત તો કેવું વાક્ય થાય તે અત્રે રમૂજ ખાતર આપું છું.)

"હું સવારમાં ઊઠીને દાતણ્યો, પછી આયો, જોલીને બજાર્યો, શાકીને ધર્યો, દાતભાતશાકીને કૉલેજ્યો." વગેરે )

**(iv) રચનાઓ :**

કર્તરિ, કર્મણિ, ભાવે, પ્રેરક, પુનઃ પ્રેરક, પ્રેરક કર્મણિ વગેરે રચનાઓ હોય છે. જે તે ભાવ પ્રમાણે તેનો સમુચિત ઉપયોગ થાય છે.

## 1.4 તમારી પ્રગતિ ચકાસો :

(1) ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઉતરી આવે તેમાં કેટલી અવાંતર ભાષાઓમાંથી પસાર થઈ તે જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) વિશ્વની સૌથી અગ્રિમ ત્રણ ભાષાઓનાં નામ આપો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(3) આપણી સંસ્કૃતિ વૈદિક અથવા તપોવન સંસ્કૃતિ શા માટે કહેવાય છે ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(4) સંસ્કૃત મૂળાક્ષરની વિશેષતાઓ દર્શાવો.

..................................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 1.5 સારાંશ

સંસ્કૃત દેવભાષા કહેવામાં આવે છે. સંસ્કૃતના અભ્યાસ કે વાંચનથી મનમાં સાત્ત્વિક ભાવોનો સંચાર થાય છે. સંસ્કૃત વિશ્વની અગ્રિમ ત્રણ ભાષાઓ પૈકીની એક છે. મોટા ભાગની ભારતીય તેમ જ અમુક યુરોપિયન ભાષાઓ સંસ્કૃતની ઋણી છે. સંસ્કૃતનું વ્યાકરણ બહુ જ સૂક્ષ્મ વિચારપૂર્વકનું અને એટલું વિશદ અને વિગતવાર છે કે તેમાં સંદિગ્ધતાને અવકાશ ન રહે. સંસ્કૃત લખાણનો સંપૂર્ણ રસાસ્વાદ માણવા માટે ભાષાનું તલસ્પર્શી જ્ઞાન આવશ્યક છે, એક વાર રસ કેળવાઈ જાય પછી નિજાનંદની અનુભૂતિ થાય છે. આપણા ઋષિ, મુનિઓ અને વિદ્વાનોને દુનિયાનો કોઈ પણ વિષય અજાણ્યો ન હતો. એટલું જ નહીં અત્યારે જેને આધુનિક શોધ કહેવામાં આવે છે તે વિષે વર્ષો પહેલાંના ગ્રંથોમાં વિવરણ જોવા મળે છે. હવે ધીમે ધીમે સંસ્કૃત ભાષાનો અભ્યાસ તેમ જ તેમાં રુચિ વધારવાના પ્રયત્નો થવા લાગ્યા છે તે સ્તુત્ય છે. તદુપરાંત સંસ્કૃત ભાષાના હીર પ્રત્યેની જાગૃતિ પણ મુખ્ય કારણ છે.

## 1.6 સ્વાધ્યાય

(1) સંસ્કૃત ભાષાના સ્વરૂપની ચર્ચા કરો.

(2) સંસ્કૃત શા માટે વિશ્વની અગ્રિમ ભાષાઓ પૈકીની એક ગણાય છે ?

(3) સંસ્કૃત ભાષાનાં પદો વિશે ટૂંકનોંધ લખો.

(4) સંસ્કૃત ભાષાનાં વ્યાકરણની વિશેષતાઓ દર્શાવો.

(5) આપણી ભારતીય સંસ્કૃતિમાં સંસ્કૃત ભાષાનું શું યોગદાન છે તે જણાવો.

(6) સંસ્કૃતમાં વિવિધ વિષયો ઉપર લખાયેલા ગ્રંથોની યાદી બનાવો.

## 1.7 ચર્ચા માટેના મુદ્દા :

(1) સંસ્કૃતને ઘણા લોકો ‘મૃત ભાષા’ કહે છે. આ વિધાન વિશે તમારા પોતાના વિચારો જણાવો.

(2) સંસ્કૃત ભાષા હોત જ નહીં તો અન્ય ભાષાઓમાં શો ફરક પડત એમ તમે માનો છો ? તમારી દૃષ્ટિએ શો ફરક પડત ?

(3) ‘સંસ્કૃત બાષા દુર્બોધ છે’ આ વિધાનની તરફેણમાં તેમની વિરુદ્ધમાં તમારા મંતવ્ય જણાવો.

## 1.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો :

(1) संस्कृत शिक्षण – रीटा शर्मा, क्षमिता जैन

(2) संस्कृत शिक्षण – शास्त्री

(3) સંસ્કૃતનું અભિનવ અધ્યાપન- નીરવ પ્રકાશન

(4) સંસ્કૃત અધ્યાપન- સંશોધન : શાસ્ત્રીય પદ્ધતિઓ-શાસ્ત્રી જયેન્દ્ર દવે

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) પ્રસ્તાવના

(2) 1.3

(3) 1.3

(4) 1.3.4

એકમ 2

# સંસ્કૃત ભાષાનું મહત્ત્વ

## : રૂપરેખા :

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 સંસ્કૃત ભાષાનું મહત્ત્વ**

**2.2.1 સંસ્કૃત ભાષાનો વ્યાપ**

**2.2.2 સંસ્કૃતનું વ્યાવસાયિક મહત્ત્વ**

**2.2.3 સંસ્કૃતનું લોકજીવનમાં મહત્ત્વ**

**2.2.4 સંસ્કૃતનું સાંસ્કૃતિક મહત્ત્વ**

**2.2.5 સંસ્કૃતનું ભાવાત્મક રાષ્ટ્રીય મહત્ત્વ**

**2.3 તમારી પ્રગતિ ચકાસો**

**2.4 સારાંશ**

**2.5 સ્વાધ્યાય**

**2.6 ચર્ચા માટેના મુદ્દા**

**2.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

---

## 2.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે-

(1) સંસ્કૃત ભાષાનું સ્વરૂપ સમજી શકશો.

(2) સંસ્કૃત સાહિત્યની વિશાળતા વિષે જાણી શકશો.

(3) માનવ જીવનનાં તમામ ક્ષેત્રોમાં સંસ્કૃતનું પ્રદાન સમજી શકશો.

(4) સંસ્કૃતનું વ્યાવસાયિક મહત્ત્વ સમજી શકશો.

(5) સંસ્કૃતનું લોકજીવનમાં મહત્ત્વ સમજી શકશો.

(6) સંસ્કૃતનું સાંસ્કૃતિક રાષ્ટ્રીય મહત્ત્વ સમજી શકશો.

(7) સંસ્કૃતનું ભાવાત્મક રાષ્ટ્રીય મહત્ત્વ સમજી શકશો.

(8) સંસ્કૃતને લોકપ્રિય બનાવવામાં યોગદાન આપી શકશો.

## 2.1 પ્રસ્તાવના

સંસ્કૃતનું મહત્ત્વ સંપૂર્ણપણે સમજાવવું અતિ મુશ્કેલ છે. આકાશના તારા ગણી શકાય ? સમુદ્રનું માપ નીકળી શકે ? એમ જ સંસ્કૃતનું મહત્ત્વ સમજાવવું શક્ય નહીં તો પણ 'ગાગરમાં સાગર ભરવા' જેવું દુષ્કર તો છે જ. કાલિદાસના શબ્દો યાદ આવે છે. 'હોડી લઈને સાગર તરવા જેવું' અથવા 'તાડીના ફળ તોડવા માટે ઠીંગુજી કૂદકા મારે' તેવું મુશ્કેલ કાર્ય છે. 'ગુણવત્તા' અને 'જથ્થો' (Quality અને Quantity) બંને દૃષ્ટિએ જોઈએ તો 'ગુણવત્તા'ની દૃષ્ટિએ તેમાં સમુદ્રનું ઊંડાણ છે અને 'જથ્થ'ની દૃષ્ટિએ સમુદ્ર જેવી વિશાળતા છે. છતાં યત્કિંચિત્ પણ સંસ્કૃતના મહાસાગરમાં અવગાહન થઈ શકે

તો પણ તેનું મહત્ત્વ સમજવા માટે પર્યાપ્ત ગણાશે. અનેક મહાપુરુષોએ સંસ્કૃત ભાષાનું જે ખેડાણ કર્યું છે તેમાં પ્રાચીન કાળના તપોવન વાસી ઋષિ-મુનિઓ અને તાપસોથી માંડીને માનવબુદ્ધિએ અત્યાર સુધી ખેડેલા ક્ષેત્રોમાં જે વિવિધ વિદ્વાનોનું યોગદાન છે. તેઓ સમગ્ર વિશ્વમાં પોતાનું નામ અમર કરી ગયા છે. જીવનના ઘણાં ક્ષેત્રો એવા છે કે જેમાં પ્રારંભિક કાર્ય, નવીન સંશોધનો, દુનિયાને નવી દિશા દર્શાવનાર શોધો વગેરેના પુરસ્કર્તા ભારતીય વિદ્વાનો હતા. અને દુનિયાના વિવિધ દેશોમાં તેમને આમંત્રણ આપી માન-સન્માન સહિત લઈ જવામાં આવતા હતા. આપણે અગાઉના એકમમાં સંસ્કૃતના આંતરિક સ્વરૂપ (ભાષાનું માળખું)નો આછેરો પરિચય કર્યો. આ એકમમાં આપણે તેના બાહ્ય સ્વરૂપ એટલે કે તેના વ્યાપ અને મહત્ત્વનો અભ્યાસ કરીશું.

## 2.2 સંસ્કૃત ભાષાનું મહત્ત્વ :

કોઈપણ વસ્તુ, વ્યક્તિ, સમાજ, ભાષા, સાહિત્ય કે કલાનું મહત્ત્વ એટલે શું ? 'મહત્ત્વ' એક અતિ વિશાળ, વ્યાપક અર્થ ધરાવતો શબ્દ છે, પણ તેને સમજવા માટે આપણે તેણે ત્રણ ભાગમાં વહેંચી શકીએ : (i) કાર્યક્ષમતા (ક્રિયાશીલતા, સામર્થ્ય) (ii) આવરણ શક્તિ (વ્યાપકતા) (iii) ઉપયોગિતા.

(i) જે-તે વસ્તુ કેટલે અંશે કાર્યક્ષમ છે, શું શું કરવા સક્ષમ છે, અન્યની અપેક્ષાએ તે કેટલી બળવત્તર, ઊંડાણભરી છે, લાભદાયક છે, વગેરે બાબતોને તેની સક્ષમતા અથવા કાર્યક્ષમતા કહી શકાય.

(ii) આવરણ શક્તિ (વ્યાપકતા) તે વસ્તુ કે સાહિત્ય કેટલાં ક્ષેત્રોને આવરી લે છે, કેટલા જનસમુદાય કે ક્ષેત્ર વિસ્તારને પોતાનામાં સમાવી શકે છે. કેટલા ભૌગોલિક ભૂભાગો, પ્રદેશો કે દેશો સુધી વિસ્તરી શકે છે તેના ઉપરથી તેની આવરણ શક્તિનું માપ નીકળે છે.

(iii) ઉપયોગિતા : તે વસ્તુ કેટલા લોકોને કઈ કઈ રીતે ઉપયોગી થાય છે, કેટલા લોકોના જીવનમાં તેનું મહામૂલું પ્રદાન છે, કેટલા લોકો તેનાથી લાભાન્વિત થાય છે, કેટલા લોકોમાં તેની માંગ છે, કેટલા લોકો તેની જરૂરિયાત અનુભવે છે તેના ઉપરથી તેની ઉપયોગિતા નક્કી થાય છે.

ઉપર્યુક્ત ત્રણે માન-દંડોના પરિપ્રેક્ષ્યમાં જોવાથી જે-તે વસ્તુનું સાચું મહત્ત્વ સમજી શકાય છે.

આના અનુસંધાને સંસ્કૃત ભાષાના મહત્ત્વની વાત કરીએ તો એટલું જ કહેવું બસ થઈ પડશે, કે જેને અત્યારે આધુનિક યુગના વિકાસની વાત કહેવામાં આવે છે. અને અદ્યતન શોધો તરીકે ગણાવવામાં આવે છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમાં જે તીવ્ર ગતિએ પ્રગતિ થઈ રહી છે, તેનાં મૂળ સંસ્કૃતમાં પડેલાં છે. એટલું જ નહીં પણ આધુનિક ગણાતી ઘણી બાબતો સેંકડો વર્ષો અગાઉ સંસ્કૃતમાં સંગ્રહાયેલી પડે છે. આ સંદર્ભમાં જર્મન પ્રોફેસર મેક્સ મૂલરે આઈ.એ.એસ.ના વિદ્યાર્થીઓને આપેલા વ્યાખ્યાનનો એક નાનકડો અંશ અત્રે અપ્રસ્તુત નહીં ગણાય.

"What ever branch of human knowledge you want to investigate deeply in, you go to indian because a great Vista of all these Literature has been stored up in Sanskrit and Sanskrit only"


મતલબ કે તમારે માનવ જ્ઞાનની કોઈ પણ શાખા-પ્રશાખા (જેમ કે, ખગોળ, ભૂગોળ, નક્ષત્ર, જ્યોતિષ, પદાર્થ વિજ્ઞાન, રસાયણ, ગણિત, નૃવંશ શાસ્ત્ર, ભૂસ્તર શાસ્ત્ર, સર્વ વિદ્યા)માં ઊંડાણપૂર્વક સંશોધન કરવું હોય તો તમારે ભારતમાં જવું પડે. કારણ કે આ તમામ પ્રકારના સાહિત્યના વિશાળ ભંડારો સંસ્કૃતમાં સંગ્રહાયેલા પડ્યા છે.

ભવિષ્ય પુરાણમાં જે વાતો લખી છે તે આજે પણ સાચી પડે છે. ધૂમ્રનલિકા, વાયુયાન વગેરે શબ્દો તે કાળમાં વિમાનનું જ્ઞાન હતું તેમ સાબિત કરે છે. દુનિયાની ત્રણ વિદ્યા મંત્રવિદ્યા, તંત્રવિદ્યા અને યંત્રવિદ્યા પૈકી અત્યારે યંત્ર યુગ ચાલે છે. આજના અણુબોમ્બ, મિસાઈલ, નેપાળ બૉમ્બ ટિયરગેસ, રાસાયણિક શસ્ત્રો માફક તે કાળમાં પણ અગ્ન્યાસ્ત્ર, વરુણાસ્ત્ર, વાયવાસ્ત્ર, ભૃમ્તીકાસ્ત્ર, નાગપાશ વગેરે હોવાનો ઉલ્લેખ આપણને આપણા મહાભારત જેવાં ગ્રંથોમાં જોવા મળે છે. આજના કાળમાં ગમે તેવા પ્રતિભા સંપન્ન લેખકો, કવિઓ, વિવેચકો, ટીકાકારો વગેરે થયા હોય તો બહુ બહુ તો અર્ધી સદીમાં અંધકારની ગર્તામાં ધકેલાઈ જાય છે. ત્યારે આટલા વિશાળ ફલકના ગ્રંથો કે જે હજારો

વર્ષે પણ એવાને એવા તાજાં છે. અને આબાલ વૃદ્ધના હૃદયમાં ચિરંજીવ સ્થાન પામે છે. તેના ભગવાન વેદવ્યાસ, વાલ્મીકિ વગેરે જેવાં સર્જકો કેટલા પ્રખર બુદ્ધિશાળી, આર્ષદ્રષ્ટા અને પ્રતિભા સંપન્ન હશે તેની તમે સહેજે કલ્પના કરી શકો છો.

### 1.2.1 સંસ્કૃત ભાષાનો વ્યાપ :

વૈજ્ઞાનિક દૃષ્ટિએ ભાષા આર્ય પરિવારની ભાષા છે. તેને ભારત યુરોપ (Indo Europeon) પરિવાર અથવા ભારત જર્મન (Indo German) પરિવાર પણ કહે છે. અતિ પ્રાચીન ભાષા પરિવારમાં સંસ્કૃત પ્રમુખ ભાષા છે. યુરોપની ગ્રીક તથા લેટિન, મધ્ય એશિયાની અવેસ્તા તથા પ્રાચીન ફારસી આ પરિવારની ભાષા છે. આ આર્ય પરિવારની પણ બે વિશિષ્ટ શાખા છે. પશ્ચિમી શાખા અને પૂર્વી શાખા. પૂર્વી શાખામાં બે મુખ્ય વર્ગ છે. ભારતીય વર્ગ અને ઈરાની વર્ગ. ભારતીય વર્ગમાં વૈદિક સંસ્કૃત, લૌકિક સંસ્કૃત તથા તેમાંથી જ વિકસેલી કે આકાર પામેલી ગુજરાતી, હિન્દી, બંગાળી વગેરે ભાષાઓ સમાવિષ્ટ છે.




વેદકાલીન યુગમાં વેદો રચાયા. विद् જાણવું, ઋષિમુનિઓએ તપોવનમાં નદી કે ઝરણાંને કિનારે કુદરતના ખોળે સાદું-સાત્ત્વિક જીવન વીતાવી આશ્રમો બાંધી અને તપ, ધ્યાન, સમાધિ વગેરેથી પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાથી પ્રકૃતિનાં તત્ત્વોનો ઉપકાર આત્મસાત્ કર્યો. કહો કે તેમણે તે અંતરમાં અનુભવ્યું. જાણ્યું માટે તેને ‘વેદો’ કહેવાયા. અથવા એમ ગણાય કે અંતરિક્ષમાંથી તેમણે ગેબી વાણી સાંભળી શ્રુ એટલે સાંભળવું તે ઉપરથી તેમને શ્રુતિ પણ કહેવામાં આવે છે. વેદોનું જ્ઞાન તેમને અંતરાત્મામાં આવી મળ્યું માટે તેમને આગમ કહેવામાં આવે છે.

વેદો ચાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વેદ તેમ જ છ વેદાંગો છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ અને નિરુક્ત, ઉપરાંત તેમનાં મંડલો, ત્યાર બાદ બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યક ગ્રંથો અને સંહિતાઓ વગેરે. વૈદિક પરંપરામાં છેવટે ઉપનિષદો આવે છે. उप પાસે, नि + सद् બેસવું. ઋષિઓ શિષ્યોને પાસે બેસાડીને વેદનાં રહસ્યો દૃષ્ટાંતો, લઘુકથાઓની મદદથી સમજાવતાં. તેથી તેઓ ઉપનિષદો કહેવાયા. ઉપનિષદ્ વૈદિક સાહિત્ય પરંપરામાં છેલ્લાં હોઈ તેમને ‘વેદાંત’ પણ કહે છે.

ઉપનિષદોનું એક સામાન્ય વર્ગીકરણ એક સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. તે મુજબ સંન્યાસાદિ, યોગ, સામાન્ય વેદાન્ત, શૈવ, વૈષ્ણવ, શાકત તથા અન્ય પ્રસિદ્ધ ઉપનિષદો મળીને તેમની કુલ સંખ્યા 111 આસપાસ થાય છે. વળી કેટલાકના મત અનુસાર ઉપનિષદોની સંખ્યા 200 કે 220 છે.

ઉપનિષદોનું એક સામાન્ય પ્રખ્યાત છે. જેમ કે કઠોપનિષદ્, કેનોપનિષદ્, મણ્ડુક ઉપનિષદ માણ્ડુક્ય

ઉપનિષદ્, તૈતેરીય ઉપનિદ્, ઐતરેય ઉપનિષદ્ છાંદોગ્ય ઉપનિષદ્, બૃહદારણ્યક ઉપનિષદ્, શ્વેતાશ્વર ઉપનિષદ્, પ્રશ્નોનિષત્ વગેરે.

વેદ કાલીન સાહિત્યની વાત પૂરી કરતાં પહેલાં 'સ્મૃતિ'ઓને તો કેમ જ ભૂલાય. स्मृ (To Remember- સ્મરણ કરવું, યાદ કરવું) વૈદિક સાહિત્યના અનુસ્મરણમાંથી 'સ્મૃતિ'ઓનો જન્મ થયો. 'સ્મૃતિઓ'ની કુલ સંખ્યા ઉપનિષદોની માફક નિશ્ચિત રૂપે કહી શકાય નહીં. પણ કેટલાંક પ્રખ્યાત સ્મૃતિઓ પૈકી મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, પરાશર સ્મૃતિ વગેરે છે. તેમાં સર્વાધિક પ્રખ્યાત અને આજે પણ લોકો વચ્ચે જીવતી હોય તો તે 'મનુસ્મૃતિ' છે. ક્ષમા 'સમુદ્ર' માનવ જીવન (જન્મ પહેલાં ગર્ભાધાનથી માંડીને બાળક-જન્મે, વૃદ્ધ થાય મરી જાય અને તેની ઉત્તર ક્રિયા સુધીની) વાતોને એમાં આવરી લેવામાં આવે છે. પરિવાર, પત્ની બાળકોથી માંડીને સમાજના દરેક વર્ગ, વર્ણ, માણસની દરેક ઉંમરની વાતો એટલી બધી વિગતવાર વર્ણવવામાં આવી છે, કે કોઈ પણ વ્યક્તિને મનમાં કોઈ જાતનો સંકલ્પ થાય તો તેનો ખુલાસો મનુસ્મૃતિમાંથી અવશ્ય મળી રહે. વળી મનુસ્મૃતિની ભાષા એટલી તો સરળ છે કે તેના શ્લોકો એસ.એસ.સી. ના વિદ્યાર્થી પણ સહેલાઈથી સમજી શકે. સ્ત્રીઓનું ઘરમાં માનભર્યું સ્થાન, સ્ત્રીઓને પ્રસન્ન રાખવાથી પરિવારની સમૃદ્ધિ બાળકના ઉછેર વિષે બહુ જ સ્પષ્ટ વાતો લખી છે.

દા.ત. यत्र नार्यस्तु पूज्यन्ते रमनो तत्र देवताः ।

જે ઘરમાં 'નારીઓ' (યુવાન સ્ત્રીઓ દા.ત.કુલવધૂ, દેરાણી, જેઠાણી, નણંદ, ભાભી વગેરે) દુઃખી થઈને આંસુ પાડે તો ઘર માયાજાળની માફક તુરંત જ નાશ પામે છે.

'બાળકને પાંચ વર્ષ સુધી લાડ લડાવવા (કારણ કે ના સમજ હોય) બીજા દસ વર્ષ (ભમાવવા કે સુટેવોના ઘડતર માટે) મારવું અને સોળ વરસનો થાય ત્યારે તેની સાથે મિત્ર જેવું આચરણ કરવું. (કારણ કે સોળે સાન અને વિસે વાન) આમ બહુ જ મનોવૈજ્ઞાનિક રીતે સ્પષ્ટ વિશ્લેષણ કરવામાં આવ્યું છે.'

**ચાર વર્ણ વિષે પણ લખ્યું છે કે,**

'વિપ્રોની ઉંમર જ્ઞાનથી, વૈશ્યોની ધનધાન્યથી, ક્ષત્રિયોની પરાક્રમથી અને શૂદ્રોની જન્મથી ગણાય. મતલબ કે વિપ્ર 60 વર્ષનો હોય પણ અભ્યાસ કે વિદ્યા સાવ પાંચ વર્ષના બાળક જેટલો હોય તો તેની ઉંમર પાંચ વર્ષ ગણાય. અહીં એક સરસ ઉદાહરણ દ્વારા વાત સમજાવી છે. અંગિરાઋષિના બાળક વિપુત્ર આગિરસે પોતાના દાદા, વડીલોને ભણાવ્યા અને જ્ઞાનની રૂઈએ તેમને 'વહાલાપુત્રો' કહીને સંબોધ્યા. તેઓએ ગુસ્સે થઈને દેવોને ફરિયાદ કરી. દેવોએ ચુકાદો આપ્યો કે તમારો બાળક ન્યાયપૂર્વકનું બોલ્યો છે.'

સ્ત્રીનાં વિવિધ નામો તેનાં લક્ષણો, કેવી સ્ત્રીને પરણવું કેવા સંયોગોમાં સ્ત્રી બીજો પતિ કરી શકે વગેરે તમામ ઝીણામાં ઝીણી બાબતોના ખુલાસા મનુસ્મૃતિઓથી મળે છે.

આજે પણ કોર્ટમાં કોઈ ગુનામાં કઈ કલમ લાગુ પાડવી તે બાબતે સંદિગ્ધતા ઉત્પન્ન થાય તો મનુસ્મૃતિનું વિદ્વાનો દ્વારા અર્થઘટન કરાવી તે મુજબ ચુકાદો અપાતો હોવાનું સાંભળ્યું છે. મનુસ્મૃતિ બધા ગ્રંથાલયોમાં ઉપલબ્ધ હોય છે. બને તો એક વાર મેળવી વાંચી જવા જેવી છે.

ત્યારબાદ સાહિત્યિક રચનાઓની દૃષ્ટિએ જોઈએ તો મોટા ભાગ્યનું સર્જન કાવ્ય રૂપ જ છે. એક સંસ્કૃત ઉક્તિ वाक्यं रसात्मकं काव्यम् મુજબ રચનાત્મક, આલંકારિક રચના કાવ્ય જ ગણાય છે. સંસ્કૃતમાં નાટકોનો સમાવેશ કાવ્યમાં થાય છે. છતાં સાહિત્ય સ્વરૂપની દૃષ્ટિએ સંસ્કૃત ગદ્યનાં બે સ્વરૂપો પ્રચલિત છે. 'કથા' અને 'આખ્યાયિકા' ગદ્ય પ્રકાર ખેડનાર મુખ્ય ત્રણ કવિઓ છે :

(i) બાણ (તેમની કૃતિ હર્ષ ચરિત, કાદમ્બરી)

(ii) સુબન્ધુ (તેમની કૃતિ વાસવદત્તા)

(iii) દણ્ડી (તેમની કૃતિ દશકુમાર ચરિત)

નાટકો (તેમનાં પણ વિવિધ દસ પ્રકાર છે. રૂપક, ઈહામૃગ, ભાણ, ડિંડિભ વગેરે), મહાકાવ્યો ઊર્મિકાવ્યો. ઐતિહાસિક કાવ્યો તેમ જગન્નાથનાં ગંગાલહરી વગેરે પાંચ લહરી કાવ્યો ભામિની વિલાસ વગેરે તેમ જ હેમચંદ્રાચાર્યની કૃતિઓનો સમાવેશ થાય છે.

**મહાકાવ્યો :** કુમારસંભવ, રઘુવંશ (કાલિદાસ) કિરાતાર્જુનીય (ભારવિ), શિશુપાલ વધ (માઘ) નૈષધીય ચરિત (શ્રીહર્ષ)

બુદ્ધ ચરિત, સૌન્દરનંદ (અશ્વઘોષ), રાવણવધ (ભટ્ટ), જાનકી હરણ (કુમારદાસ)

**ઊર્મિ કાવ્યો :**

ઋતુ સંહાર, મેઘદૂત (કાલિદાસ), અમરુ શતક (અમરુ), ચૌર પંચાશિકા (બિલ્હણ), ગીત ગોવિંદ (જયદેવ)

**ઐતિહાસિક કાવ્યો :**

વિક્રમાંક દેવચરિત (બિલ્હણ), રાજતતરંગિણી (કલ્હણ)

કશતક-નીતિશતક, શૃંગાર શતક, વૈરાગ્ય શતક (ભર્તૃહરિ)

**નાટકો :**

માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય, અભિજ્ઞાન શાકુંતલ (કાલિદાસ),

મૃચ્છકટિક (શુદ્રક), મુદ્રારાક્ષસ (વિશાખદત્ત), વેણીસંહાર (ભટ્ટનારાયણ),

મહાવીરચરિત, માલતીમાધવ, ઉત્તરરામચરિત (ભવભૂતિ)

**આ સિવાય ભાસનાં 13 નાટકો :**

દૂત વાક્ય, દૂત ઘટોત્કચ, મધ્યમ વ્યાયોગ, ઊરુભંગ, પંચરાત્ર, કર્ણભાર, અભિષેક, પ્રતિભા નાટક, બાળ ચરિત, પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ, સ્વપ્નવાસવદત્તા, ચારુદત્ત, અવિમારક વગેરે, જેમાં

સ્વપ્નવાસદત્તા, કર્ણભાર, પ્રતિજ્ઞા, યૌગન્ધરાયણ વગેરે પ્રખ્યાત છે. આ ઉપરાંત પ્રિયદર્શિકા, રત્નાવલિ, નાગાનન્દ-હર્ષદેવ બાલભારત, બાલ રામાયણ, કર્પૂર મંજરી, વિદ્ધશાલ ભંજિકા, (રાજશેખર), પ્રસન્નરાઘવ (જયદેવ), પ્રબોધ ચંદ્રોદય (કૃષ્ણામિશ્ર) વગેરે છે.

આ ઉપરાંત વિશ્વવિખ્યાત પંચતંત્ર અને હિતોપદેશ ગ્રંથો છે. જેમાં નાનાં બાળકો પણ સમજી શકે તેવી વાર્તાઓ અને અંતે તેમાંથી નિષ્પન્ન થતો બોધ હોય છે.

વિષ્ણુ શર્મા નામના પંડિતે ત્રણ મહામૂર્ખ રાજપુત્રોને છ માસના ટૂંકા ગાળામાં નીતિશાસ્ત્રના જ્ઞાતા બનાવવાનું બીડું ઝડપીને પાંચ તંત્રોની રચના કરી. તેમનાં નામ છે મિત્ર ભેદ, મિત્ર સંપ્રાપ્તિ, લબ્ધ પ્રણાશ, અપરીક્ષિત ફારક અને કાકોલૂકીય. જેમાં પશુ-પંખીઓને પાત્ર બનાવી ટૂંકી વાર્તાઓ અને અંતે તેમાંથી નિષ્પન્ન થતો બોધ સમાવિષ્ટ છે. એવું કહેવાય છે કે પંચતંત્ર અને હિતોપદેશ વાંચનાર દુનિયામાં ક્યાંય પાછો પડતો નથી. હાંસીને પાત્ર ઠરતો નથી કે કોઈથી છેતરાતો નથી.

આ ઉપરાંત આપણી સંસ્કૃતિ મુજબ માનવજીવનના ચાર પુરુષાર્થો ગણાવવામાં આવે છે- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

મનુ વગેરેનાં 'ધર્મશાસ્ત્ર', ચાણક્યનું અર્થશાસ્ત્ર વાત્સ્યાયનનું 'કામશાસ્ત્ર' વગેરેના અભ્યાસથી માણસ પૂર્વ માનવ બને છે.

આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિના બે મહાસ્થંભ જે આજ દિન સુધી અજોડ અને અદ્વિતીય રહ્યા છે. અને ભારતના પ્રજાજનોના હૃદયમાં જેમનું અચળ સ્થાન છે. જેમના આધારે આપણું માનવજીવન ઘડાય છે. આજે હજારો વર્ષ પછી પણ જે પાત્રોને પાંચ વર્ષનાં બાળકો પણ ઓળખે છે તેવા 'મહાભારત' અને 'રામાયણ'ને કેમ ભૂલાય ?

વળી, મહાભારતના જ એક પર્વમાં કૌરવ-પાંડવની સેના બંને બાજુ ગોઠવાઈ ગઈ હોય ત્યારે છેલ્લી ઘડીએ અર્જુનને વિવાદ થાય છે. તે દૂર કરવા યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ તેને જે ઉપદેશ આપે છે, જેનું સ્વતંત્ર ગ્રંથ તરીકે ઉચ્ચત્તમ મૂલ્ય છે. અને આખી દુનિયાની ભાષાઓમાં જેના અનુવાદ તથા વિવેચનો થયાં છે તે આખી દુનિયાને ડોલાવનાર 'ગીતા' (શ્રીમદ્ ભગવદ્ ગીતા)ને કેમ ભૂલાય ? 'ગીતા'એ કોઈ અમુક દેશ, અમુક સમય કે અમુક પ્રજાને સ્પર્શતો ધર્મગ્રંથ નથી. તેનો ત્રિકાલાબાધિત, દેશ

કાળથી પર એવો મહાન માનવજીવનને સ્પર્શતો સમાજશાસ્ત્રીય ગ્રંથ છે. અર્જુનને ઉપદેશ તો એક બહાનું છે, નિમિત્ત છે. ગીતા વિષેનો આ શ્લોક કેટલું બધું કહી જાય છે તે જુઓ :-

सर्वोपनिषदो गावो, दोग्धा गोपालनन्दनः ।

पार्थो वत्स सुधिर्भोक्ता दुग्धं गीतामृतं स्मृतम् ॥

કેવી સરસ કલ્પના છે !

બધાં ઉપનિષદો ગાયો છે. દોહન કરનાર ગોવાળિયો (ગાયોને તો ગોવાળ જ દોહે ને !) શ્રીકૃષ્ણ છે. સારી બુદ્ધિવાળઓ ભોક્તા અર્જુન વાછરડો છે. અને ગીતાનું અમૃત તે દૂધ છે.

ગીતાએ આખી દુનિયાના ચિંતકો, તત્ત્વચિંતકો અને વિવેચકોને ગાંડા કર્યા છે. જે દેશમાં ગીતાના લખનાર પાકે તે દેશ ગુલામ કેમ છે ? એમ ઘણા આશ્ચર્ય દર્શાવે છે. તે ગીતાનું તેમને મન કેટલું ઉચ્ચ મૂલ્ય છે તે દર્શાવે છે.

વળી વેદકાલીન સાહિત્ય બાદ રચાયેલાં પુરાણોની સંખ્યા અઢાર છે, મત્સ્ય, કૂર્મ, વરાહ, ગરુડ, શિવ, વિષ્ણુ વગેરે પુરાણો છે. ભાગવત્ પુરાણ વિષે તો એમ કહેવાય છે કે જે ભાગવત વાંચે કે શ્રદ્ધાપૂર્વક સાંભળે તે સંસારનાં તમામ મોહ-માયાનાં બંધનોથી મુક્ત થઈ પરમ નિર્વાણને પામે છે. ઘણા લોકો ઉત્તરાવસ્થામાં ભાગવત પારાયણ બેસાડે છે. અથવા તો સદ્ગતની પાછળ તેના વારસો ભાગવત સપ્તાહ બેસાડે છે. મરણ પાછળ ગરુડ પુરાણ બેસાડવાનો પણ રિવાજ પ્રચલિત છે.

ટચૂકડાં અણુ જેવાં મહાસાગરના અણમોલ મોતી જેવાં બે કે ચાર પંક્તિના દુનિયાના તમામ વિષયોને આવરી લેતાં ‘સુભાષિતો’ને યાદ ન કરીએ તો તો આખું સાંબેલુ વાસીદામાં ગયું ગણાય.

(માણસ બીજું કંઈ પણ ન કરે અને માત્ર જ્યાં મળે ત્યાંથી લઈ સંસ્કૃત સુભાષિતો વાંચે, સમજે અને સંગ્રહ કરે અને હિન્દીના ‘દોહાઓ’ રસપૂર્વક વાંચે અને પોતાની જાતનું વસ્તુલક્ષી (Objective-) પોતાના શરીરની બહાર નીકળીને) દર્શન રોજ-બરોજ કરતો રહે, તો અમુક સમય પછી તેના જીવનમાં કેવું વિશાળ પરિવર્તન આવ્યું છે. ‘શું હતા અને શું થઈ ગયા’ તેવી અનુભૂતિ થયા વગર ન રહે તેવું આ લેખકનું દૃઢ મંતવ્ય છે.)

જેના ઉલ્લેખ વિના ભારતીય સંસ્કૃતિનું દર્શન અધૂરું રહી જાય, માત્ર સોળ વર્ષની વયે જેવો જગદ્ગુરુનું બિરુદ હાંસલ કર્યું હતું. તેવા શ્રીમત્ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને મધ્વાચાર્યના શુદ્ધાદ્વૈત, કેવલાંદ્વૈત અને દ્વૈતાદ્વૈત જેવાં ચિંતન પ્રધાન અને માત્ર વિદ્વદ્વોગ્ય દર્શનનો માત્ર ઉલ્લેખ બસ થશે. શ્રીમત્ શંકરાચાર્યે, પાખંડીઓ સામે રક્ષણ માટે અને સનાતન ધર્મની રક્ષા કાજે સમગ્ર ભારતમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં માત્ર ચાર જ મઠો સ્થાપ્યા છે. જેમ વૃક્ષોનાં મૂળથી જમીનનું ધોવાણ અટકે તેમ સનાતન વેદધર્મનું પાખંડ સામે રક્ષણ કરવા માટે ચાર દિશામાં ચાર મઠો સ્થાપ્યા છે. આજે પણ ભારતમાં તેમ જ ઘણા દેશોમાં આધ્યાત્મ વિદ્યાના પ્રચાર-પ્રસાર માટે અસંખ્ય સંસ્થાઓ તેઓ દ્વારા સ્થાપાયેલી છે જે કાર્યરત છે.

### 1.2.2 સંસ્કૃતનું વ્યાવસાયિક મહત્ત્વ :

સંસ્કૃત ભાષાનું મહત્ત્વ તો જીવનમાં કયા ક્ષેત્રમાં નથી એ કહેવું મુશ્કેલ છે. આપણા જીવનમાંથી છેક શરૂઆતથી અત્યાર સુધી સંસ્કૃતને બાદ કરવામાં આવે તો ‘એકડા વગરના મીંડા’ જેવી દશા થાય. આજના ભૌતિકવાદના યુગમાં, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની હરણફાળના કાળમાં અને વસ્તી વિસ્ફોટની શિરદર્દ સમી સમસ્યામાં અને ઔદ્યોગિકીકરણ અને વૈશ્વિકીકરણમાં દોડાદોડી કરતા માણસને એક ક્ષણ શાંતિથી ઊભા રહેવાનો સમય નથી. તેવા માહોલના સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં સંસ્કૃતનું વ્યાવસાયિક મહત્ત્વ સમજવા પ્રયત્ન કરીશું.

સંસ્કૃત શબ્દ બોલતાં જ સંસ્કૃતિ યાદ આવે. સંસ્કૃતના અભ્યાસથી માણસના જીવનમાં એક જાતની શુદ્ધિ, પવિત્રતા, આચાર-વિચાર, સંયમ, શિસ્ત વગેરે ગુણો જાણ્યે-અજાણ્યે અન્ય વિષયોની અપેક્ષાએ વધારે માત્રામાં જોવા મળે છે. વળી તેનાં જીવનમાં સાત્ત્વિકતાના કારણે ધન પાછળની આંધળી દોટ

અને તેને કારણે નિષ્પન્ન થતાં દુષ્પરિણામોમાંથી બચી જવાય છે. અન્ય વ્યવસાયોમાં ભૌતિક રીતે સુખદાયક જીવન જીવી શકાય. (પ્રેય સાધી શકાય) જ્યારે સંસ્કૃતના આધારે જીવન-યાપન કરતાં શ્રેય સાથે પ્રેય સ્વાર્થ સાથે પરમાર્થ સંધાય.

સંસ્કૃતમાં ઉચ્ચત્તમ ઉપાધિ 'મહામહોપાધ્યાય' પ્રાપ્ત કરનાર વિદ્વાન કોઈ મહાન સંસ્કૃત મહાવિદ્યાલય કે વિશ્વવિદ્યાલયમાં પ્રાચાર્ય કે રીડરની પદવી પ્રાપ્તિ કરી શકે.

મંદિરની સ્થાપના, મૂર્તિ-પ્રતિષ્ઠા, કોઈ રાષ્ટ્રીય પ્રતિષ્ઠાનની સ્થાપના વગેરે જેવાં મહાન કાર્યોમાં આવા વિદ્વાનોને માનપૂર્વક આમંત્રણ આપી તેમના ચરણના વંદના કરી પુષ્કળ માન અને ધનથી સન્માનવામાં આવે છે.

આજે પણ વડા પ્રધાનથી માંડીને અન્ય પ્રધાનો અને મોટા ઉદ્યોગપતિઓ વગેરે પણ બનારસના પંડિતો દ્વારા મુહૂર્ત જોવરાવવાથી માંડીને ઈષ્ટ સિદ્ધિ માટે જવા અનુષ્ઠાન, યજ્ઞ યાગાદિ કરાવતા હોય છે. (રાષ્ટ્રપતિ વી.વી.ગિરિએ કેદારનાથ ઉપર બનારસના બ્રાહ્મણો દ્વારા વેદ પારાયણ કરાવ્યાનું આ લેખક સ્વાનુભવે જાણે છે.)

એ સિવાય પણ નિયત ઉપાધિ મેળવી કોઈપણ પદનો માણસ મહાવિદ્યાલયમાં વ્યાખ્યાતા કે માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક પામી શકે છે.

किं बहुना ? વધુ શું કહેવું ? સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન વહીવટીસ્થાન શોભાવતા અધિકારી કે મહાન વૈજ્ઞાનિક વગેરેને પુષ્કળ માન તો મળે જ છે. પણ તે ઔપચારિક હોય. સંસ્કૃતના વિદ્વાનોની તો સમાજની અગ્રતમ વ્યક્તિઓ પણ ચરણવંદના કરી બહુમાન કરે છે. આ પ્રભાવ વ્યક્તિનો નથી પણ સંસ્કૃતનો છે.

### 1.2.3 સંસ્કૃતનું લોકજીવનમાં મહત્ત્વ :

સંસ્કૃતનું લોકજીવનમાં શું મહત્ત્વ છે ? તે સમજાવવા માટે એક જ ઉદાહરણ બસ થઈ પડશે. સામાન્ય રીતે લોકજીવન કહીએ ત્યારે યુવાનથી વૃદ્ધ સુધીનો વર્ગ આપણી નજર સમક્ષ હોય છે. શિશુ કે બાળકો કે અતિશય વૃદ્ધ પથારીવશ જીવન ગાળતા વડીલો આપણી નજર સમક્ષ હોતા નથી. જ્યારે માનવજીવનના સોળ સંસ્કારોની વાત જે સંસ્કૃતમાં કહેવાયેલી છે. તેમાં માતાના ગર્ભમાં બાળકનું બીજારોપણ થાય એટલે કે ગર્ભાધાનથી માંડીને જન્મ અને છેક મૃત્યુ અને ત્યારબાદ ઉત્તરક્રિયા સુધીના તબક્કા સમાવી લેવામાં આવ્યા છે. આ સોળે સંસ્કારો જુદાં જુદાં તબક્કે કરવાના હોય છે. આ સંસ્કારો (1) ગર્ભાધાન (2) પુંસવન (3) સીમાંતોન્નયન (4) જાતકર્મ (5) નામકરણ (6) નિષ્ક્રમણ (7) અન્ન પ્રાશન (8) ચૂડાકર્મ (9) કર્ણવેધ (10) યજ્ઞોપવિત (11) સમાવર્તન (12) વિવાહ (13) ગૃહસ્થાશ્રમ (14) વાનપ્રસ્થ (15) સંન્યાસ (16) અંત્યેષ્ઠિ.

આ કદાચ બધાને ખબર ન હોય પણ રોજબરોજના જીવનમાં જન-સાધારણના અનુભવની વાત તો સર્વ વિદિત છે. બાળક જન્મે ત્યારે પંચાગમાંથી રાશિ જોવરાવી નામ પાડવું, છઠ્ઠી, બાબરી, શાળા પ્રવેશ, વિવાહ, કન્યાદાન, સીમંત, રાંદલ, સત્યનારાયણની કથા, વિવિધ દેવ-દેવીઓની પ્રતિષ્ઠા (ઘરમાં પણ ઈષ્ટદેવની પ્રતિષ્ઠા), જાતજાતના યજ્ઞો (જેમ કે, મહારુદ્ર, લઘુરુદ્ર, નવરાત્રિ જેવાં પ્રસંગોને ભગવતી દુર્ગા સપ્તશતિનાં ઠેર ઠેર થતાં યજ્ઞો), જમીનનું શિલારોપણ (ખાતમૂહૂર્ત), વાસ્તુ, પિતૃઓની શાંતિ માટે સર્વ પિતૃ શ્રાદ્ધ, નારાયણ બલિ, અનિષ્ટોના નિવારણ માટે નવગ્રહ મંત્રો તથા જાપ વગેરે સર્વવિદ્ધિત છે. આ બધી ક્રિયાઓ સમાજમાં વ્યક્તિગત રીતે જ થાય છે એવું નથી. શાળા કે કૉલેજોના નિર્માણ કે કોઈ મોટા પુલ કે ડૅમ જેવાં બાંધકામ નિમિત્તે સરકારી ધોરણે પણ પંડિતો દ્વારા આ બધી વિધિ સંપન્ન થતી હોય છે. એ સિવાય પણ સમગ્ર માનવ જીવન દરમિયાન કોઈ વ્યક્તિગત એકલદોકલ સદ્‌ગત પિતૃ માટે નહીં પણ ભૂતકાળમાં સ્વર્ગસ્થ થયેલ તમામ પિતૃઓ માટે, પુરુષો માટે 'બ્રહ્મપાલીની શિલા ઉપર તેમ જ મહિલાઓ માતૃભાષા (સિદ્ધપુર) ખાતે શ્રાદ્ધ વિધિ કરાવવામાં આવે છે. આ ઉપરાંત આપણી સમાજ રચનામાં બારે માસમાં કોઈને કોઈ ઉત્સવ આવતો જ હોય છે. જે પૈકી અમુક ખાસ મહિલાઓ માટે, અમુક ખેડૂતો વગેરે માટે હોય છે. તેવા પ્રસંગો પણ બ્રાહ્મણો દ્વારા સંસ્કૃતમાં

વિધિ કરાવવામાં આવે છે.'

તે ઉપરાંત નાના પાયા પર પાઠશાળાઓમાં બાળકોને શ્લોકો શીખવી સંસ્કાર સિંચનનું કામ થતું જ રહે છે. આમ જીવનમાં ડગલે ને પગલે સંસ્કૃતની જરૂર પડે છે. તે સહુના અનુભવની વાત છે. શક્ય છે કે આ સિવાય પણ ઘણી બાબતો લોકોએ અનુભવી હોય.

**1.2.4 સંસ્કૃતનું સાંસ્કૃતિક મહત્ત્વ :**

સંસ્કૃતનું સાંસ્કૃતિક મહત્ત્વ દર્શાવવું તે તો દીવો લઈને સૂર્ય દેખાડવા જેવું છે. જ્યાં આપણી આખી સંસ્કૃતિ અને સભ્યતા જ સંસ્કૃતની દેન છે ત્યાં સાંસ્કૃતિક મહત્ત્વ શું દર્શાવવું ? છતાં અન્ય ભાષાઓની અપેક્ષાએ સંસ્કૃતનું સાંસ્કૃતિક યોગદાન કેટલું ઉન્નત પ્રકારનું છે, તે દર્શાવવાનો અલ્પ પ્રયાસ અત્રે પ્રસ્તુત છે.

સંસ્કૃતિ એ પ્રાણવાન કહેવાય જેમાં માનવ જીવનનાં ઉચ્ચત્તમ મૂલ્યો પ્રતિબિંબિત થતાં હોય. સત્ય, સેવા, શિસ્ત, સમર્પણ ભાવ, વ્યક્તિગત સ્વાર્થની જગ્યા એ વિશાળ જનકલ્યાણની ભાવના, સહૃદયતા, વડીલો અને ગુરુજનો પ્રત્યે આદર, વિશ્વ બંધુત્વ અને વિશ્વ કલ્યાણની ભાવના વગેરે ડગલેને પગલે આકાશના તારા કે વિખરાયેલા મોતી સમાન અત્ર-તંત્ર વેરાયેલા જોવા મળે છે. થોડાં અતિપરિચિત ઉદાહરણો દ્વારા આ વાત સમજવા પ્રયત્ન કરીએ.

આપણે આગળ સોળ સંસ્કારોની વાત કરી તેમાં આખા જીવનના દરેક તબક્કાનો સમાવેશ થઈ જાય છે.

સવાર, બપોર, સાંજ, રાત્રિના અભિવાદન માટે ગુડ મોર્નિંગ, ગુડ નૂન, ગુડ ઈવનિંગ, ગુડ નાઈટ કહેવાને બદલે આ સર્વેના સ્રષ્ટાને યાદ કરીએ આપણે જયશ્રીરામ, રામ-રામ વગેરે કહીએ છીએ. વડીલોને પ્રણામ કરીએ છીએ. 'શેકહેન્ડ' કે 'સલામ' કરતા નથી, પણ બે હાથ જોડી માથું નમાવી અભિવાદન કરીએ છીએ. તેમાં વડીલો પ્રત્યે આદર ઉપરાંત નમ્રતાનો ગુણ સમાવિષ્ટ છે. એ જ રીતે આપણને કોઈ પ્રણામ કરે તો 'આયુષ્યમાનભવ', 'સૌભાગ્યશાલીભવ', 'વિજયીભવ' વગેરે આશીર્વાદ આપીએ છીએ.

દેવો પાસે આપણી માગણી પણ કેવી હોય છે, સર્વ વિદિત કેટલાંક ઉદાહરણો જોઈએ. તે બધામાં ઉડીને આંખે વળગે તેવી એક વાત નોંધજો. ક્યાંય પોતાના સ્વાર્થ માટેની વ્યક્તિગત માંગણી જોવા નહીં મળે.

सर्वेसर्वेत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभान् भवेत् ॥

સહુ સુખી થાઓ, નિરોગી રહો, કલ્યાણ જુઓ, કોઈ દુઃખી ન હોય.

છાત્રાલયો વગેરેમાં જમતી વખતે આ શ્લોક બદલાય છે :

ॐ सहनाववतु, सह नौ भुनक्तु, सहवीर्यं करवावहै ।

तेजस्विनावधीतमस्तु मा विद्विषा वहै ॐ शांतिः शांतिः शांतिः ॥

ॐ કે પ્રભુ અમને બંનેને (ગુરુ-શિષ્ય બંને, મળી પ્રાર્થના કરે છે) સાથે જ રક્ષો, સાથે જમાડો. અમે બંને સાથે જ શક્તિનો ઉપયોગ કરીએ (સામ-સામે નહીં) અમારા બંનેનો અભ્યાસ તેજસ્વી હો (ગુરુ થઈ ગયા એટલે ભણવાનું બંધ નહીં માણસ આજીવન વિદ્યાર્થી છે) અમે એક બીજાનો દ્વેષ ન કરીએ અને છેવટે ત્રણવાર 'શાંતિ' એટલે ત્રિવિધ તાપ 'આધિ, વ્યાધિ અને ઉપાધિ' અને ત્રિવિધ પા 'કાયિક, વાચિક અને માનસિક'માંથી શાંતિ.

ॐ भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः વગેરે

હે દેવો, અમે કાનથી કલ્યાણકારી વાતો સાંભળીએ. આંખથી સર્વ મંગળ વસ્તુઓ જોઈએ અને દેવકાર્ય હિતાર્થ આ માનવ શરીરનો સ્થિર અંગોથી સ્તુતિ કરતાં અમારું આયુષ્ય વીતાવીએ. (અહીં ગાંધીજીના ત્રણ વાંદરા યાદ આવે છે.)

काले वर्षतु पर्जन्य: पृथिवी सस्यशालिनी ।

देशोऽयं क्षोमरहितो ब्राह्मणा: सन्तु निर्भया: ॥

યોગ્ય સમયે વરસાદ વરસો, પૃથ્વી ધનધાન્યથી ભરપૂર થાઓ, આ દેશ ક્ષોભ (અજંપો, કલહ, યુદ્ધ) વગરનો થાઓ. અને બ્રાહ્મણો (વિદ્વાનો) નિર્ભય થાઓ.

ઉપરનાં થોડાં ઉદાહરણો ઉપરથી આપણી ઉદાત્ત ભાવનાનો પરિચય થશે. થોડાં પ્રચલિત સુવાક્યો જુઓ.

आ नो भद्रां क्रतव यन्तु विश्यत: ।

સમગ્ર વિશ્વમાંથી અમને શુભ સંકલ્પો પ્રાપ્ત થાઓ.

नहि कल्याणकृत् कश्चित् दुर्गातिं तात गच्छति ।

હે વત્સ, ભલું કરનારનું ક્યારેય બૂરું થતું નથી.

सत्यमेव जयते સત્યનો સદા જય થાય છે. सा विद्या या विमुक्तये જે મોક્ષ (મારા-તારા, માયાનાં બંધનો, સંકુચિત વૃત્તિઓમાંથી) (છૂટકારો) અપાવે તે જ ખરી વિદ્યા.

આપણી સંસ્કૃતિમાં ચાર વર્ણ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, માનવજીવનના ચાર તબક્કા છે. બ્રહ્મચર્યાશ્રમ, (વિદ્યાભ્યાસ, વેદાભ્યાસ), ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સૈન્યાસાશ્રમ, રઘુવંશના રાજાઓ અતિ પરાક્રમી અને આદર્શ હતા. પણ ઉંમર થતાં પુત્રોને રાજ્ય સોંપી દંપતી વનવાસી સ્વીકારી આજીવન જપ-તપ કરવામાં રત રહેતા હતા.

માનવજીવનમાં ચાર પુરુષાર્થો કહ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આમાં પહેલો ધર્મ છે અને આખરી મોક્ષ છે. તેની વચ્ચે અર્થ અને કામ છે. તે બંને પહેલાં અને છેલ્લાને બાધક ન બનવા જોઈએ.

હવે જરા કલ્પના કરો કે આ પ્રકારનું જીવન આપણે સહુ જીવતા હોત તો આજની અતિશય કષ્ટદાયક પરિસ્થિતિ જોઈએ.

હવે જરા કલ્પના કરો કે આ પ્રકારનું જીવન આપણે સહુ કોઈ જીવતા હોત તો આજની અતિશય કષ્ટદાયક પરિસ્થિત હોત ?

સંસ્કૃતિ  (Culture) અને 'સભ્યતા' (Civilization) વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. 'સભ્યતા' બાહ્ય પરિબળોથી પ્રભાવિત થઈ પરિવર્તનને આધીન છે, જ્યારે સંસ્કૃતિ આપણું 'પોત' છે. તે આત્માની સમૃદ્ધિ છે. તે પ્રમાણમાં વધારે ચિર સ્થાયી છે. 'Our Civilization is what we have our culture is what we are'

ટૂંકમાં, સંસ્કૃતથી અનુપ્રાણિત આપણી સંસ્કૃતિ મહાન, ઉદાત્ત, સહૃદયી, સર્વ જન સમભાવની પુરસ્કૃતા, શિસ્ત, સંયમ, સદાચાર, વિનય, ત્યાગની ભાવના, વૈશ્વિક શાંતિ વગેરે મૂલ્યોથી અનુપ્રાણિત છે. અને દિવ્ય માર્ગે દોરનારી છે. 'નરમાંથી નારાયણ' કરનાર, 'ભાટીમાંથી માનવ' બનાવનાર 'દાનવમાંથી માનવ' બનાવનાર છે. જેમ પારસમણિના સ્પર્શથી લોહા સુવર્ણ બને છે. તેમ સંસ્કૃત ભાષાના સ્પર્શથી સંસ્કૃતિમાં એક અલૌકિક આત્મા પ્રગટ થાય છે. જે તેને અન્ય કરતાં જુદી જુદી અને અનુપમ બનાવે છે.

**1.2.5 સંસ્કૃતનું ભાવાત્મક રાષ્ટ્રીય મહત્ત્વ :**

જ્યાં આખી ભારતીય સંસ્કૃતિ જ સંસ્કૃત આધારિત છે. આપણા રોજિંદા જીવન વ્યવહાર, ધાર્મિક ક્રિયાઓ વગેરે સંસ્કૃત પર નિર્ભર છે, જે દુનિયાની અગ્રીમ ભાષાઓ પૈકીની એક છે. સમગ્ર ભારત વર્ષની તેમ જ વિદેશી ભાષાઓમાં સંસ્કૃતનું યોગદાન છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને દ્વારકાથી કોલકાતા સુધી જેનો વ્યાપ છે. તે સંસ્કૃત ભાષાનું ભાવાત્મક રાષ્ટ્રીય મહત્ત્વ વર્ણાવવાની ભાગ્યે જ જરૂર રહે છે. 'વિવિધતામાં એકતા' એ આપણી સંસ્કૃતિની એક એવી આગવી વિશિષ્ટતા છે કે એવી પરિસ્થિતિ ભારત સિવાય દુનિયામાં ક્યાંય જોવા મળતી નથી. અને એટલે જ આટલા આટલા વિદેશી

આક્રમણો છતાં વિજેતાઓની સભ્યતા અને સંસ્કૃતિનું આપણી સભ્યતા અને સંસ્કૃતિ સાથે મિશ્રણ થવા છતાં આપણી સંસ્કૃતિ આજદિન સુધી માત્ર ટકી રહી નથી પણ વિદેશોમાં પણ તેનું આકર્ષણ વધતું જાય છે. આપણું આધ્યાત્મ, આપણી ધાર્મિકતા વગેરે વિદેશોમાં પણ તેનું આકર્ષણ એ નિર્વિવાદ બાબત છે. શંકરાચાર્ય જેવાં મહાન જગતગુરુઓની અધ્યક્ષતામાં આજે વિદેશોમાં અનેક આધ્યાત્મિક સંસ્થાઓ ચાલે છે. લંડન વગેરેમાં આપણા મંદિરોની સ્થાપના આ બાબતને પૃષ્ટિ આપે છે. જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, ઈસ્લામ કે ક્રિશ્ચિયાનિટી વગેરેના ગ્રંથો, ધમ્મપદ, કુરાન, બાઈબલ વગેરે અમુક જ કોમના અનુયાયીઓ માટે તેમાં પોતાના જ ધર્મને પુરસ્કૃત કરવાની વાત ભારપૂર્વક કહેવામાં આવી છે. જ્યારે રામાયણ, મહાભારત, ગીતા, મનુસ્મૃતિ, વૈદકીય ક્ષેત્રમાં ચરક સંહિતા અને સુશ્રુત સંહિતા તથા વરાહમિહિર અને આર્યભટ્ટ જેવાં વિદ્વાનોએ દુનિયાના લોકોને કરેલ પ્રદાન, આપણા શિલ્પ, સ્થાપત્ય, કળાઓ, ગણિત વગેરેનાં પુસ્તકો બધાં જ સમગ્ર માનવજાતનું કોઈને કોઈ રીતે કલ્યાણ સાધનાર અને વિશ્વ બંધુત્વને પોષનાર છે. આ બધામાં ક્યાંય દીક્ષા દેવાની કે કંઠી બાંધવાની વાત આવતી નથી.

આપણા દેશનું નામ'ભારત' પણ ભારતમુનિના નામ ઉપરથી પડ્યું છે. આપણે 'માનવો' કહેવાઈએ છીએ તે પણ 'મનુ'ના વંશજોના અર્થમાં છે. આગળ આપણે જોયું તેમ આપણા સંસ્કૃત સુવાક્યો, સુભાષિતો, શ્લોકો વગેરેમાં ક્યાંય સ્વાર્થી કે અંગત માંગણી આવતી નથી. એટલું જ નહીં તેમનું ક્ષેત્ર વિશ્વવ્યાપક છે. આપણો રાષ્ટ્રીય મુદ્રાલેખ सत्यमेव जयते પણ સંસ્કૃતમાં છે.

આપણા દેશમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની ભાવના ઊંડે સુધી ઉતરેલી છે. આ ગ્રંથો બધા સંસ્કૃતમાં જ છે.

આદ્ય જગતગુરુ શંકરાચાર્યે ભારતની ચાર દિશાઓમાં ચાર મઠો સ્થાપીને હિંદુ ધર્મનો પ્રચાર પણ સંસ્કૃત ભાષામાં જ કર્યો હતો. (આજની તારીખે આ ચારમાંથી અગણિત મઠો કે શંકરાચાર્યો ફૂટી નીકળ્યા નથી. આજે પણ ચાર જ છે)

ઈશ્વર ભક્તિનાં સ્ત્રોતો, આપણા રોજિંદા ક્રિયાકાંડો તમામ સંસ્કૃત ભાષામાં જ છે. આપણા સમગ્ર જીવનનાં સોળ સંસ્કારો પણ સંસ્કૃતમાં જ છે.

ટૂંકમાં, સમગ્ર જીવનમાં કદમ કદમ પર આપણા સંસ્કૃતિની છાપ છે તે સંસ્કૃત પર આધારિત છે. तेन त्यक्तेन भुञ्जीथा તેમ જ सत्यं, शिवं, सुंदरम् આપણા આદર્શ છે.

ઉચ્ચ આધ્યાત્મિક ભાવના, સાહિત્યની ઉત્તમ વ્યવસ્થા, સાહિત્ય તથા કલાના ક્ષેત્રમાં અમૂલ્ય પ્રદાન, વ્યવસાય અનુસાર વર્ણ (જાતિ) વિભાજન, આશ્રમ પદ્ધતિ, નારી સન્માન, તપોવન પદ્ધતિ વગેરેમાં સમૃદ્ધ પ્રદાનના કારણે સંસ્કૃતનો ભાવાત્મક રાષ્ટ્રીય એકતામાં અમૂલ્ય ફાળો છે, તે નિર્વિવાદ છે. આપણા પ્રાચીન ઋષિ-મુનિઓના શ્લોકો, પ્રાર્થનાનાં માત્ર એકાદ-બે ઉદાહરણો જોવાથી તેમાં સમગ્ર ભારતને કેવી રીતે આવરી લેવામાં આવ્યું છે તે જોઈ શકાશે.

"गङ्गे च युमने चैव, गोदावरी सरस्वती ।

नर्मदे सिंधु कावेरी जलेडस्मिन् सन्निधिं कुरु ॥"

સમગ્ર ભારતની નદીઓનું ઘરના પૂજાના પાત્રમાં આહ્વાન કરવામાં આવ્યું છે.

"अयोध्या मथुरा माया काशी काच्ची अवन्तिका ।

पुरी द्वारामती चैव सप्तैते मोक्षदायिका : ॥"

સમગ્ર ભારતની ભિન્ન ભિન્ન કારણોસર અતિ પવિત્ર નગરીઓની વાત અત્રે કરવામાં આવી છે.

આમ, ભારતની ભાવાત્મક અને રાષ્ટ્રીય એકતા (Emotional and national integration) માં સંસ્કૃતનો અમૂલ્ય અને નિર્વિવાદ ફાળો છે.

## 2.3 તમારી પ્રગતિ ચકાસો

(1) સંસ્કૃત ભાષાના મહત્ત્વ વિશે પાંચ વાક્યો લખો.

(2) વેદો કેટલા છે ? વેદાંગો કેટલાં છે ? તેમનાં નામ લખો.

(3) ઉપનિષદો કેટલાં છે ? પાંચ પ્રખ્યાત ઉપનિષદોનાં નામ લખો.

(4) ત્રણ સંસ્કૃત મહાકાવ્યો અને ત્રણ નાટકોનાં નામ તેમના કર્તા સાથે જણાવો.

(5) પુરાણો કેટલાં છે ? ચાર પુરાણોનાં નામ લખો.

**(6) લોકજીવનમાં સંસ્કૃતનો ઉપયોગ થતો હોય તેવા પાંચ પ્રસંગો જણાવો.**

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

**(7) બાળકો સમજી શકે તેવી સરળ ભાષામાં બોધ આપતાં બે વિશ્વ વિખ્યાત સંસ્કૃત ગ્રંથોનાં નામ જણાવો.**

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

**(8) ભાવાત્મક રાષ્ટ્રીય એકતામાં સંસ્કૃતના પ્રદાન વિશે પાંચ-સાત વાકયો લખો.**

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.4 સારાંશ

સંસ્કૃત દુનિયાની પ્રાચીનતમ ભાષાઓ પૈકીની એક છે. મોટા ભાગની ભારતીય તેમ જ અમુક વિદેશી ભાષાઓમાં સંસ્કૃતનું મોટું યોગદાન છે. ઘણી ભારતીય ભાષાઓમાં સંસ્કૃતના તત્સમ તથા તદ્ભવ શબ્દો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.

આપણી સંસ્કૃતિનું જે ક્લેવર રચાયું તેમાં સંપૂર્ણપણે સંસ્કૃત ભાષાનો જ ફાળો છે. આપણી સંસ્કૃતિને વૈદિક સંસ્કૃતિ અથવા તપોવન સંસ્કૃતિ કહે છે. સંસ્કૃત ભાષા સાથે સહજ રીતે આધ્યાત્મિકતા, સંયમ, શિસ્ત, માનવજીવનનાં ઉચ્ચત્તમ મૂલ્યો સંકળાયેલાં છે. એટલે તો સંસ્કૃતને દેવભાષા કહે છે. સંસ્કૃતથી માનવજીવનમાં સાત્ત્વિકતા પેદા થાય છે. આપણું વેદકાલીન સાહિત્ય, સાહિત્યિક રચનાઓ, ખગોળ, જ્યોતિષ, ચિકિત્સા વિજ્ઞાન, વિજ્ઞાન, ગણિત, બ્રહ્માંડ વગેરે ગહનતમ વિષયોથી માંડીને લોકભોગ્ય સાહિત્ય સુધીનો સંસ્કૃત ભાષાનો વ્યાપ છે. માનવ જીવનમાં દરેક તબક્કે સંસ્કૃત સંકળાયેલું છે. સંસ્કૃતનો આપણી સંસ્કૃતિના કલેવરમાં ભાવાત્મક એક્તામાં, તેમજ વ્યાવસાયિક રીતે પણ અમૂલ્ય ફાળો છે. આજે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રમાં આધુનિક સંશોધનો થયાં છે. તેનાં મૂળ સેંકડો વર્ષો અગાઉ લખાયેલા સંસ્કૃત ગ્રંથોમાં છે.

## 2.5 સ્વાધ્યાય :

(1) સંસ્કૃત સુભાષિતો અને હિન્દી દોહાઓનો સંગ્રહ કરો.

(2) હિતોપદેશ અને પંચતંત્ર મેળવી વાંચવા પ્રયત્ન કરો (હિન્દી તેમ જ ગુજરાતી અનુવાદો પણ ઉપલબ્ધ છે.)

(3) અતિપ્રખ્યાત સંસ્કૃત સુવાક્યોનો સંગ્રહ તૈયાર કરો.

(4) મનુસ્મૃતિ મેળવી વાંચવા પ્રયત્ન કરો. તેમાં સમાવિષ્ટ વિવિધ વિષયોના મુદ્દા તમારી નોંધપોથીમાં ટપકાવો.

(5) મહાન સંસ્કૃત કવિઓની કૃતિઓ વિષે જાણકારી મેળવવા પ્રયત્ન કરો.

## 2.6 ચર્ચા માટેના મુદ્દા :

(1) 'આપણી સંસ્કૃતિમાં અંગ્રેજી ભાષાનું સંસ્કૃત કરતાં વધારે મોટું પ્રદાન છે'- આ વિધાન સાથે તમે સહમત છો ?

(2) 'સંસ્કૃત ભાષા બોલચાલની ભાષા નથી' - આ વિધાન વિષે યોગ્ય ઉદાહરણો દ્વારા તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

(3) તમારા મિત્રો તથા વિદ્વાનો સાથે સંસ્કૃતના વિવિધ ક્ષેત્રોની ચર્ચા કરો.

## 2.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો :

- संस्कृत शिक्षण: डॉ. शकुन्तला सैनी
- સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ- સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.
- ઉપનિષદોમાં ૐકાર ઉપાસના-એમ.ફિલ. માટે લઘુશોધ નિબંધ, હર્ષલ એસ.દવે, ઉ.ગુ.યુનિ.1997

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1)1.2, (2) 1.2.1 (3) 1.2.1 (4) 1.2.1 (5) 1.2.1 (6) 1.2.1 (7) 1.2.3 (8) 1.2.5

એકમ 3

# સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો

## : એકમનું માળખું :

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો

3.2.1 વૈદિક (વેદકાલીન સાહિત્ય)

3.2.2 પદ્ય સાહિત્ય

3.2.3 ગદ્ય સાહિત્ય

3.2.4 સંસ્કૃત સાહિત્યમાં આવરી લેવાયેલા વિષયો

3.3 તમારી પ્રગતિ ચકાસો

3.4 સારાંશ

3.5 સ્વાધ્યાય

3.6 ચર્ચા માટેના મુદ્દા

3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 3.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે-

(1) સંસ્કૃત ભાષાના સમૃદ્ધ વારસા વિષે ખ્યાલ મેળવી શકશો.

(2) વેદકાલીન સાહિત્ય વિષે પ્રાથમિક જાણકારી મેળવશો.

(3) સંસ્કૃત ગદ્ય સાહિત્યનો પરિચય મેળવી શકશો.

(4) સંસ્કૃત પદ્ય સાહિત્યના બહુર્મુખી વિકાસનો ખ્યાલ મેળવી શકશે.

(5) સંસ્કૃત સાહિત્યમાં વિવિધ વિદ્વાનોએ વિવિધ ક્ષેત્રમાં કરેલા અમૂલ્ય પ્રદાન વિષે જાણી શકશો.

(6) સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરુચિ કેળવી શકશો.

(7) સંસ્કૃતના વૈવિધ્યપૂર્ણ વારસા વિશે વધુ જાણવાની જિજ્ઞાસા કેળવી શકશો.

## 3.1 પ્રસ્તાવના :

સંસ્કૃત ભાષાના સમૃદ્ધ વારસાનું સર્વાંગ સંપૂર્ણ યથાર્થ દર્શન કરાવવું અતિ દુષ્કર છે. અંતે નેતિ નેતિ કહીને જ વિરમવું પડે.

ઈશ્વરના ગુણાનુવાદ વિષેનો એક શ્લોક પ્રખ્યાત છે તમે સાંભળ્યો હશે.

"असितगिरि समं स्यात् कज्जलं सिन्धुपात्रे" - વગેરે.

"સમુદ્ર જેવડા ખડિયામાં મેરુ પર્વત જેટલું કાજળ ઘોળી કલ્પવૃક્ષની ડાળીની કલમ કરી. સમગ્ર પૃથ્વી (જેવડો) કાગળ લઈ સાક્ષાત્ વિદ્યાની દેવી સરસ્વતી બધો સમય લખ્યા કરે તો પણ હે ઈશ ! તમારા ગુણનો પાર પામી શકાય નહીં." સંસ્કૃતના આ બહુર્મુખી, વિશાળ, સમૃદ્ધ અને આબાલ વૃદ્ધોથી માંડીને વિદ્વાનોને સંતોષ આપી શકે તેવા વૈવિધ્યપૂર્ણ વારસાનું પણ એવું જ છે.

ઘણા લોકો સંસ્કૃતને મૃત ભાષા કહે છે તે બાબતમાં તો એટલું જ કહેવું બસ થશે કે અમૂલ્ય હીરાની

કસોટી (પરીક્ષા, પરખ)તો 'પારેખ' કે 'ઝવેરી' જ કરી શકે અને તેનું મૂલ્ય નિર્ધારિત કરી શકે. પ્રાકૃત જન તો તેને 'કાચના ટુકડો' કહી ફેંકી દે. વેદો, પુરાણો, ઉપનિષદો, સ્મૃતિઓ બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો વગેરે વૈદિક સાહિત્ય ઉપરાંત ગણિત, વિજ્ઞાન, ચિકિત્સા, જ્યોતિષ, ખગોળ વગેરે અનેક વિષયોમા દુનિયાને સર્વપ્રથમ જ્ઞાન આપનાર વિશ્વપ્રસિદ્ધ વિદ્વાનોના લખાણથી માંડીને બાલભોગ્ય સાહિત્ય અને સુભાષિતોનો રસાસ્વાદ કરાવનાર વૈવિધ્ય પૂર્ણ વારસા વિશે શું કહીએ. નીચે પ્રતિનિધિરૂપ મહાપુરુષોનાં વિધાનો આપીને જોઈશું. (આ વિદ્વાનોએ સંસ્કૃત, હિન્દી તેમ જ અંગ્રેજીમાં કરેલાં વિધાનો અત્રે સરળતા ખાતર ગુજરાતી ભાષામાં આપ્યાં છે.

"સંસ્કૃત ભાષાની ત્વરિત ઉન્નતિ થાય એવી અમે આશા રાખીએ છે. માત્ર વિદ્યાપીઠોમાં જ નહીં પણ નગરે નગરે, શહેર શહેરે, ગામડે ગામડે પણ પ્રસાર થાય. સંસ્કૃત ગ્રંથોમાં પ્રગટ થયેલ અમૂલ્ય તત્ત્વો માત્ર વિદ્વદ્ભોગ્ય ન રહેતાં આમજનતા સુધી સુલભ બને એવી પ્રભુને પ્રાર્થના.

- ઉત્કલ રાજયના પૂર્વ રાજયપાલ શ્રી યશોવન્ત નારાયણ

ભૌતિક અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય જરૂરી છે. અને સંસ્કૃતના અભ્યાસ સિવાય અને કોઈ રીતે તે સંભવ નથી. સરકાર ધનોપાર્જનનાં સંસાધનોનું રાષ્ટ્રીયકરણ કરે છે, તો સંસ્કૃતના સંરક્ષણની જવાબદારી કેમ  નિભાવતી નથી ?

- ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્રપ્રસાદે સંસ્કૃત વિશ્વ પરિષદ,
વારાણસી ખાતે આપેલ વ્યાખ્યાન

જો મને પૂછવામાં આવે કે ભારતની સર્વાધિક વિશાળ સંપત્તિ કઈ છે. અને ઉત્તરાધિકાર રૂપે કઈ સર્વોત્કૃષ્ટ વસ્તુ આપણને પ્રાપ્ત થઈ છે. તો હું બેધડક જવાબ આપું કે સંસ્કૃત ભાષા અને સાહિત્ય અને તેમાં સમાવિષ્ટ સમૃદ્ધ ખજાનો. આ એક મહાન આશ્ચર્ય છે. આજે પણ સંસ્કૃત એક જીવિત પરંપરા છે. હું સંસ્કૃતના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું અને વિદ્વાનોને આ ઘણું ખરું ભૂલાઈ ગયેલા સાહિત્યમાં સંશોધન કરવાનું આહ્વાન આપવાનું પસંદ કરું.

- પંડિત જવાહરલાલ નહેરુ

"ભારતના ગૌરવપૂર્ણ ઉત્તરાધિકારના રૂપમાં આપણને સંસ્કૃત મળેલ છે. જેણે રાષ્ટ્રને એકતાના સૂત્રમાં બાંધી રાખ્યું છે. અને આ ભાષા દ્વારા જે સંસ્કૃતિ પ્રવાહિત થઈ છે, તેણે સંપૂર્ણ માનવ-સભ્યતાના ક્ષેત્રમાં ચમત્કારિક પ્રદાન કર્યું છે.

- પ્રો. હિરેન્ મુખરજી- 1959 માં લોકસભામાં ભાષણ

જે લોકો કહે છે કે સંસ્કૃત ક્યારેય આમ જાનતાની ભાષા બની ન શકે, તેવો ઈતિહાસ જાણતા નથી.

- ડૉ.સી.વી.રામન

સંક્ષિપ્તમાં કહીએ તો આપણા પૂર્વ રાષ્ટ્રપતિ, જે વિશ્વમાં પ્રથમ કક્ષાના મહાન તત્ત્વજ્ઞાની તરીકે પ્રસિદ્ધ હતા. તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્, શ્રી અનંત સ્વામી આવંગર, નેપાળના સ્વ. રાજા મહેન્દ્ર, શ્રી ક.મા. મુન્શી, શ્રી નિજલિંગપ્પા, પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી. વી.વી. ગિરિ, વગેરે અનેક મહાનુભાવોએ સંસદમાં કે વિવિધ સંસ્કૃત વિશ્વ પરિષદમાં સંસ્કૃત સાહિત્યની અતિ પ્રશંસા કરી, તેની અનિવાર્યતા સિદ્ધ કરી તેની પુનઃ પ્રતિષ્ઠા, પ્રચાર, પ્રસાર અને વિકાસ માટે અનુરોધ કર્યો છે.

**સંસ્કૃત આયોગ : પંચ 1956-1957 (કમિશન).**

લોકો અને લોકસભાના અનુરોધના કારણે કેન્દ્રસરકારે ૧લી ઓક્ટોબર ૧૯૫૬ વર્ષે સંસ્કૃત આયોગ રચના કરી. ભારતના વિદ્વાન શિક્ષાવિદ્ સ્વ. ડૉ. સુનીતિકુમાર ચેટરજી અધ્યક્ષપદે નવ (૯) સદસ્યોની કમિટિ આયોગે નિર્ધારિત કરેલી. સંસ્કૃતના દિવ્યતાનો વિકાસ, સંવર્ધન, ભારતીય સંસ્કૃતિ સંરક્ષણ, પ્રાચીન સંસ્કૃત શાસ્ત્રોનાં રક્ષણ, ભારતીય ભાષાઓનું સંવર્ધન, સંસ્કૃત આયોગ - ૧૯૫૬-૫૭ ગઠન ઉદ્દેશ્યો નિર્ધારણ કરેલાં. આ આયોગના વિદ્વાનોએ સંપૂર્ણ દેશમાં પ્રચલિત પારંપરિક અને આધુનિક સંસ્કૃત શિક્ષણનો પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરીને તથા સ્વ-પ્રશ્નાવલિ ઉત્તરો લઇને, સ્વ-અનુભવ

વિચારવાનો સમન્વય કરીને ઓક્ટોબર ૧૯૫૭ના વર્ષે સંપૂર્ણ પ્રતિવેદન પ્રસ્તુત તાસ સરકારને કરેલ. ૧૨ અધ્યાયોમાં પ્રતિવેદન સમ્માનિત સદસ્યો સંસ્કૃત શિક્ષણના સંવર્ધન માટે સોંપણી કરી. આ પ્રતિવેદનનું પ્રકાશન ઉત્તરપ્રદેશ સંસ્કૃત અકાદમી, પ્રકાશક - સંપૂર્ણાનન્દ સંસ્કૃત વિશ્વ વિદ્યાલય, વારાણસી-૧૯૭૯ પ્રથમ સંસ્કરણ જોવું.

**ભલામણો :**

- સંસ્કૃત શિક્ષણ માધ્યમિક શાળાઓમાં ફરજિયાત કરવો.
- સંસ્કૃત વિકલ્પે હિંદી શીખવવાનો પંચ વિરોધ કરે છે.
- ત્રિભાષા સૂત્રની જગ્યાએ ભાષાસૂત્ર – માતૃભાષા – અંગ્રેજી – સંસ્કૃત.
- પારંપારિક શાસ્ત્રોનાં સંરક્ષણ માટે સંસ્કૃત યુનિ., સંસ્કૃત પરિષદ, સંસ્કૃત સંસ્થાન, વિદ્યાપીઠ વગેરેનાં વિકાસ
- આધુનિક પરંપરાગત પ્રણાલીમાં એકીકરણ
- સંસ્કૃત શિક્ષણ માટે વિશેષ વિધિઓનાં સંશોધન
- સંસ્કૃત શિક્ષણથી કૌશલાત્મક વિકાસ
- સંસ્કૃત સંશોધન કાર્ય
- સંસ્કૃત પાંડુ લિપીનું સંગ્રહ અને પ્રકાશન કરવું.
- શાળામાં સંસ્કૃત શિક્ષણ માટે પાંચ વર્ષ સંસ્કૃત શીખવાની પંચ ભલામણ કરે છે.
- સંસ્કૃત સાહિત્યમાં રજૂ થયેલાં વિચારો અને સંસ્કૃત વગેરે અભ્યાસની તક મળે તેવું ઇચ્છનીય છે.
- માતૃભાષાના અભ્યાસક્રમોને ટૂંકાવીને પણ સંસ્કૃતના શિક્ષણને વધુ સમય આપવો જોઇએ.

**સંસ્કૃતના નિર્ધારણ અંગે વિવિધ આયોગોનું સંક્ષિપ્ત ભલામણો :**

- રાધાકૃષ્ણ આયોગ (૧૯૪૮-૪૯) સંસ્કૃતભાષાને સમુચિત સ્થાન હોવું જોઇએ.
- માધ્યમિક આયોગ - ૧૯૫૨-૫૩ (મુદ્દાલિયર આયોગ) શાળાઓનાં પાઠ્યક્રમમાં સંસ્કૃતભાષાનું સંયોજન.
- ૧૯૫૬-૧૯૫૭ના ભારત સરકારના સંસ્કૃત આયોગના કારણે વારાણસીમાં ૧૯૫૮ના વર્ષ સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ.
- શિક્ષા આયોગ-કોઠારી-૧૯૬૪-૬૬ સંસ્કૃત શાસ્ત્ર શિક્ષણનું મહત્ત્વ સ્વીકારીને રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીમાં સંસ્કૃતને વિશિષ્ટ સ્થાન આપવું જોઇએ.
- રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૧૯૮૬ વિવિધ વિષયોમાં અન્વેષણાર્થે સંસ્કૃતનું સ્થાન નિર્ધારીત કરેલ. સંસ્કૃત ગ્રંથોનું અન્ય ભાષામાં અનુવાદ કરવો.
- રામમૂર્તિ આયોગ - ૧૯૯૦ - શાસ્ત્રીય ભાષાના અધ્યયન ઉપર મહત્ત્વ આપીને વર્તમાનમાં વિવિધ પાઠ્યક્રમ પ્રચલિત છે.

## 3.2 સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો :

સંસ્કૃત સાહિત્યમાં જે અનેકવિધ બહુર્મુખી પ્રતિભાઓએ સાહિત્ય સહિત વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન કર્યું છે તે આજે હજારો વર્ષો પછી પણ જાણે આજનું જ હોય તેવું (ત્રિકાલાબાધિત) તરોતાજા છે. એક સૂક્તિમાં કહ્યું છે.

"जयन्ति ते सुकृतिनः रससिद्धां कवीश्वराः ।

नास्ति येषां यशकाये जरामरणजं भयम् ॥"

(ભવભૂતિનીતિશતક શ્લોક,24)

"તે સુંદર કૃતિઓવાળા (પુણ્યશાળી) મહાન કવિઓ વિજય પામે છે કે જેમના કીર્તિરૂપી દેહને વૃદ્ધાવસ્થા કે મરણનો ભય નથી." એક વિચાર આવે છે કે સાંપ્રત કવિઓ કે લેખકો બહુર્મુખનો અર્ધી સદી કે

હદમાં હદ એક સદીની અવધિમાં અંધકારની ગર્તામાં ધકેલાઈને કાળે કરીને ઈતિહાસની પણ બહાર ફેંકાઈ જાય છે. ત્યારે હજારો વર્ષે પણ ઝળહળતી પ્રતિભાના સ્વામી કેટલા પ્રખર વિદ્વાન અને વિચારક હશે ? લોકજીવનના કેવા નાડપારખુ હશે ? અહીં થોડા વિભાગ પાડી સમૃદ્ધ વારસામાં યત્કિંચિત્ અવગાહન કરવા પ્રયત્ન કરીએ.

### 3.2.1 વૈદિક (વેદકાલીન) સાહિત્ય :

આમાં ચાર વેદો અથવા ચાર સંહિતાઓ, બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યક ગ્રંથો અને ઉપનિષદો (વેદાન્ત) અને છ વેદાંગોનો સમાવેશ થાય છે.

**વેદો :**

**(i)** **ઋગ્વેદ :** આ સર્વપ્રથમ અને સૌથી મોટો વેદ છે. તેમાં 10580 મંત્રો, 1,53,826 શબ્દો અને 4,32,000 અક્ષરો છે. 14 પ્રકારના છંદોમાં લખાયેલા આ મંત્રોની વ્યાખ્યા ઋગ્વેદની 27 શાખાઓમાં કરવામાં આવી છે. આમાં દેવોની સ્તુતિ તેમ જ પ્રકૃતિના માનવજાતના ઉપકારક તત્ત્વોના ગુણગાન પ્રસ્તુત કરાયા છે. જર્મન પ્રોફેસર મેક્સમૂલર કહ્યું છે :

"यावत् स्थास्यन्ति गिरवः सरितश्च महीतलै ।
तावद् ऋग्वेद महिमा लोकेषु प्रचरिष्यति ।।"

જ્યાં સુધી પૃથ્વી ઉપર પર્વતો અને નદીઓ રહેશે ત્યાં સુધી ઋગ્વેદનો મહિમા પ્રચલિત થશે.

**(ii)** **યજુર્વેદ :** આના બે ભાગ છે શુક્લ યજુર્વેદ અને કૃષ્ય યજુર્વેદ. શુક્લ યજુર્વેદને વાજસનેય સંહિતા પણ કહેવાય છે. આમાં 1900 મંત્ર અને 15 શાખાઓ છે. કૃષ્ણ યજુર્વેદને તૈત્તિરીય સંહિતા પણ કહેવાય છે. તેમાં 18000 મંત્ર અને 86 શાખાઓ છે. યજુર્વેદ મુખ્યત્વે યજ્ઞયાગાદિ કર્મકાંડ વિષયક છે.

**(iii)** **સામવેદ :** આ વેદ વિવિધ છંદોના ગાન સાથે સંકળાયેલ છે. તેના 1700 મંત્રો પૈકી માત્ર 75 મંત્રો બાદ કરતાં બધા ઋગ્વેદમાંથી લીધેલા છે. યજ્ઞોના અવસર પર વૈદિક સંગીતજ્ઞો વિવિધ છંદો ગાય છે.

**(iv)** **અથર્વવેદ :** વિષય વૈવિધ્યપૂર્ણ આ વેદમાં 6000 મંત્રો છે. આમાં બ્રહ્મ વિષયક ચર્ચા છે. તેની 9 શાખા છે.

ત્યારબાદ વૈદિક પરંપરામાં બ્રાહ્મણ ગ્રંથો આવે છે તેમાં મુખ્યત્વે યજ્ઞોના વિધિવિધાનની વાત આવે છે. આ ગ્રંથોમાં ચારેય વેદના અલગ-અલગ બ્રાહ્મણમાં યજુર્વેદનો 'શતપથબ્રાહ્મણ' ગ્રંથ વિશ્વ વિખ્યાત છે. તેમાં 12000 ઋચાઓ 8000 યજુષ્ અને 4000 સમય છે.

ત્યારબાદ આરણ્યક ગ્રંથોમાં બ્રહ્મવિદ્યાનું વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવેલ છે.

ત્યારબાદ મૂળ વેદોના કર્મકાંડ વિષય ઉપર જેમ બ્રાહ્મણ ગ્રંથો થયા તેમ જ્ઞાનકાંડ વિષયક ઉપનિષદોની રચના થઈ. ઉપનિષદોને બ્રહ્મ વિષયક ગ્રંથો પણ કહે છે. તેમાં વેદોનાં રહસ્યો નાની-નાની આખ્યાયિકાઓ દ્વારા પ્રગટ કરવામાં આવે છે. જેમ કે, બૃહદારણ્યકની द, द, द (દમન, દાન, દયા- દેવો માટે द એટલે ઈન્દ્રિય 'દમન' મનુષ્યો મટે द એટલે 'દાન' અને અસુરો માટે -- એટલે 'દયા')

તૈત્તરીય ઉપનિષદના દિક્ષાંત પ્રવચનના ઘણાં સૂત્રો ખૂબ જ પ્રચલિત છે. જેમ કે, सत्यं वद, धर्मंचर, मातृदेवो भव, पितृदेवो भव, अतिथि देवो भव વગેરે.

ઉપનિષદોની સંખ્યા 100 ઉપર હોવા છતાં તેમાં 11 મુખ્ય ગણાય છે.

ત્યારબાદ રચાયેલી સ્મૃતિઓમાં 'મનુસ્મૃતિ' સર્વાધિક પ્રખ્યાત છે.

### 3.2.2 પદ્ય સાહિત્ય :

વૈદિક સાહિત્ય બાદ જે લૌકિક સાહિત્ય રચાયું તેમાં વિશાળતાની દષ્ટિએ દુનિયાની કોઈ ભાષાનું સાહિત્ય તેની બરાબરી કરી શકે તેમ નથી. જેમાં અનેક સાહિત્ય સ્વરૂપો સમાવિષ્ટ છે. જેમ કે,

(1) મહાકાવ્યો (2) નાટકો (3) ગદ્યકાવ્ય (4) ગીતિકાવ્યો (5) ઐતિહાસિક મહાકાવ્યો (6) આખ્યાન સાહિત્ય (7) ચમ્પૂ-આ પૈકી 'ગદ્ય'ને બાદ કરતાં નાટકો વગેરે તમામ સાહિત્ય પદ્ય ગણાય છે. જો કે એક એવી પણ વ્યાખ્યા છે કે, 'वाक्यं रसात्मकं काव्यम्' રસિક વાક્ય કાવ્ય જ કહેવાય. એ રીતે 'પદ્ય સાહિત્ય'ને વિશાળ પ્રતિભા સંપન્ન કવિઓએ ખેડ્યું છે. તેથી 'કવિત' જાણે કે એક સુંદર અલંકાર સજ્જ 'કામિની' હોય તેવી કલ્પના એક રસિક શ્લોકમાં કરવામાં આવી છે.

"यस्याश्चोरः चिकुरनिकरः कर्णपूरो मयूरो

भासोहासः कविकुलगुरुः कालियासो विलासः ।।"

"हर्षो हर्षो हृदयवसतिः पच्चकणस्तु वाणः

केषां नैषा कथय कविता कामिनी कौतूकाय ।।"

'ચોર' (કવિનું નામ) જેનો કેશકલાપ છે, મયૂર કવિ કર્ણાભરણ્ય છે. ભાસ કવિ જેવું હાસ્ય છે. કવિ કુલગુરુ કાલિદાસ જેનો વિલાસ (મોહક અદા, અંગભંગી, છટા, નેત્ર કટાક્ષ વગેરે) છે. શ્રીહર્ષ કવિ જેનો હર્ષ છે. અને બાણ કવિ જેનો કામદેવ છે. એવી કવિતા કામિની, કહો, કોને કૌતૂક ઉત્પન્ન ન કરે ? નીચે ટૂંકમાં પદ્ય સાહિત્યની વિગતો પ્રસ્તુત છે.

**મહાકાવ્યો :**

સર્વપ્રથમ વાલ્મીકિ રચિત રામાયણ તથા ભગવાન વેદવ્યાસ રચિત મહાભારતને સંભારવા પડે. રામાયણમાં માનવ જીવનનાં ઉચ્ચત્તમ મૂલ્યો, આદર્શ રાજા, આદર્શ પરિવાર, પિતૃ વાત્સલ્ય, ભ્રાતૃભાવ, પુત્રની કર્તવ્ય નિષ્ઠા વગેરેનું એટલું આદર્શ ચિત્રણ છે, કે વાંચતા રોમાંચ થાય અને આંખો આંસુભીની થાય. સમગ્ર રામાયણ વાંચતાં એક પણ પ્રસંગમાં હાસ્યને સ્થાન ન હોય. મહાભારતમાં તો ખુદ તેમાં જ જણાવ્યા પ્રમાણે જીવનના ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષની બાબતમાં જે અહીં છે તે બીજે વધે છે. અહીં નથી તે ક્યાંય જોવા નહીં મળે. આવું બીજા કોઈ કહે તો શેખી ગણાય. પણ વેદભ્યાસ ! વેદભ્યાસની પ્રશસ્તિનો શ્લોક તમે સાંભળ્યો હશે.

"नमोडस्तु ते व्यास विशाल बुद्धे,

फुल्लारविंदायत पत्र नेत्र ।"

"येन त्वया भारत तैलपूर्ण :

प्रज्जवलितो ज्ञानमयः प्रदीपः ।।"

આ બંને તો ભારતીય સંસ્કૃતિની મહામૂલી ધરોહર છે. તેની પ્રશંસા 'દીવો લઈને સૂર્ય દેખાડવા' જેવી ગણાય. આ સિવાય કાલિદાસ, ભારવિ, માઘ, અશ્વઘોષ, ભટ્ટી, કુમારદાસ, શ્રીહર્ષ વગેરેએ મહાકાવ્યો લખ્યાં છે. સંસ્કૃત મહાકાવ્યોની દુનિયામાં પાંચ મહાકાવ્યો વખણાય છે, તેમાં કાલિદાસનાં કુલ બે પૈકી બંનેનો ઉલ્લેખ થાય છે. -- અને કુમારસંભવ. રઘુવંશમાં દિલીપ, રઘુ, રામ અને ત્યાર પછીની ઘણી પેઢીઓની વાત છે. છેલ્લે ઉપમન્યુ પછી અંત આવે છે. કુમારસંભવમાં અસુરો સામે લડવા માટે દેવોના સેનાપતિ તરીકે શંકર ભગવાનના પુત્ર કાર્તિક સ્વામીના જન્મની વાત આવે છે. આ ઉપરાંત નૈષધીય ચરિત, કિરાનાર્જુનીય, શિશુપાલ વધ વગેરે પ્રખ્યાત મહાકાવ્યો છે.

આ ઉપરાંત ઊર્મિકાવ્યો, ઐતિહાસિક કાવ્યો, ભર્તૃહરિનાં શતકો વગેરે પણ રચાયાં છે.

ઊર્મિકાવ્યોમાં કાલિદાસનું મેઘદૂત અને ઋતુ સંહાર સર્વાધિક પ્રખ્યાત છે.

ઐતિહાસિક મહાકાવ્યોમાં અશ્વઘોષનાં બુદ્ધ-ચરિત અને સોંદરનંદ જે અતિ પ્રખ્યાત છે. તે સહિત પદ્મગુપ્તનું નવસારસાંક, ચરિત, બિલ્હણનું વિક્રમોક દેવ ચરિત, કલ્હણની રાજતરંગિણી વગેરે સુપ્રસિદ્ધ છે.

તે ઉપરાંત ભર્તૃહરિ (ગુજરાતી ભજનોમાં ભરથરી)નાં ત્રણ શતકો નીતિશતક, શૃંગારશતક તેમ જ વૈરાગ્યશતકમાં તેમના શીર્ષક પ્રમાણેના વિષયો સમાવિષ્ટ છે.

**નાટકો :**

નાટકોનો સમાવેશ પણ પદ્યમાં થાય છે. કાલિદાસ, ભાસ, ભવભૂતિ, શુદ્રક, વિશાખદત્ત ભટ્ટનારાયણ, હર્ષદેવ, રાજશેખર, જયદેવ, કૃષ્ણમિશ્ર વગેરે મહાનુભાવોએ નાટકો લખ્યાં છે. તેમાં કાલિદાસ, ભવભૂતિ, ભાસ વગેરે સર્વાધિક લોકપ્રિય છે. કાલિદાસનું અભિજ્ઞાન શાકુંતલ વિશ્વ વિખ્યાત નાટક છે. તેમાં નાયક દુષ્યન્ત એક સમ્રાટ છે. (જે પૃથ્વીનું પાત્ર છે) અને નાયિકા શકુંતલા આધિદૈવિક અને આધિ ભૌતિક પાત્ર છે. શકુંતલાના પિતા વિશ્વામિત્ર ઋષિ હતા. જ્યારે માતા મેનકા અપ્સરા હતી. તે બંનેની પ્રણયકથા નિરૂપવામાં આવી છે.શાકુંતલની પ્રશસ્તિનો શ્લોક આ પ્રમાણે છે.

"काव्येषु नाटकं रम्यं तत्र रम्या शकुन्तला ।

तत्रापि चतुर्थोऽङ्कः तत्र श्लोक चतुष्टयम् ॥"

કાવ્યોમાં નાટક પ્રકાર રમ્ય છે. તેમાં પણ શકુંતલા, તેમાં પણ ચોથો અંક (કન્યા વિદાય) અને તેમાં પણ ચાર શ્લોકોતો સર્વાધિક સુંદર છે. આ ઉપરાંત ભવભૂતિના ઉત્તરરામચરિતમાં રામના ઉત્તર જીવનની વાતો વણી લેવામાં આવી છે. ભારતના 13 નાટકો પૈકી સ્વપ્નવાસવદત્તા, પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ, કર્મભાર, પંચતંત્ર વગેરે અતિશય લોકપ્રિય છે. આ સિવાય શુદ્રકનું મૃચ્છકટિક, વિશાખદત્તનું મુદ્રા-રાક્ષસ, ભટ્ટનારાયણનું વેણી સંહાર, ભવભૂતિનાં માલતીમાધવ અને મહાવીરચરિત, હર્ષદેવનાં પ્રિયદર્શિકા,રત્નાવલી, નાગાનન્દ, રાજશેખરનાં બાલરામાયણ, બાલભારત, કર્પૂર મંજરી વગેરે, જયદેવનું પ્રસન્ન રાઘવ, કૃષ્ણ મિશ્રનું પ્રબોધ ચંદ્રોદય વગેરે નાટકો પણ રચાયાં છે.

આ સિવાય જગન્નાથ પંડિતનાં પાંચ લહરી કાવ્યો (ગંગા હરી, કરુણા લહરી વગેરે), ભામિની વિલાસ તેમજ અન્ય શાસ્ત્રીય રચનાઓ પણ કાવ્ય સાહિત્યની મહામૂલી પડી છે.

### 3.2.3 ગદ્ય સાહિત્ય

ગદ્ય સાહિત્યને આખ્યાન સાહિત્ય પણ કહેવામાં આવે છે. મૌલિકતાની દૃષ્ટિએ, રચના કૌશલ્યની દૃષ્ટિએ તેમ જ વિશ્વવ્યાપક પ્રભાવને લીધે આ સાહિત્ય વિશ્વની કોઈ પણ ભાષા કરતાં અધિક સમૃદ્ધ છે. આ સાહિત્યને સરળતા ખાતર મુખ્ય બે ભાગોમાં વહેંચી શકાય. જો કે એ બે ભાગમાં જ હોય એવું નક્કી નથી. અનેક રીતે ભાગ પાડી શકાય. પરંતુ જે બે ભાગોમાં આપણે વિભક્ત કરવા માંગીએ છીએ તે આ મુજબ છે : (i) નીતિકથા (ii) લોકકથા.

**(i)** **નીતિકથાઓ :** આ વાર્તાઓ અત્યંત ટૂંકી હોય છે. અને સર્વ જન સાધારણ સુલભ હોય છે. જીવનના એકાદ પાસાંનું એટલું સચોટ નિરૂપણ તેમાં હોય છે. માનવ જીવનમાં એવો પ્રસંગ આવે ત્યારે તુરંત તે વાત યાદ આવે અને કેમ વર્તવું તે ખબર પડે. સદાચાર, રાજનીતિ, જીવનવ્યવહારનું વાસ્તવિક જ્ઞાન, જાતજાતના લોકો જેવાં કે સજ્જન-દુર્જન, કપટી-સરળ, લુચ્ચા-મૂર્ખ, ભોળા-બુદ્ધિશાળી વગેરે તમામ પ્રકારો તમને આ વાર્તાઓમાંથી મળી રહે. વળી આ વાર્તાઓમાં મુખ્યત્વે પશુ-પંખીઓ જ પાત્રો હોય છે. જેમ કે કાગડો, વાઘ, શિયાળ, સસલું, સિંહ, રીંછ, હરણ, ગદર્ભ, ઊંટ, હાથી, વાંદરો, કીડી, કબૂતર, ઉંદર વગેરે. આ માટે બે જ ગ્રંથો વિશ્વવિખ્યાત છે (ક) પંચતંત્ર- પંડિત વિષ્ણુશર્મા (ખ) હિતોપદેશ- નારાયણ પંડિત. એક રાજાના ત્રણ મહામૂર્ખ પુત્રો હતા. રાજાને તેમને જોઈને ખૂબ ચિંતા થતી હતી. આથી રાજાએ પંડિતોની સભા બોલાવી પોતાની મુશ્કેલી રજૂ કરી. પંડિતોએ બધુ શીખતાં વર્ષો વીતે એવી વાત કરી ત્યારે સભામાંથી 80 વર્ષના વિષ્ણુશર્માએ પડકાર કર્યો કે, "હું છ માસમાં તમારા પુત્રોને નીતિશાસ્ત્રમાં પારંગત કરી દઈશ" ત્યારબાદ તેમણે પાંચ તંત્રોની રચના કરી. તેનાં નામ છે- મિત્રભેદ, મિત્ર સંપ્રાપ્તિ, કાકોલૂકીય, લબ્ધીપ્રણાશ અને અપરીક્ષિતકારક. અને કહેવાય છે કે, આ પાંચ તંત્રોની મદદથી તેમણે રાજાના મહામૂર્ખ કુમારોને નીતિશાસ્ત્રમાં પારંગત કરી દીધા. એક એવું વિધાન પણ છે કે 'જે માણસ પંચતંત્ર ભણ્યો હોય તે કદી ઈન્દ્રથી પણ પરાભવ પામતો નથી.'

(ii) જ્યારે લોકકથાઓમાં મુખ્યત્વે મનોરંજન અને અવનવીન પરિકથાઓ જેવું તત્ત્વપ્રધા ન હોય

છે. આમાંની કેટલીક આજકાલ ટીવી ઉપર પણ દર્શાવવામાં આવે છે. દા.ત. વીર વિક્રમ અને વેતાલ, આ વાર્તાઓની જુદી જુદી સંખ્યામાં એક સમૂહ તરીકે રજૂઆત કરવામાં આવે છે. જેમ કે, દર વખતે વિક્રમ શબ લેવા જાય. વેતાલ વાર્તા કહી વિક્રમ રાજાને નિર્ણય પૂછે. વિક્રમ જવાબ આપે એટલે ફરી શબ ઝાડ ઉપર જતું રહે. સિંહાસન બત્રીશીમાં સિંહાસનની 32 પૂતળીઓ એક-એક વાર્તા કહી ઊઠી જાય. લોકકથાનો સૌથી પ્રાચીન ગ્રંથ ગુણાઢ્યની બૃહત્કથા છે આવી લોકકથાઓમાં વેતાળ-પચ્ચીશી (25 વાર્તા), સિંહાસન-બત્રીશી (32 વાર્તા) સૂડા-બોતેરી (72 વાર્તા) પુરુષ-પરીક્ષા, કથાર્ણવ, ભોજ પ્રબંધ વગેરેનો સમાવેશ થાય છે.

આ સિવાય અન્ય પ્રકાર છે. તેમાં ગદ્ય અને પદ્ય બંનેનું મિશ્રણ હોય છે.

નવ-અન્ય-ત્રિવિક્રમ ભટ્ટ, યશસ્તિલક અન્ય- સોમદેવ, રામાયણ અન્ય-રાજા બોજ, ભારત-અન્ય-અનંત કવિ વગેરે ગ્રંથો છે.

આ સિવાય આગળ કહ્યું તેમ સંસ્કૃતનું મોટા ભાગનું સાહિત્ય પદ્યમાં હોવા છતાં ગદ્ય પ્રકાર ખેડનાર મુખ્યત્વે ત્રણ કવિઓ છે. દંડી, સુબન્ધુ અને બાણ. પણ તેમની વાત કરતાં પહેલાં છેક વૈદિકકાળથી ગદ્યનો ઉદ્ભવ અને વિકાસ કેમ થયો તેનો આછો ચિતાર મેળવીએ.

ગદ્યનો સૌ પ્રથમ અવિર્ભાવ કૃષ્ણ યજુર્વેદમાં જોવા મળે છે. વૈદિક સંહિતાઓનું ગદ્ય પ્રાચીનતમ છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય અને કાઠક તથા મૈત્રાયણી સંહિતાઓ ગદ્યમાં છે. અથર્વવેદનો છઠ્ઠો ભાગ ગદ્યાત્મક છે. બ્રાહ્મણ ગ્રંથોમાં ગદ્યનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. આરણ્યકોમાં શિષ્ટ સાહિત્ય જેવું આહ્લાદક ગદ્ય જોવા મળે છે. ઉપનિષદોમાં પણ પ્રચુર માત્રામાં ગદ્યનો ઉપયોગ થયો છે.વૈદિક અને લૌકિક ગદ્યનું મિશ્રણ પૌરાણિક ગદ્યમાં જોવા મળે છે.

આ ઉપરાંત અમુક ગદ્યકૃતિઓ એવી છે કે જેનો પાત્ર નામોલ્લેખ જ જોવા મળે છે. ભોજદેવે શૃંગાર પ્રકાશમાં વરરુચિની 'ચારુમતી'નો ઉલ્લેખ કર્યો છે. એ જ રીતે શ્રીપાલિત લિખિત 'તરંગવતી' અભિનંદ રચિત 'રામચરિત' તેમ જ બાણભટ્ટ જેનો ખૂબ માનપૂર્વક ઉલ્લેખ કર્યો છે તે ભટ્ટારહરિશ્ચન્દ્રનું ગદ્ય વગેરેનાં માત્ર નામો જ જાણમાં છે. કૃતિઓ ઉપલબ્ધ નથી.

ગદ્ય કાવ્યનાં પહેલાં સ્વરૂપની દૃષ્ટિએ પાંચ પ્રકાર પાડવામાં આવેલ હતા. આખ્યાયિકા, કથા, ખંડકથા, પરીકથા અને કથાનિકા. આ પૈકી કથા અને આખ્યાયિકા બે જ પ્રકારો પ્રચલિત છે.

કથા અને આખ્યાયિકાનાં મુખ્ય લક્ષણોની ભિન્નતાના આધારે તેમનું સ્વરૂપ નક્કી થાય છે. પણ તેની ચર્ચા અત્રે બિનજરૂરી છે. હવે આપણે મુખ્ય ત્રણ ગદ્ય કવિઓ અને કૃતિઓની જ વાત કહીએ.

**(1)** **દણ્ડી :** દંડીએ 'દશકુમાર ચરિત' લખ્યું છે. દંડીના મત પ્રમાણે, 'દશકુમાર ચરિત'માં કથા અને આખ્યાયિકા બંનેનાં લક્ષણો છે. દશકુમાર ચરિતમાં 'પૂર્વપીઠિકા'માં પાંચ ઉચ્છ્વાસ છે : (i) કુમારોત્પત્તિ (ii) દ્વિજોત્પત્તિ (iii) સોમદત્તચરિત (iv) પુષ્પોદ્ભરિત અને (v) અવન્તિ સુંદરી પરિણય. ત્યારબાદ દશકુમાર ચરિતમાં આઠ ઉચ્છ્વાસ છે : (i) રાજવાહન ચરિત, (ii) અપહાર વર્મા (iii) ઉપહાર વર્મા (iv) અર્થપાલ (v) પ્રજાતિ (vi) મિત્રગુપ્ત (vii) મંત્રગુપ્ત અને (viii) વિશ્રુત ચરિત.

**ઉત્તરપીઠિકા :** આમાં વિશ્રુત ચરિત પૂર્ણ થાય છે. બધા રાજકુમારો પુષ્પપુરીમાં આવે છે. પોતપોતાનાં પરાક્રમો કહે છે. અને પોતપોતાના રાજ્યમાં જાય છે.

**(2)** **સુબંધુ :** સુબંધુની એક માત્ર કૃતિ 'વાસવદત્તા' છે. બાણભટ્ટે હર્ષચરિતની પ્રસ્તાવનામાં વાસવદત્તા વિષે કહ્યું છે કે, "આ વાસવદત્તા કવિઓનું માન ઉત્તરાર્ધ એવી કૃતિ છે."

આમાં ચિંતામણિ રાજાના પુત્ર કંદર્પ હેતુ અને શૃંગાર શેખર રાજાની પુત્રી વાસવદત્તાની પ્રણયકથા આલેખવામાં આવી છે.

**(3)** **બાણ :** બાણભટ્ટની રચનાઓ ગદ્યમાં હોવા છતાં તેની ગણના મહાકવિમાં થાય છે. બાણની મુખ્ય બે કૃતિઓ છે. (i) હર્ષ ચરિત (ii) કાદમ્બરી

**(i) હર્ષ ચરિત :** આ એક ઐતિહાસિક ગદ્ય કાવ્ય છે. સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ તે પ્રથમ આખ્યાયિકા છે. તેમાં 8 ઉચ્છ્વાસ છે. પ્રથમ ઉચ્છ્વાસના આરંભમાં બાણ દ્વારા વાસવદત્તા, ભટ્ટાર હરિશચંદ્ર, સાત વાહન, પ્રવર સેન, ભાસ, કાલિદાસ બૃહત્કથા તેમ જ અન્ય કવિઓની પ્રશંસા કરે છે.

આ આખ્યાયિકામાં સમ્રાટ હર્ષવર્ધનનું ચરિત વર્ણવવામાં આવ્યું છે. પ્રથમ 3 ઉચ્છ્વાસમાં બાણની સંક્ષિપ્ત જીવનકથા વર્ણવાયેલી છે. વાત્સાયન વંશમાં જન્મ, પૂર્વજોનું ચરિત-બાણનું વિવિધ મિત્રમંડળીઓ સાથે દેશ-વિદેશમાં ભ્રમણ વગેરેની વાતો છે. બાદમાં હર્ષવર્ધનની રાજસભામાં પ્રવેશની વાત આવે છે.

બાણ ગતાનુગતિકતાનો પ્રચંડ વિદ્રોહી, નિર્ભીક, સત્ય વક્તા, સ્વાભિમાની, પરમ મેધાવી અને ધીર બુદ્ધિનો હતો. બાણમાં વર્ણનોની એટલી પ્રચુરતા હોય છે કે 'એક રાજા હતો' એટલી વાર્તા આગળ વધે તેમાં વાંચતા એક માસ નીકળી જાય છે. એટલે કહેવાયું છે કે બાણની વર્ણન શૈલી રાજરાણીની જેમ ધીમે ધીમે પોતાના રસાલા સાથે વિહાર કરે છે. કથા તો બિચારી દાસીના માફક પાછવ લપાતીછૂપાતી ચાલે. બાણ ટૂંકા વાક્યો લખે ત્યારે એક લાઈન (લીટી)માં 3 થી 4 વાક્યો આવી જાય. અને લાંબા વાક્યો લખે ત્યારે 50 થી 60 પૃષ્ઠ પછી એક વાર પૂર્ણવિરામ આવે, હસતાં હસતાં એમ કહેવાય છે કે બાણ કોઈ સફેદ વસ્તુની ઉપાય આપે ત્યારે દુનિયા તો ઠીક પણ સ્વર્ગ, મૃત્યુ, પાતાળની કોઈ સફેદ વસ્તુ બાકી ન રહી જાય, ત્યાં સુધી કે ભીંતે દેવાનો ચૂનો પણ તેમાંથી બાદ ન રહે.

**(ii) કાદમ્બરી :** કાદમ્બરીમાં બબ્બે પ્રેમી યુગલોની ત્રણ-ત્રણ જન્મની કથા છે. કાદમ્બરીનું કથાનક એટલું ક્લિષ્ટ છે કે તેમાં વાંચનારની યાદ શક્તિની ઠીક ઠીક કસોટી થઈ જાય છે.

કાદમ્બરી બે ભાગમાં છે. પૂર્વ ભાગ અને ઉત્તર ભાગ. પૂર્વ ભાગ સંપૂર્ણ ગ્રંથનો 2/3 જેટલો ભાગ રોકે છે. જ્યારે ઉત્તર ભાગ 1/3 છે. જે બાણભટ્ટના પુત્ર પુલિન્દે પૂરો કર્યો છે. આ બાબતમાં એક દંતકથા પ્રચલિત છે જે કાદમ્બરીની મહાનતા અને વિશ્વવિખ્યાતતાની દ્યોતક તેમ જ બાણની પ્રતિભાની પરિચાયક છે. એ મુજબ કાદમ્બરી અર્ધી લખાયા બાદ બાણ મરણ પથારીએ પડ્યો હતો પણ જેનો જીવ જતો નહતો. તેથી તેણે પોતાના ત્રણેય પુત્રોને વારાફરતી પાસે બોલાવી એક સૂકા ઝાડનું ઠુંઠું દેખાડી વર્ણન કરવા કહ્યું એક પુત્રે કહ્યું --- આ સાંભળી બાણ હતાશ થયા. તેના પુલિન્દ નામના દીકરાએ કહ્યું ---- પછી બાણે તેને કાદમ્બરી પૂરી કરવા કહ્યું. જ્યાંથી પુલિન્દે કથા આગળ વધારી ત્યાં નીચે મુજબનો જોવા મળે છે.

"याते दियं पितरि तद् वचसैव सार्धम्
विच्छदमोप भुवि वस्तु कथाप्रबन्धः ।
दुःखं सतां तदसमाप्तिकृतं विलोक्य
प्रारब्ध एष तु मया न कवित्वदर्पात् ॥"

**પુલિન્દ કહે છે કે -**

પિતાના સ્વર્ગમાં જવાથી પૃથ્વીના પાટલે જે કથા પ્રબંધ કપાઈ જાય (અધૂરો રહી જાય) તેનાથી સજ્જનોને જે દુઃખ થાય તે જોઈને મેં આ શરૂ કર્યું છે, કવિત્વના અહંકારને લીધે નહીં.

### 3.2.4 સંસ્કૃત સાહિત્યમાં આવરી લેવાયેલા વિષયો :

સંસ્કૃત સાહિત્યમાં કયો વિષય આવરી લેવાયો નહીં હોય તે જાણવા માટે સંપૂર્ણ સંસ્કૃત વાઙ્મયનો સાઘના અભ્યાસ કરવો પડે. આજે આપણે જેને આધુનિક વિજ્ઞાન કે તક્નિકી કહીએ છીએ તેનાં મૂળ પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં પડેલાં છે. આપણા પ્રાચીનત્તમ ગ્રંથો વેદો બ્રહ્માના જ્ઞાનના સ્ત્રોત હોઈ બ્રહ્મ-વિધાન પણ કહી શકાય. વેદને જ્ઞાન-વિજ્ઞાનથી દૂર રાખી શકાય જ નહીં. ઘણા આપણા તેમજ પાશ્ચાત્ય વિદ્વાનો આ સાહિત્ય મુખ્યત્વે ધર્મ અને દર્શન સંબંધી છે એવી માન્યતા ધરાવે છે. પણ વેદોમાં આધુનિક વિજ્ઞાનનાં બીજ પડેલાં છે.

યજુર્વેદમાં વેદ અને વિજ્ઞાનના સમન્વય પર ભાર મૂકવામાં આવ્યો છે. સંશ્લેષણ અને વિજ્ઞાનનું કામ છે. વિશ્લેષણ. હજારો વર્ષ પૂર્વે આપણા ઋષિમુનિઓએ સૃષ્ટિ, જ્ઞાન, ચૈતન્ય, દેવ, પ્રાણ, મન, કર્મ, વચન, વાયુ, આદિત્ય વગેરે વિષેની અવધારણાઓ વિવેચન સાથે રજૂ કરે છે. તેનો પડઘો આધુનિક ભૌતિક વિજ્ઞાનમાં જોવા મળે છે. વૈદિક ઋષિઓ માટે વૈજ્ઞાનિક પ્રવૃત્તિ એક સામાન્ય બાબત છે. કારણ કે ઘણાં બધા પ્રકારના જ્ઞાન-વિજ્ઞાન વેદોમાંથી પ્રગટ થાય છે. તે કાળમાં આજના જેવી પ્રયોગશાળાઓ અને સાધનો ન હતાં. ત્યારે ઋષિમુનિઓ તથ્યોની જાણકારી કેવી રીતે મેળવતા હશે ? તર્કશક્તિ અને અનુમાન પ્રમાણનો સહારો લઈને થોડાં ઉદાહરણો જોઈએ. બ્રહ્માંડની ઉત્પત્તિ બાબતમાં ઋષિઓએ કહ્યું છે કે હિરણ્ય ગર્ભ વર્ણનો લાલ ગોળો બે ભાગમાં વહેંચાઈ જાય છે. આજે જ્યારે બિગ બેંગનો સિદ્ધાંત માન્ય થઈ રહ્યો છે ત્યારે ઋષિઓ દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતમાં વૈજ્ઞાનિક ઝલક દેખાઈ આવે છે. એ જ રીતે પૃથ્વીની ઉત્પત્તિ સંબંધમાં તેઓએ કહ્યું કે, એકાર્ણવના જળમાં નારાયણની નાભિમાંથી કમળ પ્રગટ થયું ત્યારે લોકોને હાસ્યાસ્પદ લાગ્યું. પણ જર્મનીના આલ્ફ્રેડ વેગનરે ઈ.સ.1912 માં મહાદ્વીપીય સિદ્ધાંત સાબિત કરીને પ્રાચીન ઋષિમુનિઓની શોધને ઉજાગર કરી દીધી.

હવે આપણે  શક્ય તેટલા સંક્ષેપમાં સંસ્કૃત સાહિત્યમાં આવરી લેવાયેલા વિષયો (ક્ષેત્રો) જોઈએ.

**(1) બ્રહ્મ વિજ્ઞાન :** આ બાબતમાં સંસ્કૃત દુનિયાની સર્વ ભાષાઓમાં અજોડ છે. ઉપનિષદો આ વિજ્ઞાનના અપૂર્વ ગ્રંથો છે. પ્રસિદ્ધ જર્મન વિદ્વાન શોવનટાવર કહે છે, "આ ગ્રંથોના અભ્યાસથી મારા વાસ્તવિક જીવનમાં શાંતિ આવી છે. તેઓ મને મૃત્યુ બાદ પણ શાંતિ આપશે." ઈશાવાસ્ય ઉપનિષદ, ઋગ્વેદ, યજુર્વેદ, ઈષોપનિષદ વગેરેનાં સોનેરી સુવાક્યો, "આ જગતમાં જો કંઈ છે તે બ્રહ્મથી વ્યાપ્ત છે", "બ્રહ્મ એક હોવા છતાં વિદ્વાનો તેનું અનેક પ્રકારે વર્ણન કરે છે", "આ બ્રહ્મ હજારો મસ્તકવાળો, હજારો આંખોવાળો, હજારો પગવાળો પુરુષ છે", "તે ચાલે પણ છે અને નથી પણ ચાલતો, દૂર પણ છે અને પાસે પણ છે, તે દરેકની અંદર પણ છે, બહાર પણ છે" વગેરે.

**(2) દર્શન-વિજ્ઞાન :** વિરાટ બ્રાહ્મણના અસંખ્ય અદ્ભૂત પદાર્થો પાસે આપણા જીવનની શી વિસાત છે. તથા તેનું રોવું-હસવું, વિચારવું, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ-દુઃખ વગેરેનું ચિંતન દર્શન શાસ્ત્રમાં છે.

કપિલ મુનિનું સાંખ્ય દર્શન, પતંજલિનો યોગ, ગૌતમનો ન્યાય, કણાદનું વૈશેષિક દર્શન, જૈમિનીની મીમાંસા તથા કૃષ્ણ દ્વૈયાપન વ્યાસના વેદાંત સૂત્રો વગેરેનું અત્યંત મહત્ત્વ છે.

આ બધામાં વિશ્વનું સર્જન, ચૈતન્યનું અસ્તિત્વ આત્માનું જવું-આવવું, કર્મ-વ્યવસ્થા, મોક્ષનું સાધન પાંચ તત્ત્વોની વ્યાખ્યા, જડ-ચેતન ભેદ વગેરે વિષયોની છણાવટ છે.

**(3) વિધિવિજ્ઞાન :** આ વિષયમાં સ્મૃતિઓનું સ્થાન પ્રમુખ છે. મુખ્ય સ્મૃતિઓ 18 માનવામાં આવે છે. તેમાં મનુ, યાજ્ઞવલ્ક્ય, પારાશર, અત્રિ, વિષ્ણુ, હારીત, ઉશનસ્, અંગિરા, યમ, કાત્યાયન, બૃહસ્પતિ, વ્યાસ, દક્ષ, ગૌતમ, વશિષ્ટ, નારદ, ભૃગુ વગેરેની સ્મૃતિઓ સમાવિષ્ટ છે. તેમાં સર્વાધિક પ્રખ્યાત મનુસ્મૃતિ છે.

આમાં માનવજીવનની તમામ બાબતો જેમ કે, રાજા-પ્રજાના અધિકાર અને કર્તવ્ય, સામાજિક આચાર-વિચાર, વ્યવસ્થા, વર્ણાશ્રમ ધર્મ, નીતિ, સદાચાર, નારી સન્માન, ગુનેગારોને દંડ વગેરે તમામ બાબતો સમાવિષ્ટ છે.

**(4) રાજનીતિ :** સંસ્કૃત સાહિત્યમાં 'રાજનીતિ'ના અર્થમાં 'અર્થશાસ્ત્ર' શબ્દ પ્રયોજાય છે. આ વિષયમાં પ્રથમ ગ્રંથ ઈંદ્રે લખ્યો મનાય છે. તેનું નામ હતું બાહુદન્તક, ત્યાર બાદ દેવગુરુ બૃહસ્પતિનું બાર્હસ્પત્ય અર્થશાસ્ત્ર, ઔશનસ અર્થશાસ્ત્ર વગેરે છે. પણ તેમનાં નામો પણ કોઈના જાણવામાં ભાગ્યે જ હશે. આ બાબતમાં સર્વોત્કૃષ્ટ, વિશ્વ વિખ્યાત, વિશ્વમાં અજોડ અને સમગ્ર ભારતના વિદ્વાનોને પરિચિત એવું છે. વિષ્ણુગુપ્ત કૌટિલ્ય-ચાણક્યનું અર્થશાસ્ત્ર !

બાકી આ પરંપરામાં કામન્દક, આચાર્ય શુક્ર, સોમદેવ, હેમચન્દ્ર, ભોજ, અણ્ડેશ્વર વગેરેનો સમાવેશ થાય છે. 14 મીથી 18મી સદીમાં ચંદ્રશેખર, મિત્રમિશ્ર, નીલકંઠ વગેરેની પણ કૃતિઓ રચાઈ છે, પણ આ બધામાં પ્રમુખ તો એક જ છે, ચાણક્યનું અર્થશાસ્ત્ર.

**(5) ઈતિહાસ :** જેના આધારે આપણી ભારતીય સંસ્કૃતિની પરિપાટી રચાઈ છે, અને જે કાવ્ય હોવા છતાં રઘુકુળના રાજાઓનો ઈતિહાસ રજૂ કરે છે, તે વાલ્મીકિ રામાયણ તેમજ કૌરવ-પાંડવો સાથે ભગવાન કૃષ્ણના જીવનના સંપૂર્ણ ઈતિહાસનું વિવરણ મહાભારતમાં જોવા મળે છે. આ બે આપણી સંસ્કૃતિના મહાન સ્થંભ ગણાય છે. આ ઉપરાંત હર્ષચરિત, રાજતરંગિણી, વિક્રમાંક દેવ ચરિત તથા પુરાણોમાં વિવિધ આખ્યાનોમાં ભારતના પ્રાચીન ઈતિહાસની વિપુલ સામગ્રી ભરે છે.

**(6) ભૌતિક વિજ્ઞાન :** આજે જેની વિશ્વમાં બોલબાલા છે. અને જેણે દુનિયા આખીની સંસ્કૃતિઓને પ્રભાવિત કરી છે. તે ભૌતિક વિજ્ઞાનમાં પણ સંસ્કૃત વિદ્વાનોની કમી નથી. અને આજે જે આધુનિક સંશોધનો ગણાય છે તે બાબતો હજારો વર્ષ પૂર્વે સંસ્કૃત ગ્રંથોમાં છણાયેલી છે. આમાં સર્વ પ્રથમ નામ મહર્ષિ કણાદનું આવે છે. તેમણે સૃષ્ટિ નિર્માણ પ્રક્રિયામાં પરમાણુવાદને જન્મ આપ્યો હતો. તેમણે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય વિશેષ, સમવાય તથા અભાવ એ સાત પદાર્થો સ્વીકાર્યા છે. સંપૂર્ણ ભૌતિક જગતના ક્રિયાકલાપોનું વર્ણન કરેલ છે.

ઉદયનાચાર્ય નામના અન્ય વિદ્વાને પ્રકાશ તથા ઉષ્ણતાનો સ્ત્રોત સૂર્ય છે. એવું પ્રતિપાદન કર્યું હતું. વાચસ્પતિ મિશ્ર પ્રકાશ પરમાણુઓથી રચાય છે, તે વાત રજૂ કરી હતી. છેક બીજી સદીમાં દિશાદર્શન યંત્ર શોધાયું હતું. જે હંમેશા ઉત્તર દિશા દર્શાવતું. પ્રતિધ્વનિનું અત્યંત વૈજ્ઞાનિક વિશ્લેષણ શ્રી વિજ્ઞાન ભિક્ષુએ કર્યું હતું. પતંજલિએ પોતાના પ્રખ્યાત મહાભાષ્યમાં પૃથ્વીના ગુરુત્વાકર્ષણની વાત જણાવી છે.

મહર્ષિ ભારદ્વાજે યાન વિદ્યા (વિમાન શાસ્ત્ર) ગ્રંથ લખેલ જેનું થોડા સમય પૂર્વે સંશોધન કરી પ્રકાશન કરવામાં આવ્યું છે.

**(7) ચિકિત્સાશાસ્ત્ર (Medical Science) :** આજે પણ બે નિષ્ણાતો આ શાસ્ત્રમાં હોય છે. ફિઝિશિયન અને સર્જન એટલે કે દવા આપનાર તથા નસ્તર વાઢકાપ કરનાર, આ બંને ક્ષેત્રમાં ચરકની ચરકસંહિતા (ચિકિત્સા) અને સુશ્રુતની સુશ્રુત સંહિતા (નસ્તર, શસ્ત્રક્રિયા) અત્યંત પ્રસિદ્ધ છે. આ ઉપરાંત મમ્મટ, માધવ નિદાન વગેરે ગ્રંથો ઉપરાંત નાગાર્જુન જેવાં વિશ્વવિખ્યાત રસાયણશાસ્ત્ર તથા ધન્વન્તરિ જેવાં ચિકિત્સા શાસ્ત્ર આજે પણ દુર્લભ છે.

**(8) જ્યોતિષ :** આ વિજ્ઞાન ઉપર તો સંસ્કૃત ભાષામાં વિપુલ ભંડાર છે. વરાહ મિહિર, બ્રહ્મગુપ્ત, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય વગેરે આ ક્ષેત્રના સુપ્રસિદ્ધ વિદ્વાનો છે. તેમના ઉપરથી તો આકાશમાં ધૂળતા કૃત્રિમ ઉપગ્રહને (Satellite) આર્યભટ્ટ, વગેરે નામ આપવામાં આવ્યા છે.

**(9) ગણિત :** છેક વૈદિક કાળમાં ગણિતક્ષેત્રમાં અદ્વિતીય પ્રદાન રહ્યું હતું. શૂન્યની શોધ, દશાંશ પદ્ધતિ તથા સંખ્યાઓની શોધ થઈ ચૂકી હતી. બીજગણિત, અંકગણિત રેખાગણિત વગેરેમાં આર્યભટ્ટે બહુ જ ગહન વિચારો આપ્યા છે. ભાસ્કરાચાર્યનો લીલાવતી ગ્રંથ ગણિતનો ઉચ્ચ કોટિનો ગ્રંથ છે. નેમિચન્દ્રના ત્રિલોકસારમાં ક્ષેત્રમતિની સરળ રીતો રજૂ કરવામાં આવી છે.

**(10) વ્યાકરણ શાસ્ત્ર :** વ્યાકરણનું સૂક્ષ્માતિસૂક્ષ્મ (Microlend) વિશ્લેષણ જે સંસ્કૃત ભાષામાં થયું છે. તેવું વિશ્વની કોઈ ભાષામાં હોવું સંભવ નથી. સંસ્કૃત દુનિયાની અગ્ર ભાષાઓ પૈકીની એક ગણાય છે. તેમાં વ્યાકરણની બારીક ખૂબીઓનો ફાળો નાનો સૂત્રો નથી. પાણિનિની અષ્ટાધ્યાયી, કાન્યાયનનું વાર્તિક તથા પતંજલિનું મહાભાષ્ય વ્યાકરણના ક્ષેત્રમાં અજોડ ગ્રંથો ગણાય છે. સંસ્કૃત સુસંબંધ સુગ્રથિત વ્યાકરણ બદ્ધ ભાષા આવા મહાપુરુષોના યોગદાનને લીધે ગણાય છે. એ સિવાય ડૉ.ભાંડરકરની 'સંસ્કૃત માર્ગોપદેશિકા' તેમ જ સિદ્ધાંત કૌમુદી અને લઘુ કૌમુદી જેવાં ગ્રંથો અભ્યાસુ અને ખરેખર જિજ્ઞાસુ વ્યક્તિઓ માટે સુલભ છે.

**(11) કોશકાર્ય :** કોશની રચના સુગમ કે સરળ નથી. જે આપણે ગમે તે ભાષાનો કોશ જોઈએ (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી) ત્યારે સમજાય છે. છતાં ઉપરોક્ત ભાષાઓમાં ઘણીવાર આપણે જોઈતો શબ્દ કે અર્થ ન મળે તેવા કોશોનો ઉપયોગ કરનારને અનુભવ થયા વિના ન જ રહે. જ્યારે સંસ્કૃતમાં અમરસિંહનો સંસ્કૃત શબ્દોનો પ્રાચીન સંગ્રહ છે. આપ્ટેનો સંસ્કૃત-હિન્દી કોશ વર્તમાનનો આધારભૂત કોશ છે.

આ ઉપરાંત સાહિત્યક્ષેત્રમાં છંદશાસ્ત્ર, કાવ્યાલંકાર, ભાષાવિજ્ઞાન વગેરે ક્ષેત્રોમાં સંસ્કૃત વિદ્વાનોનું અણમોલ પ્રદાન છે. સાહિત્ય, સંગીત, કલા, નાટ્ય, શિલ્પ સ્થાપત્ય વગેરેમાં પણ સંસ્કૃતનું અતિશય મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. ભરત નાટ્યમમાં નાટ્યશાસ્ત્રની વિશદ છણાવટ કરવામાં આવી છે.

આ ઉપરાંત જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, યંત્રવિદ્યા વગેરેમાં સંશોધકોનો વિપુલ સામગ્રી મળી રહે તેટલું કાર્ય સંસ્કૃતમાં થયું છે.

**પ્રકીર્ણ :**

અંતે સુભાષિતોને તો કેમ જ ભૂલાય ? તેઓ અણુકાવ્ય છે. સુભાષિતના સીમાડા સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ, ગ્રહો, નક્ષત્રો અને સૂર્યચંદ્ર સુધી વિસ્તરેલાં છે. તેમાં એકાદ નાના સચોટ અને સરળ ઉદાહરણથી જીવનની એકાદ બાબત એવી રીતે સમજાવી હોય છે કે તેમાં દલીલને અવકાશ જ ન રહે. એ સિવાય માત્ર મનોરંજન માટેનાં પણ સુભાષિતો હોય છે. તેમાં દેવ-દેવીઓની પણ ચતુરાઈપૂર્વક રમૂજ કરવામાં આવી હોય છે.આ સુભાષિતો છૂટા છવાયા (કર્તૃત્વ વગરના) પણ હોઈ શકે અથવા કોઈ સંસ્કૃત નાટક અંતર્ગતના શ્લોકો પણ હોઈ શકે કે ભર્તૃહરિનાં શતકો માંહેના પણ હોઈ શકે. સુભાષિતોમાં વૈવિધ્યની દૃષ્ટિએ જોઈએ તો સુભાષિતો, અન્યોકિત, પ્રહેલિકા, પાદપૂર્તિ વગેરે વૈવિધ્ય જોવા મળે છે.

અન્યોક્તિમાં પશુપંખી કે કુદરતનાં તત્ત્વો (જેમ કે વાદળાં, વાયુ, સમુદ્ર)ની સાથે વાત કરવામાં આવી હોય છે. પણ તે એટલા બધા સચોટ હોય છે કે માનવજીવનમાં કોને કેવી રીતે લાગુ પડે છે તે નાનું બાળક પણ સમજી જાય.

પ્રહેલિકા એટલે આપણે ગુજરાતીમાં જેને ઉખાણાં કહીએ છીએ તેવી રચના હોય છે.

પાદપૂર્તિમાં પહેલાં એક છેલ્લી પંક્તિ આપવામાં આવે. જેનો અર્થતદ્દન વિપરીત લાગે. પણ પછી ઉપર ત્રણે પંક્તિઓ એવી ગોઠવવામાં આવે કે છેલ્લું ચરણ સાર્થક બને.

દા.ત. मृगात सिंहः पलायते । હરણથી સિંહ નાસે છે. આ દેખીતું, ખોટું જ લાગે પણ જ્યારે આખો શ્લોક વાંચીએ ત્યારે સાર્થક લાગે. દા.ત.

कस्तूरिः जायते कस्मात्

को हन्ति करिणां शतम् ।

किं करोति कापुरुषः रहो

मृगात् सिंहः पलायते પહેલાં ત્રણ પ્રશ્નો

પછી તેના સળંગ જવાબ. જેમ કે કસ્તૂરિ હાથીઓને કોણ મારી નાખે ? (સિંહ) બાયલો માણસ યુદ્ધના મેદાનમાં શું કરે છે ? (નાસી જાય છે)

સુભાષિતને રસાસ્વાદ કરાવવા માટે એક ગ્રંથ પણ ઓછો પડે. માટે સુભાષિતની પ્રશંસાના બે શ્લોક જ અહીં જોઈશું.

"पृथिव्यां त्रिणि रानानि, जलं अव्झां सुभाषितम् ।

मूढैः पाषाणखण्डेषु रानसंज्ञा विधीयते ॥"

પૃથ્વીમાં ત્રણ રત્નો છે. પાણી, અનાજ અને સુભાષિત, મૂર્ખાઓ પત્થરના ટુકડાને રત્નનું નામ આપે છે.

"द्राक्षोम्लानमुखीजाता शर्करा चाश्मतां गता ।

सुभाषितरसंदृष्टवा सुधामिता दिवं मता ॥"

દ્રાક્ષ કાળા મોઢાવાળી થઈ ગઈ (ક્ષોભીલી પડી ગઈ) સાકર પથરો (ગાંગડો) બની ગઈ અને સુભાષિતનો રસ જોઈને ડરી ગયેલ સુધા (અમૃત) સ્વર્ગમાં જતી રહી.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો

**(1) સંસ્કૃત ભાષાના સમૃદ્ધ વારસા વિષે પાંચ વાક્યો લખો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(2) ચારે વેદોનાં નામ આપી તેમનો મુખ્ય વિષય કયો છે. (તેઓ શાના વિશે છે) તે જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(3) સંસ્કૃતમાં આવરી લેવાયેલાં ક્ષેત્રો પૈકી ત્રણ ક્ષેત્રોમાં મુખ્ય પ્રદાન કરનાર વિદ્વાનોનાં નામ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(4) સંસ્કૃત ગદ્યના ત્રણ લેખકોના નામ આપી તેમની કૃતિઓનાં નામ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(5) સ્મૃતિઓની સંખ્યા કેટલી માનવામાં આવે છે ? તેમાં સૌથી વધુ પ્રખ્યાત કઈ છે ?**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..............................................................................

## 3.4 સારાંશ

સંસ્કૃતને દેવ ભાષા પણ કહે છે. સંસ્કૃતના અભ્યાસથી માણસમાં સંસ્કારનું સિંચન થાય છે. પ્રત્યેરક ભારતીયનાં જીવનમાં સંસ્કૃતિની પ્રત્યેક તરાહમાં સંસ્કૃતની અનુપસ્થિતિ કલ્પવી પણ મુશ્કેલ છે. સંસ્કૃતના સમૃદ્ધ વારસામાં જરાક અવગાહન કરતાં પણ એક પ્રતીતિ ચોક્કસ થાય છે, કે આજે આપણે આપણા યુગને જ્ઞાન વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો યુગ કહીએ છીએ. અને પ્રગતિનો ગર્વ લઈએ છીએ તે તમામ ક્ષેત્રો આજથી હજારો વર્ષ પહેલાં વિધાનો બેડી ચૂક્યાં છે. અને આજે પણ કોઈપણ વિષયના સંશોધન માટે સંસ્કૃતના ભંડારમાંથી ઘણો સંભાર મળી રહે તેમ છે. વળી સંસ્કૃત વિદ્વાનોએ જે અનેક ક્ષેત્રો ખેડ્યાં છે. તેમાં અમુક બાબતોમાં તો વિશ્વમાં સર્વપ્રથમ નવીન શોધની ભેટ વિશ્વને આપનાર આપણા સંસ્કૃતના વિદ્વાનો જ છે. સંસ્કૃતના બહુમુખી સમૃદ્ધ વારસાનું સાદ્યન્ત દર્શન અને અભ્યાસ લગભગ અસંભવિત છે. માત્ર આપણે તેની ઝલક મેળવી શકીએ અથવા તેની આભાથી થોડાઘણા અંજાઈ શકીએ.

વળી એક વાત એ પણ નોંધવા જેવી છે, કે સંસ્કૃત ભાષાના ભંડારમાં ઉત્કૃષ્ટ કોટીના વિજ્ઞાનથી માંડીને સામાન્ય બાળક સુધીના માટે વિપુલ સંભાર વિદ્યમાન છે. આજે હવે સંસ્કૃતનું મહત્ત્વ સમજાતાં તેને પુનર્જીવિત કરવા પ્રયત્ન થાય છે, તે સારી નિશાની છે. છતાં એટલું કહેવું પ્રસંગોચિત ગણાશે કે સંસ્કૃત ભાષાજીવિત અને ચૈતન્યથી ભરપૂર છે. તેને મૃતભાષા કહેનાર અજ્ઞાની રત્નને પત્થરનો ટુકડો કહે તેવી વાત છે.

## 3.5 સ્વાધ્યાય :

(1) વેદકાલીન સાહિત્યના વેદો-બ્રાહ્મણ ગ્રંથો-આરણ્યકો-ઉપનિષદો વગેરેની નોંધ કરી યાદી બનાવો.

(2) સંસ્કૃતના અગ્રગણ્ય કવિઓ અને તેમની કૃતિઓ તેમજ તેમના જીવનવિષે માહિતી એકત્ર કરો.

(3) સંસ્કૃતના વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન વિષે નોંધ તૈયાર કરો.

(4) સંસ્કૃત સુભાષિતોનો સંગ્રહ કરો.

## 3.6 ચર્ચા માટેના મુદ્દા :

(1) "ભારતીય સંસ્કૃતિ ઉપર સંસ્કૃત કરતાં અંગ્રેજી ભાષાનો અધિક પ્રભાવ છે." કેટલાંક મહાનુભાવોના આ વિધાન વિષે તમારા સ્વતંત્ર વિચારો જણાવો.

(2) સંસ્કૃત ભાષામાં આવરી લેવાયેલાં વિવિધ ક્ષેત્રોની તમારા મિત્રો સાથે ચર્ચા કરી, જરૂરી નોંધ કરો.

(3) સંસ્કૃત સુભાષિતો વિષે એક ટેલન્ટ ઈવનીંગનું આયોજન કરી તમારા મિત્રોને તેમાં સામેલ કરો.

## 3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

(1) संस्कृत शिक्षण ડૉ.શકુંતલા સૈની

(2) संस्कृत शिक्षण શાસ્ત્રી.

(3) સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ- સરસ્વતી પુસ્તક ભંડાર

(4) सुभाषितमञ्जूषा - પ્રા.સુરેશ જ.દવે

બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ

(5) વૈદિક સાહિત્યનો ઈતિહાસ- ડૉ.વસંતકુમાર એમ.ભટ્ટ અને પ્રા.વર્ષા પી.દવે-સરસ્વતી પુસ્તક ભંડાર

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) 1.1 (2) 1.2.1 (3) 1.2.4 (4) 1.2.3 (5) 1.2.4 (3)

# એકમ 4

# ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું યોગદાન

## : એકમનું માળખું :

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 ભારતીય ભાષાઓનાં વિકાસમાં સંસ્કૃતનું યોગદાન**

**4.2.1 ભારતીય ભાષાઓનો પરિવાર**

**4.2.2 ભારતીય આર્યભાષા પરિવાર અને આધુનિક ભાષાઓનો ઉદ્ભવ**

**4.2.3 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું પ્રદાન**

**4.2.4 ગુજરાતી-હિન્દી પર સંસ્કૃતનો પ્રભાવ.**

**4.3 તમારી પ્રગતિ ચકાસો**

**4.4 સારાંશ**

**4.5 સ્વાધ્યાય**

**4.6 ચર્ચા માટેના મુદ્દા**

**4.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 1.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે-

(1) ભારતીય ભાષા પરિવારમાં સંસ્કૃતનું સ્થાન સમજી શકશો.

(2) ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું પ્રદાન સમજી શકાય.

(3) ગુજરાતી-હિન્દી ભાષા પર સંસ્કૃતનો પ્રભાવ સમજી શકશો.

(4) સંસ્કૃત શીખવાથી અન્ય કોઈપણ ભારતીય ભાષા પ્રમાણમાં વધારે સરળતાથી શીખી શકાય છે તે સમજી શકશો.

## 4.1 પ્રસ્તાવના

સંસ્કૃત ભાષા દુઃખની દૃષ્ટિએ ભારત-યુરોપીય કુળની ભાષા છે. વિશ્વની અગ્રિમ ભાષાઓમાં તે આગવું સ્થાન ધરાવે છે. ભારતની ભાષાઓ ઉપરાંત ઘણી યુરોપીય ભાષાઓ સંસ્કૃતની ઋણી છે. વિશાળ સાહિત્ય, સૂક્ષ્મ વ્યાકરણ વિચાર, શબ્દોમાં થોડા ફેરફાર પ્રત્યય, ઉપસર્ગ વગેરેથી બનતા અનેક સૂક્ષમ ભાવવાહી શબ્દો અને વિશાળ શબ્દસમૂહ તેમજ સુશ્લિષ્ટ વાક્ય રચના ઉપરાંત સંધિ, સમાસન કારણે સંસ્કૃતભાષામાં આવતું લાઘવ (જે કોઈપણ ભાષાનો અગત્યનો ગુણ છે) વગેરેને કારણે સંસ્કૃત વરિષ્ઠ સ્થાન તો ધરાવે જ છે. ઉપરાંત એક દિશા વડલા સમી સંસ્કૃત ભાષા પોતાની અસંખ્ય વડવાઈઓ (ભાષાઓ)ના કારણે પણ અત્યંત મહત્ત્વ ધરાવે છે. આપણી ભાષામાં પણ ઘણા સંસ્કૃત તત્સમ, તદ્ભવ શબ્દોનો બહોળો ઉપયોગ થાય છે. અને તેનાથી ભાષામાં એમ ચમત્કૃતિ આભા ઉત્પન્ન થાય છે. એક નાનકડું ઉદાહરણ જોઈએ.

"નિશાળમાં છોકરાઓની પાંખી હાજરીનું કારણ શોધી તેના જરૂરી ઉપાયો યોજવા જોઈએ." આમ કહેવાને બદલે "શાળામાં છાત્રોની અલ્પ ઉપસ્થિતિનાં કારણો શોધી તે માટે આવશ્યક ઉપાયો યોજવા જોઈએ"

આમ કહેવાથી એકજાતની ઉચ્ચતા-સંસ્કારિતાનો ભાવ જાગૃત થાય છે.

## 4.2 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું યોગદાન

ભારતીય ભાષાઓમાં સંસ્કૃતનું અમૂલ્ય યોગદાન છે. એટલું જ નહીં પણ જો સંસ્કૃત ભાષાને ઘડીભર માટે દલીલ ખાતર તદ્દન બાદ કરવામાં આવે એટલે કે તેનું અસ્તિત્વ જ ન સ્વીકારવામાં આવે તો મોટાભાગની ભાષાઓ એકડા વગરનાં મીંડા જેવી થઈ જાય. અથવા અમુક ભાષાઓનું અસ્તિત્વ જ ન રહે. નીચે આપણે આ વાત વિસ્તારથી જોવાના જ છીએ. પરંતુ તે પહેલાં ભારતીય ભાષા પરિવાર અને આધુનિક ભાષાઓના ઉદ્‌ભવ વિષે સંક્ષેપમાં ખ્યાલ મેળવી લઈએ.

### 4.2.1 ભારતીય ભાષાઓના પરિવાર

ભાષાઓની ઉત્પત્તિ સંબંધમાં ભિન્ન ભિન્ન મતો (ધર્મ, સંપ્રદાય) અનુસાર પોતાની ભાષાને અગ્રિમ અથવા દૈવી માનતા હોય છે. જેમ કે ટેસ્ટામેન્ટની હીબ્રુભાષાને એ લોકો દૈવી માને છે. અને સૃષ્ટિના પ્રારંભકાળમાં ભગવાને આદમ અને ઈવને આપી છે. ઈસ્લામમાં કુરાનને ખુદાના કલામ માનવામાં આવે છે. એવી રીતે ઘણા લોકો એમ માને છે કે માણસ જન્મની સાથે જ એક ભાષા શીખીને આવે છે અને તે ભાષા ઈશ્વર નિર્મિત છે.

જ્યારે આધુનિક વિદ્વાનો ભાષાની ઉત્પત્તિ સંબંધી કેટલાંક અગત્યના સિદ્ધાંતો પ્રતિપાદન કરે છે. જેમ કે ધાતુ સિદ્ધાંત, અનુકરણ સિદ્ધાંત, મનોભાવાહિત વ્યક્તિ સિદ્ધાંત, ઈંગિત સિદ્ધાંત, ટાટા સિદ્ધાંત, સંગીત સિદ્ધાંત, સમન્વય સિદ્ધાંત વગેરે. આ બધા સિદ્ધાંતોના સમન્વિત રૂપને સમન્વય સિદ્ધાંત કહે છે.

આ સંબંધમાં વિદ્વાનોમાં અભિપ્રાય- (ખાસ કરીને સંસ્કૃતના સંદર્ભમાં) મુજબ ભારતીય ભાષાઓનું વર્ગીકરણ નીચેના જ વ્યાપક પરિવારોમાં થઈ શકે છે.

**(i) ભારત-યુરોપીય (ભારોપીય)**

(ii) દ્રાવિડ

આ બે પરિવારો મુખ્ય છે. જ્યારે તિબેટ-બર્મા વગેરેનું સ્થાન મહત્ત્વપૂર્ણ નથી.

(i) ભારત-યુરોપીય પરિવાર : આ પરિવારમાં નિમ્નભાષાઓ સમાવિષ્ટ છે.

| | | |
|---|---|---|
| (1) સંસ્કૃત | (2) હિન્દી | (3) પંજાબી |
| (4) કાશ્મીરી | (5) ઉર્દૂ | (6) બંગાળી |
| (7) આસામી | (8) ઉડિયા | (9) મરાઠી |
| (10) ગુજરાતી | | |

**(ii) દ્રવિડ પરિવાર :**

(1) તામિલ (2) તેલુગુ (3) મલયાલમ (4) કન્નડ

ઉપરોક્ત તમામ ભાષાઓ પૈકી એક સંસ્કૃતને બાદ કરતાં બાકીની તમામ ભાષાઓ અર્વાચીન છે. અને જુદાં જુદાં પ્રદેશોમાં બોલાય છે.

સંસ્કૃતનો સંબંધ ઐતિહાસિક દૃષ્ટિએ ભારતીય બાષાઓ સાથે છે. એ પરિવાર પ્રાચીન આર્યોનો ભાષા પરિવાર હતો. વિશ્વના ઈતિહાસની દૃષ્ટિએ આર્યોનું મૂળ નિવાસ સ્થાન ભારત તેમજ યુરોપમાં વિશાળ ભૂભાગમાં હતું. આ પુરાતન આર્યજાતિ જુદાં જુદાં સમયે અનેક દૂરદૂરના પ્રદેશોમાં સ્થાયી થઈ અને તે સાથે તેમની ભાષાઓમાં પણ પરિવર્તન થતું રહ્યું.


### 4.2.2 ભારતીય આર્યભાષા પરિવાર અને આધુનિક ભાષાઓનો ઉદ્‌ભવ :

પ્રથમ વૈદિક સંસ્કૃત બાદ પાતાંજલ સંસ્કૃતભાષા અને પછી આધુનિક સંસ્કૃત ભાષાનો ઉદ્‌ભવ થયો. આ સંસ્કૃત ભાષાના બે ભાગ પડ્યા. (i) સાહિત્યિક સંસ્કૃત અને (ii) પ્રાકૃત આ પૈકી પ્રાકૃત

ભાષામાંથી પૈશાચી, શૌર સેની, અર્ધમાગધી માગધી અને મહારાષ્ટ્રી પ્રાકૃત એવા પાંચ ફાંટા થયા. તેમાંથી જે તે પ્રાકૃતના જ અપભ્રંશો થયા. તેમાંથી અર્ધમાગધીમાંથી પૂર્વી હિન્દી અને અવધીનો ઉદ્ભવ થયો. મહારાષ્ટ્રી અપભ્રંશમાંથી મરાઠીનો વિકાસ થયો. જ્યારે માગધી અપ્રભંશમાંથી બંગાળી, બિહારી, આસામી અને ઉડિયાનો વિકાસ થવો અને શૌરી સેની અપ્રભંશમાંથી ગુજરાતી, રાજસ્થાની, પંજાબી અને પશ્ચિમી હિન્દીનો જન્મ થયો. પશ્ચિમી હિન્દીમાંથી ખડીબોલી અને ટકસાલી હિન્દી અને વ્રજભાષાનો પ્રાદુર્ભાવ થયો. આમ સંસ્કૃતમાંથી ગુજરાતી ભાષા સુધી ગુજરાતી નીચેના મુજબના તબક્કામાંથી પસાર થઈ.

સંસ્કૃત-પ્રાકૃત-શૌરસેની પ્રાકૃત- શૌરસેની અપભ્રંશ- ગુજરાતી

આ બાબત નીચેના કોઠા ઉપરથી સ્પષ્ટ થશે.




### 4.2.3 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું પ્રદાન

કલકત્તા રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ઈન્ડિયાના ઉદ્ઘાટન પ્રસંગે સરવિલિયમ જોન્સે (ઈ.સ.1786) કહ્યું હતું કે ગ્રીક અને લૅટિન ભાષા સાથે સંસ્કૃતનું ઘણું સામ્ય છે.

નીચેનું ઉદાહરણ જુઓ.

| સંસ્કૃત | ગ્રીક | લૅટિન | જર્મન | અંગ્રેજી |
|---|---|---|---|---|
| पितर् (पितृ) | પાતેર (Pater) | પતેર (Pater) | વાનેર (Pater) | Fatha |

જીવન પર્યંત સંસ્કૃતનો અભ્યાસ કરનાર પાશ્ચાત્ય પંડિત મેક્સમૂલરે કહ્યું છે.

જો આદિમનો મતલબ આર્યજાતિની પહેલાંના લોકો હોય અને જેઓ પોતાના અસ્તિત્વના સાહિત્ય ચિહ્ન પોતાની પાછળ મૂકી ગયા હોય તો હું કહું છું કે વૈદિક કવિ આદિમ છે

યુરોપખંડ અને એશિયા ખંડની ભાષાઓ વચ્ચેનું સામ્ય આક્સ્મિક ન હોઈ શકે. આથી એવો સંભવ હોઈ શકે આ ત્રણેય ભાષાઓ (સંસ્કૃત, ગ્રીક, લેટિન)ની પણ કોઈ યુરોગામી ભાષા હશે. આ પ્રવચનથી પ્રેરાઈને ભાષાના કેટલાંક અભ્યાસીઓ જગતની વિશેષ કરીને યુરોપ અને ઍશિયાની બોલાતી અને લિખિત સ્વરૂપ સંગ્રહાલયેલી ભાવનાઓની જનેતા સમી પ્રાગે-ઐતિહાસિક કાળની લુપ્ત થઈ ગયેલી 'ઈન્ડોયુરોપિયન ભાષા'ની શોધમાં લાગી ગયા. આ અભ્યાસને 'તુલનાત્મક ભાષા શાસ્ત્ર' (Computeline Philogy) નામ આપવામાં આવ્યું છે. આ અભ્યાસ થકી ભાષાઓની ઉત્ક્રાંતિ તેમના પરસ્પરના આંતર સંબંધો અને ભાષાપરિવર્તનનાં કારણો અને સ્વરૂપોનું જ્ઞાન હાથ લાગ્યું છે.

આ અભ્યાસથી જાણવા મળ્યું છે કે ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું પ્રદાન અસાધારણ છે. જેમ કે 'ભારત-યુરોપીય ભાષા કુળ' ની અંતર્ગત ભારત-ઈરાની (Indoa-Iranian) શાખા છે તેના બે લિખિત દસ્તાવેજો છે (1) વેદ (2) ઝેન્દ અવેસ્તા. આમાંથી ઋગ્વેદમાં વપરાયેલી જે સંસ્કૃત ભાષા છે. તેમાંથી કાલક્રમે વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ વગેરે મહાનુભાવોએ વાપરેલી 'અલૌકિક સંસ્કૃત ભાષા'નો વિકાસ થયો છે. (તેને પ્રશિષ્ટ સંસ્કૃત ભાષા પણ કહે છે) ત્યારબાદ મહાવીર અને બુદ્ધે ધર્મોપ્રદેશ માટે ગ્રામીણ સમુદાયોમાં વપરાતી જે ભાષા પ્રયોજી તે અને પાલિ તેમ જ પ્રાકૃત ભાષાઓ આવે છે. સમગ્ર ભારત વર્ષમાં આ પાલિ- પ્રાકૃતમાંથી વિકસેલી બીજી અનેક પ્રાંતીય બોલીઓ અસ્તિત્વમાં આવી છે. જે બાબત ઉપરના કોષ્ટકમાંથી જાણી શકાશે. ટૂંકમાં વૈદિક સંસ્કૃત ભાષા ભારતીય આધુનિક ભાષાઓની વડદાદી છે એ વાત નોંધવા લાયક છે. જગતમાં અત્યારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો અકલ્પ વેગથી વિકાસ થઈ રહ્યો છે. ત્યારે જુદી જુદી વસ્તુઓ, યંત્રો, વ્યવહારો વગેરેને માટે ભાષાઓ અભિવ્યક્તિ માટે નવા શબ્દભંડોળની જરૂર ઊભી થશે. ત્યારે ભારત જેવાં બહુભાષી દેશમાં સંપૂર્ણ રીતે વિકસિત એવી સંસ્કૃત ભાષા જ નવીનત્તમ વિચારો, યંત્રો તેમની પ્રક્રિયા વગેરે માટે નવા શબ્દો કેવી રીતે બનાવવા તેનું વ્યાકરણની રીતે સફળ માર્ગદર્શન પૂરું પાડી શકાય છે કે જે અસંખ્ય નવી અર્થ છટાઓ અને સૂક્ષ્મ અર્થછાયાઓને બહુ સફળ રીતે અભિવ્યક્ત કરી આપે છે.

વળી, સંસ્કૃત ભાષામાં થયેલા અગણિત શાસ્ત્રોના વિકાસ પૈકી વ્યાકરણ શાસ્ત્ર બહુ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સંસ્કૃત વ્યાકરણ ગ્રંથોના અભ્યાસથી ઘણી બધી ભારતીય ભાષાઓની પ્રકૃતિ સમજવામાં ઘણી સુગમતા ઉત્પન્ન થાય છે. આ ગ્રંથોને આધારભૂત, પ્રામાણિક અને શ્રદ્ધેય ગણવા સામે કોઈ શંકા ઉત્પન્ન કરવાની જરૂર નથી.

(અત્રે એક અતિશય નાનકડું ઉદાહરણ જોઈએ.)

જેમ કે સંબંધક ભૂતકૃદન્ત પ્રત્યય ત્વો, યે, ત્યે છે.

| | સંસ્કૃત | ગુજરાતી | હિન્દી | |
|---|---|---|---|---|
| દા.ત | गत्वा | જોઈને | जाकर | |
| | विजित्य | જીતીને | जितकर | |
| | अनुगम्य | અનુસરીને | पीछेजाकर | |
| | त्या, य, त्य - ઈને कर | | | |
| | હેત્વર્થ કૃદન્ત | | | |
| | कर्तुम् | કરવા માટે | करनेके लिए | करण्यासाठी |

| | | | |
|---|---|---|---|
| સંસ્કૃત | ગુજરાતી | હિન્દી | મરાઠી |
| तुम् – | वा माटे – | के लिए – | साठी – वगेरे |

આ ઉપરાંત ભારતનાં દક્ષિણનાં રાજ્યોમાં પ્રાચીન કાળમાં જે દ્રવીડિયન ભાષા કુળની (તેલુગુ, તમિલ, મલયાલમ, કન્નડ વગેરે) ભાષાઓ વિકસી હતી તેના ઉપર પણ કાલક્રમે સંસ્કૃતે પ્રચંડ પ્રભાવ પાડ્યો છે. દક્ષિણ ભારતનું સાહિત્ય હોય કે વ્યવહારમાં વપરાતી બોલી હોય પણ તે તમામમાં સંસ્કૃત ભાષાના તત્સમ અને તદ્ભવ શબ્દોનું પ્રમાણ 50 ટકા કરતાં પણ વધુ છે. આમ પ્રાદેશિક ભાષાઓનું સામર્થ્ય, ઓજસ અને સમૃદ્ધિ મહદ્અંશે સંસ્કૃતને આભારી છે, એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. આથી જ ડૉ.વિશ્વનાથ પ્રસાદે કહ્યું છે-

"The development of the common chararteristics camong modern indian Languages may be attributed to the fact that the tramework of their vocabulary may and Literyideas has been always supported by sonskrit.

એવી રીતે ડૉ. રાજગોપાલાચારીના શબ્દો પણ જુઓ, "Sanskrit and Language of mearly all modern languages and language in which the culture of India is largly eunsurined, can and...... to be demand a national responsibility."

ઉપરનાં બંને વિધાનો સંસ્કૃત ભાષાના ભારતની અન્ય ભાષાઓ ઉપરના પ્રભાવને વ્યક્ત કરે છે. હવે આપણે કેટલીક ભાષાઓ ઉપર સંસ્કૃતનો પ્રભાવ કઈ રીતે પડ્યો છે તે જોઈશું.

નીચેનાં ઉદાહરણો તમે વાંચો ત્યારે બે વાત લક્ષમાં રાખજો. (i) વાક્યરચના બધી ભાષામાં સંસ્કૃત જેવી જ છે. (જ્યારે અંગ્રેજીની વાક્ય રચના તદ્દન ભિન્ન પ્રકારની છે) (ii) સરેરાશ બધી ભાષામાં સંસ્કૃત તત્સમ કે તદ્ભવ શબ્દોની સંખ્યા કેટલી છે તે જોજો.

| | | | |
|---|---|---|---|
| (1) | સંસ્કૃત | : | ओ ! आगच्छतु उपविशतु । |
| | ગુજરાતી | : | ओहो ! આવો બેસો |
| | હિન્દી | : | ओहो ! आन्रुद्मये बैठिये । |
| | ઉર્દુ | : | ओहो ! आन्रुद्मये, तशरीफ रखिये |
| | મરાઠી | : | ओहो ! आ, बसा । |
| | સિંધી | : | ओहो ! अचो, विहो. |
| | પંજાબી | : | ओहो ! आओ बैठोय |
| | કાશ્મીરી | : | वलिव विहिव |
| | બંગાળી | : | ऐन्रुद्मजे, आसुन, बसुन । |
| | આસામી | : | ओ ! आहक, बहक । |
| | ઉડિયા | : | ओहो ! आसन्तु, बसन्तु । |
| | તેલુગુ | : | ओहो ! ददचेयम्डि, कूर्योण्डि । |
| | તામિલ | : | अडे अडे ! वारुव्रुद्मङ्वल, उट्कारेड्घल |
| | મલાયમ | : | ओ ! वरन, न्रुद्मरिक्कू |
| | કન્નડ | : | ओहों ! बव्न्र्मि कुळितु कोळिळ. |
| (2) | સંસ્કૃત | : | रात्रौ नववादनादूर्ध्वं आमच्छतु |
| | ગુજરાતી | : | રાતે નવ વાગ્યા પછી આવજો. |
| | હિન્દી | : | रातमें नौ बजे के बाद आन्रुद्मये । |
| | ઉર્દુ | : | रातमैं नौ के बाद आन्रुद्मये. |

| | | |
|---|---|---|
| મરાઠી | : | रात्री नवानन्तर या |
| સિંધી | : | रात्रि गो नवें रवां पोरुद्य अचिजो |
| પંજાબી | : | राती नौबजे पिच्छों आणा |
| કાશ્મીરી | : | कालूचन दिचिव नवि पतु |
| બંગાળી | : | रात नटरा पर आसुन |
| આસામી | : | राति न बजार पिचत आहिव |
| ઉડિયા | : | राति नहा परे आसन्तु |
| તેલુગુ | : | रात्रि तोम्मिदि तरुवाता राहि |
| તામિલ | : | रात्तिरि ओम्ब दुक्कु मेले कारङ्गळ. |
| મલયાલમ | : | रात्रि ओम्पतिनुं शेषम् वरन |
| कव्ड्याड | : | रात्रे ओवत्तु घंटेय अनन्तर बव्हिा |

અહીં બે જ વાક્યો આપ્યા છે. પણ ઘણાં ઉદાહરણો જોવાથી વધુને વધુ વૈવિધ્ય (વિવિધ જાણકારી) પ્રાપ્ત થાય. વળી આ બે ઉદાહરણોથી એ પણ ખ્યાલ આવશે કે કઈ કઈ ભાષાઓ નજીકનો સંબંધ ધરાવે છે.

હવે આપણે સંસ્કૃતનો કેટલીક પ્રાદેશિક ભાષાઓ ઉપર કેવી રીતે પ્રભાવ પડ્યો છે તે જોઈશું.

**(1)** **ગુજરાતી :** ગુજરાતી ભાષાની શબ્દ સમૃદ્ધિ સંસ્કૃતને આભારી છે. ગુજરાતી વાકયનો રસાસ્વાદ માણવા માટે સંસ્કૃતિનું જ્ઞાન આવશ્યક છે. ઉપરાંત મૂળાક્ષરથી માંડીને સંધિના નિયમો, સમાસો, ઉપસર્ગો, અલંકારો, છંદો, તદ્ધિત પ્રત્યયો વગેરે સંસ્કૃતના જ્ઞાન વગર સમજવા મુશ્કેલ છે. (આ વિષે વિસ્તારથી નીચે 1.2.4 માં જોઈશું)

**(2)** **હિન્દી :** ગુજરાતીની માફક જ હિન્દી ભાષા પણ સંસ્કૃત તત્સમ શબ્દો, સંધિ-સમાસ વગેરે સહિત વ્યાકરણ વિષયક બાબતોમાં સંસ્કૃતની ઋણી છે.

**(3)** **મરાઠી :** મરાઠી ભાષા સંસ્કૃત અને પ્રાકૃતની ઋણી છે. મરાઠી ભાષામાં 46 ટકા સંસ્કૃત તથા 50 ટકા પ્રાકૃત શબ્દો છે. આમ મરાઠી ભાષાની સમૃદ્ધિ મુખ્યત્વે સંસ્કૃત અને પ્રાકૃતને આભારી છે. આ અંગેના એક અહેવાલમાં નીચે મુજબ નોંધ છે.

"It was nearest and brought up lay Sanskrit. There are nearly 46% Words in mearathi, which have been adopted as they were in Sanskrit and 50% of Preakit words"

**(4)** **પંજાબી :** પંજાબી ભાષામાં સંસ્કૃત ભાષાની મૃદુતાની અસર જોવા મળે છે. પંજાબી ભાષામાં છેક વૈદિક સંસ્કૃતના કેટલાંક શબ્દો જોવા મળે છે. પંજાબી ભાષાના સાહિત્ય તેમજ લેખનશૈલી પર સંસ્કૃત ભાષાની અસર જોવા મળે છે.

**(5)** **કાશ્મીરી :** કાશ્મીરી ભાષા પર પણ સંસ્કૃતની ભારે અસર જોવા મળે છે, અને આપણા બંધારણે 14 અગત્યની ભાષાઓમાં તેનો સમાવેશ કરેલો છે.

**(6)** **બંગાળી :** બંગાળી ભાષા પણ અન્ય કેટલીક ભાષાઓની માફક સંસ્કૃતની પૌત્રી છે. સંસ્કૃતમાંથી પ્રાકૃત અને પ્રાકૃતમાંથી બંગાળી ભાષાનો જન્મ થયો છે.

**(7)** **આસામી :** બાળકોને સંસ્કૃતનું જરૂરી જ્ઞાન મળી રહે તે માટે સંસ્કૃત વ્યાકરણના કેટલાંક મહત્ત્વના સિદ્ધાંતો આસામી ભાષામાં સમાવી લેવામાં આવ્યા છે.

**(8)** **ઉડિયા :** આ ભાષા હજી પણ સંસ્કૃત ભાષાના બધા જ મૂળાક્ષરોના ઉચ્ચારણોને અનુસરે છે.

**(9)** **તામિળ :** આ ભાષા દ્રવીડિયન કુળની હોવા છતાં સંસ્કૃત દ્વારા સમૃદ્ધ બની છે. ડૉ.એસ.કે. ચેટરજીના શબ્દો જુઓ -

"The Literture in Telugu, Kannad and malyalam are in the same pan-indian Hindu spint, while in the old Tamil, Sanskrit works are used comparatively sparing by in later Tamil the number of Sanskrit words is on in crease"

**(10) મલાયલમ :** આ દ્રવીડિયન કુળની ભાષા છે. આ ભાષાની શબ્દ સમૃદ્ધિ, વાક્ય રચના અને વ્યાકરણ ઉપર સંસ્કૃતનો પ્રભાવ જણાય છે. આ અંગે સંસ્કૃત ભાષા ઉપરના અખિલ હિન્દ અહેવાલમાં આ મુજબ નોંધ છે.

"Thought Kannad belongs to Dravidian group of languages, it has been influenced by sanskrit in its vocabulary, prosody, grammmer and poetics"

આ બધી વિચારણાને અંતે એ ફલિત થાય છે કે ભારતની ઉપર જણાવેલી બધી જ ભાષાઓ ઉપર સંસ્કૃતની ખૂબ જ અસર છે. અને સંસ્કૃતના કારણે જ પ્રાદેશિક ભાષાઓ શબ્દ સંપત્તિ અને વિચાર સમૃદ્ધિની બાબતમાં પુષ્ટ થઈ છે.

### 4.2.4 ગુજરાતી-હિન્દી પર સંસ્કૃતનો પ્રભાવ

ગુજરાતી અને હિન્દીની વાત કરીએ તો કઈ બાબતમાં સંસ્કૃતનો પ્રભાવ નથી એ કહેવું મુશ્કેલ છે. સમગ્ર વ્યાકરણ, શબ્દો તેમજ વાક્ય રચના દરેક બાબતમાં સંસ્કૃત ભાષાનો પૂરેપૂરો પ્રભાવ જણાય છે. છતાં જ્યાં થોડો ઘણો તફાવત પડે છે તે તરફ ધ્યાન દોરવા પ્રયત્ન કરીશું. પ્રભાવથી ચકાસણી તબક્કા વાર કરવાથી તાત્પર્ય વધારે સ્પષ્ટ થશે. તો સર્વપ્રથમ તો મૂળાક્ષરથી જ શરૂ કરીએ.

#### 4.2.4.1 મૂળાક્ષર :

(લિપિ જુદી હોવા છતાં) ત્રણેય ભાષાના મુળાક્ષર તો એક જ છે. અંગ્રેજીમાં મૂળાક્ષરના કુલ 26 અક્ષરો છે. તેમાં સ્વર વ્યંજન ભેગા છે. તેની પાછળ કોઈ વૈજ્ઞાનિકતા જણાતી નથી. વળી સ્વરોનો ઉચ્ચાર પણ નક્કી નહીં. ક્યારેક વ્યંજન હોય છતાં ઉચ્ચાર ન થાય. જેમ કે, Hour, સ્વરોનો ઉચ્ચાર ક્યારેક સ્વર જેવો થાય તો ક્યારેક વ્યંજન જેવો જેમ કે Umbrella, University ક્યારેક જે વ્યંજનમુદ્દલ ન હોય તેનો પણ ઉચ્ચાર થાય. દા.ત. લેફ્ટેનન્ટમાં F છે જે નહીં. તેની સામે સંસ્કૃત મૂળાક્ષરની વાત કરીએ તો 13 સ્વર અને 33 વ્યંજન અલગ. સ્વરોમાં હ્રસ્વ-દીર્ઘ, સજાતીય, સંયુક્ત વગેરે વર્ગીકરણ, વ્યંજનોમાં ઉચ્ચાર સ્થાન પ્રમાણે છેક નીચેથી લઈને બહાર ઓષ્ઠ સુધી પાંચ પાંચના પાંચ વર્ગોમાં વર્ગીકરણ, તેમાં પણ અઘોષ અને ઘોષ, વળી દરેક વર્ગનો અનુનાસિક. ઉપરાંત એક વ્યંજન અલ્પ પ્રાણ અને બીજો મહાપ્રાણ- દા.ત. ક K, ખ, Kh, ગ G, ઘ Gh વગેરે. આમ સંસ્કૃત મૂળાક્ષર ખૂબ જ વૈજ્ઞાનિક દૃષ્ટિનો પૂરાવો આપે છે. તે મૂળાક્ષર ગુજરાતી-હિન્દીમાં મૂળ સ્વરૂપે જ સ્વીકારવામાં આવ્યા છે. છતાં નીચેની બાબતોમાં કોઈ વિદ્વાનો વિચાર કરી નિર્ણય આપે તો મૂળાક્ષર સર્વાંગ સંપૂર્ણ થઈ શકે.

(અ) क्ष, ज्ञ જોડાક્ષર હોવા છતાં મૂળાક્ષરમાં સ્થાન પામ્યા છે. (ગુજરાતી-હિન્દીમાં) તેમાં પણ ज्ञ તો ઉચ્ચાર પણ ખોટો કરવામાં આવે છે ज्ञ ખરેખર, ज् + रूखद्मा નો બનેલો છે. છતાં તેનો ઉચાર 'ગ્ન' એવો થાય છે.

(બ) ऋ અને ॠ નો સાચો ઉચ્ચાર કદાચ આપણે જાણતા ન હોઈએ તેમ બને કારણ કે તે બંને સ્વર હોવા છતાં વ્યંજનનો ઉચ્ચાર સ્પષ્ટ સંભળાય છે.

દા.ત. ऋ અને રુ, અને ॠ અને 'रू' આ બંને ઉચ્ચારમાં શો તફાવત જણાય છે ?

ॡ સ્વર (નો ઉચ્ચાર) લુપ્ત પ્રાયઃ છે, તેને કમી કરવામાં વાંધો નથી. વૈદિક સંસ્કૃતમાં ळ હતો ત્યારે બાદ ळ નું સ્થાન ल એ લીધું છે. જેમકે કાળીદાસ कालीदास.

(ક) આપણે ગુજરાતીમાં જેને બદલે 'સ' લખીએ છીએ પણ ઉચ્ચાર જુદોં કરીએ છીએ તેને માટે એકાદ ધ્વનિસંકેત (લિપિ ચિહ્ન) હોય તો. જેમ કે સાત, સાડલો, સાડી, સાવરણી. સારુ વગેરેમાં આપણે જુદોં ઉચ્ચાર કરીએ છીએ. જ્યારે સસલું, સત્તર, સત્તા, સતાધાર, સાથે, સમુદ્ર, સાગર વગેરેમાં સ્પષ્ટ રીતે 'સ' જ બોલીએ છીએ.

મૂળાક્ષર બાદ હવે શબ્દોનો વિચાર કરીએ.

#### 4.2.4.2 શબ્દો

સંસ્કૃત વાક્યના વિશાળ તત્સમ, તદ્ધિત શબ્દભંડોળનું આ બંને ભાષામાં એટલું મોટું પ્રદાન છે કે ક્યારેક તો આપણે ભાષાભેદ ભૂલી જઈએ. વળી સંસ્કૃત શબ્દો વાપરવાથી ભાષામાં એક અનોખી આભા અથવા ઓજસ પ્રગટે છે. દા.ત. 'રૂપાળો જણ' એવું કહેવાને બદલે 'સુંદર યુવક' કહીએ તો કેવું લાગે ? આમ તો આ બધું દર્શાવવા માટે એક ગ્રંથ જોઈએ, પણ થોડી આછેરી ઝલક જોવા પ્રયત્ન કરીએ.

**વિશેષણો :** સુંદર, સુશીલ મનોહર, રમ્ય, કરુણ, રૌદ્ર, ભયાનક, આદ્ર, શ્વેત, શ્યામ, ધવલ, શુભ્ર, લઘુ, ગુરુ, હ્રસ્વ-દીર્ઘ, આયત, વિશાલ (વિશાળ), કુશલ (કુશળ), પ્રલંબ, ઉચ્ચ, નિમ્ન, અભિમુખ, અધોમુખ, સુલોચના, કોમલ, ઉગ્ર, ચતુર, પ્રાજ્ઞ, ઉદ્ધત, મધુર, કુષાય, કટુ, લવણ, સ્નિગ્ધ, સમાંતર, સમાન, મૂર્ખ, વિદગ્ધ, મંદ, શીઘ્ર, સૌમ્ય, શાંત વગેરે.

**નામ :** શિક્ષક, શિષ્ય, છાત્ર, છાત્રાલય, અધ્યાપક નિવાસ, અતિથિગૃહ, શાલા (શાળા), આચાર્ય, પ્રાચાર્ય, હસ્ત, ચરણ, નયન, ચક્ષુ, લોચન, કટી, નૂપુર, કર્ણભરણ, અંજલિ, સ્કન્ધ, કર્ણ રેખા, ચતુષ્કોણ, પ્રમેય, વર્તુલ, અશ્વ, ગર્દભ, ધ્યાન, ગજ, ધેનુ સર્પ, નદી, પર્વત, સરોવર, વન,વૃક્ષ, લતા, વર્ગખંડ, ગ્રામ, નગર, નગરી, મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલય વગેરે.

**ધાતુ :** वद् (વદવું), भण् (ભણે-કહે), धाव् (ધાવું, દોડવું), लिख (લખવું), पूज् (પૂજવું), गन् (જન્મવું), વગેરે.

**અવયવો :** કદાપિ, કદાચિત, સર્વદા, યથા, તથા વગેરે.

આ ઉપરાંત વાક્ય રચના ત્રણેય ભાષામાં સમાન છે (અંગ્રેજીની વાક્યરચના તદ્દન જુદી પડે છે.)

દા.ત. रामः सीतया सह वनं अगच्छत् । - સંસ્કૃત

राम सीताके साथे वनमें गये । - હિન્દી

રામ સીતા સાથે વનમાં ગયા. - ગુજરાતી

એ સિવાય નામની ત્રણ ઓળખાણ લિંગ, વિભક્ત અને વચન.

**લિંગ :** ત્રણ છે. પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ-સં.નરજાતિ, નારીજાતિ, નાન્યતર જાતિ-ગુ.હિન્દીમાં લિંગ બે જ છે. પુ.સ્ત્રી.

**વિભક્તિ :** નામની વિભક્તિએ 7 + 1 સંબંધિત છે. એ વ્યવસ્થા ત્રણેય ભાષાઓમાં છે.

**વચન :** સામાન્ય રીતે બધી ભાષા (ગુજરાતી, હિન્દી સહિત)માં બે વચન હોય છે. એક વચન, બહુવચન જ્યારે સંસ્કૃતમાં ત્રણ વચન છે. એક વચન, દ્વિવચન, બહુવચન (વચન = સંખ્યા)

**પુરુષ :** ત્રણેય ભાષામાં ત્રણ પુરુષની સાથે જે તે ધાતુના જે તે કાળના, કે જે તે અર્થના (આજ્ઞાર્થ, વિધ્યર્થ)નાં રૂપો બોલાય છે.

પ્રથમ પુરુષ (હું, અમે, मैं, हम, अहम् - वयम्)

દ્વિતીય પુરુષ (તું, તમે, तू, तूम)

તૃતીય પુરુષ (તે, તેઓ, वह, वै, सः ते)

(તૃતીય પુરુષ એકવચનનાં રૂપો અંગ્રેજી તેમજ સંસ્કૃતમાં લિંગ પ્રમાણે થાય છે. બાકીનાં પુરુષ વાચક સર્વનામો લિંગનિરપેક્ષ છે. જેમ કે He, She, It, सः, सा, तद्)

આમ ટૂંકમાં વિરલ તફાવતો સિવાય, વ્યાકરણનું સમગ્ર માળખું ગુજરાતી-હિન્દી બંનેમાં સંસ્કૃત આધારિત છે.

ઉપર આપણે શબ્દોમાં નામ, વિશેષણ, અવયવ ધાતુ વગેરે વિષે જોયું. પણ તે સિવાય સંસ્કૃતના કોઈને કોઈ રૂપ ભાષામાં કેવી રીતે પ્રચલિત છે. તે જોઈશું. આમ કરતાં વ્યાકરણની પણ યત્કિંચિત સેવા થશે.

**કર્મણિભૂત કૃદન્ત :** તેનો પ્રત્યય त કે ऋन्नत ધાતુના જુદાં જુદાં અંત્યાધીર સાથે સંધિ થતાં વિવિધ રૂપો જોવા મળે છે. ગુજરાતીમાં તેનો પ્રત્યય લો, લી, લું,લાં છે. એટલે કે કૃદન્તો નામનાં લિંગ- વચન લે છે. માટે તે વિશેષણ રૂપ છે. જેમ કે લાડવો (ખાધેલો) ચોપડી (વાંચેલી), ચિત્ર (જોયેલું) અક્ષરો (ભૂસેલા) વગેરે. હવે નીચે થોડાંક ઉદાહરણો ક.ભૂ.દ.નાં આપ્યાં છે તે વાંચો.

गत (ગત), ગત, નત, પ્રણત, સૃષ્ટ, છિન્ન, ભિન્ન, સિદ્ધ, શુદ્ધ, રૂઢ, ભક્ત, દષ્ટિ, દગ્ધ, આપ્ત, પ્રાપ્ત, મૂઢ, મુગ્ધ, મુક્ત, લિખિત, રચિત, દષ્ટ, ભૂત (પૂર્વ), અનુભૂત, ઉપલબ્ધ, પ્રારબ્ધ, દુદ્ધ, બુદ્ધ, પ્રશસ્ત, નીત (વિનીત), શક્ત, ભુક્ત, વગેરે.

વળીએ પણ નોંધવા જેવું છે કે કર્મણિ ભૂતકૃદન્તો વિશેષણ રૂપ છે. પણ તેમને અંતે ऋन्न કારાન્ત કરવામાં આવે તો સ્ત્રી લિંગ વાચકનામ બને છે. જેમ કે

ગતિ, પ્રણતિ, સૃષ્ટિ, શુદ્ધિ, રૂઢિ, ભક્તિ, ઈષ્ટિ, પ્રાપ્તિ, મુક્તિ, દષ્ટિ, અનુભૂતિ, ઉપલબ્ધિ, બુદ્ધિ, પ્રશાસ્તિ વગેરે.

આ ઉપરાંત સંસ્કૃતમાં શબ્દ નિર્માણથી પ્રચંડ વ્યવસ્થા હોવાથી, જાતજાતના સંધિ કે સમાસથી નિષ્પન્ન થયેલા શબ્દો અસંખ્ય નામો કે વિશેષણો બને છે. જેમ કે

નર + ઈશ = નરેશ, નર + ઈન્દ્ર = નરેન્દ્ર. એજ રીતે સુરેશ, સુરેન્દ્ર, મહેશ, મહેન્દ્ર, ભૂપેશ, ભૂપેન્દ્ર, યોગેશ યોગેન્દ્ર, કલ્પેશ, દેવેશ, દેવેન્દ્ર વગેરે.

એજ રીતે શિવાનંદ, મુક્તાનંદ, દેવાનંદ વગેરે.

સંસ્કૃતમાં ઉપપદ સમાસો છે. તેમાં શબ્દની પાછળ ધાતુ ઉપરથી બનેલો ટૂંકો પ્રત્યય લગાડવામાં આવે છે. તેનાથી 'આમ કરનાર' એવો અર્થ થાય છે. દા.ત. जन् (ज = જન્મ્યું) दा = (દેવું) कृ (कार = કરવું) વગેરે હવે એ રીતે બનેલા શબ્દો જુઓ. દા.ત. સુખ = સુખદેનાર, અગ્રજ = આગળ જન્મનાર, મોટાભાઈ વગેરે હવે એવાં થોડાં જુદાં જુદાં ધાતુઓથી બનેલા શબ્દોનુને ક્ષિતિજ, ખનિજ, મૂર્ધજ, તનુજ (તનુની, સ્ત્રીલિંગ), મનોજ, મનસિજ, સરોજ, સરસિજ, દ્વિજ (બેવારજન્મનાર) વગેરે. કુંભકાર (કુંભાર), લોહકાર (લુહાર), સુવર્ણકાર (સોનાર), ગ્રંથકાર, સંગીતકાર, ચિત્રકાર વગેરે.

સુખદ, દુઃખદ, મોક્ષદા (સ્ત્રી) વગેરે (દ=દેનાર)

ભૂપ, નૃપ, મહીપ, (પ=પાળનાર)

મધુપ, (પ=પીનાર), દ્વિપ (બેવસ્તુ-સૂંઢ અને મોઢું-થી પાણી પીનાર) = હાથી, પાદપ (પગેથી પીનાર=વૃક્ષ) વગેરે ધરણીધર, મહીધર, ભૂધર, ચક્રધર, ધનુર્ધર (ધારણ કરનાર) વિશ્વંભર (મૃ = ભરણ પોષણ કરનાર) વગેરે.

દ્વિગુ સમાસ = આમાં શબ્દ આગળ સંખ્યા વાચક શબ્દ લગાડવામાં આવે છે જેમ કે દ્વિગુ=બે ગાય)

પણ જો આ સામાસિક શબ્દ વિશેષણ રૂપ હોય તો તે બહુવ્રીહિ સમાસ કહેવાય છે.

દા.ત.ત્રિલોક- ત્રણ લોકનો સમૂહ-દ્વિગુ.

ત્રિલોચન- ત્રણ છે લોચન જેનાં તે (શંકર)બહુવ્રીહિ.

હવે આવાં કેટલાંક ઉદાહરણ જોઈએ.

ત્રિલોક, ત્રિલોચન, ત્ર્યંબક, ત્રિપાદ, ચતુષ્પાદ, ચતુર્માસ (ચોમાસું) નવરાત્રિ, સપ્તાહ, અષ્ટાધ્યાયી, ષડ્રસ, રાસ્રધારા, ષડંગ, (વેદ), પંચમાત્ર, પંચાંગ, દશાવતાર વગેરે.

આ સિવાય વિવિધ સામાસિક શબ્દો પણ ગુજરાતી- હિન્દીમાં પુષ્કળ પ્રમાણમાં વપરાય છે. જેમ કે

મુનિવર, મુનિવર્ય, યોગેશ્વર, માતા-પિતા, ઘનશ્યામ, ભાષાંતર દેશાન્તર, વિષનાન્તર, પક્ષાંતર, મહાદેવ, મહારાજ, મહર્ષિ, ધ્રુમનલિકા, પાદવીઠિકા, સિંહાસન, મદૂરાસન, યથાશક્તિ પ્રતિદિન, યથામતિ, પ્રતિ વર્ષ, સહકુટુંબ, સવિનય, સાનંદ, આશ્ચર્ય, સકુતૂહલ, સાભિનદ, વિદ્યાગુરુ, દેવાલય, શિવાલય, ઋણગ્ણાલય, સચિવાલય, હિમાલય, ભોજનાલય, રોજગાર સંચાલનાલય, શૌચાલય, ભરતર્ષભ, કવિવર, કથીન્દ્ર, જ્યોતીન્દ્ર પરીક્ષા વગેરે.

**વિધ્યર્થ કર્મણિકૃદન્ત :**

તેનો પ્રત્યય ય, तव्य, अनीय છે. તેનો અર્થ 'વાલાયક વાને પાત્ર, શકાય તેવું, વાયોગ્ય વગેરે થાય છે. તે શબ્દો વિધિ નિષેધ કે સંભવ કે શક્યતા દર્શાવે છે.'

દા.ત. निन्द – निंद्य, निंदनीय, निंदितव्य. વગેરે.

આવાં ઘણાં કૃદન્તો ગુજરાતીમાં પ્રચલિત છે. (ઉપર તેન અર્થ આપેલા છે. એના પ્રકાશમાં આ શબ્દો તમને વધારે સ્પષ્ટ અર્થમાં સમજાશે.)

દા.ત. નિન્ધ, ખાદ્ય, સ્મરણીય, પ્રાતઃસ્મરણીય, અવિસ્મરણીય, પૂજ્ય, પેય, કર્તવ્ય, માન્ય, મનનીય, માનનીય, વંદનીય, પૂજનીય, રમણીય, ત્યાજ્ય, વર્જ્ય, ભોજ્ય, પેય, શોભનીય, મન્તવ્ય વગેરે.

આ ઉપરાંત અમુક સંસ્કૃત મૂળ નામોની એકાદ વિભક્તિનું રૂપ ગુજરાતી-હિન્દીમાં મૂળ શબ્દ તરીકે પ્રચલિત થયું હોય છે.

દા.ત. ऋ કારાન્ત રૂપોનું પ્રથમ એ.વ.ગુજરાતી ભાષામાં મૂળ શબ્દ તરીકે આવ્યું હોય છે. જેમ કે पितृ પિતા.

એ જ રીતે પિતા, માતા, ભ્રાતા, ભર્તા, કર્તા, હર્તા, સેહર્તા, ભમાતા, નેતા, દાતા, ઉદ્‌ગાતા, વિધાતા, રચયિતા વગેરે.

એજ રીતે न् કારાન્ત રૂપોનો न् લોપ થવાથી અથવા न् પાછળ ऱुद्ध લગાડવાથી (સ્ત્રીલિંગ) નામો બન્યા. જેમણે (राजन्) રાજા, આત્મા (नामन) નામ, કર્મ, (शशिन्) શશી, શિખંડી, મોહિની, કામિની, મંદાકિની, સ્રોતસ્વિની, મૃણાલિની, દામિની, ભગવાન્, શ્રીમાન, ભગવતી, શ્રીમતી,

આમ ટૂંકમાં સંસ્કૃતનો તમે જેટલો ઉંડાણથી અભ્યાસ કરો તેટલું તમારું શબ્દભંડોળ તો વધે જ પણ, સાથો સાથ તે શબ્દો તેમના સાચા અર્થમાં તમને સમજાય. હવે સંસ્કૃતના એક વિશિષ્ટ રૂપ તરફ ઈંગિત કરીશું.

**च्वि રૂપ :**

(આમ તો દુનિયા આખીની ક્રિયા બે ધાતુમાં સમાય. દા.ત. કાંતો તમે કંઈક 'કરો' (कृ) અથવા તમે કંઈક 'થાઓ' (भू) એટલે કે (to do અથવા to be)

હવે આ બંને ધાતુ कृ અને भू નાં ગમે તે રૂપ (ક્રિયાપદ, કૃદન્ત)ને કોઈપણ શબ્દ સાથે ऱुद्ध (દીર્ઘ ઈ) લગાડીને સળંગ શબ્દ બનાવવામાં આવે તેને च्वि રૂપ કહે છે.) જેમ કે हरितीकृता પીળા કર્યા, अङ्गीकरोतिः સ્વીકાર કરે છે. मयूरूभवतिः મોર બને છે.

તો આવા સંસ્કૃત च्वि રૂપો તમે ગુજરાતીમાં વાપરો છો. પણ હવે તેમને च्वि રૂપ કહેવાય એમ તમને યાદ આવશે. कृ (કરવું) ઉપરથી 'કરણ' અમે भू (થવું) ઉપરથી 'ભવન' પ્રત્યય લગાડી ગુજરાતીમાં તૈયાર થયેલાં રૂપોનાં થોડાં ઉદાહરણો જુઓ.

અમલીકરણ, બાષ્પીભવન, ધનીભવન, સ્ફટિકીકરણ, વનીકરણ, પક્ષાંતરીકરણ, સામાજિકીકરણ, સ્ફટિકીભવન, વિસ્તૃતીકરણ, સશક્તીકરણ, વૈશ્વિકીકરણ, ઔદ્યોગિકીકરણ, વન્ધ્યીકરણ, ફલીકરણ, વિદ્યુતીકરણ, એકીભવન, એકત્રીકરણ,ઊર્ધ્વીકરણ વગેરે.

એ સિવાય સંસ્કૃતમાં એક સતી સપ્તમીનો પ્રયોગ થાય છે.

જેમ કે रामे वनंगते, रावणः सीतां अहरत्

જ્યારે રામવનમાં ગયા ત્યારે રાવણ સીતાને હરી ગયો. ગુજરાતીમાં આપણે કહીએ છીએ કે 'જ તે દહાડે' (આમાં સતી સપ્તમીની છાંટ જોઈ શકાય.)

હવે નમૂના દાખલ થોડા તદ્‌ભવ શબ્દો પણ જોઈ લઈએ. दन्तकः (દાંતો), हस्तरकः (હાથો), हस्तः (હાથ), मस्तकम् (માથું), मातृस्वसा (માશી), वितस्ति (વ્હેંત)

આ ઉપરાંત મૂળાક્ષર એક જ હોવાથી સંધિના નિયમો પણ સંસ્કૃતના જ ગુજરાતી- હિન્દીને લાગુ પડે.

દા.ત.ઈત્યાદિ, ભવન, નીડર, નિરંજન, નિરાકાર, દુર્ગમ, દુષ્કાળ, શ્રીમચ્છંદ્રાચાર્ય વગેરે.

વળી છંદો પણ સંસ્કૃતના જ બેઠે બેઠાં ગુજરાતીમાં અપનાવવામાં આવ્યા છે જેમ કે -

શિખરિણી, મંદાક્રાન્તા, પૃથ્વી, માલિની, ઈંદ્ર વજ, ઉપેન્દ્રવજ, શાર્દૂલવિક્રીડિત, હરિણી, દ્રુત વિલંબિત, શાલિની, વસંતતિલકા વગેરે.

સમાસોના પ્રકારો પણ સંસ્કૃત પ્રમાણે જ અપનાવવામાં આવ્યા છે. જેમ કે

માતાપિતા, દંપતી, રાજાજ્ઞા, શિવાલય, મુનીન્દ્ર, ઘનશ્યામ, પીતાંબર, જિતેન્દ્રિય, કુમલનય, ચોમાસું, નવરંગ, ત્રિલોક, પંકજ, મધુપ વગેરે.

**એજ રીતે અલંકારો પણ-**

વર્ણાનુપ્રાસ, યમક, અન્ત્યાનુપ્રાસ, ઉપમા, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, અનન્વય, અર્થાન્તરન્યાસ, દષ્ટાન્ત, વગેરે પણ સંસ્કૃતની જ દેણ છે. આમ ભાષાનું એકપણ અંગ એવું નથી કે જેમાં સંસ્કૃતનો પ્રભાવ ન હોય.

આ ઉપરાંત વહીવટી શબ્દોમાં સંસ્કૃત જ પ્રમુખ સ્થાન ભોગવે છે. જેમ કે અધ્યક્ષ, સભાપતિ માહોદય, પ્રમુખ, નિગમ, આયોગ, સભા, પરિષદ, મંડલ, સંગઠન, પરિસંવાદ, કાર્યશાલા વગેરે.

ટૂંકમાં મૂળાક્ષરથી માંડીને તમામ વ્યાકરણ વિષયક બાબતોમાં તેમજ વિશાળ શબ્દભંડોળની બાબતમાં કે વાક્યરચનાની બાબતમાં ગુજરાતી અને હિન્દી બંને ભાવો સંસ્કૃતની અત્યંત ઋણી છે. વળી સંસ્કૃતમાં સંગ્રહાયેલ વિપુલ વિચાર સંભારનો લાભ મળે તે અલગ.

## 4.3 તમારી પ્રગતિ ચકાસો.

**(1) ભારત-યુરોપીય પરિવારમાં કઈકઈ ભાષાઓ સમાવિષ્ટ છે ?**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**(2) દ્રાવિડ પરિવારમાં કઈ કઈ ભાષાઓ સમાવિષ્ટ છે.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**(3) સંસ્કૃત અને ગુજરાતી ભાષા વચ્ચેની અવાંતર ભાષાઓ ક્રમવાર જણાવો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**(4) ગુજરાતી અને હિન્દી ભાષા પર સંસ્કૃતના વ્યાપક પ્રભાવ વિષે ટૂંકમાં જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 4.4 સારાંશ

સંસ્કૃત ભારત-યુરોપીય કુળ ભાષા છે. વૈદિક સંસ્કૃતથી માંડીને શિષ્ટ સંસ્કૃત સુધીમાં પુષ્કળ, સમૃદ્ધ અને વિદ્વતાપૂર્ણ સાહિત્યનું સર્જન થયું છે. માનવજીવનનાં અનેક ક્ષેત્રો સંસ્કૃત ભાષામાં ખેડાયાં છે. અને કોઈપણ જિજ્ઞાસુ સંશોધકને સંસ્કૃત ભાષા જ સંતોષ આપી શકે તેમ છે. ગ્રીક, લેટિન તેમજ સંસ્કૃત અગ્રીમ ભાષાઓ ગણાય છે. સંસ્કૃતનો અનેક ભારતીય ભાષાઓ ઉપર ઘેરો પ્રભાવ છે. ગુજરાતી અને હિન્દી ભાષામાં તો મૂળાક્ષરથી માંડીને સમગ્ર વ્યાકરણ તેમજ વિશાળ તમામ તત્સમ અને તદ્‌ભવ શબ્દોના ભંડોળ સુધી સંસ્કૃતનો વ્યાપક પ્રભાવ રહ્યો છે. સંસ્કૃતના અધ્યયનથી ભારતની ઘણીખરી આધુનિક ભાષાઓ શીખવાનું સરળ બને છે. સંસ્કૃતના પ્રભાવથી ભાષાઓમાં એક પ્રકારનું ઓજસ, એક દિવ્યઆભા, કે આભિમન્ય પ્રગટ થતું હોય તેવો ભાસ થાય છે.

## 4.5 સ્વાધ્યાય :

(1) સંસ્કૃત કયા કુળની ભાષા છે તે વિષે નોંધ લખો.

(2) સંસ્કૃતનું કઈ કઈ ભાષાઓના વિકાસમાં પ્રદાન છે તે જણાવો.

(3) ગુજરાતી અને હિન્દી ભાષા પર સંસ્કૃતના પ્રભાવ વિષે વિસ્તારથી લખો.

(4) સંસ્કૃત મૂળાક્ષરની ખૂબ જ વૈજ્ઞાનિક રીતે રચના કરવામાં આવી છે. (અંગ્રેજી ભાષાની આ બાબતમાં તુલના કરી) તે ઉદાહરણો આપી સિદ્ધ કરો.


## 4.5 સ્વાધ્યાય :

(1) સંસ્કૃત કયા કુળની ભાષા છે તે વિષે નોંધ લખો.

(2) સંસ્કૃતનું કઈ કઈ ભાષાઓના વિકાસમાં પ્રદાન છે તે જણાવો.

(3) ગુજરાતી અને હિન્દી ભાષા પર સંસ્કૃતના પ્રભાવ વિષે વિસ્તારથી લખો.

(4) સંસ્કૃત મૂળાક્ષરની ખૂબ જ વૈજ્ઞાનિક રીતે રચના કરવામાં આવી છે. (અંગ્રેજી ભાષાની આ બાબતમાં તુલના કરી) તે ઉદાહરણો આપી સિદ્ધ કરો.


## 4.6 ચર્ચા માટેના મુદ્દા

(1) સંસ્કૃતના મૂળાક્ષરમાં કોઈ પરિવર્તનની જરૂર છે ?

(2) ‘સંસ્કૃત અનેક ભાષાઓની વડદાદી છે’- ચર્ચો

(3) ‘ગુજરાતી અને હિન્દી ભાષા પર સંસ્કૃતનો વ્યાપક પ્રભાવ છે.’ ચર્ચો.

## 4.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો :


(1) વૈદિક સાહિત્યનો ઈતિહાસ ડૉ.વસંતકુમાર ભટ્ટ અને પ્રા.વર્ષા પી.દવે, સરસ્વતી પુસ્તક ભંડાર

(2) ભારતીય વ્યવહારકોશ (16 ભાષાઓનો શબ્દકોશ) વિશ્વનાથ દિનકરનરવણે

(3) संस्कृत शिक्षण पद्धति – આચાર્ય સીતારામ ચતુર્વેદી

(4) સંસ્કૃત શિક્ષણ - શાસ્ત્રી

(5) The Languages of India, Kaleidos scopic survey : An our India Publication, Madras 1950.

## 4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(1) 1.2.1 (2) 1.2.1 (3) 1.2.2 (4) 1.2.3

એકમ 5

# સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો

## : એકમનું માળખું :

**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો**

- **5.2.1 શિક્ષકની સજ્જતા (Competence)**
- **5.2.2 શિક્ષકની સમર્પિતતા**
- **5.2.3 અધ્યાપન પદ્ધતિ**
- **5.2.4 શૈક્ષણિક સાધનો**
- **5.2.5 દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણોનો ઉપયોગ**
- **5.2.6 સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન**
- **5.2.7 સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન**
- **5.2.8 લોકપ્રિય માધ્યમોનો ઉપયોગ**
- **5.2.9 સંસ્કૃત ખંડ-જરૂરિયાત, સજ્જતા અને ઉપયોગ**
- **5.2.10 સંસ્કૃત ભાષા સાહિત્યનું પુસ્તકાલય**
- **5.2.11 સંસ્કૃતનું કારકિર્દી તરીકે મહત્ત્વ**
- **5.2.12 સંસ્કૃત શિક્ષણમાં પ્રવૃત્તિઓ**

**5.3 તમારી પ્રગતિ ચકાસો**

**5.4 સારાંશ**

**5.5 સ્વાધ્યાય**

**5.6 ચર્ચા માટેના મુદ્દા**

**5.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 5.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે-

(1) સંસ્કૃતિની ઉપયોગિતા સમજશો.

(2) સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો વિષે જાણશો.

(3) તમારી મૌલિક કલ્પનાથી પણ આવા કેટલાંક વધારે ઉપાયો સૂચવી શકશો.

(4) સંસ્કૃતને લોકપ્રિય બનાવવામાં તમારું યોગદાન આપવા પ્રોત્સાહિત થશો.

(5) તમારા મિત્રો સાથે આ ઉપાયો વિષે ચર્ચા કરી શકશો.

## 5.1 પ્રસ્તાવના

આપણા દેશમાં શિક્ષણને ઉત્તરોત્તર વધારે ગુણવત્તા યુક્ત અને જીવનલક્ષી બનાવવા માટેના પ્રયત્નરૂપે અવાર નવાર વિવિધ પંચોની રચના થતી આવી છે. ખાસ કરીને સ્વાતંત્ર્યોત્તરકાળમાં મેકોલેના

માળખાના જરૂરી સુધારા સમજાયા પછી અને પ્રાશ્ચાત્ય કેળવણીના સ્વાર્થી હેતુ વિષે જાગૃતિ આવ્યા પછી આ પ્રવૃત્તિમાં વેગ આવ્યો છે. એ દરમિયાન અત્યાર સુધી લગભગ હાંસિયામાં ધકેલાઈ ગયેલી અને ક્યારેક તદ્દન અનુચિત એવી 'મૃતભાષા'ની છાપનો ભોગ બનેલી સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિમાં તેના વિશાળ યોગદાન અને સંસ્કૃતમાં ખેડાયેલાં વિવિધ અસંખ્ય ક્ષેત્રો અને જે તે ક્ષેત્રના તજ્જ્ઞોએ દુનિયામાં સર્વપ્રથમ આપેલ નવતર વિચારોની દુનિયામાં થતી કદર અને સંસ્કૃત ભાષાના સર્વતોમુખી, વ્યાપક ભંડાર તરફ અંધ ચક્ષુનું ઉન્મિલન થતાં હવે સંસ્કૃતને વ્યાપક પ્રમાણમાં પ્રસિદ્ધિ આપવાના અને લોકપ્રિય બનાવવાના વિવિધ પ્રયત્નો થઈ રહ્યાં છે. અને પ્રાથમિક કક્ષાનાં ધોરણોમાં સરળ સંસ્કૃતની વિદ્યાર્થીઓને સંસ્કૃત પ્રત્યે અભિમુખ કરવાના આશયથી આધુનિક વિષયો સહિત નાના મોટા પ્રસંગો ઉપર પાઠો રચીને પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. તે એક શુભચિહ્ન છે. આ બાબતમાં સરકાર તરફથી થયેલા પ્રયત્નો ઉપર એક ઉડતી નજર નાખી લઈએ.

છેક 1956 સુધી સંસ્કૃત ભાષા પર પૂરતું લક્ષ્ય આપવામાં આવ્યું નહતું. પણ 1-1-1956 ના રોજ ડૉ.સુનીતિકુમાર ચેટરજીની અધ્યક્ષતામાં રચાયેલ સંસ્કૃત પંચનો અહેવાલ તા. 30-11-1957 ના રોજ દેશના શિક્ષણ મંત્રાલયને સોંપવામાં આવ્યો ત્યારે તેમાં નીચેના ઉદ્દેશો નિશ્ચિત કરવામાં આવ્યા હતા.

(1) વિશ્વ વિદ્યાલયો અને અન્ય સંસ્થાઓમાં સંસ્કૃત શિક્ષણ માટેની મોજણી હાથ ધરવી.

(2) સંસ્કૃત શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવા માટે સંશોધનો હાથ ધરવા.

(3) સંસ્કૃત શિક્ષણની જૂની પદ્ધતિઓનો અભ્યાસ કરી તેમાંથી ઉપયુક્ત લાગે તેવા મુદ્દાને નૂતન પદ્ધતિમાં આવરી લેવા.

જોકે, રાધાકૃષ્ણન્ અને મુદ્દાક્લિયર કમીશને સંસ્કૃતના સ્થાન અંગે કેટલીક ભલામણો કરેલી. પણ સંસ્કૃતના શિક્ષણ અંગે સર્વગ્રાહી અભ્યાસ કરવા માટે સંસ્કૃત પંચની નિમણૂક કરવામાં આવેલી. તે પંચની ભલામણોમાં નીચેના જેવી બાબતોનો સમાવેશ થયો હતો.

**ભલામણો** - માધ્યમિક શાળામાં સંસ્કૃત શિક્ષણ ફરજિયાત, બધા વિદ્યાર્થીઓએ 3 ભાષા શીખવી જોઈએ. માતૃભાષા, સંસ્કૃત (અથવા અરબી, ફારસી)અને અંગ્રેજી શાળામાં સંસ્કૃત શીખવવા માટે ઓછામાં ઓછા પાંચ વર્ષનો સમય રાખવો. પાલી અને પ્રાકૃતને સંસ્કૃતના વિકલ્પ તરીકે શીખવવી ન જોઈએ. માતૃભાષાના લાંબા અભ્યાસક્રમને ટૂંકાવીને સંસ્કૃત શિક્ષણને વધુ સમય ફાળવવો જોઈએ વગેરે.

ટૂંકમાં આપણી સંસ્કૃતિ અને રાષ્ટ્રીય એકતાની દૃષ્ટિએ ભારતની ગિર્વાણગિરા તરીકે ગૌરવ પામેલ, ડહાપણ અને જ્ઞાનના અક્ષયનિધિ સમી સંસ્કૃત ભાષાને માત્ર પુનર્જીવિત કરવા જ નહીં પણ તેના ગૌરવને શોભે તેવું મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રદાન કરવા માટે પ્રયત્નશોલ થવું તે પ્રત્યેક વિદ્યાપ્રેમીનું પરમ કર્તવ્ય છે.

## 5.2 સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો :

આપણામાં એક કહેવત તમે સાંભળી હશે. 'દેવનું માહત્મ્ય તેના પૂજારીમાં', 'વાડ વગર વેલો ન ચડે' વગેરે. સંસ્કૃતમાં એક સૂક્તિ છે.

गुणाः कुर्वन्ति दूतत्वं दूरेऽपि वसतां सताम् ।

केतकीगन्धमाघ्राय स्वयंमायान्ति षट्पदाः ॥

સજ્જનો દૂર હોય તો પણ તેમના ગુણો જ તેમનું દૂતકાર્ય (પ્રચાર, પ્રસાર) કરે છે. (તેમને એજન્ટની જરૂર નથી.) કેતકીની સુગંધ સૂંઘીને ભમરાઓ પોતાની મેળે જ પાસે આવે છે.

પણ એની સામે એ પણ વિચારવાનું કે સામે પક્ષે ભમરા જેવો સુજ્ઞ (કદરદાન) ભોક્તા છે. બાકી તો આંધળા પાસે આયનો, બહેરા પાસે સંગીત, વિરક્ત પાસે સ્ત્રી, ઉજ્જડ જમીનમાં વાવેલ બીજ, મૂર્ખાને આપેલ ઉપદેશ, દુષ્ટને નીતિનો બોધ વગેરે વ્યર્થ જેવાં જ સર્જાયા હોય છે તેમાં શું આશ્ચર્ય ?

એટલે કોઈ અજ્ઞાની માણસ હીરો પત્થર માનીને ફેંકી દે તો તેને ધિક્કારવાને બદલે તેને હીરાની કિંમત

સમજાવવી જોઈએ. જે અજ્ઞાનરૂપી મોહનિદ્રામાં પડેલ હોય તેને સમ્યગ્ જ્ઞાન આપી નેત્રો ઉઘાડવાં જોઈએ ........ એક સૂક્તિમાં કહ્યું છે કે ;

"अमन्त्रोडक्षरो नास्ति नास्ति मूलमनोषधम् ।

अयोग्खः पुरुषः नास्ति योजकस्तत्र दुर्लभः ।।"

મૂળાક્ષરનો કોઈ અક્ષર એવો નથી કે જે મન્ત્રમાં ઉપયોગી ન હોય. કોઈ વનસ્પતિ એવી નથી કે જે કોઈને કોઈ ઔષધ તરીકે કામમાં ન આવે, કોઈ માણસ એવો નથી કે જે બધી રીતે અયોગ્ય (નકામો) હોય. પણ આ બધાના સદુપયોગ કરવા માટે યોજક મળવો મુશ્કેલ છે. માણસ ગમે તેટલો સમૃદ્ધ, સમર્થ કે સશક્ત હોય તો પણ તેને મિત્રો (સહાયકો, પ્રોત્સાહકો)ની જરૂર પડે છે.

"अपि संपूर्णता युक्तैं कर्तव्यां सुह्रदः बुधैः ।

समुद्रः परिपूर्णोडपि चन्द्रोदयमपेक्षते ।।"

પોતે ગમે તેટલા સંપૂર્ણ હોય છતાં ડાહ્યા માણસોએ મિત્રો કરવા જોઈએ. અફાટ જળરાશિથી અત્યંત સમૃદ્ધ હોવા છતાં સમુદ્રને ભરતી આવવા માટે ચંદ્રોદયની અપેક્ષા રહે છે.

તો આપણે હવે આ સંસ્કૃતના બહુવિધિ સમૃદ્ધ ભંડારને પ્રકાશમાં લાવવા માટે ચંદ્રનું કામ કરવા કયા કયા ઉપાયો યોજવા જોઈએ તેનો વિચાર કરીશું.

જોકે ઉપાયોની કોઈ નિશ્ચિત સર્વગ્રાહી, સંપૂર્ણ યાદી આપવાનું શક્ય નથી. આવી બાબતોમાં આમ કરવું કદી શક્ય જ નહોય. છતાં થોડા ઉપાયો નીચે દર્શાવ્યા છે. તે અણુવિસ્ફોટકનું કામ કરે અને તેમાંથી અવનવીન અનેક અન્ય માર્ગો પણ મળી આવે એવી અપેક્ષા છે.

### 1.2.1 શિક્ષકની સજ્જતા

સંસ્કૃતને લોકપ્રિય બનાવવાનો વિચાર કરીએ ત્યારે સર્વપ્રથમ સંસ્કૃત શિક્ષકની સજ્જતાનો વિચાર કરવો રહ્યો. આમ તો આ દરેક વિષયને લાગુ પડતી બાબત છે. પણ સંસ્કૃતની પરિસ્થિતિ અન્ય વિષયોની અપેક્ષાએ ઘણી વિશિષ્ટ છે. હજામથી માંડીને ડોક્ટર સુધી તમામમાં વ્યાવસાયિક સજ્જતા હોવી જ જોઈએ. હજામ અસ્ત્રો ઘેર ભૂલીને આવે અથવા કોઈનો કાન કાપીલે, ડૉક્ટર દવા આપે ત્યારે કોઈની તબિયત વધારે વગડે અથવા ઘણીવાર તો દર્દીએ જાનથી હાથ ધોવા પડે તો એનો શો અર્થ ? સંસ્કૃત શિક્ષકન સજ્જનતાની દૃષ્ટિએ જોઈએ તો બાબતો વિશિષ્ટ મહત્ત્વની છે. (1) વ્યાકરણનું તલસ્પર્શી જ્ઞાન (2) સંસ્કૃત સાહિત્યનું વિશાળ વાચન.

દા.ત.'ગિરીશ' અને 'ગિરિશ'માં શો ફેર ?

गिरीश = गिरि + ऱुद्माश = પર્વતોનો રાજા- હિમાલય

गिरीश = गिरौ शेते ऱुद्मति । પર્વત ઉપર સૂનાર- શંકર.

જોયું ? કેવા એક જ શબ્દમાં સાસરા (હિમાલય) અને જમાઈ (શંકર) સમાઈ ગયા. આ ઉદાહરણમાં સંધિ અને સમાસનું જ્ઞાન જરૂરી હતું.

नरः गच्छति । સાચું કે नरः गच्छन्ति । સાચું ?

સામાન્ય રીતે તો કોઈ પહેલાને જ સાચું કહે. પણ નર નું રૂપ ગણો તો नरः नरौ नराः થાય. પણ नृ નું રૂપ ગણો તો ना नरौ नरः થાય. આમ બંને સાચા. આ નામના રૂપોના જ્ઞાનથી શક્ય બને આવા તો સેંકડો ઉદાહરણ આપી શકાય. પણ આટલું ઈંગિત બસ.

હવે એક અન્ય ઉદાહરણ જોઈએ. દા.ત. નમૂનાનું વાક્ય વાંચવામાં આવ્યું.

प्रतिशष्योडपि हरेः मिनत्ति नामात् । પછી हरि = વિષ્ણુ અને नाम = સર્પ આમ માની શિક્ષક ગુજરાતી કહે કે 'વિષ્ણુનો પડઘો પણ સર્પોને ભાંગી નાખે છે.' કોઇ પૂછે તો સમજાવે પણ ખરા કે વિષ્ણુ શંકરને મળવા જાય એટલે ગરૂડ ને જોઈને શંકર ભગવાનના સર્પો નાસી જાય. કેવી ગમ્મત થઈ ? પણ જો શાકુંતલ વાંચ્યુ હોય, વાલ્યના સંદર્ભની ખબર હોય તો हरि =સિંહ અને नाग =હાથી અર્થ કરી વાક્ય

સારા અર્થમાં સમજાવાય. જયારે આવા કઈ એકલ દોકલ વાક્ય શીખવવામાં આવે ત્યારે જો શિક્ષક વિશાળ સંદર્ભથી સજ્જ હોય તો માત્ર અનુવાદ જ નહીં કરાવતાં તે વાક્યનો સંદર્ભ પણ ટૂંકમાં જણાવી શકે. આમ થવાથી વિદ્યાર્થીને રસ પણ પડે, વાક્ય પણ બરાબર યાદ રહે અને આવું વારંવાર થવાથી સંસ્કૃતના વિશાળ સાહિત્યનો આંશિક પરિચય પણ થતો રહે. અને ધીમે ધીમે પોતે સંસ્કૃત ભાષા-સાહિત્યમાં પ્રવેશ્યો છે એવો એક અહેસાસ પણ થતો રહે.

આ સિવાય પણ શિક્ષક તાલીમ બદ્ધ હોવો જોઈએ. સંસ્કૃત શિક્ષણની વિવિધ પ્રયુક્તિઓનો જાણકાર તો હોવો જ જોઈએ. પણ આ લેખકની દૃષ્ટિમાંતો તાલીમ અને પર્દાફાશ કરતાં પણ અગત્યનું પાસું જો કોઈ હોય તો તે છે મૌલિકતા. દરરોજ કંઈક અવનવું સ્ફૂરવું જોઈએ. નાવિન્યપૂર્ણ પ્રયોગો કરતા રહેવા જોઈએ.

આપણા સાર્થરત્ન આનંદશંકર ધ્રુવે દીવાન બહાદુર અંબાલાલ સાહરલાલ વિષે વિધાન કરતાં જણાવ્યું કે "એક બાજુ તમામ પદ્ધતિઓ મૂકો અને બીજી બાજુ દી.બ. અંબાલાલને મૂકો તો એમ લાગ્યા વગર રહેતું નથી કે આખરે પદ્ધતિ કરતાં મનુષ્યનું મહત્ત્વ વધારે છે. આ ઉપરાંત શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારથી બોલવું કે વાંચવું, મધુરકંઠે સુભાષિતો કે શ્લોકોનું ગાન કરવું વગેરે કૌશલ્યો પણ તેને હસ્તગત હોવા જોઈએ."

पङ्गुं लङ्घयते गिरिम् ને પડગું લઙ્ઘયતે ગિરિમ વાંચે તો તેની પાસેથી શી આશા રાખી શકાય ?

### 5.2.2 શિક્ષકની સમર્પિતતા :

માની લો કે ઉપર જણાવેલ તમામ લાયકાત સંસ્કૃત શિક્ષકમાં છે પણ તે સમર્પિત ન હોય. છાત્રો પ્રત્યે અપાર વાત્સલ્ય ન હોય. સંસ્કૃત વિષય પ્રત્યે છાત્રોને અભિમુખ કરવા સખત પરિશ્રમ કરવાની દાનતને બદલે આરામ કરવાની અને પૈસા કમાવવાની સ્વાર્થી દાનત હોય તો ? કહેવત છે ક 'કૂવામાં હોય તો હવાડામાં આવે.' એ વાત ખરી, પણ કૂવામાં પાણી હોવા છતાં મહેનત કરી બહાર હવાડા સુધી પહોંચાડવામાં ન આવે તો ? કરોડો રૂપિયાની સંપત્તિ હોય પણ એક રૂપિયો પણ કોઈને આપવાની દાનત ન હોય તો ? એમ તો સમુદ્રમાં કેટલી અપાર અને અગાધ જળસંપત્તિ છે. પણ પશુ-પંખી તેમાં ચાંચ કે મોઢું બોળી તરસ છીપાવી શકે ખરાં ?

અંગત રીતે કહું તો સજ્જતા કરતાં પણ વધુ મહત્ત્વ સમર્પિતતાને આપવું જોઈએ. જો સમર્પણની ભાવના હશે તો સજ્જતા ધીમે ધીમે આપોઆપ વધશે. પણ તમામ સજ્જતા હોવા છતાં સમર્પિતતા નહીં હોય તો જ્ઞાન-ભંડારો દૂષણના ધન માફક તિજોરીમાં જ કેદ રહેશે.

### 5.2.3 અધ્યાપન પદ્ધતિ :

એક સામાન્ય છાપ એવી છે કે સરેરાશ વિદ્યાર્થીઓને સંસ્કૃત, ગણિત, અંગ્રેજી વગેરે વિષયો પ્રમાણમાં દુર્બોધ લાગે છે. સંસ્કૃતમાં વ્યાકરણની અતિ સૂક્ષ્મ વ્યવસ્થા ઉપરાંત લખાણ સંધિ મુક્ત હોવાથી સામાન્ય રીતે એવું જોવા મળે છે કે વિદ્યાર્થીઓ કંઠસ્થ, તરજુમાએ અવિચાર-વિસ્તાર વગેરેથી મદદથી પાસ થઈ જાય છે. પણ સંસ્કૃતના હાઉના કારણે કદાચ શિક્ષક સંપૂર્ણ સજ્જ હોય તો પણ વિદ્યાર્થીઓને તે કથા સુધી પહોંચાડવાનો કઠોર પરિશ્રમ કરવામાં થોડી ઉપેક્ષાવૃત્તિ સેવે તેમ પણ બને. પરંતુ સંસ્કૃત નારિયેલ પાક છે. ઉપરનાં છોતરાં કાઢી કાચલીનું આવરણ ભેદ્યા પછી અમૃત ગર્ભનો સ્વાદ માણી શકાય છે. આ માટે વિવિધ પદ્ધતિઓનો મનોવૈજ્ઞાનિક ઉપયોગ કરવાનું કૌશલ્ય અભિપ્રેત છે. જૂની પદ્ધતિમાં સારાં તત્ત્વોનો નૂતન પદ્ધતિઓ સાથે વિનિયોગ કરી શિક્ષણને રસમય બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. સંસ્કૃતના તાસ દરમિયાન કમસે કમ બેથી ત્રણ વખત વિદ્યાર્થીઓ મુખ ઉપર હાસ્ય દેખાવું જોઈએ. ક્યારે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો અને ક્યારે કઈ પ્રયુક્તિ અજમાવવી તેનો વિદ્યાર્થીઓની વય અને જ્ઞાનની કથા લક્ષમાં લઈને વિવેક બુદ્ધિથી નિર્ણય કરવો જોઈએ. સંસ્કૃત ભાષા ધારીએ છીએ એટલી દુર્બોધ નથી. તેવી પ્રતીતિ ધીર-ગંભીર રીતે વિદ્યાર્થીઓને ધીમે ધીમે કરાવવી જોઈએ દા.ત. કોઈ 'वयं गच्छामि' કહેતો પુરુષ વચનની ભાંજગડમાં પડ્યા વગર કહેવાય કે, 'વાહ! આનું ગુજરાતી કેવું સરસ થાય, 'અમે જઉં છું' આમ કરીને વિદ્યાર્થીને સાચી દિશામાં યોગ્ય

પ્રશ્નો પૂછીને વાળી શકાય. વળી કોઈ વિદ્યાર્થી પ્રશ્ન પૂછે તો તેમાંથી ચર્ચા ઉત્પન્ન કરીને આખા વર્ગને તેમાં સાંકળી લેવાય તો કંઈ ને કંઈ જાણવાનું ચોક્કસ મળે. वादे वादे जायते तत्त्व बोधः ચર્ચાના મંથનમાંથી સત્યનું નવનીત પ્રગટે.'

**5.2.4 શૈક્ષણિક સાધનો :**

શિક્ષણમાં શૈક્ષણિક સાધનોનું મહત્ત્વ જેટલું ઓકીએ તેટલું ઓછું છે. દરેક વિષયમાં તેને અનુરૂપ શૈક્ષણિક સાધનો હોય જ છે. જેમ કે નકશો, પ્રયોગશાળાના સાધનો, ચાર્ટ્સ, ચિત્રો વગેરે. શૈક્ષણિક સાધનો વગરનો શિક્ષક એટલે સ્ટેથેસ્કોપ વગરનો ડૉક્ટર. શૈક્ષણિક સાધનોનો સમુચિત ઉપયોગ કરવામાં આવે તો ધાર્યું પરિણામ લાવી શકાય. દા.ત.ગણેશનું ચિત્ર સન્મુખ રાખી નાનો એવો પરિચ્છેદ ભણાવતી વખતે દર્શક (Pointer) ની મદદથી एषा गणेशस्य शुण्हा । एतौ गणेशस्य कर्णो । एषः मूषिकः गणेशस्य यानम् । गणेशाय मोदकाः रोचन्तै । વગેરે તો તમે સમજી શકશો કે કેટલાંક નવા શબ્દો, થોડું લિંગ વિષયક જ્ઞાન, વચન વિષયક જ્ઞાન, વગેરે એક તાસમાં ઘણું સિદ્ધ કરી શકાય. દોડતો છોકરો, ગાયને દોરી જતો છોકરો, કલમથી લખતી છોકરી વગેરેના ચિત્રો અને નીચે વાક્યો અને તેમાં યોગ્ય વિભક્તિવાળાં ચિત્રો નીચે લીટી કરી વિભક્તિ દર્શાવી શકાય. જેમ કે છોકરા નીચે પ્રથમ-વિ., ગાય નીચે બીજી-વિ., કલમ નીચે ત્રીજા-વિ. વગેરે. આ સિવાય પણ ચાર્ટો, વગેરેનો ઉપયોગ કરી શકાય. (એક સફળ સ્વાનુભવ મુજબ) વર્ગખંડમાંથી પણ તમે સેંકડો શૈ.સાધનો ઉત્પન્ન કરી શકો.

નામની વાત લઈએ તો બારી, બારણું, બ્લેક બોર્ડ, ટેબલ, પંખો, દફતર, ડેસ્ક, ચોપડી, નોટબૂક, ડસ્ટર, ચોક, બલ્બ, ખમીશ, પેન્ટ, બટન, પટ્ટો, ઘડિયાળ, ચંપલ, બૂટ, છાતી, હાથ, પગ, દાંત, આંખ, કાન વગેરે દર્શાવી તેના યોગ્ય પ્રશ્નોત્તરીની મદદથી બ્લેકબોર્ડ ઉપર કોલમ પાડી નામનાં લિંગ અને વચન સમજાવી શકાય. દા.ત.પિંગળ શીખવતાં 'ગણ' શીખવવાના હોય તો વર્ગમાંથી 3 નાનાં છોકરાં પોતાની પાસે બોલાવી બાકીના શેષ છાત્રોને વારાફરતી પાસે બોલાવી તેમને શક્ય એટલી વિવિધ રીતે ગોઠવવાનું કહી શકાય. અને જે આપણે ગોઠવે તેના સંકેત એક વિદ્યાર્થ કૃષ્ણફલક ઉપર લખતાં જાય. આમ કરવાથી વર્ગમાં વાતાવરણ રસિક અને સજીવ બનશે. વળી આખો વર્ગ પ્રવૃત્તિમાં જોડાશે. તેમનું મગજ વિચારે ચડી જશે અને અંતે બધા એકી અવાજે કહેશે કે આ આઠ સિવાય વધારે કોઈ ગોઠવણી (રચના) શક્ય નથી.

એ જ રીતે વર્ગમાં ફરતો પંખો, ચાલતી છોકરી, હસતો છોકરો વગેરે દેખાડી વર્તમાન કૃદન્તનો કેવો સરસ ખ્યાલ આપી શકાય ! વળી વર્તમાન કૃદન્તો વિશેષણ છે અને નામના લિંગ વચન લે છે, તે પણ કેવું આપોઆપ જાહેર થાય ! દા.ત.પંખો-ફરતો, ચકલી- ઉડતી, છોકરાં-હસતા, સુખ-હસતું વગેરે. ટૂંકમાં, દરેક મુદ્દા માટે આવી કોઈ અવનવીન પદ્ધતિ અજમાવવામાં આવે તો ઘણો ફાયદો થાય છે. (આ બાબત પ્રયોગસિદ્ધ છે.)

**5.2.5 દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ :**

સંસ્કૃતના અભ્યાસને લોકપ્રિય બનાવવા વર્ગખંડમાં શક્ય તેટલા વધુ દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ તો આવશ્યક છે. ઉપરાંત મલ્ટીમીડિયા વીજાણું માધ્યમોનો પણ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. ઓડિયો-વીડિયો કૅસેટો, દૂરદર્શન પર પ્રસારિત થતા કાર્યક્રમો (ખાસ કરીને સંસ્કૃતને લગતા), આકાશવાણીના પ્રસારણો, OHP, ટ્રાન્સપેરન્સી વગેરેનો ભરપૂર ઉપયોગ કરી શકાય. આકાશવાણી કે દૂરદર્શન પર ગુરુજી અને શિષ્ય (કે શિષ્યો)ના સંવાદરૂપે એકાદ એકમનું પ્રસારણ કરાવી વિદ્યાર્થીઓને તેનો લાભ આપી શકાય. આ ઉપરાંત ચિત્રો, પ્રતિકૃતિઓ, ફિલ્મસ્ટ્રીપ અને ટેઈપ રેકોર્ડરનો પણ આ હેતુ માટે ઉચિત ઉપયોગ કરી શકાય. ગાંધીનગર BISAG ના સહકારથી ગુજરાત વિદ્યાપીઠ પ્રેરકોની સામૂહિક તાલીમના એકથી વધુ સફળ પ્રયોગ કર્યા છે. તેનાં પરિણામો અને પ્રતિભાવો ખૂબ સારા આવ્યા છે.

### 5.2.6 સહાભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન :

આ પ્રવૃત્તિઓનું મહત્ત્વ દિન-પ્રતિદિન વધુને વધુ સમજાવા લાગ્યું છે. અને એટલા જ માટે જેને અગાઉ 'ઈતર પ્રવૃત્તિઓ' (Extra-Curricular Activities) કહેતા હતા તેને હવે સહાભ્યાસિક પ્રવૃત્તિઓ (Co-curricular activities) નામ આપ્યું છે. તે દર્શાવે છે કે શાલેય શિક્ષણમાં અધ્યાપન જેટલું જ મહત્ત્વ સહાભ્યાસિક પ્રવૃત્તિઓનું છે. સંસ્કૃતમાં પણ લોકનું સુંદર ગાન, સંસ્કૃતમાં વાર્તાલાપ અથવા સંવાદ, સંસ્કૃતમાં ગદ્ય પઠન સ્પર્ધા વગેરે જેવી પ્રવૃત્તિઓ યોજી શકાય.

આ લેખકના સ્વાનુભવની પ્રતીતિથી અત્યંત સફળ પ્રયોગના બે ઉદાહરણ આપવા અસ્થાને નહીં ગણાય.

બોટાદ સ.મા.શાળામાં સંસ્કૃત નાટ્યાંશ कर्णाश्वत्थाम्नों कलहः ની મનોરંજન કાર્યક્રમ દરમિયાન એક કાર્યક્રમ રાખ્યો હતો. તેમાં કર્ણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, દુર્યોધન વગેરે પાત્રોને યોગ્ય વેશભૂષામાં રજૂ કરી, ભાવાનુરૂપ આરોહ-અવરહો યુક્ત ભાષા, શુદ્ધ ઉચ્ચાર-પૂર્વક પ્રયોજાવાથી નાવિન્યના કારણે તેની બહુ જ પ્રશંસા થઈ હતી. ઈનામો પણ જાહેર થયાં હતાં. એટલું જ નહીં જે તે છાત્રોને પણ 'કેમ છે કૃપાચાર્ય ?' 'પધારો દ્રોણ ગુરુ' કહીને લોકો બોલાવતા હતા. સુજ્ઞો સમજી શકશે કે આની ઉપલબ્ધિ કેટલી મોટી હોઈ શકે.

એવી જ બીજી પ્રવૃત્તિ છે સ્વયં શિક્ષણ દિનની. આ સહુનો અનુભવ છે કે જે છાત્ર શિક્ષક બન્યો હોય અને તેણે જે પાઠ ભણાવ્યો હોય તે તેને અન્યની અપેક્ષાએ કેટલો બધો વિશિષ્ટ જણાયો હોય ! અન્ય કોઈ પાઠ કરતાં તે પાઠનું તેનું જ્ઞાન પણ કેટલું તલસ્પર્શી, ઊંડાણપૂર્વકનું અને અધિક હોય. આવો જ એક અન્ય પ્રયોગ ગૂજરાત વિદ્યાપીઠના બી.એડ્.ના છાત્રો પૈકી એક છાત્રની માંગણીથી તેને સંસ્કૃતમાં પ્રાર્થના સભાનું સંચાલન કરવા આ લેખકે તાલીમ આપેલી. તે પ્રયોગ પણ અત્યંત સફળ થયો હતો.

એ સિવાય સંસ્કૃત દિવસ, કાલિદાસ જેવાં કવિઓની જયંતી વગેરે દિવસો પણ ઉજવી શકાય.

સંસ્કૃત વર્તુળ કે સંસ્કૃત કલબ જેવી પ્રવૃત્તિઓ દ્વારા માર્ગદર્શન હેઠળ સંસ્કૃતમાં છાત્રોના પરસ્પર સંવાદો વગેરે પણ યોજી શકાય.

સંસ્કૃત વર્તુળ કે સંસ્કૃત કલબ જેવી પ્રવૃત્તિઓ દ્વારા માર્ગદર્શન હેઠળ સંસ્કૃતમાં છાત્રોના પરસ્પર સંવાદો વગેરે પણ યોજી શકાય.

પ્રકૃતિનો પણ યથોચિત ઉપયોગ કરી શકાય. દા.ત.અષાઠ સુદ-1ને દિવસે મેઘદૂતની વાત કરી શકાય. શિશિર, વસંત, શરદ, ગ્રીષ્મ વગેરે ઋતુઓ દરમિયાન જે તે ઋતુનાં વર્ણનોને લગતાં પ્રસંગો સંસ્કૃત સાહિત્યના વિશાળ ભંડારમાંથી શોધીને રજૂ કરી શકાય.

અહીં તો થોડાં નમૂના આપ્યા છે પણ વિચક્ષણ સંસ્કૃત શિક્ષક આવી અનેક પ્રવૃત્તિઓ યોજી શકે. આ સિવાય બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ કે એવી કોઈ અન્ય સંસ્થા દ્વારા લેવાતી પરીક્ષા માટે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી શકાય.

### 5.2.7 સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન :

સંસ્કૃતને લોકપ્રિય બનાવવા માટે સમૂહમાધ્યમનો સમુચિત ઉપયોગ થઈ શકે. દૂરદર્શન અને આકાશવાણી ઉપરથી સંસ્કૃત સમાચારોનું વાચન, લઘુકથાઓ, (હિતોપદેશ, પંચતંત્ર વગેરેમાંથી)ગીતાના અધ્યાયોના અંશો વગેરેનું પ્રસારણ કરી શકાય.

### 5.2.9 સંસ્કૃત ખંડ-જરૂરિયાત, સજ્જતા અને ઉપયોગ :

જો શાળામાં ભૌતિક સુવિધાઓ પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો પ્રયોગશાળાની જેમ સંસ્કૃત, ભૂગોળ વગેરેના પણ અલગ ખંડો બનાવી શકાય. શિક્ષણના નૂતન પ્રવાહમાં જે તે વિષયોના અલગ ખંડની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

સંસ્કૃત ખંડની યોજના અમલમાં આવે તો -

- संस्कृतनुं शिक्षण ते खंडमां ज थवुं जोईએ.
- અવકાશના સમયમાં શિક્ષક તથા છાત્રો સંસ્કૃત ખંડનો ઉપયોગ કરી શકે તેવી સુવિધા હોવી જરૂરી છે.
- સંસ્કૃત ખંડ પુસ્તકો, જોડણી કોશ તેમ જ શૈક્ષણિક સાધનોથી સજ્જ હોવો જોઈએ.
- સંસ્કૃતને લગતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓ પણ શક્ય હોય ત્યાં સુધી આ ખંડમાં જ યોજાય તે ઈચ્છનીય છે.

(આ લેખકે સ.મા.શાળા, બોટાદમાં સંસ્કૃત ખંડ તૈયાર કર્યો હતો. તેમાં વિભક્તિને લગતાં ચિત્રો, બંને ગણના ધાતુનાં અંગો, બંને પદના પ્રત્યયો, વિસર્ગ સંધિ વગેરેના ચાર્ટ વિભક્તિઓનું માળખું, સરખાં રૂપોના સંકેતો વગેરેના ચાર્ટ તેમાં લગાવવામાં આવ્યા હતા. પાઠ દરમિયાન પૂછાયેલા પ્રશ્નોનો વિદ્યાર્થીઓ ચાર્ટને આધારે જવાબ આપતા, જરૂર પડ્યે દર્શકથી ધ્યાન દોરવામાં આવતું. આમ, દરેક બાબતનું અનેકવાર દઢીકરણ થતું.)

એ જ રીતે પ્રો.એચ.એમ.ત્રિવેદી (ત્યારે સ.મા.શાળામાં હતા હાલમાં 'સંદેશ'માં લેખો લખે છે) અચ્છા ચિત્રકાર હતા. તેમણે ભૂગોળને લગતાં ચિત્રો જાતે બનાવી 'ભૂગોળ'ખંડ બનાવેલ હતો. આનાથી પણ પુષ્કળ ફાયદો થયો હતો.

ટૂંકમાં કોઈ પણ સંનિષ્ઠ અને ઉત્સાહી શિક્ષકે આ પ્રયોગ ખાસ કરવા જેવાં છે. તેમાં સફળતા અવશ્ય પ્રાપ્ત થશે તેની ખાતરી છે.

**5.2.10 સંસ્કૃત ભાષાનું પુસ્તકાલય :**

કોઈ પણ શૈક્ષણિક સંસ્થાની ઉત્કૃષ્ટતા નક્કી કરવામાં પુસ્તકાલય એક અતિ અગત્યનું પરિબળ છે. આજે પણ એવાં કેટલાંક ખ્યાતનામ પુસ્તકાલયોનાં નામ લોકજીભે રમે છે. સંદર્ભ સાહિત્ય વગરનું અધ્યયન-અધ્યાપન સુકાન વગરના વહાણ જેવું કે મસાલા વગરની દાળ જેવું છે.

માત્ર સમૃદ્ધ પુસ્તકાલયથી જ હેતુ સરતો નથી. શિક્ષક પણ સંસ્કૃતના વિશાળ સાહિત્યનું વાંચન કરી સજ્જ બન્યો હોય તે પણ એટલું જ બલ્કે તેથી વધારે જરૂર છે. કોઈપણ એકમ માટે ક્યું સંદર્ભ પુસ્તક (તેમાંનુ ક્યું પ્રકરણ કે ક્યાં પૃષ્ઠો) વાંચવુ તે માર્ગદર્શન વિદ્યાર્થીઓને યોગ્ય રીતે આપી શકે તેટલી સજ્જતા તેની પાસે અપેક્ષિત છે.

પુસ્તકાલયમાં પણ સંસ્કૃત ભાષાના સમૃદ્ધ વારસાને અનુરૂપ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનો સંગ્રહ હોવો આવશ્યક છે. સંસ્કૃત સાહિત્યની ઉત્તમોત્તમ, કૃતિઓનો રસાસ્વાદ માણવા માટે મૂળ નહીં તો ગુજરાતી અનુવાદો અત્યારે ઉપલબ્ધ છે. તેમ જ પંચતંત્ર, હિતોપદેશ, સુભાષિત રત્ન ભાંડારગર, ઉપનિષદો વગેરે ઉપરાંત બાલ સંસ્કૃતમ જેવાં સામયિકો પણ તેમાં પ્રાપ્ય હોવા જોઈએ. ટૂંકમાં સરેરાશ વાચક (શિક્ષક કે વિદ્યાર્થી)થી માંડીને ઉચ્ચત્તમ પ્રતિભા સંપન્ન વ્યક્તિને સંતોષ થાય તેટલી સામગ્રી (વ્યાકરણ વિષયક ગ્રંથો સહિત) તેમાં ઉપલબ્ધ હોવી જોઈએ. જેમ કોઈ અતિ પ્રતિષ્ઠિત સિવિલ હૉસ્પિટલમાં કોઈ પણ જાતનાં રોગ કે આક્સમિક દુર્ઘટનાની બાબતમાં તમામ પ્રકારનાં સાધનો, દવાઓ અને નિષ્ણાંત ડૉક્ટરો વગેરે એટલા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોય કે કોઈ પણ દર્દીને હતાશ ન થવું પડે. "ફલાણું સાધન નથી, દવા નથી, સુવિધા નથી કે નિષ્ણાંત ડૉક્ટર નથી." તેવું સાંભળવું ન પડે એવું જ સંસ્કૃત પુસ્તકાલયની બાબતમાં બનવું જોઈએ.

**5.2.11 સંસ્કૃતનું કારકિર્દી તરીકે મહત્ત્વ :**

કોઈપણ વસ્તુ કે વ્યક્તિ કે સ્થળ કે તમે ગમે તેટલા શણગારો, પુષ્કળ પ્રચાર કરો, સુંદર રીતે રજૂ કરો, તમામ પ્રકારે આકર્ષણ ઉત્પન્ન કરવા પ્રયત્ન કરો પણ પાયાની વાત છે. ઉપયોગિતા (Utility)
કાચની આંખ ગમે તેટલું સુંદર હોય તો પણ તેનાથી શો અર્થ -- એ જ રીતે ગમે તેવું સમૃદ્ધ સાહિત્ય હોય, તેમાં સર્વ જ્ઞાનના ભંડાર ભર્યા હોય પણ સમુદ્રના જળ માફક તે ભંડારમાંથી પશુ, પંખી એક ઘૂંટડો પાણી પણ પી શકતા ન હોય. તો તે જળનિધિ કે જ્ઞાન નિધિનો શો અર્થ. એક સૂક્તિમાં આ

વાસ્તવિકતા બહુ કઠોર રીતે રજૂ થઈ છે. बुभुक्षितैः व्याकरणं न खाद्यते । पिपासितैः काव्य रसां न पीयते । ભૂખ્યો માણસ વ્યાકરણ ખાઈ ન શકે. તરસ્યો માણસ દ્રાવ્યના રસનું પાન કરીને તૃષા ન છીપાવી શકે. કહેવાનું તાત્પર્ય એ જ કે 'ઉપયોગિતા' મૂલ્ય એક અત્યંત મહત્ત્વનું પરિબળ છે.

આ રીતે જોતાં પણ સંસ્કૃત સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજે છે.

અન્ય કોઈ પણ વિષયમાં ઉચ્ચ અભ્યાસથી જીવન સરસ રીતે જીવી શકાય તેવું પાથેય તો પ્રાપ્ત થાય છે જ; પણ સંસ્કૃતના અભ્યાસથી તો શ્રેય સાથે પ્રેય (લૌકિક તેમ જ પરલૌકિક સુખ) સધાય છે.

વળી, બીજું, તમે યથા શક્તિ અભ્યાસ કરો તો પણ તમારામાં સાત્ત્વિક ભાવો, સંતોષ (જેને ઋષિમુનિઓ શ્રેષ્ઠ ધન કહ્યું છે) પાપ ભિરુતા, સરળ જીવન વગેરે ગુણો તો વિકસે જ છે. પણ તમારી યોગ્યતાના પ્રમાણમાં તમને તે જીવનપાયનમાં ઉપયોગી બને છે. સંસ્કૃતમાં ઉચ્ચત્તમ ઉપાધિ પ્રાપ્ત કરીને તમે કોઈ મહાવિદ્યાલયના પ્રાચાર્યના હોદ્દા સુધી પહોંચી શકો છો. અથવા કોઈ ફેકલ્ટીના ડીન બની શકો છો. વળી, સંસ્કૃત સ્કોરીંગ સબજેક્ટ હોઈ  તમે પ્રમાણિક પ્રયત્નથી અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ પ્રાપ્ત કરી શકો છો અને વિદ્યા વાચસ્પતિ કે વિશારદની ઉપાધિ પ્રાપ્ત કરી ઉચ્ચત્તર શિક્ષણ કે મહાવિદ્યાલયમાં શિક્ષક કે વ્યાખ્યાતા બની શકો છો. બનારસ જઈને મહામહોપાધ્યાયની ઉપાધિ પ્રાપ્ત કરો તો અતિ વિશાળ યજ્ઞો જેવાં ભવ્ય અનુષ્ઠાનમાં પ્રધાનાચાર્ય બની શકો છો. જ્યોતિષ વિષય પર કાબૂ મેળવો તો ભલભલા ડૉક્ટરો, વકીલો, ઉદ્યોગપતિઓથી માંડીને પ્રધાનો સુધીની વ્યક્તિઓ તમારા પગ પૂજતી આવે છે. ઘણા પ્રધાનો બનારસના પંડિતોનો સંપર્ક સાધી પોતાના ઈચ્છિત ફળ માટે તેમની પાસે યજ્ઞયાગાદિ અનુષ્ઠાન કરાવતા હોય છે. સોલા ભાગવત વિદ્યાપીઠ જેવી સંસ્થામાં અભ્યાસ કરી નામના પ્રાપ્ત કરેલ. વિદ્યાર્થઓ ભાગવત કથા કરવા લંડન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા વગેરેની મુલાકાત લેવા ત્યાંના ભારતીય સમાજનાં આમંત્રણથી જતા હોય છે. અરે તમે એક થોડો ઘણો જરૂર પૂરતો અભ્યાસ કરી જ્યોતિષ, કુંડળી, ફળાદેશથી માંડીને નાના મોટા યજ્ઞો, વાસ્તુ, લગ્ન, સત્યનારાયણની કથા, અમુક વિશિષ્ટ તિથિઓના પૂજાપાઠ, મંત્રો, યજ્ઞોપાવિત અને છેક ઉત્તરક્રિયા સુધીના કર્મકાણ્ડ દ્વારા સરસ રીતે જીવન યાપન કરી શકો છો. પણ જો કે આ તો છેક તળિયાની વાત થઈ જે સંસ્કૃતના વૈવિધ્યપૂર્ણ, વ્યાપક ઉપયોગનો ખ્યાલ આપવા માટે રજૂ કરવા માગો તો તમારે જરા પણ નિરાશ ન થવું પડે તેટલા જ્ઞાનના ભંડાર સંસ્કૃતમાં ભર્યા પડ્યા છે. પણ પરિશ્રમ એ પારસમણિ છે તે સૂત્ર યાદ રાખવું પડે.

"नहि सुजस्य सिंहस्य प्रविशन्ति मुखं मृगाः ।"

પ્રારબ્ધનો આધાર લઈ સિંહ મોઢું ફાડીને સૂઈ જાય તો તેના મોઢામાં હરણો આવીને કૂદી પડતાં નથી.

आस्ते महाः आसीनस्य, चराति चरतो महाः ।

બેસી રહેલાનું નસીબ બેસી રહે છે, ચાલતાનું ચાલે છે અને ઊંઘતાનું ઊંઘી રહે છે. એ સૂત્રને બરાબર યાદ રાખી, પુરુષાર્થની દિશા નક્કી કરી કોઈ સદ્‌ગુરુ (વિદ્વજ્જન)ના માર્ગદર્શન હેઠળ યોગ્ય પરિશ્રમ કરવામાં આવે તો વહેલાં મોડું સુફળ અવશ્ય પ્રાપ્ત થાય છે.

અંતમાં સંસ્કૃત ભાષા વ્યાકરણની દૃષ્ટિએ એટલી બદી સર્વાંગ સંપૂર્ણ છે કે કમ્પ્યૂટર માટે ઉપયોગમાં લેવા માટે ઉત્તમ ભાષા છે. એવું અપ્રિત વિદ્વાનો અને વૈજ્ઞાનિકોને લાગ્યું છે. ભવિષ્યમાં કમ્પ્યૂટરમાં સંસ્કૃતનો ઉપયોગ થઈ શકે છે.

### 5.2.12 સંસ્કૃત શિક્ષણમાં પ્રવૃત્તિઓ

પ્રવૃત્તિ એ શિક્ષણનો આત્મા છે. પ્રવૃત્તિહીન શિક્ષણ આત્માહીન શરીર જેવું છે. પ્રવૃત્તિઓ દ્વારા જ બાળકોમાં રહેલી જન્મજાત શક્તિઆને બહાર આવવાન અને વિકસવાની તક મળે છે. શિક્ષણને અનુરૂપ પ્રવૃત્તિઓ આપવાથી બાળકોમાં શરીર, મન અને આત્માનો સર્વાંગી વિકાસ થાય છે. વર્ગમાં શાંતચિત્તે બેઠેલાં બાળકોએ વિવિધ શક્તિઓનો અમાપ ભંડાર છે. જો તેમની આ શક્તિઓને બહાર આવવાની તક આપવામાં ન આવે તો ધીમે ધીમે તેઓની આ શક્તિઓ કુંઠિત બની જાય છે. દર વર્ષે પાસ થી આગલા ધોરણમાં જવા સિવાય બીજો કોઈ હેતુ રહેતો નથી. આ બાબત, શિક્ષણ જગત અને

રાષ્ટ્રની પ્રગતિ પર કુઠારાઘાત સમાન છે. આમ ન બને એટલા માટે દરેક શિક્ષણપંચોએ બાળકો વધારેમાં વધારે સક્રિય રહે તેવી પ્રવૃત્તિઓની ભલામણ કરી છે.

સંસ્કૃત શિક્ષણમાં પણ બે પ્રકારની પ્રવૃત્તિઓ યોજી શકાય.

પ્રકારો : 1 વર્ગશિક્ષણ દરમિયાનની પ્રવૃત્તિઓ.

2 વર્ગેત્તર પ્રવૃત્તિઓ

**1. વર્ગશિક્ષણ દરમિયાનની પ્રવૃત્તિઓ.**

વર્ગશિક્ષણ દરમિયાનની પ્રવૃત્તિઓ એટલે સંસ્કૃત શિક્ષક જે તે વર્ગખંડમાં ભણાવતી વખતે સંસ્કૃત વિષયને પોષનારી અને પ્રેરણા આપનારી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં જ કરે તેને વર્ગશિક્ષણ દરમિયાનની પ્રવૃત્તિઓ કહી શકાય.

**2. અનુલેખન - Trancription**

અનુલેખન એ શ્રુતલેખનનો પાયો છે. વિદ્યાર્થીઓનાં લેખન કૌશલ્યોનો વિકાસ કરવા માટે ધોરણ આઠ અને નવના વિદ્યાર્થીઓને શરૂઆતના થોડા તાસમાં અનુલેખનની આ પ્રવૃત્તિ આપવી જોઈએ.

સંસ્કૃતએ માતૃભાષા નથી તે દેવનાગરી લિપિમાં લખવામાં આવે છે. આ ભાષાની એક ચોક્કસ પ્રકારની લેખનશૈલી છે. આથી સંસ્કૃત લખતા કરવા માટે શિક્ષકે વિદ્યાર્થીઓને શિક્ષણ દરમિયાન પ્રવૃત્તિ આપવી જોઈએ.

**અર્થ :** અનુલેખન એટલે જોઈ જોઈને લખવામાં પર અથવા કાળા પાટિયા પર સારા હસ્તાક્ષરોમાં થોડાં વાક્યો, એકાદ નાનો ફકરો કે શ્લોક લખો અથવા જે તે પાઠ્યપુસ્તકમાંથી પસંદ કરેલો એકાદ ફકરો કે શ્લોક વિદ્યાર્થીઓને જોઈ જોઈને લખવા આપી શકે. વ્યાકરણ તથા જોડણીની દૃષ્ટિએ સંપૂર્ણ શુદ્ધ હોઈ તેની શિક્ષકે કાળજી રાખવી.

**મહત્ત્વ :**

- ડાબી બાજુ હાંસિયો રાખવાની લખવામાં ચોકસાઈ અને સ્વચ્છતા જાળવવાની ટેવ વિકસે છે.
- નાગરિ લિપિનો પરિચય થાય છે.
- બે શબ્દો અને લીટીઓ વચ્ચે યોગ્ય અંતર રાખીને લખતાં શીખે છે.
- વિદ્યાર્થીઓની લખવાની ઝડપ જાણી શકાય.
- શિરોરેખાનું જ્ઞાન મળે છે. શબ્દ લખીને શિરોરેખા ખેંચવી, પ્રથમ રેખા દોરીને પછી શબ્દ લખવો કે પછી દરેક વર્ણ લખીને તેના ઉપર શિરોરેખા બાંધવાનો અનુભવ મળે છે.
- અક્ષરોનું કદ, મરોડ, જોડણી અને વિરામચિહ્નોનું જ્ઞાન મળે છે.
- સોંધયુક્ત અક્ષરો, હલનો, અનુનાતિક અને અવગ્રહ કેમ લખાય તેનો પરિચય થાય છે.
- સંસ્કૃતમાં બે પંક્તિવાળા શ્લોકમાં એક પંક્તિને અંતે એક દંડ અને બે પંક્તિને અંતે બે દંડ તથા ત્રણ લીટીવાળા શ્લોકમાં અનુક્રમે એક-એક અને બે દંડ તથા ચાર પંક્તિવાળા શ્લોકમાં બીજા ચરણને અંતે એક અને ચોથા ચરણને અંતે બે દંડ મૂકવાનો ખ્યાલ આવે છે.
- સંસ્કૃત પ્રત્યેનો માનસિક હાઉ-ભય દૂર થાય.

**અનુકાર્ય :**

- લેખનકાર્ય થયા પછી શિક્ષકે તેનું અનુકાર્ય કરવું જોઈએ. જેમાં જે તે લેખનની વર્ગ સમક્ષ ચર્ચા કરવી જોઈએ.
- સામાન્ય અને વિશિષ્ટ ભૂલો પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું જોઈએ.
- સંસ્કૃત મૂળાક્ષરો લખવાની માહિતી આપવી.

- અક્ષરોનું કદ, મરોડ, સુવાચ્યતા, શિરોરેખા અને શબ્દો વચ્ચેના યોગ્ય અંતરની માહિતી આપવી.
- સંપૂર્ણ શુદ્ધ અને સુવાચ્ય લેખનની વર્ગ સમક્ષ પ્રશંસા કરી અન્ય વિદ્યાર્થીઓને યોગ્ય પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવુ.

**2. શ્રુતલેખન- Dictation**

**અર્થ :** શ્રુત- સાંભળેલું. શિક્ષક ગદ્ય કે પદ્ય ધીમે ધીમે બોલતા જાય અને તેને સાંભળીને વિદ્યાર્થીઓ જે લેખનકાર્ય કરે તેને શ્રુતલેખન કહેવાય છે.

શ્રુતલેખન કરાવતી વખતે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- શિક્ષકે બધા જ વિદ્યાર્થીઓ જોઈ શકે. સાંભળી શકે તેવી જગ્યાએ ઊભા રહી લેખનકાર્ય કરાવવું.
- લખાવતી વખતે બોલવાની ગતિ-ઝડપ ધીમી રાખવી.
- શિક્ષકના પોતાના ઉચ્ચારો શુદ્ધ-સ્પષ્ટ કરવા જોઈએ.
- અવતરણો અને પરિચ્છેદની માહિતી આપવી જોઈએ.
- હલન્ત અને અનુનાસિકોનું ઉચ્ચારણ સ્પષ્ટ થવું જોઈએ.
- સંધિયુક્ત શબ્દો કે સંયુક્તાક્ષરો કેમ લખવા તેની માહિતી આપવી.
- વિરામચિહ્નો ક્યાં અને ક્યં મૂકવાં તે કહેવું.
- લેખન માટેનો પરિચ્છેદ અતિ સહેલો કે કઠિન પસંદ ન કરવો.

**મહત્ત્વ** - શ્રાવણ અને લેખન કૌશલ્યનો વિકાસ થાય છે.

- સાંભળેલું કેટલું અને કેવું લખી શકે છે તે જાણી શકાય છે.
- લખવાની ઝડપ અને સુવાચ્યતા જાણી શકાય છે.
- લેખનકાર્યમાં વર્ગમાંના હોશિયાર, મધ્યમ અને નબળા વિદ્યાર્થીઓની ભરવણી થઈ શકે છે.
- વિદ્યાર્થીઓની ભાષાક્ષમતાનું માપન થઈ શકે છે.

**3. મુખ્યપાઠ- Memorization (કંઠસ્થીકરણ)**

**અર્થ :** મુખપાઠ એટલે મોટેથી વાંચીને કંઠસ્થ કરવું કે યાદ રાખવું તે આને કંઠસ્થીકરણ પણ કહે છે. મુખપાઠ દ્વારા શિક્ષણ મેળવવું તે આપણી પ્રાચીન ઋષિ પ્રણાલી છે. સંસ્કૃત રૂપાખ્યાનો, સૂત્રો કે સુભાષિતોને મુખપાઠ દ્વારા સહેલાઈથી યાદ રાખી શકાય.

મુખપાઠ દ્વારા રામાયણ, મહાભારત કે ગીતાજીના શ્લોકો, દેવ-દેવીઓની સ્તુતિ અને પ્રાર્થનાઓ કે વેદોની ઋચાઓ કંઠસ્થ કરી શકાય છે.

- કાળજી રાખવી જોઈએ (શિક્ષકે)
- મુખપાઠ માટેનું વ્યવસ્થિત આયોજન કરવું જોઈએ.
- શિક્ષકે ધીરજ અને શાંતિથી કામ લેવું જોઈએ.
- વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે સમૂહમાં આપેલાં રૂપાખ્યાનો કે શ્લોકો બોલાવવાં જોઈએ.
- વિવિધ પ્રકારની મૌખિક સ્પર્ધાઓ ગોઠવવી જોઈએ.
- પરીક્ષામાં મુખપાઠને સ્થાન આપવું જોઈએ.

---

**5.3 તમારી પ્રગતિ ચકાસો :**

---

**(1) સંસ્કૃત શિક્ષકની સજ્જતાનાં બે મહત્ત્વનાં પાસાં જણાવો.**

.................................................................................

.................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(2)** સંસ્કૃત શિક્ષકમાં સમર્પિતતાનો ગુણ શા માટે આવશ્યક છે તે ટૂંકમાં જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(3)** સંસ્કૃતને લોકપ્રિય બનાવવામાં ફાળો આપતા કોઈ પણ ચાર શૈક્ષણિક સાધનો વિષે ટૂંકમાં જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(4)** સંસ્કૃતને લોકપ્રિય બનાવવામાં ઉપયોગી કોઈ પણ ત્રણ દશ્ય-શ્રાવ્ય ઉપકરણો જણાવી તે કેવી રીતે ઉપયોગી બને છે તે ટૂંકમાં જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(5)** સંસ્કૃતના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની ત્રણ રીત જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(6)** સંસ્કૃત ખંડની સજ્જતા, જરૂરિયાત અને ઉપયોગ વિષે ટૂંકમાં જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**(7) સંસ્કૃત ભાષાના પુસ્તકાલયની ઉપયોગિતા વર્ણવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 5.4 સારાંશ

સંસ્કૃત વિશ્વની અગ્ર પ્રાચ્ય ભાષાઓ પૈકીની એક છે. ઘણી ખરી ભારતીય ભાષાઓ તેમ જ પાશ્ચાત્ય ભાષાઓ ઉપર તેનો પ્રભાવ છે. માનવ બુદ્ધિની કોઈ પણ જ્ઞાન-વિજ્ઞાનની શાખા-પ્રશાખા ઉપર સંશોધન કરવા માટે તેમાં વિપુલ સામગ્રી ઉપલબ્ધ છે. સંસ્કૃતનું હીર પારખવામાં ઊણા ઉતરેલા લોકોએ સંસ્કૃતને 'મૃતભાષા' સુધ્યાં કહી નાખી. પણ આજે પણ દક્ષિણ ભારતમાં સંસ્કૃતનો માતૃભાષા વાતચીતના માધ્યમ તરીકે ઉપયોગ કરનાર બે હજાર ઉપર કુટુંબો છે. એક શુભ સંકેત એ છે કે હવે ધીમે ધીમે સંસ્કૃતનું મહત્ત્વ સમજાવવા લાગ્યું છે. આપણી સંસ્કૃતિ, આપણા આધ્યાત્મ વગેરેનું વિદેશોમાં ઘેલું લાગ્યું છે. અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ સંસ્કૃતની મહત્ત્વ સમજાવા લાગ્યું છે. આપણી સંસ્કૃતિ, આપણા આધ્યાત્મ વગેરેનું વિદેશોમાં ઘેલું લાગ્યું છે. અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ સંસ્કૃતની હૃદયપૂર્વક પ્રશંસા કરી અહોભાવ વ્યક્ત કર્યો છે. હવે જ્યારે સંસ્કૃતનું મહત્ત્વ સમજાયું જ છે ત્યારે તેને લોકપ્રિય બનાવવાના સહૃદય પ્રયત્નો કરવા જોઈએ. તેમાં પોતાનું યત્કિંચિત્ યોગદાન આપવું એ દરેક સુજ્ઞ નાગરિકનું પરમ કર્તવ્ય છે.

"उतिष्ठत, जाग्रत, प्राप्य अवशन् निबोधत ।"

ઊભા થાઓ, જાગો, પ્રાપ્ત કરીને બીજાને પણ જાગૃત કરો એ સુક્તિ યાદ રાખી સંસ્કૃતની બનતી ત્વરાએ સુસેવા થાય અને સંસ્કૃતના વિશાળ જ્ઞાન ભંડારનો મહત્તમ સદુપયોગ કરો.

## 5.5 સ્વાધ્યાય :

(1) સંસ્કૃતની ઉપયોગિતા વિષે ટૂંકનોંધ લખો.

(2) સંસ્કૃતને લોકપ્રિય બનાવવા માટે તમારા મૌલિક વિચારો જણાવી તમારી દૃષ્ટિએ ઉપયોગી પ્રયુક્તિઓ જણાવો.

(3) તમારા મિત્રોનું એક સંસ્કૃત મંડળ બનાવો. બધા સાથે મળી સંસ્કૃતમાં સરળ વાર્તાલાપ કરવાનો મહાવરો કરો.

(4) સંસ્કૃત વ્યાકરણના એકાદ મુદ્દા ઉપર ચાર્ટ કે ચિત્ર અથવા કોઈ પણ શૈક્ષણિક સાધન બનાવો.

(5) પુસ્તકાલયનો ઉપયોગ કરી સંસ્કૃત વિષે વધુ જાણકારી મેળવવા પ્રયત્ન કરો.

## 5.6 ચર્ચા માટેના મુદ્દા :

(1) સંસ્કૃતના તલસ્પર્શી જ્ઞાન વગર સંસ્કૃત અધ્યાપનને ન્યાય આપી ન શકાય - ચર્ચો.

(2) સંસ્કૃતને ફરજિયાત ભાષા તરીકે અભ્યાસક્રમમાં દાખલ કરવી જોઈએ- આ વિધાનની તરફેણમાં દલીલ કરો.

(3) માતૃભાષાના તાસ ઓછા કરી સંસ્કૃતના તાસ વધારી તેનો સઘન અભ્યાસ કરાવવા પ્રયત્નો કરવા જોઈએ - આ વિષે તમારું મંતવ્ય રજૂ કરો.

(4) વર્તમાન વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના યુગમાં સંસ્કૃતને બહુ મહત્ત્વ આપવાની જરૂર નથી - આ વિધાનની વિરુદ્ધ દલીલો કરો.

(5) સંસ્કૃત અધ્યાપનને વધારે સરળ બનાવવા માટે તેમ જ છાત્રોને સંસ્કૃતમાં અધિક રસ પેદા થાય તે માટે સમૂહ માધ્યમોનો મોટા પાયા ઉપર વ્યાપક ઉપયોગ કરવો જોઈએ - આ વિધાનના સમર્થનમાં સોદાહરણ ચર્ચા કરો.

## 5.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો :


(1) संस्कृत शिक्षण — डॉ. रीटा शर्मा, श्रीमती अमित जैन, आविष्कार पब्लिशर्स, डिस्ट्रीब्युटर्स, जयपुर-३०२००३.

(2) Bokil V.P.and Parasnis S.R. : A New Approach to Teaching of Sanskrit, Poona, Lok Sangrah Press, Poona-1956.

(3) संस्कृत शिक्षण पद्धति - आचार्य सीताराम चतुर्वेदी, नंदकिशोर एन्ड ब्रधर्स, वाराणसी, सं. २०१६.

(4) Proceedings of the Confrence of Professors of Sanskrit, Ministry of Education, Govt. of India-1956.

(5) Report Sanskrit Commission, Govt. of India, New Delhi, 1958.

(6) Report on the Seminar of the Methods of Teaching Sanskrit, Dept. of Extenstion Services, P.G.B.T. College, Raipur (M.P)

(7) संस्कृत शिक्षण — डॉ. शकुन्तला सैनी, यूनिवर्सिटी बूक हाउस (प्रा.) लि. जयपुर.

(8) Apte D.G. Teaching Sanskrit in Secondary Schools, Acharya Book Depot, Baropa, 1960.


## 5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) 1.2.1 (2) 1.2.2 (3) 1.2.4 (4) 1.2.5 (5) 1.2.7 (6) 1.2.9 (7) 1.2.10

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-117
# સંસ્કૃતનું શિક્ષણ
# (Teaching of Sanskrit)

વિભાગ

# 2

## સંસ્કૃત શિક્ષણના હેતુઓ અને પદ્ધતિઓ


એકમ-6 સાંપ્રત પદ્ધતિમાં સંસ્કૃતનું પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સ્થાન

એકમ-7 ધો.8 થી 10 સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનું મૂલ્યાંકન

એકમ-8 સંસ્કૃત શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

– પાઠશાળા પદ્ધતિ

– ભાંડારકર પદ્ધતિ

– અનુવાદ પદ્ધતિ

– આગમન-નિગમન પદ્ધતિ

– પ્રત્યક્ષ પદ્ધતિ

# ES-117, સંસ્કૃતનું શિક્ષણ (વિભાગ-2)


| | |
|---|---|
| **લેખક** | |
| **પ્રા. હસમુખભાઈ જે. દવે** | ૨, 'મહાત્મા' નાગર કૂવા, પેટલાદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મૌનસ જી. ઠાકર** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ભરતભાઈ પી. માળી** | ડી. ડી. ચોક્સી કૉલેજ ઑફ એજયુકેશન, પાલનપુર |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600

દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 600

**ISBN : 978-93-5598-140-0**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-117 સંસ્કૃતનું શિક્ષણ (Teaching of Sanskrit)

**વિભાગ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અને મહત્ત્વ**

એકમ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ

એકમ-2 ભાષાનું મહત્ત્વ

એકમ-3 સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો

એકમ-4 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું યોગદાન

એકમ-5 સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો

**વિભાગ-2 સંસ્કૃત શિક્ષણના હેતુઓ અને પદ્ધતિઓ**

એકમ-6 સાંપ્રત પદ્ધતિમાં સંસ્કૃતનું પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સ્થાન

એકમ-7 ધો.8 થી 10 સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનું મૂલ્યાંકન

એકમ-8 સંસ્કૃત શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

– પાઠશાળા પદ્ધતિ

– ભાંડારકર પદ્ધતિ

– અનુવાદ પદ્ધતિ

– આગમન-નિગમન પદ્ધતિ

– પ્રત્યક્ષ પદ્ધતિ

**વિભાગ-3 સંસ્કૃતમાં વિવિધ પાસાંઓનું શિક્ષણ અને આયોજન**

**(ધો.8 થી 10 સંસ્કૃત વિષયવસ્તુના સંદર્ભમાં)**

એકમ-9 ગદ્ય શિક્ષણ

એકમ-10 પદ્ય શિક્ષણ

એકમ-11 વ્યાકરણ શિક્ષણ

એકમ-12 સંસ્કૃત શિક્ષણનું આયોજન

**વિભાગ-4 સંસ્કૃત શિક્ષણનાં ઉપકરણો, મૂલ્યાંકન અને અન્ય આનુષંગિક બાબતો**

એકમ-13 સંસ્કૃત શિક્ષણનાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-15 સંસ્કૃત શિક્ષણનાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-16 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ-6 સામ્પ્રત પદ્ધતિમાં સંસ્કૃતનું પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સ્થાન

## : એકમનું માળખું :


**6.1 સંસ્કૃત શિક્ષણના ઉદ્દેશો**

**6.2 પ્રાસ્તાવિક**

**6.3 ધ્યેય અને હેતુની સમજ**

**6.4 પ્રાચીન સમયના સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓ**

**6.5 અર્વાચીન સમય સામાન્ય હેતુઓ : પ્રાથમિક કક્ષાએ**

**6.6 અર્વાચીન સમયના સામાન્ય હેતુઓ : માધ્યમિક કક્ષાએ**

**6.7 હેતુઓનું વર્ગીકરણ**

**6.8 તમારી પ્રગતિ ચકાસો**

**6.9 સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુઓ**

**6.10 વિશિષ્ટ હેતુઓની સંરચનામાં ઉપયોગી અવલોકનલક્ષી વર્તનો**

**6.11 સારાંશ**

**6.12 સ્વાધ્યાય**

**6.13 ચર્ચા માટેના કેટલાંક મુદ્દા**

**6.14 ઉપયોગી પુસ્તકો**

**6.15 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 6.1 સંસ્કૃત શિક્ષણના ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ દ્વારા તમે.....

* ધ્યેયો અને હેતુ ઓ વચ્ચેનો તફાવત સમજી શકશો.
* પ્રાચીન સમયમાં સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓ સમજી શકશો.
* પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓથી પરિચિત થશો.
* સંસ્કૃત શિક્ષણના હેતુઓનું વર્ગીકરણ કરી શકશો.
* સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુઓથી પરિચિત થશો.
* વિશિષ્ટ હેતુઓની સંરચનામાં ઉપયોગી અવલોકનલક્ષી વર્તનો સમજી શકશો.

## 6.2 પ્રાસ્તાવિક

સંસ્કૃત ભાષા અને પ્રાદેશિક ભાષાઓને પરસ્પર લોહીના સંબંધો છે, એ વાત આપણે જાણીએ છીએ. સંસ્કૃત શિક્ષણની પ્રવૃત્તિ સફળ ત્યારે જ બને જ્યારે શિક્ષકના મનમાં શિક્ષણના હેતુઓ સ્પષ્ટ અને સુનિશ્ચિત હોય. હેતુ વગરનું શિક્ષણ આંધળાના ગોળીબાર જેવું નીવડે છે. અધ્યયન-અધ્યાપનની સફળતાનો આધાર સંસ્કૃત અધ્યાપનના હેતુઓ પર રહેલો છે. 'હું આ મુદ્દો શા માટે શીખવું છું ?' (Why to teach ?) તેનો ઉત્તર શિક્ષક મેળવશે. હેતુ જો સ્પષ્ટ હશે તો વિદ્યાર્થીને કયા અનુભવો પૂરા પાડવાના છે, કઈ શિક્ષણ- પદ્ધતિ અપનાવવાની છે, ક્યાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાનો છે, કઈ પ્રવૃત્તિઓ કરવાની છે અને કઈ રીતે મૂલ્યાંકન કરવાનું છે. તે નક્કી કરી શકાય છે. હેતુઓની સુનિશ્ચિતતા ઈચ્છિત વર્તન-પરિવર્તન લાવી શકે છે. આથી સંસ્કૃત અધ્યાપનમાં હેતુઓ નક્કી કરી શકાય છે. હેતુઓની સુનિશ્ચિતતા ઈચ્છિત વર્તન-પરિવર્તન લાવી શકે છે. આથી સંસ્કૃત અધ્યાપનમાં હેતુઓ નક્કી કરવા એ મહત્ત્વની બાબત ગણાય છે.

## 6.3 ધ્યેય અને હેતુની સમજ :

આપણે કોઈ પણ પ્રવૃત્તિ પરિણામ માટે કરીએ છીએ. સામાન્ય રીતે પ્રવૃત્તિના ઈચ્છિત પરિણામને હેતુ કહેવામાં આવે છે. ધ્યેયપ્રાપ્તિ એ લાંબાગાળાની પ્રક્રિયા છે. અધ્યાપનથી વિદ્યાર્થીના વર્તનોમાં અપેક્ષિત પરિવર્તનો આવે એ ઈચ્છનીય છે. સામાન્ય પરિભાષામાં ધ્યેય, ઉદ્દેશ, લક્ષ્ય અને હેતુ- એ બધાં શબ્દો સમાનાર્થી કહેવાય. પણ હકીકતમાં આ શબ્દો એકબીજાના પર્યાય નથી. શિક્ષણની પ્રક્રિયામાં કોઈ એક સમગ્ર સ્તરને અંતે જુદાં-જુદાં વિષયોના શિક્ષણ દ્વારા જે એકંદર પરિણામો ઈચ્છીએ છીએ તેને ધ્યેયો (Aims) કહેવામાં આવે છે. ઉદા. વિદ્યાર્થી ચોક્કસાઈપૂર્વક વિચાર-વિનિમય કે પ્રત્યાયન કરે. એ વિશાળ અર્થમાં ધ્યેય કહેવાય છે.

કોઈ એક જ વિષય દ્વારા, સમગ્ર શિક્ષણ 'પ્રક્રિયાને અંતે જે પરિણામો પ્રાપ્ત કરવાનું ઈચ્છીએ છીએ તેને તે વિષયના સામાન્ય હેતુઓ કહેવાય છે. ઉદા. 'વિદ્યાર્થી' સંસ્કૃત સુભાષિતનું ગાન કરે' એ સંસ્કૃત શિક્ષણનો સામાન્ય હેતુ કહેવાય છે.

(અ) સામાન્ય હેતુ લાંબા ગાળે સિદ્ધ થાય છે. સંસ્કૃત ગદ્યખંડનું અસરકારક વાચના કરવાનો સામાન્ય હેતુ ધો. 8,9 અને 10 ના સંસ્કૃત અધ્યાપન પછી સિદ્ધ થઈ શકે. રોજિંદા સંસ્કૃત-શિક્ષણ દરમિયાન શિક્ષક કોઈ ગદ્યખંડ, પદ્યખંડ કે વ્યાકરણનો એકાદ મુદ્દો શીખવે છે. આ ટૂંકાગાળાનો અધ્યયન-અધ્યાપન કાર્ય દરમ્યાન સામાન્ય હેતુનો એક નાનો અંશ જ સિદ્ધ થઈ શકે છે. એક કે વધારે તાસના અધ્યાપન દરમ્યાન ચોક્કસ વિષયાંગને અને વિદ્યાર્થીમાં ક્યું અપેક્ષિત પરિવર્તન લાવી શકાશે. તે નક્કી કરવાની પ્રક્રિયાને વિશિષ્ટ હેતું (Specific Objectives) કહે છે. વિદ્યાર્થી કોઈ પદ્યખંડનું અર્થગ્રહણ કરે એ સામાન્ય હેતુ થયો કહેવાય. 'શીખેલા પદ્યખંડમાંથી કોઈ બે શબ્દોના પર્યાય શબ્દો જાણે.'એ વિશિષ્ટ હેતુ કહેવાય. ટૂંકમાં ધ્યેય અને હેતુ અપેક્ષિત પરિણામલક્ષી છે.

ધ્યેય લાંબાગાળાનું હોય છે. જ્યારે હેતુ ટૂંકાગાળાનો હોય છે.

ધ્યેય લાંબાગાળો સિદ્ધ થાય છે. હેતુ એક કે વધુ તાસ બાદ પણ સિદ્ધ થઈ શકે છે.

## 6.4 પ્રાચીન સમયના સામાન્ય હેતુઓ :

પ્રાચીન સમયમાં સંસ્કૃત આપણી વ્યવહાર ભાષા હતી. ગુરૂકુળમાં વિદ્યાર્થીઓને ઋષિઓ કંઠસ્થીકરણથી શિક્ષણ આપતા. તેથી સંસ્કૃતનું ઊંડું જ્ઞાન અનિવાર્ય હતું. તેથી તે સમયના સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે હતા :

(1) સંસ્કૃતમાં પ્રાવીણ્ય મેળવવું.

(2) સચોટ મૌખિક કે લિખિત અભિવ્યક્તિ વિકસાવવી.

(3) સંસ્કૃત પદ્ય સાહિત્ય કંઠસ્થ કરવું.

(4) વ્યાકરણનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરવું.

(5) સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ કરવું.

(6) છટાદાર અને સુસ્પષ્ટ મુખવાચન કરવું.

(7) શુદ્ધ ઉચ્ચારો સાથે છંદોબદ્ધ અને લયબદ્ધ મંત્રગાન કરવું.

(8) સંસ્કૃત સાહિત્ય પ્રત્યે પ્રીતિ અને રુચિ ધરાવવી.

## 6.5 અર્વાચીન સમયના સામાન્ય હેતુઓ :

પ્રાથમિક કક્ષાએ પ્રાચીનકાળમાં સંસ્કૃત શિક્ષણ અભિવ્યક્તિલક્ષી હતું. આજે એ અર્થગ્રહણલક્ષી બની ગયું છે. શિક્ષણની પ્રક્રિયા સતત પરિવર્તન પામતી રહે છે.

એમાં પણ પ્રાથમિક કક્ષાએ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ : દિલ્હીના ક્ષમતા કેન્દ્રી અભિગમથી રાજ્ય સરકાર તરફથી મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમ મુજબ ધો.6 થી સંસ્કૃતનું શિક્ષણ આપવામાં આવે છે. ધો.6 ને 7 માં શ્રવણ, ભાષણ, પઠન અને લેખન એ ચારેય ક્ષમતાઓનો વિકાસ સાધીને સૌથી મહત્ત્વની એવી અર્થગ્રહણની ક્ષમતા સિદ્ધ કરવાનું ધ્યેય છે. પ્રાથમિક ધોરણોમાં સંસ્કૃતના પરિચય દ્વારા માતૃભાષા અને રાષ્ટ્રભાષાની સમજણને વધુ દઢ કરવાનું લક્ષ્ય છે. પ્રાથમિક કક્ષાએ ઉચ્ચારશુદ્ધિ, શબ્દભંડોળ અને સાંસ્કૃતિક વારસાને સ્થાન અપાયું છે.વિદ્યાર્થીઓ ગદ્ય, પદ્ય,

સંવાદ સાંભળે છે, શુદ્ધ ભાષણ (ઉચ્ચારણ) કરે છે, વાક્યો-સૂક્તિ અને સુભાષિતોનું શુદ્ધ ગાન કરે છે. અને તથા અનુલેખન શ્રુતલેખનથી ચારેય ક્ષમતાઓનો વિકાસ કરે છે. 1 થી 30 સુધીની સંખ્યાનું શ્રવણ, ભાષણ, પઠન અને ચારેય ક્ષમતાઓનો લેખન કરે છે.

## 6.6 અર્વાચીન સમયના સામાન્ય હેતુઓ : માધ્યમિક કક્ષાએ

ધો. 8,9,10 માધ્યમિક કક્ષાએ અર્વાચીન સમયના સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓ નીચે મુજબ ગણાવી શકાય.

1. વિદ્યાર્થીઓ સંસ્કૃતનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કરે.
2. શુદ્ધ ઉચ્ચાર સાથે સંસ્કૃત વાંચતા શીખે.
3. ગદ્ય અને પદ્યખંડોનું મૂકવાચન કરી અર્થગ્રહણ કરવાની ક્ષમતા કેળવે.
4. સરળ સંસ્કૃત શ્લોકોનું છંદોબદ્ધ અને લયબદ્ધ ગાન કરી શકે.
5. સંસ્કૃતમાં સુલેખન અને શ્રુતલેખન કરી શકે.
6. બોલાયેલી સંસ્કૃત ભાષા સાંભળવાની અને સમજવાની ક્ષમતા પ્રાપ્ત કરે.
7. સરળ અને સાદાં વાક્યોમાં લેખન કરે.
8. નાનાં અને સરળ સંસ્કૃત વાક્યો બોલતા થાય.
9. સરળ સંસ્કૃત ગદ્ય-પદ્ય ખંડનો માતૃભાષામાં અનુવાદ કરે.
10. ભારતની પ્રાચીન સંસ્કૃતિનો પરિચય મેળવે.
11. સાહિત્યમાં રસ લેતાં થાય.

## 6.7 હેતુઓનું વર્ગીકરણ :

બેન્ઝામીન બ્લૂમે (Banjamin Bloom) કરેલું શિક્ષણના હેતુઓનું વર્ગીકરણ સર્વમાન્ય થયું છે. તે શૈક્ષણિક હેતુઓને ત્રણ ભાગમાં વહેંચે છે.

(1) જ્ઞાનાત્મક હેતુઓ

(2) ભાવાત્મક હેતુઓ

(3) મનોશારીરિક હેતુઓ

* જ્ઞાનાત્મક હેતુઓ (અ) જ્ઞાનપ્રાપ્તિ (બ) અર્થગ્રહણ (ક) અર્થગ્રહણ (ક) ઉપયોજન (ડ) વિશ્લેષણ (ઈ) સંશ્લેષણ (ઈ) મૂલ્યાંકન એમ છ કક્ષામાં વહેંચાયેલા છે.

* ભાવાત્મક હેતુઓમાં રસ, રુચિ, ગમા-અણગમા કે મનોવલણોને લગતા હેતુઓનો સમાવેશ થાય છે.

* મનોશારીરિક હેતુઓમાં શારીરિક અંગ-ઉપાંગોના હલન-ચલન વિષયક હેતુઓ આવે છે. સુલેખનનો હેતુ મનોશારીરિક છે. મનોશારીરિક ક્ષેત્ર કૌશલ્યોના વિકાસનું ક્ષેત્ર છે.

માધ્યમિક કક્ષાએ સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓનું વર્ગીકરણ નીચે મુજબ કરે શકાય.

| ક્રમ | સામાન્ય હેતુ | હેતુનુ ક્ષેત્ર | હેતુનું સ્તર |
|---|---|---|---|
| 1 | વિદ્યાર્થી સંસ્કૃત ભાષાથી પરિચિત થાય. | જ્ઞાનાત્મક | જ્ઞાનપ્રાપ્તિ |
| 2 | વાંચેલા ગદ્ય-પદ્યનું અર્થગ્રહણ કરે. | જ્ઞાનાત્મક | અર્થગ્રહણ |
| 3 | સાંભળેલા સંસ્કૃત ભાષાનું અર્થગ્રહણ કરે | જ્ઞાનાત્મક | અર્થગ્રહણ |
| 4 | સંસ્કૃતના નવા શબ્દોથી પરિચિત થાય. | ભાવાત્મક | જ્ઞાનપ્રાપ્ત |
| 5 | વ્યાકરણ વિશે જ્ઞાન મેળવે | જ્ઞાનાત્મક | જ્ઞાનપ્રાપ્તિ |
| 6 | સરળ સંસ્કૃતમાં અભિવ્યક્તિ કરી શકે. | જ્ઞાનાત્મક | સંશ્લેષણ |
| 7 | મેળવેલ જ્ઞાનનો નવા સંદર્ભમાં ઉપયોગ કરતાં શીખીએ. | જ્ઞાનાત્મક | ઉપયોજન |
| 8 | મુખવાચનનું કૌશલ્ય કેળવે. | મનોશારીરિક | કૌશલ્ય |

| | | | |
|---|---|---|---|
| 9 | શ્લોકોનું લયબદ્ધ ગાન કરે. | મનોશારીરિક | કૌશલ્ય |
| 10 | સંસ્કૃતનો માતૃભાષામાં અનુવાદ કરે. | જ્ઞાનાત્મક | ઉપયોજન |
| 11 | સંસ્કૃત સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવે. | ભાવાત્મક | અનુભૂતિ |
| 12 | સંસ્કૃત ગદ્યનું સુંદર અનુલેખન કરતાં શીખે. | મનોશારીરિક | કૌશલ્ય |
| 13 | સરળ સંસ્કૃત સાંભળીને લખવાની કુશળતા કેળવે. | મનોશારીરિક | કૌશલ્ય |

## 6.8 તમારી પ્રગતિ ચકાસો :

પ્રશ્નોની નીચે આપેલી ખાલી જગ્યાઓમાં નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) સંસ્કૃત શિક્ષણના પ્રાચીન સમયના હેતુઓ જણાવો. (પાંચ વક્યોમાં)

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) 'સંસ્કૃતના અર્વાચીન સમયના સામાન્ય હેતુઓ, અર્થગ્રહણલક્ષી બન્યા છે' સમજાવો. (પાંચ વાક્યો)

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) બેન્ઝામીન બ્લૂમ શિક્ષણના હેતુઓને કયા કયા વિભાગોમાં વહેંચે છે ? (પાંચ વાક્યોમાં)

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 6.9 સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુઓ :

(1) સામાન્ય હેતુ : વિદ્યાર્થી સરળ સંસ્કૃત વાંચતાં શીખે.

વિશિષ્ટ હેતુઓ :
1. વિદ્યાર્થી શુદ્ધ-ઉચ્ચાર કરે.
2. વિદ્યાર્થી સ્થાનના ખ્યાલ રાખે.
3. વિદ્યાર્થી સામાન્ય ઝડપથી વાંચે
4. વિદ્યાર્થી વિરામચિહ્નોનો ખ્યાલ રાખે.
5. વિદ્યાર્થી ભાવવાહી રીતે પદ્યગાન કરે.
6. વિદ્યાર્થી છંદોમુક્ત વાંચે
7. વિદ્યાર્થી આરોહ-અવરોહપૂર્વક વાંચે.

8. વિદ્યાર્થી સંધિ-યુક્ત અને સંધિમુક્ત વાચન કરે.

**(2) સામાન્ય હેતુ : વિદ્યાર્થી સરળ સંસ્કૃત સમજતાં શીખે.**

વિશિષ્ટ હેતુઓ : 1. વિદ્યાર્થી વિચારો ગ્રહણ કરે.

2. વિદ્યાર્થી દૃષ્ટાંત સમજે.
3. વિદ્યાર્થી શ્લોકને અંતે ઉપમા રજૂ કરે.
4. વિદ્યાર્થી ભાવ સમજે.
5. વિદ્યાર્થી કવિતાનો હેતુ સમજે
6. વિદ્યાર્થી નવા શબ્દો ગ્રહણ કરે
7. વિદ્યાર્થી શબ્દ ભંડોળ વધારે
8. વિદ્યાર્થી ગદ્ય-પદ્યની તુલના કરે.
9. વિદ્યાર્થી સંસ્કૃત માતૃભાષાના શબ્દોનું સામ્ય સમજે.
10. વિદ્યાર્થી સાર-ગ્રહણ કરે.

**(3) સામાન્ય હેતુ : વિદ્યાર્થ સંસ્કૃતમાં સુલેખન કરે.**

વિશિષ્ટ હેતુઓ : 1. વિદ્યાર્થી સારા અક્ષરે લખે.

2. વિદ્યાર્થી શિરોરેખાયુક્ત લેખન કરે.
3. વિદ્યાર્થી નાગરી લિપિમાં લખે.
4. વિદ્યાર્થી સામાસિક શબ્દો લખે.
5. વિદ્યાર્થી સંધિયુક્ત લખાણ લખે.
6. વિદ્યાર્થી શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખીને લખે.
7. વિદ્યાર્થી વ્યંજનના શબ્દોનાં અનુસ્વારનો ખ્યાલ રાખીને લખે.
8. વિદ્યાર્થી અવગ્રહનો ખ્યાલ રાખીને લખે.
9. વિદ્યાર્થી क, फ, ૩, घ, ધ વગેરે માપસર લખો.
10. વિદ્યાર્થી હ્રસ્વ કે દીર્ઘ યા અનુનાસિકનો ખ્યાલ રાખીને લખે.
12. વિદ્યાર્થી સુવાચ્ય અક્ષરે લખે.

**(4) સામાન્ય હેતુ : વિદ્યાર્થી સંસ્કૃત વ્યાકરણ વિષયનું પ્રાથમિક જ્ઞાન મેળવે.**

વિશિષ્ટ હેતુઓ : 1. વિદ્યાર્થી વ્યાકરણ-વિષયક જ્ઞાન મેળવે.

2. વિદ્યાર્થી વિભક્તિના અર્થ સમજે.
3. વિદ્યાર્થી ગણકાર્ય વિશિષ્ટ કાળ-અર્થ તથા ગણકાર્યરહિત કાળ-અર્થ સંબંધી જ્ઞાન મેળવે.
4. વિદ્યાર્થી સંધિનું જ્ઞાન મેળવે.
5. વિદ્યાર્થી સમાસનું જ્ઞાન મેળવે
6. વિદ્યાર્થી સતિસપ્તમી, અનાદરાર્થેષષ્ઠી જાણે.
7. વિદ્યાર્થી કૃદંતો/સંખ્યાવાચકો/ઉપસર્ગો/અવયવોનું જ્ઞાન મેળવે.
8. વિદ્યાર્થી સંસ્કૃત અને માતૃભાષાના વ્યાકરણ વચ્ચેનું સામ્ય સમજે.
9. વિદ્યાર્થી પ્રહેલિકાઓ, અન્યોક્તિઓ. અને કૂટશ્લોકો સમજે.
10. વિદ્યાર્થી નામ/ક્રિયાપદ/સર્વનામોનાં રૂપાખ્યાનોમાં કુશળતા મેળવે.
11. વિદ્યાર્થી સરળતાથી અન્વય કરે.

**(5) સામાન્ય હેતુ :** 1. વિદ્યાર્થી સરળ રીતે અનુવાદ કરે.

2. વિદ્યાર્થી ભાષાંતર કરતી વખતે શુદ્ધ જોડણીનો આગ્રહ રાખે.
3. વિદ્યાર્થીઓ સુભાષિતો અને સુક્તિઓનો માતૃભાષામાં વિચાર-વિસ્તાર કરતાં શીખે.
4. વિદ્યાર્થી સુભાષિતોનો ભાવવાહી સરળ અનુવાદ કરતાં શીખે.
5. વિદ્યાર્થી માતૃભાષામાં નાટકો તથા સંવાદોને હાવભાવ સાથે રજૂઆત કરતાં શીખે.
6. વિદ્યાર્થી માતૃભાષામાં વિચાર-વિસ્તાર કરતી વખતે વિચારને સમૃદ્ધ બનાવવામાં સંસ્કૃતમાંથી કોઈપણ સુભાષિતનું ચરણ કે સૂક્તિ સમજાવે.
7. વિદ્યાર્થી વિચારોને યોગ્ય ક્રમમાં ગોઠવીને વાસ્તવિક રજૂઆત કરતાં શીખે.

**(6) સામાન્ય હેતુ : વિદ્યાર્થી સંસ્કૃત ભાષાના અભ્યાસ પ્રત્યે અભિરુચિ કેળવે.**

વિશિષ્ટ હેતુઓ : 1. વિદ્યાર્થી શ્લોકગાનથી આનંદ મેળવે.

2. વિદ્યાર્થી સંસ્કૃતના ઉત્તમગ્રંથો વાંચવા પ્રેરાય.
3. વિદ્યાર્થી સુભાષિતોનો કંઠસ્થ કરે.
4. વિદ્યાર્થી પંચતંત્ર/હિતોપદેશમાંથી લીધેલી વાર્તાઓમાં રસ લેતાં શીખે.
5. વિદ્યાર્થી સંસ્કૃતની ઈતરપરીક્ષાઓ આપે.
6. વિદ્યાર્થી વિવિધ સ્ત્રોતોનો પાઠ કરવાની ટેવ વિકસાવે.
7. વિદ્યાર્થી પ્રાર્થનામાં રસ લે.
8. વિદ્યાર્થી સંસ્કૃત ભાષામાં યોજાતી અંતાક્ષરીમાં ભાગ લે.
9. વિદ્યાર્થી ઈતર વાચનમાં રસ લે.
10. વિદ્યાર્થી સંસ્કૃત શ્લોક-ગાન સ્પર્ધામાં ભાગ લે.

**(7) સામાન્ય હેતુઓ : વિદ્યાર્થીનું ચારિત્ર્યઘડતર થાય.**

વિશિષ્ટ હેતુઓ : 1. વિદ્યાર્થી પંચતંત્ર/હિતોપદેશની વાર્તાઓનો ઉપદેશ જીવનમાં ગ્રહણ કરે.

2. વિદ્યાર્થી સુભાષિતો દ્વારા સારા સારનો વિવેક કેળવે.
3. વિદ્યાર્થી ફરજ પ્રત્યે સભાનતા કેળવે.
4. વિદ્યાર્થી પ્રામાણિકતા, સત્યનિષ્ઠા, સંતોષ, પરોપકાર અને ઉદ્યમ જેવાં ગુણોનું મૂલ્ય સમજે અને તેનું જીવન જીવવામાં અનુસરે.

આથી સંસ્કૃતના શિક્ષકે આ એકમ અભ્યાસના અંતે વિદ્યાર્થીમાં આવતું વર્તનપરિવર્તન તથા તેની ચકાસણી આધારિત મૂલ્યાંકન પણ કરવું પડશે. તો જ સંસ્કૃતનું શિક્ષણ ફળદાયીને અસરકારક બનશે.

## 6.10 વિશિષ્ટ હેતુઓની સંરચનામા ઉપયોગી અવલોકનલક્ષી વર્તનો :

**(1) હેતુનું ક્ષેત્ર : જ્ઞાનાત્મક, હેતુનું સ્તર : જ્ઞાનપ્રાપ્તિ, અવલોકનક્ષમ વર્તન :**

1. સંસ્કૃત શબ્દનો સંસ્કૃત તથા ગુજરાતી પર્યાય કહેશે/લખશે.
2. સંસ્કૃત શબ્દનો સંસ્કૃત તથા ગુજરાતી વિરુદ્ધાર્થી શબ્દ કહેશે/લખશે.
3. ગમતી કૃતિ વારંવાર વાંચશે.
4. પઠિત ગદ્ય-પદ્ય કૃતિનું ગુજરાતી ભાષાંતર કરશે.
5. કોઈ કૃતિ શીખ્યા બાદ તે સાહિત્યકારની અન્ય કૃતિઓ પુસ્તકાલયમાં મેળવીને વાંચશે.

6. પઠિત કૃતિને સુંદર અક્ષરે નોટમાં લખશે.

7. પઠિત શ્લોકોને કંઠસ્થ કરી ગાશે/લખશે.

**(5) હેતુનું ક્ષેત્ર : મનઃશારીરિક અવલોકનક્ષમ વર્તન :**

1. ગદ્ય-પદ્યખંડનું શુદ્ધ ઉચ્ચારણયુક્ત મુખવાચન કરશે.

2. ગદ્ય-પદ્યખંડનું સંધિયુક્ત-સંધિમુક્ત વાચન કરશે.

3. યોગ્ય આરોહ-અવરોહથી મુખવાચન કરશે.

4. શ્લોકોનું લયાત્મક મુખવાચન કરશે.

5. શ્રોતાઓને સંભળાય તેવા અવાજમાં મુખવાચન કરશે.

6. આપેલ ગદ્ય-પદ્ય ખંડનું દેવનાગરી લિપિમાં અનુલેખન કરશે.

7. નિર્દેશિત ઢાળમાં શ્લોકોનું છંદોબદ્ધ ગાન કરશે.

વિશિષ્ટ હેતુઓની રચના કરતી વખતે શિક્ષકે શું ભણાવવાનું છે, તેનાં બદલે અધ્યાપનને અંતે વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારનું વર્તન-પરિવર્તન કરી શકાશે. તે વિચારવું આવશ્યક છે.

## 6.11 સારાંશ :

આ એકમમાં પ્રાચીન સમયના સામાન્ય હેતુઓનો ઉલ્લેખ કરીને સાંપ્રત સંસ્કૃત-શિક્ષણના પ્રાથમિક તથા માધ્યમિક કક્ષાએ શિક્ષણકાર્ય અંગે સામાન્ય અને વિશિષ્ટ હેતુઓની ચર્ચા કરી. વળી શિક્ષણકાર્ય બાદ વિદ્યાર્થીઓમાં ક્યાં-ક્યાં અપેક્ષિત વર્તન-પરિવર્તનો લાવી શકાય. તે જાણવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

## 6.12 સ્વાધ્યાય :

1. સંસ્કૃત શિક્ષણના ધ્યેય અને હેતુ વચ્ચે શો તફાવત છે ?

2. માધ્યમિક શિક્ષણના સ્તરે સંસ્કૃત અધ્યાપનના સામાન્ય હેતુઓ કયા-ક્યા છે ?

3. સંસ્કૃત અધ્યાપનના વિશિષ્ટ હેતુઓની સંરચનામાં ઉપયોગી અવલોકનક્ષમ વર્તનો ક્યાં-ક્યાં છે ?

## 6.13 ચર્ચા કરવા માટેના કેટલાંક મુદ્દા :

1. પ્રાચીન તથા અર્વાચીન સમયમાં સંસ્કૃતના હેતુઓ વચ્ચેનો તફાવત

2. સંસ્કૃત શિક્ષણના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ

3. સંસ્કૃત અધ્યાપનના વિશિષ્ટ હેતુઓની સંરચનામાં ધ્યાનમાં રાખવાની બાબતો.

## 6.14 ઉપયોગી પુસ્તકો :

1. ડૉ.શાસ્ત્રી જયેન્દ્ર દવે અને અન્ય : સંસ્કૃત અધ્યાપન પરિશીલન બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ, 1987.

2. ચિનુભાઈ એન.પટેલ અને અન્ય, સંસ્કૃતનું આદર્શ અધ્યાપન, વારિષણ પ્રકાશન, અમદાવાદ, 2005.

3. શ્રી સુરેશચંદ્ર પી.જહા અને અન્ય, સંસ્કૃત અધ્યપન પદ્ધતિ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, 1995.

4. પ્રિ. આકુવાલા : સંસ્કૃતનું અભિનવ અધ્યાપન, ભારત પ્રકાશન, તિલક માર્ગ, અમદાવાદ.

5. डॉ.पांण्डेय रामसकल : संस्कृत-शिक्षण, विनोदमुस्तक भंडार, अगरा, 1972.

## 6.15 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો.

(1) 2.1.3

(2) 2.1.4.5

(3) 2.1.6

| એકમ-7 | ધો.8થી 10ના સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનું મૂલ્યાંકન |
|---|---|

## : એકમનું માળખું :


7.1 ઉદ્દેશો
7.2 પ્રાસ્તાવિક
7.3 અભ્યાસક્રમનો અર્થ
7.4 સંસ્કૃતનો પાઠ્યક્રમ અને તેના સિદ્ધાંતો
7.5 અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત
7.6 સંસ્કૃત-પાઠ્યક્રમ-રચનાના સિદ્ધાંતો
7.7 ધો- 8 સંસ્કૃતનો અભ્યાસક્રમ
7.8 ધો- 8 સંસ્કૃતના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન
7.9 ધો- 9 સંસ્કૃતનો અભ્યાસક્રમ
7.10 ધો- 9 સંસ્કૃતના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન
7.11 ધો- 10 સંસ્કૃતનો અભ્યાસક્રમ
7.12 ધો- 8 સંસ્કૃતના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન
7.13 સારાંશ
7.14 સ્વાધ્યાય
7.15 ચર્ચા માટેના કેટલાંક મુદ્દા
7.16 કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 7.1 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

- અભ્યાસક્રમનો અર્થ જાણી શકશો.
- સંસ્કૃત વિષયના અભ્યાસક્રમના સિદ્ધાંતોથી પરિચિત થશો.
- અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત જાણી શકશો.
- સંસ્કૃત પાઠ્યક્રમ રચનાના સિદ્ધાંતોથી પરિચિત થશો.
- ધો.8, 9 અને 10 સંસ્કૃતના અભ્યાસક્રમથી પરિચિત થશો.
- ધો.8, 9 અને 10 સંસ્કૃતના પાઠ્યપુસ્તકોનું મૂલ્યાંકન કરી શકશો.

## 7.2 પ્રાસ્તાવિક :

સંસ્કૃત ભાષા ભારતની આદિભાષા, સંસ્કારભાષા અને પારંપરિક ભાષા હોવાથી તેનું આગવું મહત્ત્વ છે. તેથી તેના શિક્ષણનું વ્યાવહારિક મહત્ત્વ પૂર્ણ કરવા માટે હેતુ સિદ્ધ કર્યા પછી અભ્યાસક્રમની યોજના આવશ્યક છે. અભ્યાસક્રમ પાઠ્યપુસ્તક સ્વરૂપે આકાર લે છે. પાઠ્યપુસ્તકને શીખવનાર શિક્ષક અને શીખનારો વિદ્યાર્થી છે. આમ અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને શિક્ષક-વિદ્યાર્થી અગત્યનાં અંગો ગણી શકાય છે. ઉત્તમ શિક્ષક પાઠ્યપુસ્તકના ઉપયોગ સાથે પોતાની આંતરસૂઝ, લાગણી અને આકર્ષણ પેદા કરવાનું જણાવે છે.

## 7.3 અભ્યાસક્રમનો અર્થ :

અભ્યાસક્રમને અંગ્રેજી ભાષામાં (Curriculam) કહે છે. તેથી અભ્યાસક્રમએ ધ્યેયોને પહોંચી વળવા માટે હોઠનો માર્ગ છે. ભાષાનાં ચાર કૌશલ્યો-શ્રવણ, કથન, વાચન અને લેખનના વિકાસની સાથે

વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસને અને સહ-અભ્યાસી પ્રવૃત્તિઓને પણ આવરી લેવામાં આવે છે.

×અભ્યાસક્રમને માનવજાતિના સંપૂર્ણ જ્ઞાન અને અનુભવના આદર્શ તરીકે સમજવો જોઈએ.×

***- ફ્રોબેલ.***

×અભ્યાસક્રમ શિક્ષકરૂપી કલાકારના હાથમાં એક એવું સાધન છે, કે જેનાથી તે શાળારૂપી કલામંદિરમાં પોતાના શૈક્ષણિક ઉદ્દેશો રૂપી આદર્શો પ્રમાણે પોતાનાં વિદ્યાર્થીઓ રૂપી સામગ્રીને ઘાટ આપે છે.×

***- કલિંગ હામ***

આમ અભ્યાસક્રમ એટલે શાળામાંથી બાળકને પ્રાપ્ત થતા અનુભવોની સમગ્રતાનો અર્થ છે. એમ કહી શકાય.

## 7.4 સંસ્કૃતનો પાઠ્યક્રમ અને તેના સિદ્ધાંતો :

માધ્યમિક શિક્ષણમાં સંસ્કૃતનું શિક્ષણ ફરજિયાત અને વૈકલ્પિક બે સ્વરૂપે અપાય છે. માતૃભાષા અને સંસ્કૃતની અલગ અલગ પરીક્ષા લેવાય છે.

સામાન્ય સંજોગોમાં અભ્યાસક્રમ અને પાઠ્યક્રમને એક માનવાની ભૂલ કરવામાં આવે છે. પણ એ જાણી લેવું જોઈએ કે પાઠ્યક્રમ એ અભ્યાસક્રમ નથી. પાઠ્યક્રમ માટે અંગ્રેજીમાં Syllabus શબ્દ છે. પાઠ્યક્રમમાં માત્ર વિષયવસ્તુનો જ સમાવેશ થાય છે. અભ્યાસક્રમ એ વ્યાપક છે જેમાં શાળા બહારથી મળતા અનુભવો અને કૌશલ્યોનો સમાવેશ થાય છે. 'પાઠ્યક્રમ મોટેભાગે અધ્યયન-અધ્યાપન દ્વારા અપાતું શિક્ષણ છે.'

## 7.5 અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત :

બંને વચ્ચેનો તફાવત નીચે પ્રમાણે છે :

| | **અભ્યાસક્રમ** | | **પાઠ્યક્રમ** |
|---|---|---|---|
| 1. | અભ્યાસક્રમ વ્યાપક છે. | 1. | પાઠ્યક્રમ સીમિત છે. |
| 2. | અભ્યાસક્રમમાં પાઠ્યક્રમ સમાઈ જાય છે. | 2. | પાઠ્યક્રમમાં અભ્યાસક્રમનો સમાવેશ થતો નથી. |
| 3. | અભ્યાસક્રમ સમગ્રતાને આવરી લે છે. | 3. | પાઠ્યક્રમ માત્ર પૂર્વનિર્ધારિત મુદ્દાઓને જ આવરી લે છે. |
| 4. | અભ્યાસક્રમનું મૂલ્યાંકન સતત સર્વગ્રાહી અને પરોક્ષ રીતે થતું રહે છે. | 4. | પાઠ્યક્રમનું મૂલ્યાંકન કસોટીઓ પરીક્ષા દ્વારા થાય છે. |
| 5. | અભ્યાસક્રમ વ્યક્તિત્વ વિકાસની તકો પૂરી પાડે છે. | 5. | પાઠ્યક્રમ બૌદ્ધિક વિકાસની તકો પૂરી પાડે છે. |
| 6. | અભ્યાસક્રમમાં વર્ગખંડમાંથી અને વર્ગખંડ બહારની અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ, સામાજિક કૌશલ્યો, મૂલ્યો અને કૌશલ્યલક્ષી અનુભવોનો સમાવેશ થાય છે. | 6. | પાઠ્યક્રમમાં મહદ્અંશે વિષય શિક્ષણનો સમાવેશ થાય છે. |
| 7. | અભ્યાસક્રમ જીવન વિકાસને સ્પર્શતું આયોજન છે. | 7. | પાઠ્યક્રમ વિષય પ્રાવીણ્યને સ્પર્શતું આયોજન છે. |
| 8. | અભ્યાસક્રમ પાઠ્યક્રમને આવરી લે છે. | 8. | પાઠ્યક્રમ સમગ્ર અભ્યાસક્રમનો અંતર્ગત ભાગ છે. |

## 7.6 સંસ્કૃત-પાઠ્યક્રમ-રચનાના સિદ્ધાંતો :

1. પાઠ્યક્રમ નક્કી કરેલા સમયમાં પૂરો થવો જોઈએ.
2. સંસ્કૃત-શિક્ષણના તમામ પાસાંઓનો એમાં સમાવેશ થયેલો હોવો જોઈએ.

3. વિદ્યાર્થીની કક્ષા તથા પૂર્વજ્ઞાનને ધ્યાનમાં રાખી પાઠ્યક્રમની રચના થવી જોઈએ.
4. પાઠ્યક્રમની પસંદગી વિદ્યાર્થીઓના સામાજિક, બૌદ્ધિક, સાંસ્કૃતિક અને ભૌતિક સ્તરને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ.
5. પાઠ્યક્રમની રચના કરત વખતે વિદ્યાર્થીઓના ભાષાસ્તરને પણ ધ્યાનમાં લેવું જોઈએ.
6. સંસ્કૃત પાઠ્યક્રમમાં ગદ્ય-પદ્ય પાઠો નક્કી કરતાં વિદ્યાર્થીઓની અપેક્ષાઓ અને જરૂરિયાતોનો ખ્યાલ રાખવો જોઈએ.
7. વિભિન્ન વિષયો સાથે અનુબંધ ધરાવે એવા પાઠોની પાઠ્યક્રમમાં પસંદગી કરવી જોઈએ.
8. વિદ્યાર્થીઓ વ્યક્તિગત શક્તિઓને પ્રોત્સાહિત કરે તેવો લચિક પાઠ્યક્રમ તૈયાર કરવો જોઈએ.
9. વિદ્યાર્થીઓની વય-કક્ષા અને વિષયને ધ્યાનમાં રાખી પાઠ્યક્રમની રચના કરવી જોઈએ.
10. પાઠ્યક્રમની રચના 'સરળથી કઠિન તરફ'ની ગતિશીલતાને ધ્યાનમાં રાખી કરવી જોઈએ.
11. વ્યાકરણના સરળ અને અતિ પ્રચલિત નિયમો તરફ વધુ ધ્યાન આપવું જોઈએ.
12. પાઠ્યક્રમ રજૂઆતની દૃષ્ટિએ કિલષ્ટ બનવો જોઈએ નહીં.
13. સંસ્કૃત પાઠ્યક્રમમાં યથોચિત આધુનિક વિદ્યાઓનો સમાવેશ કરવો જોઈએ.

## 7.7 ધો-9 સંસ્કૃતનો અભ્યાસક્રમ :

(ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગના પત્રક્રમાંક બમશ 1104/3372/ ગ.તા.થી મંજૂરી)

| પ્રકરણ ક્રમાંક | પાઠ શીર્ષક | પાઠ પ્રકાર | આધાર સંદર્ભ | શૈક્ષણિક મુદ્દા | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 1. | समर्चनम् | પદ્ય | वेद | - વેદઃ સ્તુતિ, પ્રાર્થના અને પૂજન-નમન માટેનો પ્રેરણાસ્ત્રોત<br>- ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ આપણી પરંપરા<br>- વિવિધ દેવ-દેવીઓની સ્તુતિ | - વેદની ઋચાઓ તથા પ્રાર્થનાના શ્લોકો કંઠસ્થ કરવા, સુવાચ્ય અક્ષરે લખવા તેમજ શાળાની પ્રાર્થનાસભામાં તેનું ગાન કરવું. |
| 2. | कुलस्य आचारः | ગદ્ય | प्राणीकथा | - ચાતક અને તેના બચ્ચાંની વાત<br>- પિતા-પુત્ર સંવાદ પરથી પ્રેરણા<br>- શિશુનો પશ્ચાત્તાપ-કુળની પરંપરાનું પાલન | - શાળામાં પળાતા આચારો, પરિવારમાં પળાતા વિવિધ કુલાચારો ની સૂચિ બનાવવી.<br>- નાના સ્વજનોને સંસ્કૃત માં શુભેચ્છાઓ આપો.<br>- 'તરસ્યું ચાતકબાળ' એવા શીર્ષક હેઠળ આ વાર્તાને માતૃભાષામાં લખો. |
| 3. | परंनिधानम | ગદ્ય | मोजप्रबन्ध | - ધારાનગરીનો રાજા ભોજઃ આદર્શ રાજવી, ન્યાય આપવામાં કુશળ અને વિદ્વાનોની ગુણવત્તાને પારખનાર<br>- રાજા ભોજ અને યુવાન પંડિત વચ્ચે સંવાદ<br>- સંતોષનું મહત્ત્વ | - પર્ર નિધાનમનું ગદ્યપાઠનું કથાવસ્તુ સંક્ષેપમાં લખો.<br>- ભોજપ્રબંધમાં આવતી અન્ય કથા વર્ગખંડમાં રજૂ કરવી. |

| પ્રકરણ ક્રમાંક | પાઠ શીર્ષક | પાઠ પ્રકાર | આધાર સંદર્ભ | શૈક્ષણિક મુદ્દા | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 4. | वलभी विद्यास्थानम | ગદ્ય | भूतकालीन | - વલભી વિદ્યાપીઠ : ગુજરાત પ્રદેશનું એક પ્રસિદ્ધ વિદ્યાસ્થાનક<br>- ઈ.સ.ની નવમી સદીમાં તેનો વિનાશ | - વિશ્વવિદ્યાલયની મુલાકાત લેવી.<br>- અન્ય પ્રાચીન વિશ્વવિદ્યાલયો વિશેની માહિતી અને ચિત્રો એકત્રિત કરવા.<br>- જૈનધર્મ અને બૌદ્ધધર્મના સ્થાપકો વિશે માહિતી મેળવવી. |
| 5. | सुभाषितवैभव | પદ્ય | सुभाषित रत्नभंडार | - આદર્શ પાઠકના ગુણો, કીર્તિની અમરતા, લોભ સર્વ પાપોનું મૂળ, સાચા મિત્રની ઓળખ, સજ્જન અને દુર્જનના લક્ષણો<br>- સુભાષિત વ્યક્તિને ઉજ્જવળ અને ચારિત્ર્યવાન બનાવવા માટે પ્રેરણાસ્ત્રોત | - સુભાષિત અંત્યાક્ષરીનું<br>- સુભાષિતોનો ચાર્ટ અને હસ્તલિખિત અંક તૈયાર કરવો.<br>- સુભાષિતમાં પ્રયોજાયેલી વિભક્તિને ઓળખવી. |
| 6. | सर्व चारुतरं वसन्ते | પદ્ય | ऋतुसंहारम् | - પ્રકૃતિનું આબેહૂબ-બેનમૂન વર્ણન<br>- વસંતનું જીવંત વર્ણન | - સંસ્કૃત સાહિત્યમાં અન્યત્ર મળતા વસંતઋતુના વર્ણનોને એકત્રિત કરવા અને તેમાં આલેખાયેલા શબ્દચિત્રોને ઉપસાવો. |
| 7. | संहतिः कार्यसाधिका | ગદ્ય | हितोपदेश | - સંગઠનનો મહિમા<br>- મુશ્કેલી દૂર કરવા સંગઠન જરૂરી | - હિતોપદેશની બીજી કોઈ વાર્તા તમારા શબ્દોમાં લખો.<br>- સમગ્ર પાઠનો ગુજરાતીમાં અનુવાદ કરો.<br>- હિતોપદેશની બીજી કોઈ વાર્તા તમારા શબ્દોમાં લખો.<br>- સમગ્ર પાઠનો ગુજરાતીમાં અનુવાદ કરો. |
| 8. | काषायाणां कोडपराधः | ગદ્ય | अर्वाचीन गुर्जर साहित्य | - સેવાકાર્ય નિઃસ્વાર્થભાવે અને નિરભિયાની બનીને કરવું.<br>- મહાત્મા ગાંધી અને સ્વામી સત્યદેવની વચ્ચેનો પ્રસંગ | - સાબરમતી આશ્રમની મુલાકાત લેવી.<br>- ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' મેળવીને વાંચવી.<br>- આઝાદીના લડવૈયાઓ અને સત્યાગ્રહો વિશે માહિતી મેળવવી. |

| પ્રકરણ ક્રમાંક | પાઠ શીર્ષક | પાઠ પ્રકાર | આધાર સંદર્ભ | શૈક્ષણિક મુદ્દા | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 9. | उपकारहस्तु कर्तव्यः | ગદ્ય | मृच्छकटिकम् | - ચારુદત્ત અને વસંતસેનાની વાત<br>- દુષ્ટ માણસોનો અંત ખરાબ<br>- સજ્જન માણસ અપકાર ઉપર ઉપકાર કરે, દયાની ભાવના. | - કથાવસ્તુ વાંચવું.<br>- વર્ગમાં આ નાટ્યાંશ વાંચી અભિનય સાથે રજૂ કરો. |
| 10. | दोवारिकस्य सेवानिष्ठ | ગદ્ય | शिवराज-विजय | - છત્રપતિ શિવાજીના પરાક્રમ અને વિજયની કથા<br>- શિવાજીના નાનામાં નાના સેવક પ્રાણાણિક, નિષ્ઠાવાન સ્વામિક્ત<br>- વિદ્યાર્થીમાં સેવાભાવના અને પ્રામાણિકતા જેવાં મૂલ્યોનું સિંચન | - પ્રસ્તુત પાઠના સંવાદો અભિનયસહિત રજૂ કરો.<br>- સેવાનિષ્ઠો અને પ્રામાણિકતા દર્શાવતી અન્ય વાર્તાઓ, પ્રસંગોનું તમારા શબ્દોનું વર્ણન કરો.<br>- તમારી રોજનીશીમાં તમારી પ્રામાણિકતા અને સેવાનિષ્ઠા લખો. |
| 11. | वेदितव्यानि मित्राणि | પદ્ય | महाभारत आपधर्म पर्व | - ભીષ્મ-યુધિષ્ઠિર સંવાદ<br>- રાજનીતિનો ઉપદેશ<br>- સાચા મિત્રની વાત શ્રાવ્ય સાધનો દ્વારા પરિચય આપવો. | - મહાભારતના બોધદાયક પ્રસંગો મેળવીને વાંચવા<br>- મહાભારતનો દશ્ય- |
| 12. | सुभाषित सप्तकम् | પદ્ય | प्राचीनकालीन | - | - સુભાષિતગાન સ્પર્ધાનું આયોજન કરવું.<br>- તમારા મનગમતા સુભાષિતો કંઠસ્થ કરી પ્રાર્થનાસભામાં ગાન કરો. |
| 13. | हनुमद्धर्जिराम | ગદ્ય स्वन्तम् | पंचरात्रम् | - પાંડવોનો અજ્ઞાતવાસ<br>- ગોગ્રહણને રોકવા છૂપા વેશે રહેતા પાંડવો<br>- પાંચ રાત્રિમાં જ પાંડવોની ભાળ મળતા અડધું રાજપાટ મળ્યું. | - ભાસના તેર નાટકોના નામ લખો.<br>- पंचरात्रम् પુસ્તક મેળવીને તેનું કથાવસ્તુ વાંચવું. |
| 14. | हनुमद्धर्जितराम वृतान्तः | પદ્ય | रामायणम् | - રામના દૂત તરીકે હનુમાનનું<br>- રામની વીંટી બતાવવી.<br>- રામના ગુણોનું વર્ણન.<br>- આપણે પણ મર્યાદા પુરુષોત્તમ રામ બનવું જોઈએ. | - રામાયણના મુખ્ય પાત્રોનો સંક્ષિપ્તમાં પરિચય કેળવો.<br>- રામાયણના મુખ્ય પ્રકરણોની જાણકારી મેળવો.<br>- રામના ગુણોની સૂચિ બનાવો |

| પ્રકરણ ક્રમાંક | પાઠ શીર્ષક | પાઠ પ્રકાર | આધાર સંદર્ભ | શૈક્ષણિક મુદ્દા | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 15. | सुदुर्लभा सर्वमनोरमा वाणी | ગદ્ય | प्रस्ताव तरंगिणी | - જગતના વિવિધ પ્રકારના લોકોના રસ-રુચિ જુદાં-જુદાં<br>- મનોહારી, હિતકારી વાણી દુર્લભ. | - તમારા મનપસંદ વાર્તાલાપના મહત્ત્વ દર્શાવતાં શ્લોકો સુવિચારો એકત્ર કરો. |
| 16. | अजय-स भविष्यति | પદ્ય | नितीसार | - મનુષ્યે પોતાના વ્યક્તિગત વિકાસ અને જીવન સફળ બનાવવા માટે વીસ ગુણો જાણીને વ્યવહારમાં આચરણ જરૂરી<br>- પ્રાણીઓની ઉપેક્ષા ન કરતાં તેમની પાસે માર્ગદર્શન મેળવવું. મુલાકાત લેવી | - પશુ-પક્ષીઓની સંયુક્ત નામોની યાદી તૈયાર કરવી.<br>- તમારા મનગમતા પશુ-પક્ષીનું અવલોકન કરી તેના લક્ષણો નોંધો અને ચિત્રોનો સંગ્રહ બનાવો.<br>- પ્રાણીસંગ્રહાલયની |
| 17. | आचार्यः चरकः | ગદ્ય | नीतिसार | - આચાર્ય ચરકનો પરિચય<br>- ઉપદેશ : રોગવિહીન શરીર સૌથી મૂલ્યવાન ધન ફાયદાઓ જણાવવા. | - ચરકસંહિતાનો પરિચય કરાવવો.<br>- ઔષધિવિજ્ઞાનના |
| 18. | बिलसाय वाणी न कदापि मे श्रुता | ગદ્ય | पश्चतंत्रम | - સિંહ-શિયાળની વાર્તા<br>- આવનારી આપત્તિની જાણ અને તેનાથી બચવાના ઉપાયોનો વિચાર | - કોઈ એક પ્રાણીકથાને તમારા શબ્દોમાં લખો. |
| 19. | विनोद पधानी | પદ્ય | प्राचीन प्रहेलिका | - પ્રહેલિકામાં જગતના કેટલાંક પદાર્થોની ખાસિયતો, કેટલીક ઐતિહાસિક વિગતો અને કેટલીક નૈતિક બાબતોના બોધનો ઉલ્લેખ | - અન્ય ભાષાની પ્રહેલિકા એકત્રિત કરો.<br>- એક કરતાં વધારે અર્થ ધરાવતા હોય તેવા સંસ્કૃત વાક્યોનો સંગ્રહ કરો. |
| 20. | संस्कृतभाषाया वैशिष्ट्यम् | ગદ્ય | प्रकीर्णम | - સંસ્કૃત આપણી પ્રાચીનતમ રાષ્ટ્રભાષા, વિશ્વની ભાષાઓની જનની, ભારતની પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિની વાહક છે.<br>- સંસ્કૃત ભાષાની અનેક વિશેષતાઓ | - સંસ્કૃત ભાષાના ધ્યેય વાક્યોનો સંગ્રહ કરો.<br>- સંસ્કૃત ભાષાના સામયિકોની યાદી તૈયાર કરો. |

**अभ्यास : 1 : पुनरावर्तनम्**

-કર્તૃકારક અને વર્તમાનકાળના ક્રિયાપદોનું પુનરાવર્તન

**अभ्यास : 2 कारक-विभक्ति-परिचय**

- વિભક્તિ, કારકો અને તેને માટે ગુજરાતી ભાષામાં વપરાતા પ્રત્યયો
- अ કારાન્ત, ऋद्म કારાન્ત, उ કારાન્ત, आ કારાન્ત, પુલ્લિંગનું, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના રૂપો
- अम्मद्,-दुष्मद् સર્વનામ રૂપો.
- तद् (તે) પુલ્લિંગ, तद् (તે) સ્ત્રીલિંગ, तद् (તે) નપુંસકલિંગના રૂપો.

**अभ्यास-3: क्रियापदानि**

- વર્તમાનકાળ : પરસ્મૈપદના અને આત્મનેપદના પ્રત્યયો અને તેના રૂપો

(પ્રથમ ગણ, ચોથો ગણ, છઠ્ઠો ગણ અને દસમો ગણ)

- હ્યસ્તન ભૂતકાળ : પરસ્મૈપદ અને આત્મનેપદના પ્રત્યયો અને તેના રૂપો
  (પ્રથમ ગણ, ચોથો ગણ, છઠ્ઠો ગણ અને દસમો ગણ)
- સામાન્ય ભવિષ્યકાળ : પરસ્મૈપદ અને આત્મનેપદના રૂપો
  (પ્રથમ ગણ, ચોથો ગણ, છઠ્ઠો ગણ અને દસમો ગણ)

**अभ्यास-4: कृदन्तपदानि**

- સંબંધક ભૂતકૃદંત અને હેત્વર્થકૃદંતનો પરિચય

**अभ्यास-5: समास परिचय**

- તત્પુરુષ અને દ્વન્દ્વ સમાસનો પરિચય

**अभ्यास-6: सन्धि :**

- અનુસ્વારનો અર્થ અને તેના નિયમો

**अभ्यास-7: अव्ययपदानि**

- अव्यय परिचय ઉદાહરણ સહિત

## 7.8 પ્રવર્તમાન ધોરણ-9 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકોની સમીક્ષા :

સંસ્કૃતના આદર્શ પાઠ્યપુસ્તકના લક્ષણોને ધ્યાનમાં રાખીને તેની બાહ્ય અને આંતરિક સમીક્ષા નીચે મુજબ છે.

**બાહ્ય સમીક્ષા :**

1. **કદ** : પાઠ્યપુસ્તકની લંબાઈ 29 સે.મી. અને પહોળાઈ 21 સે.મી. છે, જે સાઈઝ વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબ યોગ્ય કહી શકાય.
2. **મુખપૃષ્ઠ** : પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃતને શોભે એવા આચાર્ય, ઋષિ, મહર્ષિ કે મહાકવિનું છે, પરંતુ તે કોનું ચિત્ર છે, તેના નામનો ઉલ્લેખ જોવા મળતો નથી.
3. **કાગળો** : પ્રસ્તુત પાઠ્યપુસ્તકના કાગળો સફેદ, ટકાઉ અને ઊંચી ગુણવત્તાના છે, જે સારી બાબત છે.
4. **છાપકામ** : પાઠ્યપુસ્તકનું છાપકામ-મુદ્રણ સુવ્યવસ્થિત અને યોગ્ય કદના અક્ષરોવાળું છે, જેથી સ્પષ્ટ રીતે વાંચી શકાય છે.
5. **બાંધણી** : પાઠ્યપુસ્તકની બાંધણી મજબૂત છે. પૂઠું પાકું નથી, પરંતુ કાચું છતાં મજબૂત છે.
6. **પૃષ્ઠ સંખ્યા** : સંસ્કૃતના ધોરણ-9ના અભ્યાસક્રમને ન્યાય મળે તે મુજબની અને શિક્ષણ સમિતિની સૂચનાઓને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકની કુલ પૃષ્ઠસંખ્યા 116 છે જે યોગ્ય કહી શકાય.
7. **પાછળનું પૃષ્ઠ** : પાઠ્યપુસ્તકના છેલ્લા-પાછળના પેજ પર સ્ટેચ્યૂ ઑફ યુનિટીનું ચિત્ર અને તેના વિશે સંક્ષિપ્તમાં સુંદર માહિતી આપી છે તે ખૂબ સારી બાબત છે.
8. **કિંમત** : $ 33.00

**આંતરિક સમીક્ષા :**

**(1) વિષયવસ્તુ :** પાઠ્યપુસ્તકમાં કુલ 20 પાઠો અને 7 વ્યાકરણને લગતાં અભ્યાસ છે. 20 પાઠમાં 12 ગદ્યપાઠ અને 8 પદ્યપાઠ છે.

વ્યાવહારિક વિષયવસ્તુવાળા એકમો અને સરળ સુભાષિતોનો સમાવેશ કરેલ છે.

- વિષયવસ્તુની પસંદગી તેજસ્વી, મધ્યમ અને મંદ પ્રકારના અધ્યેતાઓનો ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.
- પાઠ્યપુસ્તકમાં વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ચારિત્ર્યઘડતર, સ્વાસ્થ્ય શિક્ષમ, જીવનચરિત્ર, પૌરાણિક અને આધુનિક બાબતોમાં વૈવિધ્યતા જોવા મળે છે.

**(2) ભાષા :** - પાઠ્યપુસ્તકની ભાષા વિદ્યાર્થીઓની વય અને કક્ષા મુજબની સરળ અને સ્પષ્ટ છે.

- વ્યાકરણની બાબતમાં દરેક નિયમ, ખ્યાલ કે સિદ્ધાંત સ્પષ્ટ અને સરળ રીતે રજૂ કરેલ છે.

(3) ચિત્રો : પાઠ્યપુસ્તકમાં અર્થબોધ માટે કેટલાંક ચિત્રો દરેક પાઠના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને

મૂકવામાં આવેલા છે, જે સારી બાબત છે.

**(4) કોઠાઓ :** વ્યાકરણના મુદ્દાઓની અસરકારક રજૂઆત માટે કેટલાંક કોઠાઓ ક્રિયાપદ, કૃદંત, રૂપ, સમાસ, સંધિ, વિભક્તિ અને અવ્યયના અનુસંધાનમાં આપેલ છે તે યોગ્ય છે.

**(5) અનુબંધ :** પાઠ્યપુસ્તકમાં રજૂ થયેલ એકમો વચ્ચે અને આગળ-પાછળના પ્રકરણોમાં અનુબંધ જળવાયેલો જોવા મળે છે, જેથી કરીને શિક્ષક અને વિદ્યાર્થી પક્ષે રસ-રુચિ જળવાઈ રહે છે.

**(6) એકમ વિભાજન :**

ગદ્ય-પદ્ય અને વ્યાકરણના એકમ વિભાજનમાં ઔચિત્યનો ખ્યાલ રાખવામાં આવતા દરેક એકમની રજૂઆત સપ્રમાણ અને વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબ કરવામાં આવી છે.

**(7) સ્વાધ્યાય :** પાઠ્યપુસ્તકના દરેક એકમને અંતે એકમના હાર્દને ધ્યાનમાં રાખીને વૈવિધ્યસભર સ્વાધ્યાયની રચના કરવામાં આવી છે જે શિક્ષણના દઢીકરણ માટે અને વિદ્યાર્થીઓને તેમાંથી સ્વ-અધ્યયન માટે પ્રેરણા મળી રહે તેમજ પરીક્ષા માટે ઉપયોગી છે.

**(8) રજૂઆત :** - વિષયવસ્તુ, સ્વાધ્યાય, વ્યાકરણ વગેરેની રજૂઆતમાં સરળતા કેન્દ્રસ્થાને છે.

- રજૂઆતમાં વિદ્યાર્થીઓની વયકક્ષા અને રસ-રુચિની ધ્યાનમાં લેવાઈ છે.
- અનુબંધ અને રજૂઆત અસરકારક બનતા આ પાઠ્યપુસ્તક છાત્રભોગ્ય બન્યું છે.
- દરેક એકમને અંતે પ્રવૃત્તિઓ અસરકારક રીતે આપેલ છે.
- દરેક એકમની શરૂઆતમાં સુંદર પ્રસ્તાવના આપેલ છે.

**મર્યાદાઓ :**

- વ્યાકરણ માટેની રજૂઆત સરળ, સંપૂર્ણ અને સ્પષ્ટ નથી. રજૂઆત ઉપરછલ્લી હોવાથી અસરકારક જણાતી નથી.
- વ્યાકરણ શિક્ષણ પરિચયાત્મક ધોરણે જ અપાયું છે એ સંસ્કૃત ભાષાના સ્વરૂપની દૃષ્ટિએ યોગ્ય જણાતું નથી. ખૂબ જ સંક્ષિપ્તમાં વ્યાકરણની રજૂઆત થયેલ છે.
- કંઠસ્થીકરણનું મહત્ત્વ ઓછું આંકવામાં આવેલ છે.
- પાઠ્યપુસ્તકની કિંમત વધુ છે, ઓછી હોવી જરૂરી છે જેથી કરીને શિક્ષણ અને સમાજના તમામ વર્ગના લોકો તેનો વધુ લાભ ઉઠાવી શકે.
- ચિત્રો હજી વધુ અસરકારક રીતે મૂકવામાં આવે તે જરૂરી છે.
- મુખપૃષ્ઠ પર કયા મહાકવિ કે મહર્ષિનો ફોટો છે તેનું નામ લખવું જરૂરી છે.
- પ્રાચીન અને અર્વાચીન સાહિત્યકારોનો સંક્ષિપ્તમાં પરિચય જરૂરિયાત મુજબ કરાવવો જરૂરી છે.
- રત્નકણિકાઓનો સમાવેશ કરેલ નથી, તે સૌથી મોટી મર્યાદા કહી શકાય.

## 7.9 સંસ્કૃત ધોરણ-10નો અભ્યાસક્રમ :

વર્ષ-2014થી ધોરણ-10માં નવા અભ્યાસક્રમનો અમલ થયેલ છે. જેથી આપણે અત્રે ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્રક્રમાંક : સશબ/1013/990/છ, તા. 8-1-2014થી મંજૂર થયેલ અભ્યાસક્રમ આધારિત પાઠ્યપુસ્તકના સંદર્ભમાં ધોરણ-10ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકનો પાઠ્યક્રમ નીચે પ્રમાણે છે :

| પ્રકરણ ક્રમાંક | પાઠ શીર્ષક | પાઠ પ્રકાર | આધાર સંદર્ભ | શૈક્ષણિક મુદ્દા | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 1. | સં વદ્ધ્વમ્ | પદ્ય | વેદ | - વેદ ભારતીય સમાજ અને ધર્મના આધાર સ્તંભ<br>- વેદ ચાર : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ<br>- વ્યવહારવિષયક ઉપદેશ દુર્ગુણો દૂર કરવાની પ્રાર્થના પારિવારિક જીવનના આદર્શની વાત અને સમગ્ર માનવસમાજના મંગળની પ્રાર્થના | - શાળામાં યોજાતા વિવિધ કાર્યક્રમોમાં વેદના મંત્રો અને શ્લોકોને પ્રાર્થના સ્વરૂપે રજૂ કરવા |

| પ્રકરણ ક્રમાંક | પાઠ | પાઠ શીર્ષક | આધાર પ્રકાર | શૈક્ષણિક મુદ્દા સંદર્ભ | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 2. | यद्धविषयो विनश्यति | गद्य | पंचतंत्रम् | - ભાગ્યના ભરોસે બેસી રહેનાર આળસુ વ્યક્તિની હાલત 'યદ્‌ભવિષ્ય' નામના માછલા જેવી<br>- ઉદ્યમનો મહિમા<br>- મુશ્કેલીના સમયે બુદ્ધિનો ઉપયોગ | - પંચતંત્ર અને હિતોપદેશની અન્ય વાર્તાઓનું કથન<br>- સંબંધિત સૂક્તિઓ એક્ત્રિત કરવી.<br>- ઈન્ટરનેટ દ્વારા વિશેષ માહિતી મેળવવી. |
| 3. | स्वस्थवृतं समाचर | पद्य | प्रकीर्णम | - સ્વસ્થ આહાર-વિહાર અને વ્યવહારનું મહત્ત્વ<br>- આદર્શ દિનચર્યા અને સદગુણો નો મહિમા | - દિનચર્યાનું સમયપત્રક બનાવવું.<br>- દિનચર્યાનું રોજનીશીમાં આલેખન કરવું. |
| 4. | जनादर्नस्य पश्चिम : सन्देश : | गद्य | दूतघटोत्कचम् | - ઘટોત્કચ અને શકુનિ-દુર્યોધન વચ્ચેનો સંવાદ<br>- હઠાગ્રહી વર્તન કુળના વિનાશનું કારણ | - પ્રસ્તુત નાટ્યાંશનો અભિનય કરાવવો.<br>- ભાસના અન્ય નાટકોની ઉપલબ્ધ સીડી મેળવી જોવી. |
| 5. | गुणवती कन्या | गद्य | दशकुमार चरितम् | - ગુણવાન માણસ તેની બુદ્ધિ પ્રતિભા દ્વારા સુખ પ્રાપ્ત કરે છે.<br>- સ્ત્રી અને પુરુષ ગૃહસ્થ રથના બે પૈડાં | - આદર્શ નાગરિકના ગુણો<br>- એક જ ધાન્યમાંથી તૈયાર થતી વિવિધ વાનગીઓની યાદી બનાવવી. |
| 6. | कष्टखण्ड | गद्य | प्रकीर्णम | - ગુરુ-શિષ્ય સંબંધનું મહત્ત્વ<br>- ગુરુનો શિષ્યને ઉપદેશ<br>- સૌભાગ્ય આડે આવતા વિઘ્નોથી બચવું. | - માનવીય વ્યસનોની સૂચિ તૈયાર કરી, તેનાથી<br>- દુર્ગુણો છોડીને મહાન વ્યક્તિ બનેલા મહાપુરુષોની યાદી બનાવવી. |
| 7. | सुभाषित कुसुमानि | पद्य | सुभाषित रत्नभंडार | - સજ્જનોના વચનોનું મૂલ્ય, વૃક્ષોની ઉપયોગિતા, પ્રયત્નપૂર્વક ગુણોની પ્રાપ્તિ, અસ્થિર ચિત્તવાળી વ્યક્તિથી થનારી હાનિ, વ્યક્તિની પરીક્ષાના પ્રકારો, મહાપુરુષોના અનુકરણીય ગુણો અને ધૈર્યશીલ માણસના સ્વભાવનું વર્ણન<br>- વિદ્યાર્થીજીવનમાં મૂલ્યો, સદ્‌ગુણો, અને કૌશલ્યોનું મહત્ત્વ | - પ્રસ્તુત શ્લોકોનું શુદ્ધ ઉચ્ચારણ, ગાન અને સમૂહગાન કરાવવું<br>- વર્ગખંડમાં સંસ્કૃત અંત્યાક્ષરીનુંઆયોજન કરવું.<br>- સુભાષિતોનું ચાર્ટ અને હસ્તલિખિત અંક તૈયાર કરવો. |
| 8. | साक्षीभूत: मनुष्य: | गद्य | प्रकीर्णम | - દુર્ઘટના સમયે સાક્ષીરૂપ બનેલા માણસની ફરજનું દિશાસૂચન<br>- જીવમાત્ર પ્રત્યે દયા અને મદદ કરવી. | - દુર્ઘટના સમયે કરવાની તાત્કાલિક સેવાઓની સૂચી બનાવવી.<br>- માર્ગ સલામતીના નિયમોનો ચાર્ટ બનાવવો.<br>- તમે જોયેલી કોઈક દુર્ઘટનાનું અહેવાલલેખન કરવું. |

| પ્રકરણ ક્રમાંક | પાઠ શીર્ષક | પાઠ પ્રકાર | આધાર સંદર્ભ | શૈક્ષણિક મુદ્દા | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 9. | चक्षुमान अन्ध एव | गद्य | हर्षचरित्रम | - ક્રોધ માણસના વિનાશનું મૂળ<br>- ક્રોધિત વ્યક્તિ છતી આંખે અંધ | - ક્રોધથી દૂર રહેવાની સૂક્તિઓ અને કહેવતો એકત્રિત કરવી.<br>- દુર્વાસા મુનિ જેવી અન્ય કથાઓ અને પ્રસંગોની નોંધ લખવી. |
| 10. | त्वमेका भवानी | गद्य | पौराणिकम् आदिशंकराचार्य | - બાહ્ય કર્મકાંડ કરતાં અનન્ય સાદાઈથી અને ગુણાત્મક જીવાતું જીવન વધારે મહત્ત્વનું<br>- સારી રીતે જીવતા માણસની રક્ષા ભવાની માતા હંમેશા કરે છે. | - આદિશંકરાચાર્યે રચેલા આવા અન્ય સ્ત્રોત મેળવીને વાંચો<br>- વર્ગખંડમાં આ સ્ત્રોતનું સમૂહગાન કરો. |
| 11. | वस्य जनर्न तस्य भरणम् | पद्य | पौराणिक | - વિત્તદાસ અને કૂટનાથની<br>- લોભ પાપનું મૂળ | - લોભને કારણે થતી હાનિને સૂચવતી બીજી વાર્તા એકત્ર કરો.<br>- લોભ વિશે અન્ય ભાષાઓમાં મળતી કહેવતોનો સંગ્રહ કરો. |
| 12. | कलिकाल सर्वज्ञो हेमचंद्राचार्य | गद्य | ऐतिहासिक | - કીર્તિ સરસ્વતીથી<br>- સિદ્ધહેમ શબ્દાનુશાસન : સંસ્કૃત વ્યાકરણનો એક અદ્‌ભૂત ગ્રંથ<br>- કીર્તિ માટે સાહિત્યની ઉપાસના જરૂરી | - આચાર્ય હેમચંદ્રનું જીવનચરિત્ર મેળવીને વાંચવું.<br>- હેમચંદ્રાચાર્યે રચેલા સંસ્કૃત સાહિત્યની સૂચિ બનાવો. |
| 13. | गीतामृतम् | पद्य | श्रीमद् भगवद् गीता (भीष्मपर्व) | - કુરુક્ષેત્રના મેદાનમાં પાંડવો-કોરવો વચ્ચે યુદ્ધ<br>- યુદ્ધ કરવાનો વિચાર પડતો મૂકતો અર્જુન<br>- કૃષ્ણનો ઉપદેશ : કર્મ કરે, ફળની આશા ન રાખ<br>- વ્યક્તિત્વ વિકાસ માટે ઉપયોગી | - શ્રીમદ્‌ ભાગવદ્‌ ગીતાનું ગુજરાતી અનુવાદ સાથેનું પુસ્તક મેળવીને વાંચો<br>- પ્રાર્થનાસભામાં ગીતાના શ્લોકોનું ગાન અને વક્તવ્ય રજૂ કરવું. |
| 14. | करुद्गदं दुष्करं | गद्य | मुद्राराक्षस | - ચાણક્ય અને ચંદનદાસ વચ્ચેનો સંવાદ<br>- પરિવારના ભોગે સાચી મિત્રતા નિભાવતો ચંદનદાસ | - વિષ્ણુગુપ્ત અને કૌટિલ્યના જીવન વિશે માહિતી મેળવો.<br>- ચાણક્યના પ્રેરક વચનોને શાળામાં સુંદર વિચાર તરીકે લખો. |
| 15. | जयः पराजयो वा | गद्य | पौराणिक | - યુદ્ધના પરિણામો હંમેશા ભયાનક<br>- પ્રાચીન યુગની સરખામણીમાં પ્રવર્તમાન સમયમાં યુદ્ધથી પૃથ્વી, જળ, વાયુ, આકાશને હાનિ પહોંચતા માવનજાતે વધુ દુઃખો ભોગવવા પડે. | - યુદ્ધના કારણે આવી પડતી આપત્તિઓની સચિત્ર સૂચિ બનાવો.<br>- યુદ્ધની ભયાનકતા દર્શાવતા ચિત્રોનો સંગ્રહ કરો. |

| પ્રકરણ ક્રમાંક | પાઠ | પાઠ શીર્ષક | આધાર પ્રકાર | શૈક્ષણિકમુદ્દા સંદર્ભ | પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|---|
| 16. | अद्भुतं युद्धम | पद्य | रामायणम् (अरण्यकाण्ड) | - બોધ : અત્યાચારી ગમે તેટલો શક્તિશાળી હોય અને તેની સામે આપણે ભલે ગમે તેવા સામાન્ય માણસ  હોઈએ તો પણ એકવાર તેનો સામનો કરવો જ<br>- દુઃખીનું દુઃખ દૂર કરવું, એ જ સાચો માનવધર્મ | -જટાયુજેવાં અન્ય પશુ-પક્ષીઓની વાર્તાઓનો સંગ્રહ કરો.<br>- રામાયણના જટાયુવધ જેવાં અન્ય પ્રસંગોનું સચિત્ર પ્રદર્શન ગોઠવો. |
| 17. | स्वाभाविकं सादश्यम् | गद्य | पद्य | - કોઈ એક શાસ્ત્રના વિદ્યાર્થી હોવા છતાં વિવિધ શાસ્ત્રોના સિદ્ધાંતોની જાણકારી વિદ્યાર્થીને હોવી જરૂરી | - સંસ્કૃત સાહિત્યની વૈજ્ઞાનિક ગ્રંથોના તથા તેમના રચયિતાના નામોનો સંગ્રહ કરવો. |
| 18. | मुकतानि मुक्तकानि | पद्य | सुभाषित रत्नभंडार | - મુક્તકો માણસને ઉત્તમ જીવન જીવવાનો ઉપાય અને ઉપદેશ આપે | -પાઠમાં આવતી પ્રહેલિકા જેવી કોઈ એક બીજી પ્રહેલિકા શોધીને લખો. |
| 19. | सत्यं मयूरः | गद्य | भगवद ज्जुकीयम | - શાંડિલ્યની બહાનાબાજી<br>- માતાની વાતની પુત્ર પર અસર<br>- વિદ્યા પ્રાપ્ત કરવાનો હેતુ | - સંસ્કૃત ભાષાના બીજા પ્રહસનો અને તેના કર્તાના નામ લખો.<br>- બગીચાની મુલાકાત લઈને નોંધ લખો. |
| 20. | तथैव तिष्ठति | पद्य | कर्णभार, मालविकर ग्निनमित्रम, उत्तररामचरित मृच्छकटिकम, रविगुप्त | - દાન-હોમનો મહિમા<br>- બુદ્ધિનો યોગ્ય ઉપયોગ<br>- મહાપુરુષનું મન વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ<br>- દરિદ્રની લાચારી, સજ્જન પ્રશંસા | -મહાકવિ કાલિદાસના મહાકાવ્યમાંથી તમારી મનપસંદગીનું કોઈ એક<br>- ભાસના કર્ણભારનું કથાવસ્તુ સંક્ષિપ્તમાં લખો. |

**अभ्यास-1 : પુનરાવર્તન અને ક્રિયાપદ પરિચય**

- **आज्ञार्थ :** પરસ્મૈપદ અને આત્મનેપદને પદના પ્રત્યયો અને રૂપો

(ગણ પહેલો, ચોથો ગણ, છઠ્ઠો ગણ અને દસમો ગણ)

- **विध्यर्थ :** પરસ્મૈપદ અને આત્મનેપદના પ્રત્યયો અને રૂપો

(ગણ પહેલો, ચોથો ગણ, છઠ્ઠો ગણ અને દસમો ગણ)

**अभ्यास-2 : વિશેષણ-પ્રયોગ-પરિચય**

- વિશેષણનો અર્થ,વિશેષ્ય-વિશેષણના પ્રયોગને લગતી કેટલીક વિશેષ માહિતી

- સર્વનામોનાં રૂપો : अस्मद्-युष्मद् સર્વનામના રૂપો,

तद् - પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના રૂપો

यद् - પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના રૂપો

किम् - પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના રૂપો

रुद्मदम् - પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના રૂપો

सर्व - પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના રૂપો

**अभ्यास-3 : ઉપપદ- વિભક્તિ-પરિચય**

- કારક વિભક્તિનો આશય
- ઉપપદ વિભક્તિનો આશય
- ઉપપદ વિભક્તિના પ્રયોગો

**अभ्यास-4 કૃદંત-પરિચય**

- ભૂતકૃદંત : કર્મણિ ભૂતકૃદંત, કર્તરિ ભૂતકૃદંત
- વિધ્યર્થકૃદંત : तव्य અને अनीयर પ્રત્યાયનના રૂપો

**अभ्यास-5 : સમાસ પરિચય**

- કર્મધાર્ય સમાસ, બહુવ્રીહિ સમાસ : અર્થ અને ઉદાહરણો

**अभ्यास-6 વિસર્ગ સંધિ પરિચય**

- વિસર્ગ સંધિ : અર્થ, ઉદાહરણો અને નિયમો

## 7.10 પ્રવર્તમાન ધોરણ-10 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકની સમીક્ષા :

સંસ્કૃતના આદર્શ પાઠ્યપુસ્તકના લક્ષણોને ધ્યાનમાં રાખીને તેની બાહ્ય અને આંતરિક સમીક્ષા નીચે મુજબ છે :

**બાલ સમીક્ષા**

**(1)** **કદ :** પાઠ્યપુસ્તકની લંબાઈ 28 સે.મી. અને પહોળાઈ 21 સે.મી. છે, જે સાઈઝ વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબ યોગ્ય કહી શકાય.

**(2)** **મુખપૃષ્ઠ :** પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવે છે. આ પૃષ્ઠમાં ભારતીય સંસ્કૃતિના ચાર વેદો : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના ચાર મહામંત્રો લખેલા છે જે ચિત્ર નયનરમ્ય અને સંસ્કૃતના વિદ્યાર્થી માટે અસરકારક રુચિ પેદા કરે તેવું છે.

**(3)** **કાગળો :** પ્રસ્તુત પાઠ્યપુસ્તકના કાગળો સફેદ, ટકાઉ અને યોગ્ય કદના અક્ષરોવાળું છે, જેથી સ્પષ્ટ રીતે વાંચી શકાય છે.

**(5)** **બાંધણી :** પાઠ્યપુસ્તકની બાંધણી મજબૂત છે. પૂઠું પાકું નથી, પરંતુ કાચું છતાં મજબૂત છે.

**(6)** **પૃષ્ઠસંખ્યા :** સંસ્કૃતના ધોરણ-10ના અભ્યાસક્રમને ન્યાય મળે તે મુજબની અને શિક્ષણ સમિતિની સૂચનાઓને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકની કુલ પૃષ્ઠસંખ્યા 124 છે જે યોગ્ય કહી શકાય.

**(7)** **પાછળનું પૃષ્ઠ :** પાઠ્યપુસ્તકના છેલ્લા-પાછળના પેજ પર સંસ્કૃતના ત્રણ મહામંત્રો આપેલા છે, જે ખૂબ જ સુંદર અને અસરકારક લાગે છે. રંગીન પૃષ્ઠ નયનરમ્ય જણાય છે.

**(8)** **કિંમત :** ધોરણ-10ના પાઠ્યપુસ્તકની કિંમત રૂ.44 છે, જે વધુ પ્રમાણમાં કહી શકાય. જો ઓછી કિંમત રાખવામાં આવે તો શિક્ષણ અને સમાજના તમામ લોકો તેનો લાભ લઈ શકે.

**(9)** **પ્રકાશન :** પાઠ્યપુસ્તકનું પ્રકાશન ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, વર્ષ : 2014 છે.

**આંતરિક સમીક્ષા :**

(1) વિષયવસ્તુ : - પાઠ્યપુસ્તકમાં કુલ 20 પાઠો અને 6 વ્યાકરણને લગતાં અભ્યાસ છે. 20 પાઠમાં 12 ગદ્યપાઠ અને 8 પદ્યપાઠ છે.

- વિષયવસ્તુની રજૂઆતમાં વૈવિધ્યતા જોવા મળે છે.
- વિષયવસ્તુની રજૂઆત ક્રમાનુસાર અને વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબની છે. સરળતાથી કઠિનતાના ક્રમને અનુસરનારું છે.
- પાઠ્યપુસ્તકમાં ગદ્ય અને પદ્યની કૃતિઓ પ્રાચીન તેમજ અર્વાચીન સાહિત્યમાંથી પસંદ કરવામાં આવેલ છે, પરિણામે વિદ્યાર્થીઓ પ્રાચીન અને અર્વાચીન, એમ બંને પ્રકારના સંસ્કૃત સાહિત્યથી પરિચિત થઈ શકે છે. કૃતિઓમાં વૈવિધ્ય છે. કથા, વાર્તા, નાટક, સંવાદ, શ્લોક, સુભાષિતો, મંત્રો વગેરેનો સમાવેશ થાય છે.

- વિષયવસ્તુમાં વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષય પ્રત્યે રસ-રુચિ જાગે અને જીવનમાં પણ ઉપયોગી થઈ શકે તેવા એકમો, સુભાષિત અને મંત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે.
- વિષયવસ્તુની પસંદગી તેજસ્વી, મધ્યમ અને મંદ પ્રકારના અધ્યેતાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.
- પાઠ્યપુસ્તકમાં વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ચારિત્ર્યઘડતર, સ્વાસ્થ્ય શિક્ષણ, જીવનચરિત્ર, પૌરાણિક અને આધુનિક બાબતોમાં વૈવિધ્યતા જોવા મળે છે.
- વ્યાકરણનો ભાર ઓછો જોવા મળે છે.

**(2) ભાષા :** - પાઠ્યપુસ્તકની ભાષા વિદ્યાર્થીઓની વય અને કક્ષા મુજબની સરળ અને સ્પષ્ટ છે.

- વ્યાકરણની બાબતમાં દરેક નિયમ, ખ્યાલ કે સિદ્ધાંત સ્પષ્ટ અને સરળ રીતે રજૂ કરેલ છે.

(3) ચિત્રો : પાઠ્યપુસ્તકમાં અર્થબોધ માટે કેટલાંક ચિત્રો દરેક પાઠના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને મૂકવામાં આવેલા છે, જે સારી બાબત છે.

(4) કોઠાઓ : વ્યાકરણના મુદ્દાઓની અસરકારક રજૂઆત માટે કેટલાંક કોઠાઓ વિભક્તિ, ક્રિયાપદ, કૃદંત, સમાસ-પરિચય, સંધિ અને વિશેષણ- પ્રયોગ પરિચય, વિસર્ગ સંધિ-પરિચયના અનુસંધાનમાં આપેલા છે તે યોગ્ય છે.

(5) અનુબંધ : પાઠ્યપુસ્તકમાં રજૂ થયેલ એકમ વચ્ચે અને આગળ-પાછળના પ્રકરણોમાં અનુબંધ જવવાયેલો જોવા મળે છે, જેથી કરીને શિક્ષક અને વિદ્યાર્થી પક્ષે રસ-રુચિ જળવાઈ રહે છે.

(6) એકમ વિભાજન : ગદ્ય-પદ્ય અને વ્યાકરણના એકમ વિભાજનમાં ઔચિત્યનો ખ્યાલ રાખવામાં આવતા દરેક એકમની રજૂઆત સપ્રમાણ અને વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબ કરવામાં આવી છે.

(7) સ્વાધ્યાયઃ - પાઠ્યપુસ્તકના દરેક એકમને અંતે એકમના હાર્દને ધ્યાનમાં રાખીને વૈવિધ્યસભર સ્વાધ્યાયની રચના કરવામાં આવી છે જે શિક્ષણના દૃઢીકરણ માટે અને વિદ્યાર્થીઓને તેમાંથી સ્વ-અધ્યયન માટે પ્રેરણા મળી રહે તેમજ પરીક્ષા માટે ઉપયોગી છે.

(8) રજૂઆત : વિષયવસ્તુ, સ્વાધ્યાય, વ્યાકરણ વગેરેની રજૂઆતમાં સરળતા કેન્દ્રસ્થાને છે.

- રજૂઆતમાં વિદ્યાર્થીઓની વયકક્ષા અને રસ-રુચિને ધ્યાનમાં લેવાઈ છે.
- અનુબંધ અને રજૂઆત અસરકારક બનતા આ પાઠ્યપુસ્તક છાત્રભોગ્ય બન્યું છે.
- દરેક એકમની શરૂઆતમાં પ્રસ્તાવના સુંદર, અંતમાં પ્રવૃત્તિઓ અસરકારક રીતે આપેલ છે.
- **મર્યાદાઓ :**
- વ્યાકરણ માટેની રજૂઆત સરળ, સંપૂર્ણ અને સ્પષ્ટ નથી. રજૂઆત ઉપરછલ્લી હોવાથી અસરકારક જણાતી નથી.
- વ્યાકરણ શિક્ષણ પરિચયાત્મક ધોરણે જ અપાયું છે એ સંસ્કૃત ભાષાના સ્વરૂપની દૃષ્ટિએ યોગ્ય જણાતું નથી.
- કંઠસ્થીકરણનું મહત્ત્વ ઓછું આંકવામાં આવેલ છે.
- ધોરણ-10ના સંસ્કૃત પાઠ્યપુસ્તકની કિંમત વધુ છે, ઓછી હોવી જરૂરી છે જેથી કરીને શિક્ષણ અને સમાજના તમામ વર્ગના લોકો તેનો વધુ લાભ ઉઠાવી શકે.
- એકમના અનુસંધાનમાં ચિત્રો હજી વધુ અસરકારક રીતે મૂકવામાં આવે તે જરૂરી છે.
- મુખપૃષ્ઠને વધુ સુંદર બનાવવાની જરૂર છે.
- પ્રાચીન અને અર્વાચીન સાહિત્યકારોના સંક્ષિપ્તમાં પરિચય જરૂરિયાત મુજબ કરાવવો જરૂરી છે.
- ધોરણ-10ના અભ્યાસક્રમમાં રત્નકણિકાઓનો સમાવેશ કરેલ નથી, તે સૌથી મોટી મર્યાદા કહી શકાય.

**સ્વાધ્યાય**

1. પદાર્થ પાઠ્યપુસ્તકોના લક્ષણોની ચર્ચા કરો.
2. આદર્શ પાઠ્યપુસ્તકના લક્ષણોને ધ્યાનમાં રાખીને પ્રવર્તમાન ધો-9ના સંસ્કૃત પાઠ્યપુસ્તકની સમીક્ષા કરો.
3. આદર્શ પાઠ્યપુસ્તકની દૃષ્ટિએ પ્રવર્તમાન ધારેણ-10 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરો.
4. વર્તમાન ધો-10 નું સંસ્કૃત પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે કેવી રીતે ઉપયોગી થાય છે. આ બાબતે તમારા વિચારો સ્પષ્ટ કરો.
5. ટૂંકનોંધ લખો : પાઠ્યપુસ્તકનું મહત્ત્વ.

**7.11 સારાંશ :**

અભ્યાસક્રમનો અર્થ, સંસ્કૃત પાઠ્યક્રમ-રચનાના સિદ્ધાંતો, અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત, ધો-8થી 10 સુધી સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ તથા પ્રત્યેક પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. સંસ્કૃતના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીની વયકક્ષા પ્રમાણે તેના વ્યક્તિત્વને સ્પર્શે તેવી બાબતો અહીં લેવામાં આવે છે.

**7.12 સ્વાધ્યાય :**

1. અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
2. સંસ્કૃત-પાઠ્યક્રમ-રચનાના સિદ્ધાંતો પર ટૂંકનોંધ લખો.
3. વર્તમાન ધો.-8 સંસ્કૃતનું પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે ઉપયોગી છે તમારા વિચારો જણાવો.
4. આદર્શ પાઠ્યપુસ્તકની દૃષ્ટિએ ધો.9 સંસ્કૃતના પાઠ્યપુસ્તકની સમીક્ષા કરો.

**7.13 કેટલાંક ઉપયોગી પુસ્તકો :-**

1. ધો.8થી 10 સંસ્કૃતનો અભ્યાસક્રમ : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. વિનુભાઈ યુ.પટેલ અને અન્ય, સંસ્કૃતનું આદર્શ અધ્યાપન, વારિષણ પ્રકાશન, અમદાવાદ 2005.
3. પ્રિ.આકુવાલા : સંસ્કૃતનું અભિનવ-અધ્યાપન, ભારત પ્રકાશન, તિલક માર્ગ, અમદાવાદ.

# એકમ-8 સંસ્કૃત શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

: એકમનું માળખું :


**8.1 ઉદ્દેશો**

**8.2 પ્રાસ્તાવિક**

**8.3 પદ્ધતિની વ્યાખ્યા અને વિભાવના**

**8.4 સંસ્કૃત શિક્ષણની પદ્ધતિઓ**

**8.5 પાઠશાળા પદ્ધતિ**

**8.6 ભાંડારકર પદ્ધતિ**

**8.7 અનુવાદ પદ્ધતિ**

**8.8 આગમન-નિગમન પદ્ધતિ**

**8.9 પ્રત્યક્ષ પદ્ધતિ**

**8.10 તમારી પ્રગતિ ચકાસો**

**8.11 સારાંશ**

**8.12 સ્વાધ્યાય**

**8.13 ચર્ચા માટેના કેટલાંક મુદ્દા**

**8.14 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**8.15 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો**


## 8.1 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસકર્યા બાદ તમે....

- પદ્ધતિની વિભાવનાથી પરિચિત થશો.
- સંસ્કૃત શિક્ષણની પદ્ધતિઓ વિશે જાણી શકશો.
- પાઠશાળા પદ્ધતિનાં લક્ષણો અને મર્યાદાઓથી પરિચિત થશો.
- ભંડારકર પદ્ધતિનાં લક્ષણો અને મર્યાદાઓથી પરિચિત થશો.
- આગમન-નિગમન પદ્ધતિનાં લક્ષણો અને મર્યાદાઓ જાણી શકશો.
- પ્રત્યક્ષ પદ્ધતિનાં લક્ષણો અને મર્યાદાઓ જાણી શકશો.

## 8.2 પદ્ધતિની વ્યાખ્યા અને વિભાવના :

શીખવું એ નિરંતર ચાલતી જીવંત મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. શિક્ષણ પ્રક્રિયા પર સામાજિક વાતાવરણ, કૌટુંબિક વાતાવરણ, વિદ્યાર્થીઓની શીખવાની શક્તિ, સંજોગોની અનુકૂળતા, શીખવાની ઝડપ વગેરે બાબતો અસર કરે છે. અસરકારક અધ્યાપન કાર્ય માટે વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જરૂરી છે.

## 8.3 પદ્ધતિની વ્યાખ્યા અને વિભાવના :

શિક્ષકે અધ્યાપનકાર્ય શરૂ કરતાં પહેલાં ત્રણ બાબતો વિચારી લેવી જોઈએ :

(1) શું શીખવવું છે ?

(2) કેટલું શીખવવું છે ?

(3) કેવી રીતે શીખવવું છે ?

ભાષા કૌશલ્યના શિક્ષણ માટે વિષયવસ્તુને પીરસવાની કળા શિક્ષકે હસ્તગત કરી લેવી જોઈએ. આ કળાને 'પદ્ધતિ' તરીકે ઓળખી શકાય.

(1) વિષયવસ્તુની પસંદગી

(2) વિષયવસ્તુનો જથ્થો

(3) શીખવવા માટે જરૂરી સમય

(4) શીખવવાની રીત

(5) શીખવવાનાં માધ્યમો, શીખવવાની રીત 'પદ્ધતિ'નો બોધ કરે છે.

આટલી ચર્ચાને અંતે જો 'પદ્ધતિ'ની વ્યાખ્યા બાંધવી હોય તો નીચે પ્રમાણે બાંધી શકાય : 'પદ્ધતિ એટલે વિષયવસ્તુને જુદી જુદી રીતે કરવાની રીતે અથવા યુક્તિ-પ્રયુક્તિઓ'

## 8.4 પાઠશાળા પદ્ધતિ :

પાઠશાળા પદ્ધતિને સંસ્કૃત શિક્ષણની જૂનામાં જૂની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતિને 'પંડિત પદ્ધતિ', 'વ્યાકરણ પદ્ધતિ', 'આશ્રમ પદ્ધતિ' પણ કહેવાય છે. कण्ठस्था तु या विद्या આ પદ્ધતિનો પ્રાણ છે.

શિષ્યો ને ઘરથી દૂર રહીને ઋષિના આશ્રમમાં કે ગુરુકુળમાં આ પદ્ધતિ દ્વારા વ્યાકરણ, વેદ, વેદાંગ, ઉપનિષદો, ન્યાય, જ્યોતિષ આદિ વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ પદ્ધતિ અંગે ડૉ.આમટે અને ડાંગરે જણાવે છે 'The most oustanding featuere of our ancient system was that it was narrow deep rather than shallow wide'

સંસ્કૃત શિક્ષણનું ધ્યેય આજીવિકા રળવાનું નહીં, પણ सा विद्या या विमुक्तये એમ જીવન મુક્તિનું હતું.

**લક્ષણો :-**

1. ધર્મ અને અધ્યાત્મ પર વિશેષ ધ્યાન અપાતું હતું.
2. આશ્રમ શિક્ષણ ચાર તબક્કાનું હતું જેમં પ્રથમ તબક્કો હતો. શબ્દ-રૂપાવલિ, ધાતુ રૂપાવલિ તથા ઉચ્ચાર શુદ્ધિનો હતો. બીજો તબક્કો સમાસચક્ર અને વિભક્તિ પર ધ્યાન આપવાનો હતો. અમરકોશના શ્લોકો મોઢે કરાવી શબ્દ-ભંડોળમાં વૃદ્ધિ કરાતી.
3. ત્રીજો તબક્કો હિતોપદેશ, પંચતંત્ર તથા રઘુવંશના સર્ગોના અભ્યાસનો હતો.
4. ચોથા તબક્કામાં વ્યાકરણમાં લઘુકૌમુદી, સિદ્ધાંત કૌમુદી તથા અષ્ટાધ્યાયીનો અભ્યાસ કરવાનો હતો.
5. આ માત્ર પાયાના તબક્કાનું જ્ઞાન પૂરું કરી શિષ્ય ન્યાય, વૈશેષિક, સંગીત, વેદાંત વાસ્તુશાસ્ત્ર, વ્યાકરણ પૈકી કોઈ એક વિદ્યાશાખામાં નિષ્ણાંત બનતો હતો.
6. શિક્ષણકાર્ય સંપૂર્ણ રીતે મૌખિક રહેતું.
7. શિષ્યોએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓનું મૂલ્યાંકન કસોટીઓને બદલે સભાઓમાં શાસ્ત્રાર્થની થતું.
8. શિષ્ય અભ્યાસ કર્યા પછી સ્વગૃહે પાછો ફરતો.
9. આ પદ્ધતિમાં કઠોર પરિશ્રમનું આગવું સ્થાન હતું.
10. શિક્ષણ નિઃશુલ્ક હતું. અભ્યાસાંતે ગુરુદક્ષિણા અપાતી.
11. ચારિત્ર્ય ઘડતર પર સવિશેષ ઝોક આપવામાં આવતો.
12. પ્રશ્નોત્તરી દ્વારા શંકા-નિવારણ થતું હોવાથી શિષ્યોની મૌખિક અભિવ્યક્તિ ખીલતી.

**મર્યાદાઓ :**

(1) શિક્ષણનું માધ્યમ સંસ્કૃત હોવાથી વર્તમાન સંજોગોમાં આ પદ્ધતિ ચાલી શકે નહીં.

(2) આરંભથી અંત સુધી વિદ્યાર્થીએ ગુરુ પાસે રહેવાનું હોવાથી વર્તમાન સમયમાં આ શક્ય નથી.

(3) વિવિધ વિષય ક્ષેત્રોનું તલસ્પર્શી જ્ઞાન આપી શકે તેવા શિક્ષકો મળવા મુશ્કેલ છે.

(4) હાલ સંસ્કૃત શિક્ષણ વૈકલ્પિક હોવાથી સમયમર્યાદા આડે આવે છે.

(5) કંઠસ્થીકરણ ટેપરેકોર્ડર અને વીસીડીના જમાનામાં શક્ય નથી.

(6) આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓના વિકાસની શક્યતા ઓછી રહેલી છે.

(7) વર્ગખંડમાં આ પદ્ધતિ કામના સંજોગોમાં અસફળ રહે.

(8) આ પદ્ધતિ નીરસ અને અમનો વૈજ્ઞાનિક છે.

(9) આ પદ્ધતિ વિષયશિક્ષણના સિદ્ધાંતો સાથે બંધબેસતી નથી.

## 8.5 ભાંડારકર પદ્ધતિ :

ઈ.સ.1870માં વ્યાકરણાચાર્ય ડૉ.રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરે વ્યાકરણના ---- નામનાં બે પુસ્તકો તૈયાર કર્યા હતાં. આમાં સંસ્કૃત વ્યાકરણને શીખવવાનો ચોક્કસ આકાર પરિપક્વ અભ્યાસુઓ માટે આવતો હતો. આ એક 'પ્રૌઢ પદ્ધતિ' હતી. વ્યાકરણ અને અનુવાદ પર આધારિત આ પદ્ધતિ પ્રચલિત બની હતી. ખાસ કરીને 13થી 16 વર્ષના વિદ્યાર્થીઓને લક્ષમાં રાખીને આ ભાંડારકર પદ્ધતિ વિકસાવી હતી.

**લક્ષણો :**

1. આ પદ્ધતિમાં સંસ્કૃત-શિક્ષણનો આરંભ વ્યાકરણથી થતો.
2. વ્યાકરણના ઝીણામાં ઝીણી બાબત પર ચોક્કસાઈપૂર્વક કાળજી લેવાતી હતી.
3. દરેક પાઠ પર વિભાગમાં વહેંચાયેલો હતો :

    (i) વ્યાકરણ વિભાગ

    (ii) સંસ્કૃત વાક્યોનું અંગ્રેજીમાં ભાષાંતર

    (iii) અંગ્રેજી વાક્યોનું સંસ્કૃતમાં ભાષાંતર

    (iv) શબ્દકોશ
4. આ પદ્ધતિથી વિદ્યાર્થીઓ વ્યાકરણના નિયમો અને જ્ઞાનનું દઢીકરણ કરી શકતા.
5. સંધિના નિયમો તેમ જ પહેલો ગણ તથા બીજા ગણના નિયમો તેમજ કાળવાચક પ્રત્યયોના નિયમો જ આપી દેવાયા હતા.
6. 'સરળ પરથી કઠિન' અને 'મૂર્ત પરથી અમૂર્ત' જેવાં શિક્ષણસૂત્રો પર આ પદ્ધતિ રચાયેલી હતી.
7. વ્યાકરણનો તલસ્પર્શી અભ્યાસ થઈ શકતો હતો.
8. વિદ્યાર્થી ભાષા સારી રીતે શીખી શકતો હતો.
9. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને માટે આ પદ્ધતિ ખૂબ અનુરૂપ હતી.
10. પ્રત્યેક પાઠ સ્વતંત્ર અને સંપૂર્ણ એકમ હતો.

**મર્યાદાઓ :**

1. મંદબુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે આ પદ્ધતિ અનુકૂળ નહોતી.
2. મૌખિક કાર્ય તરફ ધ્યાન અપાતું નહોતું.

3. વ્યાકરણનો અતિરેક વિદ્યાર્થીઓને માટે બોજારૂપ હતો.
4. સાહિત્યતત્ત્વની ઉપેક્ષા થતી હતી.
5. વ્યાકરણ સિવાયનાં અંગો તરફ ધ્યાન ન અપાતું. વાર્તા, સંવાદ, મુખપાઠ માટેના સુભાષિતો પુસ્તકના આરંભે નહોતાં.
6. આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક નહોતી.
7. હાલમાં મળતા અઠવાડિયાના ત્રણ તાસ ઓછા પડતા હતા.
8. વિદ્યાર્થીઓમાં નીરસતા વ્યાપતી હતી. અરુચિ પણ પેદા થતી.
9. આ પદ્ધતિ વિદ્યાર્થીકેન્દ્રી ન બની શકી.

## 8.6 અનુવાદ પદ્ધતિ :

આજે સંસ્કૃત શિક્ષણમાં આ પદ્ધતિ પ્રચલિત બની છે. આ પદ્ધતિ સંસ્કૃતનો માતૃભાષામાં અનુવાદ કરી શીખવવાની તરફેણ કરતી હતી. નવી ભાષા શીખવવા માટે માતૃભાષાના શિક્ષણનું પ્રત્યક્ષ માધ્યમ બનાવીને શિક્ષણકાર્ય કરવાની પદ્ધતિ એટલે અનુવાદ પદ્ધતિ. આમાં વર્ગવ્યવહાર માતૃભાષામાં ચાલે છે. આને કેટલાંક પરોક્ષ પદ્ધતિ કે વ્યાકરણ અનુવાદ પદ્ધતિ તરીકે ઓળખાવે છે.

**લક્ષણો :-**

1. વ્યાકરણના નિયમોનું શિક્ષણ આપી સંસ્કૃતનો માતૃભાષામં અને માતૃભાષાનો સંસ્કૃતમાં અનુવાદ કરાવવામાં આવે છે.
2. વાચન અને લેખન કૌશલ્યને મહત્ત્વ અપાય છે.
3. વિદ્યાર્થીનું શબ્દભંડોળ વધે છે.
4. 'જ્ઞાત તરફથી અજ્ઞાત'ના સિદ્ધાંત પર આધારિત આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક છે.
5. 'સરળ પરથી કઠિન'ના સિદ્ધાંતથી વિદ્યાર્થી માટે અર્થગ્રહણ સરળ બને છે.
6. વિદ્યાર્થીની અનુવાદ કરવાની ક્ષમતા વિકસે છે.
7. અનુવાદ દ્વારા વાક્યરચના સરળતાથી સમજાય છે.
8. આ પદ્ધતિથી અનુમાન, સરખામણી અને નિરીક્ષણની ટેવ પડે છે.
9. ગોખણપટ્ટીનું ભારણ ઘટે છે.
10. નબળાં વિદ્યાર્થી માટે આશીર્વાદરૂપ છે.
11. માતૃભાષાનું માધ્યમ હોવાથી વિદ્યાર્થીની સમય-શક્તિનો બચાવ થાય છે.
12. વ્યાકરણના વિષયોને આધારે વિદ્યાર્થીઓ પોતાની ભૂલો જાતે જ સુધારી શકે છે.

**મર્યાદાઓ :**

1. અનુવાદને કારણે ભાષાનું સૌંદર્ય નાશ પામે છે.
2. ભાષાને પોતાનો સંદેશ હોય છે, જે અનુવાદ દ્વારા સ્પષ્ટ થતો નથી.
3. માતૃભાષાના જ્ઞાનની ઊણપથી અન્ય ભાષાના જ્ઞાનમાં ઊણપ આવે છે.
4. વિદ્યાર્થીઓ વ્યાકરણના-નિયમ-બંધનના કારણે નવીન શબ્દો કે શૈલીનો ઉપયોગ નથી કરી શકતા.
5. વિદ્યાર્થીઓ વ્યાકરણની નબળાઈને કારણે સમજ્યા વગર જ ગોખણપટ્ટી કરી નાખે છે.
6. વિદ્યાર્થીઓ અનુવાદ પર ધ્યાન આપે છે. અને વ્યાકરણ પ્રત્યે અવગણના દર્શાવે છે.
7. ભાષાની સ્વાભાવિકતા જળવાતી નથી.

8. આ પદ્ધતિ કૃત્રિમ અને અવૈજ્ઞાનિક છે.

9. પ્રારંભમાં વિદ્યાર્થીઓ પ્રગતિ દેખાડે છે પણ પાછળથી તેઓ સ્થગિત થઈ જાય છે.

## 8.7 આગમન-નિગમન પદ્ધતિ :

આ બંને પદ્ધતિ આગમન અને નિગમન સંસ્કૃત વ્યાકરણના શિક્ષણ માટે ખૂબ જ ઉપકારક છે. બંને એકબીજાની પૂરક છે. બંનેના સમન્વયથી વ્યાકરણશિક્ષણ ખૂબ જ અસરકારક રીતે શીખવી શકાય છે.

**આગમન પદ્ધતિ :** વિવિધ ઉદાહરણો દ્વારા અનુભવો આપીને નિયમ, ખ્યાલ કે સિદ્ધાંત તારવવામાં આવે છે, તેને આગમન પદ્ધતિ કહે છે.

**લક્ષણો :**

1. આ પદ્ધતિ તર્કના પાયા પર રચાયેલી છે.
2. વિશિષ્ટ તરફથી સામાન્ય પર વિદ્યાર્થીઓને દોરી જાય છે.
3. મૂર્ત પરથી અમૂર્ત તરફ જાય છે.
4. વિદ્યાર્થી કેન્દ્રી બનાતી હોવાથી વ્યાકરણ શિક્ષણ અસરકારક બને છે.
5. નિગમન પદ્ધતિની ભૂમિકા તૈયાર કરે છે.
6. ગોખણપટ્ટીને અવકાશ નથી.
7. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે છે.
8. શિક્ષણના સિદ્ધાંતો પર રચાયેલી આ પદ્ધતિ સંપૂર્ણપણે મનોવૈજ્ઞાનિક છે.
9. કઠિન બાબતો વિદ્યાર્થીઓ સરળતાથી શીખી શકે છે.

**મર્યાદાઓ :**

1. સમય વધુ જાય છે.
2. વ્યાકરણ સિવાયના એકમો આ પદ્ધતિ દ્વારા શીખવી શકાતા નથી.
3. અપૂરતાં ઉદાહરણો પણ આ પદ્ધતિની મર્યાદા બને છે.
4. વિદ્યાર્થી દૃષ્ટાંતોનું ખોટું અર્થઘટન કરે તો તેને સમજવાનો નિરર્થક સમયનો વ્યય થાય છે.
5. શિક્ષક પક્ષે સંપૂર્ણ તૈયારી, મહેનત અને ધીરજની આવશ્યકતા રહે છે.

**નિગમન પદ્ધતિ :-**

આ પદ્ધતિમાં આગમન પદ્ધતિથી વિરોધી પ્રક્રિયા જોવા મળે છે. આમાં સામાન્ય પરથી વિશિષ્ટ, અમૂર્ત પરથી મૂર્ત તરફ વિદ્યાર્થીઓને લઈ જવાય છે. નિયમ, સિદ્ધાંત કે ખ્યાલ આપીને તેની ચકાસણી વિવિધ ઉદાહરણો દ્વારા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ઉદાહરણને આધારે નિયમ, ખ્યાલ કે સિદ્ધાંતની સત્યતા પારખતાં શીખે છે.

સ્વીકારેલ નિયમ, ખ્યાલ કે સિદ્ધાંત પરથી તેની સત્યતા ઉદાહરણોને આધારે તપાસાંય ત્યારે નિગમન પદ્ધતિ બને છે.

**લક્ષણો :**

1. ટૂંકી અને ઝડપી પદ્ધતિ છે.
2. પુનરાવર્તન અને દૃઢીકરણના પાયા પર આ પદ્ધતિનું ચણતર થયું છે.
3. આગમન પદ્ધતિ જ્યાં પૂરી થાય છે ત્યાં નિગમન પદ્ધતિનો આરંભ થાય છે.
4. જ્ઞાનપ્રાપ્તિ ઝડપી બને છે, કારણ કે પહેલાં નિયમ અને પછી દૃષ્ટાંતો અપાય છે.
5. આ ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ માટે વધુ ઉપયોગી છે.

6. નિયમો, સિદ્ધાંતો કે ખ્યાલો યાદ રાખવાથી વિદ્યાર્થીઓની સ્મૃતિ કેળવાય છે :

7. આગમન પદ્ધતિની મર્યાદા દૂર કરે છે.

**મર્યાદાઓ :-**

1. આરંભમાં જ નિયત, સિદ્ધાંત કે ખ્યાલ આપી દેવાથી કેટલાંક અમૂર્ત ખ્યાલો, સિદ્ધાંતો કે નિયમો વિદ્યાર્થીને સમજવા મુશ્કેલ બને છે.

2. શિક્ષણ યાંત્રિક બને છે.

3. ગોખણપટ્ટી મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.

4. વિદ્યાર્થીઓની તર્કશક્તિ અને વિચારશક્તિ વિકાસની તક ઓછી મળે છે.

5. અભ્યાસના બધા મુદ્દાઓ આ પદ્ધતિથી શીખવી શકાતા નથી.

6. આગમન પદ્ધતિની જેમ આ પદ્ધતિને મનોવૈજ્ઞાનિક ન કહી શકાય.

પરંતુ આગમન પદ્ધતિની નિયમ, સિદ્ધાંત કે ખ્યાલ તારવીને પછી વિદ્યાર્થીઓ પાસે નવાં ઉદાહરણો કે દૃષ્ટાંતો પામવામાં આવે તો આગમન-નિગમન બંને પદ્ધતિઓનો સુભગ સમન્વય થાય અને સંસ્કૃતનું શિક્ષણ ખૂબ જ અસરકારક બની શકે.

સંસ્કૃત વ્યાકરણના શિક્ષણ માટેનો આવો સુભગ સમન્વય શિક્ષક પાસે ખૂબ જ તૈયારી, મહેનત અને ધીરજ માગી લે છે.

## 8.8 પ્રત્યક્ષ પદ્ધતિ :

ડૉ.રાઉઝ અને અપ્લેટને સાથે મળીને ગ્રીક તથા લેટિન ભાષા શીખવા માટે હાથ ધરેલાં સંશોધનો પરથી ભારતમાં એલ્ફિન્સ્ટ્ન હાઈસ્કૂલ મુંબઈમાં પ્રા.વી.પી. બોકીલે સંસ્કૃત ભાષા શીખવવા આ પદ્ધતિ અપનાવી જોઈ હતી. અંગ્રેજી શીખવવા માટે વર્ષો પૂર્વે આ પદ્ધતિનો ઉપયોગ થયો હતો. આમાં મૌખિક કાર્ય પર ભાર મૂકાય છે. આ પદ્ધતિ અનુવાદ પદ્ધતિથી સાવ વિપરીત છે. સંસ્કૃત વાર્તાલાપ દ્વારા શીખવવાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તક સંસ્કૃતમાં જ વર્ગવ્યવહાર થતો હોવાથી સંવાદો અને વાર્તાલાપ દ્વારા સંસ્કૃત વાતાવરણ ઊભું થાય છે. દા.ત. -- શબ્દ રજૂ કરવાનો હોય તો પોપટનું ચિત્ર બતાવી अयं शुक : કહીને સમજાવવામાં આવે છે. તેવી આ પદ્ધતિને પ્રત્યક્ષ પદ્ધતિ પણ કહે છે.

**લક્ષણો :**

1. આ પદ્ધતિ વિદ્યાર્થીઓને પહેલાં બોલતાં કરે છે. અને ત્યાર પછી લખતા કરે છે.

2. મૌખિક અભિવ્યક્તિ દ્વારા શબ્દભંડોળની વૃદ્ધિ કરાવવામાં આવે છે, પછી વાચન આવતું હોવાથી અર્થગ્રહણ સરળ બને છે.

3. વ્યવહાર પૂરતું જ વ્યાકરણનું જ્ઞાન અપાય છે. સીધો સંસ્કૃતનો જ પરિચય કરાવવામાં આવે છે.

4. દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ દ્વારા અને ચિત્રો દ્વારા શબ્દોનો વિશેષ પરિચય કરાવવામાં આવે છે. ક્યારેક શબ્દો કે વિષયવસ્તુની રજૂઆત, હાવભાવ કે અન્ય આંગિક ચેષ્ટા દ્વારા કરવામાં આવે છે.

5. સંસ્કૃત ભાષાનું શિક્ષણ ભાષાના એકમ વાક્યથી થાય છે.

6. શિક્ષણ પ્રક્રિયા જીવંત બને છે. વિદ્યાર્થી સંસ્કૃતમાં બોલતો થાય છે.

7. વિદ્યાર્થી ભાષા અને સાહિત્યનો આસ્વાદ માણી શકે છે.

**મર્યાદાઓ :**

1. હાલના સંજોગોમાં સંસ્કૃતને શિક્ષણનું માધ્યમ બનાવવું શક્ય નથી.

2. હાલમાં મળતા ઓછા તાસથી આ પદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય શક્ય નથી.

3. વ્યાકરણનાં બધાં અંગો આ પદ્ધતિથી શીખવી શકાતાં નથી.
4. વ્યક્તિગત ધ્યાન આપી શકાતું નથી.
5. માત્ર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને જ લાભ થાય છે. સાધારણ વૃદ્ધિ ધરાવતાં બાળકો માટે આ પદ્ધતિ બિનઉપયોગી છે.
6. શિક્ષણની ગતિ અવરોધાય છે.
7. કથનને પ્રાધાન્ય આપતું હોવાથી વિદ્યાર્થીઓ ગંભીર શ્રોતાઓ જ બની રહે છે.
8. સંસ્કૃત પદ્ય-વિભાગનો આસ્વાદ વિદ્યાર્થીઓ માતૃભાષાના આધાર વિના કરી શકતા નથી.
9. સંસ્કૃત શિક્ષણ માટે આ પદ્ધતિ ઉપયોગી પુરવાર થતી નથી.
10. કેટલીક વાર હાસ્યાપદ નીવડે છે.
11. હાલના સંજોગોમાં આ પદ્ધતિ વર્ગ વાતાવરણને અનુકૂળ નથી.
12. આ પદ્ધતિમં કેટલીક વાર કૃત્રિમતા આવે છે.

## 8.9 તમારી પ્રગતિ ચકાસો :

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં ઉત્તર લખો.

(ii) એકમના અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.

(1) પાઠશાળા પદ્ધતિનું સંસ્કૃત શિક્ષણમાં શું મહત્ત્વ છે ? (પાંચ વાક્યોમાં ઉત્તર લખો.)

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

(2) ભાંડારકર પદ્ધતિના પાંચ લક્ષણો લખો.

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

(3) સંસ્કૃતમાં અનુવાદ પદ્ધતિની અસરકારકતા જણાવો. (પાંચ વાક્યોમાં લખો.)

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

(4) સંસ્કૃત વ્યાકરણ શિક્ષણમાં આગમન-નિગમન પદ્ધતિનો તમે કેવી રીતે ઉપયોગ કરશો ? (પાંચ વાક્યોમાં લખો.)

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(5) પ્રત્યક્ષ પદ્ધતિની તરફેણમાં તમારા વિચારો જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## 8.10 સારાંશ :-

પ્રત્યેક પદ્ધતિની પોતાની આગવી વિશિષ્ટતા છે. સમયે સમયે પદ્ધતિઓનું મહત્ત્વ બદલાતું રહ્યું છે. એક સમયે પાઠશાળા પદ્ધતિનું મહત્ત્વ હતું. જ્યારે આજે માધ્યમિક શાળાઓમાં આ પદ્ધતિ ન ચાલી શકે. છતાં તેમાં ગુણવત્તા તો છે જ. વિદ્યાર્થી આ પદ્ધતિ દ્વારા વિષયનો નિષ્ણાંત બનતો. ભાંડારકર પદ્ધતિમાં પણ પ્રથમ વ્યાકરણ અને પછી ભાષાનું શિક્ષણ અપાતું હોવાથી સમાજના નીચલા સ્તરના વિદ્યાર્થીઓ માટે આ પદ્ધતિ ન ચાલી શકે. જ્યારે નવા યુગમાં સંસ્કૃત ભાષા વૈકલ્પિક કે અન્ય ભાષા બની હોવાથી વિદ્યાર્થઓને માટે શાળામાં જે સમય ફાળવવામાં આવે છે તે ઓછો હોવાથી વિદ્યાર્થીઓનો પણ વિચાર કરવો પડે. વિદ્યાર્થીઓને સરળ અને રસમય પડે તેવી પદ્ધતિનો ઉપયોગ કરવો રહ્યો. આથી અનુવાદ પદ્ધતિ વિના ચાલી શકે એમ નથી. માત્ર જોવાનું એ રહે છે કે વ્યાકરણનો અતિરેક ન થઈ જાય. ભાષાશિક્ષણને પણ નુકશાન થવું જોઈએ નહીં. એવું જ પ્રત્યક્ષ પદ્ધતિનું છે. સંસ્કૃતમાં સંવાદ કે વાતચીત આજના સંજોગોમાં શક્ય નથી. તેથી સંસ્કૃત ગદ્ય, પદ્ય અને વ્યાકરણના શિક્ષણ માટે વિવિધ પદ્ધતિઓનો સમન્વય જરૂરી છે.

વ્યાકરણ-શિક્ષણ ખાસ કરીને આગમન-નિયમન પદ્ધતિ ખૂબ જ ઉપયોગી નીવડી શકે, પણ તેમાં શિક્ષકની સુસજ્જતા સંસ્કૃત શિક્ષણને રસમય બનાવવા માટે અત્યંત આવશ્યક છે. બાળકને સંસ્કૃત શીખવામાં રસ પડે, મજા આવે તેવી સંસ્કૃત શિક્ષણની પ્રક્રિયા માટે શિક્ષક પાસે બધી જ પદ્ધતિઓનું જ્ઞાન જરૂરી છે. તો જ પ્રાચીન અને નૂતન પદ્ધતિઓનો સમન્વય કરી શકે અને વિદ્યાર્થીઓને શિક્ષણ કંટાળાજનક ન લાગે તેવી નવીન પદ્ધતિનું આયોજન કરી શકે.

## 8.11 સ્વાધ્યાય :-

(1) હાલની માધ્યમિક શાળાઓ માટે સંસ્કૃત શિક્ષણની કઈ પદ્ધતિ વધુ અનુકૂળ બની શકે ? શા માટે ?

(2) આગમન-નિગમન પદ્ધતિ વ્યાકરણ-શિક્ષણ માટેની જ પદ્ધતિ શા માટે કહેવાય છે ?

(3) ધો.9 સંસ્કૃતના કોઈ એકમના શિક્ષણ માટે નવીન પદ્ધતિની અજમાયશ કેવી રીતે કરશો ?

(4) ટૂંકનોંધ લખો :

(i) ક્રિયાપદની અસરકારકતા

(ii) -- પદ્ધતિનું મહત્ત્વ

(iii) -- શિક્ષકની સજ્જતા

## 8.12 ચર્ચા માટેના કેટલાંક મુદ્દાઓ :-

(1) 'સંસ્કૃતની શિક્ષણ-પદ્ધતિઓનો સુભગ સમન્વય જ સંસ્કૃત શિક્ષણને રસપ્રદ અને અસરકારક બનાવી શકે'- ચર્ચા કરો.

(2) 'વ્યાકરણના શિક્ષણ માટે આગમન-નિગમન પદ્ધતિનો ઉપયોગ કરાય છે.' તમારા મંતવ્યો રજૂ કરો.

(3) 'અર્વાચીન સમયમાં પ્રત્યક્ષ પદ્ધતિ સંસ્કૃતમાં અપનાવવી શક્ય નથી'- આ વિધાનની તરફેણમાં અને વિરુદ્ધમાં તમારા મંતવ્યો જણાવો.

## 8.13 કેટલાંક ઉપયોગી પુસ્તકો :-


(1) પ્રિ.આકુવાલા : સંસ્કૃતનું અભિનવ અધ્યાપન, ભારત પ્રકાશન, તિલક માર્ગ, અમદાવાદ.

(2) ડૉ.શાસ્ત્રી જયેન્દ્ર દવે અને અન્ય : સંસ્કૃત અધ્યાપન-પરિશીલન, બી.એસ.શાહ પ્રકાશન અમદાવાદ (1987)

(3) વિનુભાઈ યુ.પટેલ અને અન્ય, સંસ્કૃતનું આદર્શ અધ્યાપન, વારિષેણ પ્રકાશન, અમદાવાદ (2005)

(4) શ્રી સુરેશચંદ્ર પી.જહા અને અન્ય, સંસ્કૃત અધ્યાપન-પદ્ધતિ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (1985)

(5) Apte D.G.Teaching of Shanskrit in Secondary Schools, Acharya Book Depot, Baroda (1950)


## 8.14 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો :-

(1) 2.3.4 (2) 2.3.5 (3) 2.3.6 (4) 2.3.7 (5) 2.3.8

BAOU Education for All

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

# ES-117
# સંસ્કૃતનું શિક્ષણ
# (Teaching of Sanskrit)

**વિભાગ**

# 3

## સંસ્કૃતમાં વિવિધ પાસાંઓનું શિક્ષણ અને આયોજન
## (ધો.8 થી 10 સંસ્કૃત વિષયવસ્તુના સંદર્ભમાં)


એકમ-9 ગદ્ય શિક્ષણ

એકમ-10 પદ્ય શિક્ષણ

એકમ-11 વ્યાકરણ શિક્ષણ

એકમ-12 સંસ્કૃત શિક્ષણનું આયોજન

# ES-117, સંસ્કૃતનું શિક્ષણ (વિભાગ-3)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. મોહિની ડી. આચાર્ય** | નવોધરા, વસો.<br>તા. નડિયાદ, જિ. ખેડા - ૩૮૭૩૮૦. |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મૌનસ જી. ઠાકર** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ભરતભાઈ પી. માળી** | ડી. ડી. ચોક્સી કૉલેજ ઑફ એજ્યુકેશન,<br>પાલનપુર |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 600

**ISBN : 978-93-5598-141-7**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-117 સંસ્કૃતનું શિક્ષણ (Teaching of Sanskrit)

**વિભાગ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અને મહત્ત્વ**

એકમ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ

એકમ-2 ભાષાનું મહત્ત્વ

એકમ-3 સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો

એકમ-4 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું યોગદાન

એકમ-5 સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો

**વિભાગ-2 સંસ્કૃત શિક્ષણના હેતુઓ અને પદ્ધતિઓ**

એકમ-6 સાંપ્રત પદ્ધતિમાં સંસ્કૃતનું પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સ્થાન

એકમ-7 ધો.8 થી 10 સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનું મૂલ્યાંકન

એકમ-8 સંસ્કૃત શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

– પાઠશાળા પદ્ધતિ

– ભાંડારકર પદ્ધતિ

– અનુવાદ પદ્ધતિ

– આગમન-નિગમન પદ્ધતિ

– પ્રત્યક્ષ પદ્ધતિ

**વિભાગ-3 સંસ્કૃતમાં વિવિધ પાસાંઓનું શિક્ષણ અને આયોજન**

**(ધો.8 થી 10 સંસ્કૃત વિષયવસ્તુના સંદર્ભમાં)**

એકમ-9 ગદ્ય શિક્ષણ

એકમ-10 પદ્ય શિક્ષણ

એકમ-11 વ્યાકરણ શિક્ષણ

એકમ-12 સંસ્કૃત શિક્ષણનું આયોજન

**વિભાગ-4 સંસ્કૃત શિક્ષણનાં ઉપકરણો, મૂલ્યાંકન અને અન્ય આનુષંગિક બાબતો**

એકમ-13 સંસ્કૃત શિક્ષણનાં દશ્ય-શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-15 સંસ્કૃત શિક્ષણનાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-16 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 9

# ગદ્ય શિક્ષણ

(ધોરણ-8 થી ધો.10 સંસ્કૃત વિષયવસ્તુના સંદર્ભમાં)

**9.1 ગદ્ય શિક્ષણ**

**9.2 પદ્ય શિક્ષણ**

**9.3 સંસ્કૃત શિક્ષણનું આયોજન**

1. વાર્ષિક આયોજન
2. તાસ આયોજન
3. એકમ આયોજન

(સંકલ્પના, મહત્ત્વ સોપાનો, તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત-ઉદાહરણ સહિત.)

## એકમ 19 ગદ્ય શિક્ષણ

**: રૂપરેખા :**


9.1 પ્રસ્તાવના

9.2 સંસ્કૃત-ગદ્યનો પરિચય

9.3 ગદ્યશિક્ષણનું મહત્ત્વ

9.4 ગદ્યશિક્ષણના હેતુઓ

9.5 ગદ્યશિક્ષણની પદ્ધતિઓ

9.6 તમારી પ્રગતિ ચકાસો

9.7 સારાંશ

9.8 સ્વાધ્યાય

9.9 ચર્ચા માટેના મુદ્દા

9.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

9.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


### 9.1 પ્રસ્તાવના :

સંસ્કૃત શિક્ષણના હેતુઓ પૈકી વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવે અને સંસ્કૃત સાહિત્યનો પરિચય મેળવે એ બંને હેતુઓની પૂર્તિ સંસ્કૃત સાહિત્યના માધ્યમથી થઈ શકે છે. સંસ્કૃત સાહિત્યના વિવિધ સ્વરૂપોને દશ્ય અને શ્રાવ્ય પ્રકારોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. તેમાં મંચનક્ષમ નાટ્યાદિ જેવાં રૂપકોને દશ્ય પ્રકારમાં અને અન્ય ગદ્ય-પદ્ય કે મિશ્ર સ્વરૂપોને શ્રાવ્ય પ્રકારમાં સમાવવામાં આવ્યાં છે.

### 9.2 સંસ્કૃત-ગદ્યનો પરિચય :

સંસ્કૃત સાહિત્યમાં કોઈ પણ સ્વરૂપ માટે કાવ્ય શબ્દ વપરાતો હોઈ ઘણા સંસ્કૃત પદ્યમય જ હોવાનું માને છે, તો કેટલાંક બહુ જ ઓછું ગદ્ય સાહિત્ય સંસ્કૃતમાં હોવાનો મત ધરાવે છે. પરંતુ આ સાચું નથી. સંસ્કૃત સાહિત્યમાં ગદ્ય સ્વરૂપોનો વિકાસ છેક વૈદિકકાળથી થયેલો જોવા મળે છે. યજુર્વેદ અને અથર્વવેદમાં ગદ્ય સાહિત્યનાં મૂળ જોઈ શકાય છે. કૃષ્ણ યજુર્વેદના તૈત્તિરીય, કાઠક અને મૈત્રાયાણી સંહિતા પૂર્ણપણે ગદ્યમય છે. બ્રાહ્મણ ગ્રંથો તો ગદ્યાત્મક જ છે. સૂત્રગ્રંથોનું વિવરણ કરવા ભાષ્યાત્મક ગદ્યગ્રંથો નિર્માણ થયા. બ્રાહ્મણગ્રંથો અને ઉપનિષદોનું ગદ્ય સરળ અને સુબોધ હતું. પરંતુ ભાષ્ય ગ્રંથોમાં પ્રતિપાદ્ય વિષય જ મૂળમાં અઘરો હોવાથી એ ગ્રંથોની ભાષા પણ થોડે ઘણે અંશે દુર્બોધ બની. છતાં પણ પતંજલિ, શંકરાચાર્ય જેવાં શ્રેષ્ઠ ભાષ્યકારોએ સુબોધ અને પ્રસન્ન ગદ્યશૈલીનો આદર્શ નમૂનો પૂરો પાડ્યો. વિવેચનાત્મક ગદ્ય વાઙ્મયની જેમ જ લલિત મધુર ગદ્ય વાઙ્મયની પરંપરા પણ ખૂબ પ્રાચીન છે. પતંજલિ મહાભાષ્યમાં 'વાસવદત્તા', 'સુમનોત્તરા', 'ભૈમરથી' આ ત્રણ આખ્યાયિકાઓનો ઉલ્લેખ છે. લલિત ગદ્યલેખકોમાં બાણભટ્ટ, દંડી અને સુબંધુ આ ત્રણેય ગદ્ય

સમ્રાટોએ ભાષાના ભૂષણરૂપ ગદ્યની રચના કરી છે. બાણભટ્ટની કાદંબરીના બધા જ સંસ્કૃત ગદ્ય લેખકો ઉપર ખૂબ ઊંડી છાપ પડી છે.

'ગદ્ય' શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત ધાતુ गद् માંથી થઈ છે. 'गद्' એટલે બોલવું કે કહેવું.गद्-यत् એટલે બોલવા યોગ્ય ઉચ્ચાર કરવા યોગ્ય સાહિત્ય દર્પણકાર 'विश्वनाथ वृत्त बन्धज्जित गद्यम। (सा.द.6.330)' અર્થાત છંદના બંધનથી મુક્ત રચના ગદ્ય છે. એવી વ્યાખ્યા આપે છે. તો ओजः समासभूयस्त्वमेतद् गद्यस्य जीवितम्। એમ કહી સાંજ અને સમાસબહુલતાને ગદ્યના પ્રાણરૂપ ગણાવાયા છે. આથી સીધું, સાદું, સરળ વાક્ય એટલે ગદ્ય એવી વ્યાખ્યા યોગ્ય ઠરતી નથી. માત્ર છંદમુક્તિ એક જ લક્ષણ સંસ્કૃત ગદ્યને લાગુ પાડી શકાય છે. છંદમુક્ત ગદ્ય રચના કરવી કઠિન ગણાઈ છે. માટે गद्यं कवीनां कि निकषं वदन्ति। ગદ્યને કવિની કસોટી માનવામાં આવે છે. બાણની 'કાદંબરી', દંડીનું 'દશકુમારચરિતમ્' અને સુબન્ધુની 'વાસવદત્તા' ગદ્યકૃતિઓ સામાન્ય ગદ્યની સીમા ઓળંગી કાવ્યમય નિરૂપણની કક્ષાએ પહોંચેલી છે.

સંસ્કૃત ગદ્ય સ્વરૂપોમાં મુખ્યત્વે કથા અને આખ્યાયિકા આ બે સ્વરૂપો પ્રચલિત છે. ગદ્યકારની સ્વતઃ કલ્પનાના આવિર્ભાવ રૂપે જન્મતી કથા અને ઐતિહાસિક તથ્યો ઉપર આધારિત આખ્યાયિકા કથામાં નાયકરૂપે પ્રારંભમાં લેખક પોતે રહેતો પાછળથી લેખકના બદલે અન્ય પાત્રોને સ્થાન મળવા લાગ્યું. આખ્યાયિકા ઐતિહાસિક તથ્યો ઉપર આધારિત હોવા છતાં ઐતિહાસિક માહિતીની ભિન્નતાને કારણે પ્રસ્તુતિમાં પણ ભિન્નતા જોવા મળતી. 10 મી સદીમાં ચમ્પૂ નામનો ગદ્યપ્રકાર સંસ્કૃત સાહિત્યમાં લોકપ્રિય બન્યો. ગદ્યવિભાગમાં કથા, આખ્યાયિકા ઉપરાંત ચિંતનાત્મક નિબંધ, જીવનચરિત્ર, સંવાદ તથા નાટક, પત્ર, ઐતિહાસિક ઘટનાઓ અને પ્રવાસના વર્ણનો, ભૌગોલિક વર્ણનો, ઋતુ વર્ણનો, લઘુકથાઓ, નવલકથાઓ, રૂપકકથાઓ ઈત્યાદિ જોવા મળે છે. હિતોપદેશ, પંચતંત્ર, કથાસરિત્સાગર,બૃહદ્ કથામંજરી, વૈતાલ પંચવિશતિણ, સિંહાસન દ્રાત્રિશતિકા, શુકસપ્તતિ, ભોજ પ્રબંધ, ભટ્ટક દ્વાતિશિંતિકા, આચાર-વ્યવહાર, વૈજ્ઞાનિક કે ધાર્મિક કથાઓ આ બધાનો સમાવેશ થાય છે. આપણા સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં પણ આમાંથી ગદ્યાંશો લેવામાં આવે છે. સંસ્કૃત ગદ્ય સાહિત્ય વિશાળ, જીવનનાં વિવિધ પાસાંઓને સ્પર્શતું અને નિરૂપણશૈલીનું વૈશિષ્ટ્ય દાખવતું છે. આથી સંસ્કૃત શિક્ષણના મોટા ભાગના ઉદ્દેશો ગદ્યશિક્ષણ દ્વારા પૂર્ણ કરી શકાય છે.

## 9.3 ગદ્યશિક્ષણનું મહત્ત્વ :

ગદ્યશિક્ષણએ ભાષાશિક્ષણમાં પાયારૂપ છે. વિષયસામગ્રીનું વૈવિધ્ય ગદ્યમાં જેટલું જોવા મળે છે તેટલું સાહિત્યની અન્ય વિદ્યાશાખાઓમાં જોવા મળી શકતું નથી. આથી જ્ઞાનપ્રાપ્તિના મુખ્ય માધ્યમ તરીકે ગદ્યનું મહત્ત્વ ઘણું છે. ગદ્યમાં ભાષાશુદ્ધિ તેમ જ વ્યાકરણવિષયક બાબતોને પ્રાધાન્ય અપાય છે. આથી વિદ્યાર્થીઓને ભાષાનું શુદ્ધ રૂપ જાણવાનો અને ભાષા-જ્ઞાનના ઉપયોજનનો અવકાશ મળે છે. શ્રવણ, કથન, વાચન અને લેખન જેવાં ભાષાકીય કૌશલ્યોના વિકાસમાં ગદ્યશિક્ષણ અગત્યનું અંગ બની રહે છે. ભાષાશિક્ષણના મોટા ભાગના હેતુઓ ગદ્યશિક્ષણ દ્વારા સિદ્ધ કહી શકાય છે.

## 9.4 ગદ્યશિક્ષણના હેતુઓ :

સામાન્ય હેતુઓ :

- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યના વિષયવસ્તુનું જ્ઞાન મેળવે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યના અપરિચિત શબ્દોનું જ્ઞાન મેળવે.

- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યનું આદર્શ વાચન કરે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યનું અર્થગ્રહણ કરે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યમાંથી ભાષાજ્ઞાન મેળવે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યસાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યનું રસદર્શન કરે.
- વિદ્યાર્થી ભાષાકીય કૌશલ્યોનો વિકાસ કરે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યનો માતૃભાષામાં અનુવાદ કરતાં શીખે.
- વિદ્યાર્થી ગદ્ય પર આધારિત લેખન કે કથન કરતાં શીખે.
- વિદ્યાર્થી અભિનયક્ષમ વસ્તુનો અભિનય કરતાં શીખે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યની પંક્તિઓ, સંદર્ભોનો અન્ય ભાષાની અભિવ્યક્તિમાં યથોચિત ઉપયોગ કરતાં શીખે.
- વિદ્યાર્થી પૂર્વજોની સંસ્કૃતિથી પરિચિત થાય.

**વિશિષ્ટ હેતુઓ :**

સામાન્ય હેતુઓને સિદ્ધ કરવા માટે પસંદ કરેલા એકમના આધારે વિશિષ્ટ હેતુઓ અને વિદ્યાર્થીમાં અપેક્ષિત વર્ણન-પરિવર્તનોનું નિર્ધારણ કરવાનું હોય છે. સંસ્કૃત ગદ્યપાઠના વિશિષ્ટ હેતુઓની સંરચનામાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય.

**(1) વિષયવસ્તુ :**

પાઠનો વિષય, ભાવ, વિચાર, મુદ્દાઓ વગેરે ઉપરથી વિશિષ્ટ હેતુઓ રચી શકાય. દા.ત. વિદ્યાર્થી પાઠમાં નિરૂપિત રાષ્ટ્રપ્રેમને સમજાવે. વિદ્યાર્થી વિદ્યાનું મહત્ત્વ સમજાવે.

**(2) સ્પષ્ટીકરણ :**

ગદ્યમાં રજૂ થતા વિચારોનું વિશ્લેષણ, સમજૂતી, સ્પષ્ટીકરણ, ઈત્યાદિ માટે સંદર્ભો કે આધારોની પરિચય, અર્થગ્રહણ, સમીક્ષા સંબંધિત વિશિષ્ટ હેતુઓ રચી શકાય. દા.ત.વિદ્યાર્થી રામના વનવાસ જવાના કારણને સમજાવે. વિદ્યાર્થી રામે સીતાના કરેલા ત્યાગની ઘટનાનું ઔચિત્ય વર્ણવે.

**(3) ભાષાજ્ઞાન :**

ગદ્યના માધ્યમથી સંસ્કૃત ભાષાના મૂળભૂત તત્ત્વોનું જ્ઞાન પણ આપી શકાય છે. આમાં ઉચ્ચારણ, અપરિચિત શબ્દો, શબ્દનિર્માણ, સંધિ, સમાસ, અલંકાર જેવાં વ્યાકરણનાં પાસાંઓનો સમાવેશ કરી શકાય. દા.ત. વિદ્યાર્થી પાઠમાં આવતી અપરિચિત શબ્દોના અર્થ આપો.

**(4) કૌશલ્યોનો વિકાસ :**

ભાષાના શ્રવણ, કથન, વાચન અને લેખન આ ચારેય કૌશલ્યોનો વિકાસ ગદ્યશિક્ષણના માધ્યમથી કરી શકાય છે. આથી કૌશલ્ય ઉપર આધારિત વિશિષ્ટ હેતુઓની રચના કરી શકાય. દા.ત. વિદ્યાર્થી શુદ્ધોચ્ચારપૂર્વક, યોગ્ય આરોહ-અવરોહ, સ્વરભાર અને વિરામ સહિત ગદ્યાંશનું પઠન કરે.

**(5) અનુવાદ-લેખન :**

સંસ્કૃતભાષા માતૃભાષા ન હોવાના કારણે વિદ્યાર્થીની સંસ્કૃત ભાષામાં મૌલિક અભિવ્યક્તિની અપેક્ષા આપણે રાખી શકીએ છીએ. આથી વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યાંશને વાંચીને અર્થગ્રહણ કરે અને માતૃભાષામાં એ અર્થબોધની અભિવ્યક્તિ કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે. વિદ્યાર્થી સંસ્કૃત ગદ્ય વાંચીને પૂછાયેલા પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપી શકે કે ગદ્યાંશનો માતૃભાષામાં અનુવાદ કરી શકે જેવાં વિશિષ્ટ હેતુઓની સંરચના થઈ શકે.

## 9.5 ગદ્યશિક્ષણની પદ્ધતિઓ :

વર્ગખંડમાં અધ્યાપન કરતાં પહેલાં હેતુઓનો અર્થાત્ શિક્ષણ પ્રક્રિયાના અંતે આવનારા પરિણામનો નિર્ણય કરવામાં આવે છે. પરંતુ શિક્ષણ પ્રક્રિયા અસરકારક અને સફળ બને અને સુનિશ્ચિત પરિણામો મળે જ એ માટે અધ્યાપન પદ્ધતિ, સાધન-સામગ્રી ઈત્યાદિનો પણ વિચાર કરવો જરૂરી છે. ગદ્યપાઠના સ્વરૂપ અનુસાર પદ્ધતિથી પસંદગી કરી શકાય એ હેતુથી ગદ્ય અધ્યાપનની કેટલીક પદ્ધતિઓનો પરિચય મેળવવો જરૂરી છે. ગદ્ય અધ્યાપનની પ્રચલિત પદ્ધતિઓમાં ઉદ્‌બોધન અનુવાદ, શબ્દકોશ, તુલના, પ્રયોગ, પ્રસંગ કે સંદર્ભ, ટીકા ઉપરાંત વ્યવહારમાં સંસ્કૃત ગદ્યશિક્ષણમાં મહદ્ અંશે વપરાતી પદ્ધતિઓમાં પ્રશ્નોત્તર, નાટ્યીકરણ, સંવાદ, જૂથ-ચર્ચા-સ્વાધ્યાય જેવી પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

**(1) ઉદ્‌બોધન પદ્ધતિ :**

ઉદ્‌બોધન પદ્ધતિનો ઉપયોગ ગદ્યપાઠોના અર્થગ્રહણ માટે ઉપયોગી છે. પ્રત્યક્ષ પદ્ધતિની પ્રયુક્તિરૂપ આ પદ્ધતિ વ્યાખ્યાન પદ્ધતિથી ભિન્ન છે. ગદ્ય શિક્ષણમાં મૌખિક કાર્યની સફળતા માટે ઉદ્‌બોધન પદ્ધતિ અસરકારક છે. આ પદ્ધતિ દ્વારા ખાસ કરીને ગદ્યાંશના અપરિચિત શબ્દોના અર્થ સારી રીતે કઢાવી શકાય છે. દા.ત.શરીરના અંગો તરફ ક્રમશઃ સંકેત કરતા हस्तः, मस्क्म्, कण्ठः, नेत्रम्, कर्णम्, ઈત્યાદિ શબ્દોનું ઉચ્ચારણ અર્થબોધ કરાવવામાં સરળતા આપે છે. પ્રત્યક્ષ વસ્તુ કે ચિત્ર બનાવી તે પણ આવો અર્થબોધ કરાવી શકાય છે. ધાતુઓના અર્થ માટે ક્રિયા કરીને ઉચ્ચારણ કરવામાં આવે છે. આ રીતે વિદ્યાર્થીને અર્થબોધ સાથે અવલોકન કૌશલ્ય, કલ્પના શક્તિ અને તર્ક શક્તિને વિકસાવવાની તક મળે છે. જિજ્ઞાસા જન્માવી, તત્પરતા જગાડી, રસ નિર્માણ કરી, કલ્પના શક્તિને જાગૃત કરી ધ્યાન કેન્દ્રિત કરવામાં આ પદ્ધતિ અધ્યયન-મનોવિજ્ઞાનના સિદ્ધાંતનો સમાવેશ કરે છે.

**(2) અનુવાદ પદ્ધતિ :**

અનુવાદ પદ્ધતિ એક ભાષામાં વ્યક્ત થયેલા ભાવ-અર્થ અને ભાષાગત લાક્ષણિકતાઓને અન્ય ભાષાની ભાષાગત લાક્ષણિકતાઓ સહિત ઉતારવાની પ્રવૃત્તિ પર ભાર મૂકે છે. Grammer Translation Method- વ્યાકરણ અનુવાદ પદ્ધતિના નામે ઓળખાતી સંસ્કૃત શિક્ષણની ભાંડારકર પદ્ધતિ કરતાં અહીં જુદાં અર્થમાં આ પદ્ધતિનો ઉપયોગ છે. અહીં ગદ્યના ભાવાર્થને શબ્દશઃ નહીં પરંતુ માતૃભાષાની વિશેષતાના સંદર્ભમાં માતૃભાષાના માધ્યમથી રજૂ કરીને અર્થગ્રહણ કરાવવામાં આવે છે. દા.ત. तेनउक्तम्। આ વાક્યનું શબ્દશઃ ભાષાંતર 'તેના વડે કહેવાયું.' એવું થશે. પરંતુ ગુજરાતીમાં સામાન્ય રીતે આવી વાક્યરચનાનો ઉપયોગ થતો નથી. આથી 'તેણે કહ્યું'. એવો અનુવાદ જ વધારે વ્યવહારું અને અર્થબોધક્ષમ બનશે. सः पञ्चत्वम् गतः। એ વાક્યનો અર્થ તે પાંચ તત્તવોમાં ગયો. એવો ન કરતાં 'તે મૃત્યુ પામ્યો'

એવો થવો જોઈએ. આ પદ્ધતિમાં શિક્ષકના પક્ષે તલસ્પર્શી ભાષાજ્ઞાન, સંધિનું જ્ઞાન, શબ્દ પ્રયોગો અને શબ્દશક્તિઓનું જ્ઞાન, સંસ્કૃતની ભાષાકીય લાક્ષણિકતાઓને માતૃભાષામાં ઉતારવાની કળાનું જ્ઞાન આવશ્યક છે.

**(3) શબ્દકોશ પદ્ધતિ :**

શબ્દકોશ પદ્ધતિ સ્વ-અધ્યયન માટે ઉપયોગી પદ્ધતિ છે. શબ્દકોશમાં સામાન્ય રીતે એક ભાષાના શબ્દો માટે બીજી ભાષામાં વપરાતા શબ્દો આપેલા હોય છે. પરંતુ પ્રાચીનકાળમાં તો માત્ર સંસ્કૃત જ ભાષા હતી. આથી શબ્દ પરિવાર કોશ અસ્તિત્વમાં હતો. 'અમરકોશ' સંસ્કૃતનો પ્રચલિત કોશ ગણાય છે. વિષય આધારિત પણ અનેક કોશ હોય છે. શબ્દકોશ પદ્ધતિ સ્વ-અધ્યયનની પદ્ધતિ હોઈ શિક્ષકે સ્વયં અધ્યાપન કરવાની જરૂર રહેતી નથી, પરંતુ વિદ્યાર્થીને વિવિધ કોશો અંગેની માહિતી પૂરી પાડી ઉપયોગી કોશો ઉપલબ્ધ કરાવી સ્વ-અધ્યયનમાં સહાયક બનવાનું છે. અરિચિત શબ્દોના અર્થ અને પ્રયોગોને જાણી ગદ્યાર્થગ્રહણ કરવા માટે અને શબ્દભંડોળ વધારવા માટે તથા સ્વ-અધ્યયનની ટેવ પાડવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.

**(4) તુલના પદ્ધતિ :**

કોઈ બે કૃતિઓ વચ્ચે વિષયવસ્તુ, નિરૂપણ શૈલી, ભાષા-પ્રયોજન તથા ચિંતનના સંદર્ભમાં સામ્ય-વૈષમ્યનો વિચાર કરી કૃતિને સમજવાનો પ્રયત્ન કરવા માટે તુલના પદ્ધતિ ઉપયોગી છે. બે ગદ્યાંશો, શ્લોકો, પર્યાયવાળી શબ્દોના ભાષાપ્રયોગો ઈત્યાદિનો અભ્યાસ આ પદ્ધતિ દ્વારા વધારે સ્પષ્ટતાથી થઈ શકે છે. દા.ત.વિદ્યા પ્રશસ્તિના બે શ્લોકોની તુલના, કોઈ મૂલ્ય પ્રગટ કરતા બે ગદ્યપાઠોની તુલના, ચરિત્રાત્મક પાઠોની નિરૂપણ શૈલીની તુલના, પર્યાયવાચી શબ્દોના પ્રયોગની સ્પષ્ટતા માટે દા.ત. 'સ્ત્રી' માટેના પ્રયાયો, 'નારી', 'વનિતા', 'મહિલા', 'પત્ની', 'ભાર્યા', 'દારા', 'જાયા', 'સહધર્મિણી' ઈત્યાદિમાં એકના બદલે બીજાનો પ્રયોગ અનુચિત ઠરે છે. એક જ શબ્દનો પ્રયોગ જુદાં જુદાં અર્થમાં થતો હોય ત્યારે પણ તુલના દ્વારા જ સ્પષ્ટતા કરી શકાય. દા.ત. -- શબ્દ 'આરંભ', 'ત્યારે', 'પ્રશ્નાર્થ', 'તે પણ', 'સંદેહ', એવા વિવિધ અર્થો પ્રગટ કરે છે. જેમ કે,

अधारभ्यते गीता। (પ્રારંભ)

अध स उवाच। (ત્યારે)

अथ शक्नोसि चलितुम्। (પ્રશ્નાર્થ)

जगत नित्यमथानित्यम्। (સંદેહ)

આમ, શબ્દોના અર્થભેદ તારવવામાં અને અર્થબોધને સ્પષ્ટ કરવામાં આ પદ્ધતિ ઉપયોગી છે.

**(5) પ્રયોગ પદ્ધતિ :**

પ્રયોગ પદ્ધતિ ભાષા શિક્ષણની પ્રત્યક્ષ પદ્ધતિ અને સંરચના અભિગમને મળતી આવે છે. આ પદ્ધતિમાં ભાષાના વિશિષ્ટ પ્રયોગનો વાક્યરચનાના માધ્યમથી દઢીકરણ દ્વારા અભ્યાસ કરાવવામાં આવે છે. સંસ્કૃત ગદ્યશિક્ષણમાં ભાષાના વિશિષ્ટ પ્રયોગો, વિભક્તિના વિશિષ્ટ પ્રયોગો વગેરેના અભ્યાસ માટે વાક્યરચનાઓના દઢીકરણ દ્વારા અસરકારક અધ્યાપન કરી શકાય છે. દા.ત. नमः યોગમાં ચતુર્થી વિભક્તિનો ઉપયોગ છે. આ માટે જુદાં જુદાં નામો સાથે ચતુર્થીના પ્રયોગના ઉદાહરણ પ્રમાણે વાક્યરચનાઓ કરતાં વિશિષ્ટ ભાષાપ્રયોગનું દઢીકરણ

થાય છે. रामा नमः । એ પરથી દેવ, गणेश, शिव, रुद्घन्द्र ઈત્યાદિના પ્રયોગોના મહાવરો કરાવી શકાય. આમાં પુનરાવર્તન દ્વારા દઢીકરણ અને દઢીકરણ દ્વારા અધ્યયનનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત રહેલો છે. વિદ્યાર્થીઓને ભાષાની સંરચનાઓ હસ્તગત કરવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.

**(6) પ્રસંગ કે સંદર્ભ પદ્ધતિ :**

ગદ્યશિક્ષણમાં ગદ્યખંડમાં ક્યારેક વિષયવસ્તુમાં ઐતિહાસિક, પૌરાણિક, ભૌગોલિક કે સાહિત્યિક સંદર્ભો આવતા હોય છે. શબ્દો, ઉપમાઓ, પુરાકલ્પનો, પ્રતીકો ઈત્યાદિ દ્વારા કશુંક અભિપ્રેત હોય ત્યારે જે તે શબ્દના કે ઘટનાના સંદર્ભ વિના અર્થબોધ થવો શક્ય બનતો નથી. આવી સ્થિતિમાં સંદર્ભ પદ્ધતિ કે પ્રસંગ પદ્ધતિ દ્વારા અધ્યાપન કરવાની જરૂર પડે છે. સંસ્કૃતમાં શબ્દનિર્માણની ઉત્કૃષ્ટ વ્યવસ્થા છે. આથી શબ્દોના પૌરાણિક રાષ્ટ્રીય કે સાંસ્કૃતિક સંદર્ભો દ્વારા જ સ્પષ્ટતા કરી શકાય. દા.ત. राधेय એટલે રાધાપુત્ર કર્ણ. અહીં કુંતા દ્વારા કર્ણને જન્મ પછી નદીમાં વહેતા મૂકી દેવું. એક સારથિ દંપતીનું એને પુત્ર માની ઉછેરવું. કર્ણની પાલક માતાનું નામ રાધા હોવાથી તેનું રાધેય તરીકે ઓળખાવું-આ બધી વિગતો પ્રસંગના સંદર્ભ સહિત દર્શાવવામાં આવે ત્યારે જ શબ્દનો અર્થબોધ યથાર્થ રીતે થઈ શકે છે. સંદર્ભો કે પ્રસંગોના આધારે અધ્યાપન કરવાની પદ્ધતિને સ્ત્રોત પદ્ધતિ કે આધાર પદ્ધતિ કહે છે. માત્ર અધ્યાપન માટે જરૂરી સંદર્ભોનો ઉપયોગ કરી સમજને સ્પષ્ટ કરવા માટે જ પ્રસંગ કે સંદર્ભ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

**(7) ટીકા પદ્ધતિ :**

સંસ્કૃત અધ્યાપનમાં આ ખૂબ જ પ્રાચીન પદ્ધતિ છે. સંસ્કૃતના અનેક પ્રાચીન ગ્રંથો પર અનુગામીઓએ ટીકાઓ લખી છે. બ્રહ્મસૂત્ર પર ભાષ્પ લખનાર શંકરાચાર્ય, કાલિદાસની કૃતિઓ પર ટીકા લખનાર મલ્લિનાથ જેવાં અનેક ટીકાકારોએ સંસ્કૃત સાહિત્યને લોકભોગ્ય બનાવવા માટે પ્રયત્નો કર્યા છે. ટીકા માટે સંસ્કૃતમાં કારિકા, વાર્તિક તથા ભાષ્ય જેવાં શબ્દો પણ વપરાય છે. બધા સૂત્રગ્રંથો, વ્યાકરણ અને દર્શન ગ્રંથોની જેમ આ ગ્રંથો પણ પરિશીલન યોગ્ય છે. ટીકામાં મૂળકૃતિના વિવેચન દ્વારા તેનું સાહિત્યિક મૂલ્ય, ભાષા સંબંધી વિશેષતાઓ, લેખકનું કહેવાનું તાત્પર્ય વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે. વિવેચના માટે તુલના, પ્રયોગ, વ્યુત્પત્તિ વગેરેના આધારો લેવામાં આવે છે. ઉપરાંત અમરકોશ, અષ્ટાધ્યાયી, સિદ્ધાંત કૌમુદી, સાહિત્ય દર્પણ, પિંગલ, નાટ્યશાસ્ત્ર, રસશાસ્ત્ર જેવાં ગ્રંથોની મદદ લેવાય છે. શાળામાં આ પદ્ધતિ બહુ ઉપયોગી નથી, પરંતુ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે આ સ્વરૂપમાં વિવેચન, સમીક્ષા, આલોચના, સમાલોચના કરવામાં આ પદ્ધતિ ઉપયોગી છે. આવે આ પદ્ધતિ માત્ર પાઠશાળા કે ગુરુકુળોમાં જ થોડે ઘણે અંશે વપરાય છે.

**(8) પ્રશ્નોત્તર પદ્ધતિ :**

પ્રશ્નોત્તરના માધ્યમથી અધ્યાપન કરવાની પદ્ધતિને પ્રશ્નોત્તર પદ્ધતિ કહે છે. જ્ઞાનપ્રાપ્ત કરવાની વિવિધ પ્રવિધિઓમાં પ્રણામ કરીને સેવાથી પ્રશ્ન પૂછીને જાણવાની રીતનો 'तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया' પણ સમાવેશ થાય છે. સોક્રેટીસ અને પ્રશ્નોપનિષદ્ જેવાં સંદર્ભો આ પદ્ધતિની પ્રાચીનતા દર્શાવે છે. પ્રશ્નોત્તરથી અધ્યાપન પ્રક્રિયા દ્વિમાર્ગી બને છે. વિષયવસ્તુના મુદ્દાની છણાવટ માટે શિક્ષક વિદ્યાર્થીને પ્રશ્ન પૂછે છે, સંકલ્પનાની સ્પષ્ટતા માટે વિદ્યાર્થી પણ શિક્ષકને પ્રશ્ન પૂછે છે, તો વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે પણ પ્રશ્નોત્તરીનું આયોજન કરી શકાય છે.

આ પદ્ધતિથી ચર્ચાને વેગ મળે છે. પ્રશ્ન વિદ્યાર્થીને તર્ક કરવા, ભેદ પારખવા, મૂલ્યાંકન કરવા પ્રેરે છે. આમ વિદ્યાર્થીન માનસિક ક્ષમતાઓના વિકાસ માટે આ પદ્ધતિ અત્યંત ઉપયોગી છે. ગદ્ય શિક્ષણમાં વિદ્યાર્થીઓને ઉત્પ્રેરિત કરવા પૂર્વજ્ઞાન ચકાસતા પ્રસ્તાવનાના પ્રશ્નો માટે, શબ્દ પરિચય માટે, વિષયવસ્તુની ચર્ચા અને મૂલ્યાંકન ઈત્યાદિ માટે પ્રશ્નોત્તર પદ્ધતિ ઉપયોગમાં લઈ શકાય છે. દા.ત. कः एषः वृक्षः । कः एष ? बालकः । का एषा ? एषा सरिता । આમ, सप्त ककरा : પ્રશ્નવાચકોથી પ્રશ્ન અને ઉત્તરના રૂપમાં ભાષા રચનાઓનું ઉત્તમ શિક્ષણકાર્ય થઈ શકે છે.

**(9) નાટ્યીકરણ - સંવાદ પદ્ધતિ :**

સંસ્કૃત ભાષા પ્રાચીન ભાષા હોવા સાથે 18 ભારતીય આધુનિક ભાષાઓમાંની પણ એક છે. ભાષાના કથન કૌશલ્યના વિકાસ માટે અને આનંદપ્રદ રીતે વિષયવસ્તુના અર્થબોધ માટે ગદ્યશિક્ષણમાં નાટ્યીકરણ કે સંવાદ પદ્ધતિનો ઉપયોગ અસરકારક નીવડે છે. વર્તમાન ધો. 8,9 અને 10 સંસ્કૃતના પાઠ્યપુસ્તકોમાં સંવાદો, નાટ્યાંશો અને પાઠમાં પણ પાત્રો વચ્ચે સંવાદોને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. આવા એકમ માટે સંવાદ કે નાટ્ય પદ્ધતિનો ઉપયોગ કરીને ચર્ચા કર્યા પહેલાં કે પછી વિદ્યાર્થીઓને પાત્રો આપીને ભજવણી કરી શકાય. આ પદ્ધતિથી વિદ્યાર્થીઓ અધ્યયનકાર્યમાં સક્રિય રહે છે, વિષયમાં રસ લેતા થાય છે. વર્ગમાં જીવંત વાતાવરણ ઊભું થાય છે. વિદ્યાર્થી સ્પષ્ટ અને યુદ્ધ ઉચ્ચારથી બોલે, યોગ્ય સ્વરભારથી બોલે, ક્ષોભ વિના બોલે એવો આગ્રહ રાખવામાં આવે છે, જેથી તેમનું કથન-કૌશલ્ય વિકસે છે અને વાચન કૌશલ્ય પણ સુધરે છે. વિદ્યાર્થીનો શોભ દૂર થાય છે અને ભણવાની તત્પરતા વધે છે. આ પદ્ધતિની સફળતા માટે શિક્ષકમાં પાત્ર પસંદગીની સૂઝ નિર્દેશકના ગુણો હોવા જોઈએ. આ પદ્ધતિથી શિક્ષણ કાર્ય સર, સફળ, સઘન અને અસરકારક બને છે.

**(10) જૂથ-ચર્ચા પદ્ધતિ અને સ્વાધ્યાય પદ્ધતિ :**

જૂથ-ચર્ચા પદ્ધતિ અને સ્વાધ્યાય પદ્ધતિ સ્વ-અધ્યયન ટેવો માટે ઉપયોગી છે. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓને અલગ-અલગ જૂથમાં વહેંચી, દરેક જૂથના નેતા-ઉપનેતા નક્કી કરવામાં આવે છે. દરેક જૂથને અલગ-અલગ કામ સોંપવામાં આવે છે. દા.ત.જે એકમ ભણાવવાનો હોય તેના અપરિચિત શબ્દોના અર્થ, સમાનાર્થી શબ્દો, વિરોધી શબ્દો, સંધિવિગ્રહ વગેરે તૈયાર કરવાનું કામ એક જૂથ કરે, બીજું જૂથ પૂછવા માટેના પ્રશ્નો ઉત્તરો તૈયાર કરે. ત્રીજું જૂથ ભાષાંતર તૈયાર કરે. જે વિદ્યાર્થીના સારા અક્ષર હોય તેને શ્યામફલક કાર્ય કરવાનું સોંપી શકાય. આ પદ્ધતિમાં શિક્ષકે અગાઉથી કાર્ય-વહેંચણી કરવી જરૂરી છે. વર્ગ-ચર્ચા દરમિયાન શિક્ષક ચર્ચાનો દોર પોતાના હાથમાં રાખે. જરૂર પડે દિશાસૂચન કરે અને ચર્ચા યોગ્ય દિશામાં આગળ વધારે. આ પદ્ધતિથી કામ કરવાથી વિદ્યાર્થી સ્વ-અધ્યયનશીલ બને છે, સઘન અધ્યયન કરવાની ટેવવાળો બને છે. વિદ્યાર્થી અધ્યયનનો આનંદ મેળવે છે. ચર્ચામાં ભાગ લેવાથી વિદ્યાર્થીને આમ પ્રદર્શનની તક મળે છે અને તેને આત્મવિશ્વાસ વધે છે. વર્ગનું વાતાવરણ જીવંત બનતા વિદ્યાર્થી જીવનમાં રસ લેતા થાય છે, આત્મસૂઝનો ઉપયોગ કરી સ્વપ્રયત્ને કાર્ય કરતાં શીખે છે.

## 9.6 તમારી પ્રગતિ ચકાસો :

**નીચેના પ્રશ્નોના જવાબ તેની નીચે આપેલી જગ્યામાં લખો (પાંચથી છ વાક્યો) :**

(1) સંસ્કૃત ગદ્યનાં વિવિધ સ્વરૂપો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) ગદ્ય શિક્ષણના કોઈ પણ પાંચ સામાન્ય હેતુઓ લખો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(3) માધ્યમિક કક્ષાએ સંસ્કૃત ગદ્ય શિક્ષણની કઈ પદ્ધતિ તમને શ્રેષ્ઠ લાગે છે ? ઉદાહરણ આપી સમજાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 9.7 સારાંશ :

સંસ્કૃત સાહિત્યના નાટ્યાદિ દશ્ય પ્રકારો અને ગદ્ય-પદ્ય-મિશ્ર જેવાં શ્રાવ્ય પ્રકારો છે. ગદ્ય સ્વરૂપોનો વિકાસ વૈદિકકાળથી થયેલો જોઈ શકાય છે. -- એટલે ‘બોલવું’ કે ‘કહેવું’ ઉપરથી ગદ્ય શબ્દ બન્યો છે. વિશ્વનાથના મતે છંદના બંધનથી મુક્ત રચના ગદ્ય છે. ઓજ અને સમાસબહુલતાને ગદ્યના પ્રાણ કહ્યા છે. ગદ્ય રચના કરવી કઠિન કોઈ ગદ્યની કવિની કસોટી માનવામાં આવે છે.

સંસ્કૃત ગદ્ય સ્વરૂપોમાં મુખ્યત્વે કથા અને આખ્યાયિકા છે. આ ઉપરાંત ચિંતનાત્મક નિબંધ, જીવનચરિત્ર, સંવાદ, નાટક, પત્ર, ઘટના અને પ્રવાસ વર્ણનો, સ્થળ અને ઋતુ વર્ણનો, લઘુકથા, નવલકથા, રૂપકકથા, વ્યવહારિક, વૈજ્ઞાનિક કે ધાર્મિક કથાઓનો પણ ગદ્યમાં સમાવેશ થાય છે.

ગદ્ય શિક્ષણ સંસ્કૃત શિક્ષણના મોટા ભાગના હેતુઓ સિદ્ધ કરવામાં ઉપયોગી છે. વિદ્યાર્થીના જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્યોના વિકાસ માટે સાહિત્ય અને સંસ્કૃતિના પરિચય માટે અને જીવનના મૂલ્યોને કેળવવા માટે સંસ્કૃત ગદ્ય-શિક્ષણના હેતુઓ સ્વીકારાય છે. આ હેતુઓની પરિપૂર્તિ માટે સંસ્કૃત ગદ્યશિક્ષણની વિવિધ પદ્ધતિઓ પ્રવર્તમાન છે. જેમાં ઉદ્‌બોધન, અનુવાદ, શબ્દકોશ, તુલના, પ્રયોગ, પ્રસંગ કે સંદર્ભ, ટીકા, પ્રશ્નોત્તર, નાટ્યીકરણ, સંવાદ, જૂથચર્ચા, સ્વાધ્યાય જેવી પદ્ધતિઓનો એકમના વિશિષ્ટ હેતુઓ અને વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને અસરકારક ઉપયોગ કરવો જોઈએ. જેથી સંસ્કૃત શિક્ષણના હેતુ સાથે સિદ્ધ કરવામાં, વિદ્યાર્થીનીી ક્ષમતાઓ અને કૌશલ્યો વિકસાવવામાં અને સંસ્કૃત પ્રત્યેની તેની રુચિમાં અભિવૃદ્ધિ કરી સહજ આનંદ પ્રાપ્ત કરવામાં સહાયભૂત બની શકાય.

## 9.8 સ્વાધ્યાય :

(1) ગદ્ય શિક્ષણના વિશિષ્ટ હેતુઓ લખો.

(2) સ્વ-અધ્યયન કૌશલ્યના વિકાસ માટે ઉપયોગી પદ્ધતિઓ જણાવો.

## 9.9 ચર્ચા માટેના મુદ્દાઓ :

(1) ગદ્ય શિક્ષણ સંસ્કૃત ભાષાને શીખવવામાં ઉપયોગી છે.

(2) ગદ્ય શિક્ષણમાં અનુવાદ ઉપર ભાર મૂકવામાં આવે છે.

## 9.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો :


(1) Bokil V.P.and Parasnis S.R. : A New Approach to Teaching of Sanskrit, Loksangrah Press, Poona, 1956.

(2) Apte D.G. : Teaching Sanskrit in Secondary Schools, Acharya Book Depot, Baroda, 1960

(3) Ramavaram Raja (k) : Teaching of Sanskrit, Education Society, Madras, 1965

(4) Repart on the Seminar of the methods of teaching Sanskrit, Dept. of Ext. Services, P.G.B.T. Collage, Raipur (M.P.) 1961.

(5) पंडित चतुर्वेदी सीताराम : संस्कृत शिक्षण पद्धति, नंदकिशोर एण्ड ब्रधर्स, वाराणसी, सं, 2096 (1960)


## 9.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

(1) 1.3

(2) 1.4

(3) 1.5

एकम 10

# પદ્ય શિક્ષણ

## : રૂપરેખા :

10.1 પ્રસ્તાવના

10.2 સંસ્કૃત-પદ્યનો પરિચય

10.3 પદ્યશિક્ષણનું મહત્ત્વ

10.4 પદ્યશિક્ષણના હેતુઓ

10.5 પદ્યશિક્ષમની પદ્ધતિઓ

10.6 તમારી પ્રગતિ ચકાસો

10.7 સારાંશ

10.8 સ્વાધ્યાય

10.9 ચર્ચા માટેના મુદ્દાઓ

10.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

10.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 10.1 પ્રસ્તાવના :

આ શિક્ષણએ સંસ્કૃતનું હાર્દ છે. બુદ્ધિની સીમાને વટાવી જ્ઞાનને હૃદય સોંસરવું ઉતારવા માટે પદ્ય શિક્ષણ સર્વોત્તમ છે. સંસ્કૃતના વિકાસની સાથે સાથે માનવી પોતાની હૃદયોર્મિઓ અને જીવન તથા જગતનું દર્શન લયબદ્ધ વૃત્તિના સ્વરૂપમાં રજૂ કરતો આવ્યો છે. માટે જ સાહિત્યનું આદિ સ્વરૂપ પદ્ય બની શક્યું છે. પોતાના ઉદાત્ત વિચારો, હૃદયની લાગણીઓ અને આદર્શોનું મનોમંથન જ્યારે કવિ છંદના માધ્યમે પ્રગટ કરે છે ત્યારે કાવ્યસર્જન થાય છે. વ્યક્તિના સંસ્કાર ઘડતર માટે, જીવન-મૂલ્યોના સ્થાપન માટે અને શુદ્ધ આનંદની અનુભૂતિ કરાવવા માટે પદ્ય શિક્ષણ અત્યંત ઉપકારક છે.

## 10.2 સંસ્કૃત પદ્યનો પરિચય :

સંસ્કૃત પદ્યનાં મૂળ આપણને ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. કાવ્ય સર્જનના ક્રમશઃ વિકાસમાં આપણને મહાકાવ્ય, ખંડકાવ્ય, ગીતિકાવ્ય, મુક્તક સુભાષિતો, કૂટ શ્લોકો, પ્રહેલિકા વગેરે પદ્ય પ્રકારો પ્રાપ્ત થાય છે. સંસ્કૃતમાં સમગ્ર સાહિત્ય માટે 'કાવ્ય' શબ્દ પ્રયોજાયો છે. સર્વોત્કૃષ્ટ રસનિષ્પત્તિનું કારણ કાવ્ય છે.

સંસ્કૃતના આદ્યાચાર્ય ભરત कौतूटलाविरलत्वं काव्यस्तरस्यम् એમ કહી સતત કુતૂહલને કાવ્યની સરસતા માને છે. ભામહ, ઉદ્ભર અને રુદ્રટ કાવ્યમાં અલંકારની અપેક્ષા સ્વીકારે છે. रीतिरात्मो काव्यस्य । એમ કહી વામન રીતિને કાવ્યનો આત્મા ગણાવે છે. આનંદવર્ધન ધ્વનિને કાવ્યનો આત્મા ગણાવતા राव्यस्यात्मा ध्वनि । કહે છે. કુંતક વક્રોક્તિને કાવ્યનું જીવિત માને છે જ્યારે રસ-ગંગાધરમાં પંડિત જગન્નાથ रमणीयार्थ प्रतिपादकः शब्दः काव्यम् । રમણીય અર્થ જન્માનવનાર શબ્દ કાવ્ય છે એમ જણાવે છે. વિશ્વનાથ કાવ્યને रसात्मकं वाक्यम् કહે છે. રસમયતા કાવ્યનું હાર્દ છે આથી અન્ય અલંકરણો હોય કે ના હોય એનાથી કંઈ ફરક પડતો નથી. આથી મમ્મટ અદોષ, સગુણ અને અલંકૃત અથવા અનલંકૃત શબ્દ કે અર્થને કાવ્ય કહે છે.

પાશ્ચાત્ય વિદ્વાનોમાં જ્હોનસન કાવ્યને 'Metrical Composition' છંદોમય રચના કહે છે, તો કાર્લાઈલ તેને Musical Thought સાંગીતિક વિચાર કહે છે. શેલી Expression of imagination-કલ્પનાભિવ્યક્તિને કાવ્ય માને છે તો વડ્ર્ઝવર્થ કાવ્યને A Spontaneous Overflow of Powerful feeling recollected in tranquitity શાંત પળોમાં સ્મૃતિપથ પર આવતો પ્રબળ લાગણીઓનો સહજ ઉદ્રેક ગણાવે છે. હેરિસ કલ્પન અને ભાવો દ્વારા જીવનના અર્થઘટનને કાવ્ય માને છે. તો મેથ્યૂ આર્નોલ્ડ કાવ્યને જીવનની સમીક્ષા કહે છે.

કાવ્યની પરિભાષાઓમાંથી કાવ્યના એકાંગી સ્વરૂપને આપણે પામી શકીએ છીએ.પરંતુ આ સર્વલક્ષણોનું સમવાયી રૂપ જે રસાનુભૂતિ કરાવવામાં સફળ બને તે જ કાવ્ય છે. કાવ્યનો ભાવપક્ષ સાથે નાતો છે આથી કાવ્ય શીખવી શકાતું નથી, એ તો માત્ર પકડી શકાય છે. Poetry is not tought it is taught.

કવિતા અને પદ્યને ઘણી વાર એકબીજાના પર્યાય તરીકે વાપરવામાં આવે છે. પરંતુ બંને સમાનાર્થી શબ્દો નથી. કવિતા કરતાં પદ્યનું ક્ષેત્ર વિશાળ છે. બધી જ કવિતાઓ પદ્યમાં સમાવિષ્ટ છે. પરંતુ પદ્ય કવિતામાં સમાવિષ્ટ નથી. એ જ રીતે ગદ્ય અને પદ્યમાં  પણ સ્વાભાવગત ભેદ છે. બંનેની આનંદપ્રદાયકતા અને ભાવ રંજકતાની માત્રામાં પણ ભેદ જોવા મળે છે. ગદ્યના અધ્યયનમાં યંત્રવત્તા અને વ્યવહારિક અર્થબોધની ચમત્કૃતિઓ હોય છે. પરંતુ કવિતાનો લય, નાદ, છંદ ઉન્નત ભાવાનુભૂતિનું કારણ બને છે, જે સૂક્ષ્મ ભાવો શબ્દના માધ્યમથી ગદ્યમાં પ્રગટ કરી શકાતા નથી તેના માટે કવિના ઉત્તમ માધ્યમ બને છે.જનહૃદયના પ્રસ્પંદને જગાવનાર કવિતારૂપે જ સંસ્કૃતભાષામાં પ્રાચીન જ્ઞાન ભંડાર સંગ્રહાયેલો છે. ગદ્ય સ્વરૂપોને એક વાર વાંચ્યા કે જોયા પછી કુતૂહલ સંતોષાઈ જાય છે, અને પુનઃ એને માણવાનો ઉત્સાહ ઓછો થઈ જાય છે. જ્યારે કવિતા પુનઃ પુનઃ સાંભળવાથી તેની અર્થચ્છાયાઓ ઊઘડતી જાય છે. પુનઃ પુનઃ ઘૂંટવાથી રસ ઘેરો બને છે. શબ્દ શક્તિ આનન્ત્યને પામવાનો પ્રત્યેક પ્રયત્ન અવનવા આનંદની અનુભૂતિ કરાવે છે.

ઋગ્વેદથી માંડીને પર્યંત રચાતા સંસ્કૃત કાવ્ય-સ્વરૂપોમાં ઋચાઓ, મંત્રો, મહાકાવ્ય, ખંડકાવ્ય, મુક્તક, ગીતિ-કાવ્યો, ગઝલ, હાઈકુ, તાન્કા જેવાં પ્રાચીન અને આધુનિક કાવ્ય-સ્વરૂપો ખેડાયા છે.

## 10.3 પદ્ય શિક્ષણનું મહત્ત્વ :

સંસ્કૃત આચાર્યોએ કાવ્યને જીવનના ચારેય પુરુષાર્થોને પામવાના સાધન તરીકે વર્ણવ્યું છે. કાવ્યનો અંતિમ હેતુ માનવહૃદયના ભાવોનું પરિષ્કરણ કરી સત્યમ્, શિવમ્, સુંદરમ્ની પ્રાપ્તિ કરાવવાનો છે. કવિતા દ્વારા ઓજ, પ્રાસાદિકતા તથા સાત્ત્વિકતા ગુણો પ્રગટ થાય છે, જે વ્યક્તિને ઉદાત્ત બનાવે છે. કવિતા દ્વારા માનવી જગત સાથે ભાવોનું અનુભાવન કરે છે. ત્યારે જીવનની જંજાળથી છૂટી મુક્તાનંદની દશામાં વિહાર કરે છે. આ રીતે કવિતા દ્વારા માનવજીવનની ભાવનાઓને અભિવ્યક્તિ મળે છે. સાથે સાથે તેમાં પ્રગટ થતું જીવનદર્શન માનવજીવનને ઉન્નત બનાવે છે, કલ્પના અને આદર્શના ઉન્નત ભાવપ્રદેશમાં સત્યના દર્શન કરાવે છે. કાવ્યનું સૌંદર્ય, માધુર્ય, લાલિત્ય, ભાવ, રસ, બુદ્ધિ, કલ્પા, શૈલી ઈત્યાદિ અપૂર્વ આનંદ અપાવે છે. આમ, વ્યક્તિની ભાવનાઓના ઘડતર માટે  અને ઉન્નત જીવનની તાલીમ માટે પદ્ય શિક્ષણ ખૂબ જ જરૂરી છે.

આજના વિજ્ઞાનના યુગમાં માનવી લાગણી શૂન્ય બનતો જાય છે. ત્યારે તેની ઉરતંત્રીઓને ઝંકૃત કરી ભાવોને જાગૃત કરવા માટે પદ્ય શિક્ષણની આવશ્યકતા છે. જીવનના આનંદ, ઉત્સાહ અને રસરતા કાવ્યના માધ્યમે પ્રગટ થતા હોઈએ પ્રત્યક્ષ જીવનનો પર્યાય છે. વ્યક્તિમાં સૌંદર્ય-માધુર્યની ભાવનાઓ

જગાડવા કાવ્યશિક્ષણ જરૂરી છે. જીવનમાં સૌંદર્ય દષ્ટિના વિકાસ અને સ્વભાવની ઋજુતા લાવવામાં કાવ્ય ખૂબ જ ઉપયોગી છે. કાવ્યથી વ્યક્તિના ચિત્તની સ્થિરતા આવે છે, એ તો વિસ્તાર થાય છે, સ્વતંત્ર બુદ્ધિ અને ભાવનાઓ વિકસે છે અને ભણવાના ભાર વિના મૂલ્યોનું સ્થાપન અને માનવતાનું ઘડતર થાય છે. આમ, જીવનના વિધેયાત્મક અભિગમને કેળવી ઉત્તમ માનવનું નિર્માણ કરવામાં પદ્ય શિક્ષણ ખૂબ જ ઉપકારક બને છે.

## 10.4 પદ્ય શિક્ષણના હેતુઓ :

**સામાન્ય હેતુઓ :**

- વિદ્યાર્થી પદ્યમાં નિરૂપિત ભાવોને સમજે.
- વિદ્યાર્થી પદ્યના નાદ સૌંદર્યને માણે.
- વિદ્યાર્થી યોગ્ય સ્વરભાર, લય, બલાઘાત, આરોહ-અવરોહ સહિત શુદ્ધોચ્ચારપૂર્વક પદ્યનું પઠન કે ગાન કરતાં શીખે.
- વિદ્યાર્થી સરળ સુભાષિતો, સ્તુતિ, શ્લોકો ઈત્યાદિ દ્વારા સાહિત્યમાં અભિરુચિ કેળવો.
- વિદ્યાર્થીની ભાવનાઓનું ઉદાત્તીકરણ થાય.
- વિદ્યાર્થી કાવ્યમાં આવતા છંદ, અલંકાર, વર્ણનો, રૂપકો, પ્રતિકો ઈત્યાદિ દ્વારા કાવ્ય સૌંદર્યને માણે.
- વિદ્યાર્થી વ્યક્તિગત તેમ જ સામૂહિક રીતે કાવ્યાનંદને માણે.
- વિદ્યાર્થી ભાવો ટ્રેકની તીવ્રતા અને ભાવોના સામાન્યીકરણ દ્વારા રસાનુભૂતિને પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થી મનોભાવોના પરિષ્કરણ દ્વારા ચારિત્ર્યનું ઘડતર કરો.
- વિદ્યાર્થીમાં સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ થાય.
- વિદ્યાર્થી કાવ્ય દ્વારા જીવનદર્શનને પામે.
- વિદ્યાર્થીની કાવ્યની આસ્વાદનક્ષતામાં વૃદ્ધિ થાય.
- વિદ્યાર્થી સંસ્કૃત સુભાષિતો, સૂક્તિઓ ઈત્યાદિનો વિચાર-અભિવ્યક્તિ માટે ઉપયોગ કરે.
- વિદ્યાર્થીની કલ્પના શક્તિ અને મૌલિકતામાં વધારો થાય.
- વિદ્યાર્થી શબ્દની અભિધા-લક્ષણા અને વ્યંજના ત્રણેય શક્તિઓ દ્વારા અર્થગ્રહણ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે.

**વિશિષ્ટ હેતુઓ :**

પદ્યના વિભિન્ન પ્રકારો અનુસાર વિશિષ્ટ હેતુઓ બદલાય છે. તેમ છતાં નીચેના જેવાં વિશિષ્ટ હેતુઓ સંસ્કૃત પદ્ય શિક્ષણ માટે રચી શકાય :

- વિદ્યાર્થી કાવ્યના બોધ કે મધ્યવર્તી વિચારને સમજાવે.
- વિદ્યાર્થી કાવ્યમાં નિરૂપિત વિષયવસ્તુને જણાવે.
- વિદ્યાર્થી વિષયવસ્તુની સમજૂતી, સમીક્ષા અને સ્પષ્ટીકરણ કરે.
- વિદ્યાર્થી કાવ્યનું છંદોબદ્ધ, લયયુક્ત, શુદ્ધોચ્ચારપૂર્વક ગઠન કે પઠન કરે.
- વિદ્યાર્થી શ્લોકનો અન્વય કરે.
- વિદ્યાર્થી કાવ્યની અન્ય કાવ્ય સાથે તુલના કરે.

## 10.5 પદ્ય શિક્ષણની પદ્ધતિઓ :

પદ્યએ રસાનુભૂતિનું વાહક છે. આથી કાવ્ય રાસને ક્ષતિ ન પહોંચે અને ભાવનું નિર્મુક્ત પ્રત્યાયન શક્ય બને એવી પદ્ધતિ પદ્યશિક્ષણ માટે આવકાર્ય છે. પદ્ય શિક્ષણ એક સાહસ છે. પદ્ય શીખવી શકાતું નથી, પદ્ય તો હૃદયના ભાવોથી પકડી શકાય છે. કવિહૃદયના ભાવને ઝીલવા માટે સહૃદય હૃદયના ભાવોનો ઉદ્રેક જરૂરી છે. આથી વિદ્યાર્થીના હૃદયને સ્પર્શી શકે, એની ઉરતંત્રીને ઝંકૃત કરી સંવેદનાને વહાવી શકે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું એ કાવ્યશિક્ષણ માટે ખૂબ જ જરૂરી છે. આ માટે સજ્જતા જેટલી વધારે એટલું અસરકારક શિક્ષણકાર્ય થઈ શકે. આમ, કવિતા તો માણવા માટે છે, ભણાવવા માટે નથી. છતાં પણ વિદ્યાર્થીને કાવ્યાનંદનો અનુભવ કરાવવામાં અને રસાનુભૂતિ કરાવવામાં ઉપકારક કેટલીક અધ્યાપન પદ્ધતિઓ પ્રચલિત છે જેમાં ગીત-અભિનય પદ્ધતિ, અર્થબોધ પદ્ધતિ, સ્પષ્ટીકરણ કે ટીકા પદ્ધતિ વ્યાસ પદ્ધતિ, તુલના પદ્ધતિ, અનુભાવન પદ્ધતિ, અન્વય પદ્ધતિ ઈત્યાદિનો આવશ્યકતાનુસાર ઉપયોગ કરી શકાય.

### (1) ગીત-અભિનય પદ્ધતિ :

ઈન્દ્રિયો એ જ્ઞાન મેળવવાનાં દ્વાર ગણાય છે. આથી ગાન દ્વારા કથન અને શ્રવણ તથા અભિનય દ્વારા દર્શન એમ ત્રણ જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ શિક્ષણને અસરકારક અને ચિરસ્થાયી બનાવે છે. ગીત-અભિનય પદ્ધતિમાં નૃત્યનાટિકા કે સંગીતનાટિકાની જેમ પદ્ય શિક્ષણ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં સૌ પ્રથમ ગીતનું શ્રવણ કરાવવામાં આવે છે. ગીતના ભાવને અનુરૂપ અભિનય કરવામાં અને કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ ગીતનું અનુગાન કરે છે અને અભિનય કરે છે. આ રીતે સામૂહિક  રીતે અને વ્યક્તિગત રીતે શુદ્ધોચ્ચારપૂર્વક યોગ્ય તાલમય સાથે ગાન-અભિનય કરાવવાથી વિદ્યાર્થીને સહજ આનંદની અનુભૂતિ થાય છે. કવિતાનો અર્થબોધ ન થતો હોવા છતાં ભાવો હૃદયમાં ઝિલાય છે, અભિનય દ્વારા અભિવ્યક્ત થાય છે. આથી કાવ્યાનંદને ચરમસીમાએ વિદ્યાર્થી માણી શકે છે પરંતુ આ પદ્ધતિ નાના બાળકો માટે જ ઉપયોગી છે. ઉચ્ચ કક્ષાએ કથાકાવ્યોના નૃત્યાભિનય કદાચ કરાવી શકાય. રામાયણ-મેઘદૂતની કથા ગાન-અભિનય દ્વારા દર્શાવી શકાય. પરંતુ અધ્યાપન પદ્ધતિ તરીકે તો નાના બાળકો માટે જ વધારે ઉપયોગી છે. આ પદ્ધતિના ઉપયોગ માટે શિક્ષકનો સૂરીલો અવાજ અને અભિનયક્ષમતા જરૂરી છે.

### (2) અર્થબોધ પદ્ધતિ :

કાવ્ય શિક્ષણની આ પદ્ધતિ અનુવાદ પદ્ધતિને મળતી આવે છે. આ પદ્ધતિમાં શિક્ષક વિદ્યાર્થી પાસે કાવ્યપઠન કરાવે છે, શબ્દોના અર્થ લખાવે છે, પંક્તિઓનો ભાવાર્થ કરાવે છે અને સમગ્ર કાવ્યનો સારાંશ આપી જરૂરી પ્રશ્નોના ઉત્તરો તથા કાવ્યનો મધ્યવર્તી વિચાર લખાવે છે. આ પદ્ધતિમાં પરીક્ષાલક્ષી સંપૂર્ણ તૈયારી કરાવાય છે. આમ, અર્થબોધ કરાવવા ઉપર વિશેષ ભાર મૂકતી આ પદ્ધતિમાં વ્યાકરણ-અનુવાદ ઘટકને વિશેષરૂપે ઉપયોગમાં લેવામાં આવે છે.

સંસ્કૃત પદ્ય શિક્ષણમાં આ પદ્ધતિ દ્વારા ઓછા સમયમાં પાઠ્યક્રમ પૂર્ણ કરી શકાય છે. પરંતુ પદ્ય શિક્ષણના મૂળ હેતુઓની આમાં ઉપેક્ષા થાય છે. કાવ્ય માણવા માટે છે. આ પદ્ધતિ કાવ્ય પ્રત્યે રુચિ જગાડવાના બદલે ઘણી વાર અરુચિ જગાડે છે. આવી આ પદ્ધતિ અમનોવૈજ્ઞાનિક અને અશાસ્ત્રીય મનાઈ છે.

**(3) સ્પષ્ટીકરણ (ટીકા) પદ્ધતિ :**

ભારતીય શિક્ષણ પ્રણાલીમાં પ્રાચીન ગુરુકુળ પરંપરા સાથે આ પદ્ધતિ સંકળાયેલી છે. આ પદ્ધતિમાં પદ્યના પ્રત્યેક પદની વિશેષતા, વિવિધ અર્થો, વ્યંગ્યાર્થો, ભાવાર્થોના સંદર્ભોની સ્પષ્ટતા કરવામાં આવે છે. આ પદ્ધતિમાં અર્થની આલોચના વિવિધ ભાષ્યકારોના મતોનો ઉપયોગ કરીને કરવામાં આવે છે. જો કે શાળા શિક્ષણમાં આ પદ્ધતિ વધુ ઉપયુક્ત ગણાતી નથી. આમ છતાં ઉચ્ચ શિક્ષણ કક્ષાએ કૃતિઓના સઘન અધ્યયન માટે કે સંશોધન માટે ટીકાઓના સ્ત્રોત ખૂબ જ ઉપયોગ બને છે. આ પદ્ધતિ વિસ્તૃત અર્થબોધ માટે, જ્ઞાનવૃદ્ધિ માટે, તર્કબદ્ધ ક્રમિક અભિવ્યક્તિ માટે ઉપયોગી છે. જો કે, આ પદ્ધતિમાં કાર્યભાર ટીકાકારના શિરે જ છે. વિદ્યાર્થી માત્ર શ્રવણ કે લેખન કરે છે. આથી વિદ્યાર્થી નિષ્ક્રિયતા, રસહીનતા અને ક્યારેક ક્લિષ્ટતાને કારણે દુર્બોધતાનો ભોગ બને છે.

**(4) વ્યાસ પદ્ધતિ :**

વ્યાસ પદ્ધતિ કથાશૈલી તરીકે પણ ઓળખાય છે. સંસ્કૃત પદ્યશિક્ષણમાં વ્યાસપદ્ધતિ અનુસાર અધ્યાપન કરાવનાર શિક્ષક એક કથાકારની અદાથી ભાષ્યકારની ભૂમિકા નિભાવે છે. પદ્યની ભાવાનુરૂપ સ્વરભંગિ અને કંઠમાધુર્યયુક્ત રજૂઆતની સાથે સાથે ભાષાની વિશેષતાઓ- અલંકાર, છંદ, માધુયારિષ્ઠ ગુણો વગેરેની પણ ચર્ચા કરે છે. મહાન કથાકાર મહર્ષિ વેદવ્યાસના નામ ઉપરથી કથાકારનું આસન વ્યાસપીઠ કહેવાય છે અને કથાકારની પદ્ધતિ પદ્યશિક્ષણ કરવાનું હોઈ આ પદ્ધતિ વ્યાસ પદ્ધતિ તરીકે ઓળખાય છે. શ્રોતાઓને અભિભૂત કરવાની ક્ષમતા શિક્ષકમાં હોય તો જ આ પદ્ધતિનો ઉપયોગ અસરકારક બને છે. રજૂઆતમાં યોગ્ય આરોહ-અવરોહ, વર્ણનની પ્રવાહિતા, ગાનક્ષમતા, સંદર્ભો માટે વિશાળ જ્ઞાન સમુદ્ધિ, વિવેચન શક્તિ, અસરકારક ભાષા પ્રયોગ, શુદ્ધોચ્ચારપૂર્વકનું ભાવવાહી કથન કરવાની ક્ષમતાનું હોવું જરૂરી છે.

સંસ્કૃત શિક્ષણને રસપ્રદ અને રોચક બનાવવામાં, કાવ્યનો અર્થબોધ કરાવવામાં, ભાવાભિવ્યંજના કરાવવામાં, આલોચનાત્મક અધ્યયન માટેની ભૂમિકા રચવામાં, તર્કશક્તિ અને કલ્પનાશક્તિ વિકસાવવામાં આ પદ્ધતિ ઉપયોગી છે, પરંતુ રજૂઆતની ક્ષમતા ન હોય તો આ પદ્ધતિ નિષ્ફળ જાય છે.

**(5) તુલના પદ્ધતિ :**

સંસ્કૃત પદ્યશિક્ષણમાં બે કૃતિ વચ્ચેના સામ્યવૈષમ્ય દ્વારા કૃતિને સાંગોપાંગ સમજવા માટે તુલના પદ્ધતિ ઉપયોગી છે. ભાવસામ્ય ધરાવતી કૃતિઓની તુલના, સમભાષી કવિનાં કાવ્યોમાંથી તુલના, ભિન્ન-ભાષી કવિઓનાં કાવ્યોમાંથી તુલના, ભાવવૈષમ્ય ધરાવતી કૃતિઓની તુલના ઈત્યાદિ વિવિધ રીતે તુલનાત્મક સ્થિતિઓના નિર્માણ દ્વારા આખ્યાપન કરવાની પદ્ધતિ તુલનાત્મક પદ્ધતિ તરીકે ઓળખાય છે. વિદ્યાર્થીની તર્કશક્તિ, ભેદપરખ શક્તિ, અર્થગ્રહણ શક્તિ, મૌલિક ચિંતન અને મૂલ્યાંકન શાન્તિમાં આ પદ્ધતિ દ્વારા કાવ્યની રસાનુભૂતિ અને આનંદ સવિશેષણો મેળવી શકાય છે. સઘન અભ્યાસ માટે ઊંડા પરિશીલન માટે, રસભાવની સ્વાનુભૂતિ માટે તુલના પદ્ધતિ ઉપયોગી છે. શાળા કક્ષાએ વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન પર આધારિત તુલના અથવા વિદ્યાર્થીની કક્ષાનુસાર અન્ય કૃતિની તુલના મૂળકૃતિના અધ્યયનને પુષ્ટ કરવામાં અને રોચક બનાવવામાં ઉપયોગી થઈ શકે. ઉચ્ચકક્ષાએ વૃત્તિના અધ્યયન માટે તુલનાત્મક પદ્ધતિ નવીન સત્યોને ઉજાગર કરવામાં ઉપયોગી નીવડે છે.

**(6) અનુભાવન પદ્ધતિ :**

અનુભાવન પદ્ધતિ વિવેચન કે સમીક્ષાના માધ્યમથી અધ્યાપન કરવાની પદ્ધતિ છે. સાહિત્યના અને ભાષાના શાસ્ત્રીય જ્ઞાનના આધારે કૃતિનું મૂલ્યાંકન કરી કાવ્યની વિશેષતાઓ અને મર્યાદાઓને સમજવી, કવિના ભાવ કે વિચારની અભિવ્યક્તિની બળકટતા, શબ્દાર્થ બોધનું સૌંદર્ય, શબ્દ અને નિરૂપણ શૈલી અને રસાનુભાવન કરવાની કૃતિની ક્ષમતા ઈત્યાદિના સંદર્ભમાં કાવ્યની સાંગોપાંગ સમીક્ષા કરી એને સંપૂર્ણ રીતે માણવાની પરિસ્થિતિનું નિર્માણ કરવાની જવાબદારી આ પદ્ધતિનો ઉપયોગ કરતા શિક્ષકના પક્ષે રહે છે. શાળાકક્ષાએ આ પદ્ધતિનો ઉપયોગ કરતાં કાવ્યકૃતિના વિષયવસ્તુનું વિશ્લેષણ અને ભાષાભિવ્યક્તિની સમીક્ષા માટે પ્રશ્નોત્તરી અને તુલનાને પણ ઉપયોગી કરી શકાય છે. કૃતિની સમીક્ષા અને અનુભાવન માટે સહૃદય ભાવકની જરૂર હોય છે. આથી પ્રારંભિક કક્ષાએ તો વિદ્યાર્થી માત્ર કાવ્યને માણે એજ જરૂરી છે. ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ સમીક્ષાનો કંઈક અંશે ઉપયોગ કરી શકાય અને ઉચ્ચ શિક્ષણમાં તેનો સવિશેષ ઉપયોગ કરી શકાય છે.

**(7) અન્વય પદ્ધતિ :**

સંસ્કૃત ભાષા સ્વરૂપગત યોગાત્મકતાનું લક્ષણ ધરાવે છે. આથી વાક્યના પદોને ચોક્કસ ક્રમમાં ગોઠવવાની જરૂર રહેતી નથી. વળી, કાવ્યમાં કવિ છંદ જાળવવા પદોના ક્રમને યથેચ્છ બદલે છે તો ક્યારેક કોઈક પદ અધ્યાહાર હોય છે. આ સંજોગોમાં પદોના પરસ્પર અર્થપૂર્ણ સંબંધના નિરૂપણને અન્વય કહે છે. અન્વય કરવાથી પદો વચ્ચેના યોગ્ય સંબંધને સ્પષ્ટ કરી ઉચિત અર્થબોધકરી શકાય છે. અન્વયનો સૌ પ્રથમ ખ્યાલ સંસ્કૃત ભાષામાં જ સાંપડે છે. 'अन्वयेप्रबोध'માં दंण्डवत् खण्डवच्चैव द्विभेदोन्वय उच्यते । એ મુજબ અન્વયના બે પ્રકારોનું વર્ણન છે. (1) દંડાન્વય (2) ખંડાન્વય

**દંડાન્વય પદ્ધતિ :**

દંડનો અર્થ થાય છે લાકડી, લાકડીમાં જેમ વચ્ચે વચ્ચે ગાંઠો આવેલી હોય છે તેમ પદ્યમાંનાં વિભિન્ન પદો લાકડીની ગાંઠરૂપે હોય છે. પદ્યમાં રહેલાં પદોને વ્યાકરણના નિયમાનુસાર ક્રમમાં ગોઠવી એક સરળ વાક્યની રચના દ્વારા અર્થને સમજવાની આ પદ્ધતિ છે. આ પ્રકારે અન્વય કરવા માટે વ્યાકરણના નિયમોનું જ્ઞાન હોવું જરૂરી છે. દંડાન્વય પદ્ધતિથી અન્વય કરવા માટે પદ્યની વાક્ય રચનામાંથી ક્રિયાપદ, કર્તા, કર્મ, વિશેષણ, ક્રિયાવિશેષણ ઈત્યાદિ માટે પ્રશ્નોની રચના કરી ઉત્તર મેળવવા જોઈએ. અંતે બધા ઉત્તરોને સાથે લઈને એક સળંગ વાક્યની રચના મળી શકશે.

**ખંડાન્વય પદ્ધતિ :**

ખંડાન્વય પદ્ધતિમાં પણ દંડાન્વયની જેમ ક્રિયાપદ, કર્તા, કર્મ, વિશેષણ, ક્રિયાવિશેષણ ઈત્યાદિની ઓળખ માટે પ્રશ્ન પૂછીને વાક્યની રચના કરવામાં આવે છે. પરંતુ પ્રશ્નોત્તરની દૃષ્ટિએ આ પદ્ધતિ દંડાન્વય કરતાં અલગ છે. આ પદ્ધતિમાં વ્યાકરણનાં પાસાંને ખાસ મહત્ત્વ આપવામાં આવતું નથી, પરંતુ કાવ્યના ભાવને વિશેષરૂપે લક્ષ્યમાં લેવામાં આવે છે. દંડાન્વયમાં વાક્યમાં ક્રિયાપદ, કર્તા, કર્મ ઈત્યાદિ શોધવા માતૃભાષામાં પ્રશ્નો રચી શકાય છે. પરંતુ ખંડાન્વયમાં પદ્યના ભાવનું વિશ્લેષણ કરવાનું હોવાથી પ્રશ્નોની રચના સંસ્કૃતમાં જ કરવી પડે છે.

આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક ગણાઈ છે. વિદ્યાર્થી અને શિક્ષક બંનેની સક્રિયતા ઉપર આ પદ્ધતિ ખાસ ભાર મૂકે છે. પ્રશ્નોત્તર દ્વારા વર્ગખંડ વ્યવહાર જીવંત બને છે, આંતરક્રિયાને વેગ મળે છે. અને

વિદ્યાર્થીઓ ઉત્પ્રેરિત બને છે. અન્વય દ્વારા અર્થગ્રહણ સરળતાથી થતું હોવાને કારણે કાવ્યના વિચારને પકડના માટે કે વિચાર વિસ્તાર કરવા માટે આ પદ્ધતિ ખૂબ જ અનુકૂળ બને છે. સંસ્કૃત પદ્યશિક્ષણમાં ખંડાન્વય પદ્ધતિ ખૂબ જ ઉપયોગી અને અસરકારક છે. પરંતુ આ પદ્ધતિને ઉપયોગ કરવા માટે શિક્ષકના પક્ષે સજ્જતા હોવી જરૂરી છે. શિક્ષકમાં સંસ્કૃત ભાષાનું સંગીન જ્ઞાન, પ્રશ્નો રચવાની આવડત, વર્ગવ્યવહારનું વ્યવસ્થાપન અને કાવ્યની વિશેષતાઓને કુશળતાપૂર્વક ઉજાગર કરવાની ક્ષમતા ન હોય તો આ પદ્ધતિ નિષ્ફળ જાય છે.

## 10.6 તમારી પ્રગતિ ચકાસો :

**નીચેના પ્રશ્નોના જવાબ તેની નીચે આપેલી જગ્યામાં લખો. (પાંચથી છ વાક્યો)**

**(1) પદ્યશિક્ષણનું મહત્ત્વ દર્શાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(2) સંસ્કૃત પદ્યના વિશિષ્ટ હેતુઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(3) પદ્યશિક્ષણની પદ્ધતિઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 10.7 સારાંશ

કવિના વિચારો, લાગણીઓ અને દર્શનને લયના માધ્યમે રજૂ કરતું સાહિત્ય સ્વરૂપ એટલે પદ્ય, સંસ્કૃતમાં ઋગ્વેદની ઋચાઓથી માંડી મહાકાવ્ય, ખંડકાવ્ય, ગીતિકાવ્ય, સુભાષિતો, મુક્તક, કૂટ

શ્લોકો, પ્રહેલિકા જેવાં પ્રાચીન એ ગીત, ગઝલ, હાઈકુ, તાન્કા ઈત્યાદિ આધુનિક સ્વરૂપો જેવાં પદ્યમાં મળે છે. રસ ચમત્કૃતિ કે રમણીયતાના પ્રતિપાદક શબ્દાર્થને કાવ્ય ગણાવાયું છે. લાગણીઓનો સહજ ઉદ્રેક કે જીવનની સમીક્ષા રૂપે પણ કાવ્ય વ્યાખ્યાયિત થયું છે. પદ્ય તેના રસ, માધુર્યાદિ ગુણો, અલંકારો, કલ્પનો અને શૈલીના માધ્યમે ઉન્નત ભાવાનુભૂતિ અને રસાનંદનો અનુભવ આપે છે. આથી માનવના હૃદયના ભાવોનું પરિષ્કરણ ઉન્નત બનાવવા સાથે સહજ આનંદની અનુભૂતિ કરાવવા માટે પદ્યશિક્ષણ ઉપયોગી છે. પદ્યશિક્ષણનો મૂળ હેતુ કાવ્યના નાદસૌંદર્યને માણવું અને અર્થબોધની ચમત્કૃતિને પામવું એ જ છે. કાવ્ય ભાવોદ્રેકથી પામવા માટે છે. આથી પદ્યશિક્ષણની વિવિધ પદ્ધતિઓ પૈકી એકમને અનુરૂપ યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરી શિક્ષકે અસરકારક અને રસપ્રદ રીતે અધ્યાપન કરવું જોઈએ.વિદ્યાર્થીઓની જરૂરિયાત, કક્ષા અને રુચિને લક્ષમાં લઈને પદ્ધતિ પસંદ કરવી જોઈએ. એક પદ્ધતિની મર્યાદા દૂર કરવા એકથી વધારે પદ્ધતિનો ઉપયોગ કરી શકાય. સંસ્કૃત પદ્યશિક્ષણને અસરકારક બનાવવા માટે શિક્ષક પક્ષે સવિસેષ સજ્જતા હોવી જરૂરી છે.

## 10.8 સ્વાધ્યાય :

(1) પદ્યશિક્ષણ વ્યક્તિના મૂલ્યઘડતર માટે ઉપયોગી છે.

(2) પદ્યશિક્ષણ હૃદયની કલા છે.

## 10.9 ચર્ચા માટેના મુદ્દા :

(1) પદ્યશિક્ષણ વ્યક્તિના મૂલ્યઘડતર માટે ઉપયોગી છે.

(2) પદ્યશિક્ષણ હૃદયની કલા છે.

(3) પદ્યશિક્ષણને ગદ્યશિક્ષણ જેવું બનાવવામાં શિક્ષક જવાબદાર છે.

## 10.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો :


(1) Boki V.P. and Paranis S.R : A New Approach to Teaching og Sanskrit, Loksangrah Press, Poona, 1956

2) Apte D.G. : Teaching Sanskrit in Secondary Schools, Acharya Book Depot, Baroda, 1960

(3) Ramavaram Raja (k) : Teaching of Sanskrit, Education Society, Madras, 1965

(4) Repart on the Seminar of the methods of teaching Sanskrit, Dept. of Ext. Services, P.G.B.T. Collage, Raipur (M.P.) 1961.

(5) पंडित चतुर्वेदी सीताराम : संस्कृत शिक्षण पद्धति, नंदकिशोर एण्ड ब्रधर्स, वाराणसी, सं, 2096 (1960)


## 10.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) 2.3 (2) 2.4 (3) 2.5

એકમ 11

# વ્યાકરણ શિક્ષણ

## : રૂપરેખા :

11.1 પ્રસ્તાવના

11.2 સંસ્કૃત-વ્યાકરણનો પરિચય

11.3 વ્યાકરણશિક્ષણનું મહત્ત્વ

11.4 વ્યાકરણશિક્ષણના હેતુઓ

11.5 વ્યાકરણશિક્ષણની પદ્ધતિઓ

11.6 તમારી પ્રગતિ ચકાસો

11.7 સારાંશ

11.8 સ્વાધ્યાય

11.9 ચર્ચા માટેના મુદ્દાઓ

11.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

11.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 11.1 પ્રસ્તાવના :

આધુનિક ભાષાવિજ્ઞાનની આધારશિલા સમાન સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન કોઈ પણ ભાષાના અભ્યાસ માટે ઉપયોગી છે. યોગાત્મકતા અન વૈજ્ઞાનિકતાને કારણે સંસ્કૃત ભાષા જેવું પૂર્ણ સ્વરૂપ અન્ય કોઈ ભાષાનું નથી. સંસ્કૃત વ્યાકરણમાં જે કંઈ છે એનાથી વિશેષ ભાષાવિજ્ઞાનીઓ માટે કંઈ શોધવાનું રહેતું નથી. વ્યાકરણ પોકળ ધ્વનિને અર્થસભર બનાવે છે 'વ્યાકરણના જ્ઞાન વિના ભાષાને તેના પરિશુદ્ધ રૂપમાં પામી શકાતી નથી. સંસ્કૃત સાહિત્યનાં વિશાળ અર્ણવને ખેડવા અને જ્ઞાનભંડારના રત્નોને પેખવા વ્યાકરણના જ્ઞાનહલેસાં કે વ્યાકરણના જ્ઞાનરૂપી નેત્રની જરૂર પડે છે. ભાષાજ્ઞાન વિના અર્થબોધ થવો શક્ય નથી. આથી વ્યાકરણશિક્ષણ એ ભાષા શિક્ષણનો પાયો ગણાય છે.

## 11.2 સંસ્કૃત-વ્યાકરણનો પરિચય :

સંસ્કૃત વ્યાકરણની પરંપરાનો વિચાર કરતાં વ્યાકરણ શબ્દનો ઉલ્લેખ વેદના છ અંગો પૈકી એક તરીકે જોવા મળે છે. વ્યાકરણને ભાષાનું દર્પણ ગણાવાયું છે. વ્યાકરણમાં પ્રત્યય, ધાતુ, સંધિ, સમાસ અને પુલ્લિંગ વગેરે જાતિઓથી શબ્દના નિર્માણની સાધના કરવામાં આવી છે. વેદના અધ્યયન માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી ગણાતું, તૈત્તિરીય સાહિત્યના ઉલ્લેખ મુજબ ઐન્દ્ર વ્યાકરણ ભાષાનું સર્વપ્રથમ વ્યાકરણ છે. પાણિનીનો 'અષ્ટાધ્યાયી' વ્યાકરણગ્રંથ સંસ્કૃત ભાષાની જ નહીં તમામ ભાષાશાસ્ત્રીઓ માટે સીમાવર્તી ઘટના છે. અષ્ટાયાયીના આઠ અધ્યાયોમાં વ્યાકરણના 4,000 સૂત્રો સંજ્ઞા, સંધિ, સમાસ, વિભક્તિ, કૃદંત, સ્ત્રી પ્રત્યય, તદ્ધિત વગેરે વિષયોને સમાવે છે. ધાતુમાંથી જ શબ્દો નિર્માણ પામે છે એવા યાસ્કમુનિના મતને સમર્થન આપતા પાણિની સંસ્કૃત ભાષાના 2,000 ધાતુઓને 10 ગણમાં વર્ગીકરણ કર્યા છે. પાણિનીના અષ્ટાધ્યાયી ઉપર કાત્યાયન મુનિએ વાર્તિક અને પતંજલિએ મહાભાષ્ય, રચ્યું છે. ભટ્ટોજી દીક્ષિતનો 'વૈયાકરણ સિદ્ધાંતકૌમુદી' અને તેમના શિષ્ય વરદાવે શિષ્યોની સુગમતા માટે રચેલ 'લઘુ સિદ્ધાંત કૌમુદી' સંસ્કૃતના વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી છે.

વ્યાકરણ શબ્દની વ્યુત્પત્તિ वि + आ + कृ ધાતુમાંથી મળે છે. વ્યાકરણનો અર્થ થાય છે સ્પષ્ટીકરણ વ્યવહારની ભાષાના અવલોકનના આધારે ભાષાપ્રયોગોનું શાસ્ત્રીય વિશ્લેષણ કરી ભાષાના સિદ્ધાંતોને તારવવાનું કાર્ય વ્યાકરણશાસ્ત્ર કરે છે. વ્યાકરણની એક પરિભાષા શબ્દનિર્માણની પ્રક્રિયાના શાસ્ત્ર તરીકેની પણ આપવામાં આવી છે. પાણિની દ્વારા નિબદ્ધ, સંસ્કૃત વ્યાકરણ અને ભટ્ટોજી દીક્ષિતના 'સિદ્ધાંત કૌમુદી'ના આધારે સંસ્કૃત વ્યાકરણની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

(1) વ્યાકરણના સિદ્ધાંતો સૂત્રાત્મક શૈલીમાં નિબદ્ધ છે.

(2) વ્યાકરણમાં ભાષાના ધ્વનિ, અક્ષર, શબ્દ, પદ અને વાક્ય જેવાં બધાં અંગેનું વિવરણ કરવામાં આવ્યું છે.

(3) ધ્વનિઓના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્નના આધારે વૈજ્ઞાનિક રીતે જે વર્ણોનું વર્ગીકરણ સંસ્કૃત વ્યાકરણમાં જોવા મળે છે તે બેનમૂન છે.

(4) ભાષાના મૂળભૂત લઘુત્તમ ઘટક ધ્વનિની પ્રધાનતા સવિશેષ જોવા મળે છે. નામ અને ધાતુઓના ગણ કે વિભાગ અંત્ય સ્વર કે વ્યંજનના આધારે અર્થાત ધ્વનિના આધારે કરવામાં આવે છે. શબ્દના લિંગનો નિર્ણય પણ અંત્ય ધ્વનિ પર આધારિત છે. સંધિનિરૂપણ પણ ધ્વનિ આધારિત છે.

(5) સંસ્કૃત ભાષા સ્વરૂપગત રીતે યોગાત્મક છે. આથી વ્યાકરણમાં મૂળ શબ્દ કે ધાતુ સાથે પ્રત્યયના યોગથી અનેક શબ્દો અને રૂપોનું નિર્માણ કરવાની પ્રક્રિયાનું વર્ણન 'સિદ્ધાંતકૌમુદી'માં મળે છે.

(6) સંસ્કૃત વ્યાકરણમાં સંધિ અને સમાસના પ્રયોગ પણ ભાષાની યોગાત્મકતાનું કારણ છે.

(7) દ્વિવચનનો પ્રયોગએ સંસ્કૃત વ્યાકરણની આગવી લાક્ષણિકતા છે. જે દ્વન્દ્વાત્મક જગતને પરિલક્ષિત કરે છે.

(8) સંસ્કૃત વ્યાકરણમાં પરસંવાદની ચુસ્તતા જોવા મળે છે. વાક્યમાં નામ પદનાં લિંગ, વચન વિભક્તિ કે પુરુષ અનુસાર જ ધાતુપદનું રૂપ પણ વપરાય છે. વિશેષણો પણ વિશેષણના લિંગ, વચન અને વિભક્તિને અનુસરે છે.

(9) પરસંવાદની ચુસ્તતાને કારણે સંસ્કૃત વ્યાકરણમાં વાક્યના પદક્રમની મુક્તતા જોવા મળે છે.

(10) સંસ્કૃત વ્યાકરણમાં કાળ અને અર્થનું વૈવિધ્ય જોવા મળે છે. દા.ત.અદ્યતન ભૂતકાળ, હ્યસ્તન ભૂતકાળ અને પરોક્ષ ભૂતકાળની વ્યવસ્થા ઘટતા, સમય અને ક્રિયાના ભાવ અંગે સૂક્ષ્મ અભિવ્યક્તિ કરવામાં સુવિધા આપે છે.

સંસ્કૃત વ્યાકરણની આ લાક્ષણિકતાઓએ સંસ્કૃત ભાષાને જે સ્વરૂપગત વિશેષતા આપી છે તેના કારણે સંસ્કૃત ભાષા વિશ્વની સર્વભાષાઓમાં સૌથી વધુ વૈજ્ઞાનિક અને સંપૂર્ણ ભાષા તરીકે સ્વીકારાઈ છે.

## 11.3 વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ :

વ્યાકરણએ ભાષાનો પાયો છે. માતૃભાષાની જેમ ઔપચારિક રીતે સંસ્કૃત ભાષા શીખી શકાતી નથી, ત્યારે વ્યાકરણના સિદ્ધાંતોના માધ્યમથી જ તે શીખવવી સરળ પડે છે. સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન મૌખિક અભિવ્યક્તિને શુદ્ધ બનાવે છે. ઉચ્ચારશુદ્ધિ માટેનું વૈજ્ઞાનિક જ્ઞાન વ્યાકરણમાંથી પ્રાપ્ત થાય છે. લેખન શુદ્ધિ માટે પણ સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે. સંધિયુક્ત સંસ્કૃત ગદ્યાંશો કે પદ્યાંશોનું વાચન કરતી વખતે સંધિજ્ઞાન સંધિમુક્ત વાચન કરવામાં અને અર્થગ્રહણને સરળ બનાવવામાં સહાયક

બને છે. આ રીતે વાચનકૌશલ્યનો પણ વિકાસ થાય છે. સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન અન્ય ભાષાઓના અધ્યયન માટે પણ એટલું જ જરૂરી છે. સંસ્કૃત ગદ્યપદ્યખંડોનું ભાષાંતર કરવા માટે, અર્થગ્રહણ ક્ષમતા વધારવા માટે અને વિદ્યાર્થીની બુદ્ધિ, સ્મૃતિ, તર્ક જેવી જ્ઞાનાત્મક શક્તિઓના વિકાસ માટે સંસ્કૃતનું વ્યાકરણશિક્ષણ મહત્ત્વ બને છે.

## 11.4 વ્યાકરણશિક્ષણના હેતુઓ :

સંસ્કૃત વ્યાકરણ શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ ભાષા-વિષયક મેળવવાના જ્ઞાનને વધુ ચોક્સાઈ આપવાનો છે. વ્યાકરણનાં વિવિધ અંગોના વિવિધ અંગોના અભ્યાસ દ્વારા ભાષાનો પાયો મજબૂત કરી શકાય. વિદ્યાર્થીમાં ભાષાશુદ્ધિ માટે ચીવટ રાખવાનો ગુણ કેળવાય, વિદ્યાર્થીની સ્વ-અધ્યયન ક્ષમતાને વિકસાવી શકાય અને અર્થગ્રહણ તથા અભિવ્યક્તિને સતેજ કરી શકાય.

**સામાન્ય હેતુઓ :**

- વિદ્યાર્થી સંસ્કૃત વ્યાકરણનાં વિભિન્ન ઘટકોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થી સંસ્કૃત વ્યાકરણનાં વિભિન્ન ઘટકો અંગે પણ પ્રાપ્ત કરેલ જ્ઞાનનું ઉપાયોજન કરે.
- વિદ્યાર્થી સંસ્કૃતમાં શિષ્ટ માન્ય ઉચ્ચારણ તથા લેખન કરે.
- વિદ્યાર્થી માતૃભાષા અને રાષ્ટ્રભાષાના અધ્યયનમાં સંસ્કૃત વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થી ભાષામાં વિવિધ વિશિષ્ટ પ્રયોગોનો ઉપયોગ કરતાં શીખે.
- વિદ્યાર્થી, કૂટશ્લોકો, પ્રહેલિકાઓ કે અન્યોક્તિઓને સમજવામાં વ્યાકરણજ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થી સંસ્કૃતભાષાની વિશિષ્ટતા સમજે.
- વિદ્યાર્થીની તર્કશક્તિ અને સ્મરણશક્તિમાં વધારો થાય.
- વિદ્યાર્થીની ભાષાના ગુણ-દોષ પારખવાની શક્તિ વિકસે.
- વિદ્યાર્થી મૌખિક અને લેખિત અભિવ્યક્તિમાં સંસ્કૃતના વ્યાકરણજ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થીના ભાષાકૌશલ્યોનો વિકાસ થાય.

**વિશિષ્ટ હેતુઓ :**

- સંસ્કૃત વ્યાકરણમાં વિભિન્ન વિષયાંગોનું અધ્યાયન કરતી વખતે ઉપર્યુક્ત સામાન્ય હેતુઓને અનુરૂપ વિશિષ્ટ હેતુઓની સંરચના કરી શકાય. જેમ કે
- વિદ્યાર્થી સંસ્કૃત ભાષાના વિર્ણોના યોગ્ય ઉચ્ચારણ કરતાં શીખે.
- વિદ્યાર્થી સંસ્કૃત ભાષાના વર્ણોનું શુદ્ધ લેખન કરતાં શીખે.
- વિદ્યાર્થી સંસ્કૃત ભાષાના ધ્વનિઓની લાક્ષણિકતાઓ જણાવો.
- વિદ્યાર્થી સંસ્કૃત શબ્દરૂપો તથા ધાતરૂપોના નિર્માણની પ્રક્રિયા સમજાવો.
- વિદ્યાર્થી સંધિના નિયમો જાણે અને સંધિ જોડતાં અને વિગ્રહ કરતાં શીખે.
- વિદ્યાર્થી સંધિના નિયમો જાણે અને સંધિ જોડતાં અને વિગ્રહ કરતાં શીખે.
- વિદ્યાર્થી સમાસનો પરિચય આપે/વિગ્રહ કરી ઓળખાવે.
- વિદ્યાર્થી વિભક્તિના વિશિષ્ટ ઉપયોગો જણાવે.

- વિદ્યાર્થી સંસ્કૃતનાં કૃદંતનાં રૂપો બનાવતા શીખે અને ભાષામાં તેમના ઉપયોગ રૂપોની રચના કરે /ઓળખાવે/ઉપયોગ કરે.
- વિદ્યાર્થી સંસ્કૃત ઉપસર્ગોનું જ્ઞાન મેળવે અને જ્ઞાનનું ઉપાયોજન કરે.
- વિદ્યાર્થી કર્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગ વિશે જાણે અને જ્ઞાનનું ઉપયોજન કરે.
- વિદ્યાર્થી વિશેષણનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થી શબ્દનિર્માણની પ્રક્રિયા સમજાવે.
- વિદ્યાર્થી શબ્દરૂપો અને ધાતુરૂપોને ઓળખાવે.
- વિદ્યાર્થી અલંકારને ઓળખાવે.
- વિદ્યાર્થી છંદને ઓળખાવે.
- વિદ્યાર્થી સમાનાર્થી શબ્દો આપે.

ઉપર્યુક્ત નિર્દિષ્ટ સંસ્કૃત વ્યાકરણ શિક્ષણના વિશિષ્ટ હેતુઓ અમુક ચોક્કસ એકમને આધારે વધારે ચોક્કસ રીતે રચી શકાય છે. સામાન્ય હેતુના સંદર્ભમાં વિશિષ્ટ હેતુની રચના કરી શકાય છે.

## 11.5 વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ :

ભાષાશિક્ષણના અધ્યાપનમાં વિવિધ અભિગમો અને અધ્યાપન પદ્ધતિઓ પ્રચલિત છે. આ અભિગમો અને પદ્ધતિઓનો સંસ્કૃત વ્યાકરણ શિક્ષણમાં ઔચિત્યપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.

(1) આધુનિક ભાષાવિજ્ઞાન દ્વારા સમર્પિત આ અભિગમ અનૌપચારિક રીતે જ વ્યવહારમાં ઉપયોગ દ્વારા વ્યાકરણ શીખવવા પર ભાર મૂકે છે. વ્યાકરણના નિયમોની સમજ આપ્યા વિના જ સીધેસીધા વાક્યમાં પ્રયોગ દ્વારા ભાષા ઘટકો શીખવાય છે. ભાષાશિક્ષણનો આ સ્વાભાવિક અભિગમ છે. છતાં આ અભિગમથી સંસ્કૃત વ્યાકરણના બધા જ નિયમો શીખવી શકાતા નથી. વ્યાકરણના જ્ઞાન વિના પોતે જે શીખ્યા છે તે સાચું છે કે ખોટું તેનો નિર્ણય થઈ શકતો નથી અને શીખતા સમય વધારે જાય છે. શાળાઓના ઔપચારિક માળખામાં આ રીતે અધ્યાપન બહુ શક્ય બનતું નથી. જોકે, સંસ્કૃત ભાષાશિક્ષણના આરંભમાં મૌખિક કાર્યમાં આ પદ્ધતિનો સંપૂર્ણ અવલંબ કરી શકાય છે.

**(2) સિદ્ધાંત અભિગમ :**

ઔપચારિક અથવા પરંપરાગત અભિગમના નામે ઓળખાતા આ અભિગમમાં અલગ તાર ફાળવી પાઠ્યપુસ્તકના ઉપયોગ દ્વારા વ્યાકરણ શીખવવાનો પ્રયાસ કરવામાં આવે છે. 'સિદ્ધાંતકૌમુદી'ના ઉપયોગ દ્વારા સિદ્ધાંતો, સૂત્રો અને નિયમોનું અધ્યાપન કરવામાં આવે છે. નિગમન અભિગમની જેમ પહેલાં સિદ્ધાંત અને પછી ઉદાહરણો રજૂ કરવામાં આવે છે. કંઠસ્થીકરણ ઉપર વધુ પડતો ભાર મુકાતો હોઈ આ અભિગમ અમનોવૈજ્ઞાનિક ગણાયો છે. સૂત્ર, વ્યાખ્યા, ઉદાહરણ બધું જ ગોખવાનું હોઈ અધ્યયન કંટાળો અને થાક આપે છે. સમજ વિના ઉપયોગ શક્ય બનતું નથી.

**(3) સહયોગ અભિગમ :**

આ અભિગમ સમવાયી અભિગમ તરીકે ઓળખાય છે. આધુનિક Functional arsmmal Approach વ્યાવહારિક વ્યાકરણ અભિગમ મુજબ જ અહીં વ્યાકરણ શીખવવામાં આવે છે.

પાઠ્યપુસ્તકના ગદ્ય કે પદ્ય પાઠ શીખવતી વખતે જરૂર પડતાં વ્યાકરણને જ શીખવવાનો આ અભિગમ છે. પાઠ શીખવવામાં સહયોગ મળે એટલું જ વ્યાકરણ શિક્ષણ અહીં શક્ય બને છે. આથી આવા અભિગમને સહયોગ, સાહચર્ય, અનુબંધ કે સચવાય જેવાં નામો અપાયાં છે. પાઠ્યપુસ્તકના સંદર્ભમાં જ વ્યાકરણ શીખવવાનો આ અભિગમ હોવાથી વ્યાકરણ ઉપર જરૂરી ભાર મૂકી શકાતો નથી. વ્યાકરણના ઘટકોનું દૃઢીકરણ થતું નથી. સરળથી કઠિન તરફના શિક્ષણના સિદ્ધાંતનો અહીં ઉપયોગ થતો નથી અને શિક્ષણકાર્ય શુષ્ક અને નીરસ બને છે.

**(4) આગમન-નિગમન અભિગમ :**

વ્યાકરણશિક્ષણ માટે સર્વમાન્ય અભિગમ તરીકે આગમન-નિગમન અભિગમનો ઉપયોગ થાય છે. પાણીની અને પતંજલિના વ્યાકરણવિષયક વિચારોના સમન્વયરૂપે આ અભિગમ અસ્તિત્વમાં આવ્યો છે. તર્કશાસ્ત્રના બે પ્રકારના તર્ક (1) આગમન તર્ક (2) નિગમન તર્કના આધારે પાશ્ચાત્ય તર્કશાસ્ત્ર Inductive Reasoning અને Deductive Reggoining એમ બે તર્કોને સ્વીકારે છે. આગમન-નિગમન જેવી સંયુક્ત પદ્ધતિ (Analytic-Synthetic Method) વ્યાકરણ શિક્ષણમાં સર્વશ્રેષ્ઠ ગણાવાઈ છે.

આગમન અભિગમમાં અનેક ઉદાહરણોનાં પગલે પગલે કોઈક નિયમ, સિદ્ધાંત, તારણ, નિષ્કર્ષ કે વ્યાખ્યા પર આવી શકાય છે. શિક્ષણના સૂત્રાનુસાર ઉદાહરણ તરફથી વ્યાખ્યા તરફ જવાનો આ અભિગમ છે. ઉદાહરણોના વિશ્લેષણના આધારે વ્યાખ્યા કે પરિભાષા શોધવાની આ પ્રક્રિયામાં જ્ઞાનથી અજ્ઞાત તરફ, સરળથી કઠિન તરફ, મૂર્તથી અમૂર્ત તરફ, વિશ્લેષણથી સંશ્લેષણ તરફ જવાના શિક્ષણના વિવિધ સૂત્રોનો એક સાથે ઉપયોગ થતો જોવા મળે છે. આમ, આ અભિગમ મનોવૈજ્ઞાનિક અને સંપૂર્ણતા શાસ્ત્રીય ગણાય છે.

આ અભિગમ દ્વારા વિદ્યાર્થી અવલોકન, તર્ક, અર્થગ્રહણ, વિશ્લેષણ, સંશ્લેષણ ઈત્યાદિ દ્વારા સ્વયં ક્રિયામાં જોડાય છે. એની કુતૂહલ અને પ્રવૃત્તિશીલતાની જરૂરિયાત સંતોષાય છે, સંશોધનવૃત્તિ કેળવાય છે. નિયમનો પોતે જાતે શોધે છે આથી તે હંમેશ માટે યાદ રહે છે છતાં પણ અભ્યાસ અને વ્યવહારમાં પ્રયોગની આવશ્યકતા તો રહે જ છે. આ જરૂરિયાતની પરિપૂર્તિ માટે નિગમન પદ્ધતિ સહાયક બને છે.

નિગમન અભિગમમાં આગમન અભિગમથી બિલકુલ ઊલટી પ્રક્રિયા થાય છે. આ અભિગમમાં સૌ પ્રથમ નિયમ કે વ્યાખ્યા આપી દેવામાં આવે છે. ત્યાર પછી વ્યાખ્યા કે સિદ્ધાંતને અનુરૂપ ઉદાહરણો આપવામાં આવે છે. પ્રથમ સંશ્લેષણ અને ત્યારબાદ વિશ્લેષણ એ અભિગમથી વિશેષતા છે. પરંપરાગત રીતે શીખવવામાં આવતું વ્યાકરણ આ અભિગમને અનુસરે છે. આ પ્રકારના અભિગમથી વ્યાકરણ શિક્ષણ ઝડપથી થઈ શકે છે. વ્યાખ્યાઓ અને સિદ્ધાંતો કંઠસ્થ થાય છે છતાં સમજની કચાશપૂર્ણ કરવા આગમન અભિગમ સહાયક બને છે. આથી આગમન-નિગમન બંને પદ્ધતિનો ક્રમિક ઉપયોગ કરી વ્યાકરણ શિક્ષણને સંગીન બનાવવું જોઈએ. વ્યાકરણ શિક્ષણના ઉપર્યુક્ત અભિગમો સાથે શિક્ષણની પદ્ધતિનો ઉપયોગ પણ કરવામાં આવે છે. આવી પદ્ધતિઓમાં પારાયણ પદ્ધતિ, કંઠસ્થીકરણ પદ્ધતિ, અર્થજ્ઞાન પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ પ્રચલિત છે.

**(1) પારાયણ પદ્ધતિ :**

આ પ્રાચીન પદ્ધતિ છે. ગુરુ એક ઘટકનું ઉચ્ચારણ કરે તેનું શિષ્યો અનુકરણ કરે છે. બોલાવતી

વખતે ઉચ્ચારણદોષને સુધારી પારાયણ કરાવવામાં આવે છે. આ પદ્ધતિ મૂળભૂત રીતે તો કંઠસ્થીકરણ માટેની જ એક પદ્ધતિ છે. સંસ્કૃત વર્ગ શરૂ થાય તે પહેલાં કંઠસ્થ કરવા યોગ્ય કેટલાંક વિષયોનું પારાયણ વિદ્યાર્થીઓને અભિમુખ કરવા અને કંઠસ્થીકરણને વિકસાવવા માટે કરવામાં આવે તો તેનું સારું ફળ મળે છે. છતાં પણ સંપૂર્ણ અભ્યાસક્રમના અધ્યાપન માટે આ પદ્ધતિ ઉપયોગી નથી.

**(2) કંઠસ્થીકરણ :**

પ્રાચીન સમયમાં જ્ઞાનને સંગ્રહિત કરવાની સુવિધા જડી ન હતી ત્યારે તો પેઢી દર પેઢી જ્ઞાન કંઠસ્થ કરીને જ અપાતું હતું. યાદ રાખનારા સન્માનને પાત્ર ગણાતા. સો શબ્દો એક સાથે એક વાર જ સાંભળીને યાદ રાખી કરનાર શતાવધાની ગણાતો. આજના નૂતન મનોવૈજ્ઞાનિક અભિગમમાં ગોખણપટ્ટીને સ્થાન નથી.

**(3) અર્થજ્ઞાન પદ્ધતિ :**

કંઠીસ્થકરણનો વિરોધ અર્થજ્ઞાન પદ્ધતિમાં પ્રગટ થાય છે. સમજ્યા વિનાની ગોખણપટ્ટી સામે તો મહર્ષિ યાસ્ક મુનિએ પણ લાલબત્તી ધરી છે. આમ, સમજપૂર્વક જ્ઞાન મેળવવાની પદ્ધતિ અર્થજ્ઞાન પદ્ધતિ તરીકે ઓળખાય છે. આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં પણ આંધળુ ગોખવા સામે તો વિરોધ છે જ. ગોખવા કરતાં સમજવા અને વ્યવહારમાં તેના ઉપયોજન ઉપર આધુનિક શિક્ષણ ભાર મૂકે છે. આ રીતે અર્થપૂર્ણ જ્ઞાન મેળવવાનો અભિગમ ઈચ્છનીય છે.

**(4) વ્યાખ્યાન પદ્ધતિ :**

વ્યાખ્યાન પદ્ધતિ પણ ખૂબ જ પ્રાચીનકાળથી ચાલતી આવતી અધ્યાપનની એક પ્રચલિત પદ્ધતિ છે. પ્રાચીન સમયમાં આ પદ્ધતિના ચાર અંગો ગણાવાયાં છે.

(1) ચર્ચા (2) ઉદાહરણ (3) પ્રત્યુદાહરણ (4) વાક્યવ્યવહાર ચર્ચા દ્વારા સૂત્રના નાના નાન ભાગ કરી તેનો અર્થ આપવામાં આવે છે. ઉદાહરણ દ્વારા દૃષ્ટાંતો આપીને વિષયની સ્પષ્ટતા કરવામાં આવે છે. પ્રત્યુદાહરણ દ્વારા રહી ગયેલી સ્પષ્ટતા દૂર કરવા અન્ય ઉદાહરણો આપવામાં આવે છે અથવા તો વિદ્યાર્થી પાસેથી ઉદાહરણો મેળવવામાં આવે છે. વાક્યવ્યવહાર દ્વારા વાક્યમાં વારંવાર ઉપયોગ કરી સિદ્ધાંતની સમજને દૃઢ કરવામાં આવે છે વિદ્યાર્થી પાસેથી આવા વાક્ય પ્રયોગો કરાવવાથી ઉદાહરણ અને નિયમની સ્પષ્ટતા થઈ શકે છે. પતંજલિએ પણ તેમની ગ્રંથરચના વ્યાખ્યાન પદ્ધતિના આધારે કરી છે. આ પદ્ધતિ શિક્ષણના નિગમન અભિગમને અનુસરે છે.

વ્યાકરણ અધ્યાપનના વિવિધ અભિગમો અને પદ્ધતિઓનો ઉપયોગ વિષયાંગને અનુરૂપ વિદ્યાર્થીની કક્ષા અને રસરુચિનો ખ્યાલ રાખીને ઔચિત્યપૂર્ણ રીતે શિક્ષક કરે તો વ્યાકરણના હાઉને ટાળી સંસ્કૃત ભાષાના અધ્યાપનને રસપ્રદ અને અસરકારક બનાવી શકાય.

## 11.6 તમારી પ્રગતિ ચકાસો :

**નીચેના પ્રશ્નોના જવાબ તેની નીચે આપેલી જગ્યામાં લખો. (પાંચથી છ વાક્યો)**

**1. વ્યાકરણ શિક્ષણના હેતુઓ જણાવો.**

.................................................................

.................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

**2. આગમન પદ્ધતિનો પરિચય આપો.**

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 11.7 સારાંશ :

સંસ્કૃત વ્યાકરણ આધુનિક ભાષાવિજ્ઞાનની આધારશિલા સમાન છે. વ્યાકરણનો અર્થ સ્પષ્ટીકરણ કે શબ્દનિર્માણની પ્રક્રિયા કરવામાં આવે છે. પાણિનીનું 'અષ્ટધ્યાયી' ભટ્ટોજી દીક્ષિતનું 'સિદ્ધાંત કૌમુદી' અને વરદરાજનું 'લઘુસિદ્ધાંત કૌમુદી' સંસ્કૃતના વ્યાકરણના પ્રચલિત ગ્રંથો છે. સંસ્કૃત વ્યાકરણની લાક્ષણિકતાઓ સંસ્કૃત ભનષાને જે સ્વરૂપગત વિશેષતા આપી છે તેના કારણે સંસ્કૃત બાષા વિશ્વની સર્વ ભાષાઓમાં સૌથી વધુ વૈજ્ઞાનિક અને સંપૂર્ણ ભાષા તરીકે સ્વીકારાઈ છે વિદ્યાર્થીના ભાષાકીય ક્ષમતાઓના વિકાસ માટે અને બુદ્ધિ, સ્મૃતિ તર્ક તેવી જ્ઞાનાત્મક શક્તિઓના વિકાસ માટે સંસ્કૃત વ્યાકરણશિક્ષણ મહત્ત્વનું બને સંસ્કૃત વ્યાકરણ શિક્ષણનો હેતુ ભાષજ્ઞાનને સંગીત બનાવવાનો છે. વ્યાકરણના અધ્યાપન માટે વિવિધ અભિગમો અને પદ્ધતિઓ પ્રચલિત છે તેમાં આગમન-નિગમન અભિગમ સર્વમાન્ય ગણાયો છે. વિવિધ પદ્ધતિઓની મર્યાદાઓને ટાળી એકથી વધારે પદ્ધતિના ઉપયોગ દ્વારા સંસ્કૃત વ્યાકરણ શિક્ષણને અસરકારક અને રોચક બનાવવું જોઈએ.

## 11.8 સ્વાધ્યાય :

(1) વ્યાકરણશિક્ષણનું મહત્ત્વ લખો.

(2) વ્યાકરણશિક્ષણના વિવિધ અભિગમો જણાવો.

## 11.9 ચર્ચા માટેના મુદ્દાઓ :

(1) વ્યાકરણશિક્ષણ અઘરું અને નીરસ છે.

(2) વ્યાકરણશિક્ષણ વિના પણ સંસ્કૃતભાષા શીખવી શકાય છે.

## 11.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો :

1) Bolcil V.P. and Parzsnis S.R : A New Approach to Teaching og Sanskrit, Loksangrah Press, Poona, 1956

2) Apte D.G. : Teaching Sanskrit in Secondary Schools, Acharya Book Depot, Baroda, 1960

(3) Ramavaram Raja (k) : Teaching of Sanskrit, Education Society, Madras, 1965

(4) Repart on the Seminar of the methods of teaching Sanskrit, Dept. of Ext. Services, P.G.B.T. Collage, Raipur (M.P.) 1961.

(5) पंडित चतुर्वेदी सीताराम : संस्कृत शिक्षण पद्धति, नंदकिशोर एण्ड ब्रधर्स, वाराणसी, सं, 2096 (1960)

## 11.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) 3.4 (2) 3.5

# એકમ 12 સંસ્કૃત શિક્ષણનું આયોજન

## : રૂપરેખા :

**12.1 પ્રસ્તાવના**

**12.2 વાર્ષિક આયોજન : સંકલ્પના, મહત્ત્વ, સોપાનો.**

**12.3 તાસ આયોજન : સંકલ્પના, મહત્ત્વ સોપાનો, નમૂનાનો પાઠ**

**12.4 એકમ આયોજન : સંકલ્પના, મહત્ત્વ, સોપાનો, નમૂનાનો પાઠ**

**12.5 તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત**

**12.6 તમારી પ્રગતિ ચકાસો**

**12.7 સારાંશ**

**12.8 સ્વાધ્યાય**

**12.9 ચર્ચા માટેના મુદ્દા**

**12.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

### 12.0 પ્રસ્તાવના :

શિક્ષણના ધ્યેયોને સિદ્ધ કરવા માટે શૈક્ષણિક આયોજન આવશ્યક છે. શૈક્ષણિક આયોજનમાં શિક્ષણના ઉદ્દેશો, પદ્ધતિઓ, સાધનસામગ્રી, કાર્યસમય અને કાર્ય સાથે સંકળાયેલી વ્યક્તિઓનો વિચાર કરવામાં આવે છે. અધ્યાપન-અધ્યયનની પ્રક્રિયાને સફળ બનાવવા માટે આયોજનએ પૂર્વશરત છે. શૈક્ષણિક આયોજન એ અધ્યાપન માટેની પૂર્વતૈયારીનો ભાગ છે.

શિક્ષણકાર્યને અસરકારક અને સફળ બનાવવા માટે શિક્ષણ સાથે સંકળાયેલાં વિવિધ પાસાંઓની વિચારણ અને ગૂંથણીને શૈક્ષણિક આયોજન કહી શકાય. આ આયોજન શિક્ષણના ધ્યેયોને હાંસલ કરવા, અધ્યયન-અધ્યાપનને અસરકારક બનાવવા, સમયમર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવા અધ્યાપનને રસપ્રદ બનાવવા અધ્યાપનની યોગ્ય પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો વિનિયોગ કરવા, સંદર્ભગ્રંથો અને શૈક્ષણિક ઉપકરણોનો ઉચિત ઉપયોગ કરવા જરૂરી છે. અધ્યાપન વિષય વસ્તુ, પદ્ધતિ અને શૈક્ષણિક સાધનને સામગ્રીનું સુગ્રથન કરી વર્ગખંડ વ્યવહારને જીવંત અને વાતાવરણને પ્રોત્સાહક બનાવવા આયોજન ઉપયોગી છે. શૈક્ષણિક આયોજન દ્વારા વર્ગશિક્ષણના પડકારો માટેની સજ્જતા કેળવી શકાય છે. તથા સમસ્યા ઉકેલ માટે મૂલ્યાંકનની યોગ્ય પદ્ધતિ દ્વારા નિદનાત્મક અને ઉપચારાત્મક કાર્ય હાથ ધરી શકાય છે. આ આયોજન એક તાસનું, અનેક તાસનું, સપ્તાહનું, માસિક કે વાર્ષિક હોઈ શકે છે.

### 12.2 વાર્ષિક આયોજન : સંકલ્પના, મહત્ત્વ, સોપાનો.

**સંકલ્પના :** સામાન્ય રીતે કોઈપણ ધોરણનો અભ્યાસક્રમ એક વર્ષમાં પૂરો કરવાનું આયોજન શિક્ષણની કોઈપણ કક્ષાની વ્યવસ્થામાં કરવામાં આવે છે. આથી નિશ્ચિત કરેલો અભ્યાસક્રમ નિશ્ચિત સમયમાં પૂરો કરવા માટે નિશ્ચિત હેતુઓને સિદ્ધ કરી વિદ્યાર્થીમાં અપેક્ષિત વર્તન-પરિવર્તન લાવવા માટે શિક્ષકે પદ્ધતિસરની યોજના તૈયાર કરવી પડે છે. આવી એક વર્ષની મર્યાદામાં પૂર્ણ કરવાની યોજનાને

શિક્ષણનું વાર્ષિક આયોજન કહે છે. વર્ષ શૈક્ષણિક વર્ષના માસવાર કામના દિવસ, અભ્યાસના એકમ અને પેટા એકમ, શૈક્ષણિક સાધનો, અધ્યાપન પદ્ધતિ, પ્રવિધિ, પ્રયુક્તિ, અધ્યયન અનુભવ અનુબંધ, મૂલ્યાંકન, સ્વાધ્યાય, પ્રવૃત્તિઓ વગેરેની વિચારણા કરીને વાર્ષિક આયોજનનો વિચાર કરતી વખતે શાળાનું કુલ કાર્ય-દિવસો, વિષય માટે ફાળવાયેલા કુલ તાસ, નબળા વિદ્યાર્થીઓના અભ્યાસવિકાસનું અને અભ્યાસક્રમના કઠિનબિંદુઓના અધ્યાયનનું આયોજન, સંસ્કૃતના વિવિધ અંગોનો પરિચય સ્ટ્રેલેશન/એકમશિક્ષણનું આયોજન, પરીક્ષણ/ માપન-મૂલ્યાંકનનું આયોજન, નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્યનું આયોજન, વિદ્યાર્થીઓના કૌશલ્યોના વિકાસનું આયોજન સ્વાધ્યાયકાર્ય અને અભ્યાસપૂરક પ્રવૃત્તિનું આયોજન વગેરે જેવી બાબતોનો પણ ખ્યાલ રાખવો પડે છે.

**મહત્ત્વ :** વાર્ષિક આયોજન વિદ્યાર્થી શિક્ષક, આચાર્ય, વાલી સહુના માટે ઉપયોગી છે. વાર્ષિક આયોજનથી સહુના કાર્યમાં ચીવટ અને ચોકસાઈ આવે છે. સમગ્ર અભ્યાસક્રમને ઉચિત ન્યાય આપી શકાય છે અને સમયમર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય છે એક જ ધોરણના બધા વર્ગોમાં અભ્યાસક્રમનું આયોજન એકસરખું રહે છે. નવા આવનાર શિક્ષકને પણ આયોજન દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. આયોજનને લીધે દૃઢીકરણ અને પુનરાવર્તન માટે પૂરતો સમય રહે છે. શિક્ષણને વધુ સરળ, રસમય, અસરકારક અને ક્રમબદ્ધ કરી શકાય છે. પ્રત્યેક એકમો માટે પદ્ધતિ, પ્રવિધિ અને અભિગમોના ઉપયોગનો વિચાર થઈ શકે છે. સંદર્ભ-સાહિત્ય, શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ શિક્ષણને વૈવિધ્યપૂર્ણ બતાવે છે. વાર્ષિક આયોજનથી માસિક, સાપ્તાહિક કે દૈનિક આયોજનમાં સરળતા અને સુગમતા રહે છે.

સોપાનો : વાર્ષિક આયોજનમાં સોપાનો નીચે મુજબ છે.

આમ કહેવાથી એકજાતની ઉચ્ચતા-સંસ્કારિતાનો ભાવ જાગૃત થાય છે.

(1) આયોજન માટેની તૈયારી

(2) અભ્યાસક્રમની નાના એકમોમાં વહેંચણી

(3) એકમના હેતુઓ અને સમયની ફાળવણી

(4) આયોજન માટેની પૂર્વતૈયારી :

આયોજનની પૂર્વતૈયારીના ભાગરૂપે સૌ પ્રથમ તો સંસ્કૃત શિક્ષણના સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓની નોંધ કરી લેવી જોઈએ. આ વિચારણા દરમ્યાન લાંબા ગાળાના હેતુઓ અને ટૂંકાગાળાના હેતુઓ અંગે સ્પષ્ટતા કરી શકાય. જેમ કે વિદ્યાર્થીના હસ્તાક્ષરોની સુધારણા, ઉચ્ચારદોષ નિવારણ જેવાં કાર્યક્રમોનું આયોજન વિચારી શકાય. સંસ્કૃત વિષયના અભ્યાસક્રમ પદ્ધતિશાસ્ત્રના પુસ્તકો, સંદર્ભગ્રંથો વગેરેને આધાર લઈ પ્રત્યેક એક માટે સામાન્ય પદ્ધતિ નક્કી કરવી અને સંસ્કૃત શિક્ષણના હેતુઓનું વર્ગીકરણ જ્ઞાન, કૌશલ્યોના સંદર્ભે વર્ગીકરણ કરી શકાય.

**(2) સમગ્ર અભ્યાસક્રમની જુદાં જુદાં એકમોમાં વહેંચણી :**

અભ્યાસક્રમનું વિષયવસ્તુ લક્ષમાં રાખીને પરસ્પર સાંકળી શકાય અને વાસ્તવિક અને સુગમ એકમ રચી શકાય એ રીતે અભ્યાસક્રમના એકમોની વહેંચણી કરવી જોઈએ. પ્રત્યેક એકમનું વાસ્તવિક અધ્યાપન કાર્ય કરતી વખતે વિષયવસ્તુની અરસપરસ એકતા, અધ્યાપન કાર્ય માટેની ક્ષમતા અને તેમાંથી નિપજતા પરિણામ અંગે આયોજનમાં વિચારી લેવું જોઈએ. સંસ્કૃત ભાષાના અભ્યાસક્રમમાં પદ્ય, ગદ્ય અને વ્યાકરણ એવા મુખ્ય વિભાગો પડે છે. તેમાં પણ વ્યાકરણના મુદ્દા સાથે જોડાતા પાઠો,

સમાન વિચાર ધરાવતા પાઠો, સમય સાથે ઔચિત્ય ધરાવતા શૈક્ષણિક ઉપકરણો પ્રયુક્તિઓ, પ્રવૃત્તિઓ, સંદર્ભો, સંદર્ભગ્રંથો ઈત્યાદિની તપાસ કરી લેવી જોઈએ. આ આયોજન મુજબ કાર્ય કરતા નિપજતા પરિણામનો પણ અપેક્ષિત વર્ગ પરિવર્તનના સંદર્ભમાં વિચાર કરવો જોઈએ.

**(3) એકમના હેતુઓ અને સમયની ફાળવણી :**

સંસ્કૃત શિક્ષણના વાર્ષિક આયોજનમાં વિષયવસ્તુના એકમો, સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ અને સમયનો વિચાર કરવો જરૂરી બને છે. હેતુઓ અને નાના-મોટા એકમોને ધ્યાનમાં લઈને કેટલો સમય ફાળવવો એ સંસ્કૃત શિક્ષકો અને આચાર્યની સાથે બેઠક યોજીને નક્કી કરવું જોઈએ.

વાર્ષિક આયોજન કરતાં પહેલાં તેનું પ્રારંભિક રૂપ તૈયાર કરવું જોઈએ. જેમાં સૌ પ્રથમ તો રજાના દિવસો, તહેવારો, ઉત્સવ ઉજવણી અને પરીક્ષાના દિવસો બાદ કરીને શિક્ષણના વાસ્તવિક કાર્ય દિવસો કાઢવાં જોઈએ. ત્યારબાદ સંસ્કૃત વિષય માટે ફાળવવામાં આવેલા કુલ તાસને ધ્યાનમાં રાખીને વાર્ષિક આયોજનની રૂપરેખા તૈયાર કરવી જોઈએ. આ સાથે સાથે શાળાની પ્રણાલી, અનુકૂળતાઓ અને અધિકારીની સૂચનાઓનો અમલ પણ તેમાં સમાવી લેવા જોઈએ.

સંસ્કૃત વિષયના શિક્ષણના વાર્ષિક આયોજનની રૂપરેખા નીચે મુજબ વિચારી શકાય.

(1) સંસ્કૃત વિષયના અઠવાડિયામાં 3 તાસ

(2) વર્ષના કામના સપ્તાહ : 32 એટલે કે 224 દિવસનું શિક્ષણકાર્ય હોય છે.

આથી $32 \times 3 = 96$ તાસ મળી શકે.

માસવાર મળતા કાર્ય દિવસાના સંદર્ભમાં એકમની કઠિનતાને લક્ષમાં રાખીને તાસની ફાળવણી કરવી. ગદ્ય, પદ્ય, અને વ્યાકરણને યોગ્ય ન્યાય આપવા સાથે વિચાર વિસ્તાર જેવાં લેખનકાર્યને પણ ઉચિત સ્થાન આપવું. આયોજનમાં જરૂર જણાય ત્યાં સુગમતા અને સુવિધા માટે ફેરફારો કરી શકાય.

## 12.3 તાસ આયોજન : સંકલ્પના, મહત્ત્વ, સોપાનો અને નમૂનાનો પાઠ

**સંકલ્પના :**

શિક્ષક એક તાસમાં એકમ શીખવવાનો હોય તે એક પાઠ ગણાય છે. અને આ આયોજન (પાઠ આયોજન) તાસ આયોજન (પાઠ આયોજન) કહેવામાં આવે છે. તાસ આયોજનનો અર્થ સ્પષ્ટ કરતાં કેટલાંક કેળવણીકારોના સિદ્ધાંતો નીચે મુજબ છે.

1. પાઠ આયોજન એટલે વર્ગમાં કાર્ય કરવા માટે માનસિક અને સાંવેગિક રીતે વિદ્યાર્થીઓને અનુભવો પૂરા પાડવાની શિક્ષકની યોજના.- લેસ્ટેર સ્ટેન્ડ

2. પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની પ્રાપ્તિ માટે શિક્ષકને ક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર.- બોસિંગ

3. પાઠ આયોજનએ શિક્ષક દ્વારા થતું, વર્ગવ્યવહારને અમલમાં મૂકવા માટેના કાર્યક્રમના પૂર્વદર્શનની રૂપરેખા હોય છે. - ભાટિયા અને અરોરા

4. હેતુઓને વ્યાખ્યાયિત કરવા, પાઠ્યવસ્તુની પસંદગી અને તેની ક્રમબદ્ધ ગોઠવણી કરવી. તથા પાઠ્યવસ્તુની રજૂઆત માટેની પદ્ધતિ અને પ્રક્રિયામાં નક્કી કરવી એટલે પાઠ આયોજન - વિનિંગ અને વિનિંગ

5. પાઠ આયોજન એ હકીકતમાં કાર્યયોજના છે. જેથી તેમાં શિક્ષકનું ક્રિયાકૌશલ્યનું જ્ઞાન, તેનું

તાત્વિક જ્ઞાન, તેનું વિદ્યાર્થી સંબંધિત જ્ઞાન, શિક્ષણના લક્ષ્ય સંબંધિત જ્ઞાન, શિક્ષણ સંબંધી સામગ્રીનું જ્ઞાન તથા પ્રભાવશાળી પ્રવિધિ, પદ્ધતિના વિનિયોગની એની યોગ્યતા પણ સમાયેલી છે. - લેસ્ટર સેન્કસ છે.

ઉપર્યુક્ત વ્યાખ્યાઓના આધારે કહી શકાય કે તાસ આયોજન અથવા પાઠઆયોજન એટલે શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ માટે વિષયવસ્તુ, અધ્યાપન પદ્ધતિ, પ્રવિધિ પ્રયુક્તિઓના, પ્રવૃત્તિઓ સંદર્ભ સાહિત્ય, શૈક્ષણિક સાધન સામગ્રી ઈત્યાદિનું વિદ્યાર્થીની ક્ષમતા અને જરૂરિયાતના સંદર્ભમાં શિક્ષક દ્વારા કરવામાં આવતું વર્ગખંડ વ્યવહારના પૂર્વદર્શનનું આયોજન છે.

**મહત્ત્વ :**

શૈક્ષણિક હેતુઓની પ્રાપ્તિ માટે તાસ આયોજન અતિ મહતત્વનું છે. બાળકની કક્ષા, રસ અને જરૂરિયાત અનુસાર અધ્યાપન પદ્ધતિ નિશ્ચિત કરવા માટે, વિષય-વસ્તુના મુદ્દાઓનું યોગ્ય વિભાજન કરી વર્ગખંડ વ્યવહારને અસરકારક બનાવવા માટે તથા અન્ય વિષયો સાથેનું અનુબંધને સ્થાપવા માટે, મુદ્દાઓની વિચારણા કરવા માટે તાસ આયોજન જરૂરી છે. સમયમર્યાદામાં અધ્યાયન કરી શકાય તે માટે વર્ગખંડની પ્રત્યેક પ્રવૃત્તિનું આયોજન કરવું જોઈએ. વર્ગખંડના પડકારો માટેની સમજણ કેળવવામાં અને વિદ્યાર્થીઓનો સહયોગ મેળવવામાં આયોજન સહાયક બને છે. મૂલ્યાંકનની યોગ્ય પદ્ધતિ નિશ્ચિત કરવા માટે અને શ્યામફલ કાર્યને ધ્યાનકર્ષક બનાવવા માટે તાસ આયોજન જરૂરી છે. ટૂંકમાં સમય, શક્તિ અને સાધનોનો મહત્તમ નીપજ માટે, વિનિયોગ સાધના માટે, તાસ આયોજન ખૂબ જ મહત્ત્વનું છે.

**સોપાનો :**

તાસ આયોજન અંગે જુદાં જુદાં કેળવણીકારોએ જે અભિગમો દર્શાવ્યા છે તેમાં ડ્યૂઈ અને ફિલપેટ્રિક અભિગમ, મોરિસન અભિગમ, અમેરિક અભિગમ, બ્રિટિશ અભિગમ, હર્બાર્ટનો પંચપદી અભિગમ અને ભારતીય હેતુકેન્દ્રી અભિગમ પ્રચલિત છે. આ અભિગમોમાં હર્બાર્ટની પંચપદીનો સવિશેષ ઉપયોગ જોવા મળે છે. ભારતીય હેતુકેન્દ્રી અભિગમ પણ હર્બાર્ટની પંચપદી અભિગમને જ અનુસરે છે. હેતુકેન્દ્રી અભિગમ અનુસાર તાસ આયોજનના સોપાનો નીચે મુજબ છે.

**સોપાન : 1 હેતુઓ :**

શિક્ષણ એ હેતુલક્ષી પ્રક્રિયા છે. વ્યક્તિના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાની પ્રક્રિયા છે. શિક્ષણના ધ્યેયોને સિદ્ધ કરવા લાંબા ગાળે સિદ્ધ થતા વિષયના સામાન્ય હેતુઓ છે. પરંતુ એક જ તાસમાં સિદ્ધ થઈ શકે તે વિશિષ્ટ હેતુઓની રચના તાસ આયોજનમાં કાળજીપૂર્વક કરવી પડે છે. વિશિષ્ટ હેતુઓ અવલોકનક્ષમ એટલે કે વિદ્યાર્થીના વર્તન પરિવર્તનની ભાષામાં લખાયેલો હોવા જોઈએ.

**સોપાન : 2 વિષયાભિમુખ :**

અધ્યાપન કરતાં પહેલાં વિદ્યાર્થીને અધ્યયન માટે ઉત્પ્રેરિત કરવા માટેનું સોપાના વિષયપ્રવેશ, પ્રારંભ કે પ્રસ્તાવના તરીકે ઓળખાય છે. સૂક્ષ્મ અધ્યાપનમાં અધ્યાપન કૌશલ્ય તરીકે વિષયાભિમુખ કૌશલ્યોનો મહાવરો આપવામાં આવે છે. વિષયાભિમુખના બે હેતુઓ છે. 1. બાળકોમાં રહેલા પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી. 2. બાળકોને નવા જ્ઞાન માટે ઉત્પ્રેરિત કરવા. નવા એકમનું અધ્યાપા કરતા પહેલાં એ એકમ શીખવા માટે જરૂરી પૂર્વજ્ઞાન વિદ્યાર્થીમાં હોવું જોઈએ. આવું પૂર્વજ્ઞાન ન હોય તો વિદ્યાર્થી નવા એકમને સારી રીતે શીખી શકતો નથી. આથી જરૂરી પૂર્વજ્ઞાન છે કે નહીં તેની ચકાસણી નવા

એકમ અધ્યાપન પહેલાં કરી લેવી જોઈએ. સાથે સાથે વિદ્યાર્થીમાં સભાનપણે શીખવાની ઉત્સુકતા જાગે તેવી રીતે તેમને વિષયાભિમુખ કરવા જોઈએ. વિદ્યાર્થીને વિષયાભિમુખ કરવાની વિવિધ પ્રયુક્તિઓ છે. આ પ્રયુક્તિઓમાં કથન, પ્રશ્નોત્તરી, ચિત્રપ્રદર્શન, ઉક્તિ, કહેવત અથવા કાવ્યપંક્તિ, નકશા, નાટયાભિનય, લેખક કે કવિનો પરિચય, સાહિત્યપ્રકાર, વ્યક્તિ પરિચય, કલાકૃતિ દ્વારા વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરાવી શકાય છે. સંસ્કૃત પાઠ માટે વિષયાભિમુખ કરતાં પાઠના શીર્ષકને ધ્યાનમાં ન લેતાં પાઠમાં વ્યક્ત થતો ભાવ, બોધ, ઉપદેશ કે મૂલ્યને આધારે વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવાં જોઈએ.

**સોપાન : 3 હેતુકથન :**

વિષયાભિમુખના અંતે શિક્ષક તાસમાં શીખવવાનું વિષયાંગની જાહેરાત કરે છે. આ વિષયાંગના શીર્ષકને જાહેર કરતાં વિષયાંગને શીખવવાના મૂળભૂત હેતુને પણ તે સાંકળી લે છે, જેથી આ પાઠ શા માટે ભરીએ છીએ. તેની સભાનતા વિદ્યાર્થીઓને રહે.

**સોપાન : 4 આદર્શવાચન/પાઠન/ગાન**

સંસ્કૃત અધ્યાપનમાં આ ખૂબ જ મહત્ત્વનું સોપાન છે. આ સોપાન દ્વારા વિદ્યાર્થીઓને પાઠના વિષયવસ્તુનો પ્રથમ પરિચય મળે છે. શિક્ષકે પાઠનું આદર્શ વાચન, શ્લોક કે કાવ્યપંક્તિઓનું ગાન કે પઠન કરવાનું હોય છે. આ માટે અસરકારક વાચનના આવશ્યક અંગોને લક્ષમાં રાખી યોગ્ય જગ્યાએ યોગ્ય સ્થિતિમાં ઊભા રહી, પુસ્તકને યોગ્ય રીતે પકડી, યોગ્ય શ્રાવ્યતાથી શુદ્ધોચ્ચારપૂર્વક ભાવવાહી અને આરોહ-અવરોહ યુક્ત વાચન શિક્ષકે કરવાનું હોય છે. વાચન દરમ્યાન યોગ્ય ઝડપ અને વિરામને પણ તેને ખ્યાલ રાખવો પડે છે. શ્લોકગાન કરવાનું હોય તો આ ઉપરાંત છંદ, લય અને સંગીતતત્ત્વને લક્ષમાં રાખીને ગાન કરવાનું હોય છે, શિક્ષકને સ્વયં મધુર અને લયયુક્ત ગાતા આવડતું ન હોય તો અન્ય પાસે ગવડાવવું જોઈએ. અથવા ટેપરેકોર્ડરનો ઉપયોગ કરવો જોઈએ. શિક્ષકના આદર્શવાચન કે ગાનને પરિણામે વિદ્યાર્થીઓનું વાચન કૌશલ્ય, ગાનકૌશલ્ય, શ્રવણકૌશલ્ય અને ભાષાવિકાસમાં ગતિ મળે છે.

**સોપાન : 5 વિદ્યાર્થીઓનું મૂકવાચન :**

શિક્ષકના આદર્શવાચન બાદ શિક્ષકે બે ત્રણ ટૂંકા હેતુલક્ષી પ્રશ્નો પૂછવા જોઈએ. તેને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીને મૂકવાચન કરવાનું કહેવું જોઈએ. વિદ્યાર્થી મૂકવાચનના નિયમોને ધ્યાનમાં રાખીને ઝડપથી અને હોઠ ફફડાવ્યા વિના વાચન કરે તે શિક્ષકે જોવું જોઈએ મૂકવાચન માટે પાઠ્યપુસ્તકમાં અલગ સામગ્રી આપી હોય અથવા શિક્ષક-પ્રશિક્ષણાર્થીને સમયનો અભાવ હોય ત્યારે આ સોપનને આયોજનમાં ન ગણવામાં આવે તો ચાલી શકે છે. સંસ્કૃતમાં મૂકવાચન કરાવવાં કરતાં મુખવાચન કરાવવું વધુ ઉપયોગી બને છે, જેથી ઉચ્ચારદોષ, સંધિમુક્ત વાચનદોષ, આરોહ-અવરોહદોષ ઈત્યાદિને સુધરાવી શકાય. આમ છતાં આ સોપાનો ફરજિયાતપણે અપનાવવું જરૂરી નથી.

**સોપાન : 6 વિષયવસ્તુનું નિરૂપણ :**

આ સોપાનમાં શિક્ષકે વિષયવસ્તુની ચર્ચા કરવાની હોય છે. શિક્ષક પ્રશ્નોત્તરી, સમજૂતી, શૈક્ષણિક ઉપકરણો, ઉદાહરણો ઈત્યાદિના ઉપયોગ દ્વારા વિષવયસ્તુની ચર્ચા કરે છે અને લેખન ફલકનોંધ વિકસાવે છે. હવે મોટાભાગે હરિતફલક હોય છે. વિષય-નિરૂપણમાં લેખક કે કવિનો પરિચય, શબ્દોના અર્થનો પરિચય, વિષયવસ્તુના મુદ્દાઓ વસ્તુસંકલન અને પાઠકે કાવ્યપંક્તિ અને પુનઃવાચન કે ગાન જેવી બાબતોને સાંકળી લેવામાં આવે છે.

વિષયનિરૂપણનાં સોપાનમાં જરૂરી હોય ત્યાં લેખક કે કવિનો ફોટો બતાવીને તેમના જીવન અને કવન અંગેની માહિતી વિદ્યાર્થીઓને આપવી જોઈએ. પાઠમાં આવતા નવા શબ્દોના અર્થ કઢાવવા વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રયુક્તિઓમાં પ્રસંગનિરૂપણ દ્વારા શબ્દોનો પરિચય, વાક્યપ્રયોગ, સંધિ, સમાસ, વિરોધી શબ્દો સમાનાર્થી શબ્દો, પ્રતિકૃતિ, મૉડેલ, ચિત્ર, સ્પષ્ટીકરણ, અભિનય, ક્રિયા ઈત્યાદિનો ઉપયોગ કરીને અપરિચિત શબ્દોના અર્થ મેળવી શકાય છે. વિષયવસ્તુના અગત્યના મુદ્દાઓની ચર્ચા કરતી વખતે શિક્ષણ પ્રશ્નોત્તરી, સ્પષ્ટીકરણ, ઉદાહરણ, શૈક્ષણિક, ઉપકરણ ઈત્યાદિના સહયોગથી વિષયવસ્તુના મુદ્દાની વિશદ ચર્ચા કરવાની હોય છે. ભાષા વસ્તુના મુદ્દાઓની ચર્ચા પણ ઉદાહરણો અને સમજૂતી દ્વારા સાથે સાથે જ કરવી જોઈએ. ચર્ચાની સાથે સાથે યોગ્ય અને આકર્ષક રીતે શ્યામફલકકાર્ય વિકસાવવાથી અસરકારક અને ચિરનામી બને છે. ચર્ચાના અંતે સમય હોય તો ગદ્ય કે પદ્ય પંક્તિઓનું વાચન કે ગાન શિક્ષક કરે કે વિદ્યાર્થી પાસે કરાવી શકાય છે.

**સોપાન : 7 મૂલ્યાંકન :**

શિક્ષકે પોતાના અધ્યાપન દ્વારા કેટલા હેતુઓ સિદ્ધ કર્યા અને વિદ્યાર્થીઆમાં કેટલા અંશે વર્તનપરિવર્તન લાવી શકાયું. તેની ખાત્રી કરવા મૂલ્યાંકનનું સોપાન ખૂબ જ જરૂરી છે. મૂલ્યાંકનને આધારે નિદાન અને ઉપરાત્મક કે સુધારાત્મકકાર્ય હાથ ધરી શકાય છે. મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓમાં પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ હેતુલક્ષી કસોટી લેખિત-મૌખિક કસોટી ચર્ચા કાવ્યગાન, પઠન, અવલોકન, કથન કે વર્ણન દ્વારા મૂલ્યાંકન થઈ શકે છે.

**સોપાન : 8 સ્વાધ્યાય :**

વિદ્યાર્થી મેળવેલ જ્ઞાનનો વ્યાવહારિક ઉપયોગ કરે અને મેળવેલ જ્ઞાનનું દઢીકરણ થાય એ હેતુથી પાઠના હેતુઓ અને વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને સ્વાધ્યાય આપવું જોઈએ. સ્વાધ્યાય અતિશય બોજરૂપ કે નિરર્થક ન હોવું જોઈએ. સ્વાધ્યાયનો સમય એક દિવસ, સપ્તાહ કે માસ લાંબો પણ હોઈ શકે છે. સ્વાધ્યાય વિદ્યાર્થીની જરૂરિયાતને સંતોષે તેવું અને તેની કક્ષા મુજબનું રસપ્રદ હોવું જોઈએ. સંસ્કૃત વિષયમાં સ્વાધ્યાય અનેક રીતે આપી શકાય. વાંચન, લેખન, અવલોકન, ભાષાંતર, કંઠસ્થીકરણ, માહિતીનું એકત્રીકરણ, શબ્દકોશનો ઉપયોગ, સામાયિકોમાંથી સંગ્રહ ચિત્રાંકન, સંક્ષેપીકરણ, વિચારવિસ્તાર, મુલાકાત વગેરેનો યથાયોગ્ય ઉપયોગ સ્વાધ્યાય માટે કરવો જોઈએ.

**સોપાન : 9 શ્યામફલક કાર્ય :**

શિક્ષક વર્ગખંડમાં જે વ્યવહાર કરે છે તેને યોગ્ય રીતે શ્યામફલક પર દર્શાવતો રહેતો દશ્ય-શ્રાવ્ય અસરને કારણે અધ્યાપન વધારે સંગીન બને છે. વિષયાંગ, લેખકનું નામ, નવા શબ્દો, વિષયવસ્તુના અગત્યના મુદ્દા, ભાષાવસ્તુના ઉદાહરણો, નિયમો, સ્પષ્ટીકરણ, માટે ચિત્રો, કોઠાઓ ઈત્યાદિ અને બાબતો શ્યામફલક ઉપર દર્શાવવી જોઈએ. માહિતીને ધ્યાનપૂર્વક રીતે રજૂ કરવાથી જ્ઞાનબોધ સરળતાથી કરાવી શકાય છે.

**ગદ્યપાઠ આયોજનનો નમૂનો**

| | | | |
|---|---|---|---|
| નામ | : | અશોકભાઈ એ.પટેલ | રોલ નં : 51 |
| શાળા | : | વિશ્વનિકેતન હાઈસ્કૂલ, નારણપુરા, | સમય : 40 મિનિટ |
| તારીખ | : | 1-1-2010 | ધોરણ : 9 |
| વિષય | : | સંસ્કૃત | વિષયાંગ : धेनुप्रसाद |

**સામાન્ય હેતુઓ :**

- વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવે.
- વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત સમજતાં શીખે.
- વિદ્યાર્થીઓ સંસ્કૃતભાષાને માતૃભાષામાં અભિવ્યક્ત કરવાનું કૌશલ્ય કેળવે.
- વિદ્યાર્થીઓ કેટલાંક અપેક્ષિત કૌશલ્યો કેળવે.
- વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય પ્રત્યે અભિરૂચિ કેળવે.

**પદ્ધતિઓ :**

કથન-ચર્ચા પદ્ધતિ

પ્રશ્નોત્તર પદ્ધતિ

**સંદર્ભગ્રંથ :**

સંસ્કૃત-અધ્યાપન પરિશીલન-જયેન્દ્રભાઈ દવે, ડૉ.ચંદ્રકાન્ત

સંસ્કૃતનું અભિનવ અધ્યાપન-સી.કે. આક્રુવાલ, ભોગાયતા

**શૈક્ષણિક ઉપકરણો :**

- પ્રસંગ વર્ણવતું ચિત્ર
- વીંટાળફલક

| સોપાન | વિષયવસ્તુનું પૃથક્કરણ | વિશિષ્ટ હેતુઓ અને અપેક્ષિત વર્તન-પરિવર્તન | શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ | મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|
| વિષયાભિમુખ | ''रघुकुल रीत सदा चली आऱ्र्ई प्राण जाय पर वचन न जाय।'' | - વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી.<br>- વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન સાથે નવા એકમને સાંકળવું.<br>- વિદ્યાર્થીને નવું જ્ઞાન મેળવવા ઉત્પ્રેરિત કરવા.<br>- વિદ્યાર્થી પૂર્વજ્ઞાનને નવા એકમ સાથે સાંકળી શકશે.<br>- વિદ્યાર્થી નવો એકમ શીખવા ઉત્પ્રરેતિ બનશે. | શિક્ષક આપેલ પંક્તિ અંગે કથન કરશે અને કથન આધારિત પ્રશ્નો પૂછશે.<br>(1) આ પંક્તિઓમાં કોની વચનનિષ્ઠની વાત કરવામાં આવી છે ?<br>(2) રામના કુલને રઘુકુળ શા માટે કહ્યું છે ?<br>પ્રતાપી રાજા રઘુનો જન્મ કેવી રીતે થયો તેની વાત આપણે धेनुप्रसाद પાઠમાં ભણીશું.<br>શિક્ષક ઉપરોક્ત કથન કરશે અને વિષયાંગ કા.પા. પર લાવશે. | વિદ્યાર્થીઓ શિક્ષકના કથનનું શ્રવણ કરશે. અને પ્રશ્નોના ઉત્તર આપશે.<br>- રામની<br>- રામના પૂર્વજ રઘુ<br>- પ્રતાપી રાજા હતા માટે.<br>વિદ્યાર્થી વિષયાંગ નોંધપોથીમાં લખશે.<br>વિદ્યાર્થીઓ એકાગ્રતાપૂર્વક શ્રવણ કરશે અને પાઠની પંક્તિઓનું સાથે સાથે મૂકવાચન કરશે. પાઠની વિગતોને સમજવા પ્રયત્ન કરશે. | વિદ્યાર્થીઓના ઉત્તરોના આધારે. |
| હેતુકથન | गद्य-4 धेनुप्रसाद | - વિદ્યાર્થીઓ વિષયાંગથી પરિચિત થાય.<br>- વિદ્યાર્થી વિષયાંગ જણાવી શકશે. | - શિક્ષક શુદ્ધોચ્ચારપૂર્વક, આરોહ-અવરોહ સહિત, યોગ્ય વિરામ, સ્વભાર અને ચયભાવ સાથે પાઠનું આદર્શ વાચન કરશે. | | વિદ્યાર્થીઓની એકાગ્રતાથી |
| આદર્શ-વાચન | मनोः वंश......<br>...............................<br>...............................<br>रघुः नाम पुत्रो जातः। | - વિદ્યાર્થીઓ શુદ્ધોચ્ચારપૂર્વક વાંચે.<br>- વિદ્યાર્થીઓ એકમની વિગતો નોંધશે.<br>- વિદ્યાર્થી ધ્વનિ સંકેતોને ઓળખી શકશે.<br>- વિદ્યાર્થી ધ્વનિ સંકેતોનું શુદ્ધ ઉચ્ચારણ કરી શકશે. | | | |
| વિષયવસ્તુનું નિરૂપણ | અપરિચિત શબ્દો :<br>भूपाल : રાજા | - વિદ્યાર્થીના શબ્દ-ભંડોળમાં વૃદ્ધિ થાય. | શિક્ષક વિવિધ પ્રવત્તિઓનો ઉપયોગ કરીને અપરિચિત શબ્દોના | - વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ આપશે. | વિદ્યાર્થીઓના ઉત્તરના આધારે. |

| | | | |
|---|---|---|---|
| भूपति : રાજા<br>नरदेव : રાજા<br>प्रसाद : કૃપા<br>सुत : પુત્ર<br>वधू : પત્ની<br>पर्णशीला : ઝૂંપડી<br>महिषी : પટરાણી | - વિદ્યાર્થી અપરિચિત શબ્દોના અર્થ આપી શકશે.<br>- વિદ્યાર્થી નવા શબ્દો પ્રયોજાયા હોય એવી ભાષાસામગ્રીને વાંચીને સમજી શકશે.<br>- વિદ્યાર્થી નવા શબ્દોને ભાષામાં પ્રયોજી શકશે. | અર્થ કરાવશે અને કા.પા. પર નોંધ કરશે.<br>भूपाल - ચિત્રના સંદર્ભથી<br>एवः रामः रामः<br>अयोध्यानगरस्य भूपाल : ।<br>भूपति - પ્રયાય શબ્દ<br>नरदेव - પ્રયાય શબ્દ<br>सुत- વાક્ય પ્રયોગ<br>रामः दशरथस्य सूतः पर्णशाला–<br>ચિત્ર અને વાક્ય હોય,<br>रामः वने पर्णशालायाम् अवसत् ।<br>महिषी - વાક્ય સંદર્ભ દ્વારા<br>मंदोदरी रावणस्य महिषी आसीत् । | - વિદ્યાર્થીઓ શબ્દાર્થને નોંધપોથીમાં લખશે.<br>- વિદ્યાર્થીઓ પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપશે. |
| વિષયવસ્તુની ચર્ચા :<br>વિષયવસ્તુના મુદ્દા :<br>- દિલીપ રાજાનું અપુત્ર હોવું.<br>- વશિષ્ઠાના આશ્રમમાં નંદિની ગાયની સેવા.<br>- પુત્ર પ્રાપ્તિનું ફળ, લગ્ન બિંદુઓની સમજૂતી<br>कामधेनुः સર્વક્ષમતા પૂર્ણ કરનાર સહ, સાર્ધમ્નો ઉપયોગ એકમની જરૂરિયાત ગાયોની અવદશા– પ્રાણીપ્રેમ હિન્દુ સંસ્કૃતિ | - વિદ્યાર્થીઓ ચર્ચામાં ભાગ લે.<br>- વિદ્યાર્થીઓ સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારથી બોલે.<br>- વિદ્યાર્થીનો સરળ સંસ્કૃતમાં પ્રશ્નોના ઉત્તર આપે.<br>- વિદ્યાર્થીઓ વિષયવસ્તુના મુદ્દાને<br>- વિદ્યાર્થીઓ માતૃભાષામાં ભાવવાહી ભાષાંતર કરે.<br>- વિદ્યાર્થીઓ હ્રસ્તન ભૂતકાળના રૂપોનો પરિચય મેળવે.<br>- વિદ્યાર્થીઓ વિષયવસ્તુ ઉપર આધારિત પ્રશ્નોના ઉત્તર આપી શકશે.<br>- વિદ્યાર્થીઓ સ્પષ્ટ અને શુદ્ધ મૌખિક અભિવ્યક્તિ કરી શકશે.<br>- વિદ્યાર્થીઓ એકમની જરૂરિયાત દર્શાવી શકશે.<br>- વિદ્યાર્થી ભાવવાહી ભાષાંતર | શિક્ષક નીચેના જેવાં પ્રશ્નો પૂછીને અને સમજૂતી દ્વારા વિષયવસ્તુની ચર્ચા કરવી.<br>1. मनोः वंशे को नाम भूपालः अभवत ?<br>2. का तस्य वधूः ?<br>3. સુદક્ષિણા સાથે દિલીપ જાતજાતનાં સુખો ભોગવતો હતો પરંતુ તેને કયું સુખ પ્રાપ્ત થયું ન હતું ? | - વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે. ચર્ચામાં ભાગ લેશે.<br>- दिलीपो नाम<br>- सुदक्षिणा<br>- પુત્ર લાભનું. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | કરી શકશે.<br>- વિદ્યાર્થીઓ કઠિન બિંદુઓને સ્પષ્ટ કરી શકશે. | | | |
| મૂલ્યાંકન | લેખિત કસોટી<br>1. જોડકાં બનાવો :<br>अ आ<br>प्रासादनरदेवः<br>वंशः कृपा<br>2. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી વાક્ય લખો :<br>1. दिलीपो नाम ------ अभवत्<br>2. सुदक्षिणा दास्य : ----- आसीत् ।<br>3.दिलीपयस्य कुले ----- नाम पुत्रो जातः । | - વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાન, સમજ, કૌશલ્યો અને ઉપયોગી ક્ષમતાની ચકાસણી કરવી.<br>- વિદ્યાર્થીઓ કસોટીના ઉત્તરો આપી | 3. એક દિવસ દિલીપ સુદક્ષિણા સાથે કોના આશ્રમમાં ગયો ?<br>4. ગુરુએ પુત્રલાભ માટે રામને શો<br>5. નંદિનીની સેવાથી દિલીપને શો લાભ થયો ?<br>6. अत्रानोरे.. વાક્યનું અનુવાદ કરો.<br>7. પાઠમાંથી હસ્તન ભૂતકાળનાં રૂપો શોધી બતાવો.<br>શિક્ષક વીંટાળફલક ઉપર લેખિત કસોટી આપશે અને પ્રશ્નોના ઉત્તરો મેળવશે.<br>શિક્ષક વિદ્યાર્થીઓને સ્વાધ્યાય લખી લાવવા જણાવશે. | - ગુરુ વશિષ્ઠના આશ્રમમાં.<br>- કામધેનુની પુત્રી નંદિનીની સેવા કરવાનો.<br>- રઘુ નામનો પુત્ર જન્મ્યો.<br>- હવે પછી નંદિની વનમાંથી પાછી આવી.<br>- अभवधू, आसीत्, अव्द्माभयत्, अबिन्दुत, प्राणकताम् ।<br>વિદ્યાર્થી પ્રશ્નોના ઉત્તરો આપશે અને નોંધપોથીમાં લખી લેશે. | મૌખિક પ્રશ્નોના ઉત્તરો દ્વારા<br>મૌખિક અને લેખિત ઉત્તરોને આધારે.<br>સ્વાધ્યાયના આધારે. |
| સ્વાધ્યાય<br>1. | સરળ સંસ્કૃત કે ગુજરાતી વાર્તાલેખન કરો. | - વિદ્યાર્થી સ્વઅધ્યયન કરતાં શીખે. | | | |
| 2. | પાઠ આવતા હ્યસ્તન ભૂતકાળનાં રૂપોની યાદી બનાવવી. | - વિદ્યાર્થી શીખેલી વસ્તુનું દઢીકરણ કરે.<br>- વિદ્યાર્થી સ્વ-પ્રયત્ને સ્વાધ્યાય લખી શકશે. | | | |

**શ્યામફલકકાર્ય**

તા.1-1-2010 વિષય : સંસ્કૃત ધોરણ = 9

વિષયાંગ : धेनुप्रसाद :

| **અપરિચિત શબ્દો :** | **વિષયવસ્તુના મુદ્દા :** |
|---|---|
| भूपाल : રાજા | - દિલીપરાજાનું અપુત્ર હોવું. |
| भूपति : રાજા | - વશિષ્ઠના આશ્રમમાં જવું. |
| नरदेव : રાજા | - નંદિની ગાયની સેવા |
| सुत- પુત્ર | હ્યસ્તન ભૂતકાળનાં રૂપો : |
| वधू- પત્ની | अभवत् आसीत् |
| पर्णशीला- ઝૂંપડી | अन्वभेवत् प्राणमेताम् |
| महिषी- પટરાણી | |

**પદ્યપાઠ આયોજનનો નમૂનો**

| | |
|---|---|
| નામ : રમેશભાઈ આર.પટેલ | રોલ નં. : 51 |
| શાળા : એરોમા હાઈસ્કૂલ, ઉસ્માનપુરા | સમય : 40 મિનિટ. |
| વિષય : સંસ્કૃત | વિષયાંગ : पद्य भातिमें भारतम् |

**સામાન્ય હેતુઓ :**

- વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત સમજતાં શીખે.
- વિદ્યાર્થી સંસ્કૃત ભાષાને માતૃભાષામાં અભિવ્યક્ત કરતાં શીખે.
- વિદ્યાર્થીઓ કેટલાંક અપેક્ષિત કૌશલ્યો કેળવે.
- વિદ્યાર્થીઓ સંસ્કૃત પદ્ય સાહિત્યમાં અભિરુચિ કેળવે.
- **પદ્ધતિઓ :**
- કથન-ચર્ચા પદ્ધતિ
- પ્રશ્નોત્તર પદ્ધતિ
- અનુવાદ પદ્ધતિ

**સંદર્ભ ગ્રંથ :**

- સંસ્કૃત અધ્યાયન પરિશીલન - જયેન્દ્રભાઈ દવે, ચંદ્રકાન્ત ભોગાયતા
- સંસ્કૃત શિક્ષણની હેન્ડબુક- પ્રા.સી. કે.આકુવાલા

**શૈક્ષણિક ઉપકરણો :**

ભારતનો વિકાસ દર્શાવતું ચિત્ર

અણુ પ્રયોગ દર્શાવતું ચિત્ર

દિલ્હી સંસદભવનનું ચિત્ર.

વીંટાળફલક

| સોપાન | વિષયવસ્તુનું પૃથક્કરણ | વિશિષ્ટ હેતુઓ અને અપેક્ષિત વર્તન-પરિવર્તન | શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ | મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|
| વિષયાભિમુખ | 'वन्दे मातरम्' રાષ્ટ્રગીત ગાન અને ચર્ચા. | - વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી.<br>- વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન સાથે નવા એકમને સાંકળવું.<br>- વિદ્યાર્થીને નવું જ્ઞાન મેળવવા ઉત્પ્રેરિત કરવા.<br>- વિદ્યાર્થી પૂર્વજ્ઞાન પર આધારિત પ્રશ્નોના ઉત્તર આપી શકશે.<br>- વિદ્યાર્થી પૂર્વજ્ઞાનને નવા એકમ સાથે સાંકળી શકશે.<br>- વિદ્યાર્થી નવો એકમ શીખવા ઉત્પ્રેરિત થશે. | શિક્ષક રાષ્ટ્રગીતના ગાન-શ્રાવણ બાદ વસ્તુ આધારિત પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરશે.<br>- કવિ કઈ માતાને વંદન કરે છે ?<br>- ભારત માતાના કયા ગુણો અહીં કવિ દર્શાવે છે ? | વિદ્યાર્થીઓ રાષ્ટ્રગીતના ગાન-શ્રાવણ કરશે અને પ્રશ્નોના ઉત્તર આપશે.<br>- ભારત માતાને.<br>- સુજલ, મુક્તમ સુફળ આપનારી મલય, પવનથી, શીતલ બનેલી ધાન્યથી શ્યામવર્ણી બનેલી. | વિદ્યાર્થીઓના ઉત્તરો ના આધારે. |
| હેતુકથન | પદ્ય-7 भाति में भारतम् વિદ્યાર્થીઓ વિષયાંગની પરિચિત થાય.<br><br>- વિદ્યાર્થીઓ વિષયાંગ જણાવી શકશે. | - વિદ્યાર્થીઓ વિષયથી પરિચિત થાય.<br>- વિદ્યાર્થીઓ વિષયાંગ જણાવી શકશે. | ભારતમાતાના આવા બીજા અનેક ગુણો જેમાં વર્ણવાયેલા છે તેવું પદ્ય-7 भाति में भारतम्ભણીશું. શિક્ષક કથન કરશે અને વિષયાંગ કા.પા. વિષયાંગ કા.પા. પર લખશે. | વિદ્યાર્થીઓ વિષયાંગ નોંધપોથીમાં લખશે. | |
| આદર્શગાન | विद्यादुत्पादने<br><br>तन्मात्मकं भारतम् । | - વિદ્યાર્થીઓ શ્રવણ કૌશલ્ય કેળવે.<br>- વિદ્યાર્થીઓ પદ્યના નાદ-સૌંદર્યને પાળે.<br>- વિદ્યાર્થીઓ વિષયવસ્તુની વિશિષ્ટતા નોંધે.<br>- વિદ્યાર્થીઓ કાવ્યના રાગ અને ઢાળને શીખે.<br>- વિદ્યાર્થીઓ ધ્વનિ સંકેતોને ઓળખી શકશે. | શિક્ષક શુદ્ધોચ્ચારપૂર્વક, આરોહ-અવરોહ સહિત, યોગ્ય વિજ્ઞાન, સ્વરભાર અને હાવભાવ સાથે લયબદ્ધ કાવ્યનું ગાન કરશે. | વિદ્યાર્થી એકાગ્રતાપૂર્વક શ્રવણ કરશે અને પદ્ય પંક્તિઓનું સાથે સાથે મૂકવાચન કરશે. કાવ્યની વિગતોને સમજવા અને કાવ્યના રાગ અને ઢાળને યાદ રાખવા પ્રયત્ન કરશે. | વિદ્યાર્થીઓની એકાગ્રતાથી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિષયવસ્તુનું<br>નિરૂપણ | અપરિચિત શબ્દો :<br>आर्यभट्टः- એ નામનો ઉપગ્રહ<br>रक्तदुर्गः : લાલ કિલ્લો<br>मन्दाकिनी ગંગા<br>रुद्मन्धनम्- બળતણ<br>रुद्मन्वेपणम्- શોધખોળ<br>भूतलम् - પૃથ્વીનું તળ<br>વિષયવસ્તુની ચર્ચા :<br>વિષયવસ્તુના મુદ્દા<br>- ભારતનો ઔદ્યોગિક અને ભૌતિક વિકાસ<br>- સાંસ્કૃતિક ગૌરવ<br>- સર્વભૌમિતિક સત્તા કઠિન<br>- બિંદુઓની સમજૂતી :<br>- मोनातरम् मे अनारतम्<br>(પૂર્વરૂપ સંધિ)<br>भूमिगर्भेडणुशक्तिम्<br>भूमिगर्भे अणुशक्तिम् वियन्<br>આકાશ વર્તમાન કૃદન્તો<br>स्थापयत्, कीरत्, प्रेरयत् | - વિદ્યાર્થીઓ કાવ્યગાન કરી શકશે.<br>- વિદ્યાર્થીના શબ્દભંડોળમાં વૃદ્ધિ થાય.<br>- વિદ્યાર્થી અપરિચિત શબ્દોના અર્થ આપી શકશે.<br>- વિદ્યાર્થી નવા શબ્દો પ્રયોજાયા હોય એવી ભાષા-સામગ્રીને વાંચીને સમજી શકશે.<br>- વિદ્યાર્થી નવા શબ્દોને ભાષામાં પ્રયોજી શકશે.<br>- વિદ્યાર્થીઓ ચર્ચામાં ભાગ લે.<br>- વિદ્યાર્થીઓ સ્પષ્ટ અને શુદ્ધ<br>- વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃતમાં પ્રશ્નોના ઉત્તર આપે.<br>- વિદ્યાર્થીઓ વિષયવસ્તુના મુદ્દાને સમજે.<br>- વિદ્યાર્થીઓ માતૃભાષામાં ભાવવાહી ભાષાંતર કરે.<br>- વિદ્યાર્થીઓ વિષયવસ્તુ પર આધારિત પ્રશ્નોના ઉત્તર આપી શકશે.<br>- વિદ્યાર્થીઓ સ્પષ્ટ અને મૌખિક અભિવ્યક્તિ કરી શકશે. | શિક્ષક વિવિધ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને અપરિચિત શબ્દોના<br>- શબ્દોના અર્થ કઢાવશે અને કા.પા. નોંધ કરશે.<br>रक्तदुर्ग : - ચિત્ર અને વાક્ય પ્રયોગ દ્વારા<br>मन्दाकिनी - પર્યાય શબ્દ દ્વારા<br>रुद्मन्धनम् - વાક્ય પ્રયોગ<br>अन्वेषणम् - પર્યાય શબ્દ દ્વારા<br>भूतलम् - શબ્દ બંધારણની સમજ દ્વારા<br><br>-भू पृथ्वी तलम- તળ<br>શિક્ષક નીચેના જેવાં પ્રશ્નો પૂછીને અને સમજૂતી દ્વારા વિષયવસ્તુની ચર્ચા કરશે.<br>કા.પા.પર નોંધશે.<br>1. ભારત કઈ બાબતોના નિર્માણ અને સંશોધનમાં સમર્થ છે ?<br>2. भारत कम् उपग्राहं बिम्नमण्डले अस्थापयत् ?<br>3. ભારત અણુશક્તિને કયા કાર્યમાં પ્રેરે છે. | વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ વિદ્યાર્થીઓ શબ્દાર્થને નોંધપોથીમાં લખશે.<br>- વિદ્યાર્થીઓ પૂછાયેલા પ્રશ્નોના પ્રશ્નોના ઉત્તર આપશે.<br><br>વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે અને ચર્ચામાં ભાગ લેશે.<br>વિદ્યાર્થીઓ અગત્યના મુદ્દા નોંધપોથીમાં લખશે.<br>- વીજળીના યંત્રના નિર્માણમાં<br>- અને, તેલ, ઈંધણ અને લોખંડના સંશોધનમાં<br>- आर्यणंट्टेति उपग्रहम् | - વિદ્યાર્થીઓના ઉત્તરના આધારે<br><br>મૌખિક પ્રશ્નોના ઉત્તરો દ્વારા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | 4. का नदी पाप संहारिणी ? | - શાંતિના કાર્યમાં<br>- મન્દાકિની | |
| | એકમની જરૂરિયાત :<br>રાષ્ટ્ર ગૌરવ અને રાષ્ટ્રપ્રેમ જેવાં મૂલ્યોનો વિકાસ. | - વિદ્યાર્થી એકમની જરૂરિયાત દર્શાવી શકશે.<br>- વિદ્યાર્થી ભાવવાહી ભાષાંતર કરી શકશે.<br>- વિદ્યાર્થી કઠિન બિંદુઓને સ્પષ્ટ કરી શકશે. | 5. સંસદના શિખર પર લહેરાતો રાષ્ટ્રધ્વજ શું સૂચવે છે ?<br>6. કાવ્ય કયા મૂલ્યોને પ્રદર્શિત કરે છે ?<br><br>શિક્ષક વીંટાળફળક ઉપર લેખિત કસોટી આપશે અને પ્રશ્નોના ઉત્તરો મેળવશે. | | |
| મૂલ્યાંકન | લેખિત કસોટી<br>1. નીચેના શબ્દો કે શબ્દ સમૂહ માટે સંસ્કૃત શબ્દો આપો.<br>2. अ વિભાગની વિગતોને आ વિભાગના સ્થાન સાથે જોડો.<br>आर्य भट्ट – दिल्लीनगरे<br>अणु विस्फोट: संसद : उत्तमागगे<br>रक्तदर्ज : वियन्मण्डले<br>त्रिरड्म ध्वज : पोरशरणे | - વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાન, સમજ, કૌશલ્યો અને ઉપયોજન ક્ષમતાની ચકાસણી કરવી.<br>- વિદ્યાર્થીઓ કસોટીના ઉત્તરો આપી શકશે. | | - સાર્વભૌમિકતા<br>- રાષ્ટ્રગૌરવ અને રાષ્ટ્રપ્રેમ<br>વિદ્યાર્થી પ્રશ્નોના ઉત્તરો આપશે અને નોંધપોથીમાં લખશે. | મૌખિક અને લેખિત ઉત્તરોને આધારે સ્વાધ્યાયના આધારે |
| સ્વાધ્યાય | 1.यत्र मन्दाकिनी... શ્લોક કંઠસ્થ કરીને લખો.<br>2. અન્ય રાષ્ટ્રગીતો શોધીને સંગ્રહ કરો. | - વિદ્યાર્થી સ્વઅધ્યયન કરતાં શીખે.<br>- વિદ્યાર્થી શીખેલી વસ્તુનું દૃઢીકરણ કરે.<br>- વિદ્યાર્થી સ્વપ્રયત્ને સ્વાધ્યાય કરી શકશે. | શિક્ષક વિદ્યાર્થીને ઘેર સ્વાધ્યાય કરી | - વિદ્યાર્થીઓ સ્વાધ્યાયના પ્રશ્નો પ્રશ્નો નોંધપોથીમાં લખશે. | સ્વાધ્યાયના આધારે |

તા.5-1-2010 વિષયઃ સંસ્કૃત ધોરણ-9

વિષયાંગ : भाति में भारतम्

| **અપરિચિત શબ્દો :** | **વિષયવસ્તુના મુદ્દા :** |
|---|---|
| आर्यभट्ट **:** એ નામનો ઉપગ્રહ વિકાસ | - ભારતનો ઔદ્યોગિક અને ભૌતિક |
| रक्तदुर्ग **:** - લાલ કિલ્લો | - સાંસ્કૃતિક ગૌરવ |
| मन्दाकिनी - ગંગા સાર્વભૌમિતિક સત્તા | |
| रुद्मन्धनम् - બળતણ | - રાષ્ટ્રગૌરવ અને |
| अन्वेषणेम् - શોધખોળ | રાષ્ટ્રપ્રેમ |
| भूतलम् - પૃથ્વીનું તળ | |

**વ્યાકરણ-પાઠ : આયોજનનો નમૂનો**

| | |
|---|---|
| નામ : અનિતા એસ. ભટ્ટ | રોલ.નં. : 51 |
| શાળા : નવયુગ હાઈસ્કૂલ, આશ્રમ રોડ, અમદાવાદ | સમય : 40 મિનિટ |
| તારીખ : 8-1-2010 | ધોરણ : 8 |
| વિષય : સંસ્કૃત | વિષયાંગ : સંબંધક ભૂતકૃદન્ત |

**સામાન્ય હેતુઓ :**

- વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવે.
- વિદ્યાર્થી સરળ સંસ્કૃત સમજતા શીખે.
- વિદ્યાર્થી સંસ્કૃત ભાષાને માતૃભાષામાં અભિવ્યક્ત કરતાં શીખે.
- વિદ્યાર્થીઓ કેટલાંક અપેક્ષિત કૌશલ્યો કેળવે.
- વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરુચિ કેળવે.
- આગમન પદ્ધતિ
- ચર્ચા પદ્ધતિ
- પ્રશ્નોત્તર પદ્ધતિ

**સંદર્ભ ગ્રંથ :**

સંસ્કૃત શિક્ષણની હેન્ડબુક, પ્રા.સી.કે.આકુવાલા

**શૈક્ષણિક ઉપકરણો :**

- કેટલાંક ધાતુઓના સંબંધક ભૂતકૃદન્ત દર્શાવતો ચાર્ટ.
- વીંટાળફલક

| સોપાન | વિષયવસ્તુનું પૃથક્કરણ | વિશિષ્ટ હેતુઓ અને અપેક્ષિત વર્તન-પરિવર્તન | શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ | મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|
| વિષયાભિમુખ | પૂર્વજ્ઞાન<br>(अ) રમાએ હાથ ધોયા. રમા જમવા બેઠી.<br>(आ) રમા હાથ ધોઈને જમવા બેઠી.<br>(अ) તેણે પેન્સિલ લીધી અને ચિત્ર દોર્યું.<br>(आ) તેણે પેન્સિલ લઈ ચિત્ર દોર્યું.<br>(अ) રોહિણીએ ફૂલો ચૂંટ્યા અને માળા બનાવી.<br>(आ) રોહિણીએ ફૂલો ચૂંટીને માળા બનાવી | - વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી.<br>- વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન સાથે નવા એકમને સાંકળવું.<br>- વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા.<br>- વિદ્યાર્થી પૂર્વજ્ઞાન ઉપર આધારિત સાંકળી શકશે.<br>- વિદ્યાર્થી પૂર્વજ્ઞાનને નવા એકમ સાથે સાંકળી શકશે.<br>- વિદ્યાર્થી નવો એકમ શીખવા ઉત્પ્રેરિત થશે. | શિક્ષક માતૃભાષામાં કેટલાંક વાક્યો આપી પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરશે.<br>1. अ વિભાગ કરતાં आ વિભાગની વાક્યરચના કઈ રીતે જુદી પડે છે ?<br>2. अ વિભાગના વાક્યોમાં કેટલાં ક્રિયાપદો છે ?<br>3. आ વિભાગમાં વાક્યોમાં કેટલા ક્રિયાપદો છે ?<br>4. તો એક અને પહેલી ક્રિયા માટે ક્રિયાપદના બદલે શું વપરાયું છે ? | વિદ્યાર્થીઓ શિક્ષકની પ્રવૃત્તિમાં સહભાગી અને પ્રશ્નોના ઉત્તર આપશે.<br>- अ વિભાગમાં બે વાક્યો છે, જે સ્વતંત્ર અથવા અને સંયોજકથી જોડાયેલાં છે.<br>- બે<br>- એક<br>સંબંધક ભૂતકૃદંત | વિદ્યાર્થીઓના ઉત્તરોના આધારે |
| હેતુકથન | વ્યાકરણ અભ્યાસ-4 સંબંધક ભૂતકૃદન્ત | - વિદ્યાર્થીઓ વિષયમાંથી પરિચિત થાય.<br>- વિદ્યાર્થી વિષયાંગ જણાવી શકશે. | આ વિભાગમાં ધોઈને, લઈને, ચૂંટીને વગેરે સંબંધ ભૂતકૃદંત છે. સંસ્કૃતમાં આપણે સંબંધક ભૂતકૃદન્તનો અભ્યાસ કરીશું. | વિદ્યાર્થીઓ વિષયાંગ નોંધપોથીમાં લખશે. | |
| વિષયવસ્તુનું નિરૂપણ | વિષયવસ્તુની ચર્ચા :<br>વિષયવસ્તુના ઉદાહરણો :<br>નીચેનાં વાક્યો વાંચો :<br>1.(अ) छात्रः शाला गच्छाति आचार्य प्रणमति च । | - વિદ્યાર્થી સંબંધક ભૂતકૃદંતનો રૂપોનો પરિચય મેળવે.<br>- વિદ્યાર્થી સંબંધત ભૂતકૃદન્તનો અર્થ જાણે.<br>- વિદ્યાર્થી સંબંધક ભૂતકૃદંતનો | શિક્ષક ઉપરોક્ત કથન કરશે અને વિનયાંગ કા.પા.પર લખશે. શિક્ષક આપેલ ઉદાહરણોને આધારે નીચેના જેવાં પ્રશ્નો પૂછીને વિષયની ચર્ચા કરશે.<br>1. પ્રથમ अ વાક્યમાં ક્યાં ક્યાં ક્રિયાપદો છે ?<br>2. પ્રથમ આ વાક્યમાં गच्छाति ક્રિયાપદ | વિદ્યાર્થી પ્રશ્નોના ઉત્તર આપશે અને ચર્ચામાં ભાગ લેશે. કા.પા.નોંધ નોંધપોથીમાં ઉતારવા.<br>- गच्छाति અને प्रममति ।<br>- गत्वा સંબંધક ભૂતકૃદંત | વિદ્યાર્થીઓના ઉત્તરોના આધારે. |

| | | | | |
|---|---|---|---|---|
| (आ) छात्रः शाणो गत्वा आचार्य प्रणमति ।<br>2.(अ) स : दुःखम् अनुभवति संसार त्यजति च ।<br>(आ) सः दुःखम् अनुभूय संसार त्यजति । | વાક્યમાં ઉપયોગ કરતાં શીખે.<br>- વિદ્યાર્થી સંબંધક ભૂતકૃદંતનાં રૂપો બનાવી શકશે.<br>- વિદ્યાર્થી સંબંધિત ભૂતકૃદંતનો અર્થ આપી શકશે.<br>- વિદ્યાર્થી સંબંધક ભૂતકૃદંતનો ઉપયોગ કરીને વાક્યો બનાવી શકશે.<br>- વિ.ઓ. વાક્યમાંના ક્રિયાપદને ઓળખાવે.<br>- વિ.ઓ. વાક્યમાં બનતી ક્રિયાઓમાંથી કઈ પહેલાં ને કઈ પછી થાય છે, તે ઓળખાવે.<br>- વિ.ઓ. પ્રથમ બનતી ક્રિયા માટે પ્રયોજાતા પદની રચના સમજાવે. | માટે કયો શબ્દ વપરાયો છે ?<br>3. મૂળ गम् ધાતુમાં અહીં કયો પ્રત્યય ઉમેરાયો છે ?<br>4. બીજા अ વાક્યમાં કયાં કયાં ક્રિયાપદો છે ?<br>5. બીજા आ વાક્યમાં अनुभवति ક્રિયાપદના સ્થાને કયો શબ્દ વપરાયો છે ?<br>6. મૂળ अनु+भू ધાતુમાં કયો પ્રત્યય ઉમેરાયો છે.<br>7. પ્રથમ आ વાક્ય અને બીજા आ વાક્યમાં ધાતુમાં જુદાં જુદાં પ્રત્યય શા માટે ઉમેરાયા છે ?<br>8. સંબંધક ભૂતકૃદંતનું રૂપ બનાવવાનો નિયમ શું છે ?<br>9.नम्, कृ, नी, भू ધાતુનાં સંબંધક ભૂતકૃદંતના રૂપો બનાવો.<br>10.वि+जित्,<br>आ+गम्<br>आ + नी<br>उप+लभ्<br>ધાતુઓ માટે<br>સંબંધક ભૂતકૃદંતના રૂપો બનાવો.<br>11. સંબંધક ભૂતકૃદંતનો ઉપયોગ કરીને વાક્યો બનાવો.<br>શિક્ષક વીંટાળફલક ઉપર લેખિત કસોટી આપશે અને પ્રશ્નોના ઉત્તરો મેળવશે. | - त्वा<br>- अनुभवति અને त्यजति<br>- अनुभूत સંબંધક ભૂતકૃદંત<br>- य<br>પ્રથમ आ વાક્યમાં કેવળ ધાતુ છે, જ્યારે બીજા आ વાક્યમાં ઉપસર્ગ + ધાતુ છે.<br>કેવળ ધાતુ સાથે त्वा અને ઉપસર્ગ + ધાતુ સાથે य પ્રત્યય લાગે છે.<br>नत्वा, नृत्वा, नीत्वा, भूत्वा<br>विजित्य, आगम्य, आणीय<br>उपलभ्य<br>શિક્ષકઃ अगम्य, पाठ्यति ।<br>ज्ञानं उपलभ्य सा धनं अर्तति ।<br>- વિદ્યાર્થી પ્રશ્નોના ઉત્તરો આપશે અને નોંધપોથીમાં લખશે. | વિદ્યાર્થીઓના ઉત્તરના<br>-મૌખિક બને, લેખિત ઉત્તરોના આધારે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મૂલ્યાંકન | લેખિત કસોટી<br>1. નીચેનાં રૂપોમાંથી સંબંધક ભૂતકૃદંત શોધીને લખો.<br>परि-यज्य, नेतुम्, पातुम्<br>गीतः, विमुच्य, पातुम्<br><br>2. નીચેના વાક્યોનો માતૃભાષામાં અનુવાદ કરો :<br>(1) सः पुस्तक पठित्वा लिखति।<br>(2) रमेशः गृहद्वारं धुत्वा तिष्ठति।<br>(3) सा जलं नीत्वा वृक्षान् सिञ्जति | - વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાન, સમજ, કૌશલ્યો અને ઉપયોજન ક્ષમતાની ચકાસણી કરવી.<br><br>- વિદ્યાર્થીઓ કસોટીના ઉત્તરો આપી શકશે. | | | |
| સ્વાધ્યાય | પાઠ -13 અને પાઠ-18માંથી સંબંધક ભૂતકૃદંત શોધી યાદી બનાવો. | - વિદ્યાર્થી સ્વ-અધ્યયન કરતાં શીખે.<br>- વિદ્યાર્થી શીખેલી વસ્તુનું દ્દઢીકરણ કરે.<br>- વિદ્યાર્થી સ્વ-પ્રયત્ને સ્વાધ્યાય લખી શકશે. | શિક્ષક વિદ્યાર્થીઓને સ્વાધ્યાય લખી લાવવા જણાવશે. | વિદ્યાર્થીઓ સ્વાધ્યાયના પ્રશ્નોને નોંધપોથીમાં ઉતારશે. | સ્વાધ્યાયના આધારે |

**શ્યામફલક કાર્ય**

તા.8-1-2010 વિષયઃ સંસ્કૃત ધોરણ-8

વિષયાંગ - સંબંધક ભૂતકૃદંત

| ધાતુ | સંબંધક ભૂતકૃદંત | ધાતુ | સંબંધક ભૂતકૃદંત |
|---|---|---|---|
| नम् | - नत्वा | आ+गम् | - आगम्य |
| गम् | - गत्वा | आ+नी | - आनीय |
| मन् | -मत्वा | अनु+भ् | - अनुभूय |
| नी | - नीत्वा | उप+लभु | - उपलभ्य |
| पा | - पीत्वा | वि+जित् | -विजित्य |

## 12.4 એકમ આયોજન : સંકલ્પના, મહત્ત્વ, સોપાનો, નમૂનાનો પાઠ

**સંકલ્પના :**

તાસ આયોજનમાં શિક્ષણના બધાં જ હેતુઓ સિદ્ધ થઈ શકતાં નથી. એક જ તાસમાં પૂર્ણ કરવામાં આવતો વિષયાંગ મર્યાદિત સંખ્યામાં જ હેતુઓને સમાવે છે.પરંતુ એ એકમના વિવિધ વિશિષ્ટ હેતુઓની પૂર્ણતા માટે એક કરતાં વધુ તાસનું આયોજન કરવું જોઈએ. એક જ વિષયાંગના ઘણાં વિશિષ્ટ હેતુઓની પરિપૂર્તિ માટે શિક્ષક-પ્રશિક્ષણાર્થી એક કરતાં વધુ તાસનું આયોજન કરે છે ત્યારે તેને એકમ આયોજન કહેવામાં આવે છે.

એકમ આયોજનનો ઉદ્‌ભવ હર્બાર્ટની વિચારણામાંથી થવા પામ્યો છે. 1920 થી એકમ આયોજનનો ખ્યાલ શિક્ષણ જગતમાં પ્રવર્તે છે. એકમની વિવિધ વ્યાખ્યાઓમાંથી નીચેના ત્રણ આધારો મળે છે.

1. Unit is united learning experience
2. એકમ એટલ સમાન કક્ષાવાળા અધ્યયન અનુભવોનું સંકલન.
3. The units is a pian of instruction rused on a significant are of learning.

સમાન અધ્યયન અનુભવો પૂરાં પાડતાં વિષયવસ્તુ કે કૃતિઓને સાથે લઈ એક એકમ તરીકે આયોજન કરવામાં આવે તો તેને એકમ આયોજન કહેવાય. એક જ પાઠના જુદાં જુદાં પાસાંઓનાં શિક્ષણનું આયોજન એટલે એકમ આયોજન. પાઠ્યપુસ્તકના કોઈ એક પાઠના વિષયવસ્તુના જુદાં જુદાં પાસાં પર તૈયાર કરેલ જુદાં જુદાં પાઠોનું આયોજન એકમ પાઠ આયોજન કહેવાય છે. સંસ્કૃતમાં એકમ પાઠમાં પાઠનું વિષયવસ્તુ પાઠમાં આવતા વ્યાકરણના મુદ્દા, વાચનશિક્ષણ, લેખન અભિવ્યક્તિ વગેરે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જુદાં જુદાં વિશિષ્ટ હેતુઓની પૂર્તિ માટે ચાર કે પાંચ તાસમાં જુદાં જુદાં પાસાંઓનું અધ્યયન કરવામાં આવે છે. અંતે બધાં જ પાસાંઓને આવરી લઈ લેતી સર્વગ્રાહી કસોટીની રચના કરી મૂલ્યાંકન કરવામાં આવે છે. આ રીતે એક એકમનું અધ્યયન ચાર કે પાંચ તાસના સમયગાળામાં પૂર્ણ કરી શકાય.

**મહત્ત્વ :**

વિવિધ વિશિષ્ટ હેતુઓને સિદ્ધ કરવા માટે એકમ આયોજન જરૂરી છે. એકમ આયોજનથી વિષયાંગને સાંગોપાંગ શીખવી શકાય છે. એકમના દરેક પાસાંને યોગ્ય ન્યાય મળે છે સાથે સાથે મોટા પ્રમાણમાં અધ્યયન અનુભવો પૂરા પાડી શકાય છે. અધ્યાપનમાં સાતત્ય આવે છે અને શિક્ષણકાર્ય અખંડિત અને

સમવાયી બને છે. મૂલ્યાંકનમાં પણ અધ્યાપનમાં બધાં પાસાંઓ સમાવી શકાય છે. એક જ એકમના વિવિધ પાસાંઓ માટે વિવિધ પદ્ધતિનોને ઉપયોગ કરી શકાય છે. વળી પુનરાવર્તન અને દઢીકરણ માટે પણ પૂરતો અવકાશ મળે છે. આ રીતે અધ્યાપનકાર્યને આનંદપ્રદ અને લચીલું બનાવી શકાય છે.

**સોપાનો**

એકમ આયોજનનાં સોપાનો નીચે મુજબ છે.

**1. એકમનું નામ :**

વિષયાંગના વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખી એકમનું શીર્ષક પસંદ કરવામાં આવે છે. ક્યારેક એક જ પાઠના વિષયવસ્તુને પસંદ કરવામાં આવે છે. ત્યારે તે પાઠનું શીર્ષક જ મુખ્ય એકમના નામ તરીકે સ્વીકારાય છે.

**2. પેટા એકમો :**

એકમ આયોજનમાં મુખ્ય એકમના ચારથી પાંચ નાના નાના એકમો બનાવવામાં આવે છે. દા.ત.મુખ્ય એકમને વિભાજીત કરતાં લેખક કે કવિનો પરિચય, આદર્શ વાચન-શાંતવાચન કે ગાન વિષયવસ્તુની ચર્ચા, ભાષાવસ્તુની ચર્ચા, સારગ્રહણ, મૂલ્યાંકન જેવાં વિવિધ પેટા એકમો મળે છે. આ પેટા એકમો તાસવાર નીચે પ્રમાણે વહેંચી શકાય.

તાસ : 1 વિષયાભિમુખ અને લેખક/કવિનો વિગતે પરિચય

તાસ : 2 આદર્શવાંચન/ગાન અને વ્યાખ્યા

તાસ : 3 વિષયવસ્તુની ચર્ચા

તાસ : 4 ભાષાવસ્તુની ચર્ચા

તાસ : 5 સમગ્ર/સંકલિત ચર્ચા

તાસ : 6 મૂલ્યાંકન

**3 સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ :**

સમગ્ર એકમને ધ્યાનમાં રાખીને સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ નક્કી કરવામાં આવે છે. દરેક સામાન્ય હેતુ માટે વિશિષ્ટ હેતુની રચના કરવામાં આવે છે. દા.ત. સામાન્ય હેતુ : વિદ્યાર્થી મૌખિક અભિવ્યક્તિનો વિકાસ કરે.

**વિશિષ્ટ હેતુઓ :**

વિદ્યાર્થી વિષયવસ્તુ ઉપર આધારિત પ્રશ્નોના ઉત્તર આપે.

- વિદ્યાર્થી શબ્દોના અર્થ જણાવે.
- વિદ્યાર્થી કથાસાર જણાવે.
- વિદ્યાર્થી કાર્ય-કારણ સંબંધ જણાવે છે.
- વિદ્યાર્થી પ્રસંગ કે પરિસ્થિતિનું વર્ણન કરે.
- વિદ્યાર્થી પોતાના વિચારો અભિવ્યક્ત કરે.
- વિદ્યાર્થી વાક્યોનું ભાષાંતર કરે.

**4 વિષયવસ્તુના મુદ્દા :**

સમગ્ર એકમને ધ્યાનમાં રાખીને પ્રત્યેક તાસ માટે વિષયવસ્તુના મુદ્દાની નોંધ કરવી જોઈએ. દા.ત.

તાસ : 1 પ્રસ્તાવના લેખક/ પરિચય આદર્શવાંચન / વ્યાખ્યા

તાસ : 2 વિષયવસ્તુની ચર્ચા (દા.ત. સૌર ઊર્જાના ઉપયોગ)

તાસ : 3 ભાવાનુવાદ/ભાષાવસ્તુનું અધ્યયન

તાસ : 4 મુખ/મૂકવાચન/ગાન

તાસ : 5 મૂલ્યાંકન

**5. સંકલ્પનાઓ :**

આ એકમમાં આવતા વિવિધ ખ્યાલો અને સંકલ્પનાઓ સ્પષ્ટ કરવી જોઈએ. શબ્દ સંકલ્પના, વસ્તુ સંકલ્પના, સંદર્ભો અને સાધનોની સહાયથી શિક્ષક. જે સંકલ્પના કે વિદ્યાર્થીની દૃષ્ટિએ કઠિન મુદ્દાની સ્પષ્ટતા કરવી જરૂરી હોય તેની નોંધ કરવી જોઈએ. વિદ્યાર્થીનું પૂર્વજ્ઞાન, રસ, રુચિ, વલણ, કક્ષા, વય, વાતાવરણ જેવાં ઘટકોને ધ્યાનમાં રાખી આવી સંકલ્પનાઓ સ્પષ્ટીકરણ માટે નોંધવી જોઈએ. સંસ્કૃત અધ્યાપનમાં અપરિચિત શબ્દો, રૂઢિપ્રયોગો ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓના સંદર્ભો, વિશિષ્ટ નામોની વિવરણાત્મક નોંધો ઈત્યાદિની સંકલ્પનાઓ સ્પષ્ટ કરવી જરૂરી છે.

**6. અધ્યાપન પદ્ધતિ :**

શિક્ષક એકમના વિવિધ પાસાંઓના અધ્યાપન માટે વિવિધ પદ્ધતિઓના ઉપયોગ કરી શકે છે. મુખ્ય એકમના પેટા એકમો માટે જે પદ્ધતિઓ અને પ્રયુક્તિઓને ઉપયોગમાં લેવાની હોય તેની નોંધ અહીં કરવામાં આવે છે. દા.ત.કથન પદ્ધતિ, આગમન-નિગમન પદ્ધતિ, પ્રશ્નોત્તરીની પ્રયુક્તિ નાટ્યીકરણની પ્રયુક્તિ, ચર્ચા પદ્ધતિ વગેરે.

**7. શૈક્ષણિક સાધનો :**

અધ્યાપનને અસરકારક, સરળ અને રસપ્રદ બનાવવા માટે શૈક્ષણિક સાધનોના ઉપયોગ ખૂબ જ મહત્ત્વનો છે. શિક્ષક એકમ પાઠ દરમ્યાન જે જે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાનો વિચારે છે. તે તમામ સાધનોનો ઉલ્લેખ આ સોપાનમાં કરવાનો હોય છે. દા.ત.ચાર્ટ, ચિત્રો, નમૂના ટેપરેકોર્ડર, કમ્પ્યૂટર વગેરે.

**8. અધ્યયન પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ વ્યક્તિગત રીતે સામૂહિક રીતે વર્ગની અંદર કે બહાર જે પ્રવૃત્તિઓ કરશે તેની નોંધ અહીં કરવામાં આવે છે. દા.ત. શ્લોકગાન કરવું, પ્રશ્નોના ઉત્તર આપવા, સમાન અર્થ ધરાવતી પંક્તિઓનું ચયન કરવું, ચાર્ટ બનાવવા, વ્યક્તિ કે સંસ્થાની મુલાકાત લેવી વગેરે.

**9. મૂલ્યાંકન :**

મુખ્ય એકમના વિવિધ પેટા એકમોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કસોટીની રચના કરવામાં આવે છે. આ કસોટી અંતિમ તાસમાં લેવામાં આવે છે. તાસ આયોજનની જેમ પ્રત્યેક તાસના અંતે મૂલ્યાંકન ન કરતાં એકમ આયોજનના અંતિમ તાસમાં મૂલ્યાંકનની કસોટી આપવામાં આવે છે. આ કસોટીની રચના વિષય વસ્તુના બધા જ મુદ્દાઓને સમાવતી, જ્ઞાન, સમજ,

કૌશલ્યો અને ઉપયોજનના હેતુઓને યોગ્ય ભાર આપતી અને પ્રશ્નોના વૈવિધ્યને એટલે કે નિબંધ પ્રકારના, ટૂંકા જવાબી અને હેતુલક્ષી પ્રશ્નોને સમાવતી હોય એ રીતે કરવામાં આવે છે. ત્રિ-પરિમાણદર્શક કોઠામાં વિષયવસ્તુના મુદ્દા-હેતુઓ અને પ્રશ્નપ્રકારના ગુણભારને દર્શાવવામાં આવે છે.

**10. સ્વાધ્યાય :**

પ્રત્યેક તાસના અંતે પેટા એકમ ઉપર આધારિત સ્વાધ્યાય આપવામાં આવે છે.

**11. સંદર્ભ સાહિત્ય :**

અહીં શિક્ષકે વિષયનિરૂપણ માટે ઉપયોગમાં લીધેલ સંદર્ભોની યાદી દર્શાવવામાં આવે છે. પુસ્તકો ઉપરાંત સામયિકો, વર્તમાનપત્રો, શબ્દકોશ, વેબસાઈટ ઈત્યાદિની સહાય લીધી હોય તો તે પણ અહીં નોંધવામાં આવે છે. વ્યક્તિ કે સ્થળની મુલાકાત લીધી હોય તો તેની પણ નોંધ અહીં કરવામાં આવે છે.

**12. શ્યામ ફલક કાર્ય :**

તાસવાર પ્રત્યેક પેટા એકમનું શ્યામફલક કાર્ય અલગ અલગ રીતે કરવામાં આવે છે.

**નમૂનાનો પાઠ :**

**એકમ આયોજન**

મુખ્ય એકમ : ધેનુ **:** प्रसाद (ગદ્ય-4, ધો-9.)

**પેટાએકમ :**

તાસ-1 પ્રસ્તાવના રામાયણકથાના મૂળ સ્ત્રોત તરીકે રઘુવંશની કથા

તાસ-2 દિલીપનું અપુત્ર હોવું, વશિષ્ટના આશ્રમે જવું.

તાસ-3 નંદિની ગાયની સેવા, પુત્ર પ્રાપ્તિનું ફળ.

તાસ-4 હ્યસ્તન ભૂતકાળનાં રૂપો, સહ-સાધર્મનો ઉપયોગ.

તાસ-5 મૂલ્યાંકન

**3. સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ :**

સામાન્ય હેતુ : વિદ્યાર્થી સંસ્કૃત ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવે.

**વિશિષ્ટ હેતુઓ :**

- વિદ્યાર્થી સંસ્કૃતમાં આદિ કવિ વાલ્મિકી વિશે જાણે.
- વિદ્યાર્થી સંસ્કૃતના મહાકાવ્ય રામાયણ વિશે જાણે.
- વિદ્યાર્થી રઘુના જન્મ વિશે જાણે.
- વિદ્યાર્થી સરળ અને સંસ્કૃત વાક્યોને સમજે.
- વિદ્યાર્થી જરૂરી વ્યાકરણનું જ્ઞાન પ્રાપ્ત કરે.

**સામાન્ય હેતુ :** વિદ્યાર્થી શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.

**વિશિષ્ટ હેતુઓ :**

- વિદ્યાર્થી આદર્શ વસ્તુનું વાંચન કરી વિષયવસ્તુ જાણે.
- વિદ્યાર્થી પાત્રમાં આવતો સંવાદો સાંભળીને સમજે.
- વિદ્યાર્થી શ્રવણ દ્વારા મનોરંજન મેળવે.
- વ્યકતાના કથનનું મૂલ્યાંકન કરે.

**સામાન્ય હેતુ :** શૈક્ષણિક કથન દ્વારા મૌખિક અભિવ્યક્તિનો વિકાસ કરે.

**વિશિષ્ટ હેતુઓ**

- વિદ્યાર્થી શુદ્ધોચ્ચારપૂર્વક અને આરોહ-અવરોહપૂર્વક બોલે.
- વિદ્યાર્થી પાઠમાં આવતાં પ્રસંગોને પોતાની ભાષામાં કે સરળ સંસ્કૃતમાં રજૂ કરે.
- વિદ્યાર્થી પાઠમાં આવતાં સંવાદો રજૂ કરે.
- વિદ્યાર્થી યોગ્ય રીતે પ્રશ્નોના જવાબ આપે.

**સામાન્ય હેતુ :** વિદ્યાર્થી વાંચન દ્વારા અર્ણગ્રહણ કરે.

**વિશિષ્ટ હેતુઓ :**

- વિદ્યાર્થી પાઠનું વિષયવસ્તુ જાણે.
- વિદ્યાર્થી યુદ્ધોચ્ચારપૂર્વક અને આરોહ-અવરોહપૂર્વક વાંચન કરે.
- વિદ્યાર્થી શબ્દો/વાક્યોના વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ સમજે.
- વિદ્યાર્થી વાક્યોમાંના વિનોદ અને કટાક્ષને સમજે.
- વિદ્યાર્થી વાંચવાનો આનંદ મેળવે.

સામાન્ય હેતુ : વિદ્યાર્થી લેખન દ્વારા લિખિત અભિવ્યક્તિનો વિકાસ કરે.

**વિશિષ્ટ હેતુઓ :**

- વિદ્યાર્થી પાઠના મુખ્ય પ્રસંગો લખીને વ્યક્ત કરે.
- વિદ્યાર્થી પૂછાયેલાં પ્રશ્નોના ઉત્તરો લખે.
- વિદ્યાર્થી સંસ્કૃતની સાચી લિપિમાં સાચી જોડણી અને વિરામચિહ્નોના ઉપયોગ સાથે લખે.

**સામાન્ય હેતુ :** વિદ્યાર્થી વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે.

**વિશિષ્ટ હેતુઓ**

- વિદ્યાર્થી અપરિચિત શબ્દોનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થી હ્સ્તન ભૂતકાળનાં રૂપો અને સહ, સાધર્મનો ભાષામાં ઉપયોગ કરે.

તાસ-1 પ્રસ્તાવના રામાયણકથાના મૂળ સ્ત્રોત તરીકે રઘુવંશની કથા

- रघुकुल रीत सदा चली आई ।

  प्राण जाय पर वचन न जाई ।।

**પંક્તિની ચર્ચા દ્વારા વિષયાભિમુખ**

- ‘રામાયણ કથાના સ્ત્રોત તરીકે’
- રઘુવંશની કથા

તાસ-2 દિલીપનું અપુત્ર હોવું, વશિષ્ટના આશ્રમે જવું.

- धेनु : प्रसाद પાઠના मनो......अगच्छ સુધીનો ખંડ

તાસ-3 નંદિની ગાયની સેવા, પુત્ર પ્રાપ્તિનું ફળ.

તાસ-4 હ્સ્તન ભૂતકાળનાં રૂપો-પરસ્મૈપદ અને આત્મને પદનાં ત્રણે પુરૂષ, લિંગ અને વચનમાં સમમ સહ અને સાધર્મ સાથે ત્રીજી વિભક્તિનો ઉપયોગ.

તાસ-5 મૂલ્યાંકન

- સમગ્ર એકમ

**5. સંકલ્પનાઓ**

તાસ-1 રઘુવંશ

તાસ-2 અપરિચિત શબ્દો

भूपात : રાજા

भूपति : રાજા

नरदेव : રાજા

वधू : પત્ની

તાસ-3 અપરિચિત શબ્દો

वर्णशाला ઝૂંપડી

मर्हषि : પરણેલી

प्रसाद : કૃપા

सुत : પુત્ર

તાસ-4 હ્સ્તન ભૂતકાળનાં રૂપો

अभवत्, आसीत्, अन्वभवत्, अविन्दत्, प्राणमताम

- सह-सार्धम નો ઉપયોગ

सीता रामेण सह/सार्धम वनं गच्छाति /

**અધ્યયન પદ્ધતિ અને પ્રયુક્તિ :**

- કથન-ચર્ચા પદ્ધતિ
- પ્રશ્નોત્તર પદ્ધતિ
- આગમન પદ્ધતિ

**શૈક્ષણિક ઉપકરણો :**

- પ્રસંગ દર્શાવતું ચિત્ર
- હ્સ્તન ભૂતકાળનાં રૂપોનો ચાર્ટ
- સહ-સાર્ધમના ઉપયોગનો ચાર્ટ
- વીંટાળ ફલક

**8. અધ્યયન પ્રવૃત્તિઓ :**

- કથન - પ્રશ્નોત્તર
- શ્રવણ - વાચન
- લેખન - અનુવાદ

**9. મૂલ્યાંકન :**

પાછળ નમૂનામાં આપ્યા પ્રમાણે લેખિત કસોટી દ્વારા મૂલ્યાંકન

**સ્વાધ્યાય :**

તાસ-1 રામાયણનો કોઈ પણ પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.

તાસ-2 ગદ્યમંડળનું ભાવવાહી ભાષાંતર લખો.

તાસ-3 પાઠનો સારાંશ લખો.

તાસ-4 પાઠમાંથી હ્સ્તન ભૂતકાળનાં રૂપો શોધને લખો.

સહ-સર્ધમના ઉપયોગવાળો વાક્યો શોધીને લખો.

**11 સંદર્ભ ગ્રંથો :**

- સંસ્કૃત અધ્યયન પરિશીલન : જયેન્દ્ર દવે, ડૉ.ચંદ્રકાન્ત ભોગયતા
- સંસ્કૃતનું અભિનવ અધ્યાપન- સી.કે.આકુવાલા
- ભગવદ્ ગોમંડળ.- ભગવતસિંહજી
- પાઠયેતર સંસ્કૃત - અડાલજા અને દેસાઈ

**12. શ્યામફલક કાર્ય**

**તાસ-1**

| તા.1-1-2010 | વિષયવસ્તુ સંસ્કૃત | ધોરણ = 9 |
|---|---|---|

વિષયાંગ : ધેનુપ્રસાદ :

**વિષયવસ્તુના મુદ્દા :**

- સંસ્કૃત સાહિત્યમાં આદિકવિ વાલ્મીકિ
- વાલ્મીકિ 'રામાયણ' મહાકાવ્ય.
- રઘુવંશ-રઘુ પ્રભાવી રાજા.
- રઘુના જન્મની કથા.

**તાસ-2**

તા.22-09-07 વિષય : સંસ્કૃત ધોરણ = 9

વિષયાંગ : धेनुप्रसाद :

વિષયવસ્તુના મુદ્દા : ભાષાવસ્તુના મુદ્દા :

- દિલીપનું અપુત્ર હોવું અપરિચિતશબ્દો

भूपत : રાજા

भूपति : રાજા

- વશિષ્ઠ મુનિના આશ્રમે जवुं नरदेव : રાજા

वधू : પત્ની

**તાસ-3**

તા.23-09-07 વિષય : સંસ્કૃત ધોરણ = 9

વિષયાંગ : धेनुप्रसाद :

**વિષયવસ્તુના મુદ્દા : ભાષાવસ્તુના મુદ્દા :**

- નંદિની ગાયની સેવા અપરિચિતશબ્દો
- પુત્ર પ્રાપ્તિનું ફળ वर्णशाला : ઝૂંપડી

महर्षि : પટરાણી

प्रसाद : કૃપા

सुत : પુત્ર

**તાસ-4**

તા.24-09-07 વિષય : સંસ્કૃત ધોરણ = 9

વિષયાંગ : હ્સ્તન ભૂતકાળ ભાષાવસ્તુના મુદ્દા :

**समम्-सह-सार्धम**

| | |
|---|---|
| હ્સ્તનભૂતકાળ | सममसह/सार्धम |
| गम.अगच्छत | सीता रामेण सह |
| नम–अनमतव | वनं गच्छाति/ |
| प्र+नम–प्राणमत् | सार्धम्, कार्यम करोति |
| | लक्ष्मण : रामैण |
| | समम् वर्णशालायाम वसति |

## મૂલ્યાંકન કસોટી

તા.25-09-07 વિષય : સંસ્કૃત ધોરણ = 9

વિષયાંગ : ધેનુપ્રસાદ : ગુણ : 9

**પ્રશ્ન-1 નીચેના ગદ્યખંડનો માતૃભાષામાં અનુવાદ કરો.**

अव्द्यान्तरे नन्दिनी वनात् प्रत्यागच्छत् ।

दिलीपो महिष्या समं वर्णशालामध्यवसत् ।

सः पलया सह अतीवादरेण नन्दिनीमसेवत् ।

तस्यानन्यया सेवया नन्दिनी प्रसव्द्या अभवत् ।

प्रसव्द्यायाः धेन्वत नृपः पुत्रमयाचत् । अव्द्यातरं धेन्वां प्रसादेन दिलीपस्य कुले रधु : नाम पुत्रो जातः ।

**પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1 દિલીપ અને સુદક્ષિણાએ આશ્રમમાં કોને પ્રણામ કર્યા ?

2 સંતાન પ્રાપ્તિ માટે વશિષ્ઠે દિલીપને શું કહ્યું ?

3 દિલીપે નંદિનીની સેવા કઈ રીતે કરી ?

4 આ પાઠમાં રાજા માટે વપરાયેલ સંસ્કૃત શબ્દો લખો.

**પ્રશ્ન-3 સૂચવ્યા પ્રમાણે કરો**

**1. નીચેના શબ્દો માટે પર્યાયવાચી શબ્દો આપો.**

वधूः सुतः

**2. નીચેના શબ્દોના અર્થ આપો.**

महिषी, प्रसादः

**3. दिलीप्ते नाम भूपात : ............................**

ભૂ.ધાતુનું હ્યસ્તનભૂતકાળનું યોગ્ય રૂપ મૂકી ખાલી જગ્યા પૂરો.

**4. आश्रममगच्छत् (સંધિવિગ્રહ કરો)**

**5. राम : ...... सह गच्छाति ।**

(લક્ષ્મણ શબ્દનું યોગ્ય રૂપ મૂકી ખાલી જગ્યા પૂરો)

**6. दिलीप्ते महिषी समं वर्णशालम् अध्यवसत् ।**

(વાક્ય સુધારો)

**7. નીચેનામાંથી હ્યસ્તભૂતકાળનાં રૂપો ઓળખાવી ધાતુ અને પુરુષ વચન જણાવો.**

**जातः अयाचत, अभवत्, वसति, वर्तते**

### 4.5 તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત :

તાસ આયોજનમાં એક જ તાસનું આયોજન હોય છે. જ્યારે એકમ આયોજનમાં ચારથી છ તાસનું આયોજન હોય છે. તાસ આયોજનમાં મર્યાદિત સંખ્યામાં વિશિષ્ટ હેતુઓ સમાવી શકાય છે. જ્યારે

એકમ આયોજનમાં તમામ પ્રકારના વિશિષ્ટ હેતુઓ સમાવાની તક રહે છે.

- તાસ આયોજનમાં એક જ કે જૂજ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય છે. જ્યારે એકમ આયોજનમાં અધ્યાયનની વિવિધ પદ્ધતિઓઓ વિનિયોગ જુદાં જુદાં પાસાં માટે કરી શકાય છે.
- અધ્યાયન-અધ્યયન પ્રવૃત્તિઓ માટે તાસ આયોજનમાં સમય મર્યાદિત હોય છે. જ્યારે એકમ આયોજનમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે પર્યાપ્ત સમય લઈ શકાય છે.
- તાસ આયોજનમાં સાતત્ય કે એકસૂત્રતાનો

અમલ થાય છે. જ્યારે એકમ આયોજનમાં જુદાં જુદાં તાસમાં શીખવાનું હોઈ આવા સાતત્ય કે એકસૂત્રતાનો ભંગ થાય છે.

- તાસ આયોજનમાં અન્ય વિષય સાથે અનુબંધ બાંધવામાં મુશ્કેલી પડે છે. જ્યારે એકમ આયોજનમાં આ માટે પૂરતો અવકાશ મળે છે.
- શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાની પૂરી તક પણ તાસ આયોજન કરતાં એકમ આયોજનમાં આ માટે પૂરતો અવકાશ મળે છે.
- શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાની પૂરી તક પણ તાસ આયોજન કરતાં એકમ આયોજનમાં વધારે મળે છે.
- તાસ આયોજનમાં મૂલ્યાંકન પ્રત્યેક તાસના અંતે કરવામાં આવે છે. જ્યારે એકમ આયોજનમાં અંતિમ તાસમાં જ મૂલ્યાંકન કરાય છે.
- તાસ આયોજનમાં મહદ્અંશે હેતુલક્ષી પ્રશ્નો દ્વારા જ મૂલ્યાંકન થાય છે. જ્યારે એકમ આયોજનમાં લેખિત કસોટી દ્વારા પ્રશ્નોનું વૈવિધ્ય લાવી શકાય છે.
- તાસ આયોજનમાં સ્વાધ્યાય કંટાળાજનક બનતો હોય છે. જ્યારે એકમ આયોજનમાં મળે છે.
- તાસ આયોજનમાં ક્રિયા કરતાં જ્ઞાન ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. જ્યારે એકમ આયોજનમાં એનાથી ઊલટું જ્ઞાન કરતાં ક્રિયા ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે.
- તાસ આયોજન એક તાસ માટેનું હોઈ તેમાં પરિવર્તનને સ્થાન નથી. જ્યારે એકમ આયોજન લચીલું હોય છે. એક તાસના અંતે વિદ્યાર્થીઓની ક્ષમતા અને સ્થાનિક પરિસ્થિતિ અનુસાર આયોજનમાં જરૂરી ફેરફારો કરી શકાય છે.
- તાસ આયોજનમાં વિષયાભિમુખ દરેક તાસમાં થાય છે. એકમ આયોજનમાં પ્રથમ તાસમાં જ વિષયાભિમુખ કરવામાં આવે છે. બીજા તાસમાં પુનરાવર્તન પ્રશ્નો પૂછવામાં આવે છે.

## 12.6 તમારી પ્રગતિ ચકાસો

**(1) વાર્ષિક આયોજનનું મહત્ત્વ દર્શાવો.**

....................................................................

....................................................................

....................................................................

....................................................................

..........................................................................

..........................................................................

**(2) તાસ આયોજનનાં સોપાનો લખો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચે તફાવતનાં પાંચ મુદ્દા લખો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 12.7 સારાંશ :

શિક્ષણના ધ્યેયને સિદ્ધ કરવા માટે શૈક્ષણિક આયોજન આવશ્યક છે. શૈક્ષણિક આયોજનમાં શિક્ષણના ઉદ્દેશો, પદ્ધતિઓ, સાધનસામગ્રી, કાર્યસમય અને કાર્ય સાથે સંકળાયેલી વ્યક્તિઓનો વિચાર કરવામાં આવે છે. અધ્યાપન-અધ્યયનની પ્રક્રિયાને સફળ બનાવવા માટે શૈક્ષણિક આયોજન મહત્ત્વનું છે. આ આયોજન એક તાસનું અનેક તાસનું, સપ્તાહનું, માસિક કે વાર્ષિક હોઈ શકે છે.

નિયત કરેલો અભ્યાસક્રમ એક વર્ષની મર્યાદામાં પૂર્ણ કરવા માટે કામના કલાકો અભ્યાસના એકમો, અધ્યાપન પદ્ધતિઓ, શૈક્ષણિક સાધન સામગ્રીનું વર્ગખંડ વ્યવહારના સંદર્ભમાં આયોજન એટલે વાર્ષિક આયોજન. શિક્ષક દ્વારા કરવામાં આવતું એક તાસના કાર્ય માટેનું આયોજન તાસ આયોજન કહેવાય છે. આ એકમના વિવિધ વિશિષ્ટ હેતુઓની પૂર્ણતા માટે એક કરતાં વધુ તાસનું આયોજન એટલે એકમ આયોજન કહેવાય છે. એક તાસના આયોજનમાં સમયની મર્યાદાને કારણે વિષયાંગના બધાં જ વિશિષ્ટ હેતુઓ, વિવિધ અધ્યાપન પદ્ધતિઓ, શૈક્ષણિક ઉપકરણો, સંદર્ભ સાહિત્ય અને અધ્યાપન-અધ્યયન પ્રવૃત્તિઓને સંપૂર્ણ રીતે સમાવી શકાતા નથી જ્યારે એકમ આયોજનમાં આ બધા માટે પૂરતો અવકાશ રહે છે. તેનું મૂલ્યાંકન પણ વૈવિધ્યપૂર્ણ રીતે થઈ શકે છે. શિક્ષણની પ્રક્રિયાને અસરકારક, રોચક અને સફળ બનાવવા માટે દર્શાવેલ માળખા પ્રમાણે વાર્ષિક આયોજન, તાસ આયોજન અને એકમ આયોજન કરવું જોઈએ. આયોજન લચીલું અને પરિવર્તનશીલ હોવું જોઈએ. જેથી સમસ્યા ઉકેલ અને નિદાન- ઉપચાર કાર્યોને પણ હાથ ધરી શકાય.

## 12.8 સ્વાધ્યાય :

(1) શબ્દોના અર્થ કઢાવવાની વિવિધ પ્રયુક્તિઓ દર્શાવો.

(2) વાર્ષિક આયોજન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી પડે છે ? તે જણાવો.

## 12.9 ચર્ચા માટેના મુદ્દાઓ :

(1) પાઠ આયોજન શિક્ષણની અસરકારકતા વધારવા માટે જરૂરી છે.

(2) ચાર-પાંચ તાસનું ભેગું આયોજન કરવાથી એકમ આયોજન બનતું નથી.

## 12.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો :


(1) Bokil V.P.and Paranis S,R, A New Approach to Teaching of Sanskrit Loksangrah Press, Poona, 1956

(2) Apte D.G.: Teaching Sanskrit in Sacondary Schools; Acharya Book Depot, Baroda, 1960.

(3) Ramavaram Raja (K) : Teaching of Sanskrit Education Society Madras, 1965.

(4) Report on the Seminar of the methods of teaching Sanskrit Dept of Ext. Services, P.G.B.T. collage, Raipur, C.M.P.1961

(5) पंडित चतुर्वेदी सीताराम : संस्कृत शिक्षण पद्धति, नंदकिशोर एण्ड ब्रधर्स, वाराणसी, सं, 2096 (1960)


## 12.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(1) 4.2 (2) 4.3 (3) 4.5

डॉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-117
# સંસ્કૃતનું શિક્ષણ
# (Teaching of Sanskrit)

વિભાગ

4

## સંસ્કૃત શિક્ષણનાં ઉપકરણો, મૂલ્યાંકન અને અન્ય આનુષંગિક બાબતો


એકમ-14 સંસ્કૃત શિક્ષણનાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો

એકમ-15 સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-16 સંસ્કૃત શિક્ષણનાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-17 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો

# ES-117, સંસ્કૃતનું શિક્ષણ (વિભાગ-4)

| | |
|---|---|
| **લેખક** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મૌનસ જી. ઠાકર** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) વિજય પંડ્યા (નિવૃત્ત)** | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ભરતભાઈ પી. માળી** | ડી. ડી. ચોક્સી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |

**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 600

**ISBN : 978-93-5598-142-4**

Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-117 સંસ્કૃતનું શિક્ષણ (Teaching of Sanskrit)

**વિભાગ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અને મહત્ત્વ**

એકમ-1 સંસ્કૃત ભાષાનું સ્વરૂપ

એકમ-2 ભાષાનું મહત્ત્વ

એકમ-3 સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો

એકમ-4 ભારતીય ભાષાઓના વિકાસમાં સંસ્કૃતનું યોગદાન

એકમ-5 સંસ્કૃતને લોકપ્રિય બનાવવાના ઉપાયો

**વિભાગ-2 સંસ્કૃત શિક્ષણના હેતુઓ અને પદ્ધતિઓ**

એકમ-6 સાંપ્રત પદ્ધતિમાં સંસ્કૃતનું પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સ્થાન

એકમ-7 ધો.8 થી 10 સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનું મૂલ્યાંકન

એકમ-8 સંસ્કૃત શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

– પાઠશાળા પદ્ધતિ

– ભાંડારકર પદ્ધતિ

– અનુવાદ પદ્ધતિ

– આગમન-નિગમન પદ્ધતિ

– પ્રત્યક્ષ પદ્ધતિ

**વિભાગ-3 સંસ્કૃતમાં વિવિધ પાસાંઓનું શિક્ષણ અને આયોજન**

**(ધો.8 થી 10 સંસ્કૃત વિષયવસ્તુના સંદર્ભમાં)**

એકમ-9 ગદ્ય શિક્ષણ

એકમ-10 પદ્ય શિક્ષણ

એકમ-11 વ્યાકરણ શિક્ષણ

એકમ-12 સંસ્કૃત શિક્ષણનું આયોજન

**વિભાગ-4 સંસ્કૃત શિક્ષણનાં ઉપકરણો, મૂલ્યાંકન અને અન્ય આનુષંગિક બાબતો**

એકમ-13 સંસ્કૃત શિક્ષણનાં દશ્ય-શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-15 સંસ્કૃત શિક્ષણનાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-16 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 14 સંસ્કૃત શિક્ષણનાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો

: રૂપરેખા :


**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 સંસ્કૃત શિક્ષણનાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો**

- **14.2.1 પાઠ્યપુસ્તક**
- **14.2.2 કૃષ્ણફલક (Black Board) અને રંગીન ચોક**
- **14.2.3 ચિત્રો**
- **14.2.4 બુલેટીન બોર્ડ**
- **14.2.5 રેડિયો**
- **14.2.6 ટી.વી.**
- **14.2.7 કમ્પ્યૂટર - સીડી**
- **14.2.8 નમૂના (Models)**
- **14.2.9 ઓ.એચ.પી. (OHP)**
- **14.2.10 ટ્રાન્સપેરન્સી**

**14.3 તમારી પ્રગતિ ચકાસો**

**14.4 સારાંશ**

**14.5 સ્વાધ્યાય**

**14.6 ચર્ચા માટેના મુદ્દા**

**14.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**14.8 તમારી પ્રગતિ ચકાસો**


## 14.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે

(1) સંસ્કૃત શિક્ષણમાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોનું મહત્ત્વ સમજી શકશો.

(2) દૃશ્ય-શ્રાવ્ય સાધનોના વૈવિધ્યથી માહિતગાર થશો.

(3) દૃશ્ય-શ્રાવ્ય સાધનોની જાળવણી અંગે સજાગ બનશો.

(4) મૌલિક રીતે તમે જાતે કોઇ દૃશ્ય-શ્રાવ્ય સાધનનું નિર્માણ કરવાની પ્રેરણા મેળવી શકશો.

## 14.1 પ્રસ્તાવના

સંસ્કૃત શિક્ષણમાં, આમ તો ગમે તે શિક્ષણમાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે. ભગવાને માણસને પાંચ જ્ઞાનેન્દ્રિયો આપી છે. તે દ્વારા માણસને આખી દુનિયાનું જ્ઞાન થાય છે. જેમ કે ગુલાબ કે દાળવડા ઘ્રાણેન્દ્રિયનો વિષય છે. જ્યારે તેનો સ્વાદ માણવો તે સ્વાદેન્દ્રિયનો વિષય

છે. આંધળો માણસ પણ લતા મંગેશકર ગાય છે તે સમજી શકે કારણ કે તે શ્રવણેન્દ્રિયનો વિષય છે. આંધળો, બહેરો કે શરદીવાળો માણસ પણ પોતાને ટાંકણી ખૂંચી છે તે સમજી શકે છે. કારણ કે તે સ્પર્શેન્દ્રિયનો વિષય છે. જો તમે ખૂબ વિચાર કરશો તો સમજાશે કે દુન્વયી અર્થમાં 'સુખ' એ આ પાંચેય ઇન્દ્રિયોને સંતોષવાના પદાર્થોનો સરવાળો છે. ગરમ કપડાં, આછાં કપડાં, સોફા, પલંગ, મિષ્ટાન્નનો દૂરદર્શન, આકાશવાણી, ગીઝર, ફ્રીજ વગેરેનું કામ આ પાંચેય પૈકી કોઇને કોઇ ઇન્દ્રિયોને સંતોષવાનું છે.

આટલી વાત કર્યા પછી આપણે જો વધારે વિચાર કરીશું તો આપણને સ્વાભાવિક રીતે જ ખબર પડશે કે આ પાંચેય ઇન્દ્રિયો પૈકી શિક્ષણને લાગે વળગે છે, ત્યાં સુધી બે જ ઇન્દ્રિયો વધારે ઉપયોગી છે, તે છે આંખ અને કાન. આમ દશ્ય-શ્રાવ્ય સાધનોથી બંને રીતે માણસને જ્ઞાન થાય છે. હવે તમે સમજી શક્યા હશો કે દશ્ય શ્રાવ્ય સાધનોનું શિક્ષણમાં શું મહત્ત્વ છે. આ બંને પ્રકારના સાધનોથી શિક્ષણ સઘન, અસરકારક, ચિરસ્થાયી અને ફળદાયી બને છે.

**દશ્ય-શ્રાવ્ય સાધન શું છે ?**

દશ્ય-શ્રાવ્ય સાધનો છાપેલા કેળવેલા શબ્દો સિવાયનાં એવાં સાધન છે જે કોઇ વિશિષ્ટ વસ્તુનો સ્પષ્ટ ખ્યાલ મેળવવામાં સહાયક નીવડે છે. સ્પષ્ટ ખ્યાલ મેળવવામાં જો સૌથી વધારે ઉપયુક્ત બાબતો હોય તો તે છે પ્રત્યક્ષીકરણ, પુષ્પ, વૃક્ષ, વાઘ કે હિપોપોટેમસ કે જંગલ, પહાડ કે સમુદ્રની ગમે તેટલી વાતો કરો તેના કરતાં તેને પ્રત્યથી દેખાડો તો કેટલો ફેર પડે ? આ તો કેવળ એક ઉદાહરણ છે.

ડૉ. એસ. એસ. માથુરના મત મુજબ દશ્ય-શ્રાવ્ય વસ્તુ શ્રવણ અને દર્શનની ઇન્દ્રિયોને ઉત્તેજિત કરી દુર્બોધ વસ્તુને સુગમ બનાવે છે.

ઓ. એસ. ફાઇલરના મતે દશ્ય-શ્રાવ્ય સામગ્રી વિષયને કઠિનસ્તરથી સરળ સ્તર પર લઈ જવાની સહાયક સામગ્રી છે.

ડેન્ટના મત મુજબ દશ્ય-શ્રાવ્ય સામગ્રી વર્ગમાં કે અન્ય શિક્ષણ પરિસ્થિતિમાં લિખિત કે બોલાયેલી પાઠ્ય સામગ્રીને સમજવામાં સહાયભૂત થાય છે.

**દશ્ય-શ્રાવ્ય સાધનોનું શૈક્ષણિક મહત્ત્વ અને ઉપયોગિતા :**

1. શિક્ષણ વખતે વિદ્યાર્થીઓને અધ્યયન તરફ અભિપ્રેરિત કરે છે.
2. વિષ્યવસ્તુને વધુ રોચક અને પ્રભાવશાળી બનાવે છે.
3. શીખેલાં અથવા અનુભવેલ જ્ઞાનને દઢ બનાવે છે.
4. સંસ્કૃત માતૃભાષા ન હોવાથી અને પ્રમાણમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેને દુર્બોધ ગણતા હોઇ સંસ્કૃતમાં રુચિ ઉત્પન્ન કરે છે.
5. કેવળ વ્યાખ્યાનથી વિદ્યાર્થી કંગળવા કે બેધ્યાન થવા સંભવ છે. જ્યારે ઉદ્દીપક સામગ્રી દ્વારા તેને કંઇકે નજરે જોવા, સાંભળવા અને વિચાર કરવા તેમજ અભિવ્યક્તિ કરવાની તક મળે છે.
6. દૂર દૂરના પ્રદેશો કે ભૌગોલિક ભાગોને ચિત્રમય કે ચલચિત્રમય રીતે રજૂ કરવાથી વિષયવસ્તુ, સરળ, સહજ સ્પષ્ટ, સુગ્રાહ્ય અને રુચિપૂર્ણ બની જાય છે.
7. દશ્ય-શ્રાવ્ય સામગ્રીના ઉપયોગથી અધ્યાપન કરતા શિક્ષકને શ્રમ ઓછો પડે છે અને પાઠ આકર્ષક બને છે. સ્વયંભૂ અનુશાસન તથા ધ્યાનનું કેન્દ્રીકરણ સધાય છે.
8. અત્યંત નાની (સૂક્ષ્મ) વસ્તુને મોટા આકારમાં દર્શાવવાથી છાત્રને વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થાય છે.

9. વિષય વસ્તુના કઠિન અંશો દશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી સરળ બને છે.

10. મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત મુજબ એકથી વધુ ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત જ્ઞાન અધિક સ્પષ્ટ, પૂર્ણ, સ્વાભાવિક સ્થાયી અને રુચિકર બને છે.

## 14.2 સંસ્કૃત શિક્ષણનાં દશ્ય-શ્રાવ્ય ઉપકરણો

આઝાદી પછી શિક્ષણની વ્યાખ્યા બદલાઇ અને મૅકોલેના માળખાની નિરુપયોગિતા સમજાઇ. અનેક પંચો નિમાયા. ઘણી બધી ભલામણો થઈ અને શિક્ષણની વ્યાખ્યામાં આમુલ પરિવર્તનો થયાં. શિક્ષક તાલીમનાં ખ્યાલ આવ્યો. અત્યારે તો સેવાકાલીન તાલીમ, સર્વ શિક્ષા અભિયાન, કર્મયોગી, યોજના વગેરે અનેક નવાં તત્ત્વો દિન પ્રતિદિન શિક્ષણની ગુણવત્તા સુધારવા, તેની જીવનોપયોગિતા સ્થાપિત કરવા અને શિક્ષણને રોચક બનાવવાના આશયથી દાખલ થયા છે. એન.સી.ટી.ઈ. દ્વારા શિક્ષકને સક્ષમ (Competent) અને Professional બનાવવા સઘન તાલીમ આપવા માટે 3 સપ્તાહની અખિય ભારતીય તાલીમ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજી હતી. ખ્યાતનામ વિશ્વપ્રસિદ્ધ શિક્ષણવિદ્ શ્રી રવિન્દ્રભાઈ દવે સહિત અનેક મહાનુભાવોએ શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરી 10 ક્ષમતાઓ અને 5 સમર્થિતાનું વિસ્તારથી વર્ણન કરી Indianization, Professionalization અને Globalization ના પરિપ્રેક્ષ્યમાં ગહન ચર્ચા વિચારણાના અંતે બી.એડ્.નો કોર્સ 2 વર્ષનો કરવાનો ઠરાવ થયો. પણ એ પ્રયોગને પૂરતો પ્રતિભાવ ન મળ્યો. આ સર્વગ્રાહી ચર્ચામાં શૈક્ષણિક ઉપકરણોની વિસ્તૃત છણાવટ થઈ. તે મુજબ શૈક્ષણિક ઉપકરણો બન્યાં પણ ખરાં. આ દર્શાવે છે કે અખિલ ભારતીય કક્ષાએ શૈક્ષણિક ઉપકરણોનું મહત્ત્વ સ્વીકારાયું છે.

શરૂઆતમાં બહુ જ મર્યાદિત શૈક્ષણિક ઉપકરણો હતાં જેવાં કે - કૃષ્ણફલક ચોક, પાઠ્યપુસ્તક, નકશા પ્રયોગશાળાનાં સાધનો વગેરે. પણ શૈક્ષણિક ક્ષેત્રે જાગૃતિ આવતાં અને વિજ્ઞાન અને પ્રોદ્યોગિકીની કૂદકેને ભૂસકે પ્રગતિ થતાં વીજાણું ઉપકરણો સહિત અનેક શૈક્ષણિક ઉપકરણો ઉપલબ્ધ છે. તે તમામ ઉપકરણોનો સંનિષ્ઠાપૂર્વક ઉપયોગ અને વિદ્યાર્થીની સર્વાંગીણ પ્રાપ્તિ પ્રત્યે પ્રતિબદ્ધતાની ઉપસ્થિતિની નીચે કેટલાંક દશ્ય શ્રાવ્ય ઉપકરણો અને તેની ઉપયોગિતા દર્શાવવામાં આવી છે.

### 14.2.1 પાઠ્યચપુસ્તક

પાઠ્યપુસ્તક એક અત્યંત પ્રાચીન અને આધારશીલારૂપ અપરિહાર્ય શૈક્ષણિક સાધન છે. તેમાં નિર્ધારિત સમગ્ર અભ્યાસક્રમને તેમજ તેના ઉદ્દેશોને લક્ષમાં રાખીને પાઠો સમાવિષ્ટ કરવામાં આવ્યા હોય છે. સમગ્ર વર્ષ દરમિયાન પાઠ્યપુસ્તક સાધ્યની પૂર્ણ કરવાનું હોય છે. પાઠ્યપુસ્તક દહેલી દીપ છે. એક બાજુથી શિક્ષકનું પરમ સહાયક છે તો બીજી બાજુ વિદ્યાર્થીઓનું ઉત્તમ માર્ગદર્શક છે.

પાઠ્યપુસ્તકનું મહત્ત્વ સમજાવવા માટે એક બે મહાનુભાવોનાં અવતરણો જોઇએ.

''મને કોઇ દેશનાં પાઠ્યપુસ્તકો બતાવો, હું એ દેશની ભાવિ પ્રજા કેવી હશે તેની આગાહી કરી શકીશ''

''મને કોઇ પણ દેશનાં પાઠ્યપુસ્તકો રચવા દો - ભલે પછી તે દેશનાં રાજપુરુષો ગમે તે ગાંડપણ આચરે, પ્રજા - ઘડતરનું કાર્ય હું સંભાળી લઇશ.''

સંસ્કૃત સામાન્ય રીતે દુર્બોધ વિષય ગણાતો હોઇને પાઠ્યપુસ્તક વિદ્યાર્થીની વિચારશક્તિ અને પ્રવૃત્તિ માટે યોગ્ય તકો પૂરી પાડવા સાથે સાદ્યંત વિદ્યાર્થીઓને રસ પડે તેવું હોવું આવશ્યક છે. પાઠ્યપુસ્તકને સામાન્ય રીતે 3 ભાગમાં વહેંચીને સમજવું થઈ પડશે. (1) અંતઃ સ્વરૂપ (2) બાહ્ય સ્વરૂપ (3) લેખક.

**(1) અંતઃ સ્વરૂપ :** વિદ્યાર્થીની વયકક્ષાને અનુરૂપ વિષયવસ્તુની પસંદગી, સ્વાધ્યાય, સ્વ-અધ્યયન માટેની સામગ્રી મોટા અને છૂટા અક્ષર વગેરેને પાઠ્યપુસ્તકનું અંતઃ સ્વરૂપ ગણાવી શકાય.

**(2) બાહ્ય સ્વરૂપ :** પાઠ્યપુસ્તક પ્રથમ દૃષ્ટિએ જ ગમી જાય તેવું તથા આકર્ષક હોવું જોઈએ. રંગબેરંગી મુખપૃષ્ઠ, સફેદ ગ્લેઝવાળાં કાગળ, યોગ્ય જગ્યાએ વિષય વસ્તુને અનુરૂપ ચિત્રો, ચાર્ટસ, પુસ્તકનું યોગ્ય કદ, વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સુંદર છાપકામ, મોટા સક્ષમ, લીટીઓ વચ્ચે યોગ્ય અંતર, મજબૂત બાંધણી વગેરેનો બાહ્ય લક્ષણોમાં સમાવેશ કરી શકાય.

**(3) લેખક :** આ એક અતિ અગત્યનું પાસું છે.

સર્વપ્રથમ તો લેખક સંસ્કૃત શિક્ષણકાર્યનો અત્યંત અનુભવી અને વ્યાકરણનું તલસ્પર્શી જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. ગુજરાતી, ઈતિહાસ, ભૂગોળ, સમાજવિદ્યા વગેરે વિષયોમાં જોડણીનું થોડું ઘણું સ્ખલન ક્ષમ્ય એ રીતે ગણાય કે તેનાથી મૂળ મુદ્દાને હાનિ ન પહોંચે. જ્યારે સંસ્કૃતમાં તો मधूनि, मधुनी, मधुनि વચ્ચેનો તફાવત કે अगच्छत् અને अगच्छत, नरः – नराः (બંને બ.વ.છે. नृ – ना, नरो, नरः – नर – नरौ – नराः) यदि दास्यसि, न पिबामि, यदि न दास्यसि तर्हि पिबामि આ દેખીતું ઉલટું લાગે પણ दासि + असि એમ સંધિવિગ્રહ કરે તો સાર્થક લાગે. 'લોકનાથ' એટલે 'રાજા' કે 'ભિક્ષુકા' 'લોકનાથ' એટલે બંને, જો તત્પુ. સમાસ ગણો તો લોકોના નાથ એટલે 'રાજા' અને જો બહુવ્રીહિ ગણો તો 'લોકો છે જેના નાથ તે' (ભિક્ષુક) એત રીતે 'રામપુત્ર' લવ-કુશ પણ થાય અને દરશથ પણ થાય.

'ગિરિશ' અને 'ગિરીશ' માં શો ફેર.

गिरिश – गिरौ शेते हूति - પર્વત ઉપર સૂનાર (શંકર)

गिरीश – गिरफ ईश - ગિરિનો રાજા - હિમાલય. જોયું ? કેવા એક જ શબ્દમાં સ્વસુર અને જામાર્તા બંને આવી ગયા. આ તો ઉદાહરણ માત્ર છે. પણ હ્રસ્વ ઇ, દીર્ઘ ઈ, હ્રસ્વ ઉ, દીર્ઘ ઊ, ખોડો અક્ષર કે આકારના અક્ષર અનુસ્વાર કે બિનઅનુસ્વાર વગેરેના કારણે અર્થમાં કેવો મોટો અનર્થ સર્જાય ?

આતો તલસ્પર્શી જ્ઞાનની અનિવાયર્યતા જણાવી, પણ આટલું બસ નથી. સંસ્કૃત શિક્ષણ પદ્ધતિઓનું જ્ઞાન, નૂતન પ્રવાહોનો સારો એવો પરિચય, અભ્યાસક્રમ અને ભાષા શિક્ષણનું જ્ઞાન રજૂઆતની મનોવૈજ્ઞાનિક પદ્ધતિ, સાહિત્યનો વિશાળ અનુભવ (યોગ્ય પસંદગી માટે) અને છેલ્લે સંસ્કૃત પ્રેમ અને છાત્રોની રુચિ અને રસની જાણકારી વગેરે સંસ્કૃત લેખકનાં આવશ્યક લક્ષણો ગણાય.

### 14.2.2 કૃષ્ણફલક (Black Board) અને રંગીન ચોક :

આ પણ એક અનિવાર્ય દૃશ્ય ઉપકરણ છે. થોડું અનુસંધાન અસ્થાને નહીં ગણાય. અમારી (આ લેખકની) પેઢીમાં અમે પણ માત્ર એક કહેવત સાંભળેલી (અનુભવેલી નહીં) 'ભણી ભણીને પાટલો ફાડ્યો' અને નિશાળને પણ 'ધૂળી નિશાળ કહેતા, એમ સાંભળ્યું છે કે તે જમાનામાં એક પાટલો અને ઝીણી લોટ જેવી બારીક ધૂળ (રજ)ની પોટલી અને એક લાકડાની સળી લઈ વિદ્યાર્થી નિશાળે જતાં ત્યાં પાટલા ઉપર પોટલી ખંખેરે એટલે પાટલા ઉપર બારીક રજનું પડ છવાઈ જતું. પછી તેના ઉપર લાકડાની સળીથી અક્ષરો લખાતા. ત્યાર પછી પથ્થરની પાટી અને પેન, પછી પતરાની પાટી, પૂંઠાની પાટી, પછીનાના બાળકોની મેજિક સ્લેટ વગેરે આવ્યાં, હવે તો નોટબૂકોએ તેમનું સ્થાન લઈ લીધું છે. કૃષ્ણફલક એટલે 'મોટી પાટી' જેના ઉપર લખેલા અક્ષર આખા વર્ગખંડના છાત્રોને વંચાય. આમ તો આ 'કૃષ્ણ ફલક' છે લીલા રંગના અને કાચ મઢ્યા પણ હોય છે. વર્ગખંડમાં અભ્યાપન દરમિયાન કઠિન શબ્દોથી માંડીને જાતજાતનાં લખાણ જરૂરી હોય છે. કૃષ્ણફલકના ઉપયોગમાં સુંદર અક્ષર, સીધી લીટીમાં લખાણ, ક્ષતિ રહિત લખાણ જરૂરી હોય ત્યાં યોગ્ય સ્તંભો પાડી કે કોષ્ટક બનાવી લખાણ, પ્રમાણભાન વગેરેથી કૃષ્ણ ફલકનો સાર્થક ઉપયોગ થયો ગણાય.

**રંગીન ચોક :**

(આ લેખકનો અનુભવ સિદ્ધ, અત્યંત સફળ પ્રયોગ છે. જે એસ.એસ.સી., એચ.એસ.સી. અને

બી.એડ્.ના છાત્રો ઉપર અજમાવવામાં આવ્યો છે. અત્રે એની ઝલક માત્ર પ્રસ્તુત છે. પણ તે અણુ વિસ્ફોટનું કામ કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે) ઉદાહરણથી સમજીએ.

દા.ત. नीयमनानाम् । नी य मान । नाम्

१ २ ३ ४

આ પ્રમાણે આમાં 4 રંગનો ઉપયોગ થયો. હવે તે રંગોમાં જ આ રીતે લખી શકાય ની 'ધાતુ' લઈ જવું य (કર્મણિ) = લઈ જવાનું, मान (વર્તમાનકૃદન્ત) લઈ જવાનું नाम् = 6.

२ ३ ४

વિ. બ. વ. લઈ જવાય તો.

એજ રીતે રામ સ્ય-રામ નું

१ २ १ २

स च्छाति = ભય છે

१ २ १ २

रच् - रचि त = રચે લું

१ २ १ २

આમ જો ઊંડી સમજપૂર્વક રંગીન ચોકનો ઉપયોગ કરવામાં આવે તો - વ્યાકરણની વિશદતા વધે, દુર્બોધતા ઘટે.

– ગુજરાતી કરવામાં પણ સરળતા રહે.

– રૂપો સહેલાઇથી ઓળખી શકાય.

(લેખક છાત્રોને બને તેટલાં વધુ કલરની બોલપેન સાથે લાવવા સૂચના આપતા હતાં.)

### 14.2.3 ચિત્રો :

આ દશ્ય ઉપકરણનું મૂલ્ય પણ જેટલું આંકીએ તેટલું ઓછું છે. એક જ ઉદાહરણ લઇએ 'ગણપતિ'નું ચિત્ર, છાત્રો સન્મૂખ રાખી પોઈન્ટરની મદદથી દર્શાવીએ 'एषा गणेशस्य शुण्डा' વગેરે તો સહેલાઈથી शुण्डा, कर्णो, शूर्पाकारौ, मोदकाः, मूषिकः, रदः मुकुटः વગેરે અનેક શબ્દો તેમજ एषा - एषः, एतौ વગેરેના લિંગ વચનની ઘણી બધી બાબતો એક જ તાસમાં સિદ્ધ થઇ શકે, એ રીતે કોઇ વિશાળ સરોવરનું દશ્ય હોય તો, પાણી, કમળ, તટ, હંસ, નૌકા, અવગાહન વગેરે અનેક શબ્દો શીખવી શકાય. આ તો માત્ર ઉદાહરણ છે. પણ શાળામાં ક્રીડાંગણ, ખેલકૂદ કરતા છાત્રો વગેરે પ્રત્યક્ષીકરણ થતાં સરળતા અને રસ-રુચિ અભિવૃદ્ધિ સાથે 'અવધારણા' ને પણ પુષ્ટિ મળે. ચિત્રો દ્વારા વિષયવસ્તુ તેમજ વ્યાકરણમાં પણ પુષ્કળ લાભ થાય.

એક વસ્તુ નોંધવી રહી કે ચિત્રોમાં પ્રમાણભાન અને તમામ વિગતો યોગ્ય સ્થળે સમાવિષ્ટ હોવી જરૂર છે. જો આમ થવામાં ક્ષતિ રહી જાય તો પ્રત્યક્ષીકરણ દ્વારા થયેલી અવધારણા પણ ક્ષતિયુક્ત થવાનો સંભવ છે.

### 14.2.4 બુલેટીન બોર્ડ

આ પણ એક પ્રકારનું બોર્ડ જ છે. પણ શ્યામફલક વર્ગખંડમાં હોય છે. ત્યારે આ સામાન્ય રીતે બહારની લોબીમાં રાખવામાં આવે છે. આમ તો આ બોર્ડનો ઉપયોગ કોઇ અગત્યની જાહેરાત, સૂચના, સમાચાર કે લઘુ સાહિત્યકૃતિના પ્રદર્શન માટે થતો હોય છે. બુલેટીન બોર્ડની વિશિષ્ટતા નીચે મુજબ છે.

વર્ગખંડ સિવાય શાળાના તમામ છાત્રો તેનો લાભ લઈ શકે છે.

– નવરાશના સમયમાં કે જતાં આવતાં તેનું લખાણ વાંચી શકાય છે. જેથી તાસનો સમયચ વેડફાતો નથી.
– આ બોર્ડ ઉપરની વિવિધ રંગી રજૂઆત કોઇને કોઇ છાત્રો તેની રુચિ અનુસાર એક યા બીજી પ્રેરણા કે પ્રોત્સાહન પૂરાં પાડી જાય છે.
– અવાર-નવાર તેના ઉપર નવી નવી સામગ્રી પીરસી શકાય છે.
– આ સામગ્રીઓનો જો કાળજીપૂર્વક સંગ્રહ કરવામાં આવે તો સારો એવો વૈવિધ્યપૂર્ણ વિવિધ વિષયોને આવરી લેતો માતબર સંગ્રહ તૈયાર થઈ શકે છે.

હવે જો સંસ્કૃતના સંદર્ભમાં વાત કરીએ તો .......... સુભાષિતો (સુભાષિતો, પ્રહેલિકાઓ, અન્યોક્તિઓ, પાદ્પૂર્તિ), સોનેરી સુવાક્યો, સૂત્રો, સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વિસર્ગ સંધિનો કોઠો, વિચાર વિસ્તાર વગેરે અનેક બાબતો રજૂ કરી શકાય. વિભક્તિઓનું માળખું બેને ત્રણ પ્રકારના અંગો (વ્યાકરણ સહિતના) અગાઉ જણાવ્યું તેમ વિવિધ રંગનો ઉપયોગ કરીને રજૂ કરી શકાય. દરરોજ એક એક અવ્યય રૂપ કૃદન્ત (હેત્વર્થ, સંબંધક ભૂતકૃદન્ત) વિશેષણ રૂપ કૃદન્ત (કર્મણિ ભૂ. કુ. વિધ્યર્થ કર્મણિ કૃદન્ત વગેરે રજૂ કરી શકાય.) સંસ્કૃત સ્વરૂપો, નામધાતુ, સતિસપ્તમીના પ્રયોગો પણ રજૂ કરી શકાય. ગુજરાતીમાં પણ આવાં સ્વરૂપો છે. તે પણ જણાવી શકાય. દા.ત. અમલીકરણ ઔદ્યોગિકીકરણ, સશક્તિકરણ, વનીકરણ, વૈશ્વિકરણ, ઘનીભવન, બાષ્પીભવન વગેરે ગુજરાતીમાં આપણે જે શબ્દો વાપરીએ છીએ તે સેના વિધ્યર્થ કર્મણિ કુદન્તો છે. જેનો અર્થ થાય છે. ‘વાલાયક’, ‘વાને પાત્ર’, ‘વાયોગ્ય’ ‘વાયોગ્ય’ ‘શકાય તેવું’ વગેરે (પ્રત્યયો છે य, तव्य, अलीय) દા.ત. પૂજ્ય, ખાદ્ય, નિન્દ્ય, ત્યાજ્ય, ભોગ્ય, વંદનીય, પ્રાતઃ સ્મરણીય અવિસ્મરણીય મન્તવ્ય, કર્તવ્ય, ગમ્ય, અગમ્ય, ભોજ્ય, પેટ વગેરે આ તો થોડાં ઉદાહરણ આપ્યાં. પણ કોઇપણ વસ્તુ જો યોગ્ય રીતે રજૂ કરવામાં આવે તો બુલેટીન બોર્ડનો વિષય ન બને એવું બને જ નહીં.

### 14.2.5 ફલેનલ બોર્ડ

આ એક ખાસ પ્રકારનું બોર્ડ છે. જેના ઉપર એક ખાસ પ્રકારનું કાપડ ‘ફલેનલ’ લગાડવામાં આવ્યું હોય છે. તેના ઉપર ડ્રોઇંગ પેપરમાંથી કે કોઇ સખત પદાર્થમાંથી બનાવેલા વિવિધ આકારો કે જેની પાછળ ખૂણા ઉપર કાચ પેપર લગાડવામાં આવ્યા હોય છે. તેમને જરાક વજન દઈ ચીપકાવી શકાય છે. કામ પૂરું થતાં તે આકારો ઉખાડી લઈ શકાય છે. વિવિધ રૂપો ભણાવવા કે કોઇ વાર્તા ભણાવવા ક્રમિક રીતે ચિત્રો ચીપકાવી શકાય છે. આમ સાધનો તૈયાર હોય તો ગમે ત્યારે ચીપકાવી અને ઉખાડી લઈ શકાય છે. આમ થવાથી સમય બચે છે, છાત્રોમાં રસ અને ઉત્સાહ વધે છે અને પદાર્થો કે પૈસાનો દુર્વ્યય થતો અટકે છે.

### 14.2.5 રેડિયો

શુદ્ધ ઉચ્ચારથી સરળ સુબોધ સંસ્કૃતમાં હિતોપદેશ જેવી કોઇ વાર્તા, સુભાષિત ગાન વગેરેનું આકાશવાણી ઉપરથી પ્રસારણ થઈ શકે છે. અગર એકાદ ગુરુજી અને બે કે ત્રણ શિષ્યો વચ્ચેના સંવાદરૂપે કોઇ એકમ રજૂ કરી શકાય છે. ગુરુજી સમજાવે, શિષ્યોને શંકા પડે ત્યારે પ્રશ્નો પૂછે અને ગુરુજી તેના ખુલાસા કરે એવી રીતનો 10 મીનિટથી 15 મીનિટનો કાર્યક્રમ પ્રસારિત થઈ શકે. આમાં પ્રસ્તુત કર્તાનો કંઠ મધુર અને ઉચ્ચારો તદ્દન સ્પષ્ટ અને શુદ્ધ હોવા જરૂરી છે. સુંદર કંઠે શાસ્ત્રીય છંદોનું ગાન કરવામાં આવે તો તે સુભાષિત શ્રોતાના કાનમાં ગૂંજ્યા કરે.

### 14.2.6 ટી.વી.

આજકાલ તો દૂર દર્શનની બોલબાલા છે. ઉપર જણાવેલાં તમામ ઉપકરણો કાં દશ્ય અને કાં શ્રાવ્ય

ઉપકરણો છે. જયારે ટી.વી. દશ્ય-શ્રાવ્ય ઉપકરણ છે. આમ આંખ અને કાન બંને દ્વારા પ્રત્યક્ષીકરણ થવાથી છાત્રની અવધારણા શક્તિમાં ઘણો ફેર પડે છે. કઠિન મુદ્દા સરળ બની જાય છે. વળી છાત્રોમાં રસની અભિવૃદ્ધિ થાય છે. એથી ધીમે ધીમે તેમનામાં સંસ્કૃત પ્રત્યેની અભિરુચિ કેળવાય છે. અગર વધે છે. વળી આવાં સામૂહિક પ્રસારણ માધ્યમો દ્વારા એક સમયે એક સાથે અસંખ્ય લોકો લાભ લઈ શકે છે. પોતાના જ ઘેર (અથવા શાળામાં) શાંતિથી કાર્યક્રમ ને માણી શકાય છે. મનોરંજન સાથે જ્ઞાનની સરિતાનો સુભગ ત્રિવેણી સંગમ રચાય છે. સંસ્કૃત નાટકોમાંથી કોઇ નાટ્ય ખંડ પસંદ કરી યોગ્ય પાત્ર વરણી કરી તેમને પૂરેપૂરી તાલીમ આપી, પાત્રને અનુરૂપ આરોહ-અવરોહ સહિતની શુદ્ધ ભાષામાં રજૂ કરવામાં આવે તો તેના દૂરગામી પરિણામો ચોક્કસ મળે છે. (લેખકે આજથી લગભગ 40 વર્ષ પહેલાં શાળાના મનોરંજન કાર્યક્રમમાં આવો જ એક નાટ્ય ખંડ **'कर्ण अश्वत्थाम्नोः कलहः'** સ્ટેજ પર રજૂ કરેલ. નાવીન્યના કારણે તે આઇટમ બધાના આકર્ષણનું કેન્દ્ર બનેલ. નાગરિકોમાંથી ઘણા પારિતોષિકો પણ જાહેર થયેલ અને તેનો પ્રભાવ એટલો પડ્યો કે નાટક બાદ પણ જે તે છાત્રને 'પધારો કૃપાચાર્ય !' પધારો અંગરાજ દુર્યોધન વગેરે પાત્રોનાં નામથી જ બીજા વિદ્યાર્થીઓ બોલાવતા અને એ એકમની વિશિષ્ટ છાપ અન્ય તમામ એકમની અપેક્ષાએ તેમનામાં સુદૃઢ થઈ હશે. તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે તે કાળમાં ટી.વી. નહતાં.)

### 14.2.7 કમ્પ્યૂટર - સીડી

કમ્પ્યૂટરની શોધ સામાન્ય માણસની હોય જે બહારની છે. હજુ બહુ થોડા વર્ષો પૂર્વે ટાઈપરાઈટરનો જમાનો હતો અને કોઈ લખાણની વધુ કોપી જોઈતી હોય તો સ્ટેન્સીલ પેપર કાપી તેને ડુપ્લિકેટર મશીન ઉપર કાળી શાહી વાળા પડદા ઉપર ચીપકાવી નકલો કાઢવામાં આવતી. વળી તેમાં કોઈ ભૂલ રહી ગઈ હોય તો સુધારી લેવાની સગવડ ન હતી. વળી સ્ટેન્સીલ એટલો બધા કાળી સ્યાહી વાળો હોય કે તેને સાચવી રાખવાનું મુશ્કેલ બનતું. તેથી ફરીવાર કામમાં લઈ શકાતો નહીં. જ્યારે કમ્પ્યૂટરમાં આ તમામ મુશ્કેલીનો હલ છે. સ્ક્રીન ઉપર વાંચતા કોઈ ક્ષતિ હોય તો ત્યાં જ સુધારી લઇ શકાય છે. વળી પ્રિન્ટરની મદદથી (અગર વધારે જરૂર હોય તો ઝેરોક્ષની મદદથી) જરૂરી સંખ્યામાં નકલો ઉપલબ્ધ બને છે. વળી મેમરીમાં વર્ષો સુધી અગત્યનો બાબતો સંગ્રહી શકાય છે. કોષક બનાવવા જાતજાતની ડીઝાઈનોથી મુખપૃષ્ઠ સુશોભન કરવું વગેરે તમામ સુવિધાઓ તેમાં હસ્તામલક વત્ હોય છે. કમ્પ્યૂટર અને સીડીનો ઉપયોગ કરી VCD કે DVD ની મદદથી તમે ધારો તેવા પ્રોગ્રામ કરી ટીવી પર પણ જોઇ શકો છો. જો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો કમ્પ્યૂટર પાસેથી દુનિયાનું કોઇપણ કામ સંતોષકારક રીતે લઇ શકાય છે.

### 14.2.8 નમૂના (Models)

નમૂના અથવા પ્રતિકૃતિ (Models) એ મૂળ વસ્તુનો ખ્યાલ આપતી વસ્તુ છે. જે શબ્દો શીખવવા હોય તે વસ્તુ વર્ગખંડમાં લાવવી શક્ય ન હોય ત્યાં નમૂના બહુ જ ઉપયોગી છે. અલબત્ત નમૂના મૂળ વસ્તુના તોલે ન આવી શકે. છતાં નમૂનો જેટલી ચીવટપૂર્વક તૈયાર કરવામાં આવ્યો હોય અને મૂળ વસ્તુની શક્ય તેટલી ઝીણામાં ઝીણી વિગતો તેમાં સમાવિષ્ટ કરવામાં આવી હોય તો સારો એવો ખ્યાલ છાત્રોના મગજમાં આવી શકે છે. દા.ત. ગણપતિ, શિવજી, કૃષ્ણ, રાધાકૃષ્ણ વગેરેની રંગબેરંગી આકર્ષકમૂર્તિઓ વર્ગમાં લઇ જઈ શકાય. તેમાંથી શિક્ષક પોતાની મૌલિક શક્તિ અનુસાર ઘણી બાબતો સમજાવી નિર્ધારિત ઉદ્દેશો સિદ્ધ કરી શકે. નમૂનો જ્યાં શક્ય ન હોય ત્યાં ચિત્રો કામ આપી શકે. દા.ત. સમુદ્ર, સરોવર, જંગલ, પહાડ, જંગલો, વૃક્ષો કુદરતી દશ્યો વગેરે માટે ચિત્રો જ વધુ ઉપયોગી થઈ પડે.

### 14.2.10 ઓ.એચ.પી. (OHP)

આ સાધન દ્વારા એક ખંડના બારીબારણાં બંધ કરી ખંડને અંધારિયો કરી સામી ભીંતે યોગ્ય જગ્યાએ

સફેદ પડદો ફીટ કરી તમે પડદાના પૂરા કદ જેટલું વિશાળ નિદર્શન કરી શકો. આમાં તમે ચિત્રો ચાર્ટ કોષ્ટક, શબ્દો, વ્યાકરણના મુદ્દા, લઘુ કથા, પ્રશ્નોત્તર, બહુવિકલ્પ પ્રશ્નો વગેરે અસંખ્ય બાબતો દર્શાવી શકો. વળી બંધ ખંડમાં નજર સમક્ષ નિદર્શન થતું હોઈ નીરવ શાંતિ, સંપૂર્ણ સ્વયંભૂ શિસ્ત અને ધ્યાનની એકાગ્રતા સાધવામાં પણ આનો જબરજસ્ત ફાળો હોઇ શકે.

### 14.2.11 ટ્રાન્સપેરન્સી

આની મદદથી તમે શીખવવાના અગત્યના મુદ્દા, વ્યાકરણ, સુભાષિત વગેરે ગમે તે બાબત ટ્રાન્સપેરન્સી ઉપર તેની વિશિષ્ટ સ્યાહીથી લખી ઓ.એચ.પી.ની મદદથી સ્ક્રીન પર રજૂ કરી શકો. આવા વિવિધ મુદ્દાને આવરી લેતી ટ્રાન્સપેરન્સી પર્યાપ્ત માત્રામાં સાથે રાખી તમે તમારે શીખવવાની બધી જ બાબતો ક્રમિક રીતે રજૂ કરી શકો. મુખ્ય બાબતો તેની પેટા બાબતો તેના પણ પેટા મુદ્દા રજૂ કરી શકાય. વળી એક મુદ્દો પડદા પર હોય તેનું વિવરણ સમાપ્ત થઈ જાય. છાત્રો જરૂરી નોંધ કરી લે, પછી જેમ જેમ જરૂર પડતી જાય તેમ મુદ્દાઓ પડદા પર લાવી શકાય. જેથી વધારાના મુદ્દાઓ ધ્યાનનું વિકેન્દ્રિકરણ ન કરી શકે અને એક પછી એક મુદ્દાની વિશદ્ છણાવટ ક્રમિક રીતે થઇ શકે. વળી આ ટ્રાન્સપેરન્સી ઉપર તેના માટેની ખાસ સ્યાહીથી લખેલું લખાણ ભૂંસાઈ જતું નથી. તેથી એકવાર તૈયાર કર્યા પછી તમે અનેકવાર ઉપયોગમાં લઇ શકો છો. અથવા અન્યને પણ ઉપયોગ કરવા માટે આપી શકો છો. ટ્રાન્સપેરન્સીની મદદથી અધ્યાપન થાય ત્યારે જે મુદ્દો પરદા ઉપર હોય તેની સાથોસાથ તેનું જરૂરી વિવરણ સચોટ મુદ્દાસર રીતે અને વિશદ્ સ્વરૂપે તેમજ ક્ષતિ રહિત થાય તે અત્યંત જરૂરી છે. આમ, ટ્રાન્સપેરન્સીનો ઉપયોગ તેના ઉપયોગકર્તા માટે પડકારરૂપ પણ છે. સંપૂર્ણ સજ્જતા સાથે જ ટ્રાન્સપેરન્સીનો મહત્તમ સદુપયોગ થઇ શકે. ટ્રાન્સપેરન્સી લાંબા સમય સુધી સાચવીને વારંવાર ઉપયોગમાં લઈ શકાય છે.

### 14.3 તમારી પ્રગતિ ચકાસો

**1. માણસને બાહ્ય જગતનું જ્ઞાન થવા માટે કુદરતે કેટલી જ્ઞાનેન્દ્રિયો આપી છે ? તેમના નામ જણાવી તેમનું કાર્ય ટૂંકમાં સમજાવો.**

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

**2. આ જ્ઞાનેન્દ્રિયો પૈકી શિક્ષણમાં મુખ્યત્વે કેટલી જ્ઞાનેન્દ્રિય ઉપયોગી છે ? તે સદૃષ્ટાન્ત સમજાવો.**

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

3. દૃશ્ય-શ્રાવ્ય સાધન શું છે ? શિક્ષણમાં તે કઈ રીતે ઉપયોગી થાય છે ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. દૃશ્ય-શ્રાવ્ય સાધનોનું શું મહત્ત્વ છે, અને કઈ રીતે ઉપયોગી છે ? તે મુદ્દાસર જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. વર્ગખંડમાં અધ્યાપન માટે અત્યંત આવશ્યક તેમજ અનિવાર્ય બે દૃશ્ય-સાધનોનાં નામ આપો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. સંસ્કૃતના શિક્ષણમાં રંગીન ચોકનું મહત્ત્વ સોદાહરણ સમજાવો અને તેના ફાયદા જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

7. કોઈપણ બે દૃશ્ય સાધનો, બે શ્રાવ્ય સાધનો તથા બે દૃશ્ય-શ્રાવ્ય સાધનોના નામ આપી તેમની ઉપયોગિતા જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 14.4 સારાંશ

સ્વાતંત્ર્યોત્તર કાળમાં શિક્ષણની પરિભાષામાં અમૂલ પરિવર્તન આવ્યું છે. બ્રિટીશરો દ્વારા પોતાના સ્વાર્થ માટે અપાતા શિક્ષણની નિરુપયોગિતા, સ્વાર્થ પરાયણતા અને ખાસ તો ઘાતકના લક્ષમાં આવતાં શિક્ષણના ઉદ્દેશો, અભિગમ, પદ્ધતિઓ, સાધનો વગેરેમાં નિરંતર પરિવર્તનો થયાં છે અને તેમની ભલામણોનો યથાશક્તિ અમલ થવા લાગ્યો. રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રીય એકતા, સ્વાતંત્ર્ય સેનાનીઓનાં શ્રમ અને બલિદાન, મૂલ્યોનું પ્રતિષ્ઠાપન વગેરે બાબતો ઉમેરાતી ગઈ. ઉપરાંત શિક્ષણ જે અમુક વર્ગ (Class) પૂરતું મર્યાદિત હતું તેને જનસમૂહ (Mass) સુધી પહોંચાડવાના અથાક પ્રયત્નો કરવામાં આવ્યો. વંચિતો, મહિલાઓ, દૂરપ્રદેશમાં વસતા તદ્દન પછાત આદિવાસીઓને સામાન્ય પ્રવાહમાં ભેળવવા મહિલાઓ, ખોડખાંપણવાળા માણસો વગેરે સર્વને આવરી લેવાનો વિચાર કરવામાં આવ્યો. NEP - 1986 હેઠળ રાષ્ટ્રકક્ષાની સંસ્થા (NCERT) જેવી સંસ્થાઓ રાજ્ય કક્ષાએ (SCERT) ઉતારવામાં આવી અને રાજ્ય કક્ષાની સંસ્થા (SIE) જિલ્લા કક્ષાએ (DIET) ઉતારવામાં આવી. આમ, સર્વગ્રાહી, સઘન પ્રયત્નો અને ઝૂંબેશો (TLC, PLC, CE) દ્વારા શિક્ષણનો પ્રસાર વધારવા સાથે તેની ગુણવત્તા ઊંચી લાવવાના પ્રયત્નો થયા જે હજી ચાલુ છે. આ પ્રયત્નોનાં એકભાગ રૂપે શૈક્ષણિક સાધનોનું વધતું જતું મહત્ત્વ, તેનાથી અધ્યયન-અધ્યાપનમાં પ્રાપ્ત થતી સરળતા, સચોટતા, પ્રત્યક્ષીકરણ દ્વારા જ્ઞાનનું દઢીકરણ, શિક્ષક અને વિદ્યાર્થીઓને થતા ફાયદા વગેરે અનેક બાબતો લક્ષમાં આવતાં આ સાધનોનું વાસ્તવિક મૂલ્ય સમજાવવામાં આવ્યું. તેમાં વળી આજના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના વિસ્ફોટના યુગમાં ઘણા વીજાણું માધ્યમો પણ અસ્તિત્ત્વમાં આવ્યા અને ઢગલાબંધ દૃશ્ય-શ્રાવ્ય સાધનો ઉપલબ્ધ થયાં. ઉપર નિર્દિષ્ટ સાધનો ઉપરાંત પણ ઘણાં અન્ય દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો આજે ઉપલબ્ધ છે. પણ મુખ્ય વાત છે. योजकस्तत्र दुर्लभः । સાધનો જેટલાં ઉપલબ્ધ હોય તેનો મહ્ત્તમ સદુપયોગ કરવા માટે, તે સાધનની જાળવણી માટે તેમજ તેના દીર્ઘકાલીન લાભોની જાણકારી માટે તે સાધન વાપરનાર (શિક્ષક) સંપૂર્ણપણે સજ્જ હોય તે તેમની પૂર્વશરત (Pre-requiste) છે. નહીંતર તો પેલી વાર્તા જેવું થાય. રાજાનો વફાદાર વાંદરો રાજાની ઊંઘ દરમિયાન હાથમાં તલવાર સાથે રક્ષણ કરતો હતો. એક માખી વારંવાર રાજાના નાક ઉપર બેસતી હતી. અનેકવાર ઊડાવવા છતાં ફરીફરીને ત્યાં જ બેસવા લાગી. આથી વાંદરાએ તેના ઉપર ખીજાઇને તલવારથી પ્રહાર કર્યો. પરિણામે તમે જાણો છો. માખીને કંઇ ન થયું. પણ રાજાનું નાક કપાઈ ગયું.

કદાચ જો ખૂબ પૂર્વવિચાર વિમર્શના અંતે પાકું આયોજન કરી ગાંધીનગર સ્થિત BISAG (Bhaskaracharya Institut of Space Application and Gen-informatics) જેવી સંસ્થાની મદદથી સેટેલાઇટ દ્વારા કાર્યક્રમ યોજી શકાય. તેમાં જે તે વિષયના ખ્યાતનામ તજ્જ્ઞો (નિષ્ણાતો)ને ઉપસ્થિત રાખી નિશ્ચિત રિસિવીંગ સેન્ટરો ઉપર લાભાર્થીઓને એકત્ર કરી કાર્યક્રમ યોજી શકાય. જ્યાંથી લાભાર્થીઓ માત્ર કાર્યક્રમ જ ન નિહાળી શકે પણ પ્રશ્નોત્તરી પણ કરી શકે. આમ આ satellite ના ઉપયોગ દ્વારા શિક્ષણ આપવાથી –

– સમયનો બચાવ થાય છે.

– શક્તિનો બચાવ થાય છે.

– એક સાથે અસંખ્ય લાભાર્થીઓ લાભ લઈ શકે છે.

– વળી નાવીન્યના કારણે કુતૂહલ, ઉદ્દીપન, ઇંતેજારી, તથા પ્રેરણા અને ઉત્સાહમાં પણ પુષ્કળ વધારો થઇ શકે છે. જે કોઇપણ જાતના અધ્યયન-અધ્યાપન માટે અત્યંત આવશ્યક લક્ષણો છે.

– એક સાથે અનેક તજ્જ્ઞોનો વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ લાભ લઇ શકે છે.

આ સમગ્ર ચર્ચાને અણુવિસ્ફોટ સમજવાની જરૂર છે. અત્રે વિચારકણો ધરવામાં આવ્યા છે. અને આશા છે કે આ એકમ વાંચ્યા પછી શિક્ષકો અને છાત્રોમાં કંઇક નવું, કંઇક મૌલિક કોઇક સંશોધન કરવાની પ્રેરણા મળે તે હેતુ અપેક્ષિત છે.

## 14.5 સ્વાધ્યાય

1. સંસ્કૃત ભાષાનું મહત્ત્વ અને ઉપયોગિતા સમજાવો.
2. સ્વાતંત્ર્યોત્તર કાળમાં શિક્ષણમાં આવેલ આમૂલ પરિવર્તનો વિષે સંક્ષિપ્ત નોંધ લખો.
3. સંસ્કૃત શિક્ષણમં દશ્ય-શ્રાવ્ય સાધનોની ઉપયોગિતા સમજાવો.
4. 'દશ્ય-શ્રાવ્ય' સાધનોની મદદથી પ્રત્યક્ષીકરણ થવાના કારણે શિક્ષણ સંગીન અને ચિરસ્થાયી બને છે. આ વિધાનની ચર્ચા કરો.
5. વિવિધ દશ્ય, શ્રાવ્ય અને દશ્ય શ્રાવ્ય સાધનોની યાદી બનાવી તેનો ઉપયોગ સમજવા પ્રયત્ન કરો.
6. વિવિધ દશ્ય-શ્રાવ્ય સાધનો વાપરવા માટે જરૂરી જ્ઞાન તથા જાણકારી મેળવવા પ્રયત્ન કરો.
7. ઓછા ખર્ચે, સ્થાનિક પર્યાવરણમાંથી તમે ક્યાં શૈક્ષણિક સાધનો બનાવી શકો તેમ છો તેનો વિચાર કરી તેવાં સાધન બનાવવા પ્રયત્ન કરી, મૌલિક સર્જનનો આનંદ માણો. દા.ત. ગ્રામ્ય પ્રદેશમાંથી માટી, વનસ્પતિ, લાકડાં વગેરેનો ઉપયોગ કરી શકાય. તે સિવાય નાના મોટાં બારદાન જેવાં કે ખાલી નાની મોટી શીશીઓ, ખોબો, પ્લાસ્ટિકનાં કપ, પેપર ડીશ વગેરે અસંખ્ય પદાર્થોમાંથી કઇ રીતે કયું શૈક્ષણિક સાધન બનાવી શકાય તેમ છે તેનો વિચાર કરો.

## 14.6 ચર્ચા માટેના મુદ્દા

1. ''સંસ્કૃતના અધ્યયન-અધ્યાપન માટે દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ અનિવાર્ય છે.'' આ વિધાનની તરફેણમાં દલીલ કરો.
2. ''દશ્ય-શ્રાવ્ય ઉપકરણો વિના પણ કુશળ શિક્ષક દશ્ય-શ્રાવ્ય સાધનો વગર પણ સંસ્કૃત અધ્યાપન સફળ રીતે કરી શકે છે.'' - આ વિધાનની વિરુદ્ધમાં દલીલ કરો.
3. સ્થાનિક પર્યાવરણમાંથી કયાં કયાં શૈક્ષણિક સાધનો બની શકે તેની મિત્રો સાથે ચર્ચા કરો.
4. ''દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરતાં પહેલાં તેમના સંચાલનનું અને જાળવણીનું સંપૂર્ણ જ્ઞાન અપેક્ષિત છે.'' ચર્ચો.
5. ''દશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગ સાથે જરૂર નોંધ કરવી અત્યંત આવશ્યક છે બલકે અનિવાર્ય છે.'' આ વિધાન વિષે તમારું મંતવ્ય જણાવો.
6. 'પાઠ્યપુસ્તક' અને 'શ્યામપટ' વર્ગખંડમાં સૌથી વધારે ઉપયોગી દશ્ય સાધન છે. – આ વિધાન ઉદાહરણ આપી સાબિત કરો.

## 14.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. संस्कृत शिक्षण – रीतशर्मा, अमिता जैन.
2. Pote, D. G. Teaching of Sanskrit Secondary Schools, Acharya Book Depot. Baroda, 1960.

3. ભાવસાર ધીરજલાલ : દશ્ય-શ્રાવ્ય શિક્ષણ અનડા બુક ડિપો પ્રકાશન, અમદાવાદ-1965.

4. Bokil V. P. and Parasnis S. R. 'A New Approach to Teaching of Sanskrit' Lok Sangrah Pree, Poona, 1956.

5. पंडित चतुर्वेदी सीताराम : संस्कृत शिक्षण पद्धति, नंदकिशोर एन्ड ब्रधर्स, वाराणसी, १९६०.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

(1) 1.1 (2) 1.1 (3) 1.1 (4) 1.1 (5) 1.2.1, 1.2.2 (6) 1.2.2 (7) 1.2.3 to 1.2.10

# એકમ 15

# સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન

**: રૂપરેખા :**


**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન**

**15.2.1 સંકલ્પના**

**15.2.2 વિવિધ પ્રકારની કસોટીઓ**

**15.2.3 મૂલ્યાંકનનું મહત્ત્વ**

**15.2.4 બ્લ્યૂ પ્રિન્ટ**

**15.2.5 આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો**

**16.2.6 આદર્શ પ્રશ્નપત્ર નિર્માણ**

**15.3 તમારી પ્રગતિ ચકાસો**

**15.4 સારાંશ**

**15.5 સ્વાધ્યાય**

**15.6 ચર્ચા માટેના મુદ્દાઓ**

**15.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**15.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**


## 15.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે..

- વિદ્યાર્થીઓમાં અધ્યયન પ્રત્યે જાગૃતિ ઉત્પન્ન કરી શકશો.
- પરીક્ષણ અને મૂલ્યાંકનની પરિભાષા વિશે સ્પષ્ટ ખ્યાલ મેળવશો.
- વિદ્યાર્થીઓમાં ચિંતન-મનનની પ્રવૃત્તિ વિકસાવી શકશો.
- વિદ્યાર્થીઓની માનસિક એકાગ્રતા તપાસી શકશો.
- મૌખિક અભિવ્યક્તિને પ્રોત્સાહિત કરી શકશો.
- સંસ્કૃત આદર્શ પ્રશ્નપત્રની વિશિષ્ટતાઓ વિશે ખ્યાલ મેળવશો.
- સંસ્કૃત ભાષામાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્યનું મહત્ત્વ સમજી શકશો.
- વિવિધ પ્રકારની કસોટીઓનો ખ્યાલ મેળવી શકશો.
- સંસ્કૃત ભાષા શિક્ષણને અસરકારક બનાવવા ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વ સમજી શકશો.

## 15.1 પ્રસ્તાવના

કોઈપણ વસ્તુ, વ્યક્તિ, સ્થાન, દશ્ય વગેરેના ગુણોની વિશિષ્ટતા જાણવાની ઈચ્છા માનવસહજ છે અને તેની બાબતમાં પોતાના વિચારો પણ માણસ અભિવ્યક્ત કરે છે. 'આ બેકાર છે' આ સુંદર છે.

'આ અત્યંત ઉપયોગી છે.' અદ્‌ભૂત છે. વગેરે ટીપ્પણી માણસો અવારનવાર કરતા હોય છે. ટૂંકમાં કોઇ વસ્તુ, વ્યક્તિ, પદાર્થ કે સ્થાનના સંપર્કમાં આવવાથી થયેલી સ્વાનુભૂતિ પ્રગટ કરવી એટલે મૂલ્યાંકન.

આજકાલ શિક્ષણમાં 'મૂલ્યાંકન' (Evaluation) શબ્દ અત્યંત પ્રચાર-પ્રસાર પામ્યો છે. 'શિક્ષણ' અને 'મૂલ્યાંકન' એક સિક્કાની બે બાજુ છે. શિક્ષકે કરેલ અધ્યાપનમાંથી છાત્રે કેટલું ગ્રહણ કર્યું તેનો ખ્યાલ મૂલ્યાંકનથી જ આવી શકે છે. શિક્ષણ એક હેતુલક્ષી પ્રક્રિયા છે. તેનાથી વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવાનો મૂળહેતુ કેટલે અંશે ફળીભૂત થયો તે મૂલ્યાંકન દ્વારા જ સમજી શકાય. આ માટે પ્રચલિત સાધન 'પરીક્ષા' છે તે પણ મૂલ્યાંકનનો જ એક ભાગ છે.

તપોવન સંસ્કૃતિમાં છાત્રો (રાજાથી માંડીને રંક) ગુરુકુળોમાં વિદ્યાભ્યાસ માટે જતા. ત્યાં વિવિધ વિદ્યાઓ સાથે પવિત્ર જીવન, વડીલો, માતા-પિતા ગુરુજનો પ્રત્યે આદર સહિત સંયમ, સદાચાર અનુશાસન અને સેવા ભાવનાનું પણ પાથેય લઇ જતા. વિદાય સમયે ગુરુ તેમનું મૂલ્યાંકન કરી જાણવા માંગતા હતા કે છાત્ર સમાજમાં પ્રવેશે ત્યારે તે સમાજને યોગ્ય આદર્શ નાગરિક નીવડશે કે કેમ. આમ, મૂલ્યાંકન પ્રાચીનકાળથી ચાલી આવતી પ્રક્રિયા છે.

આ તો પારિભાષિક રીતે મૂલ્યાંકન શબ્દ સમજવા કોશિષ કરી. બાકી જીવનમાં આપણે જોઇએ તો ડગલે ને પગલે આપણે નાનામાં નાની વસ્તુ પણ તોલતા હોઇએ છીએ. શાકભાજી ખરીદતાં પણ કયું શાક તાજું છે ? એનો ભાવ શો છે ? તે તપાસ કરીએ છીએ. પરચુરણ ખરીદીથી માંડીને મકાન કે ફર્નીચર વસાવતાં કે વાહન વસાવતાં કે વર કે કન્યાની પસંદગી કરતાં માણસ સર્વ આનષંગિક બાબતોનો સર્વગ્રાહી વિચાર કરતો હોય છે. કિંમત, ગુણવત્તા, ટકાઉપણું, સુવિધાઓ, વગેરે તમામ બાબતો લક્ષમાં લેવાય છે. છોકરા-છોકરાની પસંદગીમાં શિક્ષણ, કુળ, ખાનદાની માનવીય ગુણો, રૂપ (કન્યા માટે) પરિવારનું પોષણ કરવાની ક્ષમતા આર્થિક દરજ્જો વગેરે અનેક બાબતો લક્ષમાં લેવાની હોય છે અને ઘણીવાર આ બધી બાબતમાં ભરપેટ પસ્તાવાનો વારો આવે ત્યારે આપણે કહેતા હોઇએ છીએ 'પસંદગી ખોટી થઇ'. 'ખોટી પસંદગી' એટલે મૂલ્યાંકનની ખામી. આમ મૂલ્યાંકન માત્ર શિક્ષણ જ નહીં સમગ્ર માનવજીવનનું એક અત્યંત આવશ્યક નહીં બલકે અનિવાર્ય પાસું છે.

## 15.2 સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન

સંસ્કૃત અધ્યયન-અધ્યાપન વ્યાપાર (પ્રક્રિયા) ત્યારે જ સંપૂર્ણ સફળ થઇ ગણાય જ્યારે અધ્યેતા અને અધ્યાપક બંને સમક્ષ પરિસ્થિતિ તદન વિશદ થાય એટલે કે અપેક્ષિત ઉપલબ્ધિઓનું ચિત્ર સ્પષ્ટ થઈ જાય. કોઇપણ પાઠ્યવિષય કે એકમ ભણાવતી વખતે આપણા મનમાં અમુક ચોક્કસ ઉપલબ્ધિ (નિષ્પત્તિ) પ્રાપ્ત કરવાનો સ્પષ્ટ ખ્યાલ હોય છે. તે અનુસાર જ આપણી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા નિશ્ચિત થતી હોય છે. સાથોસાથ વિદ્યાર્થીને જે કંઇ શીખવવામાં આવ્યું હોય અથવા બીજા શબ્દોમાં કહીએ તો તેને અધ્યયન સામગ્રીની બાબતમાં જે શૈક્ષણિક અનુભવો પૂરા પાડવામાં આવ્યા હોય તેનું પરિણામ અપેક્ષિત ઉપલબ્ધિઓને અનુકૂળ આવ્યું છે કે નહીં તે જાણવું તેનું નામ મૂલ્યાંકન. આ મૂલ્યાંકન દ્વારા શિક્ષકને પોતાના અધ્યાપન-શ્રમની ખબર પડે છે. બીજી બાજુ વર્ગના ભિન્ન ભિન્ન છાત્રોની પ્રગતિ (સિદ્ધિ)ની તુલના થાય છે. આમ એક ત્રિકોણ રચાય છે. આમ તો શિક્ષણ, કલા, સાહિત્ય, ધર્મ આધ્યાત્મ વગેરેમાં વિવિધ ત્રિકોણો જ રચાતા હોય છે. જેમ કે કલાકાર - કલા - ભોક્તા - જ્ઞાતા - જ્ઞેય - જ્ઞાન, કવિ-કૃતિ-ભોક્તા વગેરે. એમ આપણી શિક્ષણ પ્રક્રિયામાં પણ આ પ્રમાણે ત્રિકોણ રચાય છે.

શિક્ષણ પ્રક્રિયા-ઉપલબ્ધિ-મૂલ્યાંકન. મૂલ્યાંકન શિક્ષણ પ્રક્રિયામાં શા સુધારા કરવા, નબળાં છાત્રો ઉપર કંઇ રીતે વધારે ધ્યાન આપી શકાય, અધ્યાપક અને અધ્યેતામાં ક્યાં કચાશ છે. વગેરે દર્શાવી ભાવિ સુધારણા માટે પથદર્શકનું કામ કરે છે. આમ અનુકાર્ય (Follow up work)નું સૌને બેહદ જરૂરી

છે. કોઇ મહાપરાક્રમી રાજા એકપણ એક પ્રદેશો ઉપર વિજય મેળવી, જીતેલા પ્રદેશોનો પાકો બંદોબસ્ત કર્યા વિના આગળ આગળ કૂચ કરતો જ જાય તો પરિણામ શું આવે ? આમ સંસ્કૃત શિક્ષણમાં - જેમ અન્ય કોઇ વિષય કે કોઇ જનજીવનની રોજિંદી ક્રિયાથી માંડીને અગત્યના પ્રસંગોમાં મૂલ્યાંકન એક બેહદ જરૂરી પાસું છે. ચાલો આપણે તેના વિષે વિભાગવાર સંપૂર્ણ, સર્વગ્રાહી માહિતી મેળવવા પ્રયત્ન કરીએ.

### 15.2.1 સંકલ્પના

સંકલ્પના અથવા વિભાવના એટલે કોઇપણ વસ્તુ કે વિચારનું મૂળમાં સ્વરૂપ કેવું છે. તેનો સંપૂર્ણ, સર્વગ્રાહી ચિતાર, આપણે પરીક્ષા (પરીક્ષણ) માપન વગેરે તો કરીએ જ છીએ પણ એ સંકુચિત અર્થમાં વપરાય છે. તેનાથી તત્કાલ કોઇ પરિસ્થિતિના કોઇ એક પાસાંનો અભ્યાસ થઇ શકે છે. જ્યારે મૂલ્યાંકન એક અતિ સૂક્ષ્મ, અતિ વ્યાપક તેમજ સતત ચાલતી પ્રક્રિયા છે. મૂલ્યાંકન નિદાનાત્મક અને સુધારાદર્શી છે. મૂલ્યાંકન માર્ગદર્શક છે. દીવાદાંડી છે. માઇલ સ્ટોન છે. પરીક્ષણ આંશિક છે. તેના પરિણામો ચોક્કસ, વિશિષ્ટ અને અનાત્મલક્ષી (Objective) હોય છે. મોટે ભાગે તેનો ઉપયોગ વર્ગ બઢતી માટે થાય છે. તેમાં પણ પરીક્ષા પદ્ધતિ જો શુદ્ધ, સ્પષ્ટ અને પ્રામાણિક ન હોય તો છેવટે વ્યક્તિ સમાજમાં મધદરિયે (જીવનમાં) સુહાન વગરના નાવ માફક હાલકડોલક થઇ નિર્દિષ્ટ સ્થાને પહોંચવાને બદલે કુદરતના સહારે આમ તેમ ફંગોળાય છે. આમ, મૂલ્યાંકન વિષેય યત્કિંચિત ખ્યાલ મેળવ્યા બાદ કેટલાંક વિધાનોનાં મંતવ્ય ડોઇને જેથી મૂલ્યાંકનની સંકલ્પના વધારે વિશત બને.

ટારગેર્સન અને એડમ્સના મત મુજબ, ''કોઇપણ વસ્તુ કે પ્રક્રિયાનું મૂલ્ય નિર્ધારણ કરવું એટલે મૂલ્યાંકન. શિક્ષણમાં મૂલ્યાંકનનો અર્થ છે. શિક્ષણ પ્રક્રિયા અથવા શીખવાની ક્રિયાથી ઉત્પન્ન થયેલ અનુભવોની ઉપયોગિતાની બાબતમાં નિર્ણય આપવો.''

દાંડેકરના મંતવ્ય પ્રમાણે, ''મૂલ્યાંકન દ્વારા એ જાણી શકાય છે કે વિદ્યાર્થીએ નિર્ધારિત ઉદ્દેશોને કેટલા અંશે પ્રાપ્ત (સિદ્ધ) કર્યા છે.''

કોઠારી પંચ, 1966 મુજબ, ''હવે એવું માનવામાં આવી રહ્યું છે કે મૂલ્યાંકન એક નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. જે સંપૂર્ણ શિક્ષણ પ્રણાલીનું એક અભિન્ન અંગ છે અને તે શૈક્ષણિક ઉદ્દેશો સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે.''

ટૂંકમાં મૂલ્યાંકન શિક્ષણ પ્રક્રિયાનું અભિન્ન અંગ છે, સતત ચાલતી પ્રક્રિયા છે, અધ્યાપક માટે માર્ગદર્શક છે, છાત્રને પોતે ક્યાં છે તેનું ભાન કરાવનાર છે. શિક્ષણમાં ભાવિ સુધારાનું પથદર્શક છે. ક્ષતિઓનું સ્પષ્ટ દર્શન કરાવી એક આદર્શ સંપૂર્ણ, ક્ષતિરહિત અધ્યયન-અધ્યાપન પ્રણાલી તરફ સતત દોરતું એક અણમોલ સાધન છે.

### 15.2.2 વિવિધ પ્રકારની કસોટીઓ

મૂલ્યાંકનનું મહત્ત્વ સમજ્યા પછી અને મૂલ્યાંકન શું છે. તે વિષેનો ખ્યાલ મેળવ્યા પછી મૂલ્યાંકન માટેનાં ઉપકરણોની ચર્ચા કરીશું.

મૂલ્યાંકનના વ્યાપક અર્થમાં બે પ્રકાર પાડી શકાય.

(1) મૌખિક (2) લિખિત

મૌખિક મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓના નિમ્ન લિખિત કૌશલ્યોનો ખ્યાલ મેળવી શકાય.

**(1) ઉચ્ચરશુદ્ધિ :** છાત્ર જ્યારે સંસ્કૃત બોલે ત્યારે તેની ઉચ્ચાર શુદ્ધિની માત્રાની ખબર પડે છે. આ માટે તેને પાઠ્યપુસ્તક કે અન્ય સ્ત્રોતમાંથી અમુક પરિચ્છેદ વાંચવાનું કહી શકાય. શબ્દોને યોગ્ય રીતે છૂટા પાડીને અનુસ્વાર, વિસર્ગ, હલન્ત વગેરેને ખ્યાલમાં રાખીને ક્ષોભ વગર સરળતાથી સંસ્કૃત બોલી શકે છે કે કેમ તે જાણી શકાય. ઉપરાંત એકાદ બે સુભાષિતનું ચોપડીમાં

જોઈને અગર કંઠસ્થ રીતે ગાન કરાવી શકાય. આમાં તો શુદ્ધ ઉચ્ચારથી અને જે તે છંદને સમજી યતિનો બરાબર ખ્યાલ રાખી આરોહ-અવરોહ સચિત ગાન કરી શકે છે કે કેમ તે ચકાસી શકાય. આ બંને પ્રકારમાં તેનું સંસ્કૃત રૂપોનું જ્ઞાન, સંધિનું જ્ઞાન વગેરેની પણ ચકાસણી થઈ જાય છે. મોટે ભાગે છાત્રો પુસ્તકના એક પરિચ્છેદની 2, 3 લીટી પણ સરખી વાંચી શકતા નથી. ક્યારેક તો મૂળાક્ષરના જ્ઞાનનો પણ અભાવ દર્શાઇ આવે છે. દા.ત. पगुं लङ्घयते गिरिम् ને પડંગુ लङ्घयते गिरिम् એવું વાંચતા હોય છે.

આમ, મૌખિક કસોટી દ્વારા તેની શુદ્ધ ઉચ્ચારથી સંસ્કૃત બોલવાની, લખેલું શુદ્ધ સ્વરૂપે વાંચવાની, સંસ્કૃતના વ્યાકરણના જ્ઞાનની કસોટી થાય છે. આ ઉપરાંત બહુ જ પ્રાથમિક સ્તરના સંવાદો દ્વારા પણ મૌખિક અભિવ્યક્તિની તાલીમ આપી શકાય. દા.ત. किं ते नाम । त्वं कुत्र वसति ? कः ते पिता ? किं ते मातुः नाम? का ते शाला ? कः ते आचार्य ? વગેરે.

વર્ગખંડમાં કદી થોડો સમય પણ મૌખિક વાર્તાલાપ, પરિચ્છેદ વાંચન, સુભાષિતનું વ્યક્તિગત અને સમૂહગાન વગેરે સહિત કોઇપણ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવતું નથી. આ માટે યોગ્ય વિચારણા થવી ઘટે છે.

**(2) લિખિત :**

લિખિત કસોટીને મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચી શકાય. (1) નિબંધપ્રકારના પ્રશ્નો (દીર્ઘ જવાબી પ્રશ્નો) (2) ટૂંક જવાબી પ્રશ્નો.

**(1) નિબંધ પ્રકારના પ્રશ્નો :** સર્વપ્રથમ પાઠશાળા પદ્ધતિમાં મૌખિક કસોટીની પ્રણાલિકા હતી. પરંતુ પાછળથી લિખિત પરીક્ષાનો યુગ થતાં વર્ણનાત્મક દીર્ઘ અને નિબંધ પ્રકારના પ્રશ્નો અસ્તિત્વમાં આવ્યા. આવા પ્રશ્નો બહુ જ દીર્ઘ હોય છે અને બહુ જ જૂજ વિદ્યાર્થીઓ તેમાં પેરેગ્રાફ પાડીને મુદ્દાસર અને બિન જરૂરી દીર્ઘસૂત્રિતા કે લંબાણ ત્યજીને તમામ અગત્યની બાબતો આવરી લેવાય અને નકામી બાબતો નિરર્થક લંબાણ ન કરે તેવી અને અન્ય બાબતોને લક્ષમાં રાખીને જવાબો આપતો હોય છે. બાકીના તો દેઠોક કરી આડું અવળું લખી, પાના ભરી, પ્રશ્નોનો હાર્દ બાજુએ મૂકી અને પુનરાવર્તનને કરી પાનાના પાના ભરતા હોય છે. પછી સંતોષ પામતા હોય છે કે 'મેં તો 6 સપ્લીમેન્ટરી ભરી.' એમાંથી અગત્યના મુદ્દા તારવવા એ દરિયામાંથી સોઈ શોધવા જેવું હોય છે. સરવાળે નાપાસ થાય ત્યારે વાલીઓ પાસે પેપર ખોલાવતા હોય છે. (એક પણ સપ્લીમેન્ટરી ન ભરનારને 60 ઉપર અને 6 સપ્લીમેન્ટરી ભરનારને 10 થી 12 ગુણ આવતાં - હારસેકન્ડરી - ગુજરાતી વિષયમાં - આ લેખકે પરીક્ષક, સમીક્ષક અને સમીક્ષકના ગુણોની ચકાસણી એમ ત્રણેય કક્ષામાં જોયાં છે.) પરંતુ મૂલ્યાંકનના હેતુ માટે આવા આત્મલક્ષી (Subjective) પ્રશ્નોનો ઉપયોગ થઈ શકતો નથી.

**(2) ટૂંકા જવાબી પ્રશ્નો :** આજકાલ નિબંધ સ્વરૂપના પ્રશ્નોનું પ્રમાણ ઘટાડી વસ્તુલક્ષી (પરલક્ષી, અનાત્મલક્ષી - Objective પ્રશ્નોનું પ્રમાણ વધારવા તરફ વલણ જોવામાં આવે છે. આ પ્રકારના ઉપરના પ્રકાર કરતાં તદ્દન ઉલટો છે. આ પ્રશ્નમાં એવી સૂચના આપવામાં આવે છે કે 'ટૂંકમાં ઉત્તર આપો'. આ સૂચના પણ વસ્તુતઃ બિનજરૂરી છે. હકીકતમાં તો આ પ્રશ્નો જ એવા હોય છે કે જેનો જવાબ એક કે બહુ બહુતો બે વાક્યનો જ હોઈ શકે છે. ઘણીવાર એક કે બે શબ્દોના પણ હોય. અથવા તો ખાલી જગ્યા પૂરો કે યોગ્ય વિકલ્પ લખો એ પ્રકારના જ હોય છે.)

બધા વિષયોમાં (અને સંસ્કૃતમાં તો ખાસ) આવા હેતુલક્ષી પ્રશ્નોનું ખાસ કરીને મૂલ્યાંકનના હેતુ માટે અત્યંત મહત્ત્વ છે. (મૂલ્યાંકન અને પરીક્ષણ અલગ બાબત છે તે વાત આગળ જણાવવામાં આવી છે.) આનાથી પાઠ્યક્રમના મુદ્દા, શૈક્ષણિક અનુભવો અને અધ્યાપન પદ્ધતિને

વધારે સારો ન્યાય આપી શકાય છે. અને તેનો વધુ ઉપયોગ અવકારદાયક છે.

આ મૂલ્યાંકનનું મુક્ત પ્રત્યુત્તરનું સાધન છે. વસ્તુલક્ષી, પ્રશ્નો એટલે 'ગુણાંકનમાં વસ્તુલક્ષીપણું' મતલબ કે આ પ્રશ્નો એવા હોય છે કે જેના જવાબો એટલા ટૂંકા, ચોક્કસ, અફર અને માત્ર એક જ શક્યતા વાળા હોય છે કે જુદી જુદી વ્યક્તિઓ મૂલ્યાંકન કરે અથવા એકની એક જ વ્યક્તિ સમયાંતરે મૂલ્યાંકન કરે તો પણ તેમાં કશો જ ફેર પડતો નથી. જ્યારે ઉપર જણાવેલા પ્રકારમાં આ સંભવ કલ્પી ન શકાય તેટલો અવકાશ ધરાવે છે. (દા.ત. 20 ગુણના નિબંધમાં એક પરીક્ષક 2 થી 3 ગુણ આપે જ્યારે બીજો પરીક્ષક 8 થી 9 ગુણ આપે.) આ પ્રકારમાં આવું બનવાનો જરાપણ સંભવ નથી.

આમ તો, સમગ્ર શિક્ષણ પદ્ધતિ પોતે જ હેતુલક્ષી છે. મૂલ્યાંકનની કોઇપણ પ્રવૃત્તિ કે કસોટી શિક્ષણના અમુક ચોક્કસ હેતુને લક્ષમાં રાખીને જ રચાતી હોય છે. આવા પ્રશ્નો માટે હેતુલક્ષી પ્રશ્નો (Objective type Quesitions). શબ્દપ્રયોગ થાય છે. આવા પ્રશ્નોથી જ કસોટીની વિશ્વસનીયતા, (Reliability) અને 'પ્રમાણભૂતતા' (Standardization) જળવાય છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જે મહાન તત્ત્વવેત્તા હતા અને પોતાના જન્મદિનને 'શિક્ષકદિન' તરીકે ઉજવવાની મતના હતા (જેમ જવાહરલાલ નહેરૂનો જન્મદિન 'બાળદિન' તરીકે ઉજવાય છે તેમ) એ જ દર્શાવે છે કે તેમનો આત્મા શિક્ષક હતો. તેમની અક્ષ્યક્ષતામાં રચાયેલી યુનિવર્સિટી શિક્ષણ પંચ તેમજ કોઠારી શિક્ષણપંચે પરીક્ષણની કોઇપણ પ્રક્રિયામાં હેતુલક્ષી (અનાત્મલક્ષી) પ્રશ્નોનો બહોળો ઉપયોગ કરવાની ભલામણ કરેલી છે. આટલી ચર્ચા બાદ હવે આપણે કસોટીઓના મુખ્ય પ્રકારોની વાત કરીએ જો કે મૌલિક રીતે કોઇ વિચક્ષણ વ્યક્તિ આમાં પણ કોઇ નવી તરાહ શોધી કાઢે એ શક્યતા નકારી શકાતી નથી. પણ હાલના તબક્કે નીચેના પ્રકારો પ્રચલિત છે.

(1) ખરા-ખોટાં જવાબોની કસોટી

(2) 'જોડકાં બનાવો' કસોટી

(3) બહુવિકલ્પ કસોટી

(4) યોગ્ય ક્રમમાં ગોઠવો કસોટી

(5) સૌથી વધુ યોગ્ય વિકલ્પ શોધો કસોટી

(6) ખાલી જગ્યા પૂરો કસોટી

હવે આ તમામ પ્રકારો વિષે ટૂંકમાં જોઇએ.

**(1) ખરા-ખોટાં જવાબો :**

આ પ્રકારમાં એકમના મુદ્દાને અનુરૂપ સાચાં-ખોટાં વિધાનો (3 થી 4) આપવામાં આવે છે. અને સામે આપેલા બ્લોક ☐ માં ખરાખોટાંની નિશાની કરવાનું કહેવામાં આવે છે.

દા.ત. નીચે આપેલાં વિધાનો પૈકી ખરાં વિધાનો સામે '✓' અને ખોટાં વિધાનો સામે '×'ની નિશાની કરો.

1. सत्यं वद्, धर्मं चर। ☐
2. श्वः कार्यम् अन्येद्युं कुर्वीत। ☐
3. सा विद्या या अर्तोपार्जानार्थाया ☐
4. शृगीलेन मूर्खः सिंहः आमिनः प्रतिबिंबं ह्यदर्शयित्वा कूपे निपीतित :। ☐

**(2) જોડકાં બનાવો :**

આમાં નીચે પ્રમાણે સૂચના હોય છે. નીચે 'અ' વિભાગમાં આપેલા શબ્દસમૂહને 'બ' વિભાગમાં આપેલા શબ્દસમૂહ સાથે યોગ્ય રીતે જોડો.

| અ વિભાગ | બ વિભાગ |
|---|---|
| (१) सिंहनोक्तम् | (१) एतत् क्रियताम् । |
| (२) यद्यैवं तर्हि | (२) निवतितोडहं म्रियै । |
| (३) सखे शृगाल, पङ्के | (३) एदस्य युक्षस्य उपरि मार्गेण गत्छा |
| | (४) एवमस्तु रुद्धति । |

આવાં જોડકાં કર્તા અને કૃતિ, પાત્ર અને ઉક્તિ, પાત્ર અને તેની લાક્ષણિકતા, કૃતિ અને પ્રકાર વગેરે અનેક રીતે બનાવી શકાય.

**(3) બહુવિકલ્પ કસોટી (આને ઉપર યોગ્ય ક્રમમાં લખો.)**

આ પ્રકારની કસોટી કઠિન શબ્દો માટે, ક્રિયાપદનાં રૂપો માટે કૃદન્તો માટે, વિભક્તિઓ માટે કે ગમે તે મુદ્દા માટે યોજી શકાય છે. નીચે થોડાં નમૂના આપ્યા છે.

(i) शुकः શુકદેવજી, શુકનાસ, પોપટ

मुद्राङ्कनम्ः વીંટી પહેરવી, મુદ્રાલેખ, સિક્કો મારવો

(ii) अहम् – (गच्छावः गच्छति गच्छामि)

(iii) कृत्वा – કરવા માટે યોગ્ય, કરીને, કરતાં

વગેરે આ કસોટી વ્યાકરણના મુદ્દાનું જ્ઞાન ચકાસવા માટે અધિક ઉપયોગી છે.

**(4) યોગ્ય ક્રમમાં ગોઠવો.**

આમાં કોઈ વાર્તાના મુદ્દાને વિધઆન રૂપે આડા અવળા લખીને યોગ્યક્રમમાં લખવાનું કહેવામાં આવે છે.

દા.ત.

(१) किमन्धोडसि भवान् ।

(२) तत्रैकेन चौरेण भणितम्, 'लो विप्र, किं सारमेयं स्कन्धारुढं नयसि' ।

(३) भगवन्, मर्षय । मया अज्ञानादमिहितम् ।

(४) यत् पशुं सारमेयं वदसि ।

**(5) સૌથી વધુ યોગ્ય વિકલ્પ શોધો.**

આ કસોટી - આમ તો તમામ કસોટીઓ - એકમનું ધ્યાનપૂર્વક પઠન કર્યું છે કે કેમ તે મુખ્યત્વે તપાસે છે. આ કસોટીની રચનામાં ધ્યાન એ રાખવાનું હોય છે, કે તમામ વિકલ્પો લગભગ 3 થી 4 વિકલ્પો આપી શકાય. વળી તે તમામ વિકલ્પો પ્રથમ દૃષ્ટિએ સાચો લાગે તેવા હોવા જોઈએ. 'હાથી' ને બદલે 'ઘોડો' એવા ઉડાઉ વિકલ્પો ન હોવા જોઈએ. તેમ છતાં આમાં તદ્દન સાચો વિકલ્પ એક જ હોય. આ પ્રકારની કસોટી ઉત્તમ કહેવાય. અલબત્ત, આ માટે કસોટીની રચનાકાર માટે વિષય પર પ્રભુત્વ, વધુ સજાગતા, વિચક્ષતા વગેરે અત્યંત આવશ્યક છે. આમાં એક વિધાન આપી તેની નીચે વિકલ્પો આપવામાં આવે છે.

દા.ત. अयं असौ सपत्नीकः ।

– આ જ તે પત્નીસહિત છે.

– આજે તે પત્ની સાથે આવ્યો છે.

– હું જ તે દુશ્મન છું.

– આ એ દુશ્મન છે.

**(6) ખાલી જગ્યા પૂરો.**

આ પ્રકારમાં બે રીતે કસોટી યોજી શકાય.

(1) નીચે જેટલી ખાલી જગ્યા હોય તેટલા કે તેથી એકાદ વધુ શબ્દ ઉપર આપી દેવામાં આવે. તેમાંથી પસંદ કરી ખાલી જગ્યા પૂરવાનું કહેવામાં આવે.

(2) ખાલી જગ્યાના શબ્દો આપ્યા ન હોય. અથવા કૌંસમાં 3 વિકલ્પ આપ્યા હોય.

દા.ત. अलम् .......... । (विषाद નું યોગ્ય રૂપ મૂકો)

नमः ......... । (भगवत् અને वासुदेव નું યોગ્ય રૂપ મૂકો)

अहं .......... न जानामि (युष्मद् યોગ્ય રૂપ મૂકો) વગેરે.

### 15.2.3 મૂલ્યાંકનનું મહત્ત્વ

આપણે ઉપર જોયું તેમ જીવનના દરેક ક્ષેત્રમાં રોજબરોજના જીવનમાં કે નાનામાં નાની બાબતથી માંડીને જીવનસાથી કે કારકિર્દીની પસંદગીની બાબતમાં મૂલ્યાંકન એક અત્યંત આવશ્યક જ નહીં બલ્કે, અનિવાર્ય પાસું છે. તો શિક્ષણમાં તો તેનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું જ ગણાય.

મૂલ્યાંકનમાં અપેક્ષિત ઉપલબ્ધિઓ અને શૈક્ષણિક અનુભવનો સમન્વય થવો જોઇએ. કોઇ પ્રશ્ન શું કામ પૂછવામાં આવે છે તે બાબતમાં પરીક્ષકના મનમાંજરા પર સંદિગ્ધતા ન હોવી જોઇએ. નહીંતર 'લશ્કર ક્યાંક લડે અને ધીંગાણું ક્યાંક' એવી પરિસ્થિતિ થાય. એટલું જ નહીં મૂલ્યાંકનમાં સંબંધમાં અધ્યાપક છાત્ર તથા પરીપક વચ્ચે અંતર ભેદ કે અવિશ્વાસનું વાતાવરણ બિલકુલ ન હોવું જોઇએ. અનિશ્ચિતતાને મુદ્દલ સ્થાન ન હોય. સંસ્કૃત ભાષાનાં કયાં કયાં અંગો કે ઘટકોનું પરીક્ષણ કરવાનું છે. તે નિશ્ચિત હોવું જોઇએ.

સારા પરીક્ષણની (મૂલ્યાંકનની) કેટલીક વિશેષતાઓ ટૂંકમાં આ પ્રમાણે ગણાવી શકાય.

**(1) વિશ્વસનીયતા :**

જે પ્રશ્નપત્ર દ્વારા વિદ્યાર્થીનું માપન કરવામાં આવે તેની વિશ્વસનીયતા હોવી જોઇએ. એકવાર પરીક્ષણ કરતાં 40 અંક સાથે અને બીજીવારે 30 કે 50 અંક આવે તે પ્રશ્નપત્ર વિશ્વસનીય ન ગણાય.

**(2) યોગ્યતા અથવા વ્યાજબીપણું :**

જે હતુ માટે મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય તે જ હેતુની પરિપૂર્તિ કરવી જોઇએ. દા.ત. ફૂટપટ્ટીથી લંબાઇ મપાય, વર્તુળ નહીં.

**(3) વસ્તુ (હેતુ) લક્ષિતા (Objective)**

મૂલ્યાંકનમાં પરીક્ષકની અંગત માન્યતા, મંતવ્ય વગેરેને સ્થાન ન હોવું જોઇએ. ઉત્તરપત્રોને જુદાં જુદાં પરીક્ષકો તપાસે છતાં મૂલ્યાંકન એક સમાન રહે તો તેમાં વસ્તુનિષ્ટતા છે એમ કહેવાય.

આ ઉપરાંત વ્યાપકતા, ભેદદર્શિતા (ભિન્ન ભિન્ન છાત્રોની કુશળતા) વ્યાવહારિકતા વગેરે પણ મૂલ્યાંકનના મહત્ત્વનાં પાસાં છે.

મૂલ્યાંકન છાત્ર, શિક્ષક, અધિકારી, નિર્દેશકો, સંશોધન કર્તા વગેરે શિક્ષણ સાથે સંકળાયેલા તમામ માટે ઉપયોગી છે. એટલું જ નહીં પણ શાળાની ગતિવિધિમાં સમુચિત પરિવર્તન પરીક્ષા પ્રણાલી વગેરે બાબતમાં વિચાર વિમર્શ કરવાનું પણ આદર્શ મૂલ્યાંકન ભાથું પૂરું પાડે છે.

ટૂંકમાં મૂલ્યાંકનનું મહત્ત્વ નીચેના મુદ્દાઓ દ્વારા ફલિત થાય છે.

**(1) શૈક્ષણિક હેતુઓની સિદ્ધિનું જ્ઞાન :**

મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીમાં આપણે જે ઈષ્ટ (ઇચ્છિત) પરિવર્તન ઇચ્છતા હતા તેમાં ક્યાં સુધી સફળતા મળી તે જાણી શકાય છે. અને આ શૈક્ષણિક પ્રક્રિયા દશ્ય હોઈને ગત્યાત્મકતાને જન્મ આપે છે.

**(2) અભ્યાસક્રમમાં સંશોધન :**

મૂલ્યાંકન દ્વારા એ જાણી શકાય છે કે પાઠ્યક્રમના કયા કયા અંશો તેમની જરૂરિયાત, રુચિ, અભિવૃત્તિ અને શક્તિને પ્રતિકૂળ છે. આમ, પાઠ્યક્રમમાં કેટલીક સાર્થક બાબતો ઉમેરીને અને નિરર્થક કે બિનઉપયોગી બાબતોનો ત્યાગ કરે છે. પાઠ્યક્રમને અદ્યતન બનાવવા બાબતે માર્ગદર્શન મળે છે.

**(3) વ્યક્તિગત તેમજ સામૂહિક માર્ગદર્શન :**

મૂલ્યાંકનથી વિદ્યાર્થીઓના માર્ગદર્શન અને વ્યક્તિત્ત્વનો ક્યાંસ મળે છે. વિદ્યાર્થીની નબળાઈઓ કાર્યક્ષમતાઓ અને પરિસ્થિતિનો ખ્યાલ મળે છે. શૈક્ષણિક સ્તરમાં સુધારણા કરવા અને શિક્ષણની વ્યાવસાયિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ કરવામાં મૂલ્યાંકન માર્ગદર્શન બની રહે છે.

**(4) અભ્યાસ માટે પ્રેરણા :**

મૂલ્યાંકનમાં હેતુલક્ષી પરીક્ષાઓ સંપૂર્ણ કાર્યક્રમ પર આધારિત હોય છે. તેથી વિદ્યાર્થીને સંપૂર્ણ અભ્યાસક્રમ પૂરો કરવાની અને બરાબર તૈયારી કરવાની પ્રેરણા મળે છે. મૂલ્યાંકન શિક્ષક વિદ્યાર્થી બંનેને નવું બળ (જોમ) પૂરું પાડે છે.

**(5) શિક્ષણ પદ્ધતિની સફળતા :**

શિક્ષણની પદ્ધતિઓ બાળકોને જ્ઞાન દેવામાં કેટલે અંશે સફળ રહી છે તે જાણી શકાય છે. શિક્ષણ પદ્ધતિથી છાત્રમાં અપેક્ષિત પરિવર્તન આવ્યું કે નહીં તેના ઉપરથી તેની સફળતા કે અસરકારકતાનું માપ નીકળે છે અને યોગ્ય સુધારણા કરવાનું માર્ગદર્શન મળે છે.

**(6) નબળા વિષયની જાણકારી :**

વિદ્યાર્થી કયા વિષયમાં અથવા કયા મુદ્દામાં નબળો છે તેની ખબર પડવાથી તેનો ઉપાય કરવાને દિશા મળે છે.

**(7) વર્ગીકરણ :**

મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓનું યોગ્યતા અનુસાર વર્ગીકરણ થાય છે. જેમ કે પ્રખર બુદ્ધિ વિશે, બુદ્ધિ, સામાન્ય બુદ્ધિ, મંદબુદ્ધિ વગેરે આમ વ્યક્તિગત ભિન્નતા મુજબ વર્ગીકરણ થવાથી સમાન યોગ્યતા વાળા વિદ્યાર્થીઓના જૂથ બની શકે. એટલે યોગ્યતાની દૃષ્ટિએ વર્ગમાં એકરૂપતા બની રહે. જેથી નબળા છાત્રોને ખેંચાવું ન પડે અને તેજસ્વી છાત્રોને નિષ્ક્રિય ન રહેવું પડે.

**(8) ભાવિજીવનનું સ્તર :**

મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીના ભાવિજીવનનું સ્તર નક્કી થાય છે અને ભવિષ્યમાં કઇ કારકિર્દી અપનાવવી તેનું માર્ગદર્શન મળે છે.

**(9) શિક્ષકને પોતાના શિક્ષણના પ્રભાવનું જ્ઞાન :**

મૂલ્યાંકન દ્વારા શાળાના શિક્ષકને પોતાના શિક્ષણના સબળ અને નિર્બળ પાસાંઓનો ખ્યાલ આવે છે અને પોતાના શિક્ષણને અધિક અસરકારક કરવા ઘટતા ઉપાયો યોજવા તે તત્પર બની શકે છે.

**(10) ઉપલબ્ધિ, નિદાન, ઉપચાર અને પરામર્શ :**

મૂલ્યાંકન દ્વારા શાળામાં કાર્યરત શિક્ષકો, આચાર્ય, વ્યવસ્થાપકો વગેરેને વિદ્યાર્થીઓની પ્રગતિ અને સિદ્ધિનું સ્પષ્ટ ચિત્ર મળે છે અને શિક્ષણકાર્ય ઉપરાંત વિદ્યાર્થીઓ સંબંધી સામાજિક, ભાવનાત્મક અને શૈક્ષણિક સમસ્યાઓનું નિદાન અને ઉપચારાત્મક કાર્ય કરી શકાય છે. શાળાના કાયમી રેકોર્ડ માટે વિદ્યાર્થીઓને વધારાના પરામર્શની જરૂરિયાત નક્કી કરવામાં સાનુકૂળતા રહે છે.

**(11) શિક્ષણ વ્યૂહરચના (Strategy)માં સુધારણા :**

મૂલ્યાંકન પ્રક્રિયા દ્વારા શિક્ષણ વ્યૂહરચનામાં ઉચિત સુધારણા કરવાનું સુલભ બને છે અને બિનજરૂરી બાબતોને દૂર કરી શકાય છે.

ટૂંકમાં કુશળ, વિચક્ષણ અને તજ્જ્ઞ શિક્ષક દ્વારા કરાયેલું હેતુલક્ષી (Objective) મૂલ્યાંકન 'કામધેનુ' કે 'કલ્પવૃક્ષ' ની ગરજ સારે છે અને શિક્ષણ સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ (વાલીઓ સહિત સહુકોઇ) ને માર્ગદર્શક અને દિશાસૂચક બને છે. અને છાત્રો સહિત સમગ્ર સંસ્થાને પ્રગતિના શિખર તરફ અગ્રેસર કરવામાં સિંહફાળો આપે છે.

### 15.2.4 બ્લ્યૂ પ્રિન્ટ

આજકાલ અમદાવાદ જેવાં શહેરોમાં સિમેન્ટનાં જંગલોનું નામ અપાય તેવા 3 થી 8 કે 10 માળના ફ્લેટ નિર્માણ થાય છે. આ માટે તેનું બ્રોચર સુંદર મજાના સફેદ કાગળ ઉપર છપાય છે. તેમાં ફ્લેટની ઝીણામાં ઝીણી વિગત આપી હોય છે. આજુબાજુના પરિસરની પણ તેમાં માહિતી હોય છે. આ નકશો કે ચાર્ટને 'બ્લ્યૂ પ્રિન્ટ' કહેવાય છે. બ્લ્યૂ પ્રિન્ટમાં આખા એકમની ઝીણમાં ઝીણી વિગત આપવામાં આવી હોય છે. ઈમારતના નિર્માણ પહેલાં બ્લ્યૂ પ્રિન્ટ બનાવવી આવશ્યક છે. કઇ દિશામાં પ્રવેશ દ્વારા કેટલા બેડરૂમ તેની લંબાઇ પહોળાઇ ટોયલેટ કિચન બાથરૂમ, ગેલેરી વગેરેનું લોકેશન કઇ જગ્યાએ કેટલા ફૂટ બાય કેટલા ફૂટનાં બારી બારણાં આવશે. કયાં માળિયા, અલમારી આવશે વગેરે નાનામાં નાની વિગત તેમાં સમાવિષ્ટ કરવામાં આવે છે. ટૂંકમાં બ્લ્યૂ પ્રિન્ટ જોયા પછી તમારે તે બાંધકામ બાબતમાં કશું જ પૂછવાનું ન રહે.

આવું જ શિક્ષણ અને પરીક્ષણ માટે છે. આદર્શ પ્રશ્નપત્રના નિર્માણ માટે બ્લ્યૂ બેહદ જરૂરી છે. જેમ ઈમારતની બ્લ્યૂ પ્રિન્ટમાં નાની સરખી ક્ષતિ ભવિષ્યમાં ઈમારતને જોખમમાં મૂકી શકે. (કારણ કે બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર થયા પછી સમગ્ર બાંધકામ ચૂસ્ત રીતે તેને અનુસરીને જ થાય) તે સંપૂર્ણ વિચારણા અને વિચક્ષણતા વગર બનાવેલ બ્લ્યૂપ્રિન્ટ પ્રશ્નપત્રને આદર્શ બનતાં રોકે છે. તમે વિચાર કરો વિદ્યાર્થીની આખા વર્ષની મહેનત, શાળાએ ઉઠાવેલી મહેનત, વાલીઓએ પોતાના સંતાન માટે ખર્ચ, અન્ય સુવિધાઓ સહિત આપેલા નાના મોટા ભોગો વગેરે તમામ બાબતો સહિત ભાવિની ઉજ્જવળ કારકિર્દીનાં સ્વપ્ન કે જેના ઉપર વિદ્યાર્થીના ભાવિ ગૃહસ્થ તરીકેના જીવનનો આધાર છે. તે બધાનો

સરવાળો, વર્ષમાં એકવાર માત્ર 3 કલાકના પ્રશ્નપત્ર કેટલું બધું આદર્શ કોટીનું હોવું જોઇએ ? તો આ પ્રશ્નપત્ર સત્રે બે કલાક બેસીને, આડેધડ જે કોઇ સામગ્રી ઉપલબ્ધ હોય તેમાંથી માત્ર બાહ્ય પરિરૂપને લક્ષમાં રાખીને ઘસડી કાઢ્યું કેટલું બધું અનર્થકારી ગણાય. માત્ર બાહ્ય પરિરૂપને અનુસરવું જ જરૂરી નથી. તેને તો અનુસરવું જ નહીંતર ક્ષતિ જણાઈ આવે, પણ પ્રશ્નનું સ્વરૂપ, તેનું કઠિનતા મૂલ્ય વગેરે પણ લક્ષમાં લેવાવું જોઇએ. આજકાલ આપણે વર્તમાન પત્રોમાં અવાર-નવાર વાંચીએ છીએ 'ફલાણા પેપરમાં આટલું અભ્યાસક્રમ બહારનું પૂછાયું', 'પ્રશ્નપત્રના કુલ ગુણ 100 થતા નથી. પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને અતિશય કઠિન લાગ્યું તેથી પ્રશ્નપત્ર મૂકીને વિદ્યાર્થીઓ ઊભા થઇ ગયા વગેરે. ટૂંકમાં બ્લ્યૂ પ્રિન્ટ ખૂબ જ ચોક્સાઇપૂર્વક, સર્વગ્રાહી રીતે અને વિગતવાર તૈયાર થવી જોઇએ કે પ્રાશ્નિક કે બહુ છૂટછાટ લેવાનો અવકાશ ન રહે. આ ચર્ચાના પ્રકાશમાં આપણે હવે બ્લ્યૂ પ્રિન્ટ બનાવતી વખતે ખ્યાલમાં રાખવાની કેટલીક બાબતો જોઇએ.

1. અભ્યાસક્રમના દરેક એકમને આવરી લેવો જોઇએ. એટલું જ નહીં પણ દરેક એકમના મહત્ત્વ અનુસાર તેને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું જોઇએ. (માણસના શરીર અને કાર્ટૂનમાં કેટલો ફેર ? કાર્ટૂનમાં માથું પ્રમાણમાં બહુ જ મોટું હોય બાકીનાં અંગો ખૂબ નાના હોય. એ જોઇને હસવું આવે છે. જેથી વિદ્યાર્થીએ પૂર્ણ અભ્યાસક્રમાંથી સમગ્રતયા કેટલું તૈયાર કર્યું છે. તેનો ખ્યાલ આવી શકે. અને જેટલા પ્રમાણમાં તૈયારી કરી હોય તે પ્રમાણે જ તેની ગુણવત્તા (ગુણાંક) નક્કી થઈ શકે.

2. શિક્ષણ એક હેતુલક્ષી પ્રક્રિયા છે. માટે શિક્ષણકાર્ય દરમિયાન કયા હેતુઓ નિર્ધારિત કર્યા છે ? તેમાંથી કયા હેતુની ચકાસણી કરવાની છે ? આ ઉપરાંત જે હેતુની ચકાસણી કરવાની છે તેનું સાપેક્ષ મૂલ્ય કેટલું છે. તેમના ખ્યાલમાં રાખવું જોઇ. (કીડીને મારવા રિવોલ્વરનો ઉપયોગ ન કરાય. તલવારથી ચીભડું ન કપાય)

3. વિવિધ સ્વરૂપના નિબંધ પ્રકારના ટૂંકા ઉત્તરવાળા હેતુલક્ષી પ્રશ્નો વગેરેનો ગુણભાર કેટલો રાખ્યો છે તેની પણ વિશદ વિગત આપવી જોઇએ.

4. વિકલ્પ યોજના કેવી રાખવી છે ? જેમ કે 7માંથી પહેલો પ્રશ્ન ફરજિયાત બાકીનામાંથી ગમે તે 4નો જવાબ આપો અથવા બધા પ્રશ્નો ફરજિયાત છે. પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો આપેલ છે. વગેરે.

નિંબધાત્મક પ્રશ્નના વિકલ્પમાં નિબંધાત્મક પ્રશ્ન, હેતુલક્ષી પ્રશ્નોના વિકલ્પમાં હેતુલક્ષી પ્રશ્ન તેમજ ટૂંક જવાબી પ્રશ્નના વિકલ્પમાં ટૂંક જવાબી પ્રશ્નો જ પૂછાય તે પણ ખાસ ખ્યાલ રાખવો જોઇએ. નહીંતર આમાંથી કોઈ એક આખો પ્રકાર વિદ્યાર્થી વિકલ્પમાં કાઢી નાખી શકે.

આ મુદ્દાઓને લક્ષમાં રાખીને બનેલું આયોજન ત્રિ-પરિમાણાત્મક (Three Dinensional) હશે. આ કોઠા દ્વારા -

– અભ્યાસક્રમના કયા એકમો પર આધારિત પ્રશ્નો પૂછવામાં છે.
– તે એકમો માટે કયા હેતુઓ લક્ષમાં રાખી પ્રશ્નો કાઢવાના છે અને
– તે પ્રશ્નો કયા સ્વરૂપના અને કેટલા ગુણના હશે તેનો સાચો ચિતાર રજૂ થાય છે. આ બાબત આદર્શ પ્રશ્નપત્ર કે તેના નિર્માણની ચર્ચા વખતે વધારે સ્પષ્ટ થશે.

**15.2.5 આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો**

અગાઉ કહ્યું તેમ વિદ્યાર્થીની અને શિક્ષકોની 12 મહિનાની મહેનતની ફળશ્રુતિ, તેમજ પાત્રોની ભાવિ કારકિર્દી, વાલીઓની અપેક્ષા તેમણે આપેલ ભોગ આ બધાનું ફળ માત્ર 3 કલાકના પેપરમાં આપેલા પ્રશ્નોના જવાબ આપવા ઉપર નિર્ભર હોય છે. એ જોતાં પ્રશ્નપત્રનું મહત્ત્વ જેટલું આંકીએ

તેટલું ઓછું છે. પરીક્ષા એ મૂલ્યાંકનની માફક સતત ચાલતી પ્રક્રિયા કે એક પછી એક એકમની ચકાસણી નથી. આ હિસાબે આદર્શ પ્રશ્નપત્રનાં તમામ લક્ષણોનો જેને ખ્યાલ હોય, વિચક્ષણ હોય, સમતોલ વિચારક હોય, શિક્ષણના હેતુઓ પ્રત્યે પૂરેપૂરી સભાનતા હોય, ગંભીર (આછકલાઈનો અભાવ) હોય, જવાબદારીનું પૂરેપુરું ભાન હોય, વિષયવસ્તુનું તલસ્પર્શી જ્ઞાન હોય તેવી વ્યક્તિને પ્રશ્નપત્ર કાઢવાનું સોંપવું જોઇએ. (વર્તમાનપત્રોમાં અવારનવાર બોર્ડથી માંડીને યુનિવર્સિટીના પેપરના છબરડા પ્રગટ થતા હોય છે. આ વસ્તુ પ્રશ્નપત્રને વધારે ગંભીર રીતે લેવાની તાતી જરૂરિયાતની સૂચક બને છે.)

વ્યાપક અર્થમાં આદર્શ પ્રશ્નપત્રનાં પ્રમુખ લક્ષણો નીચે મુજબ ગણાવી શકાય.

**1. અભ્યાસક્રમના મુદ્દાઓનું પ્રતિનિધિત્વ :**

સૌ પ્રથમ અભ્યાસક્રમના કયા કયા મુદ્દાને સ્થાન આપવું તે નક્કી કરી લેવું જોઇએ. ઉપરાંત અભ્યાસક્રમના કયા મુદ્દાને કેટલું મહત્ત્વ આપવું તે પણ નિશ્ચિત હોવું જોઇએ.

**2. વિષય શિક્ષણના હેતુઓનો સમાવેશ :**

સારા પ્રશ્નપત્રમાં વિષય શિક્ષણના શક્ય તેટલા વધુ હેતુઓને આવરી લેવા જોઇએ. સંસ્કૃત શિક્ષણના વિવિધ હેતુઓની ચકાસણી માટે કેટલો ભાર આપવો તે તેના સાપેક્ષ મહત્ત્વને લક્ષમાં રાખી નક્કી કરવું જોઇએ. જ્ઞાન પ્રાપ્તિના હેતુ કરતાં સમજ અને જ્ઞાનના ઉપયોગના હેતુને વધારે વજન આપવું જોઇએ. લેખિત પરીક્ષામાં બધા જ હેતુઓનું મૂલ્યાંકન ન થઇ શકે. આમાં મૌખિક અભિવ્યક્તિ વિશે કશું જાણી ન શકાય.

**3. પ્રશ્નોનું સ્વરૂપ :**

પ્રશ્નપત્રમાં નિબંધપ્રકારના પ્રશ્નો, ટૂંકજવાબી પ્રશ્નો, હેતુલક્ષી (પરલક્ષી વસ્તુલક્ષી) પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ કેટલું રાખવું તે અગાઉથી નક્કી કરી રાખવું જોઇએ. ઉપરાંત કયા હેતુ માટે કયા એકમ આધારિત કેવા પ્રશ્ન તૈયાર કરવા છે તે પણ વિચારી રાખવું જોઇએ.

**4. પ્રશ્નોનું કઠિનતા મૂલ્ય :**

ઘણા પ્રાશ્નિકો પ્રશ્નપત્રને મલ્લ કુસ્તીનું મેદાન સમજી જાણે વિદ્યાર્થીને આહ્વાન કરવાનું હોય તેવી મનોવૃત્તિ સેવતા હોય છે, જ્યારે અમુક તેના તદ્દન સામા છેડાની આ બંને બાબતો વર્જ્યે છે. પ્રબળ મેધાવી છાત્રને પણ આકરું પડે અથવા અતિનબળાં છાત્રને પણ પેપર સહેલું લાગે એવી પરિસ્થિતિ ઇચ્છનીય નથી. છતાં કોઇ સરેરાશ છાત્રને નાપાસ થવાનું જોખમ થાય તે પણ ઇષ્ટ નથી. આ માટે કઠિન, સામાન્ય અને સરળ પ્રશ્નનું પ્રમાણ કેટલું રાખવું તે મનમાં સ્પષ્ટ હોવું જોઇએ. અનુક્રમે 15%, 70% અને 15% પ્રમાણ યોગ્ય ગણી શકાય.

**5. વિકલ્પોની યોજના :**

પ્રશ્નપત્રમાં સમગ્રતયા વિકલ્પો (જેમ કે 8માં ગમે તે પાંચ પ્રશ્નોના જવાબ આપો) આપવા તે યોગ્ય નથી. કારણ કે વિદ્યાર્થીઓ અભ્યાસક્રમનો અમુક હિસ્સો અગાઉથી જ તૈયાર કર્યા વગર છોડી દેવા લલચાઇ શકે છે. તેના કરતાં આંતરિક વિકલ્પો આપવા વધુ હિતાવહ છે. એટલે કે કોઇ એક પ્રશ્નના વિકલ્પમાં બીજો પ્રશ્ન આપવામાં આવ્યો હોય છે. પણ આ વિકલ્પ આપતાં નીચેના મુદ્દા ખાસ લક્ષમાં સમવા જોઇએ.

– વિકલ્પે આપેલો પ્રશ્ન પણ મૂળ પ્રશ્ન જે હેતુનું મૂલ્યાંકન કરતો હોય તેનું જ મૂલ્યાંકન કરતો હોવો જોઇએ.

– બંનેનું કઠિનતા મૂલ્ય સરખું હોવું જોઇએ.

– બંનેના જવાબ લખવામાં લાગતો સમય લગભગ સરખો હોવો જોઈએ.

6. **સમય-મર્યાદા :**

100 ગુણનું પ્રશ્નપત્ર 3 કલાકની સમય મર્યાદા લક્ષમાં રાખી તૈયાર કરવું જોઈએ. અમુક સમય પ્રશ્નો વાંચવામાં અને કોના જવાબ આપવા તે નક્કી કરવામાં, અમુક સમય પ્રશ્નપત્ર પૂરું થયા પછી જવાબો ફરી જોઈ જવામાં અને દોરા બાંધવામાં, નંબર વગેરે બરાબર લખાયું છે કે નહીં તેની ચકાસણીમાં જતો હોય આ બધું 3 કલાકની અંદર જ કરવાનું છે તેનો વિચાર કરવો જોઈએ.

7. **ગુણાંકનમાં બને તેટલું વધુ વસ્તુલક્ષીપણુ :**

સારા પ્રશ્નપત્રના આ એક પ્રાણરૂપ ગુણ છે, નિબંધ પ્રકારના કે ટૂંકા જવાબી પ્રશ્નો કે વર્ણનાત્મક કે વિવેચનાત્મક પ્રશ્નોમાં આત્મલક્ષીપણું ઘટાડવા તે દરેકના મુખ્ય મુદ્દા પ્રાશ્નિક કે અગાઉથી નક્કી કરી લેવા જોઈએ. જેથી ગુણાંકનમાં આત્મલક્ષીપણું બની શકે તેટલું દૂર રાખી શકાય અને ઉત્તરવહીના મૂલ્યાંકનમાં ચોક્કસાઈનું પ્રમાણ વધારી શકાય.

8. **પ્રશ્નોની ભાષા :**

નિબંધાત્મક અને ટૂંકા જવાબી પ્રશ્નોની ભાષા અસંદિગ્ધ સ્પષ્ટ અને ચોક્કસ હોવી જોઈએ. ઘણીવાર એવું પણ જોવામાં આવે છે તે પ્રાશ્નિકને અભિપ્રેત ન હોય તેવા જવાબો પણ આવતાં હોય છે. છતાં પ્રશ્નની ભાષાની દૃષ્ટિએ તે જવાબો તદ્દન યોગ્ય હોય છે. દા.ત. સમ્રાટ અશોક વિશે નવ વાક્યો લખો. આ પ્રકારમાં વિદ્યાર્થીઓ અલગ અલગ મુદ્દા જેમ કે તેનો કલિંગ વિજય, ધર્મચક્ર પ્રવર્તન, તેની આજ્ઞાઓ, દેવાનાં પ્રિયનું બિરુદ વગેરે ગમે તે બાબતો લખી શકે. તે બધી સાચી જ ગણાય.

9. **સૂચનાઓની સ્પષ્ટતા :**

ઘણીવાર એવો અનુભવ થતો હોય છે કે પરીક્ષા ખંડમાં પરીક્ષાર્થીઓ ખંડ નિરીક્ષકને પૂછતા હોય છે, ''સાહેબ, આ પ્રશ્નમાં શું કરવાનું છે ?'' આવી સૂચના સંદિગ્ધ છે. એ સૂચના સમજવામાં પણ વિદ્યાર્થીનો અમુક સમય વ્યતીત થાય છે. ઘણીવાર એવું પણ બને કે સૂચના સ્પષ્ટ હોય પણ વિદ્યાર્થીની સમય ફેર થતી હોય. (લેખકે અનુભવેલો એક કિસ્સો અત્રે નોંધવાનું મન થાય છે. પેપર આપી આવ્યા પછી સામાન્ય રીતે તેમનું પેપર પોતાના 'સર'ને દેખાડતા હોય છે. લેખકે એક પછી એક પ્રશ્નની તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેણે 7મો પ્રશ્ન છોડી દીધેલો. શું કામ ? સૂચના હતી. सातवें प्रश्न को छोड़कर बाकी सब प्रश्नों के उत्तर हिन्दीमें दें। લેખક : અલ્યા ! સાતમો પ્રશ્ન જો બધાએ છોડી જ દેવાનો હોય તો છાપે શું કરવા ?) ટૂંકમાં પ્રશ્ન ઉપર આપેલી સૂચનામાં જરા પણ સંદિગ્ધતા કે દ્વિઅર્થીપણાને અવકાશ હોવો જોઈએ નહીં. જો પ્રશ્નપત્ર બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરીને બનાવામાં આવે તો તે ચોક્કસ આદર્શ પ્રશ્નપત્ર બની રહે.

### 15.2.6 આદર્શ પ્રશ્નપત્ર નિર્માણ

ઉપર જણાવ્યા પ્રમાણે આદર્શ પ્રશ્નપત્રની રચના માટે બ્લ્યૂ પ્રિન્ટનો સર્વગ્રાહી વિચાર કરી લઈએ. આદર્શ પ્રશ્નપત્ર માટે જુદાં જુદાં દૃષ્ટિકોણથી વિચાર કરતાં નીચે મુજબનો ગુણ ભારાંક નક્કી કરી શકાય.

**(અ) પ્રશ્નસ્વરૂપ મુજબ**

(1) નિબંધ પ્રકાર 24 ટકા (2) ટૂંકા ઉત્તર 30 ટકા (3) હેતુલક્ષી 46 ટકા

**(બ) વિષયવસ્તુ મુજબ**

(1) ગદ્ય 52 ટકા (2) પદ્ય 30 ટકા (3) સુભાષિત 8 ટકા (4) અભ્યાસ 10 ટકા

**(ક) હેતુ મુજબ**

(1) જ્ઞાન 32 ટકા (2) સમજ 32 ટકા (3) ઉપયોગ 36 ટકા

**(ડ) ત્રિપરિમાણદર્શક મુજબ**

| **પ્રશ્ન પ્રકાર** | **જ્ઞાન** | | | **સમજ** | | | **ઉપયોજન** | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **એકમ** | **નિબંધ** | **ટૂંકા** | **વસ્તુ** | **નિબંધ** | **ટૂંકા** | **વસ્તુ** | **નિબંધ** | **ટૂંકા** | **વસ્તુ** | |
| ગદ્ય | - | 8 | 14 | 8 | 8 | 12 | - | - | 2 | 52 |
| પદ્ય | - | 4 | 6 | 4 | 4 | 12 | - | - | - | 30 |
| સુભાષિત | - | - | - | - | - | 2 | - | 6 | - | 8 |
| અભ્યાસ | - | - | 6 | - | 4 | - | - | - | - | 10 |
| **કુલ** | **-** | **12** | **26** | **12** | **16** | **26** | **-** | **6** | **2** | **100** |

### 15.2.7 સંસ્કૃતમાં ક્રિયાત્મક સંશોધન :

**પ્રસ્તાવના :**

સંસ્કૃત વર્તમાન પરિસ્થિતિ જોતાં જણાય છે કે કોઇ પણ સંજોગોમાં સંસ્કૃત પ્રત્યે વિદ્યાર્થીઓને જાગ્રત કરવા એ ખૂબ જ જરૂરી છે. સંસ્કૃત ભાષા હાલ વાણી-વ્યવહારની ભાષા નથી. પરંતુ તે અંગેના પ્રયત્નો સતત ચાલતા આવતા રહ્યા છે. માધ્યમિક શાળાઓમાં સંસ્કૃતનો એક પ્રાચીન ભાષા તરીકે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવે છે. સંસ્કૃતને પ્રાચીન ભાષા તરીકે ભણવાની હોવાથી સવિશેષ પ્રશ્નો ઊભા થાય એ સ્વાભાવિક છે. વળી, સંસ્કૃત વ્યાકરણપ્રધાન ભાષા છે, પરિણામે વ્યાકરણવિષયક ક્ષતિઓ થાય તે પણ સાહજિક બાબત છે. આવી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે વર્ગશિક્ષણ દરમિયાનની નાની નાની સમસ્યાઓના નિરાકરણ માટે ક્રિયાત્મક સંશોધન (Action Research) કરતાં રહેવું જોઇએ. તેમ જ સતત નિદાન કાર્ય કરી તેના સુધાર માટે ઉપચાર કાર્ય કરતાં રહેવું જોઇએ. તે વર્તમાન સમયની વિદ્યાર્થીઓ માટે જરૂરી છે.

**ક્રિયાત્મક સંશોધનનો અર્થ - સંકલ્પના :**

ક્રિયાત્મક સંશોધન એ શિક્ષકોના દૈનિક કાર્યમાં પડતી મુશ્કેલીઓમાંથી ઉકેલ લાવવાનું સંશોધન છે. આ સંશોધનમાં ત્વરિતતાનો ગુણ રહેલો છે. ક્રિયાત્મક સંશોધનથી શિક્ષક વર્ગશિક્ષણ દરમિયાન નડતી મુશ્કેલીઓનો વૈજ્ઞાનિક રીતે વિચાર કરીને તેનું નિરાકરણ લાવી શકે છે. આમ, વર્ગશિક્ષણની કોઇપણ પ્રકારની સમસ્યાના ઉકેલ માટેની વૈજ્ઞાનિક રીતે કાર્ય કરવાની રીતને ક્રિયાત્મક સંશોધન કરે છે.

''કોઇપણ યોજનાની સફળતા માટે સંશોધન અનિવાર્ય છે. પ્રારંભમાં આ સંશોધનનો ઉપયોગ સમાજ અને વહીવટી સુધારાને ધ્યાનમાં રાખીને કરવામાં આવતો હતો. આમ, સમાજ અને વહીવટી સુધારાને ધ્યાનમાં રાખી જે સુધારાત્મક કાર્યમાં સમસ્યાના નિરાકરણ માટેની ક્રિયા તે ક્રિયાત્મક સંશોધન.''

**—કોલિયર**

''ઘણા લોકોએ આ પ્રક્રિયાને ક્રિયાત્મક સંશોધન કહ્યું છે. જેના દ્વારા કાર્ય કરનાર પોતાની સમસ્યાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ એટલા માટે કરે છે કે તેઓ પોતાના નિર્ણયો અને ક્રિયાઓનાં નિર્દેશ, સંશોધન તથા મૂલ્યાંકન કરી શકે.''

**—પ્રો. સ્ટીફન એમ. કોરી**

''શિક્ષણમાં શિક્ષકો દ્વારા શિક્ષકો માટેનું સંશોધન એટલે ક્રિયાત્મક સંશોધન''

**– ડૉ. ડી. એ. ઉચાટ**

**ક્રિયાત્મક સંશોધન**

= શિક્ષક સંશોધન

= વર્ગખંડ સંશોધન

= કાર્યકર્તા સંશોધન

= કાર્યકર્તા દ્વારા કાર્ય સુધારણા માટેનું સંશોધન

= નાનકડું સંશોધન

**– ડૉ. ડી. એ. ઉચાટ**

**ક્રિયાત્મક સંશોધનોના આધારો :**

– શિક્ષકને સમસ્યા કે પ્રશ્નનું સ્પષ્ટ દર્શન થાય.
– સમસ્યાના ઉકેલમાં શિક્ષકને સાચો રસ હોય.
– સમસ્યાનું સ્વરૂપ સાદું હોય.
– સમસ્યાનું ક્ષેત્ર મર્યાદિત હોય.
– શિક્ષણની ગુણવત્તા વધારવા ઉપયોગી થાય.
– સમસ્યા શાળાના વિદ્યાર્થીઓને સ્પર્શતી હોય.
– તેનો ઉકેલ શિક્ષકને તેના શિક્ષણકાર્યમાં અને શાળાને સમગ્ર રીતે ઉપયોગી થાય એવો હોય.

**ક્રિયાત્મક સંશોધનનાં સોપાનો :**

1. સમસ્યાનો પરિચય.
2. સમસ્યાને પરિભાષિત અને સ્પષ્ટીકરણ
3. સમસ્યાનાં સંભવિત કારણોની તપાસ કે યાદી
4. ક્રિયાત્મક કાર્યક્રમની સંરચના
5. ક્રિયાત્મક ઉત્કલ્પનાની રચના
6. ક્રિયાત્મક કાર્યક્રમનું અમલીકરણ
7. ઉત્કલ્પનાની ચકાસણી કરવી
8. માહિતીનું એકત્રીકરણ અને તારણો
9. અહેવાલ લેખન

**સંસ્કૃતમાં ક્રિયાત્મક સંશોધન**

**સમસ્યા :** વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણદોષ

**સમસ્યાનું પરિસીમિત અને સ્પષ્ટીકરણ :** ધો-9ના વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં ઉચ્ચારણદોષ કરે છે.

**સંભવિત કારણો :**

– ક્ષતિયુક્ત શ્રવણ, ઉચ્ચારણ તંત્રની ક્ષતિ
– કેટલાંક વર્ણોના ઉચ્ચાર ભેદથી અજ્ઞાત

- વિસર્ગ અને અનુસ્વારોના ઉચ્ચારણોથી અજ્ઞાન
- શિક્ષકનું અયોગ્ય ઉચ્ચારણ, ઉચ્ચારણ સ્થાનોથી અજ્ઞાત, સંસ્કૃત વિષય પ્રત્યે અરુચિ
- માતૃભાષાનો અભાવ

**ક્રિયાત્મક કાર્યક્રમની સંરચના :**

ઉચ્ચારણદોષના નિવારણ અંગે ચોક્કસ સમય નક્કી કરીને વિદ્યાર્થીઓના દોષ અંગેની નોંધ તૈયાર કરવા અંગે કાર્યક્રમ એક સપ્તાહમાં આયોજન કરવું.

**ઉત્કલ્પનાની રચના :**

સમસ્યાના સંભવિત કારણોની યાદી તૈયાર કરી જે શિક્ષક નિવારી શકે તેવાં અને શિક્ષક ન નિવારી શકે તેવાં કારણો અલગ તારવવા. શિક્ષક જેનું નિવારણ કરી શકે તેવાં કારણોને અગ્રતાક્રમ આપી તેના આધારે ઉત્કલ્પનાઓની રચના કરવી.

- અગ્રતાક્રમનું પ્રથમ કારણ શિક્ષકનું દોષયુક્ત ઉચ્ચારણ છે. તો તેના પરથી આ રીતે ઉત્કલ્પના બાંધી શકાય.
- જો શિક્ષક સંસ્કૃત વર્ણો અને પદોનું યોગ્ય ઉચ્ચારણ કરે તો વિદ્યાર્થીઓનાં ઉચ્ચારણ દોષોનું પ્રમાણ ઘટે.

**કાર્યક્રમનું અમલીકરણ :**

- ચોક્કસ સમયના આધારે ઉચ્ચારણ દોષોને તપાસવા માટે વિદ્યાર્થીઓને વાંચન કરવાનું કાર્યક્રમ બનાવીને તેનું અમલીકરણની શરૂઆત કરીને તેના કારણોની યાદી બનાવી શકાય.

**ઉત્કલ્પનાની ચકાસણી :**

વિદ્યાર્થીઓ કેવા પ્રકારના દોષ કરે છે તેમજ કયા કયા વિદ્યાર્થીઓ ઉચ્ચારદોષ કરે છે તેની ચકાસણી ઉત્કલ્પનાઓને આધારે કરવી, જેમાં શિક્ષક વિદ્યાર્થીઓની વ્યક્તિગત મુલાકાત લઇ, વર્ગ ચર્ચા યોજી તથા પ્રશ્નોત્તરી પદ્ધતિ અપનાવી દોષોની નોંધ તૈયાર કરી શકે. જરૂર પડે તો પ્રશ્નાવલી અથવા નિદાન કસોટીનો પણ ઉપયોગ કરી શકાય.

- ઉપરોક્ત દોષોને દૂર કરવા માટે શિક્ષકે નીચે પ્રમાણેનાં કાર્યો હાથ ધરવાં જોઇએ.
- ઉચ્ચાર સ્થાનોનો ચાર્ટ તૈયાર કરી વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવો.
- ઉચ્ચાર સ્થાનોની વૈજ્ઞાનિક સમજ આપવી.
- વિદ્યાર્થીઓના દોષો દૂર કરી તેની સાચી સમજ આપવી.
- સંસ્કૃતના તાસમાં નિયમિત ધોરણે પાંચ મિનિટ ઉચ્ચારણ અંગેની સમજ આપવી.
- આદર્શ વાંચન કરવું.
- મનોચિકિત્સક તથા તજ્જ્ઞોની મદદ લેવી.
- કઠિન ઉચ્ચારણોનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કરવું.
- માતૃભાષાની અસર નિવારવા સભાન પ્રયત્નો કરવા.

**માહિતીનું એકત્રીકરણ અને તારણો :**

વિવિધ સાધનો દ્વારા માહિતી એકત્રિત કર્યા બાદ તેનું અર્થઘટન કરી ટકાના સ્વરૂપમાં કે સાદી ગણતરી કરીને તારણો કાઢવાં દા.ત.

10 વિદ્યાર્થીઓમાંથી 8 વિદ્યાર્થીઓના ઉચ્ચારણદોષનું કારણ શિક્ષકનું દોષયુક્ત ઉચ્ચારણ છે તો

આના આધારે કહી શકાય છે. 80% વિદ્યાર્થીઓ આ વિધાનની તરફેણમાં છે. તારણોનો અભ્યાસ કરી સુધારાલક્ષી સૂચના કરી શકાય અથવા ભલામણ કરી શકાય.

આવા પ્રકારના પ્રયોગો કોઈપણ સંસ્કૃત શિક્ષક કરી શકે છે. જેને પરિણામે વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય પ્રત્યે અભિરુચિ કેળવે છે. ક્રિયાત્મક સંશોધનથી શિક્ષક અને વિદ્યાર્થીઓ એમ બંને પક્ષે લાભ થાય છે.

અંતે, તમામ બાબતનો અહેવાલ તૈયાર કરી શકાય.

## 15.3 તમારી પ્રગતિ ચકાસો

**1. મૂલ્યાંકન પ્રાચીનકાળથી ચાલી આવતી પ્રક્રિયા છે. ટૂંકમાં સમજાવો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

**2. રોજિંદાં જીવનમાં જાણ્યે અજાણ્યે થતાં મૂલ્યાકનનાં થોડાં ઉદાહરણો આપો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

**3. સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકનનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

**4. મૂલ્યાંકનની સંકલ્પના સ્પષ્ટ કરો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

..................................................................

5. **મૂલ્યાંકન માટેની વિવિધ કસોટીઓ માટે ટૂંકમાં જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. **આદર્શ મૂલ્યાંકનની કેટલીક વિશેષતાઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. **આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 15.4 સારાંશ

જીવનમાં સર્વક્ષેત્ર જાણ્યે અજાણ્યે આપણે મૂલ્યાંકન કરતાં જ હોઇએ છીએ. કોઇપણ વસ્તુ, વિષય કે શિક્ષણનું મૂલ્યાંકન જ ન કરાતું હોય તો તે વસ્તુ કે પરિસ્થિતિ કે શિક્ષણનો અર્થ જ નથી. મૂલ્યાંકન સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણની ખાસ સંસ્કૃત શિક્ષણની વાત કરીએ તો મૂલ્યાંકન એક આયનો છે. તેમાં તમારું વાસ્તવિક ચિત્ર સામે આવે છે. મૂલ્યાંકન શિક્ષકો, આચાર્ય, વ્યવસ્થાપક મંડળ છાત્રો વગેરે તમામ સંબંધ ધરાવતા માણસો સામે આયનો ધરે છે. તમે ક્યાં છો ? ક્યાં ભૂલો છો ? ક્યાં કચાશ છે ? ક્યાં કે કોનામાં શો સુધારો કે પરિવર્તન કરવાની જરૂર છે, તે માટે શા ઉપચાર જરૂરી છે, વગેરેનું વિશદ દર્શન કરાવી આનુષંગિક અનુકાર્ય (Follow up work) માટે પથપ્રદર્શક બને છે અને આમ માનવજાતના સતત પૂર્ણતા પહોંચવાના અથાક પરિશ્રમમાં મૂલ્યાંકન દીવાદાંડીનું કામ કરે છે અને પૂર્ણતા એ પહોંચવાના પ્રયત્ન તરફ અગ્રેસર કરે છે.

અલબત્ત મૂલ્યાંકન સામે લાલબત્તી એ ધરવાની કે મૂલ્યાંકન સર્વ રીતે સુસજ્જ, સંનિષ્ઠ, સમર્પિત વ્યક્તિ દ્વારા હેતુલક્ષી રીતે થવું જોઇએ. નહીંતર વાંદરાના હાથમાં બંદૂક જેવું થાય.

## 15.5 સ્વાધ્યાય

1. મૂલ્યાંકનની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકનનું મહત્ત્વ સમજાવો.
3. સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં મૂલ્યાંકન સર્વ સંબંધિત જનસમુદાયને કઇ રીતે ઉપયોગી છે તે સ્પષ્ટ કરો.
4. આદર્શ મૂલ્યાંકનનાં પ્રમુખ લક્ષણો જણાવો.
5. મૂલ્યાંકન અને પરીક્ષણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
6. મૂલ્યાંકનકારના કેટલાંક અત્યંત આવશ્યક ગુણો જણાવી તે શા માટે જરૂરી છે તે સ્પષ્ટ કરો.
7. મૂલ્યાંકનમાં અનાત્મલક્ષીપણું (હેતુલક્ષીપણું) શા માટે બેહદ જરૂરી છે ?
8. આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો જણાવો.

## 15.6 ચર્ચા માટેના મુદ્દાઓ

1. ''મૂલ્યાંકન વગરની કોઇ પ્રવૃત્તિ સુકાન નગરની નાવ જેવી છે'' આની તરફેણમાં દલીલ કરો.
2. ''તપોવન સંસ્કૃતિમાં મૂલ્યાંકન હતું તે અત્યંત જીવનોપયોગી હતું'' - સદૃષ્ટાન્ત સમજાવો.
3. ''પરીક્ષણ અને મૂલ્યાંકન વચ્ચે ખાસ કશો તફાવત નથી.'' - આ વિધાનની વિરુદ્ધમાં દલીલ કરો.
4. ''આદર્શ પ્રશ્નપત્ર માટે બ્લ્યૂ પ્રિન્ટ જરૂરી નથી.'' - આ વિધાન વિષે તમારો મૌલિક અભિપ્રાય આપો.

## 15.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. Bokil V. P. and Parasnis SR. : A nad Approach to Teaching of Sanskrit, Lok Sangrah Pree-Poona 1956.
1. ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવે અને અન્ય : સંસ્કૃત - અધ્યાપન પરિશીલન 1987 વી. એસ. શાહ., પ્રકાશન, અમદાવાદ.
3. પ્રા. આકુવાલા : સંસ્કૃતનું અભિનવ અધ્યાપન, ભારત પ્રકાશન, અમદાવાદ - 1972.
4. પ્રિ. કલ્યાણી એન. આર. અને અન્ય : શિક્ષણ આયોજન પ્રવિધિ અને મૂલ્યાંકન, અનડા બુક ડિપો પ્રકાશન, અમદાવાદ 1971.
5. ડૉ. દેસાઈ ડી. એમ. અને અન્ય શૈક્ષણિક આયોજન, પ્રવિધિ અને મૂલ્યાંકનની નવી ધરી, એ. આર. શેઠની કંપની, અમદાવાદ, 1973.
6. संस्कृत शिक्षण : डॉ. शकुन्तला सैनी युनिवर्सिटी बूक हाउस (प्रो. लि. जयपुर)
7. संस्कृत शिक्षण - रीटा शर्मा - अमिता जैन आविष्कार पब्लिशर्स, डिस्ट्रीब्यूटर्स, जयपुर - ३०२००३.


## 15.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(1) 2.1 (2) 2.1 (3) 2.2 (4) 2.2.1 (5) 2.2.2 (6) 2.2.3 (7) 2.2.5

# એકમ 16 સંસ્કૃત શિક્ષણનાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

: રૂપરેખા :


16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 સંસ્કૃત શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

16.2.1 સંસ્કૃત શિક્ષણમાં નિદાનાત્મક કાર્યનો અર્થ, મહત્ત્વ, પરિભાષા અને ઉપયોગિતા

16.2.2 સંસ્કૃત શિક્ષણમાં ઉપચારાત્મક કાર્ય-અર્થ, મહત્ત્વ, પરિભાષા અને ઉપયોગિતા

16.3 તમારી પ્રગતિ ચકાસો

16.4 સારાંશ

16.5 સ્વાધ્યાય

16.6 ચર્ચા માટેના મુદ્દાઓ

16.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

16.8 તમારું જ્ઞાન ચકાસોના જવાબો


## 16.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

- વિદ્યાર્થીઓની નબળાઈઓ વિષે જાણી શકશો.
- વિદ્યાર્થીઓની નબળાઈનાં કારણો શોધી શકશો.
- નિદાનાત્મક શિક્ષણનું મહત્ત્વ અને ઉપયોગિતા સમજી શકશો.
- ઉપચારાત્મક શિક્ષણની જરૂરિયાત સમજી શકશો.
- વિદ્યાર્થીઓની નબળાઈઓ દૂર કરી તેને પૂર્ણતા તરફ પ્રગતિ કરાવવાના ઉપાયોનો ખ્યાલ મેળવી શકશો.

## 16.1 પ્રસ્તાવના

માણસનાં બે મુખ્ય પાસાં છે. (1) સ્થૂળ (2) સૂક્ષ્મ, સ્થૂળ પાસાંમાં તેના શરીરના આંતરબાહ્ય અંગો અને શરીરના અંદરના તંત્રો અને તેમનો પારસ્પરિત વ્યાપારનો સમાવેશ થાય છે.

**સૂક્ષ્ય :** આ પાસાંમાં તેનું મન, બુદ્ધિ, હૃદય, ચાતુર્ય, ઊર્મિઓ વગેરેનો સમાવેશ થાય છે.

આ પૈકી સ્થૂળ પાસાંની વાત કરીએ તો માણસના શરીરમાં કોઇ વિક્ષોભ ઉત્પન્ન થાય જેનાથી તેને સારવારની જરૂર પડે. આ તકલીફના પણ બે ભાગ પડે છે.

(1) **બાહ્ય રીતે દષ્ટિ ગોચર બાબત :** જેમ કે માથું કૂટવું, હાથપગ ભાંગવા, લોહી લુહાણ થવું, લકવો મારી જવો વગેરે.

(2) **આંતરિક બાબત :** આમાં શરીરના અંદરના તંત્રમાં ગરબડ થવાથી થતી તકલીફોનો સમાવેશ થાય છે. જેમ કે તાવ આવવો, ઝાડા ઉલટી, માથું દુઃખવું, સાંધાનો વા, એનિમિયા, હરસ, મસા વગેરે.

આમ, જ્યારે માણસના શરીરને કોઈપણ રીતે ક્ષતિ પહોંચે ત્યારે માણસ ચિકિત્સક (ડૉક્ટર) પાસે જતો હોય છે. ડૉક્ટર કદાચ બાહ્ય સાધનો - જેવાં કે સ્ટેથોસ્કોપ, બી. પી. ટેસ્ટ, આંખ, નાક, ગળા, જીભ વગેરેનું ટોર્ચ દ્વારા તપાસ વર્ગોથી મુશ્કેલી સમજવાં પ્રયત્ન કરે અને તેમાં સફળ ન થાય તો દર્દીને પેથોલોજી લેબોરેટરીમાં મોકલી જરૂર પ્રમાણે તેના યુરીન ટેસ્ટ (પેશાબની તપાસ), બ્લડ ટેસ્ટ, સ્ટૂલ (ઝાડો) એક્ઝામ, કાર્ડિયોગ્રામ વગેરે કઢાવવાની સલાહ આપે. આ વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ પેથોલોજિસ્ટ તેનો રિપોર્ટ તૈયાર કરી દર્દીને આપે તે દર્દી પુનઃ ડોક્ટરને દેખાડે તેના પ્રકાશમાં ડૉક્ટર તેનું નિદાન (Diagnosis) કરે અને પછી યોગ્ય વિચારના અંતે તેને આપવાની સારવાર (Treatment)નું Prescription લખી આપે. આમ શરીરને તંદુરસ્ત, રોગમુક્ત અને પુનઃસ્વસ્થ બનાવવાના બે સોપાનો મુખ્ય છે. (1) નિદાન અને (2) ઉપચાર.

આમાં પણ ભયસ્થાન તો છે જ. રિપોર્ટ બરાબર ન હોય અથવા રિપોર્ટ ઉપરથી નિદાન કરવાની ડૉક્ટરની ક્ષમતા બરાબર ન હોય અથવા રોગનું નિદાન થયા પછી દર્દી માટે કઈ સારવાર ઉત્તમ છે એનો બહોળો અનુભવ ન હોય તો દર્દીનો સમય અને પૈસા અને ડૉક્ટરની મહેનત પાણીમાં જાય છે અને એ શ્રમ વંધ્ય સાબિત થાય છે.

એજ રીતે શિક્ષણની વાત કરીએ તો બાળકમાં અભ્યાસ વિષયક કેટલીક નબળાઈઓ (મંદતા) હોય છે. તે પણ એક પ્રકારનો બૌદ્ધિક કે માનસિક રોગ જ ગણાય. તો તે નબળાઈઓ કઈ કઈ છે ? શું કામ છે ? તેની પાછળ કયાં પરિબળો કામ કરે છે તેનું સચોટ નિદાન થવું જોઈએ. આ પ્રક્રિયાને નિદાનાત્મક શિક્ષણ કહે છે અને નિદાન (Diagnosis) થયા પછી તે ક્ષતિઓ (નબળાઈઓ, ત્રૂટિઓ, ઉણપો) દૂર કરવા માટે કયા કયા ઉપાયો કારગત નીવડશે તેનો વિચાર કરવો તે ઉપચારાત્મક શિક્ષણ કહેવાય છે. આમ શિક્ષક પણ એક અર્થમાં 'બાળકોના બૌદ્ધિક (માનસિક) રોગોનો ડૉક્ટર છે અને શિક્ષણમાં પણ Diagnosis અને Treatment Remad સોપાન એટલાં જ મહત્ત્વનાં છે. અલબત્ત જેમ ઉપર શારીરિક રોગોના નિદાન અને ઉપચારના ભય સ્થાનો દેખાડ્યાં છે તે નિદાનાત્મક શિક્ષણ અને ઉપચારાત્મક શિક્ષણને પણ એ જ રીતે અને એટલે અંશે લાગુ પડે છે.

## 16.2 સંસ્કૃત શિક્ષણમાં નિદાનાત્મકકાર્ય અને ઉપચારાત્મક કાર્ય

આપણે જાણીએ છીએ કે એક વર્ગમાં 50 થી 60 છાત્રો એક સાથે ભણતા હોય છે. વિદ્યાર્થીઓ બધા જ એક સરખી ગતિ અને સરતાથી શીખી શકતા નથી. કારણ કે વિદ્યાર્થીઓ જુદાં જુદાં સામાજિક, આર્થિક, પારિવારિક અને શૈક્ષણિક પર્યાવરણ તેમજ સ્તરમાંથી આવતા હોય છે. ભવભૂતિના ઉત્તર રામચરિતમાં અત્રેથી વનદેવતાને કહે છે કે ''વિધાતો ગુરુ ચૈતન્ય તથા જડને એક સરખી જ આપે છે પણ પરિણામમાં બહુ ફેર પડે છે. શું કામ ?'' प्रभवति शुचि (बिन्ब ग्राहे मणिर्नमुदां चयः ।) (સ્વચ્છ, નિર્મળમણિ વસ્તુનું પ્રતિબિંબ ઝીલી શકે છે, માટીનું ઢેફું નહીં) જો શિક્ષક તેજસ્વી છાત્રોને લક્ષમાં રાખી ઝડપ કરે તો નબળા પાછળ રહી જાય. (નરસિંહ મહેતાની વેલ જેમ. 'એક બળદ ગળિયો થઈ બેસે. આખલો તાણી જાયજી') અને જો છેલ્લામાં છેલ્લા વિદ્યાર્થીને લક્ષમાં રાખીને અતિશય મંદગતિ રાખે તો તેજસ્વી છાત્રો કંટાળી જાય છે અને તેમની પ્રગતિ રૂંધાય છે. સારા શિક્ષકનું એ કર્તવ્ય છે કે નબળા વિદ્યાર્થીઓની કચાશ, અંગત મુશ્કેલીઓ જાણી તેને દૂર કરવી. આ શોધી કાઢવું તે નિદાન છે. શૈક્ષણિક ભાષામાં વાત કરીએ તો તેને શૈક્ષણિક નિદાન (Educational Diagnosis) કહે છે.

જ્યારે બાળક વર્ગખંડ કે બહાર સમાયોજન સાધી શકતો નથી, અધ્યયનમાં પાછળ પડવા લાગે છે, પોતાની પરિસ્થિતિ ઉપર નિયંત્રણ રાખી શકતો નથી, ત્યારે તે વાતાવરણ સાથે સંતુલન સાચવી શકતો નથી, પોતાની ઇચ્છા અનુસાર પરિસ્થિતિનો લાભ ઉઠાવી શકતો નથી. અસ્થિર બુદ્ધિ, અસંતુલિન વ્યક્તિત્વ અનિશ્ચિત ધ્યેય, ઘૃણા, દ્વેષ, તિરસ્કાર, સ્વાર્થ પરામણના વગેરે તેનામાં જોવા મળે છે. ત્યારે તેને નિદાનાત્મક પરીક્ષણ અને 3 પ્રકારની સંધિઓ (સ્વરસંધિ, વિસર્ગ સંધિ, વ્યંજન

સંધિ) સમાસો અને આ બધાથી ભાષાનું દૃઢ બંધન અને જેમ ઉનનું સ્વેટર ગૂંથ્યું હોય તેમ ગણતરીપૂર્વકની ગૂંથણીનો સાચો છેડો પકડાઈ જાય અને ખેંચવામાં આવે તો સળંગ સ્વેટર ઉકેલાઈ જાય પણ જો ખોટો તંતુ પકડાઈ જાય તો ગાંઠો વળીને એવું ગૂંચાઈ જાય કે ન પૂછો વાત. સંસ્કૃતનું આવું જ છે. હવે જો વિદ્યાર્થી પહેલેથી ભાષાની પ્રારંભિક બાબતોમાં જ નબળા રહી જાય તો આગળનું વ્યાકરણ કે ભાષા સમજવામાં તેની મુશ્કેલી ઉત્તરોત્તર વધતી જ જવાની અને કાચી ઈંટોના પાયા ઉપર ઊભી કરેલી ઇમારતનું ભાવિ આખરે શું હોય ? અને સરવાળે વિદ્યાર્થી સંસ્કૃતથી વિમુખ બની જાય. અને સરળ માર્ગ તરીકે તરજૂમાં તથા જનરલ સવાલો ગોખી પાસ થવાના ઉપાયો યોજવા લાગે છે. માટે આવી અરુચિ ઉત્પન્ન જ ન થાય તે માટે નિદાન બહુ જ ઉપયોગી છે. એ તો હકીકત જ છે ને કોઇપણ વસ્તુ (રોગ, ક્ષતિ)નું નિદાન જ ન થાય તો ઉપચાર ક્યાંથી થાય. અને નિદાન ખોટું થાય તો ક્યારેક એવું પણ બને કે નિદાનના અંતે કરેલા ઉપચારથી મૂળ સ્થિતિ પણ ગુમાવી માણસ ઉલટાનો તેનાથી પણ નબળી સ્થિતિ તરફ ગતિ કરે. તમારે અમદાવાદથી પાટણ જવું હોય અને દક્ષિણ બાજુ વડોદરા તરફ ગતિ કરો તો પરિશ્રમનું પરિણામ શું આવે ? પાટણ અમદાવાદથી 100 કિ.મી. દૂર હતું. તમે 20 કિ.મી. ચાલવાનો પુરુષાર્થ કર્યો. ફળ શું મળ્યું. વગર પુરુષાર્થે 100 કિ.મી. દૂર હતા. પુરુષાર્થ પછી તમારા લક્ષ્યથી તમે 120 કિ.મી. દૂર થયા. તેના કરતાં તો પુરુષાર્થ કર્યા વગરની સ્થિતિ સારી હતી. માટે નિદાન મહત્ત્વનું તો છે જ પણ તે સંપૂર્ણ તાર્કિક રીતે વૈજ્ઞાનિક પદ્ધતિથી થવું જોઇએ. આવું નિદાન કરવા માટે અવલોકન, મુલાકાત, પ્રશ્નોત્તર, નિદાન કસોટી વગેરે અનેકવિધ ઉપાયો યોજી શકાય.

નિદાનાત્મક પરીક્ષણની રચનામાં નિમ્ન લિખિત મુખ્ય સોપાનો ગણાવી શકાય.

1. હેતુઓ નક્કી કરવા તથા પાઠ્યક્રમના પ્રકરણની રૂપરેખા
2. પાઠ્યવસ્તુનું વિશ્લેષણ - તાર્કિક ક્રમ
3. પાઠ્યપુસ્તકની કઠિનતાનો ક્રમ નક્કી કરવો.
4. પરીક્ષણના શબ્દોના પ્રકારનું નિર્ધારણ
5. પાઠ્યપુસ્તકના તાર્કિક ક્રમનું વિશ્લેષણ
6. પરીક્ષણના અંતિમ સ્વરૂપની તૈયારી

નિદાનનાં મુખ્ય કાર્યો આ મુજબ ગણાવી શકાય.

1. **વર્ગીકરણ :** આ નિદાન પ્રક્રિયાનું પ્રાથમિક સોપાન છે. બધા વિદ્યાર્થીઓને સજાતીય સમૂહમાં વિભાજિત કરવા જોઇએ.
2. **વિશેષ યોગ્યતાનું માપન :** આમાં નીચે દર્શાવેલી યોગ્યતાઓનું માપન અભિપ્રેત છે.

   (1) સમાયોજનનું સ્તર (2) અસામાન્યતાનું સ્તર (3) ઉત્સુકતાનું સ્તર (4) હતાશાનું સ્તર (5) શત્રુતાનું સ્તર.
3. **નિદાન સંબંધી અધ્યયન :** આ બહુ કઠિન તેમજ જટિલ કાર્ય છે. આમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે કે વિદ્યાર્થીની શીખવાની કમજોરીઓ તેની સામાન્ય અને વિશેષ યોગ્યતા સાથે કઇ રીતે સંબંધિત છે. આમાં વિદ્યાર્થીઓના શીખવાનાં કારણોની તપાસ કરવામાં આવે છે.

ટૂંકમાં જો છાત્રને આદર્શ, સામાજિક, ભાવિ નાગરિક બનાવવો શિક્ષણનો હેતુ હોય તો તેનામાં રહેલી કચાશ, ઉણપો, ત્રૂટિઓ ભલે શારીરિક માનસિક હોય - નું નિદાન કરી તે દૂર કરવી રહી.

દા.ત. વિદ્યાર્થી આંખે નબળો હોય, સાંભળવાની શક્તિ ઓછી હોય, જીભની ક્ષતિના કારણે શુદ્ધ

ઉચ્ચારથી બોલી શકતો ન હોય વગેરે મર્યાદાઓ પણ હોય, માનસિક રીતે કોઇ દબાઈ ગયેલ વૃત્તિઓનો શિકાર બન્યો હોય આ બધું તપાસવું તે નિદાનાત્મક પરીક્ષણનો વિષય છે.

**સંસ્કૃતમાં નિદાનાત્મક કાર્યની ઉપયોગિતા :**

શાળાઓમાં નિષ્પત્તિ પરીક્ષણ કરવામાં આવે છે. તેનાથી વિદ્યાર્થી કયા વિષયમાં કેટલું શીખ્યા તે ખબર પડે છે. વિદ્યાર્થીઓની સફળતાના આધારે તેને પાસ-નાપાસ જાહેર કરવામાં આવે છે. ઉપરની શ્રેણીમાં બઢતી આપવામાં આવે છે. પરંતુ જે વિદ્યાર્થીઓને સફળતા નથી મળી તેનું શું કારણ છે. તે આ પરક્ષાથી સમજાતું નથી. આ માટે નિદાનાત્મક પરીક્ષણનો સહારો લેવો પડે છે. પરીક્ષા વિદ્યાર્થીની ઉપલબ્ધિની તપાસ કરે છે. જ્યારે નિદાનાત્મક પરીક્ષણ વિદ્યાર્થીઓની ક્ષતિઓ અને તેનાં કારણોની તપાસ કરે છે. આમ બંને પરસ્પર વિરોધી નથી, બલ્કે એકબીજાના પૂરક છે. દા.ત. એક ગ્લાસ 60 ટકા ભરેલાં છે. તો એ 60 ટકા વિદ્યાર્થીની ઉપલબ્ધિ છે. જ્યારે બાકીના 40 ટકા ખાલી છે તેનું શું કારણ તે નિદાનાત્મક પરીક્ષણ નક્કી કરે છે. કલ્પના કરો કે જે નિદાનાત્મક અને ઉપચારાત્મક પરીક્ષણની પ્રથા કે સગવડતા જ ન હોય તો શું થાય ? તેજસ્વી છાત્રો વર્ગ બઢતી મેળવીને આગળને આગળ જતાં રહે અને નબળા નાપાસ થઇ એક વર્ગમાં બે-બે ત્રણ-ત્રણ વર્ષ ગાળી આખરે હતાશ થઈ અભ્યાસ છોડી દે જેનું પછી કોઇ ધણી ધોરી ન હોય. તેઓ પછી જ્યાં ત્યાં અથડાઈ કૂટાઈને મહેનત મજૂરી કરી જ્યાં ત્યાંથી જીવન નિર્વાહ કરી આખરે ભવિષ્યમાં પરિવારનો બોજો ઉઠાવી અને વારસામાં પણ નિરક્ષરતા અને મજૂરી દઈ દમ તોડી દે છે. આમ તમે જોઇ શકતો કે વિદ્યાર્થીનું ભાવિ શક્ય તેટલું વધારે સારી રીતે ઘડવા તેને યશાશક્તિ એક ભાવિ પ્રતિષ્ઠિત નાગરિક તરીકે તૈયાર કરવામાં નિદાનાત્મક પરીક્ષણનો ફાળો જેટલો માનીએ તેટલો ઓછો છે. આમ બંનેનું મહત્ત્વ, ઉપયોગિતા સમાન છે અને બંને પૂરક છે.

આનાથી -

1. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો સહેલાઇથી પત્તો મળે છે.
2. તેમની અભ્યાસ અને જ્ઞાન પ્રાપ્તિ સંબંધી મુશ્કેલીઓની જાણકારી મેળવીને તેમને દૂર કરવાના પ્રયાસો કરી શકાય છે.
3. વિદ્યાર્થીઓની મૌખિક અને લિખિત ત્રૂટિઓ દૂર કરી શકાય છે.
4. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર ઊંચું ઉઠાવી શકાય છે.
5. પછાત વિદ્યાર્થીઓના મનમાં ઘર કરી ગયેલી હીનભાવના દૂર કરી શકાય છે.
6. વ્યક્તિત્વનો બહુમુખી વિકાસ સાધવામાં મદદ મળે છે.
7. શિક્ષણ પ્રક્રિયાને પ્રભાવશાળી બનાવવા માટે ઉપયોગી છે.
8. વિદ્યાર્થીઓને નિરાશા, ચિંતા, હતાશા, ગૂંગળામણ વગેરેમાંથી બચાવી સ્વસ્થતા આપી શકાય છે.
9. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકની પોતાની પણ ત્રૂટિઓ અધ્યાપનની પદ્ધતિની ખામી, તેમાં સુધારા કરવા માટેનું દિશા સૂચન વગેરે પણ તેમાં સ્પષ્ટ થાય છે.
10. નિદાનાત્મક પરીક્ષણ વિદ્યાર્થીની માંડીને શિક્ષક, આચાર્યો, વ્યવસ્થાપક મંડળ, વાલીઓ વગેરે બાળકના શિક્ષણ સાથે સંકળાયેલ તમામ માટે દીવાદાંડીનું કામ કરે છે.
11. નિદાનાત્મક પરીક્ષણ એક અર્થમાં આયનો છે - તેમાં વસ્તુ કે વ્યક્તિનું સ્પષ્ટ ચિત્ર સામે આવે છે.

નિદાનાત્મક પરીક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની ભૂલોની માહિતી એકત્ર કરી, ભૂલો તારવી અને તેની

સામૂહિક સમજ આપી શકાય છે. સાથે જ તે માટે સુધારાત્મક ઉપાયો વિચારી તેને આનુષંગિક ઉપચારાત્મક શિક્ષણનાં કાર્યો નક્કી કરવા માર્ગદર્શન મળે છે. વળી નિદાનનો ઉપચારાત્મક કાર્ય માટે ઉપયોગ થાય છે. તે બરોબર છે પણ નિદાન કરતા જાઓ અને ઉપચાર કરતા જાઓ તો શો ફાયદો ? જેમ સ્વાઈન ફ્લ્યુના દર્દી શોધાતા જાય, ઉપચાર થતા જાય અને નવા દર્દી ઉમેરાતા જાય. આ વિષયક ચાલ્યા જ કરે. પણ અંગ્રેજીમાં કહેવત છે કે, Prerention is better than cure. રોગ નક્કી થાય પછી સારવાર કરવી તેના કરતાં રોગ થાય જ નહીં તે માટે સંરક્ષણાત્મક ઉપાયો અને સાવચેતી દ્વારા રોગને જડ મૂળથી ઉપાડી નાખવો તે જ લક્ષ હોવું જોઇએ. નિદાનાત્મક પરીક્ષણ આ માટે તખ્તો પૂરો પાડે છે. આમ તો દરેક સંકટનું આવું જ છે. દા.ત. આતંકવાદીઓ ઘૂસી જાય, રંજાડ કરે, પછી તેને પકડવાની અને સજા કરવાની  લાંબી પ્રક્રિયા થાય. તેમાંથી બહાર નીકળ્યા પહેલાં બીજો આતંકવાદી હુમલો થાય અને પાછળ પાછળ તપાસ અને ઉપાયો યોજાતા જાય આ પદ્ધતિ બરાબર નથી. ખરું તો આવા હુમલા થવા સામેના બંદોબસ્તમાં જ્યાં કચાશ હોય, છીંડા હોય, છિદ્રો હોય, ઉણપ હોય તે દૂર કરી એવી જડબે સલાખ વ્યવસ્થા કરી જોઇએ એ ભવિષ્યમાં આતંકવાદ ફેલાય જ નહીં. એમ શિક્ષણમાં પણ નિદાનાત્મક પરીક્ષણ ઉત્તરોત્તર સુધારાનું સૂચન કરી એક એવી આદર્શ સ્થિતિ તરફ લઇ જાય કે જ્યાં છાત્રોને માટે કોઇજાતની સમસ્યા ન હોય. આ કામ મંદ છે, ચીકણું છે, વિઘાતક પરિબળો પણ અસંખ્ય છે. પણ આ લાંબી કંટાળાજનક કેડીમાં નિદાનના આધારે ધીમે ધીમે પ્રગતિ કરી આદર્શને પહોંચવા પ્રયત્નશીલ બની શકાય છે. સંસ્કૃતમાં સૂક્તિ છે કે, मार्गाख्याः सर्वयत्नां फलन्ति । માર્ગે કૂચ કરો, સારા પ્રયત્ન કરો. બધા પ્રયત્નો આખરે સફળ થવાના જ બાકી. પુરુષાર્શ વિના તો नहि सुप्तस्य सिंहस्य, प्रविशन्ति मुखं मृगाः । સૂતેલા સિંહના મોઢામાં સામેથી ચાલીને હરણો પ્રવેશવા આવતા નથી. અને છતાં પ્રયત્નો સફળ ન પણ થાય. છતાં સાવ કંઇ કર્યા વિના નિષ્ફળ જવાય અને તમામ પ્રયત્નોને અંતે નિષ્ફળ થવાય તે બે નિષ્ફળતાઓમાં જમીન આસમારનો ફરક છે. પહેલામાં આળસનું હુફળ મળ્યાનો પસ્તાવો છે, જ્યારે બીજામાં પ્રારબ્ધ વાકું હોવાની પ્રતીતિ સામે પુરુષાર્થ કરી છૂટ્યાનો સંતોષ હોય છે. નિદાનાત્મક પરીક્ષણ આ બધા માટે તખતો પૂરો પાડે છે.

### 16.2.2 સંસ્કૃત શિક્ષણમાં ઉપચારાત્મક કાર્ય : અર્થ, પરિભાષા, મહત્ત્વ અને ઉપયોગિતા :

#### ઉપચારાત્મક કાર્યનો અર્થ અને પરિભાષા :

ઉપચાર શબ્દ પણ નિદાનની માફક તબીબી શાખામાંથી લેવામાં આવ્યો છે. ઉપચાર શબ્દની સંકલ્પના અથવા અર્થ વિશે નીચેનું મંતવ્ય જુઓ.

"Remedial teaching of courle, has one of its chief functions the remedying or removal of the effects of orginally poor teaching and. or poor learning ..... It is based upon a careful diagnosis of defects and canses and ains to correct weaknesses and elemimate bad habits which may be faned."

આમ કાળજીપૂર્વક કરેલા નિદાનનાં અંતે જાણવા મળેલી અધ્યાપન કે અધ્યયનની નબળાઈઓ અને કુટેવોની અસરોને નાબુદ કરવી અથવા તેના માટે યોગ્ય ઉપાય યોજવા તે ઉપચારાત્મક કાર્યના અનેક કાર્ય પૈકીનું એક પ્રમુખકાર્ય છે.

આધુનિક શિક્ષણશાસ્ત્રમાં ઉપચારાત્મક શબ્દ ઔષધિ શાસ્ત્રમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યો છે. જેમ ચિકિત્સક નિદાનના આધારે જુદાં જુદાં રોગોનો ઉપચાર કરી દર્દીને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરવા પ્રયત્ન કરે છે. તેમ જ શિક્ષક છાત્રોને અધિગમ સંબંધી ક્ષતિઓથી મુક્ત કરી તેને જ્ઞાનોપાર્જનના સાચા માર્ગ તરફ દોરવા પ્રયત્ન કરે છે.

ઉપચાર શબ્દનો અર્થ અને પરિભાષા સમજવા માટે નીચે એક બે વિદ્વાનોનાં મતવ્ય જોઇએ.

**(1) યોકમ અને સિમ્પસન :**

ઉપચારાત્મક શિક્ષણ એવી પ્રક્રિયા શોધવા પ્રયત્ન કરે છે જે વિદ્યાર્થીઓને પોતાની કુશળતા માટે તેમ જ વિચારની ક્ષતિએ દૂર કરવામાં સફળતા પ્રદાન કરે.

**(2) બ્લેર, જોન્સ અને સિમ્પસન :**

ઉપચારાત્મક શિક્ષણ વાસ્તવમાં ઉત્તમ શિક્ષણ છે. જે વિદ્યાર્થીને પોતાની વાસ્તવિક સ્થિતિનું ભાન કરાવે છે અને જે સારી રીતે યોજાયેલ (પ્રેરાયેલ) ક્રિયાઓ દ્વારા તેને પોતાની નબળાઇઓના ક્ષેત્રમાં અધિક યોગ્યતાની દિશામાં અગ્રેસર કરે છે.

જો ઉપચારાત્મક કાર્ય કરવામાં ન આવે તો નિદાનનો કોઇ જ અર્થ નથી. ઉપચારાત્મક કાર્ય છાત્ર જેવો હોય અને જ્યાં (જે કક્ષાએ) હોય ત્યાંથી શરૂ કરવું જોઇએ અને ત્યાંથી તેને ક્રમશઃ ઉપર ઉઠાવવો જોઇએ. નહીંતર પેલા પ્રસંગ જેવું થાય, એક માણસ તળાવમાં ડૂબી રહ્યો હતો તેણે કાંઠે ઊભેલાં માણસ બોલ્યો, ''અહીં આવ તને બહાર કાઢું'' હવે ત્યાં પોતાની મેળે જ જાન તો બચાવવાનું કહે શું કામ ? કહેવાનું તાત્પર્ય એત છે કે છાત્ર જ્યાં છે, જે પરિસ્થિતિમાં છે ત્યાંથી જ તેનો ઉપચાર કરવાનો છે આ પ્રક્રિયા ધીરજ અને ખંત તેમજ કુશાગ્ર બુદ્ધિ માંગી લે તેવી છે પણ જો વિદ્યાર્થીને ખરેખર ઉપર ઉઠાવવો હોય તો આ કરવું જ રહ્યું.

**ઉપચારાત્મક કાર્યનું મહત્ત્વ અને ઉપયોગિતા :**

ઉપચારાત્મક કાર્ય શિક્ષણ પ્રક્રિયાનું મહત્ત્વપૂર્ણ બિંદુ અને શ્રેષ્ઠ અધિગમ પદ્ધતિ છે. એ નિદાનાત્મક પ્રક્રિયાની આનુષંગિક પ્રક્રિયા છે. નિદાનાત્મક પ્રક્રિયા માત્ર નબળાઇનાં કારણો જણાવે છે. જ્યારે ઉપચારાત્મક પ્રક્રિયા તે કારણોનું સમાધાન કરે છે.

ઉપચારાત્મક શિક્ષણ પ્રક્રિયામાં સામૂહિક શિક્ષણ શક્ય નથી. કારણ કે આ એક વ્યક્તિગત સમાધાનની વિધિ છે. જેમ બધા દર્દીને એક સામટી દવા ન અપાય તેમ બધા છાત્રોને સામૂહિક રીતે ઉપચારાત્મક શિક્ષણ અપાય. દરેક વિદ્યાર્થીની સમસ્યા અલગ અલગ હોઈ શકે તેથી તેનું નિરાકરણ વ્યક્તિગત ધોરણે જ કરી શકાય. બાળકની નબળાઇ પાછળ અનેક કારણો હોઇ શકે છે, જેમ કે - પારિવારિક, સામાજિક, આર્થિક, શાળાકીય, શૈક્ષણિક, પાઠ્યક્રમ વિષયક અથવા કોઇ તદ્દન અંગત કારણ પણ હોઈ શકે જે પ્રગટ કરતાં વિદ્યાર્થી ક્ષોભ કે સંકોચ અનુભવતો હોય. આ માટે સન્નિષ્ઠ શિક્ષક તો હોવો જ જોઇએ પણ તેનામાં ધીરજ, આત્મ વિશ્વાસ અને છાત્રો પ્રત્યે અમત્ય વાત્સલ્ય વગેરે ગુણો પણ ઇચ્છનીય છે. આ માટે તેણે પ્રત્યેક છાત્ર સાથે વ્યક્તિગત સંપર્ક સંબંધ - ઘરોબો (Rapport) સ્થાપવા પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી છાત્રને ખાતરી ન થાય કે તેના શિક્ષક ખરા અર્થમાં તેના વડીલ છે. હિતેચ્છુ છે. અંગત મિત્ર જેવાં છે. ત્યાં સુધી તે બેધડક પણે પોતાની મુશ્કેલીઓ રજૂ નહીં કરે. દા.ત. વિષય વસ્તુ સંબંધી સમસ્યા હોય તો શિક્ષક પુનઃ શિક્ષણ દ્વારા તેનો નિકાલ કરી શકે. યથોચિત વિધિ, અભિપ્રેરણા, પુનર્બલન, પુનઃ અધ્યાપન, અભિભાવક સમ્પર્ક વગેરેનો પ્રયોગ કરવાથી છાત્રની સમસ્યા કંઇક અંશે દૂરતો થશે જે સાથોસાથ શિક્ષણથી પ્રાપ્ત થયેલ અનુભવ પણ સ્થાયી બનશે.

ઉપચારાત્મક શિક્ષણનું મહત્ત્વ અને ઉપયોગિતા આ મુજબ જણાવી શકાય.

1. વિદ્યાર્થીઓના ભાષા વિષયક દોષો દૂર કરવા માટે ઉપયોગી છે.
2. વિદ્યાર્થીઓની મુશ્કેલી દૂર કરી શકાય.
3. વર્ગના વાતાવરણને પ્રભાવશાળી બનાવવામાં ઉપયોગી બને.
4. વિદ્યાર્થીઓનું સ્તર જાણવામાં શિક્ષણને ઉપયોગી છે.
5. વિદ્યાર્થીઓની વાસ્તવિક નબળાઇઓ દૂર કરવામાં ઉપયોગી છે.

6. વિદ્યાર્થીઓની અનિચ્છનીય રુચિઓ, ટેવો, આદર્શો, દૃષ્ટિકોણ વગેરેને ઇચ્છનીયમાં પરિવર્તિત કરવા માટે ઉપયોગી છે.

7. વિદ્યાર્થીઓના અધિગમ સંબંધી દોષો દૂર કરી તેમને ભવિષ્યમાં તે દોષોથી મુક્ત રાખવા ઉપયોગી છે.

8. વિદ્યાર્થીઓની વ્યક્તિગત (અંગત) મુશ્કેલીઓ દૂર કરવામાં સહાયક બને છે.

9. વિદ્યાર્થીઓમાં પોતાના વિચારો સુનિયોજિત કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

10. છાત્રોમાં સામાન્ય સમાયોજનની ક્ષમતાનો વિકાસ કરી શકે.

11. વિદ્યાર્થીઓને માનસિક અને સંવેગાત્મક સંઘર્ષોથી મુક્ત કરવા ઉપયોગી છે.

યોકમ અને સિમ્પસન જણાવે છે કે, ''ઉપચારાત્મક શિક્ષણનું સહગામી પરિણામ છે - વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં અભિવૃદ્ધિ સફળ ઉપલબ્ધિથી પ્રાપ્ત થતા આત્મ સંતોષ અને ભાવિ મુશ્કેલીઓથી બચવા માટે ઉત્તમ અધિગમ તેમજ અધ્યાપનની પ્રવિધિઓનો ઉત્તમ પ્રયોગ.''

ઉપચારાત્મક શિક્ષણના બે સ્વરૂપ છે. (અ) સામૂહિક (બ) વૈયક્તિક કોઇ સર્વસામાન્ય કારણે સમગ્ર છાત્ર સમૂહ એક જ જાતની નબળાઈ કે મુશ્કેલીથી પીડાતો હોય તો જ આ પદ્ધતિ ઉપર્યુક્ત છે. બાકી તો વૈયક્તિક ઉપચાર પદ્ધતિનો જ ઉપયોગ કરવો પડે છે. શૈક્ષણિક ઉપચારનો કાર્યક્રમ નીચેના બે લક્ષ્યાંકો પર આધારિત હોવો જોઇએ.

(1) સમસ્યાનાં કારણો દૂર કરવાં.

(2) સમસ્યાને ફરીથી પેદા કરે તેવાં કારણોને વધવા ન દેવાં.

ઉપચારાત્મક શિક્ષણની પ્રક્રિયાને વિગતે સમજવા માટેનાં મુખ્ય સોપાનો.

(1) સમસ્યા

(2) સમસ્યાની પરિભાષા (સ્પષ્ટીકરણ)

(3) સમસ્યાનું સંભવિત કારણ

(4) કારણોની તપાસ (શોધ)

(5) સમસ્યાના વાસ્તવિક કારણોનું નિદાન

(6) ઉપચારાત્મક શિક્ષણ

આ સોપાનો એક ઉદાહરણ દ્વારા સમજવા પ્રયત્ન કરીએ – ''વાંચનની સમસ્યા''

(1) સમસ્યા : અશુદ્ધ વાંચન

(2) સ્પષ્ટીકરણ : વિદ્યાર્થી 'પ્ર' ને બદલે 'પર' વાંચે, સ, શ, ષ માં ગોટાળો કરે, 'અગસ્ત્ય' હોય તો 'અગસત્ય' વાંચે.

'ગદ્ય-પદ્ય' ને બદલે 'ગધ-પધ', 'આશીર્વાદ' ને બદલી 'આર્શિવાદ' ('ર'કારનું પુનઃ શરણ) कवि: ને 'કવિહ' વાંચે (એને તો એજ હોય કે : (વિસર્ગ) એટલે 'હ', વગેરે અથવા અટકી અટકીને અથવા અલગ જગ્યાએ ખોટી રીતે અટકીને વાંચે, શબ્દો સરખા છૂટા ન પાડે જેમ કે 'અંબા નિવાસ'ને બદલે 'અંબાનિ વાસ' વગેરે.

(3) સમસ્યાનું સંભવિત કારણ : (1) ક્ષેત્રીય પ્રભાવ (2) શાળાનો પ્રભાવ (3) શારીરિક દોષ, (4) ઝઝખી જવું. (5) તોતડાવું (6) દૃષ્ટિ દોષ (બરાબર ન દેખાવું) (7) નિદર્શનનો અભાવ (8) અન્ય.

(4) સમસ્યાનું વાસ્તવિક કારણ / કારણોની તપાસ

વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા લેતાં તે વર્ગમાં જે અશુદ્ધિઓ દર્શાવી હતો તે જ અહીં પણ દર્શાવી. પછી તેનું લખાણ મંગાવી જોતાં ખબર પડી કે તે કોઇ અન્ય પ્રાન્તની પાઠશાળામાં ભણ્યો હતો. ત્યાંના સ્થાનિક લોકો એ પ્રકારે જ બોલતા હતાં. ત્યાં અહીં જેટલું ઉચ્ચારણ ઉપર ધ્યાન આપવામાં આવતું ન હતું.

(5) ઉપચારાત્મક કાર્યક્રમ :

વર્ગમાં તે શબ્દોનો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો. દા.ત.

પ્રણામ - પરણામ, સ્કૂલ - સ્કૂલ, સ્ટેશન - સ્ટેશન વગેરે. એ જ રીતે અટકી અટકીને વાંચવા માટે વર્ગમાં અભ્યાસ કરાવવો, ઉચ્ચારણ સંબંધી સરળ ભાષામાં છાપેલાં પુસ્તકો વાંચવા આપવા વગેરે.

સંસ્કૃતમાં તો ઉપચારાત્મક શિક્ષણ અત્યંત ઉપયોગી છે. કારણ કે અત્યંત રસિક, ચાતુરીપૂર્ણ ઉક્તિઓ કે સુભાષિતોનો સંપૂર્ણ રસાસ્વાદ માણવા વ્યાકરણના તમામ મુદ્દાનું સૂક્ષ્મ જ્ઞાન જોઇએ. નીચે થોડાં ઉદાહરણો.

विराट नगर राजन् (અહીં ક્રિયાપદ માટે શબ્દભંડોળ ઉપરાંત સંધિનું જ્ઞાન જોઇએ.)

मोदकं ताड्य – भा + उदके ताडय (સંધિ)

રાજાને ભિખારી બંને ‘लोकनाथ’ કઇ રીતે ?

રાજાઃ ૫. તત્પુ. लोकस्य नाथः । લોકોનો માલિક

‘ભિખારી’ બહુવ્રીહિઃ લોકો છે જેના નાથ તે (સમાસ)

यदि दास्यसि न पिबामि (दासी + असि)

कोशवं पतितं दृष्ट्वा पाण्डयाः हर्षनिर्भराः અરે !

के = પાણીમાં, शवम् શબ્દ, पाण्डवाः બગલા)

रात्रिरेवं व्यरंसित् ને બદલે रात्रिरेव व्यरंसित एवं – एवं – કેટલો બધો અર્થ ભેદ

बाधते – बाधति । કાલિદાસ વિષેની દંત કથા વગેરે.

ટૂંકમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક બંને શિક્ષણ શિક્ષણનાં આનુષંગિક મહત્ત્વનાં પાસાં છે. તેમનાથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્વાસ્થ્ય સંગીન બને છે.

**સંસ્કૃત ઉચ્ચારણ અને લેખનની કરામતો**

**પ્રસ્તાવના :**

સંસ્કૃત ભાષા તેની આગવી લાક્ષણિકતાઓના કારણે અનેકવિધ ભાષા કરામતોથી યુક્ત છે. આ કરામતોમાં (1) ઉચ્ચારણની કરામત (2) લેખનની કરામત મુખ્ય છે. આનું કારણ એ છે કે ઉચ્ચારણ અને લેખનનો સંસ્કૃતમાં પારસ્પરિક સંબંધ છે તેથી સંસ્કૃત શીખનાર અને શીખવનારે એ બે કરામતો માટે ખૂબ જાગૃતિ રાખવી ઘટે.

**ઉચ્ચારણની કરામત :**

જીતની બધી ભાષાઓમાં ઉચ્ચારણનું મહત્ત્વ વિશેષ છે. સંસ્કૃત ભાષામાં શુદ્ધ ઉચ્ચારણ આવશ્યક છે. વેદમાં કહ્યું છે કે,

‘एको शब्दः सम्यग्ज्ञातः सुप्रयुक्तः स्वर्गे लोके च कामधुग्नेगति ।’

એટલે કે એક શબ્દ સારી રીતે સમજી પ્રયોગ કરવામાં આવે તો આ લોક અને પરલોકમાં કામધેનુ સમાન ફળ આપે છે. જો ઉચ્ચારણ અશુદ્ધ હોય તો અર્થનો અનર્થ થવા સંભવ રહે છે.

પાણિનીએ કહ્યું છે તેમ ;

"मन्त्रो हीनः स्वरतो वर्णतो वा मिथ्या प्रयुक्तो न तमर्थमाह।

स वाग्वज्रो यजमानं हिनस्ति, यथेन्द्राशत्रुः स्वरतोडपरावात् ॥"

એટલે કે સ્વર કે વર્ણનું અશુદ્ધ ઉચ્ચારણ મંત્રના અર્થનો અનર્થ કરે છે અને અશુદ્ધ મંત્ર યજમાનને માટે વજ્રની માફક ઘાતક નીવડે છે. જેવી રીતે ઇન્દ્રનો શત્રુ સ્વરના ઉચ્ચારણદોષથી પોતે જ માર્યો ગયો.

શુદ્ધ ઉચ્ચારણની મહત્તા દર્શાવતો આ શ્લોક સંસ્કૃત સાહિત્યમાં જાણીતો છે.

"यद्यपि बहुनाधीषे तथापि पढ पुत्र व्याकरणम्।

श्वजनः श्वजनो मा भूत, सकलं शकलं सकृच्छकृत् ॥"

પિતા, પુત્રને કહે છે કે હે પુત્ર, સમગ્ર અધ્યયન કર્યું હોય તો પણ વ્યાકરણ શીખ. જો વ્યાકરણ શીખ્યો હશે તો સ્વજન અને શ્વજન, સકલ અને શકલ, સકૃત અને શકૃત આ પ્રમાણે 'સ' અને 'શ' નો ભેદ સમજાય. 'સ્વજન'નો અર્થ આત્મીય માણસ થાય, જ્યારે 'શ્વજન'નો અર્થ કૂતરાં થાય. 'સકલ'નો અર્થ સમગ્ર થાય જ્યારે 'શકલ' નો અર્થ ટુકડો થાય. આ જ રીતે 'સકૃત' એટલે એક વાર અને 'શકૃત' નો અર્થ વિષ્ટા થાય છે.

કોઇપણ ભાષા જે પ્રમાણે બોલાય તે પ્રમાણે લખાય છે. તેથી વિદ્યાર્થીઓના ઉચ્ચારણદોષને ભાષાની શરૂઆતમાં જ સુધારવાની જરૂર છે. અશુદ્ધ બોલવાથી લેખનમાં પણ અશુદ્ધ જ લખાય છે. જેવી રીતે કોઇ રોગની શરૂઆતથી જ દવા કરવામાં આવે તો રોગ શરીરમાં ફેલાતો અટકી જાય છે અને શરીરની તંદુરસ્તી જાળવી શકાય છે. તેવી રીતે સૌ પ્રથમ જ ઉચ્ચાર તરફ જો શિક્ષકનું લક્ષ્ય રહે તો વિદ્યાર્થીઓને શુદ્ધ ઉચ્ચારણ કરવાની ટેવ પડે છે. તેથી વિદ્યાર્થીઓને સંસ્કૃત ધ્વનિ તેમજ શબ્દોના શુદ્ધ ઉચ્ચારણથી પરિચિત કરવા જોઇએ.

**ઉચ્ચારણનું સ્વરૂપ :**

**વર્ણોચ્ચાર :** સંસ્કૃત ભાષામાં 13 સ્વર અને 33 વ્યંજન પાણિનીએ અક્ષરના ઉચ્ચારણ માટે કહ્યું છે કે –

"व्याघ्री यथाडहरेत् युगान् दंष्ट्राभ्यां न च पीडयेत्।

भीता पतनभेदाभ्यां तददर्जान् प्रयोजयेत् ॥"

એટલે કે વાઘણ પોતાનાં બચ્ચાંને મુખમાં લઇ જાય છે ત્યારે ધ્યાન રાખે છે કે બચ્ચાંને દાંત વાગે નહીં કે બચ્ચું પડી જાય નહીં – આ પ્રમાણે અક્ષરના ઉચ્ચારણ કરતી વખતે ચીપીચીપીને કે ખૂબ જ ઉતાવળથી ન બોલવું. દરેક વર્ણનો ઉચ્ચાર એ રીતે થવો જોઇએ કે તે એકબીજાં સાથે જોડાયા હોય તેમ ન લાગે. જેવી રીતે મદમસ્ત હાથી એક પગ ઉપાડીને બીજો પગ ખૂબ જ સાવધાનીપૂર્વક મૂકે છે.

**પદોચ્ચારણ :**

વર્ણના ઉચ્ચારણની સાથે સાથે પદનું ઉચ્ચારણ પણ બરાબર રીતે થવું જોઇએ. કોઇપણ શબ્દ પર જો કારણ વગર ભાર મૂકવામાં આવે અથવા વિસર્ગનો બરાબર રીતે ઉચ્ચાર કરવામાં ન આવે તો અર્થનો અનર્થ થઇ જાય છે. દા.ત. सः फलं स्वादति ન બદલે सफलं ઉચ્ચાર ન કરાય અથવા सः ને બદલે फलं પર ભાર મૂકવામાં આવે તો તે ફળ ખાય છે, બીજું કાંઇ નહીં અને सः પર ભાર મૂકવામાં આવે તો તે જ વ્યક્તિ ફળ ખાય છે. બીજી કોઇ વ્યક્તિ નહીં અને વાક્ય પ્રશ્નાર્થ બની જાય છે. તેથી કારણ વગર કોઇપણ પદ ઉપર ભાર મૂક્યો નહીં :

**વર્ણોનું વર્ગીકરણ :**

| વર્ણોના ઉચ્ચારણ સ્થાન દર્શાવતું કોષ્ટક | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આભ્યંતર પ્રયત્નો | સ્પૃષ્ટ | | | | | ઈષત સ્પૃષ્ટ | ઈષદ વિવૃત્ત | | વિવૃત્ત | | | સંવૃત્ત |
| સ્થાન | સ્પર્શ વ્યંજનો | | | | | અંતઃસ્થ | ઉષ્માક્ષર | | સ્વર ઘોષ | | | સ્વ |
| | અઘોષ કઠોર | | ઘોષ-મૃદુ | | અનુનાસિક ઘોષ | ઘોષ | અઘોષ | ઘોષ | હ્રસ્વ | દીર્ઘ | સંધિ દીર્ઘ | |
| | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | - | | | | | | | |
| કંઠ્ય | क् | ख | ग् | ध | ङ् | - | - | ह | अ | आ | ण–ण (કંઠ-તાલું) | |
| તાલવ્ય | च | छ | ल | झ | म | य् | श् | – | इ | ई | - | अ અને હ્રસ્વ ह् (મુખબંધ રાખવાથી) |
| મૂર્ધન્ય | द् | ढ् | ट्ट | ट् | ण् | र् | ष | - | ऋ | ऋ | - | |
| દંત્ય | त् | थ् | द्द | ध् | न् | ल् | स् | – | लृ | - | - | |
| ઓષ્ઠ્ય | य् | फ् | ब | भ् | म् | व् | - | - | उ | ऊ | औ–औ કંઠ અને ઓષ્ઠ | |
| બાહ્ય પ્રયત્નો | વિવાર શ્વાસ | | સંવાર નાદ | | સંવાર નાદ | સંવાર નાદ | વિવાર શ્વાસ | સંવાર નાદ | ઉદાત્ત-અનુદાત સ્વરિત | | | |

**ઉચ્ચારણ દોષોના પ્રકાર :**

– ઉચ્ચારણમાં કોઈ અક્ષરનો લોપ થઈ જાય તો શબ્દ દોષિત બને છે. દા.ત. પરમાત્માને બદલે પ્રમાત્મા, સાપ્તાહિકને બદલે સપ્તાહિક બોલે તો ઉચ્ચારણ દોષ છે.

– સ્વરનું યોગ્ય રીતે ઉચ્ચારણ ન થાય તો ઉચ્ચાર દોષિત બને છે. દા.ત. પ્રેમને બદલે, પરેમ, જન્મને બદલે જનમ વગેરે શબ્દોનું સ્વરોનું બિનજરૂરી જોડાણ ઉચ્ચારણને દોષિત બનાવે છે.

– કોઈ પણ શબ્દનો ઉચ્ચાર કરતી વખતે સ્વરનું બિનજરૂરી જોડાણ કરવાથી અર્થનો અનર્થ થાય છે. સ્ત્રી-ઈસ્ત્રી

– શબ્દનો ઉચ્ચાર કરતી વખતે અક્ષરના ક્રમમાં ઉલટ-સુલટ થઈ જાય તો પણ શબ્દ દોષરૂપ બને છે. દા.ત. 'ચિહ્ન' - ચિન્હ, પ્રહ્લાદ - પ્રલ્હાદ.

– હ્રસ્વ કે દીર્ઘ અક્ષર લખવાથી ઉચ્ચારણદોષ થાય છે. ગુરુ - ગુરૂ, કવિ - કવી.

– અનુનાસિક અક્ષર બરાબર રીતે ન બોલાય તો શ્રવણ - શ્રવન.

– 'શ', 'ષ', 'સ', 'ન' વર્ણના ઉચ્ચારમાં થતી ભૂલો.

– કોઈપણ શબ્દમાં 'વ' ને બદલે 'બ' બોલવામાં આવે તો પણ ઉચ્ચારણમાં દોષ ગણાય છે. દા.ત. વચન - બચન

– કોઈપણ અક્ષર જીભ નીચે દબાવીને અથવા જલદી બોલવાથી ઉચ્ચારણમાં દોષ થવા સંભવ છે.

– અટકી-અટકીને અથવા ગદ્ગદિત સ્વરમાં જો બોલવામાં આવે તો ઉચ્ચારણ દોષિત બને છે.

– વાક્યમાં જે સ્વર પર ભાર મૂકવાનો હોય તેના બદલે બીજા સ્વર પર ભાર મૂકવાથી પણ દોષરૂપ બને છે.

**ઉચ્ચારણ દોષનું કારણ :**

– સંસ્કૃત શબ્દોના ઉચ્ચારણનો અભ્યાસ ન હોય.

– શારીરિક દોષ અટકી અટકીને બોલવું.
– અક્ષર અને શબ્દના ધ્વનિ વિશેનું માર્ગદર્શન ન હોય.
– વાતાવરણની અસર.
– વડીલો તથા શિક્ષકના યોગ્ય માર્ગદર્શનનો અભાવ.

**ઉચ્ચારણદોષ સુધારવાના ઉપાય :**

– વિદ્યાર્થી જ્યારે અશુદ્ધ ઉચ્ચાર કરે ત્યારે પહેલેથી જ તેને રોકવામાં આવે અને શુદ્ધ ઉચ્ચાર શીખવવામાં આવે.
– અક્ષરના ઉચ્ચારનું સ્થાન વિદ્યાર્થીઓને નાનપણથી જ શીખવવામાં આવે છે.
– વિદ્યાર્થીની ભૂલ થતી હોય તો તે જ અક્ષરનું વારંવાર ઉચ્ચારણ કરાવવામાં આવે.
– શિક્ષકે સ્વયં ઉચ્ચારણ તરફ લક્ષ રાખવું જોઇએ અને સંસ્કૃત જાણકાર શિક્ષકના હાથે વિદ્યાર્થી કેળવાય તો તેના પર સારી છાપ પડે છે.
– સામૂહિક શિક્ષણની સાથે દરેક વિદ્યાર્થીને મૌખિક તરફ પણ દોરવો જોઇએ, જેથી વ્યક્તિગત રીતે તે શુદ્ધ ઉચ્ચારણ કરવા તરફ પ્રેરાય.
– વિદ્યાર્થીઓએ પોતે દરેક વર્ણના ઉચ્ચાર તરફ ધ્યાન રાખવું જોઇએ.
– ચર્ચા, નાટક, વાતચીત વગેરે દ્વારા વિદ્યાર્થીઓનો ભાષા તરફ રસ, કેળવણી, ઉચ્ચારણ અંગે માર્ગદર્શન આપવું ઘટે.
– વ્યક્તિગત રીતે બોલતાં વિદ્યાર્થીને સંકોચ થતો હોય તો સામૂહિક બોલતાં શીખવવું, જેથી તેમાં તે નિર્ભય રીતે ઉચ્ચાર કરી શકશે.
– મૌખિક પરીક્ષાનો ઉપયોગ વારંવાર કરવો જોઇએ.

**ઉચ્ચારણ શિક્ષણની પદ્ધતિઓ :**

**1. અનુકરણ પદ્ધતિ :**

શિક્ષક આદર્શ ઉચ્ચારણ કરી વિદ્યાર્થીઓના ઉચ્ચારણદોષ સુધારી શકે છે. વિદ્યાર્થીઓ શિક્ષકનું અનુકરણ જ કરતા હોય છે.

**2. પુનરાવર્તન પદ્ધતિ :**

એકના એક અક્ષરનું વારંવાર પુનરાવર્તન અને જોડણીનો દોષ વિદ્યાર્થીને બતાવવો, જેથી ભૂલ થતી અટકે.

**3. સ્થાનફેર પદ્ધતિ :**

બાળક જેવાં વાતાવરણમાં ઊછરે તે પ્રમાણે જ ઉચ્ચાર કરે છે અને વધુ સમય તેવા વાતાવરણમાં રાખવામાં આવે તો તેનામાં ઉચ્ચારણદોષ વધી પડે છે અને લાંબો સમય તે જ રીતે બોલે તો સુધારવું અસાધ્ય બની જાય તેથી તેને તેવા સ્થળેથી દૂર કરવો.

**4. અવરોધ પદ્ધતિ :**

વિદ્યાર્થીઓ જલદી બોલવા પ્રયત્ન કરે તો અશુદ્ધ ઉચ્ચારણ થવા સંભવ રહે છે. આવા સમયે વિદ્યાર્થીને ઉતાવળથી બોલવાની ટેવ હોય તો રોકવો જોઇએ. આ પ્રમાણે કરવાથી તેનું ઉચ્ચારણ આપમેળે બરાબર થઈ જાય છે.

5. **પૂર્ણતા પદ્ધતિ :**

કોઈપણ અક્ષર કે શબ્દ બોલતી વખતે તેના ઉચ્ચારણ તરફ બરાબર ધ્યાન રાખવું, જેથી ઉચ્ચારણ દોષ ન થાય.

**લેખનની કરામત :**

ઉચ્ચારણની જેમ જ સંસ્કૃતમાં લેખન તેમ જ લિપિની કરામતનું મહત્ત્વ ઘણું છે. સંસ્કૃતમાં લિપિની શોધ એક ક્રાંતિકારી ઘટના હતી. સંસ્કૃતમાં વસ્તુતઃ વેદવિજ્ઞાનની શરૂઆત શ્રવણનિષ્ઠ શિક્ષણથી જ થઇ હતી. ગુરુમુખ શ્રવણ દ્વારા વેદોનું જ્ઞાન એક ગુરુના મુખેથી અન્ય શિષ્યો પાસે પહોંચ્યું એ શ્રુતિ કહેવાય. કાલાન્તરે લિપિની રચના થતાં તે દેવનાગરી લિપિનું સ્વરૂપ પામી.

બાળકે પહેલાં લખતાં શીખવું કે વાંચતાં એ અંગે જુદાં જુદાં મત પ્રવર્તે છે. ફ્રોબેલના મત પ્રમાણે બાળકને પહેલાં વાંચતાં શીખવવું જોઇએ, જ્યારે મોન્ટેસરીના મત પ્રમાણે બાળકને પહેલાં લખતાં શીખવવું જોઇએ. આ બંને પ્રખર વિદ્વાનોએ પોતપોતાના મત પ્રદર્શિત કર્યો છે. રોમન લિપિમાં જે પ્રમાણે લખાય છે તે પ્રમાણે ઉચ્ચાર થતો નથી. રોમન લિપિમાં 'કે' લખે છે પરંતુ ઉચ્ચાર 'ક' થાય છે. જ્યારે દેવનાગરી લિપિમાં જે પ્રમાણે લખાય છે તે પ્રમાણે બોલાય છે. તે લિપિ સંસ્કૃતની માન્ય લિપિ છે. ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં સંસ્કૃતના અભ્યાસીઓ દેવનાગરી લિપિમાં લખે છે. દેવનાગરી લિપિ એ વૈજ્ઞાનિક લિપિ છે, કારણ કે એમાં જે લખાય છે તે જ બોલાય છે.

**લિપિના પ્રકાર :**

લિપિ દ્વારા શ્રુતિ આદિ શાસ્ત્રો ગ્રંથ સ્વરૂપે સંગ્રહિત થયા અને તેથી આજ દિવસ સુધીની માનવજાતને અજોડ એવા ગ્રંથોનો લાભ મળ્યો. જો કે અત્યારે આપણે જે દેવનાગરી લિપિનો અભ્યાસ કરીએ છીએ તથા વ્યવહારમાં ઉપયોગમાં લઇએ છીએ તે તો લિપિના વિકાસનું અંતિમ એવું સ્વરૂપ છે. લિપિના આ અંતિમ સ્વરૂપ સુધી પહોંચવા માટે તેના પ્રલંબ ઇતિહાસનો અભ્યાસ કરવાનું અહીં શક્ય નથી. છતાંય તેના પ્રકારોના સામાન્ય ખ્યાલ દ્વારા તેના વિકાસનો થોડો ખ્યાલ મેળવી શકાય. માનવ વિચારે લિપિનું સ્વરૂપ આવા કોટકક્રમમાં પ્રથમ કર્યું હોવાનું જણાય છે.

1. **ધ્વનિ લિપિ :** જુદાં જુદાં ધ્વનિઓને શ્વસન તંત્રના માધ્યમથી પોતે પ્રકટ કરી શકે છે, એવી માણસને જ્યારે પ્રતીતિ થઇ ત્યારે એ સ્વયં ઉચ્ચરિત લિપિનું જ સ્વરૂપ હતું.
2. **વિચાર લિપિ :** ઉચ્ચરિત ધ્વનિની સાથે જ માણસનો વિચાર જોડાતો ગયો અને એ રીતે મનમાં ઉદ્ભવતા વિચારોને માટે માણસ ધ્વનિઓને પોતાના શ્વસનમંત્ર દ્વારા ઉપજાવતો ગયો.
3. **ચિત્રલિપિ :** એકમમાં પોતે જે કાંઇ જોયું છે, વિચાર્યું છે યા અનુભવ્યું છે તે બીજાને પ્રત્યાયન કરવા માટે જે તે વસ્તુ પદાર્થ આદિનું ચિત્ર દોરીને બીજાને સમજાવવાના પ્રયત્નરૂપે ચિત્રલિપિનું સર્જન થયું. ચિત્રલિપિ પ્રાચીન છે. આજે પણ હરપ્પા આદિ ભારતીય સંસ્કૃતિઓના અવશેષોમાં જોવા મળતા લખાણના નમૂના ચિત્રલીપીમાં જ છે તથા ચીનની આજની લિપિ પણ ચિત્ર પ્રકારની જ છે.
4. **ધ્વનિસંકેત લિપિ :** ઉક્ત ચિત્રલિપિની જટિલતામાંથી સરળતા શોધવાના માર્ગે માણસે ઉચ્ચરિત ધ્વનિ માટેના સંકેતો નક્કી કર્યા એટલે કે કમલ શબ્દનું પ્રત્યાયન કરાવવા માટે જ્યાં માણસે તેનું ચિત્ર દોરવું પડતું હતું ત્યાં જ હવે ક, મ, લ એ ત્રણે ધ્વનિસંકેતોના આધારે તે વસ્તુનું પ્રત્યાયન કરાવવાનું શક્ય બન્યું.

   આમ, આ ક્રમમાં દેવનાગરી લિપિ તેના વધુ વૈજ્ઞાનિક અને અદ્યતન સ્વરૂપે અસ્તિત્વમાં આવી.

**મહત્ત્વ :**

મુખપાઠ એ વિદ્યાર્થીઓની સ્મૃતિ માપવા માટેનું અગત્યનું સાધન છે.

- જરૂર પડ્યે યાદ રાખેલું ઉપયોગમાં લઈ શકાય છે.
- વક્તવ્ય અને લેખનકાર્ય વધારે સચોટ અને અસરકારક બને છે.
- નિયમિત પાઠ કરવાથી વધારે શ્રમ કરવો પડતો નથી.
- ઉત્તરોત્તર જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે.
- પુનરાવર્તન દ્વારા નિત્ય નૂતન રાખી શકાય છે.
- બાળ માનસ પર એક સારી અસર થાય છે. વિદ્યાર્થી આત્મગૌરવની લાગણી અનુભવે છે.

**4. ગાન (Recitation)**

સંસ્કૃત સાહિત્ય મોટે ભાગે પદ્ય સ્વરૂપમાં લખાયેલું છે. આ પદ એ છંદોબદ્ધ પદ્ય છે. આપણા વેદો, વેદાંગો, ઉપનિષદો, મહાકાવ્યો, ઊર્મિકાવ્યો, ગીતિકાવ્યો, મુક્તકો, સુભાષિતો, રામાયણ, મહાભારત અને ગીતાજીના પ્રત્યેક શ્લોકમાં કોઈને કોઈ છંદ રહેલો હોય છે. આથી, શિક્ષણ દરમિયાન જો બાળકોને છંદોનો પરિચય આપવામાં આવે તો તેઓ જે તે શ્લોક ભાવ અને આલાપ સાથે સારી રીતે ગાતાં શીખી શકે.

આજે પણ આપણા ધાર્મિક પ્રસંગો, હોમ-હવન, ક્રિયા-કાંડોની વિધિઓ, સ્તુતિઓ, મંત્રો અને ઋચાઓ ગાન દ્વારા જ વ્યક્ત કરવામાં આવે છે. પ્રાચીનકાળથી જ ગાન એ સંસ્કૃત શિક્ષણનું એક વિશેષ પાસું રહ્યું છે. આ માટે શિક્ષકે જ્યારે તક મળે ત્યારે ત્યારે વ્યક્તિગત અને સમૂહગાનની તકો વિદ્યાર્થીઓને આપવી જોઈએ.

**મહત્ત્વ :**

- ગાનથી વાતાવરણ પવિત્ર અને તાજગીયુક્ત બને છે.
- છંદોબદ્ધ ગાન કર્ણપ્રિય બને છે. મન અને ચિત્તને પ્રસન્ન કરે છે.
- ગાનથી શ્લોક-સુભાષિત ઝડપથી યાદ રહી જાય છે.
- શિક્ષણમાં વૈવિધ્ય અને નાવીન્ય આવે છે.
- સુંદર ગાન શ્રોતાઓને ભાવવિભોર બનાવી શકે છે.
- ગાન દ્વારા આપણા પ્રાચીન આધ્યાત્મિક વારસાનો પરિચય થાય.

**(2) વર્ગેત્તર પ્રવૃત્તિઓ :**

વર્ગેત્તર પ્રવૃત્તિઓ એટલે વર્ગખંડની બહારની સંસ્કૃત શિક્ષણને પોષનારી, વિકાસ કરનારી, પ્રેરણા આપનારી પ્રવૃત્તિઓ, આ પ્રવૃત્તિઓ સંસ્કૃત માધ્યમ દ્વારા જ કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓને બોલવાની, સાંભળવાની અને લખવાની તકો પ્રાપ્ત થાય છે. આમ, આ પ્રવૃત્તિઓ સંસ્કૃતનો વિકાસ કરવામાં અને સંસ્કૃત પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરૂચિ કેળવવામાં અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

**(1) ભીંતપત્રો :** ઘણી શાળાઓ પોતાના વિદ્યાર્થીઓનો ભાષાકીય, ગણન, તર્ક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવાય તે માટે જુદાં જુદાં ભીંતપત્રો ચલાવે છે.

ભીંતપત્ર એટલે શાળાની ભીંત પર કે બુલેટિન બોર્ડ પર વિદ્યાર્થીઓની મદદથી તૈયાર કરવામાં આવેલું કોઈ એક પત્ર કે સામયિક સમયાંતરે રજૂ કરવામાં આવે તેને ભીંતપત્ર કહે છે.

શાળામાં ભણતાં બાળકોનો સંસ્કૃતમાં વિકાસ થાય, સંસ્કૃત સાહિત્યને ઉત્તેજન મળે તે હેતુથી શાળા કક્ષાએ સંસ્કૃત ભાષામાં ભીંતપત્ર તૈયાર કરી શકાય. આનું સમગ્ર સંચાલન સંસ્કૃત શિક્ષકના માર્ગદર્શન હેઠળ થતું રહે અને દર સપ્તાહે એકવાર શાળાના ભીંતપત્ર પર કે શાળાના બોર્ડ પર પ્રગટ થતું રહે તો તેનાથી ઘણા ફાયદાઓ થઇ શકે.

**મહત્ત્વ :**

- વિદ્યાર્થીઓને સંસ્કૃત લિપિનો પરિચય મળે.
- સંસ્કૃત સાહિત્ય, કવિ-લેખકનો પરિચય મળે.
- બાળકોનું લેખન કૌશલ્ય-સંપાદન કૌશલ્ય વિકસાવી શકાય.
- વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા સંસ્કૃત સાહિત્ય અંગેના નવા વિચારો જાણી શકાય.
- વિદ્યાર્થીઓ સંસ્કૃત સાહિત્ય, સામયિકો અને સમાચારો સાંભળવા પ્રેરાય.
- વિદ્યાર્થીઓને આ પોતાની પ્રવૃત્તિ છે એવો ભાવ થાય. આનંદ અનુભવે.
- સંસ્કૃત ભાષા પ્રત્યેનો 'હાઉ' દૂર થાય.
- વિદ્યાર્થીઓની સર્જનશીલતા અને મૌલિકતાનો વિકાસ થાય.

**(2) બાહ્ય પરીક્ષાઓ (External Examinations)**

બાહ્ય પરીક્ષાઓ એ વિદ્યાર્થીઓની સંસ્કૃત પ્રત્યેની અભિરુચિ જાણવા માટેનું એક સશક્ત આધારભૂત સાધન છે. શાળાના નિયત અભ્યાસક્રમને અનુલક્ષીને લેવાતી આંતરિક પરીક્ષાઓની જેમ બાહ્ય પરીક્ષાઓ પણ સંસ્કૃત વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આવી પરીક્ષાઓ જો સંસ્કૃત શિક્ષક ઇચ્છે તો પોતાના વિદ્યાર્થીઓને સમાવી શકે છે. આના માટેના શિક્ષણની તથા આયોજનની જવાબદારી સંસ્કૃત શિક્ષકની રહે છે. સંસ્કૃત શિક્ષકને સાચા અર્થમાં પોતાના વિષયમાં રસ હોય તો તેનો લાભ તેના વિદ્યાર્થીઓને મળી શકે છે.

આવી પરીક્ષાઓ જુદી જુદી પાઠશાળાઓ, સૌરાષ્ટ્ર, વિદ્યુત પરિષદ - જામનગર, બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરીક્ષા, અમદાવાદ, બનારસ, કાશી વગેરે કેન્દ્રો દ્વારા યોજવામાં આવે છે. સંસ્કૃત ભારતી દ્વારા દર વર્ષે ગૌરવ પરીક્ષા, પ્રવેશ, પરિચય, શિક્ષા અને કોવિદ વગેરે પત્રાચાર દ્વારા પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. જે તે શાળાને પરીક્ષા કેન્દ્ર તરીકે માન્યતા મેળવવા માટેની જરૂરી કાર્યવાહી આચાર્ય મારફત સંસ્કૃત શિક્ષકે કરવાની હોય છે. શાળાને કેન્દ્ર તરીકે મંજૂરી મળતાં નિયત અભ્યાસક્રમ પૂરો કરાવવાની તથા પરીક્ષાનું સંચાલન અને વ્યવસ્થા કરવાની જવાબદારી સંસ્કૃત શિક્ષકની રહે છે.

**મહત્ત્વ :**

- વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યેનો રસ કેળવાય છે.
- સંસ્કૃતનું શિક્ષણ વધારે સઘન બને છે.
- છાત્રોને સંસ્કૃત સાહિત્ય અને વ્યાકરણ શિક્ષણનો વિશેષ લાભ મળે છે.
- વિદ્યાર્થીઓને શાસ્ત્રી અને આચાર્યની પદવી પ્રાપ્ત થાય છે.
- પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થતાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો મળે છે.
- સંસ્કૃત શિક્ષક અને શાળાના ગૌરવમાં વધારો થાય છે.

**(3) વ્યાખ્યાન શ્રવણ :**

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રાનુસાર વિદ્યાર્થીઓએ ક્યારેય સ્વાધ્યાય અને પ્રવચન શ્રવણમાં આળસ કરવી ન જોઇએ. કારણ કે તે જ સારો વક્તા બની શકે છે જે એક સારો શ્રોતા હોય. આથી સંસ્કૃત શિક્ષકે શક્ય હોય તો પોતાની શાળામાં સંસ્કૃત વિદ્વાનો, પંડિતો અને સંસ્કૃત જાણતા જ્ઞાની પુરુષોનાં વ્યાખ્યાનો ગોઠવવાં જોઇએ. જેથી નવા વક્તાઓને મળવાનો, સાંભળવાનો અને કંઇક પ્રાપ્ત કરવાનો અનેરો લ્હાવો વિદ્યાર્થીઓને મળી શકે.

**મહત્ત્વ :**

– વ્યાખ્યાન શ્રવણથી જે તે વિષય અંગેનું નૂતન અને અદ્યતન જ્ઞાન બાળકોને મળે છે.
– સંસ્કૃતમાં પણ બોલી શકાય છે તેની પ્રતીતિ થાય.
– વિદ્યાર્થીઓને મૂંઝવતી સમસ્યાઓનું નિરાકરણ થઇ શકે છે.
– વક્તાના હાવ-ભાવ, રજૂઆત, કથનશૈલી, તેનું વ્યક્તિત્વ અને વિષમ પ્રભુત્વ જાણી શકાય છે.
– વિદ્યાર્થીઓ અને વક્તા વચ્ચે નવા સંબંધો કેળવાય છે.
– વિદ્યાર્થીઓએ મેળવેલા જ્ઞાનનો જરૂર પડ્યે નવી પરિસ્થિતિઓમાં ઉપયોગ કરી શકે છે.

**(4) સંસ્કૃત સમાચાર શ્રવણ :**

સંસ્કૃત સમાચાર શ્રવણ સંસ્કૃત ભાષાનો વિકાસ કરવા માટેનું એક અગત્યનું સાધન છે. જો શિક્ષક પોતે રેડિયો અને ટી.વી. પરથી પ્રસારિત થતા સંસ્કૃત સમાચારો નિયમિતપણે સાંભળતો હોય તો વિદ્યાર્થીઓને આ સમાચાર સાંભળવાની ભલામણ કરી શકે. પ્રતિદિન ડી. ડી. ન્યૂઝ અને દૂરદર્શન ટી. વી. પર 6:55-7:00 સુધી સંસ્કૃત સમાચાર પ્રસારિત થાય છે. દર શનિવારે પણ 'સંસ્કૃત વાર્તાવલિ' 12:30 - 1:00 સુધી પ્રસારિત કરવામાં આવે છે. તેમજ વેબસાઇટ પર અનેક સંસ્કૃત સાહિત્યના વીડિયો પણ જોવા મળે છે.

**મહત્ત્વ :**

– સમાચાર શ્રવણથી સંસ્કૃત એ મૃતભાષા નથી એવી પ્રતીતિ થાય.
– સંસ્કૃતમાં પણ પ્રયત્નથી માતૃભાષાની જે બોલી શકાય છે. તે જાણી શકાય.
– સંસ્કૃત ઉચ્ચારણો, ભાવ, લયનો ખ્યાલ આવે છે.
– શ્રવણ દ્વારા સંસ્કૃતમાં બોલવાનો મહાવરો કેળવી શકાય.
– સંસ્કૃત ભાષાની મધુરતા અને શ્રાવ્યતાનો ખ્યાલ આવે.
– દેવવાણી પ્રત્યે અભિરુચિ કેળવી શકાય.

**સંસ્કૃત સુધારણાલક્ષી પ્રવૃત્તિઓ :**

**પ્રસ્તાવના :**

સંસ્કૃત એ સાંપ્રત સમયના વ્યવહારની ભાષા રહી નથી. સમાજમાં રહેતાં બાળકોને માત્ર શાળાઓમાં જ અને તે પણ સંસ્કૃતના તાસમાં જ સંસ્કૃત શિક્ષક પાસેથી સંસ્કૃત સાંભળવા મળે છે. સંસ્કૃતમાં બોલવાની ભાગ્યે જ તક મળે છે. પરિણામે સંસ્કૃત ભાષા પરનું પ્રભુત્વ વિદ્યાર્થીઓ દિન-પ્રતિદિન ગુમાવતા જાય છે એ સ્વાભાવિક છે. સંસ્કૃત શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓ અનેક બાબતોમાં ભૂલો કરે છે એવી પ્રતીતિ સંસ્કૃત શિક્ષકને થતી હોય છે. આવી કઇ કઇ બાબતોમાં વિદ્યાર્થીઓને મુશ્કેલીઓ પડે છે અને તેઓ કયા કયા પ્રકારની ભૂલો કરે છે તે શોધી કાઢી તેને સુધારવા માટેની પ્રવૃત્તિઓ શિક્ષકે વિચારવી જોઇએ. આ પ્રવૃત્તિઓ કે કાર્યક્રમો એટલે જ સંસ્કૃત સુધારણાલક્ષી પ્રવૃત્તિઓ.

**આદર્શ વાંચન :**

માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું વ્યસન કરતાં આવડતું નથી એવી એક સામાન્ય ફરિયાદ છે. આ ફરિયાદને દૂર કરવા માટે શિક્ષકે જાતે સંસ્કૃત સાહિત્યનું આદર્શ વાચન કેમ કરાય તે માટેના અનુભવો વારંવાર ગદ્યપદ્યના વાચન દ્વારા વિદ્યાર્થીઓને આપવા જોઇએ.

આદર્શ વાચન એ સામાન્ય રીતે શિક્ષકે વર્ગમાં ઊભા રહી વિદ્યાર્થીઓ સમક્ષ કરવાનું વાચન છે. જેના શ્રવણ દ્વારા બાળકોમાં વાચન કૌશલ્યોના ધીમે ધીમે વિકાસ થાય. વાચન એ સંસ્કૃત શિક્ષણ માટેનું પ્રથમ સોપાન છે. કુશળ શિક્ષકે આદર્શ વાચન કરાવતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ.

- વર્ગના બધા જ વિદ્યાર્થીઓ શિક્ષકને જોઇ શકે તે રીતે વર્ગમાં ઊભા રહેવું જોઇએ.
- પાઠ્યપુસ્તક બરાબર મધ્યમાં પકડવું તથા એક પણ પાનું બેવડું ન વાળવું.
- પાઠ્યપુસ્તક આંખોથી આશરે દોઢ બે ફૂટ દૂર રાખવું.
- વાચન સંધિયુક્ત, ભાવવાહી, ઉચ્ચાર શુદ્ધ થવું જોઇએ.
- વાચન યોગ્ય ઝડપે અને આરોહ-અવરોહ સાથે થવું જોઇએ.
- વર્ગના બધા જ વિદ્યાર્થીઓ સાંભળી શકે તે પ્રમાણે વાચન અતિ ધીમા કે મોટા અવાજે ન થવું જોઇએ.
- વાચનમાં કર્કશતા નહિ પણ મધુર રીતે થવું જોઇએ.
- વિરામચિહ્નોને ધ્યાનમાં રાખી વાચન થવું જોઇએ.
- વાચન કર્ણપ્રિય અને સુશ્રાવ્ય રીતે થવું જોઇએ.

**(2) સંસ્કૃત ઉચ્ચારોની વિશેષતા અને ઉચ્ચારોની ભૂલથી થતા અનર્થો :**

ભાષા શુદ્ધિનો આધાર ઉચ્ચારણ શુદ્ધિ પર રહેલો છે. આથી શિક્ષકે પ્રારંભથી જ ઉચ્ચારશુદ્ધિનો આગ્રહ રાખવો જોઇએ.

- શિક્ષકે પોતે શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારો કરવા જોઇએ.
- વિદ્યાર્થીઓને સંસ્કૃત વર્ણ સ્થાનોનો પરિચય આપવો જોઇએ.
- અશુદ્ધ ઉચ્ચારણ થતાં તરત તે સુધારવું જોઇએ. આ માટે વિદ્યાર્થીઓને વાચનની તક આપવી જોઇએ.
- श्, ष्, स् નાં ઉચ્ચારણોનો ભેદ સમજાવવો જોઇએ.
- વર્ગમાં થતા વર્ગ બહાર વકતૃત્વ સ્પર્ધા, ચર્ચાઓ કે નાટ્ય સંવાદો તથા શ્લોકગાનનું આયોજન કરવું જોઇએ.
- ઉત્તમ અને સંસ્કૃતમાં વિદ્વાન વક્તાઓનાં વક્તવ્યો ગોઠવવાં જોઇએ તથા તેનું રેકોર્ડિંગ કરી વારંવાર વિદ્યાર્થીઓને સંભળાવવું જોઇએ.
- રેડિયો અને ટી.વી. પરથી પ્રસારિત થતા સમાચારો, સંસ્કૃત કાર્યક્રમો કે સંસ્કૃત પાઠો સાંભળવાની સૂચના આપવી જોઇએ.
- સંસ્કૃત માત્રા, ગતિ, સ્વરાઘાત, ભાવ અને લયનું જ્ઞાન આપવું જોઇએ.
- ઝલાતી જીભવાળાં બાળકો પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઇએ.
- અવયવ દોષ જણાય તો તબીબી સારવારની ભલામણ કરવી જોઇએ.

– વિદ્યાર્થીઓના મનમાં રહેલો ડર કે સંકોચ દૂર કરવો જોઇએ.

**વિશેષતા :**

– સંસ્કૃત ઉચ્ચારણોની શુદ્ધતાથી કથન મધુર, ઓજસ્વી, સુશ્રાવ્ય અને વધુ સ્પષ્ટ બને છે.

– ઉચ્ચારણ શુદ્ધિથી અભિવ્યક્તિ અને અર્થબોધ સરળ બને છે.

– श् - ष् - स् નાં ઉચ્ચારણો સ્પષ્ટ થાય છે.

– અનુનાસિક અને હલન્તનો બોધ થાય છે.

– વક્તાનું વક્તવ્ય વધુ ધારદાર અને સચોટ બને છે.

– સાંભળનારાઓના મનમાં સંસ્કારિતાની છાપ ઊભી થાય છે.

**અનર્થો :**

ઉચ્ચાર દોષને પરિણામે અનર્થો ઊભા થાય જેવાં કે, शकल - सकल, शंकर - संकर, द्रीप - द्विप, सूर - शूर, अवदत - अवदत्, दिन - दीन, श्वजन - स्वजन વગેરે.

**(3) સંસ્કૃત લિપિ ચિહ્નોની ઓળખ :**

લિપિની બાબતમાં સંસ્કૃતભાષા દેવનાગરી લિપિમાં લખાતી હોવા છતાં ચિહ્નોની બાબતમાં તેની કેટલીક આગવી વિશેષતાઓ છે.

**(1) દંડ :** દંડ એટલે ગદ્યના વાક્યાન્તે વપરાતો ઊભો લીટો (1) મૂળ સંસ્કૃતમાં ગદ્યનાં લખાણોમાં જ્યારે જ્યારે વાક્ય પૂર્ણ થતું ત્યારે ત્યારે ગુજરાતી ભાષામાં વાક્યાન્તે જેમ પૂર્ણવિરામ (.) મૂકવાની રીત છે તેમ દંડ મૂકવામાં આવતો. આધુનિક સંસ્કૃતમાં આ લિપિમાં ફેરફાર થયો છે. હવે વાક્યાન્તે અલ્પવિરામ (,), પૂર્ણવિરામ (.) કે પ્રશ્નાર્થ (?) મૂકવામાં આવે છે.

જો પદ્ય શ્લોક કે સુભાષિત હોય અને તે માત્ર બે લીટીનું હોય તો પ્રથમ લીટી પૂર્ણ થયે એક દંડ (।) અને બંને લીટી પૂર્ણ થયે બે દંડ (।।) મૂકવામાં આવે છે. જો ચાર લીટીનું સુભાષિત કે શ્લોક હોય તો બીજી લીટીને અંતે એક દંડ (।) અને ચોથી લીટીને અંતે બે દંડ (।।) મૂકવામાં આવે છે. જો ત્રણ લીટીવાળું પદ્ય હોય તો પહેલી અને બીજી લીટીને અંતે એક એક દંડ (।) અને ત્રીજી લીટીના અંતે બે દંડ (।।) મૂકવામાં આવે છે.

પદ્યમાં એક દંડ એ અલ્પવિરામ અને બે દંડ પૂર્ણવિરામ દર્શાવે છે.

**(2) શિરોરેખા :**

શિરોરેખા એટલે વર્ણના શિર ઉપર દોરવામાં આવતી, વર્ણના કદ પ્રમાણેની આડી રેખા (¯). શિરોરેખા એ સંસ્કૃત લિપિનો જ એક ભાગ છે. સંસ્કૃત દેવનાગરી લિપિમાં લખાતું હોવાથી શિરોરેખા કરવી અનિવાર્ય છે. શિરોરેખા વગરનું સંસ્કૃત એ માથા વગરના ધડ જેવું બની રહે છે.

સામાન્ય રીતે શિરોરેખા અંગેનું અપૂરતું જ્ઞાન ધરાવતા શિક્ષકો શિરોરેખા જુદી જુદી રીતે દોરે છે. કેટલાંક પહેલાં રેખા દોરીને તેની નીચે બધા વર્ણો શબ્દ સ્વરૂપે લખી દે છે. તો કેટલાંક પ્રથમ શબ્દો લખીને શબ્દના કદ પ્રમાણેની રેખા તેના ઉપર દોરી દે છે. આ બંને પદ્ધતિઓ વાસ્તવમાં ખોટી છે. આદર્શ પદ્ધતિ એ છે કે એક-એક વર્ણ લખતા જઇ તેના પર ડાબેથી જમણી બાજુએ રેખા દોરતી જવી જેથી એક જ શબ્દમાં વપરાયેલાં પ્રત્યેક વર્ણ પરસ્પરથી અલગ જોઇ શકાય છે.

**(3) અનુનાસિક :**

અનુનાસિક એટલે અનુસ્વારને બદલે વપરાતો વ્યંજન. સંસ્કૃત ભાષામાં અનુનાસિકની સંખ્યા પાંચ છે.

ङ रूखद्या, ण्, न्, म् આ પાંચે વ્યંજનોનો ઉચ્ચાર મુખ તથા નાસિકાની મદદથી થતો હોવાથી તેઓને અનુનાસિક કહે છે.

ગુજરાતીમાં જેમ અનુસ્વારવાળા શબ્દો પર અનુસ્વાર (ं) મીંડુ કરવામાં આવે છે તેમ સંસ્કૃતમાં અનુસ્વાર લખવામાં આવતો નથી પણ અનુસ્વારને બદલે તેની વર્ગનો અનુનાસિક વપરાય છે. આપેલાં શબ્દમાં જેના પર અનુસ્વાર આવતો હોય તેના પછીનો વર્ણ જે વર્ગનો હોય તે વર્ગનો અનુનાસિક અનુસાર સ્વરૂપે લખવામાં આવે છે. દા.ત.

| **ગુજરાતી** | **સંસ્કૃત** |
|---|---|
| ગંગા | गङ्गा |
| કાંચન | काञ्चन |
| કંટક | कण्टक |
| તંતુ | तन्तु |
| પંપા | पम्पा |

અહીં ગુજરાતીમાં 'ગ' ઉપર અનુસ્વાર મૂકી 'ગં' લખવામાં આવે છે. સંસ્કૃતમાં 'ગ' પછી 'ङ' 'અં' આવે છે.

આ 'ङ' પછી આવતો 'ગા' એ ક-વર્ગનો વ્યંજન છે. આથી, ક-વર્ગનો અનુનાસિક 'ङ' 'ગ' પછી અનુસ્વાર સ્વરૂપે લખવામાં આવ્યો છે. આમ દરેક અનુનાસિક અનુસ્વાર સ્વરૂપે લખાય છે. આધુનિક પાઠ્યપુસ્તકમાં અનુસ્વાર મીંડા સ્વરૂપે (ं) દર્શાવવામાં આવે છે. જે સંસ્કૃત લિપિનું ગૌરવ હણનાર છે.

**(4) અવગ્રહ :**

અવગ્રહ એ સંસ્કૃત લિપિની એક વિશેષતા છે. અવગ્રહનું નિશાન ગુજરાતી ભાષાના 'ડ' જેવું થાય છે. જેનો ઉચ્ચાર 'અ' થાય છે. ખાસ કરીને સંધિયુક્ત શબ્દોમાં અવગ્રહ વપરાય છે. જ્યારે પૂર્વપદને અંતે વિસર્ગ હોય અને તેની પહેલાં 'अ' હોય અને પછી 'अ' આવતો હોય તો વિસર્ગ અને 'अ' નો 'ओ' થાય અને પછીના 'अ' નો અવગ્રહ થાય છે. દા.ત.

सुशील**:** + अपि = सुशीलोडपि

सुन्दर**:** + अपि = सुन्दरोडपि

दिलीप**:** + अपि = दिलीपोडपि

**(5) વિસર્ગ :**

વિસર્ગ એ સંસ્કૃત ભાષાની વિશિષ્ટ દેણ છે. વિસર્ગ એટલે જે તે શબ્દાન્તે લખવામાં આવતાં બે ટપકાં (:) વિસર્ગનો ઉચ્ચાર 'હ' જેવો થાય છે. આપેલાં શબ્દને અન્તે આવેલા સ્વર પ્રમાણે વિસર્ગનું ઉચ્ચારણ થાય છે.

દા.ત.

रामः – राम માં અન્તે 'अ' નામનો સ્વર આવ્યો હોવાથી વિસર્ગનો रामह થાય.

| | |
|---|---|
| मालाः | मालाहा |
| हरिः | हरिहि |
| नदीः | नदीहि |
| भानुः | भानुहु |
| पितृः | पितृहु |
| भगवतः | भगवतह |
| शशिनः | शशिनह |

**16.3 તમારી પ્રગતિ ચકાસો**

**1. માણસના બે મુખ્ય પાસાં ક્યાં છે ? તેમાં કેવી-કેવી બાબતો સમાવિષ્ટ હોઈ શકે ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**2. શૈક્ષણિક નિદાન એટલે શું ? તેની ઉપયોગિતા જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**3. નિદાન પ્રક્રિયાને કેટલા સોપાનોમાં વહેંચી શકાય ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**4. નિદાનાત્મક પરીક્ષણનાં સોપાનો જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**5. ઉપચારાત્મક કાર્યનું મહત્ત્વ સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 16.4 સારાંશ :

દુનિયાની કોઈપણ વસ્તુ, વ્યક્તિ, યંત્ર, વાહન, પરિસ્થિતિ, ઈમારત કે કોઈ સામાજિક, પારિવારિક કે શૈક્ષણિક બાબત વગેરે જ્યારે તેમના મૂળ રૂપમાં ન હોય, બરાબર કામ આપતું ન હોય. લગાડેલી શક્તિનું પૂરું વળતર ન મળતું હોય, ક્ષતિગ્રસ્ત હોય, નિર્બળ હોય વગેરે વિટંબણાઓ દૂર કરવા માટે પ્રથમ ક્ષતિગ્રસ્તતાનું યોગ્ય - સાચું - કારણ શોધી કાઢવું પડે. આ માટે જે તે બાબતના તજ્જ્ઞનો સંપર્ક કરવો પડે અને સાચું કારણ શોધાયા બાદ તેને દૂર કરવા માટે સાચા અને સચોટ ઉપાયો યોજવા પડે. તેમાં પણ નિષ્ણાંતની જ સલાહ લેવી પડે. નહીંતર नीम हकीम, रवतरे जान। આ બંને પાસાં જો યોગ્ય રીતે હલ કરવામાં આવે તો વસ્તુ, યંત્ર કે પરિસ્થિતિની મૂળ સ્થિતિની પુનઃ પ્રાપ્તિ થાય. આ વાત માણસ અને શિક્ષણના સંદર્ભમાં પણ એટલી જ - સો એ સો ટકા - લાગુ પડે છે. શરીરની ક્ષતિ માટે ચિકિત્સક (ડૉક્ટર) પાસે જવું પડે છે. તે જરૂર પડે તો વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવી રોગોનું મૂળકારણ પકડે છે. (નિદાન) પછી તેને માટે યોગ્ય સારવાર (Treatment)નું પ્રિસ્ક્રીપ્શન આપે છે. એ જ રીતે છાત્રની અભ્યાસમાં કચાશ, તેની માનસિક નબળાઇ, મુશ્કેલી, સમસ્યા વગેરે વૈજ્ઞાનિક પદ્ધતિથી શોધી કાઢવા માટેની પ્રક્રિયાને 'શૈક્ષણિક નિદાન' (Educational Lriagnosis) કહે છે. તે એકવાર પાકે પાયે શોધી કાઢ્યા પછી તેમને દૂર કરવા કયા ઉપાયો યોજવા પડે તેને ઉપચારાત્મક શિક્ષણ (Remedial Teaching) કહે છે. આમ નિદાન અને ઉપચાર જો યોગ્ય રીતે અને તજ્જ્ઞો દ્વારા પ્રામાણિકપણે, સંનિષ્ઠપૂર્વક હાથ ધરવામાં આવે તો છાત્ર પુનઃ શૈક્ષણિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી સામાન્ય પ્રવાહમાં ભળી શકે છે.

અલબત્ત આમાં કેટલીક મર્યાદાઓ છે.

– નિદાન યોગ્ય તજ્જ્ઞ દ્વારા ન કરવામાં આવે તો સાચું નિદાન થતું નથી.

– નિદાન સાચું ન થાય તો ઉપચાર પણ યોગ્ય રીતે થયો નથી.

– આમ કરવાથી ક્યારેક ફાયદો ન થાય તો સમજ્યા પણ નુકસાન થવાનું પણ જોખમ રહે છે.

– વળી યોગ્ય નિદાન અને ઉપચાર યોગ્ય રીતે હોવા છતાં વ્યક્તિગત મર્યાદાઓના પ્રમાણમાં જ લાભ થાય છે. ઈન્જેક્શન આપીને ચાલતો કરેલો માણસ દોડની હરીફાઈમાં ભાગ ન લઈ શકે.

## 16.5 સ્વાધ્યાય

1. છાત્રની શૈક્ષણિક નબળાઇઓ, મુશ્કેલીઓ, અંગત માન્યતાઓ, પૂર્વગ્રહો, ગુપ્ત મૂંઝવણો વગેરેની યાદી બનાવો.
2. આ યાદીના દરેક મુદ્દા વિષે તમારા મિત્રો સાથે ચર્ચા કરો.
3. શિક્ષણને લગતાં લેખો, મંતવ્યો, વગેરે વર્તમાન પત્રોની પૂર્તિઓ, સામયિકો વગેરેમાં જ્યાં જોવા મળે તેના કટીંગ્ઝ કરી તેની ફાઈલ બનાવો.
4. મોક ઈલેક્શનની માફક તમે જાણે તજ્જ્ઞ હો તેમ મિત્રોના સમૂહમાં વર્તન કરી દરેક મિત્ર વારા ફરતી આ પાત્ર ભજવે તેવું આયોજન કરો.
5. શિક્ષણ સુધારણા માટે તમારા પોતાના વ્યક્તિગત, મૌલિક વિચારોની નોંધ કરો.

## 16.6 ચર્ચા માટેના મુદ્દા :

1. ''ચિક્ત્સક અને શિક્ષકનું કામ એક સરખું છે.'' ચર્ચો.
2. ''છાત્ર અને દર્દીની પરિસ્થિતિ સમાન છે.'' — ચર્ચો
3. ''શિક્ષણની પ્રક્રિયામાં નિદાન કે ઉપચારની જરૂર નથી.'' આ વિધાનની વિરુદ્ધમાં દલીલ કરો.
4. ''નિદાન વગરનું શિક્ષણ માવજત કર્યા વગરના ખેતર જેવું છે.'' આ વિધાનની તરફેણમાં દલીલ કરો.
5. ''શિક્ષણના અનુકાર્ય માટે નિદાન અને ઉપચાર અત્યંત જરૂરી છે.'' — તમારું મંતવ્ય જણાવો.
6. ''યોગ્ય નિદાન કે યોગ્ય ઉપચારનો અભાવ ક્યારેક ફાયદાને બદલે નુકસાન કરી બેસે છે'' - દલીલથી સાબિત કરો.

## 16.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો :


1. संस्कृत शिक्षण, राजस्थान प्रकाशन, जयपुर - १९०८
2. संस्कृत शिक्षण, साहित्य प्रकाशन, आगरा - २००३ (गुप्ता, प्रभा)
3. संस्कृत शिक्षण, ऋद्यन्टरनेशनल पब्लिशऋद्यंग हाउस, मेरठ - २००८ (सिंह, सत्यदेव, शर्मा, शशीकला)
4. A New Approach to Teaching of Sankrit Lok Sangrah Press, poona, 1956 (Bokil, V. P. and Parasnis, S. R.)
5. संस्कृत शिक्षण : डॉ. शकुन्तला सैनी - (युनिवर्सिटी बूक हाउस (प्रा.) लि. जयपुर


## 16.8 તમારી પ્રગતિ ચકાસો

(1) 3.1, (2) 3.2, (3) 3.2.1, (4) 3.2.1, (5) 3.2.2.

# એકમ 17 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો

**: રૂપરેખા :**

**17.0 ઉદ્દેશો**

**17.1 પ્રસ્તાવના**

**17.2 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો**

**17.2.1 સંસ્કૃત શિક્ષક**

**17.2.2 સંસ્કૃત ખંડ**

**17.2.3 સંસ્કૃતનો અન્ય વિષયો સાથેનો અનુબંધ**

**17.2.4 સંસ્કૃત શિક્ષણની પ્રારંભિક મુશ્કેલીઓ**

**17.2.5 કંઠસ્થીકરણ**

**17.3 તમારી પ્રગતિ ચકાસો**

**17.4 સારાંશ**

**17.5 સ્વાધ્યાય**

**17.6 ચર્ચા માટેના મુદ્દા**

**17.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**17.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 17.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

- સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો વિષે ખ્યાલ મેળવી શકશો.
- સંસ્કૃત શિક્ષકની લાયકાતો વિષે જાણી શકશો.
- સંસ્કૃત ખંડની ઉપયોગિતા સમજી શકશો.
- સંસ્કૃતનો અન્ય વિષયો સાથેનો અનુબંધ સમજી શકશો.
- સંસ્કૃત શિક્ષણની પ્રારંભિક મુશ્કેલીઓ વિષે જાગૃતિ કેળવશો.
- સંસ્કૃત શિક્ષણમાં કંઠસ્થીકરણનું મહત્ત્વ સમજી શકશો.
- સંસ્કૃત શિક્ષણને સરળ અને લોકભોગ્ય બનાવવાના ઉપાયો વિષે જાણકારી મેળવી શકશો.

## 17.1 પ્રસ્તાવના

સામાન્યતયા સંસ્કૃત દુર્બોધ વિષય ગણાય છે. તેનું કારણ તેની વ્યાકરણ પ્રચૂરતા છે. સંસ્કૃત વ્યાકરણ એટલું બારીક અને સૂક્ષ્મ રીતે રચાયેલું અને સર્ગાંગ સંપૂર્ણ શુદ્ધ છે કે કમ્પ્યૂટરમાં તેનો ઉપયોગ કરી શકાય તેમ છે. પરંતુ તેની આ ઉત્તમ વિશેષતા છે તે જ તેનું દૂષણ બનેલું દેખાય છે. સંસ્કૃત ભાષા એવી ભાષા છે કે વ્યાકરણના સંપૂર્ણજ્ઞાન વિના તમે એક વાક્ય તો શું પણ એક શબ્દ પણ તમે સાચો લખી ન શકો.

દેવી અને દેવિ માં શો ફેર ? દોવ સંબોધનનું રૂપ છે.

એટલે હે દેવી ! એમ અર્થ થાય. આજકાલ તમે જોશો કે નમસ્કાર બોલતાં હોય અથવા તો લગ્ન પત્રિકામાં દેવદેવીના નમસ્કાર છાપ્યા હોય તેમાં ‘માતાય નમઃ’ એવા શબ્દો જોવા મળશે. કદાચ કોઈ સુધીરને માતાયૈ કરે. તે પણ ખોટું છે. મૂળ શબ્દ માતા નથી માતૃ છે. એટલે નમસ્કાર માટે ચોથી વિભક્તિનું રૂપ માત્ર થાય.

મહાભારતની મેગા સિરિયલમાં સંવાદો ભાષાના વિદ્વાનો અને ઇતિહાસ વિદો રચતા હોય છે. છતાં ભીષ્મપિતામહ ગંગાને માતે એમ સંબોધન કરતા તમે સાંભળ્યા હશે.

ટૂંકમાં સંસ્કૃત ‘નારિકેલ પાક’ છે ઉપરથી કાળોતરા અને કઠણ કાચલીનું આવરણ દૂર કરતાં તકલીફ પડે. પછી અંદરથી અમૃતગર્ભનો આસ્વાદ કરવા મળે. ખેર ! આ દુર્બોદ્ધતાને ઘડીભર વિસરી જઇને સંસ્કૃતમાં જે સુભાષિતોનો અણમોલ ખજાનો છે. તેમાં જે જાતજાતની ખૂબીઓ છે તેનો જાણકાર જ જાણે ‘માંહી પડ્યા તે મહાસુખ માણે ! સરળ નીતિ વિષયક સુભાષિતોથી માંડીને પ્રહેલિકાઓ, શ્લેષ આધારિત ઉપમાઓ, પાદપૂર્તિ, અન્યોક્તિ વગેરેનો જે વિપુલ ભંડાર છે તેનાથી રસાસ્વાદ કરાવવામાં આવે, સુંદર ભાવવાહી કંઠે મેં તે છંદને લક્ષમાં રાખીને મુખપાઠ કરાવવામાં આવે, પંચતંત્ર અને હિતોપદેશની સરળ, સુબોધ અને સચોટ વાર્તાઓનો પરિચય કરાવવામાં આવે તો સંસ્કૃતમાં રસ જાગ્રત કરી શકાય. એકવાર રસ જાગ્રત થયા પછી ધીમે ધીમે ઉંડા ઉતરી શકાય. ‘સરળથી કઠિન તરફ’ એ સિદ્ધાંત મુજબ આગળ વધી શકાય અને અત્યારે છેલ્લા અમુક વર્ષોમાં વિજ્ઞાન અને તકનિકીનો જે વિસ્ફોટ કહી શકાય તેટલી ઝડપે વિકાસ થયો છે. તેના કારણે ઘણાં વિજાણુ ઉપકરણો, પ્રસારણ માધ્યમો, ઓડિયો કેસેટો, વિડિયો કેસેટો, ટ્રાન્સપરન્સી, ઓ.એચ.પી. વગેરે અનેક સાધનો ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્કૃતિમાં રુચિ પેદા થાય, નાસી જવાની મરજી ન થાય, સંસ્કૃત ભાષા પ્રત્યે આકર્ષણ પેદા થાય. ઇંતેજારી પેદા થાય, ઉત્તેજના પેદા થાય એવા ઉપાયો વિચક્ષણપૂર્વક વિચારી, સહિયારો પુરુષાર્થ કરવામાં આવે તો કમસે કમ બે વસ્તુ સિદ્ધ થઈ શકે.

(1) સંસ્કૃત ધારીએ છીએ એટલો દુર્બોધ વિષય નથી.

(2) સંસ્કૃતમાં અણમોલ ખજાનો છે.

રસપ્રદ અને રુચિકર ભાષા છે એવી પ્રતીતિ થાય. કોઇપણ વસ્તુ કંટાળીને કે હતાશ થઇને છોડી દેવામાં આવે તો કરેલો શ્રમ વ્યર્થ જ નીવડે. આનું ઉત્તમ ઉદાહરણ વૈજ્ઞાનિકો છે. આપણે જાણીએ છીએ વૈજ્ઞાનિક શોધ કરનાર વૈજ્ઞાનિકો સતત પરિશ્રમ કરતા હોય છે. સેંકડો વાર પ્રયત્ન કરવા છતાં નિષ્ફળ જતાં હોય છે. છતાં મક્કમ નિર્ણય, ધીરજ અને ખંતપૂર્વક તેઓ આશાવાદી થઇને લોકો ગાંડા કે ધૂની ગણે એટલી હદે તેઓ મંથન કરતા હોય છે. અને તેવા લોકો જ દુનિયાને કંઇને કંઇ પ્રદાન કરી જતા હોય છે. એક પ્રચલિત ઉદાહરણ છે. એક વૈજ્ઞાનિકને તેના મિત્રોએ કહ્યું, ‘‘તું કેટલી વાર નિષ્ફળ ગયો તારો શ્રમ વ્યર્થ થયો. હવે તું આ બધું મૂકી દે’ ! ત્યારે તેવો જવાબ આપ્યો, ‘‘હું નિષ્ફળ નથી ગયો. હું મરતાં મરતાં દુનિયાને સંદેશો (જ્ઞાન) આપતો જઈશ કે આ બાબત માટે આ સો વસ્તુ નકામી છે. ભવિષ્યમાં સંશોધકોએ આ સો વસ્તુને છોડીને બાકીનો વિચાર કરવો.’’

ટૂંકમાં ‘મહેનત કરે ઇન્સાન તો ક્યા કામ હૈ મુશ્કિલ’ ‘અચળ મનવાળા ને રસ્તો પણ નથી મળતો, અડગ મનવાળાને હિમાલય પણ નથી નડતો’ વગેરે સૂક્તિઓને નજર સમક્ષ રાખીને સાચી દિશામાં પુરુષાર્થ કરવામાં આવે તો જરૂર સફળતા મળે છે. આપણે આ નીચે સંસ્કૃત શિક્ષણની કેટલીક આનુષંગિક બાબતો જોઇશું જે સંસ્કૃત શિક્ષણને સરળ, સુગમ, રોચક અને રસિક બનાવવામાં ઉપયોગી થાય છે. સંસ્કૃતના અમમોલ ખજાનાના દ્વાર ઉઘાડી તે ખજાનાનું દર્શન કરાવે છે.

## 17.2 સંસ્કૃત શિક્ષણની આનુષંગિક બાબતો

અન્ય વિષયોની અપેક્ષાએ સંસ્કૃત વિષય વિશિષ્ટ છે. તેનું એક ઉદાહરણ જોઇએ. કોઇ શિક્ષક રજા

પર હોય તો સમાજવિદ્યા ઈતિહાસ, ભૂગોળ, ગુજરાતી વગેરેના શિક્ષકને તેની અવેજીમાં તાસ લેવા મોકલી શકાય. થોડું ઘણું કામ થાય પણ ખરું. પણ સંસ્કૃત વિષયનો તાસ લેવા તજ્જ્ઞ સિવાય કોઇને ન મોકલી શકાય. આમ, સંસ્કૃત વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વળી સાથોસાથ સંસ્કૃતમાં જે અખૂટ જ્ઞાન ભંડાર છે. દુનિયાના કોઇ પણ વિષયનો ઊંડો અભ્યાસ કરવા ઇચ્છનાર છે. સંસ્કૃતમાંથી સંભાર મળી રહે છે તે જોતાં તે રીતે પણ તે વિશિષ્ટ છે.

આમ, સંસ્કૃત શિક્ષણને સરળ, સુગમ, સુરુચિકર અને સુભોગ્ય બનાવવા માટે વિશેષ પુરુષાર્થની જરૂર પડે છે. જેમ અત્યંત બિમાર દર્દીને દવા સાથે ઘણી આનુષંગિક બાબતોની જરૂર પડે છે. જેમ કે અમુક જાતનો જ ખોરાક લેવો, અમુક વસ્તુ ન ખાવી, ફ્રૂટ જ્યુસનું સેવન, ચરી થોડો વ્યાયામ વગેરે જાતજાતની આનુષંગિક બાબતોનો અમલ ચિકિત્સાની સાથોસાથ કરાવવામાં આવે છે. આ બધી બાબતો રોગીને પુનઃ સ્વાસ્થ્ય સંપાદનમાં સહાયક થાય છે. તેમ સંસ્કૃત શિક્ષણને સફળ બનાવવા માટે ઘણી આનુષંગિક બાબતો પરોક્ષ રીતે કહેવાઈ જ છે. અથવા સહજ રીતે પણ તે પ્રસ્તુત વિષયને પણ લાગુ પડે જ છે. છતાં ચોક્કસ બનવા માટે આપણે અમુક આનુષંગિક બાબતોનો વિચાર કરીશું.

**17.2.1 સંસ્કૃત શિક્ષક :**

(અ) સર્વપ્રથમ તો શિક્ષકની જ સજ્જતાનો વિચાર કરવો રહ્યો. વહાણમાં જે સ્થાન ખુદાનું છે, જાનમાં જે સ્થાન વરરાજાનું છે. સેનામાં જે સ્થાન કમાન્ડરનું છે તેવું જ સ્થાન સંસ્કૃત શિક્ષણમાં શિક્ષકનું છે. જો તે જ બરાબર ન હોય તો 'એકડા વિનાનાં મીંડાં' અથવા 'નેતા આંધળો તેનું કટક કૂવામાં' જેવો ઘાટ થાય.

એક રમૂજી છતાં સચોટ ઉદાહરણ આપવાની લાલચ રોકી શકાતી નથી. એક વિદૂષી કુમારીએ ઉમેદવાર તરીકે આવેલા એક પુરુષને નકારી કાઢ્યો ત્યારે તેને શા માટે ત્યાગ કર્યો તેમ પૂછતાં તેણે જવાબ આપ્યો.

"यस्य षष्ठि चतुर्थी च विहस्य च विहाय च ।

अहं कथं दिवीतीया स्यात् द्वितीया स्यां अह कथम् ॥"

જે માણસ (ક્રમલાઘવથી) એટલું જ જ્ઞાન ધરાવતો હોય કે સ્વયં છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય છે અને આય પ્રત્યય ચતુર્થતો પ્રત્યય છે તે માણસ विहस्य છઠ્ઠી વિભક્તિ અને विहाय ને ચોથી વિભક્તિ તરીકે ઓળખાવે છે. વસ્તુતઃ તો તે બંને સંબંધક ભૂતકૃદન્ત છે, અવ્યયરૂપ છે. એજ રીતે તેને रामम्, वनम् વગેરેનો પરિચય હોવાથી તે એમ નક્કી કરે કે અનુસ્વાર (માથે મીંડું) હોય તો બીજી વિભક્તિ એટલે તે अहं અને कथम् ને બીજી વિભક્તિ ગણાવે હકીકતમાં अहम् अस्म्य् સર્વનામનું પ્રથમા એ.વ. છે અને कथम् અવ્યય છે એટલે કુમારીએ કહ્યું છે જે માણસ આવું જ્ઞાન દર્શાવે તેની દ્વિતીયા (અર્ધાંગિની) હું કેવી રીતે થઉં? તાત્પર્ય એ જ કે સંસ્કૃત શિક્ષકમાં અર્ધદગ્ધતાને મુદ્દલ સ્થાન ન હોય. 'હે લગાડવાથી હિંદી થાય', 'હમારે આજ બહુત કામ હૈ એટલે મોડા થયા હૈ' આવી રમૂજ પ્રચલિત છે તેવી વાસ્તવિક સ્થિતિ સંસ્કૃત શિક્ષકની હોય તો ઘાતક નીવડે.

અન્ય વિષયમાં - દા.ત. 'ગુજરાતી' શિક્ષક એક એકમ સંપૂર્ણ તૈયાર કરીને જાય. (દા.ત. નવલિકા, નવલકથા ખંડ, કાવ્ય નિબંધ વગેરે) તો તેને સંપૂર્ણ ન્યાય આપી શકે. જ્યારે સંસ્કૃતમાં એવું ન ચાલે. કોઈપણ એકમમાં સંસ્કૃતના તમામ વ્યાકરણ વિષયક મુદ્દાનો સાદ્યન્ત ખ્યાલ હોવો જરૂરી છે. એટલું જ નહીં પણ કોઇ વાક્ય ક્યાંકથી ઉદ્ધૃત કર્યું હોય તો તેનો પૌરાણિક કે અન્ય સંદર્ભ પણ શિક્ષકના જ્ઞાન ભંડારમાં ઉપલબ્ધ જોઈએ. ક. સુ. ત્રિવેદીની પ્રવેશિકામાં એક વાક્ય હતું. 'प्रतिशष्योडपि एरे र्भिनति नागान् ।' સંદર્ભ વિના શિક્ષક સમજાવે, (હરિ) વિષ્ણુનો પડઘો પણ નાગો (સર્પો)ને ભાંગી નાખે છે. પાછા કલ્પના પણ દોડાવે કે વિષ્ણુ ભગવાન શંકરને મળવા પોતાના વાહન ઉપર ગયા. હવે તેમના

વાહન 'ગરુડ'ને જોઈને શિવજીના સર્પો ભાગ્યા. કેવો અનર્થ થયો. ખરું જોતાં તો કાલિદાસના નાટકમાંથી રાજાની પ્રશસ્તિ માટે આ વાક્ય ઉચ્ચારાયું છે. જેમ (हरि) સિંહનો પડઘો (ડણક) જ (નાગો) હાથીઓના હાડગાળી નાખે તેમ આ રાજાનો ધનુષ્ય ટંકાર જ દુશ્મનોનાં હાજાં ગગડાવી નાખે છે. હવે તમે વિચારો સંદર્ભ વગર પણ કેવો મોટો છબરડો વળે ?

આ તો એક માત્ર ઉદાહરણ છે. પણ આવા પ્રસંગો અસંખ્ય છે. જેમાં વ્યાકરણના સૂક્ષ્મ જ્ઞાન ઉપરાંત સંદર્ભનું જ્ઞાન પણ એટલું જ મહત્ત્વનું હોય. આપણે સંસ્કૃત શિક્ષકમાં પ્રમુખ લક્ષણો જોઈએ.

"He along shall teach wao is a living fountain of knowledge, who is ever so eager to learg andeaser to tresach, whose action are intergrated with knowledgee, who can given more than what he receines and rejoices while giving"

આ ઉદ્‌ગારમાં શિક્ષક જ્ઞાનનો ભંડાર હોવા ઉપરાંત આજીવન વિદ્યાર્થી છે. એમ પણ સૂચવવામાં આવ્યું છે. એણે learn અને teach બંને સમાંતર ચલાવવાના છે. એકવાર ડીગ્રી મેળવી, નોકરી મેળવી, યોગ્ય સ્થાને ગોઠવાઈ જઈ સમગ્ર કારકિર્દી દરમિયાન 'સર્વસ્ય ચર્વણમ્' કર્યા કરે તે યોગ્ય નથી જ. આપણી પ્રાચીન પરંપરામાં પણ પ્રખ્યાત (સામાન્ય રીતે છાત્રાલયમાં ભોજન સમયે બોલાતા) શ્લોકમાં પણ આ વાત કરી છે तेजस्वि नावधीत मस्तु અમારા બંનેનો અભ્યાસ તેજસ્વી હો આ બંને કોણ ? ગુરુ અને શિષ્ય.

**(બ) સંસ્કૃત શિક્ષકની વિદ્યાકીય સજ્જતા :**

શિક્ષક પોતે વિદ્યાકીય રીતે વિષયવસ્તુ ઉપરના કાબૂની બાબતમાં સંપૂર્ણપણે સજ્જ હોય તે પ્રાથમિક જરૂરિયાત છે. આ માટે યાદ રાખવું રહ્યું કે 'A lamp can not light another lamp until it continues to burn' દીવાથી દીવો પ્રગટાવવા માટે દીવાએ ખુદ બળવું પડે છે. નહીંતર અખાના શબ્દોમાં 'પોતે હરિને ન જાણે લેશ' કાઢી બેઠો, ગુરુનો વેશ, એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવપાર !' જેને માટે तस्मैश्री गुरवे नमः । કહેવાય તેવા 'શ્રી' (જ્ઞાનરૂપી લક્ષ્મી) થી યુક્ત ગુરુને નમસ્કાર.

વિદ્યાકીય સજ્જતામાં નીચેની બાબતો સમાવિષ્ટ કરી શકાય.

- સંસ્કૃત ભાષા-સાહિત્યનું તલસ્પર્શી જ્ઞાન.
- વ્યાકરણનું સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન ઉપરાંત કલાત્મક રીતે શીખવવાની હથોટી.
- સરળ સંસ્કૃતમાં વાર્તાલાપ આપવાની અને સંસ્કૃતમાં સરળ પ્રશ્નો પૂછવાની ક્ષમતા.
- સુભાષિત, અન્યોક્તિ, બોધકથા, નાટક વગેરેને જીવન સાથે સીધો સંબંધ છે એટલે તે સંદર્ભમાં શીખવવાની કુનેહ.
- વિદ્યાર્થીઓની બુદ્ધિ, સમજ અને હૃદયને સ્પર્શે તેવાં વ્યાવહારિક ઉદાહરણો અને સચોટ દૃષ્ટાંતો આપવાની આવડત.
- ઉપદેશ કરતાં સ્વ-આચરણને અધિક મહત્ત્વ.
- દાંત બોખા હોય કે ગલોફામાં પાનનો ડૂચો માર્યો હોય તો ઉચ્ચાર શુદ્ધિ આડે, અવરોધ આવે અને स અને श માં ગણવો કરે તો શું થાય ? सकृत् એકવાર शकृत् ઘોડા કે હાથીની ......
- છેલ્લે ઓછામાં ઓછું -

અમરકોશ, ભર્તૃહરિનું જાતિશનક, પંચતંત્ર - હિતોપદેશની બોધકથાઓનું જ્ઞાન ઉપરાંત સિદ્ધાંત કૌમુદીનું જ્ઞાન પણ આવશ્યક જેથી સંધિ - ઉપસર્ગ વગેરે માટે સૂત્રો રજૂ કરી શકે.

(લેખકે હેમચંદ્રાચાર્યનું પ્રાકૃત વ્યાકરણ વાંચ્યા પછી સંસ્કૃતમાં પણ સ્વરચિત સૂત્રો પ્રચલિત કરવાનો

પ્રયોગ કરેલો જે અત્યંત સફળ રહ્યો. આજે પણ શિક્ષક બનેલા તેના વિદ્યાર્થીઓ તેનો પ્રયોગ કરે છે. એક ઉદાહરણ 'तुम्बाहकेन' આનો અર્થ 'तुम्' લાગે તો ગુજરાતીમાં 'વા' પ્રત્યય લાગે. તેને હેત્વર્થ કૃદન્ત કહેવાય અને તે અવ્યયરૂપ છે માટે રૂપો 'ન' થાય.)

**(ક) વ્યાવસાયિક સજ્જતા :**

નીચે મુજબની વ્યાવસાયિક સજ્જતા પણ સંસ્કૃત શિક્ષકમાં હોવી જરૂરી છે.

– વ્યવસાય પ્રત્યે અભિરુચિ, લગન માત્ર આજીવિકા માટેનું સાધન ન ગણવું. પણ પવિત્ર ફરજ માની શ્રેય સાથે પ્રેય સાધવાનો અણમોલ વ્યવસાય છે એમ ગણવું.

– પોતાના કાર્યમાં આનંદ અને વ્યવસાયનો ગર્વ.

– વિદ્યાર્થી માટે કંઈક કરી છૂટવાની તમન્ના, સંસ્કૃત દ્વારા વ્યક્તિત્વનું ઘડતર કરી તેને આદર્શ સન્માનનીય બનાવવાની ધગશ.

– ગદ્ય અને પદ્યનું ભાવવાહી વાંચન.

– મધુર કંઠે સુભાષિતોનું છંદોબદ્ધ રીતે આરોહ અવરોહ સહિત લયબદ્ધ ગાન કરવાની ક્ષમતા.

– શિક્ષણના નૂતન પ્રવાહોથી પરિચિત.

– મૂલ્યાંકનની વિવિધ રીતોનો જ્ઞાતા.

– પદ્ધતિ અને વિષયવસ્તુ બંનેમાં શ્રેષ્ઠ નિપુણતા

– વર્ગમાં અધ્યાપન કરતાં પહેલાં એકમની પૂર્વ તૈયારી.

– તાલીમ પ્રાપ્ત.

– પ્રેરણા મૂર્તિ-પોતાનામાં સંસ્કૃત પ્રત્યે અનુરાગ હશે તો જ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરી શકશે.

આ ઉપરાંત કોઈપણ શિક્ષક માટે આવશ્યક તમામ ગુણો તો ખરા જ. જેમ કે પ્રભાવશાળી વ્યક્તિગત, સુમધુર કંઠ, હીરા પારખું દૃષ્ટિ, વાતચીતની આકર્ષિક પદ્ધતિ, હકારાત્મક અભિગમ, છાત્રો પ્રત્યે અપાર વાત્સલ્ય, વિનોદ વૃત્તિ, તંદુરસ્ત અભિગમ વગેરે.

### 17.2.2 સંસ્કૃત ખંડ

આમ તો જો શક્ય હોય તો તમામ વિષયોના ખંડ હોય તે આદર્શ સ્થિતિ કહેવાય. પણ એ શક્ય ન હોય તો પણ જેમ વિજ્ઞાન માટે પ્રયોગશાળા (Laboratory) હોય છે. તેમ સંસ્કૃત, ભૂગોળ વગેરે જેવાં વિષયો માટે અલગ ખંડ હોય તો તે અત્યંત લાભદાયી નીવડે. આ ખંડની આવશ્યકતા તો નિર્વિવાદ છે જ. પરંતુ પોતાના કાયમી વર્ગોમાં તમામ વિષયો ભણવા પડતા હોઈ સંસ્કૃતના તાસ અલગ ખંડમાં ભરવા જવાનું હોઈ તેની મનોવૈજ્ઞાનિક વિધાયક અસર પણ પડે છે. ત્યાં જવાથી છાત્રોના મનમાં નવો ઉમંગ નવી પ્રેરણા, નાવીન્યની લાગણી, નવો ઉત્સાહ વગેરેનો સંચાર થાય છે. અને અન્ય વિષ્યના છાત્રો કરતાં પોતે કંઈક વિશિષ્ટ છે તેવી આત્મસંતોષની લાગણી પણ જન્મે છે.

સાંપ્રત કાળમાં શિક્ષણની સંકલ્પના વ્યાપક બનવા સાથે તેમાં વિવિધ પ્રયોગો, વિવિધ સંશોધનો, શિક્ષણવિદોના અભિપ્રાયો, વિવિધ પરિષદો અને વિવિધ પંચો વગેરે દ્વારા શિક્ષણની સંકલ્પના વધારે ને વધારે વિસ્તરતી જાય છે. શિક્ષણને સમગ્ર શાળા અને તેના પર્યાવરણ સાથે સંબંધ છે. એટલે નાનામાં નાની દેખાતી બાબતનો પણ તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાવેશ થતો હોય છે. શાળાના મકાન સાથે મેદાન, રાચરચીલું, ભૌતિક સાધનો અને સુવિધાઓ, આચાર્ય તેમજ શિક્ષકોના અલગ ખંડો, પુસ્તકાલય, પ્રયોગશાળા, પ્રાર્થના ખંડ, ઉદ્યોગખંડ વગેરે બાબતોનું પણ અત્યંત મહત્ત્વ છે.

શિક્ષણના નૂતન પ્રવાહ મુજબ વિવિધ ખંડોની અનિવાર્યતા આજે સર્વસ્વીકૃત બની છે. ચિત્ર માટે ચિત્રખંડ, ભૂગોળ માટે ભૂગોળ ખંડ, વિજ્ઞાન માટે વિજ્ઞાન ખંડ વગેરેની અનિવાર્યતા હોય તો સંસ્કૃતના અસરકારક શિક્ષણ માટે સંસ્કૃત ખંડ પણ અનિવાર્ય છે જ. મનોવૈજ્ઞાનિક મત પ્રમાણે પર્યાવરણ વાતાવરણની વ્યક્તિત્વ ઘડતર ઉપર અચૂક અસર થાય છે. સંસ્કૃત ભાષાનું સાંસ્કૃતિક મૂલ્ય અન્ય ભાષાઓની અપેક્ષાઓ ઘણું જ વિશેષ છે. સંસ્કૃત ભાષામાં માનવના વિવિધ રસોને પોષે એવા વિવિધ ક્ષેત્રના ઘણા પ્રમાણભૂત ગ્રંથો છે. આ અમૂલ્ય વારસાનું પ્રાચીન સાહિત્યનું દર્શન કરવાની જ્ઞાન પિપાસાં જાગૃત કરવામાં સંસ્કૃત ખંડનો ફાળો નાનો સૂનો નથી. જ્ઞાનને સીમા નથી. જ્ઞાન અખંડ છે. અન્ય વિષયોના સહસંબંધના કારણે અન્ય વિષયો પર પણ પ્રભુત્વ મેળવવામાં સંસ્કૃત ખંડ ઉપયોગી છે.

**સંસ્કૃત ખંડની સજ્જતા :**

સંસ્કૃત ખંડની ઉપયોગિતા સમજ્યા પછી હવે સંસ્કૃત ખંડને કઇ રીતે સુસજ્જ કરી શકાય તેનો વિચાર કરીએ.

**પુસ્તકો :**

સંસ્કૃત ખંડમાં સંસ્કૃતના પુસ્તકોનો સારો એવો સંગ્રહ ઉપલબ્ધ હોવો જોઇએ. જે સંદર્ભ માટે શિક્ષકો તેમજ છાત્રોને પણ ઉપયોગી થાય. સંસ્કૃત સાહિત્યમાં પ્રખ્યાત નાટકો, મહાકાવ્યો, હિતોપદેશ, પંચતંત્ર, નીતિ શતક, રામાયણ, મહાભારત, ગીતા જેવાં પુસ્તકો ઉપરાંત સંસ્કૃત ભાષાનો જોડણી કોશ, સુભાષિત રત્ન ભંડારગાર તેમજ પર્યાયવાચી શબ્દોના શબ્દભંડોળ માટે અમરકોષ વગેરે ગ્રંથો હોવા જોઇએ. ઉપરાંત સંપૂર્ણપણે ગ્રંથ, તાલબદ્ધ અને વર્ણાનુપ્રાસ અને યમકથી કર્ણ માધુર્ય ઉત્પન્ન કરતા, સુમેય એવા મોહ મુદ્‌ગર જેવાં ભગવાન જગત્‌ગુરુ શંકરાચાર્યના સ્ત્રોતો, શ્લોકો સ્તવનો, અષ્ટકો વગેરે પણ અત્યંત આવશ્યક ગણાય.

- સહાભ્યાસિક પ્રવૃત્તિ તેમજ ઇતર વાચન માટે સંદર્ભ ગ્રંથો પણ જરૂરી છે.
- સંસ્કૃત ભાષામાં પ્રગટ થતાં સામયિકો પણ હોવાં જોઇએ.
- વ્યાકરણ શિક્ષણ માટેના વિવિધ ચાર્ટ, સુંદર અને આકર્ષક રીતે તૈયાર કરી ખંડની ચારેબાજુની દીવાલે લગાડ્યા હોવાં જોઇએ. જેમ કે મૂળાક્ષરનો ચાર્ટ, ધાતુના અંગોનો ચાર્ટ, કાળનો પ્રત્યયો, વિભક્તિઓનું માળખું, વિસર્ગ સંધિના ચાર્ટ વગેરે હોવાં જોઇએ.
- ઉપરાંત પાઠ્યપુસ્તકના એકમ આધારિત વિવિધ નકશા ચિત્રો નમૂના (મૉડેલ્સ) Play-way method થી ભણાવવા માટે વિવિધ પ્લે કાર્ડ પણ હોવાં જોઇએ.

ફ્લેનલ બોર્ડ, બુલેટિન બોર્ડ, રોલ-અપ બોર્ડ, બ્લેક બોર્ડ વગેરે પણ યથાસ્થાને હોવાં જોઇએ.

આ ઉપરાંત વિવિધ ઇલેક્ટ્રોનિક સાધનો જેવાં કે એપિડાયોસ્કોપ, ટેપરેકર્ડર, કોઇ અમુક એકમના મુદ્દા દર્શાવતી સ્લાઇડ્ઝ કે ટ્રાન્સપેરન્સી વગેરે પણ ઉપલબ્ધ હોવાં જોઇએ.

- વિદ્યાર્થીઓને અનુકૂળ આવે તેવી, હવા પ્રકાશયુક્ત બેઠક વ્યવસ્થા ઉપર્યુક્ત ગણાય.
- શિક્ષકો કે વિદ્યાર્થીઓ પુસ્તકો કે સાધનો સહેલાઇથી મેળવી શકે તેવા કાચના કબાટો તેમજ ખુરશી ટેબલ પણ હોવા જોઇએ.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકોથી માંડીને શિક્ષણ ખાતાના અધિકારીઓને મુલાકાત લેવાની મરજી થાય તેવો આકર્ષક સંસ્કૃત ખંડ હોવો જોઇએ.
- આ ઉપરાંત સંસ્કૃત સાહિત્યના પ્રખ્યાત લેખકો, કવિઓના ફોટોગ્રાફ અગર ચિત્રો હોય તે પણ ઇચ્છનીય ગણાય. વળી ચોમેર સૂક્તિઓથી પણ દીવાલો સુશોભિત હોય, જેમ કે સા

विद्या या विमुक्तये, विद्याधनं संवर्धन प्रधानम्, स्वे स्वे कर्मणि अमिरत: संसिद्धं लभतं नर:, नहि कल्याण कृत् कश्चित् दुर्गति तात गच्छति, प्रज्जवालितो ज्ञानमय: प्रदीप: तेजस्विनावधीतमस्तु વગેરે.

આ પ્રકારના સુસજ્જખંડથી સંસ્કૃતમય વાતાવરણ ખડું થાય.

**સંસ્કૃત ખંડનો ઉપયોગ :**

સંસ્કૃત ખંડની ઉપયોગિતા અને સજ્જતા વિષે ખ્યાલ મેળવ્યા બાદ હવે તેનો ઉપયોગ કેમ કરવો તે વિષે વિચાર કરીએ.

- સંસ્કૃત વિષયના તાસ આ સંસ્કૃત ખંડમાં જ લેવાય.
- શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ અવકાશના સમયે આ ખંડનો ઉપયોગ કરી શકે તેવી સુવિધા હોવી જોઇએ.
- રજાઓ તેમજ વેકેશનના કાળ દરમિયાન આજુબાજુના સંસ્કૃત પ્રેમીઓ ખંડની મુલાકાત લેવા ઇચ્છે તો દિવસના અમુક કલાક માટે તે ખુલ્લો રહે તેવી ગોઠવણ કરવી જોઇએ.
- સંસ્કૃત ખંડમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારનાં પુસ્તકો તેમજ જોડણીકોશ વગેરેનો યોગ્ય સમયે શિક્ષણકાર્યમાં યથાયોગ્ય ઉપયોગ થવો જોઇએ. શાળાના સંસ્કૃત સિવાયના તમામ છાત્રો અને શિક્ષકોને મુલાકાત લેવાનું મન થાય તેવો પ્રદર્શનરૂપ સંસ્કૃત ખંડ હોવો જોઇએ.
- સંસ્કૃત ખંડ સંસ્કૃત ભાષા (વિષય) ના પ્રચાર-પ્રસારનું ઉત્તમ માધ્યમ બનવાની ક્ષમતા ધરાવતો હોવો જોઇએ.
- સંસ્કૃત વિષયને લગતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓ, સ્પર્ધા, નિબંધ, સુલેખન, વક્તૃત્વ સ્પર્ધા, સંસ્કૃત ઈવનીંગ (Sanskrit Evening) જેવી પ્રવૃત્તિઓ પણ અહીં જ થાય તે ઇચ્છનીય ગણાય.

**17.2.3 સંસ્કૃતનો અન્ય વિષયો સાથે અનુબંધ**

સંસ્કૃતનો અન્ય વિષયો સાથે અનુબંધ છે. એમ કહેતાં પણ હૃદય ક્ષોભ એટલા માટે અનુભવે છે કે જેમ વિશાળ વટવૃક્ષ (દા.ત. કબીરવડ)ની નીચે પશુ, પંખી, મનુષ્યો વગેરે વિરામ પામે એમ સંસ્કૃતમાં સંગ્રહાયેલાં જ્ઞાનભંડારની વિવિધ સૃષ્ટિના તો અનેક વિષયો ઋણી છે. દુનિયાના ઘણા વિષયોમાં ઉંડાણપૂર્વકના સંશોધન માટે વિદ્વાનો સંસ્કૃત તરફ અભિમુખ થાય છે.

પ્રથમ તો ઇન્ડો-યુરોપિયન કુળના પ્રાચીનતમ ભાષા હોઇ અનેક ભારતીય ભાષાઓ સંસ્કૃતમાંથી જન્મેલી અને પરિપુષ્ટ થયેલી છે. પ્રાચીન સમયમાં સંસ્કૃત લોકભાષા હતી. સ્વાભાવિક રીતે જ ભિન્ન ભિન્ન વિષયના ગ્રંથો સંસ્કૃતમાં જ લખાયા છે.

વળી એક વાત એ પણ ખાસ વિશિષ્ટ ઉલ્લેખ માગે છે કે ભારતીય સંસ્કૃતિને ગૌરવ અપાવનાર અને સર્વ પ્રથવાર દુનિયાને અલગ વિષયોમાં નવું અજવાળું આપી પ્રથમ પુરસ્કર્તા તરીકેનું બહુમાન અને બિરુદ મેળવનાર વિદ્વાનોનું પ્રદાન પણ સંસ્કૃતમાં જ છે. જો કે કયા વિષયનો સંસ્કૃત સાથે અનુબંધ નહીં હોય તે કહેવું અતિ દુષ્કર છે. કારણ કે જે તે તો દર્શાવી શકાય. પણ જે નથી એમ કહેવું હોય તેને માટે આખી દુનિયાનું જ્ઞાન જોઇએ. ખેર ! આમ છતાં કેટલાંક પ્રમુખ વિષયોનો સંસ્કૃત સાથે અનુબંધ ટૂંકમાં જોઇએ.

**(1) ભાષાઓ :**

આ વિષે આપણે અગાઉ વાત કરી ગયા છીએ એટલે ઉંડાણમાં નહીં ઉતરતા માત્ર ભાષાઓના નામોલ્લેખથી જ સંતોષ માનીશું.

1. આસામી : સંસ્કૃત ભાષાના કેટલાંક વ્યાકરણના મહત્ત્વના સિદ્ધાંતો

2. બંગાળી : આ ભાષાને સંસ્કૃતની પૌત્રી કહેવાય. સંસ્કૃતમાંથી પ્રાકૃત અને પ્રાકૃતમાંથી બંગાળી.

3. ગુજરાતી : સંપૂર્ણ વ્યાકરણ અને શબ્દ સમૃદ્ધિ

4. હિન્દી : વ્યાકરણના નિયમો, તત્સમ શબ્દો, શબ્દ સમૃદ્ધિ

5. મરાઠી : શબ્દ સમૃદ્ધિ 40 ટકા તત્સમ, 50 ટકા પ્રાકૃત શબ્દો

6. કન્નડ : દ્રવિડ કુળની ભાષા શબ્દ સમૃદ્ધિ, વાક્ય રચના અને વ્યાકરણમાં સંસ્કૃતની ઋણી

7. પંજાબી : સંસ્કૃતની મૃદુતા, વૈદિક સંસ્કૃતના શબ્દો, સાહિત્ય પર પ્રભાવ.

8. ઉડિયા : મૂળાક્ષરનાં ઉચ્ચારણો

9. મલયાલમ : શબ્દોચ્ચાર સંસ્કૃત ભાષાનો ખજાનો

10. તામિલ : દ્રવિડકુળની હોવા છતાં સંસ્કૃત દ્વારા ફળદ્રુપ અને સમૃદ્ધ

11. કાશ્મીરી : સંસ્કૃત ભાષાની ભારે અસર

**(2) ઈતિહાસ :**

રામાણય, મહાભારત વગેરે કાવ્ય ગ્રંથ હોવા છતાં રામચન્દ્ર અને ભગવાન કૃષ્ણના યુગનું તલસ્પર્શી ચિત્ર મળે છે. એજ રીતે હર્ષચરિત, રાજતરંગિણી, વિક્રમાંક દેવ ચરિત ઉપરાંત પુરાણોમાં આખ્યાન-ઉપાખ્યાનોમાં ભારતમાં ઈતિહાસની વિપુલ સામગ્રી છે.

**(3) ભૂગોળ :**

સંસ્કૃત સાહિત્યમાં જુદાં જુદાં પ્રદેશોનું ભૌગોલિક વર્ણન જોવા મળે છે. નદીઓ, પર્વતો, સમુદ્રો, નગરીઓનાં વર્ણન મળે છે. કાલિદાસનું રઘુવંશ (ખાસ સર્ગ-13) તેમજ મેઘદૂત જેવાંથી આવી પ્રતીતિ થશે.

**(4) ગણિતશાસ્ત્ર :**

ગણિતશાસ્ત્રમાં તો સંસ્કૃતનું એટલું બધું પ્રદાન છે કે તેનાં સૂત્રો અને શ્લોકોને પુનઃ પ્રકાશમાં લાવવાની જરૂર અનુભવાય. વૈદિક સમયના શુલ્વ સૂત્રોએ રેખાગણિત (ભૂમિતિ)માં બહુ મોટું યોગદાન આપ્યું છે. શૂન્યની મહાન શોધ, દશાંશ પદ્ધતિ અને સંખ્યાઓનો આવિષ્કારતો વૈદિક યુગમાં જ થઈ ચૂક્યો હતો. બીજગણિત, અંકગણિત, ત્રિરાશિના નિયમો વગેરેમાં આર્યભટ્ટનું જબરદસ્ત પ્રદાન છે. ભાસ્કરાચાર્યનો લીલાવતી ગ્રંથ ગણિત સંબંધી ઉચ્ચકોટિની રચના છે. નેમિચંદ્રનો ત્રિલોકસાર ગ્રંથ ક્ષેત્રમિતિનો સરળગ્રંથ છે. બ્રહ્મગુપ્ત અને શ્રીધર જેવાં વિદ્વાન આચાર્યોએ બીજગણિતને પુરસ્કૃત કર્યું છે.

**(5) ભૌતિક વિજ્ઞાન :**

આજકાલ જેની બોલબાલા છે તેવા ભૌતિક વિજ્ઞાનમાં પણ સંસ્કૃતનું અમૂલ્ય પ્રદાન છે. જેમાં મુખ્યત્વે કયા વિદ્વાને શું પ્રદાન કર્યું છે તે ટૂંકમાં જોઇએ.

**મહર્ષિ કણાદ :** આ ક્ષેત્રનું સર્વ પ્રથમ નામ છે, સૃષ્ટિનું નિર્માણ પરમાણુથી થયેલું છે એવું પ્રતિપાદિત કર્યું છે. વિશ્વના મૂળમાં સાત દ્રવ્યોની વાત કરે છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય વિશેષ, સમવાય અને સમભાવનું વર્ણન પોતાના વૈશેષિક દર્શમાં કર્યું છે.

**ઉદયનાચાર્ય :** પ્રકાશ તથા ઉષ્ણતાનો સ્ત્રોત સૂર્ય છે.

**વાચસ્પતિ મિશ્રા :** પ્રકાશ પરમાણુઓથી નિર્મિત થાય છે. બીજી સદીમાં દિશા દર્શન (હોકાયંત્ર)નો ઉલ્લેખ છે, તેનું નામ 'મત્સ્ય' હતું.

**વિજ્ઞાન ભિક્ષુ :** પ્રતિધ્વનિ (પડઘા)નું વૈજ્ઞાનિક વિશ્લેષણ.

એ સિવાય આજે ધ્વનિતરંગની સર્વત્ર ચર્ચા ચાલે છે જેને કારણે રેડિયો, વાયરલેસ વગેરેની શોધ થઈ છે. તે આના કારણે જ શક્ય બની છે.

આ ઉપરાંત મહર્ષિ ભારદ્વાજે વિમાન શાસ્ત્ર અથવા યાનવિદ્યા વિષે સંસ્કૃતમાં લખ્યું છે. તે વૈજ્ઞાનિક ગ્રંથ છે જેની શોધ તાજેતરમાં થઈ છે.

**(6) રસાયણ વિજ્ઞાન :**

પ્રારંભિક વિદ્વાનોમાં પતંજલિનું નામ મુખ્ય છે. નાગાર્જુન રસરત્નાકરમાં પારાના ઉપયોગની વાત કરી છે. એ મુજબ પારા અને ગંધકની શોધ પ્રથમ શતાબ્દિ પહેલાં થઈ હોય તેમ માની શકાય. 12મી સદીમાં 'રસ હૃદય' ગ્રંથમાં પાશને રંગવાની વિધિ દર્શાવી છે. રસાર્ણવ ગ્રંથમાં તાંબા તથા રસકની મેળવણીથી પિત્તળ તથા રસકમાંથી જસત બનાવવાની વિધિ છે. સોમદેવના 'રસેન્દ્ર ચૂડામણિ'માં અનેક રાસાયણિક પ્રયોગોનું વર્ણન છે.

**(7) જીવવિજ્ઞાન :** જીવ વિજ્ઞાનમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

**(i) પ્રાણીવિજ્ઞાન :** પશુ-ચિકિત્સા વિજ્ઞાનના જનક શાલિહોમને માનવામાં આવે છે. સંસ્કૃત સાહિત્યમાં કીટોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણ ધ્વનિ, શરીર રચના, લિંલભેદ વિષનો પ્રભાવ, પાંખો પગ, મુખ, વાળ વગેરેને આધારે કરવામાં આવ્યું છે.

**(ii) વનસ્પતિ વિજ્ઞાન :** આયુર્વેદમાં વનસ્પતિને ઔષધ માનવામાં આવે છે. ''नैका वनस्पतिरनौषधिः।'' (સૂક્તિ), વનસ્પતિનું એકશૃંગા, પ્રતન્વતી, અંશુમતી, કાણ્ડિનાની, વિશાખા વગેરે વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

**(8) સમાજશાસ્ત્ર :**

સમાજશાસ્ત્રમાં 'મનુસ્મૃતિ' (ઇ.પૂ. 300) એક અદ્વિતીય, અજોડ રચના છે. આજે પણ આપણને 'મનુ' ભગવાનના વંશજો તરીકે માનવ (મનુષ્ય) એવું નામ મળેલું છે. તેમાં માનવજીવનની નાનામાં નાની બાબત, પરિવાર સન્નારી સન્માન, ગુરુ-શિષ્ય, રાજા-પ્રજા વગેરેની ઝીણામાં ઝીણી વિગત અતિશય સરળ સંસ્કૃતમાં આપવામાં આવી છે અને સમાજની વ્યવસ્થાનું શ્રેણ મહદ્ અંશે મનુસ્મૃતિને ફાળે જાય છે.

**(9) રાજનીતિ અને અર્થશાસ્ત્ર :**

આ વિષયમાં સંસ્કૃતમાં પુષ્કળ ખેડાણ થયું છે. સંસ્કૃત સાહિત્યમાં રાજનીતિને અર્થશાસ્ત્ર કહેવામાં આવે છે. આનો પ્રથમ ગ્રંથ ઈન્દ્રે લખ્યો હોવાનું માનવામાં આવે છે. તેનું નામ બાહુદન્તક હતું. દેવગુરુ બૃહસ્પતિએ પણ અર્થશાસ્ત્રની રચના કરી હોવાનું કહેવાય છે. ઉશનસ્ કવિના અર્થશાસ્ત્ર ગ્રંથનો ઉલ્લેખ ચરક સંહિતામાં જોવા મળે છે.

પરંતુ આ બધા અત્યંત પ્રસિદ્ધ ગ્રંથોને બાજુએ મૂકીને આજદિવસ સુધી જે અજોડ ગણાય છે. તે છે વિષ્ણુગુપ્ત કૌટિલ્ય (ચાણક્ય)નું અર્થશાસ્ત્ર.

આ સિવાય આચાર્ય કામન્દકનું નીતિસાર, આચાર્ય શુક્રનું શુક નીતિસાર, સોમદેવનું નીતિ વાક્યામૃત, આચાર્ય હેમન્દ્રનું લધ્વર્હનીતિ, ભોજરાજાનું યુક્તિ કલ્પતરુ, ચણ્ડેશ્વરનું નીતિ-રત્નાકર વગેરે ઉચ્ચકોટિના ગ્રંથો છે. 14મીથી 18મી સદીમાં લખાયેલા ગ્રંથોમાં ચંદ્રશેખરનું રાજનીતિ રત્નાકર, મિત્રમિશ્રનું વીરમિત્રોદય અને નીલકંઠનું રાજનીતિ મયૂખ વગેરે ગ્રંથો પણ ઉલ્લેખનીય છે.

**(10) સંગીતશાસ્ત્ર :**

ભરતમુનિનું 'નાટ્યશાસ્ત્ર' પૌર્વાત્ય નાટ્ય શાસ્ત્રનો પ્રતિનિધિરૂપ ગ્રંથ છે. સામવેદમાં ઉચ્ચ પ્રકારના સંગીતનો નિર્દેશ છે. અન્ય ગ્રંથોમાં સંગીતરત્નાકર, સંગીત ચૂડામણિ સંગીત સુધાકરણ વગેરે વિવિધ સમયે થયેલાં ગ્રંથોને ગણાવી શકાય.

**(11) સાહિત્ય :**

સાહિત્યની વાત વિસ્તારથી કરવી હોય તો એક આખો ગ્રંથ જોઈએ. પણ કાવ્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, રામાણય, મહાભારત, ભગવદ્ગીતા ઉપરાંત રઘુવંશ કુમારસંભવ, કિરાતાર્જુનીયમ્, નૈષધ ચરિત વગેરે મહાકાવ્યો, સુબન્ધુનું વાસવદત્તા, ભાસના 13 નાટકો મૃચ્છકટિક વગેરે, તેમજ બાણનું હર્ષચરિત, વિશ્વ વિખ્યાત કાદમ્બરી, અભિજ્ઞાન શાકુંતલ (કાલિદાસ)નું શ્રેષ્ઠ નાટક, હિતોપદેશ અને પંચતંત્રની સરળ બોધદાયક વાર્તાઓ કથાસરિતસાગર, મિત્રલાભ દણ્ડિનું દશકુમારચરિત વગેરે ગણાવી શકાય.

આવા પ્રખ્યાત અને પ્રચલિત વિષયો ઉપરાંત બીજા અનેક વિષયોમાં પણ સંસ્કૃતનું વિરલ પ્રદાન છે. જે અન્યત્ર મળવું મુશ્કેલ છે. આમાં નીચેના વિષયો ગણાવી શકાય.

**(12) બ્રહ્મવિજ્ઞાન :**

આ દષ્ટિએ સંસ્કૃત સાહિત્ય અપૂર્વ છે. આ વિષયમાં સંસ્કૃત ભાષા દુનિયાની સમસ્ત ભાષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ઉપનિષદ આ વિજ્ઞાનનો અણમોલ ખજાનો છે તેને કારણે આજે દુનિયાભરના દેશોમાં માન્યતા છે.

પ્રસિદ્ધ જર્મન વિદ્વાન શોપન હાવર લખે છે, ''આ ગ્રંથોનું અધ્યયન મારા માટે વાસ્તવિક શાંતિનું કારણ બન્યું છે. આ ગ્રંથો મને મૃત્યુ બાદ પણ શાંતિ આપશે.''

તમામ ઉપનિષદો, વેદોના સોનેરી સુવાક્યો વેરાયેલાં મોતી કે આકાશના તારલા માફક બ્રહ્મજ્ઞાન રૂપી ગગનમાં ઝગમગે છે.

**(13) દર્શન-વિજ્ઞાન :**

આ ક્ષેત્રમાં પણ સંસ્કૃત ભાષાનું પ્રદાન અવર્ણનીય છે. વિરાટ બ્રહ્માંડના અસંખ્ય અદ્ભૂત પદાર્થોમાં આપણા જીવનની શી સ્થિતિ છે કે હેસિયત છે ?આ બધી ગૂઢ બાબતોને દર્શન (ફિલસૂફી) કહેવામાં આવે છે. 'ષડ્દર્શન' (છ દર્શન) અને તેમના રચયિતા નીચે મુજબ છે.

1. સાંખ્ય - કપિલ મુનિ
2. યોગ - પતંજલિ
3. ન્યાય - ગૌતમ
4. વૈશેષિક - કણાદ
5. મીમાંસા - જૈમિનિ
6. વેદાન્ત - ભગવાન વેદવ્યાસ

આ છ વૈદિક દર્શન છે. એ સિવાય જૈનદર્શન, બૌદ્ધદર્શન ચાર્વાક દર્શન વગેરે વૈદિક દર્શનથી ભિન્ન છે.

આ બધા દર્શનોમાં વિશ્વનું નિર્માણ થવાના સાર્વભૌમ નિયમો, ચૈતન્યનું અસ્તિત્વ, આત્માનું આવાગમન, કર્મ-વ્યવસ્થા, મોક્ષનું સાધન, જડ-ચેતન ભેદ, પંચતત્ત્વોની વ્યાખ્યા વગેરે ગહન વિષયો સમાવિષ્ટ છે.

**(14) વિધિવિજ્ઞાન :**

આ બાબતમાં સ્મૃતિગ્રંથો અગ્ર સ્થાન ધરાવે છે. મુખ્ય સ્મૃતિઓ 18 ગણાય છે. તેમના રચયિતા (1) મનુ (2) યાજ્ઞવલ્ક્ય (3) અત્રિ (4) વિષ્ણુ (5) હારિત (6) ઉશનસ્ (7) અંગિરા (8) યમ (9) કાત્યાયન (10) બૃહસ્પતિ (11) પારાશર (12) વ્યાસ (13) દક્ષ (14) ગૌતમ (15) વત્સષ્ઠ (16) નારદ (17) ભૃગુ (18) દક્ષ.

આ બધામાં રાજા-પ્રજાના અધિકાર અને કર્તવ્ય, સામાજિક આચાર-વિચાર, વર્ણાશ્રમ ધર્મ, નીતિ, સદાચાર તેમજ પ્રશાસન સંબંધી વિધિ વિધાન વગેરે અનેક બાબતો સમાવિષ્ટ છે.

**(15) ચિકિત્સા વિજ્ઞાન :**

આજે મેડિકલ સાયન્સ ખૂબ જ આગળ વધ્યું છે. જાતજાતના વિશિષ્ટ રોગોના નિષ્ણાત ડૉક્ટરો આજે ઉપલબ્ધ છે. રોજ રોજ નવી નવી દવાઓ બજારમાં આવે છે. આ બધા ચિકિત્સક સમૂહોને બે ભાગમાં વહેંચી શકાય છે. (1) ફીઝિશિયન, (2) સર્જન ફીઝિયન દવા આપે છે જ્યારે સર્જન વાઢકામ (ઑપરેશન) અથવા નસ્તરનું કામ કરે છે. આ બંને બાબતોના વિદ્વાનોએ સંસ્કૃતમાં ગ્રંથો લખ્યા છે. તેમાં બે પ્રમુખ વિદ્વાનો છે.

(1) **ચરક - ચરક સંહિતા :** આમાં ઓષધિને લગતી વાતો અતિશય વિસ્તારપૂર્વક આપવામાં આવી છે.

(2) **સુશ્રુત - સુશ્રુત સંહિતા :** આમાં શલ્યક્રિયા (ઑપરેશન, વાઢકાપ) ની રીતો વિગતે આપવામાં આવી છે.

આ સિવાય પણ મમ્મટ, માધવ નિદાન વગેરે ગ્રંથો જગપ્રસિદ્ધ છે. નાગાર્જુન જેવો રસાયણશાસ્ત્રી અને ધન્વંતરિ જેવો ચિકિત્સા સારથિ આજે પણ દુર્લભ છે.

**(16) જ્યોતિષ :**

આ ક્ષેત્રમાં તો સંસ્કૃત ભાષાનું એટલું પ્રદાન છે કે અન્ય કોઈપણ ભાષામાં આના સમાન સાહિત્ય મળવું દુર્લભ છે. વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય વગેરેનાં નામો વિશ્વપ્રસિદ્ધ છે. આર્યભટ્ટના નામ ઉપરથી કૃત્રિમ ઉપગ્રહ (Satellite) આર્યભટ્ટ પણ અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો હતો.

**(17) ભાષા વિજ્ઞાન :**

વેદો અને પરવર્તી વૈદિક સાહિત્યમાં વાક્યોના વિભાજન કરવાના સંકેત મળે છે. વેદમન્ત્રોના પાઠ કરનાર ઋષિ-મુનિઓએ ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. સંધિ-સમાસ વગેરેની મદદથી ભાષામાં લાઘવનો ગુણ આવે છે.

વેદાંગોમાં ભાષાવિજ્ઞાનની બહુ જ સારી સામગ્રી ભરી છે. લૌકિક સંસ્કૃતમાં વૈયાકરણી પાણિની, કાત્યાયન, પતંજલિ તથા તેમની પૂર્વે આરિશાલિ, કાશકૃન્સ્ન તથા બાદમાં જયાદિત્ય, વામન, ભર્તૃહરિ, કય્યટ વગેરે એ ભાષા વિજ્ઞાનમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે.

**(18) પ્રકીર્ણ :**

વિધિ-વિજ્ઞાન (કાયદાશાસ્ત્ર) ધર્મસૂત્રના રૂપમાં છે. ગૌતમ, બૌધાયન, આપસ્તમ્બ તેમજ વસિષ્ઠના ધર્મસૂત્રોમાં રાજનીતિમાં કાયદાઓનું વર્ણન છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ (ઇ.પૂ. 800)માં વિધિ વિજ્ઞાનનો ઉલ્લેખ છે. બાર્હસ્પત્ય અર્થશાસ્ત્ર, કામન્દક ધર્મશાસ્ત્ર, વત્સાયનનું કામશાસ્ત્ર ઉપરાંત કોકકોકનું રતિ રહસ્ય, જયદેવનું રતિ મેજરી, નાગાર્જુનનું રતિશાસ્ત્ર વગેરે પ્રસિદ્ધ ગ્રંથો જનનશાસ્ત્ર (Genetics) છે. આમ, વૈદિક સંસ્કૃતમાં જીવનના 4 પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મહત્ત્વ દર્શાવાયું છે.

હાલમાં પણ અંગ્રેજી ભાષાના તકનિકી (ટેક્નિકલ) શબ્દો માટે સંસ્કૃત શબ્દોનો સહારો લેવામાં આવે છે. બેંક, ટપાલ, રેલવે વગેરે ઉદ્યોગોના વહીવટ માટે હિન્દીને સમૃદ્ધ કરવા સંસ્કૃત ભાષાનો સહારો લેવામાં આવે છે.

**17.2.4 સંસ્કૃત શિક્ષણની પ્રારંભિક મુશ્કેલીઓ :**

સામાન્ય રીતે ધો.8માં સંસ્કૃત શિક્ષણનો પ્રારંભ થાય છે. અત્યારે વિદ્યાર્થી તરુણ અવસ્થામાં હોય છે. આઠમા ધોરણ સુધીમાં વિદ્યાર્થી માતૃભાષા હિંદી ઉપરાંત અંગ્રેજીનો અભ્યાસ શરૂ કરી દે છે. આમ સામાન્ય રીતે સંસ્કૃત ચોથી ભાષા તરીકે શીખવાનું પ્રાપ્ત થાય છે. સંસ્કૃત તદ્દન નવો વિષય હોવાથી અને વ્યાકરણની વિશિષ્ટ રચનાના કારણે વિદ્યાર્થીને અભ્યાસમાં મુશ્કેલી પડે તે સ્વાભાવિક છે. ધોરણ-6 થી સરળ શબ્દો, અત્યંત સરળ સુવાક્યો સુભાષિતો વગેરે જરાપણ કઠિન ન પડે તે રીતે સંસ્કૃત દાખલ કરવાથી વિદ્યાર્થી પ્રાથમિક રીતે થોડો સજ્જ થઈ થોડી પ્રારંભિક ભૂમિકાથી પરિચિત થાય છે. અગાઉ હિન્દીમાં શીખેલ મૂળાક્ષર સંસ્કૃતમાંથી જ ઉદ્ધૃત હોઈ છાત્રો મૂળાક્ષરથી પરિચિત હોય તે એક લાભ ગણી શકાય. ધો. 8 અને 9માં સંસ્કૃતને અભ્યાસ ફરજિયાત હોય છે. માત્ર બે વર્ષમાં અને મર્યાદિત તાસમાં સંસ્કૃતનું પાયાનું જ્ઞાન પણ મળવું મુશ્કેલ છે. પરિણામે સંસ્કૃતની ઘોર ઉપેક્ષા થઇ હોય તેવું વાતાવરણ સર્જાય છે. વળી સંસ્કૃત સૌથી અઘરો, માત્ર વિદ્વાનો માટે જો વિદ્વદ્ ભોગ્ય વિષય છે એવી ભ્રામક માન્યતા પણ વિદ્યાર્થીઓના ઉત્સાહ ઉપર ઠંડું પાણી રેડે છે. સંસ્કૃત ભાષાનું સંરક્ષણ અને સંવર્ધન કરવા માટે ભવિષ્યમાં તેનો અણમોલ ખજાનાનો પરિચય કરવા માટે સંસ્કૃત ભાષાનું શિક્ષણ ક્યારથી શરૂ કરવું, ઓછામાં ઓછું કેટલા વર્ષ સંસ્કૃત ફરજિયાત બનાવવું. સંસ્કૃતના તાસ કેટલા રાખવા વગેરે બાબતો પુખ્ત વિચારણા માંગી લે છે.

સંસ્કૃત પંચે ધો. 7થી સંસ્કૃત શિક્ષણ શરૂ કરવાની ભલામણ કરેલા છે. ધો.7માં માતૃભાષા અને હિન્દી શીખતો હોઈ વિદ્યાર્થીને ત્રીજી ભાષાનો બોજો ઉચકવો પડે છે. એવી દલીલ બરાબર નથી. બાળક પ્રારંભના વર્ષોમાં જ ભાષા સારી રીતે ગ્રહણ કરી શકે છે.

સંસ્કૃત શિક્ષણની પ્રારંભિક મુશ્કેલીઓ તે વિવિધ પ્રકારની હોઇ શકે. આવી કેટલીક મુશ્કેલીઓ શિક્ષકોને પણ અનુભવવી પડે છે. છતાં પ્રારંભિક કક્ષાએ - કોઇપણ અન્ય વિષયક કે નૂતન અભ્યાસની જેમ જ મુખ્ય મુશ્કેલીઓ નીચે મુજબ જણાવી શકાય.

**(1) ઉચ્ચારણ શુદ્ધિ અંગેની મુશ્કેલી :**

આઠમા ધોરણમાં પ્રવેશી સંસ્કૃત શીખવા માંગતાં વિદ્યાર્થીઓને સંસ્કૃતનાં શુદ્ધ ઉચ્ચારણો કરતાં મુશ્કેલી પડે છે. તેઓ સ્વરાન્ત અને વ્યંજનાન્ત વર્ણોના ઉચ્ચારણોનો ભેદ યોગ્ય રીતે પાડી શકતા નથી. ક્ષ, જ્ઞ, મ્ન વગેરે ઉચ્ચારમાં મુશ્કેલી અનુભવે છે. આ ઉપરાંત જોડાક્ષરના ઉચ્ચારણમાં મુશ્કેલી અનુભવે છે. કેટલાંક સમાન ઉચ્ચારણ ધરાવતા સ્વર્ણોના ઉચ્ચારણમાં મુશ્કેલી અનુભવે છે. દા.ત. સ, શ અને ષ ઉપરાંત હલન્ત (ખોડા) અક્ષરો કે અનુસ્વાર યુક્ત અક્ષરોમાં મુશ્કેલી અનુભવે છે. દા.ત. પ્રિયંવદાને બદલે પ્રિયવંદા વિસર્ગવાળા વર્ણોમાં વિસર્ગ એટલે શું ? એ શિક્ષક વિગતર્થ સમજાવે નહીં એટલે વિદ્યાર્થીઓ વિસર્ગ (:) ને 'હ' જ સમજે છે. પરિણામે रामाः – रामाह, कविः कविह, भानुः – भानुह વગેરે ઉચ્ચારણો કરે છે.

ક્યારેક એકથી વધુ જોડાક્ષર હોય અથવા મહાપ્રાણવાળા જોડાક્ષરમાં વર્ણવ્યત્યય કરી બેસે છે. જેમ કે 'ચિહ્ન' ને બદલે ચિહ્ન 'અગસ્ત્ય'ને બદલે 'અગત્સય', જ્યોસ્ના ને બદલે 'જ્યાત્સના' વગેરે. ક્યારેક તો ઉચ્ચારણ દોષ ભયંકર અનર્થ કરી બેસે છે. આ ઉચ્ચાર દોષ સમજાવવા માટે એક અન્ય ભાષાનું ઉદાહરણ જોઈએ. ''ગૉડ સેવ માઈ વાઈફ'' ને બદલે 'ગોડ, શેવ માઈ વાઈફ' અથવા કોઇ સવારમાં 'ગૂડ મોર્નિંગ' કહે તો જવાબમાં 'સેઈમ ટુયુ'ને બદલે 'શેઈમ ટુ યુ' ! વગેરે.

ટૂંકમાં જોડાક્ષર, હલન્ત, અનુસ્વાર, અનુનાસિક, સ્વરભાર વગેરેનો બરાબર ખ્યાલ રાખી શિક્ષકે શુદ્ધ ઉચ્ચારનો નમૂનો પૂરો પાડી વિદ્યાર્થીઓ પાસે જરૂરી હોય તેટલી વાર પુનરાવર્તન કરીને પણ વ્યક્તિગત અને સામૂહિક રીતે શબ્દોના ઉચ્ચારો કરાવવા જોઇએ.

**(2) લેખન અંગેની મુશ્કેલી :**

પ્રારંભિક કક્ષાએ વિદ્યાર્થી સંસ્કૃત ભાષાના લેખનમાં પણ મુશ્કેલી અનુભવે છે. આ બાબત શિક્ષક માટે મુશ્કેલી સર્જે છે. અલબત્ત વિદ્યાર્થી હિન્દી ભાષાના કારણે દેવનાગરી લિપિમાં લખતાં શીખ્યા હોય છે. છતાં સંસ્કૃતમાં જોડાક્ષરો લખવામાં વિસર્ગ યુક્ત વર્ણો લખવામાં, હલન્ત વર્ણો લખવામાં અને સંધિયુક્ત વર્ણો લખવામાં મુશ્કેલી અનુભવે છે. આ ઉપરાંત શિરોરેખાની મુશ્કેલી પણ તેઓ અનુભવે છે. કેટલાંક વિદ્યાર્થીઓ તો શિરોરેખા ખેંચતા જ નથી જ્યારે કેટલાંક એક સળંગલીટી (શિરોરેખા) તાણી નીચે બધા વર્ણો ગોઠવી દે છે. આ પદ્ધતિ ખામી ભરેલી છે.

**(3) વિષય અંગે ગેરસમજ :**

સંસ્કૃત બહુજ અઘરો વિષય છે. એવી જ છાપ સાથે પ્રારંભિક કક્ષાએ વિદ્યાર્થી સંસ્કૃતના સંપર્કમાં આવતાં પહેલાં જ ડરી જાય છે. 'આપણને તો આવડે જ નહીં' એવી હતાશા અનુભવે છે અને સરવાળે ઉપેક્ષા સેવતા થઈ જાય છે. કેટલીક વાર તો શિક્ષકો પોતે જ - અલબત્ત, શુદ્ધ બુદ્ધિથી - સંસ્કૃત બહુ જ અઘર વિષય છે. એવું પ્રતિપાદન કરતા હોય છે. આ ભૂલ છે. પ્રારંભિક કક્ષાએ લગભગ દરેક શિક્ષક આવી મુશ્કેલી અનુભવે છે. આ માટે શિક્ષકે સહાનુભૂતિપૂર્વક, વિદ્યાર્થીઓને વિશ્વાસમાં લઇને, આ વિષય મુદ્દલ અઘરો નથી એવું વિદ્યાર્થીના મનમાં ઠસાવીને વિદ્યાર્થીઓને સંસ્કૃત અભિમુખ કરવા જોઇએ. 'ઉશ્કેરણી કૌશલ્ય', 'પડકાર', 'ઉત્તેજના કૌશલ્ય' વગેરેનો ઉપયોગ આ માટે અત્યંત કારગત નીવડી શકે. દા.ત. ''ચાલો ત્યારે, હવે હું પૂછું છું તે કોઇને નહીં જ આવડે'' અથવા ''આનો જવાબ સાચો આપો તો હું ખુશીથી ચોકલેટ ખવરાવીશ'' ''આમાં તમારું કામ નહીં'' આવાં બધાં વાક્યો વિદ્યાર્થીઓ સાથે પાકો ઘરોબો કેળવ્યા પછી, આપણા સર ગમ્મત કરાવે છે એવી સ્પષ્ટ સમજણ કેળવ્યા પછી જ એજ ગમ્મતના ટોનમાં ઉચ્ચારાવા જોઈએ. વર્ગના હળવા વાતાવરણમાં જ આ પ્રયોગ થાય. ગંભીર વાતાવરણમાં આવાં જ વાક્યો ઉલટ સૂચન કરે.

પ્રારંભિક મુશ્કેલીઓનો સફળ મુકાબલો કરવા માટે પ્રાથમિક લક્ષ્યાંકો આ મુજબના નક્કી કરી શકાય. અને તેમને લક્ષમાં રાખીને જ વર્ગવ્યવહાર કરવાથી લાભ થઈ શકે.

- બાળક શુદ્ધ ઉચ્ચારથી વાંચતાં-બોલતાં શીખે.
- શબ્દોને યોગ્ય રીતે છૂટા પાડીને વાંચતા શીખે.
- સમજીને ભાવયુક્ત વાંચન કરે.
- વિદ્યાર્થી વિનયપૂર્વક અને અસરકારક રીતે વાંચે.
- શ્લોકોનું છંદોબદ્ધ ગાન-પઠન કરે.
- અક્ષરના મરોડ યોગ્ય રીતે લખે.
- જોડાક્ષર લખતાં કાળજી રાખે.
- અનુસ્વાર, હલન્ત વગેરેને યોગ્ય રીતે લખી શકે.
- શિરોરેખા ખેંચવાનો મહાવરો પાડે.
- સરખા લાગતા અક્ષરોનો ભેદ લખાણમાં બરાબર જાળવે.

દા.ત. कमल, फल વગેરે.

– સંસ્કૃતમાં સુલેખન કરતાં શીખે.

આ ઉપરાંત જે કોઇ મુશ્કેલી સામૂહિક ધોરણે કે વ્યક્તિગત ધોરણે સામે આવે તેનો સામૂહિક ધોરણે કે વ્યક્તિગત ધોરણે હલ શોધવા ખંત અને ધીરજ તેમજ સંનિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો સંસ્કૃત શિક્ષક માટે અનિવાર્ય બને. (અલબત્ત શિક્ષક પોતે આ બાબતમાં સંપૂર્ણ સજ્જ હોવો જોઇએ. આ માટે આત્મદર્શન કરી, જો જરૂરી જણાય તો સર્વપ્રથમ પોતાની ક્ષતિઓ શોધી તેમને નિર્મૂળ કરવાનો પ્રયત્ન સર્વ પ્રથમ કરવો જોઇએ.)

**17.2.5 કંઠસ્થીકરણ :**

લેખન પૂર્વે 'વાંચન ઉચ્ચારણ' શીખે તે પ્રાથમિકતા છે. આ માટે સરળ સુભાષિતો, પ્રાર્થનાના શ્લોકો જે વિદ્યાર્થીને અત્ર-તત્ર સાંભળવા મળતા હોય તેનો વારંવાર મુખપાઠ સામૂહિક રીતે, વ્યક્તિગત રીતે કરાવી. છેવટે સમૂહ ગાન કે વારંવાર કરાવી વિદ્યાર્થીના તાસમાં ગાન-પઠનની તરત જ ગૂંજ્યા કરે એવી તાલીમ આપવી જોઇએ. આ માટે સંસ્કૃત શિક્ષકે આદર્શ ગાનનો નમૂનો પૂરો પાડવો જોઇએ. જેમાં છંદનું યોગ્યગાન યતિ, લઘુ-ગુરુનો ખ્યાલ રાખી, મધુર કંઠે ગાન કરવામાં આવે તો વિદ્યાર્થીઓ સાચું અનુકરણ કરે જ. તમામ બાબતોનો ખ્યાલ રાખી ગાન કરવાની બાબત જરા વિગતે જોઇએ.

मूकं करोति वाचालम् ને બદલે मुकं करो तिवाचालम् पङ्गं लङ्ग्यते गिरिम् ને બદલે पङ्गं लङ्ग्यते गिरिम्
यत्कृपा तमहं वन्दे ને બદલે यात्कृतायातंमहं वन्ये

વગેરે ક્ષતિઓ ન રહી જાય તે ખ્યાલ રાખવો.

મારા મતે ગાન અને રિધમ (લય) માટે જગદ્‌ગુરુ શંકરાચાર્યના શ્લોકો ઉત્તમ ઉદાહરણરૂપ છે.

દા.ત. अङ्गां गलितं पलितं मुण्डम्, दशनविहीनं जातं तुण्डम् ।

वृद्धां याति गृहीत्वा दण्डं तदपि न मुच्वति आशा पिण्डम् ॥

भज गोविंद भजगोविंदं भज गोविंद मूढयचे ॥

વગેરે. મોહ મુદ્‌ગરના શ્લોકો, ગુરુ-શિષ્ય સંવાદ, નર્મદા અષ્ટક વગેરેમાંથી આ હેતુ માટે પુષ્કળ સામગ્રી મળી રહે અને વિદ્યાર્થીઓને લય અને સરળતાના કારણે આપોઆપ જ કંઠસ્થ થઈ જાય અને હોંશેહોંશે એકલો એકલો ગાયા કરે.

આ માટે કોઈ મધુર કંઠવાળા પિંગળના જ્ઞાતા સંસ્કૃતના તજ્‌જ્ઞના કંઠે સુભાષિત ગવડાવી તેવી કેસેટ ઉતારી તે પણ સંભળાવી શકાય.

## 17.3 તમારી પ્રગતિ ચકાસો

**1. સંસ્કૃતમાં રસ જાગ્રત કરવાના થોડાં ઉપાયો સૂચવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. સંસ્કૃત શિક્ષકની સંપૂર્ણ સજ્જતાની અનિવાર્યતા સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. સંસ્કૃત શિક્ષકની વિદ્યાકીય સજ્જતા માટે આવશ્યક બાબતો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. સંસ્કૃત શિક્ષકની વ્યવસાયિક સજ્જતા વિષે નોંધ લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. સંસ્કૃત ખંડને સજ્જ કરવા શું કરવું જોઈએ તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. સંસ્કૃતનો નજીકના પાંચ વિષયો સાથેનો અનુબંધ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

............................................................................

............................................................................

**7. સંસ્કૃત શિક્ષણની પ્રારંભિક મુશ્કેલીઓ જણાવો.**

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

**8. કંઠસ્થીકરણ માટે શા ઉપાયો યોજવા જોઇએ ?**

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

## 17.4 સારાંશ

માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક તેમજ મહાવિદ્યાલયના સ્તરે સંસ્કૃતનું મહત્ત્વ જોઇએ તેટલું સ્વીકારાયું નથી. આમ છતાં લોકોના જીવન વ્યવહારમાં ડગલે ને પગલે સંસ્કૃત વણાયેલું છે. સંસ્કૃતની ઉપયોગિતા અનિવાર્ય છે. એ સહું કોઇ જાણ છે. પણ શાહમૃગી વૃત્તિનો આશ્રય લેવાતો હોય તેવું લાગે, સંસ્કૃતને ડહાપણનો ઉદ્યાન (Garden of wisdom) કહે છે. ભારતીય સંસ્કૃતિના ઉત્થાનનું તે પ્રેરકબળ છે. આપણી સંસ્કૃતિને વૈદિક સંસ્કૃતિ કહેવામાં આવે છે. વેદો, વેદાંગો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો વગેરે તમામ સંસ્કૃતમાં જ છે. વળી સંસ્કૃત અનેક ભાષાઓની જનની સમી છે. ઉપરાંત વિશ્વમાં અત્યાર સુધીમાં અસ્તિત્ત્વમાં આવેલા અનેક પ્રખ્યાતથી માંડીને ગહન વિષયોનો અનુબંધ સંસ્કૃત સાથે છે. સંસ્કૃત સાહિત્યનો કળાનો વારસો વગેરે એ આપણી પ્રજામાં ધર્મનિષ્ઠા નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું પ્રતિષ્ઠાપન કર્યું છે. આટલી બધી વિવિધતામાં એકતા ટકાવી રાખનાર આપણી સંસ્કૃતિનાં મૂળ સંસ્કૃતમાં છે. સંસ્કૃતના સાહિત્ય ઉપયોગિતા અને ઉપકાર વિગતે જણાવતાં એક દળદાર ગ્રંથ થાય. આ બધા વિચારોના પરિપ્રેક્ષ્યમાં સંસ્કૃતના ભાષાનો પ્રચાર-પ્રસાર, સંસ્કૃત ભાષાના શિક્ષણને રસમય અને આકર્ષક બનાવવા માટેની વિવિધ પદ્ધતિઓ, પ્રક્રિયાઓ, અભિગમો અને વ્યૂહરચનાઓનો વિચાર કરવો પડશે. સંસ્કૃત પંચે કરેલી ભલામણોનો અમલ કરવો પડશે. સરકારે અનુદાન આપી સંસ્કૃત પાઠશાળાઓ અને સંસ્કૃત ભાષાનું શિક્ષણ સંસ્કૃમાં આપતી સંસ્થાઓને પ્રોત્સાહિત કરવી પડશે. આ માટે આકાશવાળી, દૂરદર્શન જેવાં સામૂહિક માધ્યમો અને ઓડિયો-વિડિયો કેસેટ જેવાં માધ્યમોનો ઉચિત ઉપયોગ પણ વિચારી શકાય. ટૂંકમાં સંસ્કૃત શિક્ષણને લોકભોગ્ય આસ્વાદ્ય બનાવવા માટે પ્રથમ સંસ્કૃતનો હાઉ દૂર કરવા પ્રયત્ન કરી, તજ્જ્ઞ સમર્પિત શિક્ષકો દ્વારા તમામ આનુષંગિક બાબતોમાં પ્રયત્ન કરવો જોઇએ. શિક્ષક તજ્જ્ઞ, સંનિષ્ઠ હોવા ઉપરાંત રમૂજી સ્વભાવનો હોવો જોઇએ. જેથી તાસ દરમિયાન વાતાવરણ હળવું રાખી શકે. આ ઉપરાંત તે નિષ્પક્ષ, વાત્સલ્ય પૂર્ણ

અને વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવવાના ગુણો ધરાવતો હોવો જોઈએ.

ચાલો આપણે સૌ આશા રાખીએ કે સંસ્કૃતનું મહત્ત્વ સમજી તેને સોળે કળાએ ખિલવવા માટે સરકાર, તજ્જ્ઞો, સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રસારણ માધ્યમો અને સમર્પિત તજ્જ્ઞો સહુનો સહિયારો પુરુષાર્થ ઇષ્ટ ફળની પ્રાપ્તિ કરાવે.

## 17.5 સ્વાધ્યાય

1. સંસ્કૃતની જીવનમાં ઉપયોગિતા જણાવો.
2. સંસ્કૃતિના સંરક્ષણ માટે સંસ્કૃતનું સંરક્ષણ અનિવાર્ય છે ? ચર્ચો.
3. કોઈપણ ચાર વિષયોનો સંસ્કૃત સાથે અનુબંધ દર્શાવી જે તે વિષયમાં વિદ્વાનોએ કરેલી પ્રદાનની વિદ્વાનના નામ સાથે નોંધ લખો.
4. સંસ્કૃત શિક્ષકના ગુણો જણાવો.
5. કંઠસ્થીકરણમાં ઉપયોગી થાય તેવાં સૂચનો કરો.

## 17.6 ચર્ચા માટેના મુદ્દાઓ.

1 ‘‘સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થીઓના અણગમા માટે શિક્ષક જવાબદાર છે.’’ - આ વિધાન માટે તમારું મંતવ્ય જણાવો.

2 સંસ્કૃતને લોકપ્રિય બનાવવામાં તમે કઇ રીતે યોગદાન આપી શકો તે મુદ્દો તમારા મિત્રો સાથે ચર્ચો.

3 ‘સંસ્કૃત મંડળો, સ્વાધ્યાય પ્રવચનો, સંસ્કૃતની ટેલન્ટ ઇવનીંગ વગેરે જેવી પ્રવૃત્તિઓ તેમજ વક્તવ્ય, કંઠ્યગાન જેવી પ્રવૃત્તિઓ કે સ્પર્ધાઓ સંસ્કૃત શિક્ષણને ઉપયોગી થાય કે કેમ તે વિષે તમારા વિચારો જણાવો.’

4. સરકાર અને વિવિધ સંગઠનો કેવી રીતે સંસ્કૃતના પ્રચાર-પ્રસારમાં યોગદાન આપી શકે તે મિત્રો સાથે ચર્ચો.

## 17.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. संस्कृत शिक्षण - शास्त्री.
2. Teaching of Sanskrit in Secondary School, Apte D. G. Acharya Book Depot, Baroda, 1960.
3. The Principles of Language Study, Plamar H. B., Oxford University Press, London 1964.
4. Proceedings of the conterce of the professors of Sanskrit, Ministry of Education, Govt. of India, 1956.
5. Report of Sanskrit Commission, Govt. of India, New Delhi, 1958.


## 17.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) 4.1, (2) 4.2.1 અ, (3) 4.2.1 બ (4) 4.2.1 ક, (5) 4.2.2 (6) 4.2.3 (7) 4.2.4 (8) 4.2.5